

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજઝાયાણં
નમો લોએ સવ્વ સાહૂણં
એસો પંચ નમુકકારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં

# જિનાગમ પ્રકાશન યોજના

પ. પૂ. આચાર્યશ્રી ઘાંસીલાલજી મહારાજ સાહેબ

કૃત વ્યાખ્યા સહિત

## DVD No. 1

(Full Edition)

## :: યોજનાના આયોજક ::

શ્રી ચંદ્ર પી. દોશી - પીએચ.ડી.

website : www.jainagam.com




PART : 01

# શ્રી જમ્બુદ્વિપ પ્રજ્ઞપ્તિ સૂત્ર : ભાગ- ૦૧

जैनाचार्य-जैनधर्मदिवाकर-पूज्यश्री-घासीलालजी-महाराज-
विरचित प्रकाशिकाख्यया व्याख्यया समलङ्कृतम्

हिन्दी-गुर्जर-भाषाऽनुवादसहितम्-

# जम्बूद्वीपप्रज्ञप्तिसूत्रम्

(प्रथमो भागः)

नियोजकः

संस्कृत-प्राकृतज्ञ-जैनागमनिष्णात-प्रियव्याख्यानि-
पण्डितमुनि-श्रीकन्हैयालालजी महाराजः

प्रकाशकः
अ० भा० श्वे० स्था० जैनशास्त्रोद्धार समिति प्रमुखः श्रेष्ठि-
श्री बलदेवभाई डोसाभाई पटेल महोदयः मु. अहमदाबाद

| प्रथम-आवृत्तिः | वीरसंवत् | विक्रमसंवत् | इस्वीसन् |
|---|---|---|---|
| प्रति १२०० | २५०६ | २०३६ | १९८० |

मूल्यम्-रू० ४०-००

# સ્વાધ્યાય માટે ખાસ સૂચના

(૧) આ સૂત્રના મૂલપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પ્રથમ પ્રહરે તથા ચોથા પ્રહરે કરાય છે.

(૨) પ્રાતઃઉષાકાળ, સન્ધ્યાકાળ, મધ્યાહ્ન, અને મધ્યરાત્રિમાં બે-બે ઘડી (૪૮ મિનિટ) વંચાય નહીં, સૂર્યોદયથી પહેલાં ૨૪ મિનિટ અને સૂર્યોદયથી પછી ૨૪ મિનિટ એમ બે ઘડી સર્વત્ર સમજવું.

(૩) માસિક ધર્મવાળાં સ્ત્રીથી વંચાય નહીં તેમજ તેની સામે પણ વંચાય નહીં. જ્યાં આ સ્ત્રીઓ ન હોય તે ઓરડામાં બેસીને વાંચી શકાય.

(૪) નીચે લખેલા ૩૨ અસ્વાધ્યાય પ્રસંગે વંચાય નહીં.

(૧) આકાશ સંબંધી ૧૦ અસ્વાધ્યાય કાલ.

(૧) **ઉલ્કાપાત**—મોટા તારા ખરે ત્યારે ૧ પ્રહર (ત્રણ કલાક સ્વાધ્યાય ન થાય.)

(૨) **દિગ્દાહ**—કોઈ દિશામાં અતિશય લાલવર્ણ હોય અથવા કોઈ દિશામાં મોટી આગ લગી હોય તો સ્વાધ્યાય ન થાય.

(૩) **ગર્જારવ**—વાદળાંનો ભયંકર ગર્જારવ સંભળાય. ગાજવીજ ઘણી જણાય તો ૨ પ્રહર ( છ કલાક) સ્વાધ્યાય ન થાય.

(૪) **નિર્ઘાત**—આકાશમાં કોઈ વ્યંતરાદિ દેવકૃત ઘોરગર્જના થઈ હોય, અથવા વાદળો સાથે વીજળીના કડાકા બોલે ત્યારે આઠ પ્રહર સુધી સ્વાધ્યાય ન થાય.

(૫) **વિદ્યુત**—વિજળી ચમકવા પર એક પ્રહર સ્વાધ્યાય ન થા.

(૬) **યૂપક**—શુક્લપક્ષની એકમ, બીજ અને ત્રીજના દિવસે સંધ્યાની પ્રભા અને ચંદ્રપ્રભા મળે તો તેને યૂપક કહેવાય. આ પ્રમાણે યૂપક હોય ત્યારે રાત્રિમાં પ્રથમા ૧ પ્રહર સ્વાધ્યાય ન કરવો.

(૭) **યક્ષાદીપ્ત**—કોઈ દિશામાં વીજળી ચમકવા જેવો જે પ્રકાશ થાય તેને યક્ષાદીપ્ત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૮) **ધુમિક કૃષ્ણ**—કારતકથી મહા માસ સુધી ધૂમાડાના રંગની જે સૂક્ષ્મ જલ જેવી ધૂમ્મસ પડે છે તેને ધૂમિકાકૃષ્ણ કહેવાય છે. તેવી ધૂમ્મસ હોય ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૯) **મહિકાશ્વેત**—શીતકાળમાં શ્વેતવર્ણવાળી સૂક્ષ્મ જલરૂપી જે ધુમ્મસ પડે છે. તે મહિકાશ્વેત છે ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૧૦) **રજઉદ્ઘાત**—ચારે દિશામાં પવનથી બહુ ધૂળ ઉડે. અને સૂર્ય ઢંકાઈ જાય. તે રજઉદ્ઘાત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૨) ઔદારિક શરીર સંબંધી ૧૦ અસ્વાધ્યાય

(૧૧-૧૨-૧૩) હાડકાં-માંસ અને રૂધિર આ ત્રણ વસ્તુ અગ્નિથી સર્વથા બળી ન જાય, પાણીથી ધોવાઈ ન જાય અને સામે દેખાય તો ત્યારે સ્વાધ્યાય ન કરવો. ફૂટેલું ઈંડુ હોય તો અસ્વાધ્યાય.

(૧૪) **મળ-મૂત્ર**—સામે દેખાય, તેની દુર્ગન્ધ આવે ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૧૫) **સ્મશાન**—આ ભૂમિની ચારે બાજુ ૧૦૦/૧૦૦ હાથ અસ્વાધ્યાય.

(૧૬) **ચંદ્રગ્રહણ**—જ્યારે ચંદ્રગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૮ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૭) **સૂર્યગ્રહણ**—જ્યારે સૂર્યગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૧૨ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૬ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૮) **રાજવ્યુદ્ગત**—નજીકની ભૂમિમાં રાજાઓની પરસ્પર લડાઈ થતી હોય ત્યારે, તથા લડાઈ શાન્ત થયા પછી ૧ દિવસ-રાત સુધી સ્વાધ્યાય ન કરવો.

(૧૯) **પતન**—કોઈ મોટા રાજાનું અથવા રાષ્ટ્રપુરુષનું મૃત્યુ થાય તો તેનો અગ્નિસંસ્કાર ન થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો નહીં તથા નવાની નિમણુંક ન થાય ત્યાં સુધી ઊંચા અવાજે સ્વાધ્યાય ન કરવો.

(૨૦) **ઔદારિક શરીર**—ઉપાશ્રયની અંદર અથવા ૧૦૦-૧૦૦ હાથ સુધી ભૂમિ ઉપર બહાર પંચેન્દ્રિયજીવનું મૃતશરીર પડ્યું હોય તો તે નિર્જીવ શરીર હોય ત્યાં સુધી સ્વાધ્યાય ન કરવો.

(૨૧થી ૨૮) **ચારે મહોત્સવ અને ચાર પ્રતિપદા**—આષાઢ પૂર્ણિમા, (ભૂતમહોત્સવ), આસો પૂર્ણિમા (ઈન્દ્ર મહોત્સવ), કાર્તિક પૂર્ણિમા (સ્કંધ મહોત્સવ), ચૈત્ર પૂર્ણિમા (યક્ષમહોત્સવ, આ ચાર મહોત્સવની પૂર્ણિમાઓ તથા તે ચાર પછીની કૃષ્ણપક્ષની ચાર પ્રતિપદા (એકમ) એમ આઠ દિવસ સ્વાધ્યાય ન કરવો.

(૨૯થી ૩૦) પ્રાતઃકાલે અને સન્ધ્યાકાળે દિશાઓ લાલકલરની રહે ત્યાં સુધી અર્થાત્ સૂર્યોદય અને સૂર્યાસ્તની પૂર્વે અને પછી એક-એક ઘડી સ્વાધ્યાય ન કરવો.

(૩૧થી ૩૨) મધ્ય દિવસ અને મધ્ય રાત્રિએ આગળ-પાછળ એક-એક ઘડી એમ બે ઘડી સ્વાધ્યાય ન કરવો.

ઉપરોક્ત અસ્વાધ્યાય માટેના નિયમો મૂલપાઠના અસ્વાધ્યાય માટે છે. ગુજરાતી આદિ ભાષાંતર માટે આ નિયમો નથી. વિનય એ જ ધર્મનું મૂલ છે. તેથી આવા આવા વિકટ પ્રસંગોમાં ગુરુની અથવા વડીલની ઈચ્છાને આજ્ઞાને જ વધારે અનુસરવાનો ભાવ રાખવો.

# स्वाध्याय के प्रमुख नियम

(१) इस सूत्र के मूल पाठ का स्वाध्याय दिन और रात्री के प्रथम प्रहर तथा चौथे प्रहर में किया जाता है ।

(२) प्रातः ऊषा-काल, सन्ध्याकाल, मध्याह्न और मध्य रात्री में दो-दो घडी (४८ मिनिट) स्वाध्याय नहीं करना चाहिए, सूर्योदय से पहले २४ मिनिट और सूर्योदय के बाद २४ मिनिट, इस प्रकार दो घड़ी सभी जगह समझना चाहिए।

(३) मासिक धर्मवाली स्त्रियों को स्वाध्याय नहीं करना चाहिए, इसी प्रकार उनके सामने बैठकर भी स्वाध्याय नहीं करना चाहिए, जहाँ ये स्त्रियाँ न हों उस स्थान या कक्ष में बैठकर स्वाध्याय किया जा सकता है ।

(४) नीचे लिखे हुए ३२ अस्वाध्याय-प्रसंगो में वाँचना नहीं चाहिए—

(१) आकाश सम्बन्धी १० अस्वाध्यायकाल

(१) **उल्कापात**—बड़ा तारा टूटे उस समय १ प्रहर (तीन घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२) **दिग्दाह**—किसी दिशा में अधिक लाल रंग हो अथवा किसी दिशा में आग लगी हो तो स्वाध्याय नहीं करना चाहिए ।

(३) **गर्जारव**—बादलों की भयंकर गडगडाहट की आवाज सुनाई देती हो, बिजली अधिक होती हो तो २ प्रहर (छ घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(४) **निर्घात**—आकाश में कोई व्यन्तरादि देवकृत घोर गर्जना हुई हो अथवा बादलों के साथ बिजली के कडाके की आवाज हो तब आठ प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(५) **विद्युत**—बिजली चमकने पर एक प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(६) **यूपक**—शुक्ल-पक्ष की प्रथमा, द्वितीया और तृतीया के दिनो में सन्ध्या की प्रभा और चन्द्रप्रभा का मिलान हो तो उसे यूपक कहा जाता है। इस प्रकार यूपक हो उस समय रात्री में प्रथमा १ प्रहर स्वाध्याय नहीं करना चाहिए ।

(७) **यक्षादीप्त**—यदि किसी दिशा में बिजली चमकने जैसा प्रकाश हो तो उसे यक्षादीप्त कहते हैं, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(८) **धूमिका कृष्ण**—कार्तिक से माघ मास तक धूँए के रंग की तरह सूक्ष्म जल के जैसी धूमस (कोहरा) पड़ता है उसे धूमिका कृष्ण कहा जाता है इस प्रकार की धूमस हो उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(९) **महिकाश्वेत**—शीतकाल में श्वेत वर्णवाली सूक्ष्म जलरूपी जो धूमस पड़ती है वह महिकाश्वेत कहलाती है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(१०) **रजोद्घात**—चारों दिशाओं में तेज हवा के साथ बहुत धूल उडती हो और सूर्य ढँक गया हो तो रजोद्घात कहलाता है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(२) ऐतिहासिक शरीर सम्बन्धी १० अस्वाध्याय—

(११,१२,१३) हाड-मांस और रुधिर ये तीन वस्तुएँ जब-तक अग्नि से सर्वथा जल न जाएँ, पानी से धुल न जाएँ और यदि सामने दिखाई दें तो स्वाध्याय नहीं करना चाहिए । फूटा हुआ अण्डा भी हो तो भी अस्वाध्याय होता है ।

(१४) **मल-मूत्र**—सामने दिखाई हेता हो, उसकी दुर्गन्ध आती हो तब-तक अस्वाध्याय होता है ।

(१५) **श्मशान**—इस भूमि के चारों तरफ १००-१०० हाथ तक अस्वाध्याय होता है ।

(१६) **चन्द्रग्रहण**—जब चन्द्रग्रहण होता है तब जघन्य से ८ मुहूर्त और उत्कृष्ट से १२ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१७) **सूर्यग्रहण**—जब सूर्यग्रहण हो तब जघन्य से १२ मुहूर्त और उत्कृष्ट से १६ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१८) **राजव्युद्गत**—नजदीक की भूमि पर राजाओं की परस्पर लड़ाई चलती हो, उस समय तथा लड़ाई शान्त होने के बाद एक दिन-रात तक स्वाध्याय नहीं करना चाहिए ।

(१९) **पतन**—कोई बड़े राजा का अथवा राष्ट्रपुरुष का देहान्त हुआ हो तो अग्निसंस्कार न हो तब तक स्वाध्याय नहीं करना चाहिए तथा उसके स्थान पर जब तक दूसरे व्यक्ति की नई नियुक्ति न हो तब तक ऊंची आवाज में स्वाध्याय नहीं करना चाहिए ।

(२०) **औदारिक शरीर**—उपाश्रय के अन्दर अथवा १००-१०० हाथ तक भूमि पर उपाश्रय के बाहर भी पञ्चेन्द्रिय जीव का मृत शरीर पड़ा हो तो जब तक वह निर्जीव शरी वहाँ पड़ा रहे तब तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२१ से २८) **चार महोत्सव और चार प्रतिपदा**—आषाढ़ी पूर्णिमा (भूत महोत्सव), आसो पूर्णिमा (इन्द्रिय महोत्सव), कार्तिक पूर्णिमा (स्कन्ध महोत्सव), चैत्र पूर्णिमा (यक्ष महोत्सव) इन चार महोत्सवों की पूर्णिमाओं तथा उससे पीछे की चार, कृष्ण पक्ष की चार प्रतिपदा (ऐकम) इस प्रकार आठ दिनों तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२९ से ३०) प्रातःकाल और सन्ध्याकाल में दिशाएँ लाल रंग की दिखाई दें तब तक अर्थात् सूर्योदय और सूर्यास्त के पहले और बाद में एक-एक घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

(३१ से ३२) मध्य दिवस और मध्य रात्री के आगे-पीछे एक-एक घड़ी इस प्रकार दो घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

उपरोक्त अस्वाध्याय सम्बन्धी नियम मूल पाठ के अस्वाध्याय हेतु हैं, गुजराती आदि भाषान्तर हेतु ये नियम नहीं है । विनय ही धर्म का मूल है तथा ऐसे विकट प्रसंगों में गुरू की अथवा बड़ों की इच्छा एवं आज्ञाओं का अधिक पालन करने का भाव रखना चाहिए ।

શ્રી

# જમ્બુદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્ર ભાગ ૧ કી વિષયાનુક્રમણિકા


| અનુક્રમાંક | વિષય | પાના નં |
|---|---|---|
| | **પ્રથમ વક્ષસ્કાર** | |
| ૧ | મંગલાચરણ | ૧ |
| ૨ | પ્રસ્તાવના | ૧ |
| ૩ | નમસ્કાર નિક્ષેપ | ૪ |
| ૪ | ગૌતમસ્વામી કા વર્ણન | ૫ |
| ૫ | જમ્બુદ્વીપ કે સમ્બન્ધમેં પ્રશ્નોતર | ૭ |
| ૬ | જમ્બુદ્વીપ કા પ્રાકારભુતજગતી કા વર્ણન | ૮ |
| ૭ | પદ્મવરવેદિકા કે બહિર્ભાગસ્થ વનષંડ કા વર્ણન | ૧૧ |
| ૮ | વનખંડ કી ભૂમી ભાગ કા વર્ણન | ૧૩ |
| ૯ | જમ્બુદ્વીપ કી દ્વારસંખ્યા એવં દ્વારોં કે સ્થાન વિશેષ કા વર્ણન | ૧૫ |
| ૧૦ | ભરતક્ષેત્ર કે સ્વરૂપકા વર્ણન | ૧૭ |
| ૧૧ | દક્ષિણાર્ધ ભરતવર્ષ કા નિરૂપણ | ૨૦ |
| ૧૨ | દક્ષિણાર્ધભરત કા સીમાકારી વૈતાઢય પર્વત કહાં હૈ ? ઉસકા કથન | ૨૪ |
| ૧૩ | વૈતાઢય પર્વતકે પૂર્વ પશ્ચિમ ભાગમે આગત દો ગુફાઓંકા વર્ણન | ૨૫ |
| ૧૪ | આભિયોગ દો શ્રેણી કા નિરૂપણ | ૨૮ |
| ૧૫ | સિદ્ધાયતનકૂટકા વર્ણન | ૩૨ |
| ૧૬ | દક્ષિણાર્ધ ભરતકૂટકા નિરૂપણમ | ૩૫ |
| ૧૭ | વૈતાઢય નામ હોને કે કારણ કા કથન | ૩૯ |
| ૧૮ | ઉતરભરતાર્દ્ધ કા સ્વરૂપ વર્ણન | ૪૦ |
| ૧૯ | ઉતરાર્ધભરતમેં ઋષભકૂટપર્વતકા નિરૂપણ | ૪૨ |
| | **દુસરાવક્ષસ્કાર-પ્રથમારક** | |
| ૨૦ | કાલકે સ્વરૂપકા નિરૂપણ | ૪૫ |
| ૨૧ | સુષમાસુષમાનામકી અવસર્પિણી કા નિરૂપણ | ૫૭ |
| ૨૨ | કલ્પવૃક્ષ કે સ્વરૂપકા કથન | ૬૧ |
| ૨૩ | સુષમસુષમાકાલમેં ઉત્પન્ન મનુષ્યોં કે સ્વરૂપકા કથન | ૬૬ |
| ૨૪ | સુષમસુષમાકાલભાવિ મનુષ્યકે આહારરાદિકા કથન | ૭૪ |
| ૨૫ | યુગલિયોં કે નિવાસ કા નિરૂપણ | ૭૬ |
| ૨૬ | સુષમસુષમા કાલમેં ગૃહાદિકે હોને કે સંબન્ધમેં પ્રશ્નોતર | ૭૭ |
| ૨૭ | સુષમસુષમા દિકાલમેં રાજાદિકે વિષયમેં પ્રશ્નોતર | ૭૯ |
| ૨૮ | ઉસકાલમેં આબાહ વિવાહાદિ વિષયમેં પ્રશ્નોતર | ૮૧ |
| ૨૯ | ઉસકાલમેં શકટાદિકે અસ્તિત્વસંબન્ધી પ્રશ્નોતર | ૮૨ |
| ૩૦ | ઉસકા લમેં ગર્તાદિકે સંબન્ધમેં પ્રશ્નોતર | ૮૩ |

| | | |
|---|---|---|
| ૩૧ | ઉસસમયમેં ડિમ્ભ ઉપદ્રવસમ્બન્ધી પ્રશ્નોતર | ૮૪ |
| ૩૨ | ઉસકાલકે મનુષ્યોંકી ભવસ્થિત્યાદિ કા નિરૂપણ | ૮૬ |
| | **દુસરા આરક** | |
| ૩૩ | સુષમાનામકે દૂસરે આરેકા નિરૂપણ | ૮૯ |
| ૩૪ | સુષમાનામકે આરેમેં ભર્વા સ્થતિકા નિરૂપણ | ૯૩ |
| | **તીસરા આરક** | |
| ૩૫ | તીસરે આરક કે સ્વરૂપકકા કથન | ૯૫ |
| ૩૬ | સુષમદુષ્ષમાકાલકે અન્તિમ ત્રિભાગમેં લોક વ્યવસ્થા કા કથન | ૯૭ |
| ૩૭ | કુલકરતા કે પ્રકારકા કથન | ૯૯ |
| ૩૮ | ઋષભસ્વામી કે ત્રિજગજ્જનપૂજનીયતા કા કથન | ૧૦૦ |
| ૩૯ | ઋષભસ્વામીકે દીક્ષાગૃહણ કે અનન્તરીય કર્તવ્યકા કથન | ૧૦૮ |
| ૪૦ | ભગવાન કી શ્રામણ્યાવસ્થાકા વર્ણન | ૧૧૨ |
| ૪૧ | ભગવાનકા કેવલજ્ઞાન પ્રાપ્તિકા કથન | ૧૧૪ |
| ૪૨ | ઋષભસ્વામી કો કેવલજ્ઞાનોત્પત્તિકે અનન્તરીય કાર્યકા નિરૂપણ | ૧૧૭ |
| ૪૩ | ભગવાન કે જન્મકલ્યાણકાદિકા નિરૂપણ | ૧૨૨ |
| ૪૪ | ભગવાનકે નિર્વાણકે બાદ કે દેવકૃત્યકા નિરૂપણ | ૧૨૨ |
| ૪૫ | ભગવાનકે નિર્વાણકે અનન્તર ઈશાનેન્દ્રકે કર્તવ્યકા કથન | ૧૨૬ |
| ૪૬ | ૬૪ ઈન્દ્રોં કે આગમનાનન્તર દેવેન્દ્ર શક્રકે કાર્ય કા કથન | ૧૨૮ |
| ૪૭ | ભગવાન આદિકે કલેવરકે સ્નપનાદિ કા નિરૂપણ | ૧૨૯ |
| ૪૮ | ભગવાન આદિકે કલેવર ચિંતામેં રખનેકે બાદકા શક્રાદિકે કાર્ય કા નિરૂપણ | ૧૩૦ |
| ૪૯ | અસ્થિસંચયકે બાદ કી વિધી કા નિરૂપણ | ૧૩૨ |
| | **ચર્તુથ આરક** | |
| ૫૦ | ચર્તુથ આરક કે સ્વરૂપ કા કથન | ૧૩૫ |
| | **પાંચવા આરા** | |
| ૫૧ | પંચમ આરક કે સ્વરૂપકા કથન | ૧૩૭ |
| | **છઠ્ઠા આરક** | |
| ૫૨ | છઠ્ઠે આરેકા સ્વરૂપનિરૂપણ | ૧૩૯ |
| ૫૩ | ઉત્સર્પિણી કે દુષ્ષમા આરકમેં અવ સર્પિણીકે દુષ્ષમા આરકસે વિશિષ્ટતાકા કથન | ૧૪૭ |
| ૫૪ | ઉત્સર્પિણી દુષ્ષમાકાલકે મનુષ્યોં કે કર્તવ્ય એવં આકાર ભાવપ્રત્યવતારકા કથન | ૧૫૦ |
| ૫૫ | દુષ્ષમસુષમા કાલકા વર્ણન | ૧૫૨ |
| | **તીસરા વક્ષસ્કાર** | |
| ૫૬ | ભરતવર્ષ નામ હોને કે કારણ કા કથન | ૧૫૬ |
| ૫૭ | ભરત ચક્રવર્તી કે ઉત્પત્યાદિકા નિરૂપણ | ૧૫૭ |
| ૫૮ | ભરત ચક્રવર્તી કે દિગ્વિજયાદિકા નિરૂપણ | ૧૬૦ |

| | | |
|---|---|---|
| ૫૯ | ભરત ચક્રવર્તી કે ગમન કે બાદ ઉનકે અનુચર વર્ગ કે કાર્યકા નિરૂપણ | ૧૬૬ |
| ૬૦ | અષ્ટાહ્નિકા સમાપ્ત કરકે આગેકે કાર્ય કા નિરૂપણ | ૧૭૨ |
| ૬૧ | ભરતચક્રી કે સ્નાનાદિસે નિવૃત હોનેકે અનન્તર કાર્યકા નિરૂપણ | ૧૭૭ |
| ૬૨ | માગધતીર્થાધિપતિકા ભરતચક્રી કો ભેટપ્રદાન કા નિરૂપણ | ૧૮૧ |
| ૬૩ | ભરતચક્રીકા વરદામતીર્થ કે પ્રતિગમનકા નિરૂપણ | ૧૮૪ |
| ૬૪ | બર્દ્ધકીરત્નકો આવસથાદિબનાનેકી આજ્ઞા કરનેપર વર્દ્ધકીરત્ન કે કૌશલ્યકા વર્ણન | ૧૮૭ |
| ૬૫ | રથવર્ણન પૂર્વક ભરત મહારાજા કે રથાવરોહણકા નિરૂપણ | ૧૮૯ |
| ૬૬ | સિંધૂદેવી કો સાધને કા નિરૂપણ | ૧૯૪ |
| ૬૭ | વૈતાઢયગિરિકુમારદેવ કે સાધને કા કથન | ૧૯૭ |
| ૬૮ | સુષેણસેનાપતિ કે વિજય કા વર્ણન | ૨૦૦ |
| ૬૯ | તમિસ્ત્રા ગુહા કે દ્વાર કો ઉદ્ઘાટન કરને કા નિરૂપણ | ૨૦૭ |
| ૭૦ | ઉમ્મગ્ન નિમગ્નનામ કી મહાનદી કે જલાશયકા નિરૂપણ એવં ઉત્તરાર્દ્ધભરત જિતનેકા નિરૂપણ | ૨૧૭ |
| ૭૧ | ભરત મહારાજાકે સૈન્યકી સ્થિતિકા કથન | ૨૨૨ |
| ૭૨ | આપાતચિલાતકે દેવોં કે ઉપાસના કા નિરૂપણ | ૨૨૭ |
| ૭૩ | વર્ષા હો જાને કે બાદ ભરતમહારાજા કે કાર્ય કા વર્ણન | ૨૩૧ |
| ૭૪ | ભરતમહારાજાકે સૈન્ય કી સ્થિતિ કા વર્ણન | ૨૩૩ |
| ૭૫ | સાતરાત્રિ કે બાદકા વૃત્તાંત વર્ણન | ૨૩૫ |
| ૭૬ | ઉત્તરદિશાકે નિષ્કુટજિતનેકા એવં ઋષભકુટ કો જિતનેકા વર્ણન | ૨૪૦ |
| ૭૭ | નમી એવં વિનમી નામકે વિધાધરોં કે વિજયકા વર્ણન | ૨૪૫ |
| ૭૮ | ભરત મહારાજા કે દિગ્યાત્રા તથા દક્ષિણાર્ધ મેં ભરત કે કાર્યકા વર્ણન | ૨૪૯ |
| ૭૯ | રાજયો કે જિતને કે બાદકા ભરતમહારાજા કે કાર્ય કા વર્ણન | ૨૫૮ |
| ૮૦ | અપની રાજધાની મેં આયે હુએ ભરત મહારાજા કે કાર્ય કા નિરૂપણ | ૨૬૪ |
| ૮૧ | ભરતમહારાજા કે રાજ્યાભિષેક વિષયકા નિરૂપણ | ૨૭૦ |
| ૮૨ | ભરતમહારાજા કે રત્નોત્પતિ કે સ્થાન કા નિરૂપણ | ૨૮૩ |
| ૮૩ | છહોંખંડોં કે પાલન કરતે હુએ ભરતમહારાજા કી પ્રવૃતિ કરને કા નિરૂપણ | ૨૮૩ |
| ૮૪ | પ્રકારાન્તર સે ભરતનામકી અન્વર્થતાકા કથન | ૨૮૯ |


# સમાપ્ત

# જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિનો ગુજરાતી અનુવાદ

## મંગલાચરણ

મોક્ષરૂપ સ્થિર સિદ્ધિ-રાજ્યને આપનારા, સિદ્ધિ-ગતિ-પ્રાપ્ત, અત્યન્ત વિશુદ્ધ નિરંજન અને શાશ્વત સુખના ધામમાં સર્વદા વિરાજમાન શ્રીસિદ્ધરાજ ભગવાનને હું નમસ્કાર કરૂં છું ।।૧।।

ચાર પ્રકારના જ્ઞાનાથી સમલંકૃત, અનુપમ જિન વચનામૃતને સતત પોતાના બન્ને કર્ણ પુરોથી પાનકરનારા, ગુણોના આકર, સમસ્ત પાપપુંજોને વિનષ્ટ કરનારા, સકલજનમંગલાલય, ગુણિગણ શ્રેષ્ઠ શ્રીગૌતમ ગણધરને હું ભજું છું ।।૨।।

પૃથિવીકાયાદિ ષટ્કાય જીવોના પ્રતિપાદક, દયાધર્મોપદેશમાં તત્પર, યતનામાટે મુખવસ્ત્રિકાથી સમલંકૃત, ચન્દ્રવત્ મુખવાળા, પ્રસન્નવદન, ઉગ્રવિહારી, પાંચમહાવ્રતોના આરાધક, આંતરિક મોહાન્ધકારને વિનષ્ટ કરનારી ચરણ નખજ્યોતિઃ પુંજોથી સુશોભિત એવા ગુરુવરનું ધ્યાન કરતો હું તેમની સ્તુતિ કરું છું. ।।૩।।

સર્વાનુયોગવિજ્ઞાન વૃદ્ધ શ્રીગુરુપરંપરાપ્રમુખ જૈનાગમ વિશારદ પૂજ્ય શ્રીહુકુમચન્દ્રજીને હું ભજું છું ।।૪।।

તત્પટ્ટશિષ્ય, અર્હદ્દીક્ષાદક્ષ, જ્ઞાન-વૈરાગ્ય સમ્પન્ન પૂજ્ય શ્રીશિવલાલજી મહારાજ વાચક પ્રમુખને હું હૃદયમાં ધારણ કરું છું ।।૫।।

જ્ઞાન પ્રકાશરૂપ સૂર્યથી જાડયાન્ધકારને દૂર કરનારા પૂજ્ય, માન્ય ઉદયસાગર ગુરુવર્યને પ્રણામ કરી બદ્ધાંજલિથયેલો હું ઘાસીલાલ મુનિ અનુયોગની વિશદ પ્રસ્તાવનાને પલ્લવિત કરૂં છું ।।૬।।

અર્હદ ભગવાન્ની ભારતી વાણીને નમસ્કાર કરીને મુનિવ્રતી હું ઘાસીલાલ શ્રીજમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિની પ્રકાશિકા વ્યાખ્યા પ્રારંભ કરૂં છું ।।૭।।



## પ્રસ્તાવનાનો ગુજરાતી અનુવાદ

આ પરમ અસાર સંસાર રૂપ ઘોર જંગલમાં આમ-તેમ ભટકવાથી ઉત્પન્ન થયેલ અનેક જાતના દુઃખ દાવાનલોથી અત્યંત સન્તપ્તથયેલા નાના-મોટા બધાં પ્રાણીઓ સર્વથા ત્યાજ્ય એ દુઃખોને સમૂળ વિનષ્ટ કરવામાં અસમર્થ થઈને અકામ નિર્જરાયોગથી દુઃખોના મૂલ નિદાનભૂત કર્મોને હળવા કરીને તેમને ત્યજવાની ઈચ્છાથી સમસ્ત કર્મોના ક્ષય-લક્ષણ નિરતિશય સુખસ્વરૂપ મોક્ષપદની અભિલાષા કરે છે, તે મોક્ષપદનું પરમ પુરુષાર્થ સ્વરૂપ હોવાથી સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્, દર્શન, સમ્યક્ ચારિત્ર લક્ષણ રત્નત્રય વિષયક પરમપૌરુષ લક્ષણ પરમયત્નોથી દરેકને ઉપાર્જન કરવું જોઇએ. તે પૌરુષ ઈષ્ટ સાધનતાજ્ઞાનથી ઉત્પન્ન થાય છે. **"मम इदं इष्ट साधनम्"** આજાતનું ઈષ્ટ સાધતના જ્ઞાન આપ્ત પુરુષોના ઉપદેશથી થાય

છે. યથાર્થવક્તાને આપ્ત કહે છે. કેવળ જ્ઞાન વડે સકળ જીવાજીવ પદાર્થ સમૂહ ના જ્ઞાતા, નિર્વ્યાજ પરોપકાર પરાયણ, કરુણાવરુણાલય, તીર્થકૃદ્ નામ કર્મોને અનુભવનારા કોઈ વિલક્ષણ-વિચક્ષણ વિરલા પરમ પુરુષોજ આપ્ત હોય છે. તે આપ્ત પુરુષોના ઉપદેશોને ગણધર સ્થવિરાદિ મહામુનિઓએ અઙ્ગોપાંગાદિ શાસ્ત્રોમાં વિશદરૂપથી પલ્લવિત કર્યો છે. તે સર્વમાં આચારાઙ્ગાદિ દ્વાદશાઙ્ગો પ્રસિદ્ધ છેજ. અઙ્ગૈકદેશ વિસ્તાર રૂપઉપાંગ પ્રત્યંગ એક-એક હોવાથી દ્વાદશજ માનવામાં આવેલ છે. તેમાં આચારાંગનું ઔપપાતિક ઉપાંગ છે ૧, સૂત્રકૃતાંગ નું રાજપ્રશ્નીય ૨, સ્થાનાંગનું જીવાભિગમ ૩, સમવાયાંગનું પ્રજ્ઞાપના ૪, ભગવતી સૂત્રનું સૂર્યપ્રજ્ઞપ્તિ ૫, જ્ઞાતાધર્મકથાંગનું જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ૬, ઉપાસક દશાંગનું ચન્દ્રપ્રજ્ઞપ્તિ ઉપાંગ ગણાય છે ૭ તમજ અન્તકૃદ્દશાંગાદિ દૃષ્ટિવાદ પર્યંત પાંચે અંગો, નિરયાવલિના શ્રુતસ્કંધગત કલ્પિકાદિ પાંચ વર્ગો પણ પાંચ ઉપાંગો ગણાય છે. તેમાં અન્તકૃદ્દશાંગનું કલ્પિકા ૮, અનુત્તરૌપપાતિકદશાંગનું કલ્પાવતંસિકા-૯, પ્રશ્નવ્યાકરણનું પુષ્પિતા-

૧૦ વિપાક શ્રુતનું પુષ્પચૂલિકા-૧૧, દૃષ્ટિવાદનું વૃષ્ણિદશી-૧૨ ઉપાંગ છે. તે સર્વમાં પ્રસ્તુત 'જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ રૂપ ઉપાંગ ગંભીરાર્થક હોવાથી અત્યંત ગહન છે. એટલામાટે અનુયોગ રહિત થઈને આ ઉપાંગ બંધ કરવામાં આવેલા કમનીય રાજકીય કોશાગારની જેમ તદર્થીઓને અભીષ્ટ ફળદાયક થઈ શકે નહિ આમ વિચારીને કોશાધ્યક્ષની આજ્ઞાથી નોકર વડે કોશાગારને ઉદ્ઘાટિત કરાવવાની જેમ વિદ્વાનો એ તેનો અનુયોગ કર્યો તે અનુયોગ ચાર પ્રકારનો છે—

(૧) ધર્મકથાનુયોગ (૨) ગણિતાનુયોગ (૩) દ્રવ્યાનુયોગ અને (૪) ચરણકરણાનુયોગ.

તેમાં ઉત્તરાધ્યયનાદિ ધર્મકથાનુયોગ' કહેવાય છે. સૂર્યપ્રજ્ઞપ્ત્યાદિ ગણિતાનુયોગ, પૂર્વ અને સમ્મત્યાદિ દ્રવ્યાનુયોગ અને આચારાંગાદિ ચરણકરણાનુયોગ કહેવાય છે. એમાં જે 'અનુયોગ' શબ્દ છે, તેનો અર્થ થાય છે-ભગવાન વીતરાગ વડે ઉક્ત અર્થની સાથે અનુરૂપ યા-અનુકૂલ કથન રૂપ વ્યાપાર. આ પ્રમાણે ભગવદ્ ઉક્તાર્થાનુરૂપ પ્રતિપાદન રૂપ વ્યાપારજ અનુયોગ શબ્દનો નિષ્કર્ષ થાય છે. તેમાં જેમ ગણધર સુધર્મા સ્વામીએ જમ્બૂ સ્વામી પ્રતિ ભગવદ્દુક્તાર્થાનુરૂપ કથન રૂપ અનુયોગનો એટલે કે-ઉપક્રમ-નિક્ષેપ-અનુગમ-નયલક્ષણ

એ ચાર દ્વારોનો આશ્રય કર્યો છે. તેમજ અન્ય આચાર્યોએ પણ શિષ્યોનામાટે સૂત્રાર્થ કથનરૂપ અનુયોગ કરવો જોઈએ. યદ્યપિ બધા આગમોનો અનુયોગ કરવો જોઈએ તથાપિ આ સૂત્રમાં જમ્બૂ દ્વીપ પ્રજ્ઞપ્તિનો અનુયોગ જ પ્રસ્તુત હોવાથી એનો અનુયોગ કરવામાં સમર્થ પુરુષો સર્વ આગમોના અનુયોગ માટે સમર્થ હોય છે. એથી અનુયોગ વિધિ માટે જિજ્ઞાસા ધરાવનાર મુનિને જોઈએ કે તે 'અનુયોગદ્વાર' સૂત્રનું અધ્યયન કરે. એથી ' **चूर्णी कृत्य पराक्रमान्मणिमयम्** " આ ઉક્તિ મુજબ અત્યંત દુર્લભ મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને મિથ્યાત્વ રૂપ તિમિર ને વિનષ્ટકરનાર, શ્રદ્ધારૂપ જ્યોતિનો પ્રકાશક, તત્ત્વાતત્ત્વનો વિવેચક, સુધાધારા–મૂશલધાર વર્ષાની જેમ અમરત્વ પ્રદાન કરનાર, ચંચત્ ચન્દ્ર-ચન્દ્રિકાની જેમ ચકોર ચિત્ત, સહૃદયોના મનને આહ્લાદિત કરનાર, સ્વપ્ન દૃષ્ટ વસ્તુ જાગ્રતાવસ્થામાં પુનઃ પ્રાપ્ત થાય તેમ, અત્યંત પ્રમોદાનન્દ જનક, ભૂમિગત પ્રાપ્ત નિધિની જેમ સુખ જનક,

સકલ સન્તાપહારક, ધર્મશ્રવણને પ્રાપ્તકરીને અપાર સંસાર સાગરને તરી જવા માટે નૌકા સમાન મિથ્યાત્વ કષાય રૂપ અન્ધકારને વિનષ્ટ કરનાર સૂર્ય સદૃશ સ્વર્ગાપવર્ગ સુખને આપનાર ચિન્તામણિવત્, ક્ષપક શ્રેણિની સરણિરૂપ, કમરિપુને દમન કરનારી કેવળજ્ઞાન અને કેવળદર્શનનિ જનની શ્રદ્ધાને મેળવીને કર્મરજના પ્રક્ષાલન માટે જલ સમાન, ભોગ રૂપ ભુજંગને દૂર કરવા માટે ગારુડમંત્રવત્, કર્મરૂપ ઘનઘોર ઘટાને છિન્ન-વિચ્છિન્ન કરવામાં આંધીની જેમ, કેવળ જ્ઞાન રૂપ સૂર્યને પ્રકટ કરવામાં પૂર્વ દિશાની જેમ સાદિ, અનન્ત મુક્તિરૂપ અભિલષિત સામ્રાજ્ય પ્રાપ્તિમાં કલ્પવૃક્ષની જેમ સંયમને પ્રાપ્ત કરીને હેયો-પાદેય વસ્તુઓના સ્વરૂપને નિરૂપણ કરનારા, બાધરહિત સુખને ઉત્પન્ન કરનારા આચારા-ઙ્ગાદિ સૂત્રોનું યથાવિધિ અધ્યયન–મનન કરીને સંસાર રૂપ સમુદ્રની મહાન્ નૌકા સદૃશ શિવપદ મોક્ષની સરલ સરણિ 'માર્ગ'ની જેમ સિદ્ધિપદ દાતા, સકલ ગુણ નાયક, અનાદિ ભવ દ્વારા સંચિત (ઉપાર્જિત) અષ્ટવિધ કર્મબન્ધોચ્છેદક મિથ્યાત્વરૂપ ગ્રન્થિ-ભેદક, સમ્યગ્ જ્ઞાન વર્ષણ સમર્થ સૂત્રના પરમ–અર્થને તેમજ સ્વપર સિદ્ધાન્ત રહસ્યને જાણીને પૂર્વોક્ત

અષ્ટવિધ કર્મક્ષયોપશમ દ્વારા ઉત્પન્ન થનારી સકલ તત્ત્વ સ્વરૂપને બતાવનારી, દ્રવ્યગુણ પર્યાયોના વિષયોને જાણનારી, વિશદ પ્રજ્ઞાને પ્રાપ્તકરીને પ્રવચન-અનુયોગ કરવામાટે યતિઓએ પ્રયત્નો કરવા જોઈએ આ 'અનુયોગદ્વાર સૂત્ર' આવશ્યકનાજ અનુયોગ રૂપ છે, એવું માનીને-'દ્રવ્યાનુયોગ'ની અંદર જ એનો અન્તર્ભાવ માનવો જોઈએ. જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિરૂપ પ્રસ્તુત શાસ્ત્ર ક્ષેત્ર પ્રરૂપણાત્મક હોવાથી, ગણિત સાધ્ય ક્ષેત્ર પ્રરૂપણાની જેમ ગણિતાનુયોગમાં અન્તર્ભાવ સમજવો જોઈએ. આ 'જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ' ગણિતાનુયોગાત્મક હોવાથી સાક્ષાત્ મોક્ષમાર્ગભૂતરત્નની અનુપદેશિકા છે, એથી ચરણ કરણાત્મકાચારાદિ શાસ્ત્રોની જેમ આ મોક્ષાઙ્ગ નથી એવી શંકા કરવી યોગ્ય ન ગણાય. કેમકે આ સાક્ષાત્ મોક્ષમાર્ગોપદેશિકા ન હોવા છતાંએ, તદુપકારી હોવાથી, પરંપરયા શેષ ત્રણ અનુયોગોને પણ મોક્ષ માટે અઙ્ગ રૂપ ગણવામાં કોઈ પણ જાતનો વિરોધ હોઈ શકે નહિ. કહ્યું પણ છે—"**चरणपडिवत्ति हेऊ**" ઈત્યાદિ ધર્મકથાનુયોગ ચરણ પ્રતિપત્તિનો હેતુ



હોય છે. ગણિતાનુયોગકાલમાં દીક્ષા પ્રભૃતિ વ્રત શુદ્ધ ગણિત સિદ્ધ પ્રશસ્તકાળમાં ગૃહીત થઈને પ્રશસ્ત ફૂળવાન્ હોય છે.

## જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિનું ગુજરાતી ભાષાન્તર

**णमो अरिहंताणं—तेणं कालेणं तेणं समएणं—इत्यादि. सूत्र—१ ।**

અર્હન્ત ભગવન્તોને નમસ્કાર કે જેઓ અષ્ટ પ્રાતિહાર્યોથી સુશોભિત હોય છે તેઓ જ અર્હન્ત છે. આ પ્રાતિહાર્યો અશોકવૃક્ષ વગેરેના ભેદથી આઠ પ્રકારના હોય છે. અર્હન્તો સિવાય બીજા કોઇને પણ આ હોતા નથી. એમને કરનારા પરમભક્તિના ભારથી યુક્ત સુર અને અસુર હોય છે. જન્માન્તર-પૂર્વભવમાં જેમણે અનવચ્છિન્ન સમ્યક્ત્વપ્રાપ્તિ પૂર્વક વીશ સ્થાનોની આરાધનાથી તીર્થંકર નામકર્મની પ્રકૃતિનો બન્ધ કરેલ છે એવા માણસોજ આ ભવમાં આ અષ્ટ મહાપ્રાતિહાર્યો માટે યોગ્ય હોય છે. અથવા જેઓ મુક્તિને પ્રાપ્ત કરવા યોગ્ય હોય છે, તેઓ અર્હન્ત છે. એવા અષ્ટ મહાપ્રાતિહાર્યોના યોગ્ય અને મુક્તિ પ્રાપ્તિ માટે યોગ્ય અર્હન્ત ભગવન્તોને અહીં સૂત્રકારે નમસ્કાર કરેલ છે.

"**तेणं कालेणं**" આ અવસર્પિણીના ચોથા આરામાં જયારે ભગવાન્ મહાવીર સ્વામીનો વિહાર થઈ રહ્યો હતો, "**तेणं समएणं**" અને તે સમયે-જો કે હીયમાન સ્વરૂપ હતું-આયુ વગેરેની જેમાં દરેકે દરેક ક્ષણે હીનતા થઈ રહી હતી-"**मिहिला णामं णयरी होत्था**" મિથિલા નામે એક નગરી હતી.

શંકાઃ-જયારે આ સૂત્રનુ નિરૂપણ થયું છે, તે કાલે તે નગરીનો સદ્ભાવ તો હતો જ, તો પછી અહીં **होत्था** આરીતે ભૂતકાળ નો નિર્દેશ શા માટે કરવામાં આવેલ છે?

ઉત્તર—આ અવસર્પિણી કાળમાં શુભ ભાવો પ્રતિક્ષણ હીનતા તરફ જ વધતા રહે છે તેથી જેવા વિશેષણો આમાં નિર્દિષ્ટ કરવામાં આવેલ છે, તેવા વિશેષણોથીયુક્ત આ નગરી આ સૂત્રના નિરૂપણ વખતે રહી નહીં--એથી અહીં ભૂતકાળનો નિર્દેશ દોષયુક્ત નથી.

**'रिद्धत्थिमियसमिद्धा** તે સમયે આ નગરી ઋદ્ધ-વિભવ, ભવન અને પરિજનો થી વૃદ્ધિ-ગત હતી. સ્તિમિત-સ્વચક્ર અને પરચક્રના ભયથી મુક્ત હતી. સમૃદ્ધ-ધન-ધાન્યાદિ રૂપ સમૃદ્ધિથી પરિપૂર્ણ હતી. **"वण्णओ"** આ નગરીનું વર્ણન ઔપપાતિક સૂત્ર ના પ્રથમ સૂત્રમાં વર્ણિત ચંપાનગરીનાવર્ણન ની જેમ જ છે. **तीसेणं मिहिलाए णयरीए बहिया उत्तरपुरत्थिमे दिसीभाए एत्थणं माणिभद्दे णाम चेइए होत्था** આ મિથિલા નગરીની બહાર ઈશાન કોણમાં મણિભદ્રનામનું એક વ્યન્તરાયતન હતું **"वण्णओ"** આનું વર્ણન ઔપ. પાતિક સૂત્ર ના બીજા સૂત્રમાં વર્ણિત પૂર્ણભદ્ર ચૈત્ય જેવું જ છે **"जियसत्तूराया धारिणी देवी वण्णओ**" આ નગરીનો રાજા જિતશત્રુ હતો અને તેની પટ્ટરાણી નું નામ ધારિણી હતું આ બન્નેનું વર્ણન ઔપપાતિક સૂત્રના ૧૧ અને ૧૨ સૂત્રોમાં વર્ણિત કુણિક નરેશ અને તેમની દેવી ધારિણી જેવું જ છે. **"तेणं कालेणं तेणं समएणं सामी समोसढे"** તે કાલે અને તે સમયે ત્યાં ભગવાન્ મહાવીર સ્વામી સમવસૃત થયા-પધાર્યા. સમવસરણનું વર્ણન પણ ઔપપાતિકસૂત્રની પીયૂષવર્ષિણી ટીકા પરથી જાણી લેવું જોઈએ. **"परिसा णिग्गया"** નગરથી જનમેદિની નીકળી **"धम्मो कहिओ'** ભગવાને ગૃહસ્થધર્મ અને મુનિ-ધર્મની પ્રરૂપણા કરિ આ ઉપદેશ **"अत्थिलोए अत्थिअलोए** ઈત્યાદિ રૂપમાં ઔપપાતિકસૂત્ર ના ૫૬ના સૂત્રથી જાણી લેવો જોઈએ. **'परिसा पडिगया'** ધર્મ સાંભળીને તે જનપરિષદા જે દિશા તરફથી આવેલહતી તે તરફ પાછી જતી રહી. ॥૧॥

## ગૌતમસ્વામી કા વર્ણન

**तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स**--ઈત્યા૦ સૂત્ર-॥૨॥

**टीकार्थ--तेंण कालेण तेण समएण** 'તે કાળમાં અને તે સમયમાં **'समणस्स भगवओ महावीरस्स"** શ્રમણ ભગવાન્ મહાવીરના **'जेट्ठे अंतेवासी"** જ્યેષ્ઠ-પ્રધાન-અંતેવાસી-શિષ્ય **'इंदभूई णामं अणगारे'** કે જેમનું નામ ઇન્દ્રભૂતિ અણગાર હતું **"गोयमगोत्तेणं"** અને જેઓ ગૌતમ ગોત્રમાં ઉત્પન્ન થયેલ હતા **"सत्तुस्सेहे** તથા જેમનો ઉત્સેધ ઊંચાઈ ૭ હાથ જેટલો હતો-

**'समचउरंससंठाणसंठिए'** સંસ્થાન જેમનું સમચતુરસ્ત્ર હતું કમ પણ હતા નહીં તેમજ વધારે પણ ન હતા-યાવત્પદ મુજબ-સંહનન-વજ્ર ઋષભ નારાચ રૂપ-હતું જેના વડે શરીર પુદ્ગલો સુદૃઢ કરવામાં આવે છે, તેનું નામ સંહનન છે. એ સંહનનો શાસ્ત્રકારો એ ૬ વિભાગો માં વિભક્ત કરેલ છે. આમાં આ પ્રથમ સંહનન છે. આ સંહનનવાળા જીવની જે અસ્થિ હોય છે તે કીલિકાના આકાર જેવી હોય છે અને તેની ઉપર પરિવેષ્ટન

પટ્ટી ના જેવી એક બીજી વધારાની અસ્થિ હોય છે. તેનું નામ ઋષભ છે. **उभयतो मर्कट वन्ध** નું નામ નારાચ છે. તથાચ-બન્ને અસ્થિઓને બન્ને તરફથી મર્કટ બંધનથી બદ્ધ કરીને અને પટ્ટાકૃતિ જેવી એક ત્રીજી અસ્થિ વડે પરિવેષ્ટિત કરીને ફરી આ ત્રણે અસ્થિઓ ને બહુજ સુદૃઢ કરવામાટે-તેઓ એક બીજીથી વિઘટિત થઈ ન જાય-આ પ્રમાણે તેમને સુદૃઢ બનાવવા માટે જે સંહનનમાં કીલિકાના આકાર જેવી વજ્ર નામની અસ્થિ પરોવા. ઈને રહેલ છે તે સંહનનનું નામ વજ્ર ઋષભનારાચ સંહનન છે. શાણ પર-કસોટી પર-કસવામાં આવેલ સુવર્ણની રેખાઓ જેમ ચમકતી હોય છે અને ગૌરવર્ણની પ્રતીત થાય છે. તેમ આ ગૌતમનું શરીર પણ હતું. એઓ ઉગ્રતપસ્વી હતા પારણાદિના સમયે એઓ વિચિત્ર પ્રકારના અભિગ્રહો ધારણ કરતા રહેતા હતા કેમકે ચરિત્ર વિશુદ્ધિના પ્રત્યે એમના પરિણામો સર્વદા જાગૃતિ સંપન્ન રહેતા હતા. કોઈમાં પણ એવી તાકાત નહોતી કે જેથી એમને અનશનાદિના ભેદથી ૧૨ પ્રકારના તપથી વિચલિત કરી શકે. આ પ્રમાણે તીવ્ર

તપની આરાધનામાં તેઓ તલ્લીન હતા. જેમ અગ્નિ વનને દગ્ધ કરવામાં કચાશ રાખતી નથી, તેમ એમનુઉગ્ર તપ પણ કર્મ રૂપ કાંતાર (વન) ને સર્વથા ક્ષપિત (વિનષ્ટ) કરવામાં સમર્થ હતું એજ વાત '**दीप्ततप**' વિશેષણથી સૂત્રકારે પ્રકટ કરી છે '**तप्ततपाः** પદથી આમ સમજાવવામાં આવ્યું છે કે તપસ્યાની આરાધના એઓ કોઈ લૌકિક કામના માટે કરતા ન હોતા પરંતુ કર્મોની નિર્જરા માટે જ એઓ કરતા હતા. "**महातपाः**" એમને એટલા માટે કહેવામાં આવેલ છે કે જે જાતની તપસ્યા એઓ કરતા હતા. તેવી તપસ્યા બીજા સાધારણ તપસ્વીઓ માટે એકદમ અશકય જ હતી. એઓ બહુજ ઉદાર આશય યુક્ત હતા. કેમકે સકલજીવોની સાથે એમનો વ્યવહાર મૈત્રી ભાવપૂર્ણ હતો. એઓ ને **घोर**' એટલામાટે કહેવામાં આવેલ છે કે પરીષહ અને ઉપસર્ગથી એઓ વિચલિત થતા નહીં તેમજ કષાય આદિ આત્માના વિકારી ભાવો ને એઓ બહુજ દૂર રાખતા હતા. આ સર્વ વિકારો એમની પાસે આવતાં ભયભીત થતા હતા '**घोरव्रत**' કાતરોથી દુશ્ચર એમના વ્રતો-સમ્યક્ત્વ શીલાદિ વ્રતો હતા. '**घोरगुण**'-મૂલગુણાદિક જે એમના ગુણોહતા તે અન્યલોકો વડે દુરનુચર હતા ઘોરતપસ્વી એઓ એટલામાટે હતા કે એઓ કઠણ માં કઠણ તપોની આરાધનામાં તલ્લીન હતા એઓ ઘોર બ્રહ્મચર્યવાસી એટલામાટે હતા કે બીજા અલ્પસત્ત્વ

યુક્ત જીવો વડે જેમનુ પાલન અશકય જેમહતું. તે કઠિનાતિકઠિન બ્રહ્મચર્યવ્રતની એઓ નવકોટિથી આરાધના કરતા હતા. એમણે પોતાના શરીરના સંસ્કારો વગેરે કરવા ત્યજી દીધા હતા. એથી તેઓ ઉચ્છૂઢ શરીર હતા એમને જે તેજોલેશ્યા પ્રાપ્ત હતી તેમાં એવી શક્તિ હતી કે તે ઘણા યોજનો દૂરની વસ્તુને પણ ભસ્મ કરી શકે તેમ હતી. પણ તે તેજો લેશ્યાને તેમણે પોતાના શરીરની અંદર જ સંકુચિત કરીને દબાવી રાખી હતી. તે લેશ્યાને તેમણે કોઈ પણ દિવસે કાર્યાન્વિત કરી ન હતી, આ તેજો વિશિષ્ટ તપસ્યાથી જનિત લબ્ધિ વિશેષથી ઉત્પન્ન હોય છે. એઓ ચતુર્દશ પૂર્વના પાઠી હતા. અને એની સાથે મતિજ્ઞાન, શ્રુત અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાનના ધારી હતા અને સર્વાક્ષરાર્થજ્ઞાન સંપન્ન હતા. એવા આ ઈન્દ્રભૂતિ ગણધરે ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણ પ્રદક્ષિણા કરી વન્દના કરી નમસ્કાર કર્યા વંદના નમસ્કાર કરીને પછી તેમણે પ્રભુને આ પ્રમાણે નિવેદન કર્યું. ।।સૂ.૨।

## જમ્બુદ્વીપ કે સમ્બન્ધમેં પ્રશ્નોતર

**कहिणं भंते ! जंबुद्दीवे दीवे ! इत्यादि सूत्र-३।।**

**ટીકાર્થ**—હે ભદન્ત ! હે સુખકલ્યાણ કારક ! **'कहि णं भंते जम्बुद्दीवे दीवे'** કયા સ્થાન પર જંબૂદ્વીપ નામક દ્વીપ કહેવામાં આવેલ છે ? અહીં **'ण'** શબ્દ **'खलु'** શબ્દના અર્થમાં પ્રયુક્ત થયેલ છે અને આ શબ્દ આ વાકયને અલંકૃત કરવા માટે પ્રયુક્ત કરવામાં આવેલ છે. આ પ્રમાણે બીજા પ્રશ્ન વાકયો માટે

પણ એવી રીતે જ સમજવું જોઈએ. ભદન્ત શબ્દની વિસ્તૃતવ્યાખ્યા આવશ્યક સૂત્રની મુનિતોષિણી ટીકામાં કરવામાં આવેલ છે. તેથી તે ત્યાંથી સમજી લેવી **'के महालए णं भंते जंबुद्दीवे दीवे** ?" તથા હે ભદન્ત ! આ જંબૂદ્વીપ નામે દ્વીપ કેટલો વિશાળ કહેમાં આવેલ છે ? "**कि संठिए णं जंबुद्दीवे** २ ? તેમજ હે ભદન્ત ! આ જંબૂદ્વીપનું સંસ્થાન કેવું કહેવામાં આવેલ છે ? "**किमायारभावपडोयारे णं भंते ! जंबुद्दीवे द्दीवे** ४७ તેમજ આ જંબૂદ્વીપનો આકાર-સ્વરૂપ-કેવો છે ? અને એમાં કઈ કઈ જાતના પદાર્થો છે ? આરીતે આ ચાર પ્રશ્નો ગૌતમે પ્રભુને અહીં પૂછયા છે. એનાં

ઉત્તરમાં પ્રભુ કહે છે–"**गोयमा !**" હે ગૌતમ ગોત્રોત્પન્ન ઈન્દ્રભૂતિ ! "**अयण्णं जंबुद्दीवे दीवे सव्वद्दीवसमुद्दाणं सव्वब्भंतराए**" આ જે અમારી સામે પ્રત્યક્ષ દૃશ્યમાન દ્વીપ છે. ત્યાં અમે બધાં રહીએ છીએ, તેનું નામ જ જંબૂદ્વીપ છે. આ જંબૂદ્વીપ નામક દ્વીપ બધા દ્વીપો તેમજ સમુદ્રોની વચ્ચે અવસ્થિત સૌથી પહેલો દ્વીપ છે. આ રીતે પ્રભુએ પ્રશ્નનો જવાબ આપ્યો છે તાત્પર્ય આ પ્રમાણે છે કે ધાતકી ખંડ વગેરે જેટલા બીજા અસંખ્યાત દ્વીપો છે તથા લવણ સમુદ્રાદિક જેટલા અસંખ્યાત સમુદ્રો છે, તે સર્વની મધ્યે આ જંબૂદ્વીપ નામક દ્વીપ આવેલ છે. આ પ્રમાણે આ જંબૂદ્વીપ નામનો દ્વીપ સમસ્ત તિર્યંગ્લોકના મધ્યમાં આવેલ છે. આનો વિસ્તાર ધાતકીખંડ વગેરે તેમજ લવણ સમુદ્ર વગેરેની અપેક્ષા સ્વલ્પ છે. એના સિવાય બીજા જેટલા દ્વીપો છે તેમજ સમુદ્રો છે તેઓ સર્વે વલયના આકાર જેવા ગોળ આકૃતિવાળા છે. આ દ્વીપ પણ ગોળ છે એથી એની ગોળ આકૃતિ સર્વ દ્વીપો અને સમુદ્રો કરતાં સ્વલ્પ છે. આમ બીજા પ્રશ્નનો જવાબ આપવામાં આવ્યો છે. એથી જ "**सव्व खुड्डाए वट्टे**" આ પ્રમાણે કહ્યું છે. "**तेल्लापूय संठाणसंठिए वट्टे रहचक्कवालिसंठाणसंठिए वट्टे, पुक्खरकण्णिया संठाणसंठिए वट्टे**" 'આનો આકાર તેલમાં તળેલા અપૂપ જેવો છે. ઘીમાં તળેલા અપૂપ નો આકાર સંપૂર્ણ પણે ગોળ થતો નથી એથી અહીં તેલ માં તળેલા અપૂપની સાથે તેના ગોળ આકાર ને ઉપમિત કરવામાં આવેલ છે કેમ કે તેલમાં તળેલા અપૂપ નો આકાર ગોલાકૃતિમાં પરિપૂર્ણ હોય છે. અથવા રથના પૈડાનો ચક્રવાલ જે પ્રમાણે ગોળ હોય છે તેમજ તે પણ ગોળ છે, અહીં રથથી રથનું ચક્ર ગ્રહીત થયેલ છે. અથવા પુષ્કર-કમળ-ની કર્ણિકા જેમ પૂર્ણરૂપથી ગોળ હોય છે તેવી ગોલાકૃતિ એની છે. અથવા "**पडिपुण्णचंदसंठाणसंठिए**" પોતાની ૧૬ કળાઓથી પરિપૂર્ણ ચંદ્રમા ની જેવી ગોલ આકૃતિ હોય છે તેવી જ ગોલાકૃતિ આ જંબૂદ્વીપ નામના દ્વીપની છે. આ પ્રમાણે અહીં ગોલાકૃતિ થી સંબદ્ધ અનેક ઉપમા પદોનું કથન કરવામાં આવ્યું છે તે નાનાદેશીય વિનેય (શિષ્ય) જનોની બુદ્ધિની વિશદતા માટે કરવામાં આવેલ છે. આ કથન થી ત્રીજા પ્રશ્નનો જવાબ સૂત્રકારે આપ્યો છે. "**एगं जोयणसयसहस्सं आयामविक्खंभेणं तिण्णि जोयणसयसहस्साइं सोलस सहस्साइं दोण्णि य सत्तावीसे जोयणसए तिण्णि कोसे अट्ठावीसं च धणुसयं तेरसं अंगुलाइं**

अद्धंगुलं च किंचि विसेसाहियं परिक्खेवेणं पण्णत्ते'' આની લંબાઇ, ચોડાઈ એક યોજન જેટલી છે

શંકાઃ—જંબૂદ્વીપનું પ્રમાણ પૂર્વ પશ્ચિમ સુધીનું એક લાખ યોજન જેટલું કહેવામાં આવેલ છે ત્યાં પૂર્વ પશ્ચિમ દિગ્વર્તી જગતી અને મૂલનું પ્રત્યેકનું વિષ્કુંભ પ્રમાણ ૧૨-૧૨ યોજન જેટલું છે એવા એક લાખ યોજનમાં ૨૪ યોજનાત્મક આ પ્રમાણને એકત્ર કરવાથી એક લાખ ૨૪ યોજન નું પ્રમાણ આનું છે તેમ કહેવું જોઈએ પરંતુ અહીં તો ફક્ત આની લંબાઈ પહોળાઈનું એક લાખ યોજન પ્રમાણ નિરૂપિત કરવામાં આવેલ છે તે ઉપરોક્ત રીતે એક લાખ યોજનનું કથન વિરૂદ્ધ પડે છે. ઉત્તર—અહીં જંબૂ દ્વીપનું પ્રમાણ કહેવામાં આવેલ છે તે જગતી અને મૂલના વિષ્કંભ પ્રમાણની અપેક્ષાથી જ કહેવામાં આવેલ છે આ પ્રમાણ લવણ સમુદ્રનું જે બે લાખ યોજન જેટલું કહેવામાં આવેલ છે તે લવણ સમુદ્રની જગતી અને મૂલવિષ્કંભ પ્રમાણના આધારે જ કહેવામાં આવેલ છે. જે આ પ્રમાણે બીજા દ્વીપો અને સમુદ્રોના વિશે પણ જાણી લેવું જોઈએ. જો દ્વીપ સમુદ્રના પ્રમાણ થી જગતીનું પ્રમાણ અલગ કહેવામાં આવે તો મનુષ્યક્ષેત્રનું જે પ્રમાણ ૪૫ લાખ યોજન જેટલું કહેવામાં આવેલ છે, તેમાં વિરોધ લાગે છે. એથી જગતીના વિષ્કંભ પ્રમાણ

ને લઈને જ દ્વીપ સમુદ્રોનું પ્રમાણ કહેવામાં આવેલ છે, આમ સમજવું જોઈએ. આ જંબૂદ્વીપની પરિધીનું પ્રમાણ ૩૩ લાખ ૧૬ હજાર બસો ૩૭ (૩૩૧૬૨૩૭) યોજન અને ૩ કોશ ૨૮ ધનુષ ૧૩।। અંગુલ કરતાં કંઈક વધારે છે. ।।૩।।

## જમ્બુદ્વીપ કા પ્રાકારભુતજગતી કા વર્ણન

**से णं एगाए वईरामईए जगईए सव्वओ समंता, इत्यादि ॥ सूत्र ४॥**

**ટીકાર્થ**—આ જંબૂદ્વીપ નામક દ્વીપ વજ્રમયી જગતી થી-દ્વીપ સમુદ્રની સીમાકારી કોટથી - "सव्वओ समंता" ચોમેર સારી રીતે આવૃત્ત છે. "सा णं जगई अट्ठ जोयणाइं उड्ढं उच्चत्तेणं मूले बारस जोयणाइं विक्खंभेणं, मज्झे अट्ठजोयणाइं विक्खंभेणं" આ પ્રાકાર રૂપ જગતી આઠ યોજન જેટલી ઊંચી છે. મૂલમાં બાર યોજન જેટલી વિષ્કંભવાળ છે. મધ્યમાં આઠ યોજન જેટલા વિસ્તારવાળી છે, "उवरिं चत्तारि जोयणाइं विक्खंभेण" ઉપરમાં આ ચાર યોજન જેટલી વિસ્તારયુક્ત છે આ પ્રમાણે આ મૂલમાં વિસ્તીર્ણ છે, મધ્યમાં સંક્ષિપ્ત છે, અને ઉપરમાં પાતળી થઈ ગઈ છે. એથી આ જગતીનો આકાર "गोपुच्छसंठाणसंठिया" ગોપુચ્છના આકાર જેવો થઇ ગયો છે. આ જગતી "सव्व वईरामई अच्छा सण्हा, लण्हा, घट्ठा, मट्ठा, नीरया, निम्माला, णिप्पंका णिक्कंकडच्छाया सप्पभा समरीइया, सउज्जोया, पासाईया दरिसणिज्जा, अभिरूवा, पडिरूवा," સર્વાત્મના વજ્ર રત્નની બનેલી છે, તેમજ આ આકાશ અને સ્ફૂટિકમણિ જેવી અતિ સ્વચ્છ છે, શ્લક્ષ્ણ સૂત્ર નિર્મિત પટની જેમ આ શ્લક્ષ્ણ પુદ્ગલ સ્કન્ધથી નિર્મિત થયેલી છે. એથી આ લષ્ટ-શ્રેષ્ટ—છે તેમજ ઘૂંટેલ વસ્ત્રની જેમ આ સુચિક્કણ છે. ધાર કાઢવાના પથ્થરથી ઘસેલા પાષાણની જેમ આ ઘૃષ્ટ છે. કોમળ શાણથી ઘસેલા પાષાણ ખંડની જેમ આ મૃષ્ટ છે. સ્વાભાવિક રજથી રહિત હોવા બદલ આ નીરજ છે. આગંતુક મેલથી રહિત હોવા બદલ આ નિર્મળ છે. કર્દમ

રહિત હોવાથી આ નિષ્પંક છે. આવરણ રહિત નિષ્કંટક છાયાવાળી છે. અવ્યાહત પ્રકાશ-યુક્ત છે, વસ્તુ સમૂહની પ્રકાશિકા છે. નિરંતર દિશાઓમાં અને વિદિશાઓમાં આનો પ્રકાશ વ્યાપ્ત રહે છે. એથી આ સોદ્યોત છે, હૃદયમાં ઉલ્લાસજનક હોવાથી આ પ્રાસાદીય છે. અધિક રમણીય હોવાથી આ દર્શનીય છે સર્વથા દર્શકોના નેત્ર અને મનને આકર્ષનારી હોવાથી આ અભિરૂપ છે. અથવા ક્ષણ ક્ષણમાં આનું રૂપ નવનવીત જેવું લાગે છે એથી આ પ્રતિરૂપ છે.

"**सा णं जगई**" તે જગતી "**एगेणं महंतगवक्खकडएणं सव्वओ समंता संपरिक्खित्ता**" એક વિશાળ ગવાક્ષ જાલથી અનેક મોટા મોટા ઝરૂખાઓથી યુકત છે. "**से णं गवक्खकडए**" ગવાક્ષ જાલ "**अद्ध जोयण उड्ढं उच्चत्तेणं**" અર્ધા યોજન જેટલો ઊંચો છે. "**पंच धणु सयाइं विक्खंभेण**" પાંચસો ધનુષ જેટલો આનો વિસ્તાર છે. "**सव्वरयणामए**' આ સર્વાત્મના સર્વરત્નમય છે, તથા "**अच्छे जाव पडिरूवे**" અચ્છથી માંડીને પ્રતિરૂપ સુધીના આ વિશેષણોથી યુકત છે. **तीसेणं जगईए उप्पि**" વલયાકારવાળી આ જગતીના ઉપરના ભાગમાં કે જે ચાર યોજન જેટલા વિસ્તારવાળો છે "**बहुमज्झदेसभाए**" ઠીક મધ્યમાં ૫૦૦ યોજન વિસ્તારવાળા વચ્ચેના ભાગમાં લવણ સમુદ્રની દિશાની તરફ કંઈક:કમ બે યોજન અને જંબૂદ્વીપની દિશાની તરફ કંઈક સ્વલ્પ બે યોજન ને બાદ કરતાં શેષ ૫૦૦ યોજન જેટલા વિસ્તારવાળા બહુ મધ્યદેશમાં "**एत्थ णं महई एगा पउमवरवेईया पण्णत्ता**" એક વિશાળ પદ્મવરવેદિકા છે. આ શ્રેષ્ઠ કમળોની પ્રધાનતાવાળી છે. એથી આનુ નામ પદ્મવરવેદિકા કહેવામાં આવેલ છે. આ દેવોને ભોગઅને ઉપભોગ કરવાના એક સ્થાન રૂપ છે. આ પદ્મવરવેદિકા "**अद्ध जोयणं उड्ढं उच्चत्तेणं पंच धणुसायई विक्खंभेणं**" ઊંચાઈમાં અર્ધાયોજન જેટલી છે અને વિસ્તારમાં એટલે કે ચોડાઈમાં પાંચસો ધનુષ જેટલી છે. "**जगई समीया परीक्खेवेणं**" આનો પરિક્ષેપ જગતીના પરિક્ષેપ બરાબર છે. આ પદ્મવરવેદિકા "**सव्वरयणामई**" સંપૂર્ણપણે રત્નમયી છે અને અચ્છ વગેરેથી પ્રતિરૂપાત્મક સુધીના વિશેષણોથી યુકત છે. '**तीसेणं पउमवरवेइयाए अयमेयरूवे वण्णावासे पण्णत्ते**" આ પદ્મવરવેદિકાના વર્ણન માટે આમ કહેવામાં આવ્યું છે. "**तं जहा वइरामया**" આના નેમ ભૂમિ ભાગથી ઉપરની તરફ નીકળેલા પ્રદેશ વજ્રમણિના બનેલા છે. '**एवं जहा जीवाभिगमे**" આ પ્રમાણે આનું વર્ણન 'જીવાભિગમ'માં જે રીતે કરવામાં આવ્યું છે, તેમ અહીં પણ સમજવું જોઇએ. અને વેદિકા વિષેનું બધું વર્ણન "**जाव अट्ठो जाव धुवा णियया सासया**" આ સૂત્રપાઠ સુધી અહીં સમજવું જોઇએ. કેમ કે વેદિકાનું વર્ણન ત્યાં એ જ સૂત્રપાઠ

સુધી કરવામાં આવેલ છે. એના પછી નહીં તે સર્વ પાઠ આ પ્રમાણે છે-**बईरामया नेमा, रिट्ठमया पइट्ठाणा, वेरुलियामया खंभा, सुवण्णमया फलगा, लोहियक्खमईओ, सुईओ, वईरा-मई, संधी णाणा मणिमया कलेवरा, णाणामणिमया कलेवरसंघाडा, णाणामणिमया रूवा, णाणामणिमया रूवसंघाडा. अंकामया पक्खा, पक्खबाहाओ य, जोइरसमया, वंसा बसकवेल्लुगाय, रययामईओ पट्टियाओ, जायरूवमई ओ ओहाडणीओओ, वइरामईओ उवरि पुंछणीओ, सव्वसेए रययामए छायणे, सा णं पउमरवेइया, एगमेगेणं हेमजालेणं एगमेगेणं कणगवस्क्खजालेणं एगमेगेणं खिंखिणीजालेणं एगमेगेणं घंटाजालेणं एगमेगेणं मुत्ताजालेणं एगमेगेणं मणिजालेणं एगमेगेणं कणगजालेणं एगमेगेणं रयणजालेणं एगमेवणं पउमजालेणं**'' ઇત્યાદિ આ સર્વપાઠના પદોની વ્યાખ્યા સાવ સ્પષ્ટ જ છે અને જીવાભિગમ સૂત્ર'માં પદ્મવરવેદિકાના વર્ણનમાં આબેહૂબ નિરૂપિત કરવામાં આવી છે. એથી જિજ્ઞાસુઓએ ત્યાંથી વાંચી લેવી. આ સવિસ્તૃત વ્યાખ્યા ત્યાં વજ્રમય પદથી માંડીને અન્તના નિત્યપદ સુધી કરવામાં આવી છે એથી વિસ્તાર ભયથી અહીં બીજી વખત વ્યાખ્યા

## પદ્મવરવેદિકા કે બહિર્ભાગસ્થ વનષંડ કા વર્ણન

કરવામાં આવી નથી એજ અભિપ્રાય ને સૂત્રકારે હૃદયમાં ધારણ કરીને '**एवं जहा जीवाभिगमे जाव अट्ठो जाव धुवा णियया सासया जाव णिच्चा**', એવો સૂત્રપાઠ કહેલો છે. ॥૪॥

જગતીની ઉપર વિદ્યમાન પદ્મવરવેદિકાની બહાર વર્તમાન વનષંડનું વર્ણન :—

**'तीसेणं जगईए उप्पिं बाहिं' इत्यादि सूत्र ॥५॥**

આ જગતિની ઉપર જે પદ્મવરવેદિકા છે તે પદ્મવરવેદિકાની બહાર ''**एत्थणं महं एगे वणसंडे पण्णत्ते**'' એક બહુ જ વિશાળ વનખંડ છે. અનેક પ્રકારના વૃક્ષસમૂહો છે. ''**देसूणाइं दो जोयणाइं विक्खंभेणं**'' આનો વિષ્કંભ–વિસ્તાર–કંઇક ૨૫૦ બે યોજન જેટલો છે. અહીં દેશથી ૨૫૦ ધનુષ ગ્રહણ કરવામાં આવેલ છે. આ સંબંધમાં આ પ્રમાણે વિચાર કરવો જોઇએ. જગતીના આ શિખરનો વિસ્તાર ચાર યોજન જેટલો કહેવામાં આવેલ છે. આ જગતીના મધ્યભાગમાં ૫૦૦ ધનુષ જેટલી વ્યાસ યુક્ત એક પદ્મવરવેદિકા છે. આ પદ્મવર-વેદિકાના બહારના ભાગમાં એક વનખંડ છે. જગતીના ઉપરના ભાગનો વિસ્તાર ૪ યોજન જેટલો છે અને વિદિશાઓમાં જે આનો વિસ્તાર છે તે ૫૦૦ ધનુષ જેટલો છે તો આ વિસ્તારને ઉપરના વિસ્તારમાંથી બાદ કરવાથી તેમજ અવશિષ્ટ પ્રમાણને અર્ધો કરવાથી વનખંડનું યથોકત પ્રમાણ આવી જાય છે. આ વનખંડનો પરિક્ષેપ ''**जगई समए परिक्खेवेणं**'' પ્રમાણ જગતીના પરિક્ષેપ પ્રમાણ જેવું જ છે. ''**वणसंडवण्णओ णेयव्वो**'' વન-ખંડનું વર્ણન અહીં કરી લેવું જોઇએ. જે બીજા સૂત્રોમાં આ પ્રમાણે કરવામાં આવેલ છે. ''**किण्हे किण्होभासे नीले नीलोभासे, हरिए हरिओभासे, सीए सीओभासे णिद्धे णिद्धो-**

भासे" મધ્યમાવસ્થામાં પાંદડાઓનો વર્ણ કૃષ્ણ થઈ જાય છે. એથી એ પાંદડાઓથી યુક્ત હોવા બદલ અહીં વનને પણ કૃષ્ણ વર્ણ યુક્ત કહેવામાં આવેલ છે આ પ્રમાણે આ વનખંડ કોઈ કોઇ પ્રદેશમાં શ્યામવર્ણ યુક્ત છે. આ કથન ઉપચાર માત્રથી જ કહેવામાં આવેલ છે એવું સમજવું ન જોઈએ કેમ કે તે રૂપથી જ આનો અવભાસ થાય છે. આ વાતને સ્પષ્ટ કરવા માટે "किण्हे किण्होभासे" આ બે પદોનો પ્રયોગ કરવામાં આવેલ છે. આ રીતે કોઈ કોઈ પ્રદેશમાં આ વન નીલવર્ણ યુક્ત પાંદડાઓથી યુકત હોવા બદલ સ્વયં નીલ-વર્ણ યુકત છે. અને આ રૂપથી જ એનો અવભાસ થાય છે. તેમજ કોઈ કોઈ પ્રદેશમાં આ વનો પત્રોની હરીતિમાને લઇને એટલે કે લીલા લીલા પાંદડાઓથી યુકત હોવા બદલ સ્વયં હરિત યુકત છે અને આ રૂપથી આનો અવભાસ થાય છે. આ વનખંડ કોઇ સ્થાન વિશેષમાં શીતલ સ્પર્શવાળો છે કેમ કે આર્દ્રલતા પુંજોથીઆનું તળિયું સદા પિહિત-આચ્છાદિત રહે છે, તેમજ સૂર્યકિરણો. ત્યાં પ્રવેશી શકતા નથી. એથી જ ત્યાં ક્રીડા માટે આવેલ વ્યંતરદેવ અને દેવીઓને આનો સ્પર્શ શીતળ રૂપથી પ્રતીત થાય છે. કેમ કે તેઓ ત્યાં ક્રીડા કરતાં કરતાં કંટાળી જતા નથી પરંતુ વધારે ને વધારે પ્રમોદ ભાવથી યુક્ત અંતઃ કરણવાળા થઇને રહે છે. તેમજ આ વનખંડ કોઇ સ્થાનમાં સ્નિગ્ધ-સુચિકકણ-છે અને ચિકકણરૂપથી જ આનો અવભાસ થાય છે. કોઇ કોઈ સ્થળે આ વનખંડ "तीव्र" તીવ્ર પ્રભાવાળો છે અને આ રૂપથી જ આનો અવભાસ થાય છે. જો અહીં આ જાતની આ શંકા કરવામાં આવે કે સર્વ અવભાસો સત્યરૂપમાં હોતા નથી એથી તે રૂપના અવભાસને લઇને જે અહીં વનખંડમાં તદ્રૂપતા સિદ્ધ કરવામાં આવી રહી છે તે કેવી રીતે સિદ્ધ થઇ શકે છે, જો કહેવામાં આવે કે આમ નહિ તદ્રૂપથી જે અવભાસ થાય છે તે સત્યરૂપમાં જ હોય છે તો આ સંબંધમાં આમ કહી શકાય કે મરુમરીચિકામાં જે જલાવભાસ હોય છે તે અવભાસ પણ સત્ય માનવામાં આવશે. પણ ખરેખર તે તો સત્ય માનવામાં આવતો નથી. એથી અહીં જે અવભાસ હોય છે તે એવો નથી. એ જ વાતને સૂત્રકાર આ વિશેષણાન્તરોથી સુસ્પષ્ટ કરી રહયા છે કે આ વન કૃષ્ણવર્ણ યુકત એટલા માટે સાબિત થયું છે કે આ વન કૃષ્ણવર્ણની છાયાથી વિશિષ્ટ છે. આ રીતે આ વન નીલવર્ણવાળું એટલા માટે છે કે આ નીલવર્ણ યુકત છાંયડાથી યુક્ત છે "घनकटितटच्छायः" આનો મધ્યભાગમાં

જે છાયા રહે છે તે ખૂબ જ સાંદ્ર હોય છે. એથી આ "रम्य;" ખૂબ જ રમણીય છે. "**महामेघनिकुरम्बभूतः**" જેમ જલભરિત મેઘ માલૂમ પડે છે તેમજ આ વનખંડ પણ માલૂમ પડે છે. "**मूलवन्तः**" અહીં જે વૃક્ષો છે તે પ્રશસ્તમૂલવાળા છે એટલે કે એમની જડો ખૂબ જ દુર સુધી જમીનની અંદર પહોંચેલી છે. તેઓ પ્રશસ્ત કંદવાળા છે મૂળના ઉપરિવર્તી ભાગ રૂપ પ્રશસ્ત કન્દોથી યુક્ત છે. પ્રશસ્ત સ્કન્ધવાળા છે. શાખાઓ જે સ્થાનેથી ઉત્પન્ન થાય છે તે સ્થાનનું નામ સ્કન્ધ છે. પ્રશસ્ત પ્રવાલવાળા છે. પ્રશસ્ત પલ્લવાંકુરોથી યુક્ત છે. પ્રશસ્ત પત્રોવાળા છે. પ્રશસ્ત પુષ્પોવાલા છે પ્રશસ્ત ફલોવાળા છે પ્રશસ્ત બીજ-વાળા છે. આ પ્રમાણે પ્રશસ્ત પુષ્પ ફલ અને બીજોથી યુકત અહીંના વૃક્ષો છે. "**आनुपूर्वीसुजातरुचिरवृत्तभावपरिणताः**" તેમજ આ વૃક્ષો અનુક્રમે સારી રીતે ઉત્પન્ન થયેલાં છે. એથી આ બધાં રુચિર-સુંદર છે. મધપૂડાનો જેવો આકાર હોય છે તે જાતનો આકાર એમનો છે. આમાં ઘણા સ્કન્ધો નથી પરંતુ એક જ સ્કન્ધ છે. "**अनेकशाखाप्रशाखाविटपाः**" એઓ ઘણી પ્રધાન શાખાઓ અને અવાન્તર શાખાઓના વિરૂપ-વિસ્તાર-થી યુકત છે. એઓ એટલા વિશાળ છે કે અનેક પુરુષો એકી સાથે હાથ પહોળા કરે છતાં એ એમના થડોને પોતાના બાહુઓમાં સમાહિત કરી શકતા નથી. એમના જે સ્કન્ધો છે તે મોટા હોવાથી સાન્દ્ર છે, મજબૂત છે, પોલા નથી. ગોળ છે, આડા-વાંકા નથી, સરળ છે. એમના પાંદડાઓ એવા છે કે જેમનામાં છિદ્ર નથી અથવા વૃક્ષોની શાખાઓ એક બીજાથી એવી રીતે સમ્મિલિત થયેલી છે કે તેમના પાંદડાઓ પરસ્પર સંલગ્ન થઇ ગયાં છે. એથી ત્યાં છિદ્રો રહ્યા નથી, એથી સૂર્યના કિરણોને ત્યાં પ્રવેશવા માટે અવકાશ નથી. ઈત્યાદિરૂપમાં આ સૂત્ર પાઠમાં વર્ણિત આ વનખંડનું વર્ણન જીવાભિગમ સૂત્રમાં વ્યાખ્યાત કરવામાં આવેલ છે. જિજ્ઞાસુઓએ ત્યાંથી આ પાઠની વ્યાખ્યા જાણી લેવી જોઈએ. ॥૫॥

## વનખંડ કી ભૂમી ભાગ કા વર્ણન

વનખંના ભૂમિભાગનું વર્ણન :—

**तस्स णं वणसंडस्स अंतो बहुसमरमणिज्जे भूमिभागे पण्णत्ते-इत्यादि सूत्र- ६**" તે વનખંડના અંદરનો ભૂમિ ભાગ અતીવ સમતલ હોવાથી બહુ જ સુંદર છે

जहा नामए आलिंग पुक्खरेइ वा जाव णाणाविह पंचवण्णेहिं मणिहिं तणेहिं उवसोभिए" મૃદંગના મુખ ઉપરનો ચર્મપુટ જેવો સમતલ હોવાથી સુંદર હોય છે. અહી આ દૃષ્ટાંત સમતલતાની સાદૃશ્યતા પ્રકટ કરવા માટે જ કહેવામાં આવેલ છે. અહી જે યાવત્ પદનો પ્રયોગ થયેલ છે તે આ પ્રકટ કરે છે કે ભૂમિભાગની અત્યન્ત સમતલતા. વિષે જાણવું હોય તો રાજપ્રશ્નીય સૂત્રની ૧૫ મા સૂત્રને જુઓ. ત્યાં આ વિષે બધું સારી રીતે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે રાજ પ્રશ્નીયસૂત્રની મેં સુબોધિની ટીકા લખી છે તેમાં આ વિષેની પદવ્યાખ્યા મેં કરી આ ભૂમિભાગ. અનેક છે જાતના પાંચવર્ણોવાળા રત્નોથી તેમજ તૃણોથી ખચિત છે. તે ઉપશોભિત પાંચ વર્ણો કૃષ્ણ, નીલ, લોહિત, હારિદ્ર, અને શુકલ છે ત્યાં જેમ આ પાંચ વર્ણોવાળાં રત્નો છે તેમજ ત્યાં પંચવર્ણોવાળા તૃણો પણ છે. એમના ગંધ, રસ અને સ્પર્શ કેવા પ્રકારના છે? આ સંબંધમાં રાજપ્રશ્નીય સૂત્ર ના ૧૫ માં સૂત્ર થી લઇને ૨૧ માં સૂત્ર સુધી વર્ણન કરવામાં આવ્યું છે. તો ત્યાંથી જ આ વર્ણન વિષે જાણી લેવું જોઈએ. તેમ જ પદોના અર્થની વ્યાખ્યા સુબોધિની ટીકામાં કરવામાં આવી છે. તો આ વિષે પણ ત્યાંથી જોઈલેવું જોઈએ જ્યારે આ તૃણો પવનના ઝપાટાઓથી ધીમે ધીમે અપવા વિશેષ રૂપમાં પ્રકંપિત થાય છે. ત્યારે એમનામાંથી પરસ્પરના સંઘટ્ટનથી કઈ જાતનો શબ્દ ઉત્પન્ન થાય છે. આ વિષે જો જાણવું હોય તો 'રાજપ્રશ્નીય'ના ૬૩મા અને ૬૪ મા સૂત્રની વ્યાખ્યાવાંચવી જોઈએ. ત્યાં આ વિષે ઉત્તમ રૂપમાં સ્પષ્ટ કરવામાં આવેલ છે, "पुक्खरिणीओ "त्ति" તે બહુસમરમણીય મધ્યભૂમિભાગમાં ઘણી નાની વાપિકાઓ છે. તેમનું વર્ણન પ્રણ 'રાજપ્રશ્નીયસૂત્રનાં ૬૫ મા સૂત્રમા કરવામા આવેલ છે. આ પુષ્કરિણીઓની વચ્ચે "पव्वया" ઉત્પાત વગેરે પર્વતો છે. તેમજ તે વનખંડમાં અનેક "घरगा" કદલી ગૃહો છે. અનેક 'मंडवगा મંડપ-લતાકુંજ-વગેરે છે. તેમજ "पुढविसिलापट्टया" અનેક હંસાસન ઈત્યાદિ જેવા પૃથિવી શિલા-પટ્ટકો છે અને આ સર્વ પ્રતિરૂપાન્ત સુધીના વિશેષણોથી યુક્ત છે. આ બધું વર્ણનપણ અનુક્રમે ત્યાં

'રાજપ્રશ્નીય સૂત્રના ૬૬ મા અને ૬૭ મા તેમજ ૬૮ મા સૂત્રમા કરવામાં આવેલ છે. એથી આ વિષેજાણવું હોય તો તેની સુબોધિની ટીકા જોવી જોઈએ. "तत्थ णं बहवे वाणमंतरा देवाय देवोओ य आसयंति सयंति चिट्ठंति णिसीयंति, तुअट्ठंति रमंति, ललंति, कीलंति, किट्टंति मोहंति " તે હંસાસનાદિના જેવા આકારવાળા પૃથિવીશિલાપટકોની ઉપર ઘણા વાનવ્યંતર દેવ દેવીઓ સુખેથી ઉઠતા બેસતા રહે છે, ભેટતા રહે છે, આરામ કરતા રહે છે, કયાંક કયાંક ઊભા રહે છે. પાર્શ્વ પરિવર્તન કરતાં રહે છે. એટલે કે પાસું ફેરવીને વિશ્રામ કરતાં રહે છે. રતિસુખ ભોગવતાં રહે છે. અનેક પ્રકારની ક્રીડાઓ કરતાં રહે છે. ગીતો ગાતાં રહે છે, પરસ્પર એક બીજાને મુગ્ધ કરતાં રહે છે. ભિન્ન ભિન્ન પ્રકારના વિલાસોથી દેવોના ચિત્તને દેવીઓ લુબ્ધ કરતી રહે છે. આ રીતે આ સર્વ દેવ અને દેવીઓ "पुरापोराणाणं सुचिण्णाणं सुपरिकंताणं सुभाणं कल्लाणाणं कडाणं कम्माणं

कल्लाणफलवित्तिविसेसं पच्चणुभवमाणा विहरंति" પૂર્વમાં આચરિત શુભાધ્યવસાયથી સવિધિ શોભન પરાક્રમપૂર્વક ઉલ્લાસની સાથે સેવન કરેલા-એવા શુભકલ્યાણકારી ફળવાળા પુણ્ય કર્મોના કલ્યાણ રૂપ ફળ ને તેમના ઉદયકાળમાં ભોગવતાં પોતાના સમયને પસાર કરે છે.

આ પ્રમાણે પદ્મવર વેદિકાની બહારના વનખંડનું વર્ણન કરીને હવે સૂત્રકાર તેના મધ્યવર્તી મહાવનખંડનું વર્ણન કરતાં કહે છે:—"तीसेणं जगईए उप्पिं अंतो पउमवरवेइयाए" તે જગતીની ઉપર જે પદ્મવરવેદિકા છે તે પદ્મવર વેદિકાની અંદર "एत्थणं एगं महं वणसंडे पण्णत्ते એક બહુંજ વિશાળ વનષંડ કહેવામાં આવેલ છે આ વનષંડ "देसूणाइं दो जोयणाई विक्खंभेणं वेदियासमए परिक्खेवेणं किण्हे जाव तण विहूणे णेयव्वे" થોડાઈમાં કંઈક સ્વલ્પ બે યોજન જેટલો છે તેમજ આની પરિધિ નો વિસ્તાર વેદિકાની પરિધિ જેટલો જ છે. આ મહાવનષંડનુ વર્ણન ઉપર પદ્મવરવેદિકાની બહારના વનષંડનું વર્ણન કરવામાં આવ્યું છે તેવું જ છે. બહારના વનષંડના વર્ણનમાં તે વનષંડ કૃષ્ણ છે અને કૃષ્ણ રૂપથી તેનો અવભાસ થાય છે વગેરે રૂપમાં જે કહેવામાં આવેલ છે તે સર્વ પંચમ સૂત્રોક્ત વર્ણન અહીં પણ જાણી લેવુ જોઈએ. પરંતુ તે વર્ણનમાં જે તૃણ અને મણિઓના શબ્દોનું વર્ણન કરવામાં આવેલ છે તે વર્ણન અહીં એટલા માટે નહીં કરવું જોઈએ કે આ વનષંડ પદ્મવર વેદિકાથી પરિવેષ્ટિત છે. એથી આમાં વાયુપ્રવેશ થઈ શકતો નથી. અને વાયુ-પ્રવેશના અભાવથી ત્યાંના મણિઓ તેમજ તૃણોનું પરસ્પર સંચલન થઈ શકતું નથી. એથી તેઓ પરસ્પરમાં સંઘટ્ટિત થતાં નથી-અથડાતા નથી. એથી સંઘર્ષના અભાવમાં શબ્દોત્થાન થતું નથી ॥૬॥

## જમ્બુદ્વીપ કી દ્વારસંખ્યા એવં દ્વારોં કે સ્થાન વિશેષ કા વર્ણન

જમ્બૂદ્વીપની દ્વાર સંખ્યાનું વર્ણનઃ—

'जंबुद्दीवस्स णं भंते ! दीवस्स कई दारा पण्णत्ता' इत्यादि सूत्र ७॥

આ સૂત્રની વ્યાખ્યાસ્પષ્ટ છે.

આ દ્વારો ક્યાં ક્યાં છે ? તેનું વર્ણન આ પ્રમાણે છે-

"कहिणं भंते ! जंबुद्दीवस्स दीवस्स विजए णामं दारे पण्णत्ते-इत्यादि

હે ભદંત ! જંબૂદ્વીપનામક દ્વીપનું વિજય દ્વાર ક્યાં કહેવામાં આવેલ છે ? એના

ઉત્તરમાં પ્રભુ કહે છે-"**गोयमा ! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरात्थिमेणं पणयालीसं जोयणसहस्साइं वीइवइत्ता** "હે ગૌતમ ! જંબૂદ્વીપ નામક આ દ્વીપમાં સ્થિત મન્દર પર્વતની પૂર્વ દિશામાં ૪૫ હજાર યોજન આગળ જવાથી "**जंबुद्दीव दीव पुरत्थिमपेरंते लवणसमुद्दं पुरित्थिमद्धस्स पच्चत्थिमेणं सीआए महाणईए उप्पि** "જંબૂદ્વીપની પૂર્વ દિશાને અંતે અને લવણ સમુદ્રથીપૂર્વ દિશાના પશ્ચિમવિભાગમાં સીતા મહાનદીની ઉપર "**एत्थ णं जंबुद्दीवस्स दीवस्स विजए णामं दारे पण्णत्ते**" જંબૂદ્વીપનું વિજય નામક દ્વાર કહેવામાં આવેલ છે. "**अट्ठजोयणाइं उड्ढं उच्चत्तेणं**' આ દ્વારની ઊંચાઈ આઠ યોજન જેટલી છે તેમજ "**चत्तारि जोयणाइं विक्खंभेणं**" આને વિસ્તાર ઊંચાઈ કરતાં અર્ધો છે એટલે કે ચાર યોજન જેટલો છે. "**तावइयं चेव पवेसेणं**" અને પ્રવેશ પણ-પ્રવેશમાર્ગ પણ ચાર યોજન જેટલો છે. '**सेए वरकणगथूभियाए**' આ દ્વાર ધવલવર્ણવાળું છે અને આનું શિખર ઉત્તમ સ્વર્ણ નિર્મિત છે. "**जाव दारस्स वण्णओ जाव रायहाणी**" આ વિજયદ્વારનું વર્ણન વિજયા નામક રાજધાની સુધીનું જેમ 'જીવાભિગમ' 'સૂત્ર' માં કરવામાં આવેલ છે તેવું જ વર્ણન અહીં પણ સમજવું જોઈએ. આ સર્વ વર્ણન 'જીવાભિગમ સૂત્રની તૃતીય પ્રતિપત્તિમાં કરવામાં આવેલ છે. ॥૮॥

વિજયાદિ દ્વારોનું પારસ્પરિક અન્તર કથન—

**'जंबुद्दीवस्स णं भंते ! दीवस्स दारस्स य दारस्स य' इत्यादि सूत्र ॥९॥**

ટીકાર્થ—ગૌતમસ્વામીએ પ્રભુને પ્રશ્ન કર્યો કે હે ભદંત ! જંબૂદ્વીપ ના એક દ્વારથી બીજા દ્વાર અવ્યવહિત અંતર કેટલું છે ? આના જવાબમાં પ્રભુ કહે છે કે '**गोयमा ! अउणासीइं जोयण सहस्साइं बावण्णं च जोयणाइं देसूणं च अद्धजोयणं दारस्स य दारस्स य अबाहाए अंतरे पण्णत्ते**" હે ગૌતમ ! જંબૂદ્વીપના એક દ્વારથી બીજાદ્વાર સુધીનું અવ્યવહિત અંતર ૭૯ હજાર ૫૨ યોજન તેમજ કંઈક સ્વલ્પ અર્ધા યોજન જેટલું છે. આ અંતર આ રીતે જાણવામાં આવે છે કે જંબૂદ્વીપની પરિધિનું પ્રમાણ ૩૧૬૨૨૭ યોજન ૩ ગાઉ ૧૨૮ ધનુષ અને ૧૩॥ અંગુલ જેટલું છે. આ પ્રમાણમાંથી વિજયાદિ ચારદ્વાર ના ૧૮ યોજનનો જે વિસ્તાર છે તે જુદો જ રાખવો જોઈએ. દરેકે દરેક દ્વારનો વિસ્તાર ચાર યોજન જેટલો છે. દ્વારશાખાદ્વયનો વિસ્તાર ૨ ગાઉ જેટલો છે. ૪ ગાઉમાં ક્રોશદ્વયના સદ્ભાવથી ચારથી ગુણ કરવાથી ૮ ગાઉ થાય છે. ૮ ગાઉના ૨ યોજન થાય છે. આ બે યોજનોને ૧૬ યોજનોની સાથે એકત્ર કરવાથી ૧૮ યોજન થઈ જાય છે. પૂર્વોક્ત પરિધિના પ્રમાણમાંથી ૧૮ યોજન

કમ કરવાથી અવશિષ્ટ ૩૧૬૨૦૯ ને નથી ભાજિત કરવાથી ૫૨ અધિક ૭૯ હજાર યોજન અને ૧ ગાઉ લબ્ધ થાય છે. એટલે કે ૭૯ હજાર ૫૨ યોજન અને ૧ કોશ આવે છે. પરિધિ સંબંધી ત્રણ ક્રોશને ૪ થી ભાજિત કરવાથી ।।। કોશ લબ્ધ થાય છે આમાં પૂર્વ લબ્ધ એક કોશનો સરવાળો કરવાથી ૧।।। થઈ જાય છે. હવે ૧૨૮ ધનુષમાં ૪ નો ભાગાકાર કરવાથી ૩૨ ધનુષ થાય છે. પરિધિના જે ૧૩ અંગુલો છે તેમાં ચાર નો ભાગાકાર કરવાથી ૩ અંગુલ લબ્ધ થાય છે અને ૧ અંગુલ શેષ રહે છે. આ એક અંગુલ ને પરિધિના અર્ધા અંગુલની સાથે સરવાળો કરવાથીં ૧।। અંગુલ થઈ જાય છે. આઠ જવનો એક અંગુલ થાય છે. ૧।। અંગુલના ૧૨ જવ હોય છે. ૧૨ માં ૪ નો ભાગાકાર કરવાથી ૩ અંગુલ આવે છે આ પ્રમાણે એક એક દ્વારનું અંતર ૭૯૦૫૨ યોજન ૧।। ગાઉ ૩૨ ધનુષ ૩ અંગુલ અને ૩ જવ જેટલું થાય છે એજ વાત **अउणासीइ सहस्सा बावण्णं चेव जोयणा हुंति ऊणं च अद्ध जोयणा दारंतरं जंबुदीवस्स"** આ ગાથા વડે પ્રકટકરવામાં આવી છે ।।૯।।

## ભરતક્ષેત્ર કે સ્વરૂપકા વર્ણન

આ પ્રમાણે જંબૂદ્વીપના સંબંધમાં પોતાના સર્વ પ્રશ્નોના જવાબો સાંભળીને હવે ગૌતમ સ્વામી પોતાની સ્થિતિની અપેક્ષા આસન્નવર્તી ભરત ક્ષેત્રના સ્વરૂપને જાણવાની ઈચ્છાથી પ્રેરિત થઈને તૃતીયસૂત્રગત ચતુર્વિધ પ્રશ્નની અંતર્ગત આકારભાવ રૂપ ચતુર્થ પ્રશ્નને લઈને પ્રભુ ને આ પ્રમાણે પૂછે છે કે--

**'कहिणं भंते ! जंबुद्दीवे दीवे भरहे णामं वासे पण्णत्ते ?' इत्यादि** સૂત્ર-૧૦

ટીકાર્થ-હે ભદન્ત ! જંબૂદ્વીપ નામક દ્વીપમાં ભરતનામક વર્ષ-ક્ષેત્ર-ક્યાં કહેવામાં આવેલ છે ? આના જવાબમાં પ્રભુ કહે છે-'**गोयमा ! क्षुल्लहिमवंतस्स वासहरपव्वयस्स दाहिणेणं दाहिणलवणसमुद्दस्स उत्तरेणं पुरत्थिमलवणसमुद्दस्स पच्चत्थिमेण पच्चत्थिमलवणसमुद्दस्स पुरत्थिमेणं एत्थणं जबुद्दीवे दीवे भरहे णामं वासे पण्णत्ते"** હે ગૌતમ ! ભરતાદિ ક્ષેત્રોની સીમા કરનાર લઘુ હિમવાન્ પર્વતના દક્ષિણ દિગ્ ભાગમાં દક્ષિણ દિગ્વર્ત્તી લવણ સમુદ્રના ઉત્તરદિગ્ભાગમાં પૂર્વ દિગ્ ભાગવર્તી લવણ સમુદ્રની પશ્ચિમ દિશામાં અને પશ્ચિમ દિગ્ ભાગવર્તી લવણ સમુદ્રની પૂર્વ દિશામાં આ જંબૂદ્વીપગત ભરત ક્ષેત્ર છે. આ ભરત ક્ષેત્ર **"खाणु बहुले, कंटग बहुले, विसम बहुले दुग्ग बहुले पव्वय बहुले पवायबहुले उज्झरबहुले"** સ્થાણુ બહુલ છે, એટલે કે આમાં સ્થાણુઓની-ઠુંઠાંઓની-અધિકતા છે. આ સ્થાણુ ઓ પત્ર પુષ્પાદિથી રહિત હોય છે. અને નીરસ-શુષ્ક હોય છે. એટલે કે જે વૃક્ષો ઊખડી જાય છે તે બધા પત્ર-પુષ્પાદિ રહિત થઈ ને શુષ્ક થઈ જાય છે અને જમીનમાં જ ઊભા રહે છે. એમને જ સ્થાણુ કહેવામાં આવેલ છે. એવા ઠૂંઠાંઓથી આ ભરતક્ષેત્ર વ્યાપ્ત છે અથવા એવા ઠુંઠાંઓની આ ભરત ક્ષેત્રમાં બહુલતા અધિકતા-છે. તેમજ કાંટાંવાળા વૃક્ષોની પણ અહીં અધિકતા છે. બાવળ, બોરડી, ખેર વગેરે અનેક વૃક્ષો અહીં પુષ્કળ પ્રમાણમાં છે. અહીંની જમીનનો અધિકાંશ ભાગ

ઊંચો-નીચો છે—સર્વથા સમતથી, અહીં ઘણાં સ્થાનો એવાં પણ છે કે ત્યાં પ્રવેશવું અશક્ય છે- અથવા તે કષ્ટ સાધ્ય છે, અહીં પર્વતોની અધિકતા છે. તેમજ તે પર્વતોની ઉપર એવાં એવાં વિશેષ સ્થાનો છે કે જયાંથી પડી જવાય તો માણસનાશરીરના ભુકકે ભુક્કા થઈ જાય છે. અહીં અવઝરો પુષ્કળ છે. જે પર્વતીય સ્થાનો પરથી નીચે જળ પડે છે તે સ્થાનોને અવઝર (પ્રપાત) કહે છે જેમકે જબલપુરનો ભેડાઘાટ વગેરે. અહીં નિર્ઝરો પુષ્કળ છે, પર્વતના જે સ્થાનોથી સર્વદા જળ ઝરતું રહે છે એવાં સ્થાનોને નિર્ઝર કહે છે. એવાં સ્થાનો આ ભરતક્ષેત્રમાં અધિકાંશ છે. આ પ્રમાણે આ ભરતક્ષેત્ર ''खड्डा बहुले'' ડગલે ને પગલે જયાં ખાડાઓ પુષ્કળ છે એવા સ્થાન વાળું છે. એટલે કે સ્થાન સ્થાન પર ઘણા ખાડાઓ છે. ''दरि बहुले'' ડુંગરો પર ઠેકઠેકાણો ઘણી ગુફાઓ વાળું છે. એટલે કે અહીં ગુફાઓ ખૂબજ વધારે છે. ''णई बहुले'' સ્થાન સ્થાન પર જેમાં નદીઓ છે એવું આ ક્ષેત્ર છે. ''दह बहुले'' ઠેકઠેકાણે જયાં પ્રાયઃ દ્રહપાણીના કુંડો છે એવું આ ક્ષેત્ર છે. ''रुक्ख बहुले'' ઠેકઠેકાણે જયાં ઘણાં વૃક્ષો છે એવું છે. ''गुच्छ बहुले'' પ્રાયઃ ઠેકઠેકાણે જયાં ગુચ્છાઓ છે એવું છે. ઠેકઠેકાણે જયાં ''गुम्म बहुले'' ગુલ્મો અધિકાંશ રૂપમાં ઘણા છે એવું આ ક્ષેત્ર છે. ''लया बहुले'' ઠેકઠેકાણે જયાં લતાઓની વિસ્તારરહીત પદ્મલતાદિકોની પ્રધાનતા છે એવું આ ક્ષેત્ર છે ''वल्ली बहुले'' વિસ્તાર પ્રધાન કૂષ્માંડાદિ લતાઓ વધારે પડતી છે એવું આ ક્ષેત્ર છે. ''अडवी बहुलम्'' જંગલોની જયાં પ્રધાનતા છે. એવો આ પ્રદેશ છે. ''सावय बहुले'' જંગલના હિંસક જાનવરોની જયાં બહુલતા છે એવુ આ ક્ષેત્ર છે. ''तण बहुले'' તૃણની જયાં જંગલોમાં પ્રધાનતા છે એવું આ ક્ષેત્ર છે. 'तक्कर बहुले'' તસ્કરોની-ચોરોની જયાં બહુલતા છે એવું આ ક્ષેત્ર છે. ''डिम्ब बहुले'' સ્વદેશોત્પન્નજનોથી જયાં ઉપદ્રવો ઘણા થાય છે એવો આ પ્રદેશ છે. ''डमर बहुले'' પરદેશી રાજાઓ જયાં ઉપદ્રવો કરતા રહે છે એવો આ પ્રદેશ છે. '' दुब्भिक्खबहुले'' દુર્ભિક્ષની જયાં બહુલતા છે એવો આ પ્રદેશ છે. ''दुक्काल बहुले'' દુષ્કાલની-એટલે કે જયાં ચીજ વસ્તુઓની કીંમતમાં ખૂબજ વધારે વૃદ્ધિ થઈ ગઈ હોય-એવા કાળની બહુલતાવાળો આ પ્રદેશ છે. ''पासंड बहुले'' પાખંડો મિથ્યાવાદીઓની જયાં બહુલતા છે એવો આ પ્રદેશ છે. ''किवण बहुले'' કૃપણજનોની જયાં બહુલતા છે એવો આ પ્રદેશ છે. ''वणीमग बहुले'' યાચકોની જયાં બહુલતા છે એવો આ

પ્રદેશ છે. "ईति बहुले, मारि बहुले, कुबुद्दी बहुले, अणावुट्ठि बहुले राय बहुले, रोग बहुले, संकिलेसबहुले" અતિ વૃષ્ટિ, અનાવૃષ્ટિ, મૂષક, શલભ, શુક તેમજ અત્યાસન્ન રાજાઓ આમ ૬ ઈતિઓ હોય છે. આ ૬ ઈતિઓના ઉપદ્રવોની જેમાં બહુલતા છે એવો આ ભરત પ્રદેશ છે. ઐરવત પ્રદેશમાં પણ એવું જ થાય છે. મારિ–કોલેરા વગેરે જ્યાં વિશેષ રૂપમાં થાય છે એવો આ પ્રદેશ છે. કર્ષક–ખેડૂતો ના માટે અનિશ્ચિત વર્ષા જ્યાં થતી રહે છે એવો આ પ્રદેશ છે.અનાવૃષ્ટિ–વર્ષાના અભાવનો જ્યાં પ્રાયઃ સદ્ભાવ છે એવો આ પ્રદેશ છે. અધિપતિત્વ કરનારા રાજાઓની જ્યાં બહુલતા છે એવો આ પ્રદેશ છે. વાત, પિત્ત, કફની વિષમતાથી જ્યાં રોગો વધારે પડતા ફાટી નીકળે છે એવો આ પ્રદેશ છે. શારીરિક, અને માનસિક અસમાધીઓની બહુલતા જ્યાં છે એવો આ પ્રદેશ છે. "अभिक्खणं २ संखोहबहुले, पाईणपडीणायए उदीणदाहिणवित्थिण्णे उत्तरओ पलिअंक संठाण संठिए" અને નિરંતર–વારંવાર જ્યાં પ્રજાજનોના ચિત્તને કષ્ટ આપનારા દંડની–શિક્ષાની

કઠોરતાઓ જ્યાં વિદ્યમાન છે. એવો આ પ્રદેશ છે. આ ભરતક્ષેત્ર પૂર્વથી પશ્ચિમ સુધી લાંબુ છે. અને "उदीणदाहिणवित्थिण्णे" ઉત્તરથી દક્ષિણ સુધી પહોળું છે. "उत्तरओ" આ ભરત ક્ષેત્ર ઉત્તર દિશામાં "पलिअंकसंठाणसंठिए" પલંગનું જેવું સંસ્થાન (આકાર) હોય છે એવા આકારવાળું છે "दाहिणओ धणुपिट्ठ संठिए' દક્ષિણ દિશામાં ધનુષ પૃષ્ઠનું જેવું સંસ્થાન હોય છે તેવા સંસ્થાનવાળું થઈ ગયું છે. આ "तिधा लवणसमुद्दं पुट्ठे" ભરતક્ષેત્ર ત્રણ રીતે લવણ સમુદ્રને સ્પર્શી રહ્યું છે. પૂર્વકોટિથી પૂર્વ લવણ સમુદ્રને ધનુ-ષ્પૃષ્ઠથી દક્ષિણ લવણ સમુદ્રને અને અપરકોટિથી પશ્ચિમ લવણ સમુદ્રને આ સ્પર્શી રહ્યું છે આમ આ ત્રણે બાજુએથી લવણ સમુદ્રને સ્પર્શી રહ્યું છે. "गंगा सिंधूहिं महाणईहिं वेअड्ढेण य पव्वएण छब्भागपविभत्ते जंबुद्दीवदीव णउय सय भागे पंच छब्बीसे जोयणसए छच्च एगूणबीसइ भाए जोयणस्स विक्खंभेण" આ ભરતક્ષેત્ર ગંગા અને સિંધુ એ બન્ને મહાનદીઓથી અને વિજયાર્ધ પર્વતથી વિભક્ત થઇને છ ખંડોથી યુક્ત થઈ ગયેલ

છે. આનો વિસ્તાર ૫૨૬ ૬/૧૯ યોજન પ્રમાણ છે. એટલે કે જંબૂદ્વીપ કે જેનો વિષ્કંભ ૧ લાખ યોજન જેટલો છે તેના ૧૯૦ કકડા કરવાથી ભરત ક્ષેત્ર નો વિસ્તાર ૧૯૦ મા કકડા જેટલો થાય છે. અને તે ૧૯૦ મો કકડો ૫૨૬ ૬/૧૯ જેટલો થાય છે. જંબૂદ્વીપ લંબાઈ ચોડાઈમાં ૧ લાખ યોજન પ્રમાણ છે. ૧ લાખમાં ૧૯૦ નો ભાગાકાર કરવાથી ૫૨૬ આવે છે અને શેષ ૬૦ વધે છે. હવે ૬૦ ને ૧૦ ભાજિત કરીએ તો ૬ આવે છે. ભાજક રાશિ જે ૧૯૦ છે તેને પણ ૧૦ ભાજિત કરીએ તો ૧૯ આવે છે. આ પ્રમાણે કરવાથી "पंचछब्बीसे जोयणसए छच्च एगूण वीसइभाए जोयणस्स" આ સૂત્રકાર નું કથન સ્પષ્ટ થઈ જાય છે.

શંકાઃ–જંબૂદ્વીપના ૧૯૦ મા ભાગ રૂપ આ ભરતક્ષેત્ર છે. આમાં યુક્તિ શી છે ? સાંભળો આ સંબંધમાં યુક્તિ આ પ્રમાણે છે કે ભરતક્ષેત્રનો ૧ ભાગ છે, તેની અપેક્ષા દ્વિગુણિત વિસ્તારવાળો હોવાથી હિમવત્ પર્વતના બે ભાગ છે. આ ક્રમથી પૂર્વની અપેક્ષા બમણા

બમણા વિસ્તાર યુક્ત હોવાથી હૈમવતક્ષેત્રના ચાર ભાગો થઈ ગયા છે. મહા હિમવાન્ પર્વતના ૮ ભાગો છે. હરિવર્ષના ૧૬ ભાગો થઈ ગયા છે. નિષધ પર્વના ૩૨ ભાગો છે. આ સર્વ ભાગોનો સરવાળો કવરાથી ૬૩ થઈ જાય છે. આ ૬૩ ભાગો મેરુની દક્ષિણ દિશા તરફ વર્નમાન ક્ષેત્ર અને પર્વતોના છે. આ જાતના ભાગો મેરુની ઉત્તર દિશામાં વર્તમાન ક્ષેત્ર અને પર્વતોના છે. આ બન્ને ભાગોનાં સરવાળો ૧૨૬ થાય છે. વિદેહક્ષેત્રના ૬૪ ભાગો છે. તો આ ૬૪ ભાગો ૧૨૬. મા ઉમેરવાથી ૧૯૦ ભાગ થાય છે. આમ આ ભરતક્ષેત્ર જંબૂ-દ્વીપના ૧૯૦ મા ભાગ રૂપ છે. આ વાત સ્પષ્ટ થઈ જાય છે. ભરતક્ષેત્રના ગંગા સિંધુ નદીઓથા અને વૈતાઢ્ય પર્વત થી છ ખંડો થઈ ગયા છે. આમજે કહેવામાં આવ્યું છે તે વૈતાઢય પર્વત વિષે શું છે આ જિજ્ઞાસા ને શાંત કરવા માટે સૂત્રકાર તેના સ્વરૂપનું પ્રતિપાદન કરતાં કહે છે કે **"भरहस्सणं वासस्स बहुमज्झदेसभाए पत्थणं वेयड्ढं नामं पव्वए पण्णत्ते जे ण भरहं वासं दुहा विभयमाणे २ चिट्ठइ"** વૈતાઢય પર્વત ભરત ક્ષેત્રના એકદમ મધ્યભાગમાં આવેલ છે. આ પર્વતે ભરતક્ષેત્રને બે ભાગોમાં વિભક્ત કરેલ છે. આના તે બે વિભાગો દક્ષિણાર્દ્ધ ભરત અને ઉત્તરાર્દ્ધ ભરત છે. ॥૧૦॥

## દક્ષિણાર્ધ ભરતવર્ષ કા નિરૂપણ

દક્ષિણાર્દ્ધ ભરત કયાં આવેલ છે ? આ વિષે કથનઃ—

**'कहिंणं भंते जंबुद्दीवे दीवे दाहिणद्धे'—इत्यादि सूत्र-११॥**

ટીકા--હે ભદન્ત જંબૂદ્વીપ નામક આ દ્વીપમાં દક્ષિણાર્દ્ધ **"भरहे णामं वासे"** ભરત નામક ક્ષેત્ર **"कहिंणं पण्णत्ते"** કયા સ્થળ પર આવેલ છે. આના જવાબમાં પ્રભુ કહે છે કે **"गोयमा ! वेयड्ढस्स पव्वयस्स दाहिणेण दाहिण लवण समुद्दस्स उत्तरेणं पुरत्थिम लवण समुद्दस्स पच्चत्थिमेणं पच्चत्थिम लवणसमुद्दस्स पुरत्थिमेणं"** હે ગૌતમ ! વૈતાઢ્ય પર્વતની દક્ષિણ દિશામાં દક્ષિણદિઅર્તી લવણ સમુદ્રની ઉત્તર દિશામાં, પૂર્વવર્તી લવણ સમુદ્રની પશ્ચિમદિશામાં અને પશ્ચિમદિગ્વર્તી લવણ સમુદ્રની પૂર્વદિશામાં **"एत्थ णं जम्बुद्दीवे दीवे दाहिणद्धभरहे णामं वासे पण्णत्ते"** જંબૂદ્વીપાન્તર્ગત દક્ષિણાર્દ્ધ ભરત નામે ક્ષેત્ર કહેવાય છે. **'पाईणपडीणायए उदीणदाहिणवित्थिण्णे अद्धचंदसंठाणसंठिए"** આ દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્ર પૂર્વથી પશ્ચિમ સુધી લાંબો છે અને ઉત્તરથી દક્ષિણ સુધી પહોળો છે. આનો આકાર અર્દ્ધ ચન્દ્ર જેવો છે. **" तिहा लवणसमुद्दं पुट्ठे ।'** આ ત્રણ બાજુએથી લવણ સમુદ્રને સ્પર્શે છે. પ્રત્યંચા જે ધનુષની ઉપર ચડાવવામાં આવી છે. એવા ધનુષના આકારવાળો આ પ્રદેશ થઈ જાય છે, તેથી આ પૂર્વકોટિથી પૂર્વ લવણ સમુદ્રને ધનુઃ પૃષ્ઠથી દક્ષિણ લવણ સમુદ્રને અને પશ્ચિમકોટિથી પશ્ચિમલવણ સમુદ્રને સ્પર્શે છે. **"गंगासिंधूहिं महाणईहिं तिभाग पविभत्ते दोण्णि अट्ठतीसे जोयणसए तिण्णिय एगूणवीसइभागे जोयणस्स विक्खंभेणं"** ગંગા અને સિંધુ નામક બે મહાનદીઓ વડે આ ત્રણ ભાગોમાં સંવિભક્ત થયેલ છે. પૂર્વ લવણ સમુદ્રમાં મળતી ગંગાનદી વડે આનો પૂર્વ ભાગ જુદો થાય છે પશ્ચિમ સમુદ્રમાં મળતી સિન્ધુ મહાનદી વડે આનો પશ્ચિમ ભાગ જુદો તરી આવે છે. તેમજ ગંગા અને

સિન્ધુ આ બન્ને નદીઓ વડે આનો મધ્ય ભાગ થઈ જાય છે. "**दोन्नि अट्ठतीसे जोयणसए तिण्णिय एगूण वीसईभागे जोयणस्स विक्खंभेणं**" આ દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્રનો વિસ્તાર ૨૩૮ $\frac{૩}{૧૯}$ યોજન જેટલો છે. "**तस्स जीवा उत्तरेणं पाईण पडीणायया दुहा लवण समुद्दं पुट्ठा**" તે દક્ષિણાર્દ્ધ ભરતની જીવા–ધનુષની જયા જેના ક્ષેત્ર વિભાગવિશેષ–ઉત્તર દિશામાં પૂર્વથી પશ્ચિમ દિશા સુધી લાંબી છે અને બે રીતે લવણ સમુદ્રને સ્પર્શી રહી છે. પૂર્વ દિશાની કોટિથી પૂર્વ દિશાના સમુદ્રને અને પશ્ચિમ દિશાની કોટિથી પશ્ચિમદિશાના સમુદ્રને સ્પર્શી રહી છે. જીવાના પ્રમાણ વિષે કથનઃ– '**णवजोयणसहस्साइं सत्तय अडयाले जोयणसए दुवालस य एगूणवीसइ भाए जोयणस्स आयामेणं**" ૯૭૪૮ $\frac{૧૨}{૧૯}$ યોજન જેટલું પ્રમાણ જીવાનું લંબાઈની અપેક્ષાએ છે. ધનુષ્પૃષ્ઠનું પ્રમાણ–કથન–"**तीसे धनुपुट्ठे दाहिणेणं णवजोयण सहस्साइं सत्तच्छाबडे जोयणसए ईक्कं च एगूणवीसइभागे जोयणस्स किंचि विसेसाहिए परिक्खेवेणं पण्णत्ते**' તે જીવાનું ધનુષ્પૃષ્ઠ ૯ હજાર ૭ સો ૬૬ યોજન અને એક યોજનના ૧૯ ભાગમાંથી કંઈક વધારે એક ભાગજેટલું છે. આ પરિધિની અપેક્ષાએ છે

દક્ષિણાર્ધ ભરતના સ્વરૂપનું કથન—

"**दाहिणद्ध भरहस्स ण भंते वासस्स केरिसए आयारभावपडोयारे पण्णत्ते**" હે ભદંત ! દક્ષિણાર્ધ ભરત ક્ષેત્રનું સ્વરૂપ કેવું કહેવાય છે આ પ્રમાણે જ્યારે ગૌતમે પ્રભુને પ્રશ્ન કર્યો ત્યારે પ્રભુએ તેમને જવાબ આપતાં કહ્યું "**गोयमा ! वहुसमरमणिज्जे भूमिभगे पण्णत्ते–से जहानामए आलिंगपुक्खरेईवा जाव णाणाविहपंचवण्णेहिं मणिहिं तणेहिं उवसोभिए तंजहा कित्तिमेहि चेव अकित्तिमेहिं चेव** ' હે ગૌતમ ! દક્ષિણાર્દ્ધ ભરતનો ભૂમિભાગ બહુસમ હોવાથી રમણીય લાગે છે. તે આલિંગ મૃદંગના મુખ પૃષ્ઠ જેવો બહુ સમ છે. અહીં ઈતિ શબ્દ સ્વરૂપ નિર્દેશમાં અને 'વા' શબ્દ વિકલ્પ માટે પ્રયુક્ત થયેલ છે. અહીં યાવત્ શબ્દથી રાજપ્રશ્નીય સૂત્રના "**आलिंग पुक्खरेई वा**" આ ૧૫ મા સૂત્રથી માંડીને ૯મા સૂત્રના '**नानाविह पंचवण्णेहिं**" અહીં સુધીના પાઠમાં જેટલા પદો આવેલ છે. તે સર્વે અહીં ગૃહીત થયેલા છે. આ સર્વ પદોની વ્યાખ્યા મેં ત્યાંજ તેની સુબોધિની ટીકામાં કરી છે તેથી ત્યાંથીજ આ બધું કથન જાણી લેવું જોઈએ. ત્યાંનો ભૂમિ ભાગ જે અનેક પ્રકારના પાંચ વર્ણોવાળા મણિઓ તેમજ તૃણોથી ઉપશોભિત કહેવાય છે. તો આ સર્વ મણિ અને તૃણો કૃત્રિમ શિલ્પિઓ વડે તેમજ કર્ષકો વડે પ્રયોગથી નિષ્પન્ન પણ થયેલા છે અને અકૃત્રિમ રત્નખાણુમાં તેમજ ભૂમિમાં સ્વતઃ સ્વભાવથી જનિત પણ થયેલા છે.

શંકા—ભરતક્ષેત્રના વિષે વર્ણન જે સૂત્રમાં પહેલાં કરવામાં આવ્યું છે તેમાં સામાન્યરૂપમાં આમ કહેવામાં આવ્યું છે કે ત્યાંનો ભૂમિભાગ સ્થાણુ બહુલ, વિષમ પ્રદેશ બહુલ તેમજ કંટક બહુલ યુક્ત છે. પરંતુ દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્રના વર્ણનમાં ત્યાંનો ભૂમિભાગ બહુસમરમણીય કહેવામાં આવેલ છે તો તે વર્ણન માં અને આ વર્ણનમાં વિષમતા અને સમતાના વિરોધને લઈને, તેજ અને તિમિરની જેમ ધર્મ અને અધર્મની જેમ તેમજ સુર અને અસુરની જેમ પરસ્પર વિરોધ સ્પષ્ટરીતે તરી આવે છે. જો આ વિરોધના પરિહાર માટે આમ કહેવામાં આવે કે દક્ષિણાર્દ્ધ ભરત તેમજ વક્ષ્યમાણ ઉત્તરાર્ધ ભરતક્ષેત્રના પ્રતિપાદક સૂત્રદ્વયં તો આરક વિશેષણની અપેક્ષાએ કહેવામાં આવેલ છે. અને ભરતક્ષેત્ર વિષે જે સૂત્ર છે તે સામાન્યની અપેક્ષાએ ભરતક્ષેત્રનું વર્ણન કરનાર છે. તો આ અવસર્પિણી કાલમાં તૃતીય આરકના અંતથી લઇને વર્ષ શતન્યૂન દુષ્ષમારક પર્યન્તરૂપ પ્રજ્ઞાપક કાળની અપેક્ષાએ કહેવામાં આવેલ છે. એથી વિરોધ જેવી સ્થિતિ ઉત્પન્ન થતી નથી. તો વિરોધ છે એવું કથન યોગ્ય ન કહેવાય કેમકે દક્ષિણાર્ધ તેમજ વક્ષ્યમાણ ઉત્તરાર્ધ ભરતસંબંધી જે સૂત્ર છે. તે પણ મણિ અને તૃણોમાં કૃત્રિમતા અને અકૃત્રિમતાના પ્રતિપાદનથી પ્રજ્ઞાપક કાળની અપેક્ષાએ જ કહેવામાં આવેલ છે. કેમકે આ જાતના મણિ વગેરેનો સદ્ભાવ પ્રજ્ઞાપક કાળમાં જ થાય છે. ઉત્તર-ભરતક્ષેત્રના વર્ણનમાં જે સ્થાણુ બહુલ વિષમ સ્થાન બહુલ વગેરે રૂપમાં જે ભૂમિભાગ વર્ણિત થયેલ છે તે ભરત ક્ષેત્રના ઘણા સ્થળોને લઈને વર્ણિત થયેલ છે. કેમકે ભરત ક્ષેત્રના અનેક સ્થળો એવાં છે કે જે એ સ્થાણુ સંપન્ન અને વિષમતા સંપન્ન છે તેમજ “બહુસમરમણીયભૂમિભાગવાળા” છે આ જાતના પદોથી ગર્ભિત જે સૂત્રદ્વય નિરૂપિત કરવામાં આવેલા છે, તેમનાથી આ પ્રકટ થાય છે કે ભરતક્ષેત્રના કોઇ દેશ વિશેષમાં પુરુષ વિશેષના પુણ્યફળના ઉપભોગમાટે અત્યંત સમભૂમિભાગ હોય છે. અને તે રમણીય હોય છે. આ જાતના પ્રતિપાદનમાં વિરોધ માટે કોઇ સ્થાન જ નથી કેમકે ભોકતાઓની વિચિત્રતાથી ભોગ્ય પદાર્થોમાં વિચિત્રતાનો સદ્ભાવ યથાનિયમ જોવામાં આવે જ છે, એથી ભરતક્ષેત્ર કાળ ની અપેક્ષાએ એકાન્તતઃ શુભાધારભૂત પણ હોય છે તેમજ અશુભાધારભૂત પણ હોય છે, તથા શુભાશુભ બન્ને રૂપમાં પણ હોય છે. જ્યારે એકાન્ત શુભકાળ હોય છે ત્યારે તેમાં જેટલાં ક્ષેત્રો છે તે સર્વે શુભરૂપજ હોય છે. એકાન્ત અશુભ કાલમાં સર્વ અશુભરૂપજ હોય છે તેમજ શુભાશુભમિશ્રકાલમાં કયાંક તો શુભતા રહે છે

અને કયાંક અશુભતા રહે છે. આ પ્રમાણે સૂત્રત્રય અવસર્પિણીના તૃતીય આરકના અંતથી માંડીને વર્ષશતન્યૂન દુષ્ષમ આરકપર્યન્ત જે મિશ્રકાળ છે તેની અપેક્ષાએ કહેવામાં આવેલ છે. એકાન્ત અશુભ આરક રૂપ ષષ્ઠ કાલની અપેક્ષાએ કહેવામાં આવેલ નથી. કેમકે ત્યાં આ જાતના કથનમાં વિરોધની સ્થિતિ ઉત્પન્ન થવી અનિવાર્ય જ છે.

દક્ષિણાર્ધ ભરતમાં ઉત્પન્ન થયેલા મનુષ્યોના સ્વરૂપનું કથન—

**"दाहिणद्धभरहेणं भंते ! वासे मनुयाणं केरिसए आयारभावपडोयारे पण्णत्ते"**

આ સૂત્ર વડે ગૌતમે પ્રભુને એવી રીતે પ્રશ્ન કર્યો કે હે ભદન્ત ! દક્ષિણાર્દ્ધ ભરતમાં રહેનારા માણસોના આકાર ભાવ પ્રત્યષતાર-સ્વરૂપ-કેવાં છે, જવાબમાં પ્રભુ કહે છે કે **'गोयमा तेणं मणुया बहुसंघयणा बहुसंठाणा बहु उच्चत्तपज्जवा** હે ગૌતમ ! દક્ષિણાર્દ્ધ ભરતમાં રહેનારા મનુષ્યો અનેક વજ્ર ઋષભ નારાચ વગેરે સંહનનવાળા હોય છે અનેક સમચતુરસ્ર વગેરે સંસ્થાનવાળા હોય છે, અનેક પ્રકારની ૫૦૦ ધનુષ આદિ રૂપ શારીરિક ઊંચાઇવાળા હોય છે. **"बहु आउपज्जवा"** અનેક પ્રકારની આયુવાળા હોય છે. **बहूइं 'वासाइं आउं पालेंति पालित्ता अप्पेगइगया निरयगामी अप्पेगईया तिरियगामी अप्पेगइया मणुयगामी अप्पेगइया देवगामी"** અનેક વર્ષોની આયુના તેઓ ભોક્તા હોય છે આ રીતે આયુ-જીવનકાળ-નો ઉપભોગ કરીને એમનામાં કેટલાંક એવાં હોય છે કે જેઓ મૃત્યુ પ્રાપ્ત કરીને નરકમાં જાય છે કેટલાક એવાં હોય છે કે જેઓ મૃત્યુ પ્રાપ્ત કરીને તિર્યંચ ગતિમાં જાય છે. કેટલાંક એવાં હોય છે કે જેઓ મૃત્યુ પ્રાપ્ત કરીને મનુષ્ય ગતિમાં જાય છે અને કેટલાંક એવા હોય છે કે જેઓ મરીને દેવગતિ પામે છે તથા **अप्पेगइया सिज्झंति बुज्झंति, मुच्चंति, परिणिव्वायंति सव्वदुक्खाणमंतं करेंति"** કેટલાંક એવાં પણ હોય છે કે જેઓ સિદ્ધ અવસ્થાને પામે છે એટલે કે કૃત કૃત્ય થઈ જાય છે. બુદ્ધ અવસ્થા પામે છે-વિમળ કેવળ જ્ઞાનરૂપ આલોકથી સમસ્ત લોક સહિત અલોકના જ્ઞાતા થઈ જાય છે. મુક્ત થઈ જાય છે. સકલ કર્મોથી મુક્ત થઈ જાય છે-રહિત થઈ જાય છે. સકલ કર્મકૃત વિકારોથી રહિત થઈ જાય છે. તેથી તેઓ પરિનિર્વાત થઈ જાય છે. સ્વ સ્વરૂપમાં જ સમાહિત થઈ જાય છે. અને શારીરિક અને માનસિક સમસ્ત કલેશોને વિનષ્ટ કરી નાખે છે. એટલે કે અવ્યાબાધ સુખના ભોકતા થઈ જાય છે. અહીં આ બધું સ્વરૂપ વર્ણન જે કરવામાં આવ્યુ છે તે અરક વિશેષની અપેક્ષાએ નાનાવિધ જીવોને લઇને કહેવામાં આવેલ છે. આમ ન હોય તો સુષમસુષમાદિકાળમાં ઉત્પન્ન થયેલ મનુષ્યોને સિદ્ધ પદ પ્રાપ્ત થતું નથી એથી આ કથન અયુક્ત થઇ જશે. ॥૧૧॥

આ દક્ષિણાર્દ્ધ ભરતની સીમા બતાવનાર વૈતાઢય પર્વત કયાં આવેલ છે ? આ વિષે કથન

**'कहिणं भंते ! जंबुद्दीवे दीवे भरहे वासे वैयड्ढे णामं पव्वए पण्णत्ते–इत्यादि सूत्र–१२ ॥**

ટીકાર્થ–હે ભદંત ! જંબૂદ્વીપમાં સ્થિત ભરત ક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વત કયાં આવેલ છે ? એના જવાબમાં પ્રભુ કહે છે કે **"गोयमा ! उत्तरद्ध भरहवासस्स दाहिणेणं दाहिण भरहवासस्स उत्तरेणं पुरत्थिम लवणसमुद्दस्स पच्चत्थिमेणं पच्चत्थिमलवणसमुद्दस्स पुरत्थिमेणं एत्थणं जंबुद्दीवे दीवे भरहे वासे वेअड्ढे णामं पव्वए पण्णत्ते"** હે ગૌતમ ! ઉત્તરાર્ધ ભરત ક્ષેત્રની દક્ષિણ દિશામાં દક્ષિણ ભરત ક્ષેત્રની ઉત્તરદિશામાં પૂર્વ દિગ્વતી લવણ સમુદ્રની પશ્ચિમ દિશામાં અને પશ્ચિમ દિગ્વતી લવણ સમુદ્રની પૂર્વ દિશામાં જંબૂદ્વીપસ્થ ભરત ક્ષેત્રમાં વૈતાઢ્ય નામે પર્વત છે. આ વૈતાઢ્ય પર્વત **"पाईणपडीणायए उदीणदाहिणवित्थिण्णे दुहा लवणसमुद्दं पुट्ठे पुरत्थिमिल्लाए कोडीए पुरत्थिमल्लं लवणसमुद्दं पुट्ठे पच्चत्थिमिल्लाए कोटीए पच्चत्थिमिल्लं लवणसमुद्दं पुट्ठे"** પૂર્વથી પશ્ચિમ સુધી લાંબો છે અને ઉત્તરથી દક્ષિણ સુધી ચોડો છે. બે બાજુથી આ લવણ સમુદ્રને સ્પર્શી રહ્યો છે. પૂર્વની કોટિથી—પૂર્વ દિગ્વતી લવણ સમુદ્રને અને પશ્ચિમ દિગ્વતી કોટિથી પશ્ચિમના લવણ સમુદ્રને આ સ્પર્શી રહ્યો છે. **"पणवीसं जोयणाइं उड्ढं उच्चत्तेणं छस्सकोसाइं जोयणाइं उव्वेहेणं पण्णासं जोयणाइं विक्खंभेणं"** આની ઊંચાઈ ૨૫ યોજન જેટલી છે. આનો ઉદ્વેધ એક ગાઉ અધિક ૬ યોજન જેટલો છે. સમય ક્ષેત્રવતી જેટલા પર્વતો છે. તેમાં એક મેરુ પર્વતને બાદ કરતા સર્વ પર્વતાનો ઉદ્વેધ પોત પોતાની ઊંચાઈથી ચતુર્થાંશ હોય છે એથી જ અહીં વૈતાઢ્ય પર્વતનો ઉદ્વેધ એક ગાઉ અધિક ૬ યોજન જેટલો કહેવામાં આવેલ છે. તેમજ વિસ્તાર આનો ૫૦ યોજન જેટલો કહેવામાં આવ્યો છે. **"तस्स बाहा पुरत्थिम पच्चत्थिमेणं चत्तारि अट्ठासीए जोयणसए सोलसय एगूणवीसइभागे जोयणस्स अद्धभागं च आयामेणं च पण्णत्ता"** આ વૈતાઢય પર્વતની વાહા—દક્ષિણથી ઉત્તર સુધીની આડી આકાશ પ્રદેશ પંક્તિ–પૂર્વ અને પશ્ચિમ દિશામાં ૮૪ યોજન જેટલી છે અને એક યોજનના ૧૯ ભાગો માંથી ૧૬।। ભાગ પ્રમાણ છે. આ તેની લંબાઈની અપેક્ષા એ કથન છે.

વૈતાઢયની જીવાના પ્રમાણનું કથન **"तस्स जीवा उत्तरेणं पाईणपडीणायया दुहा लवणसमुद्दं पुट्ठा पुरत्थिमिल्लाए कोडीए पुरत्थिमिल्लं लवणसमुद्दं पुट्ठा पच्चत्थिमिल्लाए कोडीए पच्चत्थिमिल्ल लवणसमुद्दं पुट्ठा"** વૈતાઢયની જીવા ઉત્તરદિશામાં પૂર્વથી પશ્ચિમદિશા સુધી લાંબી છે તેમજ બે રીતે લવણ સમુદ્રને સ્પર્શ કરે છે. પૂર્વ દિગ્ભવ કોટિથી પૂર્વદિગ્ભવ લવણ સમુદ્રને અને પશ્ચિમ દિગ્ભવ કોટિથી પશ્ચિમ દિગ્ભવ લવણ સમુદ્રનો સ્પર્શ કરે છે. આની લંબાઈ ૧૦૭૨૦ યોજન જેટલી છે અને ૧ યોજનના ૧૯ ભાગોમાંથી ૧૨ ભાગ પ્રમાણ જેટલી છે

વૈતાઢ્ય ધનુષ્પૃષ્ઠ :-

"तीसे धणुपुट्ठे दाहिणेणं दस जोयणसहस्साइ सत्तयतेयाले जोयणसए पण्णा सय एगूणवीसइभागे जोयणस्स परिक्खेवेणं रुअगसंठाणसंठिए सव्वरयणामए अच्छे सण्हे लण्हे घट्ठे मट्ठे नीरए, णिम्मले, णिप्पंके णिकं०, सप्प०, समरी०, पासा०, दरि०, अभि०, पडि० તે જીવાના દક્ષિણ દિગ્ભાગમાં વૈતાઢ્ય પર્વતનું ધનુષ્પૃષ્ઠ ૧૦૭૪૩ યોજન જેટલું અને ૧ યોજન ના ૧૯ ભાગોમાંથી ૧૫ ભાગ પ્રમાણ જેટલું છે. આ તેની પરિધીની દૃષ્ટિએ કથન છે. તે વૈતાઢ્યનો આકાર રુચક-ગ્રીવાનો એક આભૂષણ વિશેષનો જેવો આકાર હોય છે-જેવો છે. આ વૈતાઢ્ય પર્વત સર્વાત્મના રજતમય છે અને અચ્છ વિગરે વિશેષણથી માંડીને પ્રતિરૂપક સુધીના વિશેષણોથી યુક્ત છે. આ અચ્છાદિ પદોની વ્યાખ્યા આ ગ્રન્થ નાં ચોથા સૂત્રમાં કરવામાં આવી છે. उभओ पासिं दोहिं पउमवरवेइयाहिं दोहिय वणसंडेहि सव्वओ समंता संपरिक्खित्तो" વૈતાઢ્ય પર્વત બન્ને બાજુએથી બે પદ્મવર વેદિકાઓને સ્પર્શીને રહેલ છે. વૈતાઢ્ય પર્વતના ઉત્તર પાર્શ્વભાગની તરફ એક પદ્મવર વેદિકા છે અને વૈતાઢ્ય પર્વતના દક્ષિણ પાર્શ્વભાગની તરફ એક પદ્મવર વેદિકા છે. આ પ્રમાણે તેના બન્ને પાર્શ્વભાગોની તરફ બે વનષંડો છે. એ પદ્મવર વેદિકાઓ મણિમય પદ્મની બનેલી છે તેમજ વનષંડ અનેક જાતીય ઉત્તમ વૃક્ષ સમૂહથી યુક્ત છે, ताओणं पउमवरवेइयाओ अद्धजोयणं उड्ढं उच्चत्तेणं पंच धणुसयाइं विक्खंभेणं पव्वय समियाओ आयामेणं वण्णओ भाणियव्वो એ પદ્મવર વેદિકાઓ બબ્બે ગાઉ જેટલી ઊંચી છે અને ૫૦૦, ૫૦૦ ધનુષ જેટલી ચોડી છે તેમજ એમાંથી દરેની દીર્ઘતા પદ્મવર વેદિકા જેટલી છે. અહીં વનષંડનું વર્ણન જે રીતે પહેલા પંચમ સૂત્રમાં કરવામાં આવ્યુ છે તે રીતે જ સમજવું ॥૧૨॥

## વૈતાઢ્ય પર્વતકે પૂર્વ પશ્ચિમ ભાગમે આગત દો ગુફાઓંકા વર્ણન

'वेयड्ढस्स णं पव्वयस्स पच्चत्थिम पुरत्थिमेणं' इत्यादि सूत्र ॥१३॥

टीकार्थ-વૈતાઢ્ય પર્વતની પશ્ચિમ અને પૂર્વ દિશામાં બે ગુફાઓ કહેવાય છે. "उत्तरदाहि-णाययाओ,, એ ઉત્તર અને દક્ષિણ સુધી લાંબી છે "पाईण पडोण वित्थिण्णाओ" તેમજ પૂર્વથી પશ્ચિમ સુધી ચોડી છે. 'पण्णासं जोयणाइं आयामेणं' એમાંથી દરેકની લંબાઈ ૫૦ યોજન જેટલી છે. "दुवालस जोयणाइं विक्खंभेणं" અને વિસ્તાર-ચોડાઈ-૧૨ યોજન જેટલો છે, "अट्ठ जोयणाइं उड्ढं उच्चत्तेणं वरईरामयकवोड़ाहाडियाओ जमलजुअलकवाड घण दुप्पवेसाओ णिच्चंधयारतिमिस्साओ ववगयगहचंद सूरणक्खत्तजोइसं पहाओ जाव

पडिरूवाओ" એમાંથી દરેકે દરેકની ઊંચાઈ ૯ યોજન જેટલી છે એ એ બન્ને વજ્રમય કપાટોથી આચ્છાદિત રહે છે તેમજ એ કવાટો પરસ્પર આ રીતે સંયુક્ત થયેલા છે કે જેથી તેમાં પ્રવિષ્ટ થવું બહુજ દુષ્કર કાર્ય છે. એમાં ગાઢ અંધકાર વ્યાપ્ત છે તેથી એમાં પ્રવિષ્ટ જનને તે ચક્ષુવિહીનની જેમ બનાવી દે છે. એટલે કે એઓ નિબિડ અંધકાર પૂર્ણ રહે છે. કેમકે ગ્રહ, ચંદ્ર. સૂર્ય, તેમજ નક્ષત્રોનો ત્યાં પ્રકાશ પહોંચતો નથી. એ બન્ને ગુફાઓ અચ્છથી માંડીને પ્રતિ રૂપ સુધીના વિશેષણોથી યુક્ત છે. એ ગુફાઓના નામ 'तमिस्स गुहा चेव खंडप्पवाय गुहा चेव" તમિસ્ર ગુફા અને ખંડ પ્રપાત ગુફા છે.

तत्थणं दो देवा महिड्ढिया महज्जुईया महाबला महायसा, महासोक्खा, महाणुभागा पलिओवमट्ठिईया परिवसंति એમાંથી દરેક ગુફામાં બે દેવો રહે છે. એઓ વિમાન પરિવાર આદિ રૂપથી મહાઋદ્ધિના સ્વામી છે. મહાદ્યુતિવાળા છે, મહાબળવાન છે. મહાયશ વાળા છે. મહાસુખશાલી છે, મહા પ્રભાવ સંપન્ન છે. આ પદોની વ્યાખ્યા અષ્ટમ સૂત્રમાં વિજયદેવની જેમ કરવામાં આવી છે. આમાંથી દરેકની સ્થિતિ ૧-૧ પલ્યોપમ જેટલી છે. " तं जहा-कयमालए चेव णट्टमालए चेव" આ દેવોનાનામો કૃતમાલક અને નૃત્યમાલક છે. આમાંથી જે કૃતમાલક દેવ છે તે તમિસગુફાનો અધિપતિ છે. અને નૃત્યમાલક છે તે ખંડપ્રપાત ગુફાનો અધિપતિ છે. "तेसिणं वणसंडाणं बहुसमरमणिज्जाओ भूमिभागाओ" એ વનષંડોનો ભૂમિભાગ બહુસમ છે અને ખૂબજ રમણીય છે. "वेयड्ढस्स पव्वयस्स उभओ पासिं दस दस जोयणाइं उड्ढं उप्पइत्ता एत्थणं दुवे विज्जाहरसेढीओ पण्णत्ताओ" વૈતાઢય પર્વતના બન્ને પાર્શ્વભાગોમાં દશ યોજન ઉપર જઈને વિદ્યાધરોની બે શ્રેણી છે. "पाईण पडीणाययाओ उदीणदाहिणवित्थिण्णाओ" એ વિદ્યાધર શ્રેણીઓ પૂર્વથી પશ્ચિમ સુધી લાંબી છે અને ઉત્તરથી દક્ષિણ સુધી વિસ્તૃત છે. "दसदस जोयणाइं विक्खंभेणं पव्वयसमियाओ आयामेणं" એમાંથી દરેકનો વિસ્તાર દશ દશ યોજન જેટલો છે અને દરેકની લંબાઈ પર્વતની લંબાઈ જેટલી છે. "उभओ पासिं दोहिं पउमवरवेइयाहिं दोहिं वणसंडेहिं संपरिक्खित्ताओ" એઓ બન્ને વિદ્યાધર શ્રેણીઓ પોતાના બન્ને પાર્શ્વભાગમાં દક્ષિણથી અને ઉત્તરથી બબ્બે પદ્મવરવેદિકા ઓથી અને વનષંડોથી પરિવેષ્ટિત છે, એ જ પદ્મવર વેદિકાઓ "अद्ध जोयणं उड्ढं उच्चत्तेणं पंचधणुसयाइं विक्खंभेणं पव्वय समियाओ आयामेणं वण्णओ णेयव्वो" અર્દ્ધા અર્દ્ધા યોજન જેટલી ઊંચાઈ વાળી છે. અને પાંચસો પાંચસો ધનુષની જેટલી વિસ્તાર વાળી છે. તથા આમાંથી દરેકની લંબાઈ પર્વતની લંબાઈ જેટલી છે. એમનું વર્ણન પહેલા જેવું જ સમજવુ જોઈએ આ વર્ણન આ ગ્રંથના ચતુર્થ સૂત્રમાં કરવામાં આવેલ છે. પદ્મવરવેદિકાની લંબાઈ જેટલી લંબાઈ વનષંડોની પણ

છે. આ ગ્રંથના પંચમ સૂત્રમા એ વનષંડોનું વર્ણન કરવામાં આવેલ છે. એથી જ સૂત્રકારે **"वनसंडा व पउमवरवेइया समगा आयामेणं वण्णओ"** આ પ્રમાણે કહ્યું છે.

**'विज्जाहर सेढीणं भंते ! भूमीण केरिसए आयार भाव पडोयारे पण्णत्ते"** હે ભદંત ! વિદ્યાધર શ્રેણીઓનો આકારભાવ પ્રત્યવતાર-સ્વરૂપ વિષે શું કહ્યું છે. ? એના જવાબમાં પ્રભુ કહે છે. ' **गोयमा ! बहुसमरमणिज्जे भूमिभागे पण्णत्ते"** હે ગૌતમ ! વિદ્યાધર શ્રેણીઓનો ભૂમિભાગ બહુસમ-એક દમ સમ-એથી રમણીય છે. **"से जहा नामए आलिंग पुक्खरेइ वा जाव णाणाविह पंचवण्णेहिं मणीहिं तणेहिं उवसोभिए"** તે મૃદંગના મુખવત બહુ-સમ છે. ઇત્યાદિ રૂપમાં જેવું વર્ણન "યાવત્ તે અનેક જાતના પંચવર્ણોથી યુક્ત મણિઓ તેમજ તૃણોથી ઉપશોભિત છે. "અહીં સુધીના પદસમૂહો વડે ભૂમિભાગનું વર્ણન પહેલાં

કરવામાં આવેલ છે તેવું જ વર્ણન અહીં પણ સમજવું જોઈએ. આ વર્ણન રાજપ્રશ્નીય સૂત્રના ૧૫ મા સૂત્રથી માંડીને ૧૯ મા સૂત્ર સુધી કરવામાં આવેલ છે. આ મણિ અને તૃણ ત્યાં **"कित्तिमेहिं चेव अकित्तिमेहिं चेव"** કૃત્રિમપણ છે અને અકૃત્રિમ પણ છે. શિલ્પકારો સ્વકૌશલથી મણિ અને તૃણોનું નિર્માણ કરે છે તે કૃત્રિમ અને સ્વાભાવિકરીતે જે મણિ અને તૃણો સર્જિત થાય છે તે અકૃત્રિમ છે. **"तत्थणं दाहिणिल्लाए विज्जाहरसेढीए रहनेउरचक्कवालपामोक्खा सट्ठिं विज्जाहर णगरावासा पण्णत्ता"** દક્ષિણ વિદ્યાધર શ્રેણીમાં ગગનવલ્લભ વગેરે ૫૦ નગરો છે-રાજધાનીઓ છે. તેમજ ઉત્તરવિદ્યાધર શ્રેણીમાં રથનૂપુર ચક્રવાલ વગેરે ૬૦ નગરો આવેલા છે. રાજધાનીઓ-છે. આમ આ સર્વ નગરો બન્ને શ્રેણીઓમાં

૧૧૦ છે. **'ते विज्जाहरणगरा रिद्धत्थिमियसमिद्धा पमुइयजणजाणवया जाव पडिरूवा"** આ વિદ્યાધરોની રાજધાનીઓ વિભવ, ભવન વગેરેથી ઋદ્ધ છે, વૃદ્ધિ-પ્રાપ્ત છે, સ્તિમિત છે-સ્વચક્ર અને પરચક્રના ભયથી મુક્ત છે, તેમજ ધનધાન્યાદિરૂપ સમૃદ્ધિથી યુક્ત છે. તથા પ્રમોદદાયિની વસ્તુઓના સદ્ભાવથી નગરમાં રહે નારા તેમજ બહારથી આવેલા જનો પ્રમુદિત રહે છે. અહી **'यावत्'** શબ્દથી સૂત્રકારે આ વાત સ્પષ્ટ કરી છે કે આ નગરીયોનું વર્ણન જે રીતે ઔપપાતિક સૂત્રમાં ચંપા નગરીનું વર્ણન કરવામાં આવ્યું છે તેવું જ છે. ચંપા નગરીના વર્ણનમાં જે પદો છે તેની વ્યાખ્યા અમે તેની પીયૂષવર્ષિણી ટીકામાં કરી છે પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ પદોની વ્યાખ્યા યથાસ્થાન કરવામાં આવી છે. **"तेसुणं विज्जाहरणगरेसु विज्जाहररायाणो परिवसंति महयाहिमवंत मलय मंदर महिंदसारा रायवण्णओ भाणियव्वो'** તે વિદ્યાધર

નગરોમાં વિદ્યાધર રાજા રહે છે. આ બધા રાજાઓ હૈમવત ક્ષેત્રની ઉત્તર દિશામાં સીમા કારી મહાહિમવાન્ પર્વત તેમજ મલય પર્વત મેરૂ પર્વત અને મહેન્દ્ર પર્વતના જેવા પ્રધાન છે. આ રાજાઓ વિષે જાણવું હોય તો ઔપપાતિક સૂત્રના ૧૧ મા સૂત્રની ટીકા જોવી જોઈએ. ત્યાં વિસ્તારપૂર્વક આ વિષે વર્ણન કરવામાં આવ્યું છે.

હવે સૂત્રકાર વિદ્યાધર શ્રેણિદ્વયના નિવાસીજનોના આકારભાવ પ્રત્યવતાર-વિષે સ્પષ્ટતા કરવા માટે પ્રશ્નોત્તર રૂપમાં પોતાનું કથન આ રીતે પ્રકટ કરે છે કે—

**"विज्जाहार सेढीणं भंते ! मणुयाणं केरिसए आयारभावपडोयारे पण्णत्ते ?"** હે ભદંત ! વિદ્યાધર શ્રેણિદ્વયમાં રહેનારા માણસોના આકાર ભાવપ્રત્યવતાર-સ્વરૂપ-કેવું કહેવામાં આવેલ છે ? એના જવાબમાં પ્રભુ કહે છે કે **"गोयमा ! तेणं मणुया बहुसंघयणा बहुसं ठाणा बहुउच्चत्तपज्जवा बहु आउपज्जवा जाव सव्व दुक्खाण मंतं करेंति'** હે ગૌતમ ! વિદ્યાધર શ્રેણિદ્વય નિવાસી મનુષ્યોનું સ્વરૂપ એવું કહેવામાં આવેલું છે. સમચતુરસ્ર આદિ સંસ્થાનવાળા હોય છે. એમના શરીરની ઉંચાઈ પાંચસો ધનુષ વગેરે જેટલી હોય છે. પૂર્વ કોટિ વર્ષશત આદિ જેટલી આયુ હોય છે. **'यावत्** પદથી એ સ્પષ્ટ થાય છે કે એઓ આટલું આયુ ચોક્કસ ભોગવે છે. આયુ ભોગવીને મૃત્યુ વખતે તેઓમાંથી કેટલાક નરકગામી હોય છે, કેટલાક તિર્યગ્ ગતિગામી હોય છે અને કેટલાક મનુષ્ય ગતિગામી હોય છે અને કેટલાક દેવગતિગામી હોય છે. કેટલાક સિદ્ધ-કૃતકૃત્ય-થઇ જાય છે-કેવળજ્ઞાનરૂપી આલોકથી લોકાલોકના જ્ઞાતા થઇ જાય છે. સર્વ કર્મોથી રહિત થઈ જાય છે. સમસ્તકર્મકૃતવિકારથી રહિત થયેલા તેઓ સ્વમાં જ સમવહત થઈ જાય છે. શારીરીક અને માનસિકરૂપ સમસ્ત ક્લેશોને વિનષ્ટ કરી નાખે છે. આ રીતે અવ્યાબાધ સુખના તેઓ ભોક્તા થઈ જાય છે એવી જ વ્યાખ્યા એના જ ૧૧ મા સૂત્રમાં પહેલાં કરવામાં આવી છે. ॥૧૩॥

## આભિયોગ દો શ્રેણી કા નિરૂપણ

**'तासिणं विज्जाहरसेढीणं बहुसमरमणिज्जाओ' इत्यादि ॥सूत्र १४॥**

ટીકાર્થ—તે વિદ્યાધર શ્રેણીઓને બહુસમરમણીય ભૂમિભાગથી વૈતાઢ્ય પર્વતના બન્ને પાર્શ્વ-ભાગોમાં દશ દશ યોજન ઉપર જઈને બે આભિયોગ્ય શ્રેણીઓ છે. શક્ર અને લોકપાલોના કિંકર-ભૂત જે વ્યંતર દેવ વિશેષ છે, તેમની આ નિવાસભૂત શ્રેણીઓ છે. **"प्राचीनप्रतीचीनायता'** એ એ બન્ને પૂર્વ પશ્ચિમમાં લાંબી છે **"उदीचीनदक्षिण विस्तीर्णा** ઉત્તર દિશા અને દક્ષિણ દિશામાં ચોડી છે. એમનો વિસ્તાર દશ-દશ યોજન જેટલો છે. **"पर्वत समिके"** તેમજ પર્વતની લંબાઈ જેટલી એમની લંબાઈ છે. તથા એ એ બન્ને પાર્શ્વભાગમાં બે પદ્મવર વેદિકાઓથી તેમજ બે વનષંડોથી પરિવેષ્ટિત છે. એ જ પદ્મવરવેદિકાઓ અને ચાર વનખંડો એમની બન્ને બાજુએ છે. એ ચારે પદ્મવરવેદિકાઓ અને વનષંડોની લંબાઈ પર્વત તુલ્ય છે. **"अभिओगसेढीणं"** હે ભદન્ત ! આ આભિયોગ શ્રેણિઓનો આકારભાવપ્રત્યવતાર (સ્વરૂપ) કેવો છે ? એના

જવાબ માં પ્રભુ કહે છે "बहुसमरमणीओ भूमिभागो पण्णत्तो" હે ગૌતમ ! એ બન્ને શ્રેણીઓનો ભૂમિભાગ બહુ સમ છે અને એથી જ તે બહુજ રમણીય છે કેમકે તે તૃણોથી અને મણિઓથી ઉપશોભિત છે. એ તૃણ મણિઓ ત્યાં કૃત્રિમ પણ છે અને અકૃત્રિમ પણ છે. અહીં "यावत्" પદથી સંગ્રાહ્ય પદ સમૂહ રાજપ્રશ્નીય સૂત્રના ૧૫ મા સૂત્રથી ૧૯ માં સૂત્ર સુધી જાણવો જોઈએ. આ બધા પદસમૂહોની વ્યાખ્યા તેની સુબોધિની ટીકામાં સ્પષ્ટ કરી છે. ત્યાં તેમના વર્ણો તેમજ શબ્દોનો સદ્‌ભાવ પ્રકટ કરવામાં આવેલ છે. "तासिणं आभिओगसेढीणं तत्थ तत्थ देसे तहिं तहिं बहवे वाणमंतरा देवा य देवोओ आसयंति, सयंति जाव फलवित्तिविसेसं पच्चणुब्भवमाणा विहरंति" આ પૂર્વોક્ત આભિયોગ્ય શ્રેણીઓના સ્થાનોપર અનેક વાન વ્યંતર દેવો દેવીઓ સુખપૂર્વક ઉઠતા-બેસતા રહે છે, શરીરને પસ્રત કરીને આરામ કરતા રહે છે, નિદ્રાધીન થતા રહે છે કેમકે દેવોને નિદ્રા આવતી નથી. અહીં યાવત પદથી "तिष्ठन्ति, निषीदन्ति, त्वग् वर्त्तयन्ति, रमन्ते, ललन्ति, क्रीडन्ति कीर्तयन्ति, मोहन्ति, पुरापुराणानां सुचीर्णानां, सुपराक्रान्तानां,शुभानां, कृतानां कल्याणानां कर्मणां कल्याणम्" આ પાઠનો સંગ્રહ થયેલ છે. આ પાઠ મુજબ તે વાનવ્યંતર દેવ અને દેવી ઓ તત્તત પ્રદેશોમાં ઊભા રહે છે, બેસે છે, પાર્શ્વપરિવર્તન કરે છે, વિષય સેવન કરે છે, વિલાસ યુક્ત ચેષ્ટાઓ કરે છે, ભિન્ન ભિન્ન પ્રકારની ક્રીડાઓ કરે છે, ગાવું, વગાડવું નૃત્ય કરવું વગેરે વિવિધ ક્રિયાઓ કરતા રહે છે. દેવીઓ બીજા દેવોને અને દેવો બીજી દેવીઓને રિઝવતા રહે છે. ઈત્યાદિ રૂપમાં તેઓ ત્યાં પોતપોતાની સુવિધાથી પૂર્વકૃત દાનાદિ શુભ કર્મોના શુભ ફળ વિશેષનો ઉપભોગ કરતા રહે છે. "तासुणं आभिओगसेढीसु सक्कस्स देविंदस्स देवरण्णो सोमजमवरुणवेसमणकाइआणं आभिओगाणं देवाणं बहवे भवणा पण्णत्ता" તેઓ બન્ને અભિયોગ્ય શ્રેણીઓમાં દેવેન્દ્ર દેવરાજ શક્રના-જે પૂર્વ દિશાનાં દિક્પાલ સોમ છે. દક્ષિણ દિશાના દિક્પાલ યમના પશ્ચિમ દિશાના દિક્પાલ વરુણના અને ઉત્તર દિશાના દિક્પાલ વૈશ્રવણના-જે ઈન્દ્રના આજ્ઞાકારી છે-તેમના અનેક ભવનો કહેવાય છે. "तेणं भवणा बाहिं वट्टा, अंतो चउरंसा, वण्णओ जाव अच्छरगणसंघविकिण्णा जाव पडिरूवा" તે ભવનો બહારથી ગોળ છે અને અંદરથી ચતુરસ્ર ચોખંડા-છે. અહીં ભવનોના વર્ણન સંબંધી 'એ ઓ અપ્સરાઓના સમૂહોથી વ્યાપ્ત છે અને યાવત્પ્રાસાદીય આદિ વિશેષણોથી યુક્ત ને "અહીં સુધીનો પાઠ ગૃહીત થયેલ છે. તે પાઠ જાણવા માટે અહીં પ્રકટ કરવામાં આવે છે. "अधः पुष्करकर्णिकासंस्थानसंस्थितानि, उत्कीर्णान्तरविपुल गंभीरखातपरिखाणि, प्राकाराट्टालयकपाटतोरण प्रतिद्वारदेशभागानि यन्त्रशतघ्नीमुशल मुशुण्डी परिवारितानि, अयोध्यानि, सदा जयानि, सदा अजेयानि, सदा गुप्तानि, अष्टचत्वारिंशत् कोष्ठ-

रचितानि, अष्टचत्वारिंशत्कृतवनमालानि क्षेमाणि, शिवानि, किङ्करामरदण्डोपरक्षितानि, लायितोल्लायितमहितानि, गोशीर्षसरसरक्तचन्दनदर्दर (प्रचुर)दत्तपञ्चाङ्गुलितलानि, उपचितचन्दनकलशानि, चन्दनघटसुकृततोरणप्रतिद्वारदेशभागानि, आसक्तोत्सक्तविपुलवृत्त-व्याघारित माल्यदामकलापानि, पञ्चवर्णसरस सुरभि मुक्तपुष्पपुञ्जोपचारकलितानि, कालागुरुप्रवरकुन्दरुष्क तुरुष्क धूप दह्यमानसुरभिमघमघायमानगन्धोद्धूताभिरामाणि, सुगन्ध वर गन्धितानि, गंधवर्तीभूतानि, (अप्सरोगणसंघकीर्णानि) दिव्यत्रुटित शब्दसंप्रनादितानि सर्वरत्नमयानि, अच्छानि श्लक्ष्णानि, लष्टानि, घृष्टानि, मृष्टानि, नीरजांसि निर्मलानि, निष्पंकानि निष्कंकटच्छायानि 'सप्रभाणि, समरीचिकानि, सोद्योतानि, प्रासादीयानि' दर्शनीयानि, अभिरूपाणि प्रतिरूपाणि' આ પાઠના પદોની વ્યાખ્યા આ પ્રમાણે છે. नत

મુખી કમલકર્ણિકાનો જેવો આકાર હોય છે તેવો આકાર અહીંના ભવનોનો છે. એમની જે ખાત-ઉપર અને નીચે સમાન આકૃતિવાળી ખાઈ છે-તેનો તથા ઉપરની તરફ વિશાળ અને નીચેના ભાગમાં સંકુચિત જે પરિખા છે તેનું ભીતરી અન્તર એકદમ સુસ્પષ્ટ છે તેમજ એ બન્ને વિપુલ ગંભીર છે. અલબ્ધ તલવાળી છે. દરેક ભવનની સાથે કોટ છે, અટારી છે, તેમજ એમના પ્રત્યેક દ્વારમાં કપાટો લાગેલા છે. દરેક ભવનમાં એકી સાથે સો પુરુષોને એકી સાથે મારી નાખે એવી અનેક શતઘ્નીઓ-તોપો-છે, અનેક મુશલો છે, અનેક મુસુણ્ડીઓ છે, મુસુણ્ડી એક વિશેષ પ્રકારનું હથિયાર હોય છે, આ સર્વ હથિયારોથી તે ભવનો પરિવેષ્ટિત છે. એથી તેમની ઉપર કોઈ આક્રમણ કરી શકે નહીં. એથી જ એ ભવનો સદા અજેય રહે છે. અને સ્વયમેવ આ ભવનો શત્રુઓને જીતનારા છે. અને સુરક્ષિત છે. પ્રત્યેક ભવનમાં ૪૮-૪૮ કોઠાઓ બનેલા છે. તેમજ "अष्टचत्वारि" ૪૮-૪૮ વનમાળાઓ

ગોઠવેલી છે. પરચક્રનો અહીં ભય નથી. "शिवानि" તેમજ સ્વચક્રના ભયથી એ રહિત છે. જેમના હાથોમાં દંડ છે એવા કિંકરભૂત દેવોથી એ ભવનો સંરક્ષિત થયેલા છે. "लायितोल्लायितमहितानि" ગોમયાદિના લેપનથી એ ભવનો પરિષ્કૃત છે. "गोशीर्षसरसरक्तचंदन-दर्दरदत्त पञ्चांगुलितलानि" ગોશીર્ષચન્દન અને સરસરક્ત ચંદનના અધિકાધિક પ્રગાઢલેપાદિના એ ભવનોમાં હાથના થાપાઓ લાગેલા છે. સ્થાન સ્થાન પર ચંદન નિર્મિત કલશો એ ભવનોમાં મૂકેલા છે. દરેક ભવનના દરેક દ્વાર પર ચન્દન કલશો ના તોરણો બનેલા છે. "आसक्तोत्सक्तविपुलमत्त व्याघारितमाल्यदामकलापानि" એ ભવનોમાં જે પુષ્પમાલાઓના સમૂહો છે તે ઉપરથી ભૂમિસુધી પહોંચેલા છે-વિસ્તીર્ણ છે. તેમજ વૃત્ત-ગોળ આકારવાળા છે. અને લટકતા છે. "पञ्चवर्णसरस०" એ ભવનોમાં યત્ર તત્ર સરસ પંચવર્ણોપેત તેમજ સુગંધિત પુષ્પોના સમૂહો વિકીર્ણ થયેલા રહે છે. "कालागुरु०" પ્રજ્વલિત કાલા-

ગુરુની,પ્રશસ્તતર કુન્દરુષ્કગન્ધ દ્રવ્ય વિશેષની, લોબાનની અને દશાંગધૂપની મનોજ્ઞગન્ધ અહીંના ભવનોમાં સર્વત્ર વ્યાપ્ત છે તેથી એ ભવનો ખૂબજ રમણીય થઈ ગયા છે. તેમજ શોભન ગન્ધવાળા દ્રવ્યોની ગન્ધ કરતાં પણ ઉત્તમ ગન્ધની મહેકથી સર્વદા એ ભવનો મહેકતા રહે છે. એથી એ એવા લાગે છે કે માનો એ ગંધની ગુટિકા રૂપજ છે. એ ભવનોમાં અપ્સરાઓના સમુદાયો આમથી તેમ હરતા-ફરતાજ રહે છે. અહીં દિવ્ય વાજાઓનો નાદ થતો રહે છે. એથી એ મુખરિત રહે છે. એ સર્વાત્મના રત્નમય છે તેમજ અચ્છથી માંડીને પ્રતિરૂપ સુધીના જેટલા વિશેષણ પદો છે તેમનાથી એ યુક્ત છે. આ અચ્છ વગેરે પદોની વ્યાખ્યા પહેલા યથાસ્થાન કરવામાં આવી છે. આ પૂર્વોક્ત ભવનોમાં દેવેન્દ્ર દેવરાજ શક્રના સોમ, યમ, વરુણ અને વૈશ્રવણ જાતિના અનેક કિંકર ભૂત દેવો રહે છે. એ દેવો વિપુલ ભવન તેમજ પરિવારાદિરૂપ સમૃદ્ધિથી યુક્ત છે. શરીરની તેમજ આભરણની બૃહત્ કાંતિથી સંપન્ન છે. યાવત્પદ મુજબ એ મહાબલિષ્ઠ છે, મહાયશસ્વી છે તેમજમહાસુખસંપન્ન છે અને એકએક પલ્યોપમ જેટલી સ્થિતિવાળા છે. મહાબલ આદિ પદોની વ્યાખ્યા અષ્ટમસૂત્રમાંથી જાણી લેવી જોઈએ. તેમાં વિજયદ્વારના અધિપતિ વિજયદેવનું વર્ણન કારવામાં આવેલું છે.

એ બન્ને આભિયોગ્ય શ્રેણીઓના બહુસમરમણીય ભૂમિભાગથી વૈતાઢ્ય પર્વતની બન્ને બાજુ ઓમાં પાંચ પાંચ યોજન ઉપર આગળ જવાથી વૈતાઢ્ય પર્વતનું શિખર કહેવાય છે. "पाईण पडियायए उदीणदाहिण विच्छिण्णे दसजोयणाइं विक्खंभेणं पव्वयसमगे आयामेणं" આ શિખર પૂર્વથી પશ્ચિમ સુધી લાંબું છે. આનો વિસ્તાર ૧૦ યોજન જેટલો છે. એથી આ લંબાઈની અપેક્ષાએ પર્વતની બરાબર છે. "सेणं एक्काए पउमवरवेइयाए एक्केणे वण-संडेणं सव्वओ समंता संपरिक्खित्ते पमाणं वण्णओ दोण्हंपि" તે શિખરતલ એક પદ્મ-વરવેદિકા અને એક વનષંડથી ચારે તરફથી ઘેરાએલું છે. એઓ બન્નેની લંબાઈ-ચોડાઈનું પ્રમાણ તેમજ એમના સંબંધનું વર્ણન જંબૂદ્વીપની જગતીની પદ્મવરવેદિકા અને વનષંડના વર્ણન જેવું જ છે. 'वेयड्ढस्स णं भंते ! पव्वयस्स सिहरतलस्स केरिसए आगारभाव-पडोयारे पण्णत्ते" હે ભદન્ત ! વૈતાઢ્ય પર્વતના શિખરનો આકારભાવ પ્રત્યવતાર-(સ્વરૂપ) કેવો છે. ? એના જવાબમાં પ્રભુ કહે છે. "गोयमा ! बहुसमरमणिज्जे भूमिभागे पण्णत्ते" હે ગૌતમ ! શિખર તલનો જ ભૂમિભાગ છે તે સમરમણીય છે. "से जहाणामए आलिंग पुक्खरेइवा जाव णाणाविह पंचवण्णेहि मणीहि उवसोभिए जाव वावीओ पुक्खरिणीओ जाव वाणमंतरा देवाय देवीओ य आसयंति जाव भुंजमाणा विहरंति" મૃદંગ મુખ પટ જેવું

બહુસમ રમણીય હોય છે ઈત્યાદિ રૂપથી તથા યાવત્ નાના પ્રકારના પંચવર્ણોપેત મણિઓથી તે શોભિત છે. ઈત્યાદિ રૂપથી તથા ત્યાં અનેક વાપિકાઓ અનેક પુષ્કરિણીઓ છે. યાવત્ અનેક વ્યન્તર દેવો અને દેવીઓ ત્યાં ઉઠતા-બેસતા રહે છે ઈત્યાદિ રૂપથી તેમજ યાવત ત્યાં તેઓ ભોગવતા પોતાનો સમય આનંદ પૂર્વક વ્યતીત કરે છે. ઈત્યાદિ રૂપથી જેવું આ બધું વર્ણન રાજપ્રશ્નીય સૂત્રના ૧૫મા સુત્રથી માંડીને ૧૯ મા સૂત્ર સુધી કરવામાં આવેલ છે તે પ્રમાણે અહિંયાં પણ જાણી લેવું જોઈએ. આ બધું વર્ણન ત્યાં એકદમ સ્પષ્ટ રૂપમાં કરવામાં આવેલ છે.

**"जंबुद्दीवे णं भंते ! दीवे भारहे वासे वेअड्ढपव्वए कइ कूडा पण्णत्ता"** હે ભદંત ! જંબૂદ્વીપ નામદ્વીપમાં સ્થિત ભરતક્ષેત્રના મધ્યમાં પડતા વૈતાઢ્ય પર્વતના કેટલા શિખરો છે ! એના જવાબમાં પ્રભુ કહે છે કે **"गोयमा णव कूडा पण्णत्ता"** હે ગૌતમ ! વૈતાઢ્ય પર્વતના નવ કૂટ-શિખરો કહેવાયા છે. **"तं जहा"** જેમના નામો આ પ્રમાણે છે. **"१ सिद्धाययण कूडे, २ दाहिणड्ढभरहकूडे, ३ खंडप्पवाय गुहा कूडे, ४ माणिभद्दकूडे, ५, इढवेय कूडे, ६ पुण्णभद्द कूडे, ७ तिमिसगुहा कूडे, ८ उत्तरड्ढ भरहकूडे ९ वेसमणकूडे,"** સિદ્ધાયતન કૂટ-શાશ્વત-આયતનથી ઉપલક્ષિત કૂટ ૧, દક્ષિણાર્દ્ધ ભરતનામક દેવના નિવાસ ભૂત દક્ષિણાર્દ્ધ ભરત કૂટ. ૨. ખંડપ્રપાત નામક ગુફાના અધિષ્ઠાયક નૃત્તમાલ દેવના નિવાસ ભૂત ખંડપ્રપાતગુફાકૂટ ૩. માણિભદ્ર નામક દેવના નિવાસસ્થાન રૂપ માણિભદ્ર કૂટ ૪, વૈતાઢ્ય નામક દેવના નિવાસભૂત વૈતાઢ્યકૂટ ૫. પૂર્ણભદ્ર નામક દેવના નિવાસ ભૂત પૂર્ણભદ્ર કૂડ ૬. તમિસ્ર ગુહાના અધિષ્ઠાયક કૃતમાલ દેવના નિવાસભૂત કૂટ તમિસ્રગુહાકૂટ ૭. ઉત્તરાર્ધ ભરત નામક દેવના નિવાસ ભૂત કૂટ ઉત્તરાર્ધ ભરત કૂટ ૮. અને વૈશ્રવણ નામક લોકપાલના નિવાસભૂત વૈશ્રવણકૂટ છે. આ સર્વ પદોમાં મધ્યમપદ લોપી તત્પુરુષ સમાસ થયેલ છે. ॥૧૪॥

## સિદ્ધાયતનકૂટકા વર્ણન

**'कहिणं भंते ! जंबुद्दीवे दीवे भारहे वासे वेयड्ढपव्वए-इत्यादि सूत्र ॥१५॥**

**ટીકાર્થ**-'ગૌતમે આ સૂત્ર વડે પ્રભુને પ્રશ્ન કર્યો કે હે ભદન્ત ! જંબૂદ્વીપ નામક દ્વીપમાં સ્થિત જે ભરત નામક ક્ષેત્ર છે અને તે ભરત ક્ષેત્રનાં મધ્યમાં જે વિજયાર્ધ નામક પર્વત છે અને તે પર્વત પર જે સિદ્ધ યતન નામક કૂટ છે તે કયા ભાગમાં આવેલ છે ? આના જવાબમાં પ્રભુ કહે છે **'गोयमा ! पुरत्थिमलवणसमुद्दस्स पच्चत्थिमेणं दाहिणद्धभरहकूडस्स पुरत्थिमेणं एत्थणं जंबुद्दीवे दीवे भारहे वासे वेयड्ढ पव्वए सिद्धायतनकूडे नामं कूडे पण्णत्ते"** હે ગૌતમ ! પૂર્વ દિગ્વર્તી લવણ સમુદ્રની પશ્ચિમદિશામાં તેમજ દક્ષિણાર્દ્ધ ભરત કૂટની પૂર્વ દિશામાં જંબૂદ્વીપ સ્થિત ભરત ક્ષેત્રના મધ્યમાં આવેલ વૈતાઢ્ય પર્વતની ઉપર સિદ્ધાયતન કૂટ છે. **"छक्कोसाइं जोयणाइं उड्ढं उच्चत्तेणं मूले छसक्कोसाइं जोयणाइं विक्खंमेणं मज्झे देसूणाइं पंच जोयणाइं विक्खंमेणं उवरिं साइरेगाइं तिण्णि जोयणाइं**

विक्खंमेणं, मूले देसूणाइं बावीसं जोयणाइं परिक्खेवेणं" આ સિદ્ધાયતન કૂટ એક ગાઉ ૬ યોજન જેટલો ઊંચો છે. મૂલમાં આનો વિસ્તાર એક ગાઉ સહિત ૬ યોજન જેટલો છે. મધ્યમાં આનો વિસ્તાર કૃછ કમ પાંચયોજન જેટલો છે. ઉર્ધ્વભાગમાં આનો વિસ્તાર ત્રણ યોજન તેમજ કંઇક વધારે અર્ધાગાઉ જેટલો છે. મૂલમાં આની પરિધિ કંઈક કમ ૨૨ યોજન જેટલી છે. મધ્યભાગમાં આની પરિધિ કંઈક કમ ૧૫ યોજન જેટલી છે. ઉપરની એની પરિધિ કંઈક વધારે નવ યોજન જેટલી છે. આમ આ મૂલમાં વિસ્તાર યુક્ત છે. મધ્યભાગમાં સંકુચિત છે અને ઉપર પ્રતલ છે. એથી આ ગોપુચ્છના આકાર જેવો થઇ ગયો છે. આ પર્વત સર્વાત્મના રત્નમય છે અને અચ્છથી પ્રતિરૂપ સુધીના સમસ્ત વિશેષણોથી યુકત છે. આ અચ્છ વગેરે સર્વ પદોની વ્યાખ્યા ચતુર્થ સૂત્રમાં કરવામાં આવી છે. એથી ત્યાંથી આ વિષે વાંચી લેવું જોઇએ આ સિદ્ધાયતકુટ એક પદ્મવરવેદિકાથી અને એક વનષંડની ચારે બાજુએથી ઘેરાયેલો છે. પદ્મવરવેદિકા અને વનષંડનું વર્ણન લંબાઇ તેમજ ચોડાઇની અપેક્ષાએ જેમ જંબૂદ્વીપની જગતિની પદ્મવર વેદિકા અને તેના વનષંડનું પહેલા કરવામાં આવ્યું છે તેવું જ છે. આ વાતને સૂચિત કરવા માટે સૂત્રકારે 'पमाणं वर्णको द्वयोरपीति'' આ જાતનો સૂત્ર પાઠ કહ્યો છે.

सिद्धायणकूडस्स णं उप्पिं बहुसमरमणिज्जे भूमिभागे पण्णत्ते" તે સિદ્ધાયતન કૂટની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ છે. "से जहा णामए आलिंगपुक्खरेइ वा जाव वाणमंतरा देवा य जाव विहरंति'' તે બહુસમરમણીય ભૂમિભાગ મૃદંગ મુખવત્ બહુસમ છે. યાવત્ અહીં અનેક વ્યંતર દેવ આદિ પોતાના સમયને આનંદ પૂર્વક પસાર કરે છે. અહીં યાવત્પદદ્વયથી રાજપ્રશ્નીયસૂત્રના ૧૫મા સૂત્રથી ૧૯ માં સૂત્ર સુધી જે પાઠ કહેવામાં આવેલ છે તેનું ગ્રહણ સમજવું આ સમસ્ત પાઠનો અર્થ અમોએ ત્યાં સુઓધિની ટીકામાં લખ્યો છે એથી આ સંબંધમાં ત્યાંથી જ જાણી લેવું જોઇએ.

"तस्सणं बहुसमरमणिज्जस्स भूमिभागस्स बहुमज्झदेस भागे एत्थणं महं एगे सिद्धाययणे पण्णत्ते' તે બહુસમરમણીય ભૂમિભાગના બરાબર મધ્યમાં એક વિશાળ સિદ્ધાયતન આવેલ છે. "कोसं आयामेणं अद्धकोसं विक्खमेणं देसूणं कोसं उड्ढं उच्चत्तेणं" સિદ્ધાયતન લંબાઈમાં એક ગાઉ જેટલું છે અને વિસ્તાર માં અર્દ્ધા ગાઉ જેટલું છે, કંઈક કમ એક ગાઉ જેટલું ઉંચું છે. "अणेगखंभसयसंनिविट्ठे" આ અનેકસો થાંભલાઓની ઉપર સ્થિત છે. "खंभुग्गय सुकयवरवेइया तोरणवररइअसालभंजियाग सुसिलिट्ठ विसिट्ठलट्ठ संठिय पसत्थ वेरुलियविमलखंभे' દરેક સ્તંભની ઉપર નિપુણ શિલ્પકારો વડે નિર્મિત વજ્ર વેદિકાઓ અને તોરણો છે તથા શ્રેષ્ઠ અને નેત્ર મનને હર્ષિત કરનારી શાલ ભંજિકાઓ બનેલી છે. આ સિધ્ધાયતનના જે વૈડૂર્ય રત્નનિર્મિત સ્તંભો છે. તે સુશ્લિષ્ટ સારી રીતે શ્લિષ્ટ થયેલા છે. વિલક્ષણ છે શિલ્પકારોએ એમનું નિર્માણ કેવી રીતે કર્યું હશે ? આ પ્રમાણે જોનારાઓ

જોઈને આશ્ચર્ય પામે તેવા એ સ્તંભોછે. લષ્ટ-સસ્થિત સુંદર આકાર વાળા છે, તેમજ પ્રશસ્ત છે અને વિમલ નિર્મલ છે. ''णाणा मणि खचिअ उज्जल बहुसुविभत्त भूमि भागे'' આ સિદ્ધાયતનનો જે ભૂમિભાગ છે તે અનેક મણિયોથી સ્વર્ણોથી અને રત્નોથી ખચિત છે. એથી તે ઉજ્જવલ છે અને અત્યંત સમ છે. તેમજ 'ईहामिग उसभतुरगणरमगरविहगवालग किन्नरकरु सरभ चमरकुंजरवणलयजाव पउमलयभत्तिचित्ते'' અહીં ઈહામૃગ વૃક,વૃષભ બળદ તુરગ અશ્વ, નર મનુષ્ય, મકર મગર, વિહગ-પક્ષી, વ્યાલક-સર્પ, કિન્નર વ્યંતરદેવવિશેષ, મૃગ, શરભ અષ્ટાપદ, ચમર ચમરી ગાય કુંજર હાથી વનલતા વનોત્પન્ન લતા તથા યાવત્પદ ગૃહીત નાગલતા અશોકલતા ચંપકલતા ચૂતલતા, વાસંતિકી લતા અતિમુકતકલતા કુંદલતા

તેમજ પદ્મલતા કમલિની આ સર્વના ચિત્રો બનેલા છે. એથી આ સિદ્ધાયતન અદ્ભુત જેવું લાગે છે 'कंचणमणिरयणभूमियाए णाणाविहपंच० वण्णओ, घंटा पडागपरिमंडियग्गसिहरे धवले मरीइकवयं विणिम्मुयंते'' કંચન સુવર્ણ મરકત વગેરે મણિ આદિ વૈડૂર્ય આદિ રત્નોથી તેનું શિખર બનેલું છે. અનેક પ્રકારના કૃષ્ણાદિ વર્ણોપેત મણીઓથી તે સિદ્ધાયતન સુશોભિત છે. અહીં મણિઓના વર્ણ, ગન્ધ, રસ અને સ્પર્શના વર્ણન સંબંધી પદ સમૂહ જેમ પહેલા કહેવામાં આવેલ છે તેમ સમજી લેવો જોઈએ. આનું અગ્રશિખર ઉપરિતન ભાગ ઘંટા અને પતાકાઓથી પરિમંડિત છે. આ સિદ્ધાયતન ધવલ છે તે આજ કિરણ સમૂહોને-પ્રભાજાલને પ્રતિસમય પ્રસૃત કરતું રહે છે. ''लाउल्लोइय०'' આની દિવાલો સેટિકાદિથી-ચૂના વગેરેથી ધોળેલી રહે છે અને એની જમીન ગોમયાદિથી લિપ્ત રહે છે એથી આ ખૂબજ રળિયામણું લાગે છે 'जाव झया' યાવત્ ધ્વજાઓ એની ઉપર લહેરાતી રહે છે. અહીં યાવત્પદથી જે પદોસંગૃહીત થયેલ છે તે પદોનું વિવરણ યમિકા રાજધાનીના વર્ણન પ્રસંગમાં કરવામાં આવશે. એટલા માટે જ અહીં આનુ વર્ણન કરવામાં આવ્યુ નથી.

''तस्स णं सिद्धाययणस्स तिदिसिं तओ दारा पण्णत्ता' તે સિદ્ધાયતનના ત્રણ દ્વારો ત્રણ દિશાઓમાં આવેલાં છે. ''तेणं दारा पंचधणु सयाइ उड्ढं उच्चत्तेणं अड्ढाइज्जाइं धणु सयाइं विक्खंभेणं तावइयं चेव पवेसेणं सेयवर कणगथूमियाग दारवण्णओ जाव वणमाला'' એ દ્વારો ૫૦૦ પાંચસો ધનુષ જેટલાં ઉંચાં છે. ૨૫૦ અઢીસો ધનુષ જેટલા વિસ્તાર વાળા છે. ચોડા છે તેમજ એટલો એમનો પ્રવેશ છે. એ દ્વારો શ્વેત છે અને એમનાં શિખરો શ્રેષ્ઠ સુવર્ણ નિર્મિત છે. આ ગ્રન્થના આઠમા સૂત્રમાં વનમાલા સુધી જે દ્વાર વિષયક વર્ણન કરનાર પદ સમૂહ છે. તે અહીં પણ જાણવો જોઈએ

'तस्सणं सिद्धाययणस्स अंतो बहुसमरमणिज्जे भूमिभागे पण्णत्ते' તે સિધ્ધયતન નો

અંદરનો ભૂમિભાગ બહુસમરમણીય કહેવામાં આવેલ છે, "से जहाणामए अलिंग पुक्खरेइवा जाव तस्स णं सिद्धायणस्स बहुसमरमणिज्जस्स भूमिभागस्स बहुमज्झदेसभाए एत्थणं महं एगे देवच्छंदए पण्णत्ते' તે ભૂમિભાગમૃદંગ મુખપુટવત્ બહુસમ છે. ઈત્યાદિરૂપમાં આ ભૂમિભાગનું વર્ણન કરતાં જે પ્રમાણે ઉપમાવાચી પદો પહેલાં કહેવામાં આવેલા છે તે ઉપમાવાચી સર્વ પદો અહીં પણ કહેવા જોઈએ આ ભૂમિભાગનું વર્ણન તે નાના પ્રકારના પાંચ વર્ણોવાળા મણિઓથી સુશોભિત છે. એ અંતિમ પદો વડે ત્યાં જેવું કરવામાં આવ્યું છે તેવું અહીં પણ એ અંતિમ પદો વડે વર્ણિત સમજી લેવું જોઈએ તે સિદ્ધાયતન બહુમધ્ય દેશભાગમાં એક વિશાળ દેવચ્છંદક કહેવાય છે. આ દેવચ્છંદક દેવાસન વિશેષ હોય છે. આ દેવચ્છંદક "पंचधणुसयाइ उड्ढं उच्चत्तेणं सव्वरयणामए" ઊંચાઈમાં પાંચસો ધનુષ પ્રમાણ છે તેમજ સર્વાત્મના રત્નમય છે. 'एत्थणं अट्ठसयं जिणपडिमाणं जिणुस्सेह पमाणमित्ताणं संनिखित्तं चिट्ठइ" દેવચ્છંદકમાં જિનોત્સેધ પ્રમાણ પ્રમિત ૧૦૮ જિન પ્રતિમાઓ વિરાજમાન છે. આ ૧૦૮ જિન પ્રતિમાઓ નો વર્ણવાસ આ પ્રમાણે છે. આ પાઠથી આ જિન પ્રતિમાઓની સામે ૧૦૮ ધૂપ–પૂરિત કટાહો મૂકેલા છે. અહી સુધીનો સમસ્ત પાઠ અધ્યાહૃત કરવો જોઈએ એના અર્થને સૂચિત કરવા માટે સૂત્રકારે એવો સૂત્ર-પાઠ કહેલો છે, આ સંપૂર્ણ પાઠ રાજપ્રશ્નીય સૂત્રના ૮૦ અને ૮૧ સૂત્રથી જાણવો જોઈએ ત્યાં અમે સુબોધિની ટીકામાં આનો અર્થ સ્પષ્ટ કર્યો છે. ॥૧૫॥

## દક્ષિણાર્ધ ભરતકૂટકા નિરૂપણમ

દક્ષિણાર્દ્ધ ભરત કૂટના સ્વરૂપનું કથન

'कहिणं भंते वेयड्ढे पव्वए दाहिणम भरहकूडे णामड्ढे कूडे पण्णत्ते' इत्यादि सूत्र १६॥

ટીકાર્થ–આ સૂત્ર વડે ગૌતમે પ્રભુ શ્રીમહાવીરસ્વામી ને પ્રશ્ન કર્યો કે હેભદંત વૈતાઢ્ય પર્વત પર દક્ષિણાર્દ્ધભરત નામે કૂટ કયાસ્થળે આવેલ છે. એના જવાબમાં પ્રભુ કહે છે "गोयमा खंडप्प वाय कूडस्स पुरत्थिमेणं सिद्धायणकूडस्स पच्चत्थिमेणं एत्थणं वेयड्ढपव्वए दाहिणड्ढ-भरहकूडे णामं कूडे पण्णत्ते" હે ગૌતમ ખંડપ્રપાત કૂટની પૂર્વદિશામાં વૈતાઢ્ય પર્વત સંબંધી દક્ષિણાર્ધ ભરતકૂટ નામે દ્વિતીય કૂટ આવેલ છે. 'सिद्धायणकूडप्पमाणसरिसे जाव तस्स णं बहुसमरमणिज्जस्स भूमिभागस्स बहुमज्झदेसभाए एत्थणं महं एगे पासायवडिंसए पण्णत्ते' આ કૂટની ઉંચાઈનું પ્રમાણ સિધ્ધાયતન કૂટની ઉંચાઈ બરાબર કહેવામાં આવેલ છે. એટલે એક ગાઉ અધિક છયોજન જેટલી એની ઉંચાઈ છે. સિદ્ધાયતન કૂટની ઉંચાઈનું વર્ણન ૧૩ મા સૂત્રમાં કહેવામા આવ્યું છે આ દ્વિતીય કૂટની બહુસમરમણીય ભૂમિભાગની બરાબર મધ્યમાં એક વિશાળ પ્રાસાદાવતંસક આવેલ છે.

कोस उड्ढं उच्चत्तेणं अद्धकोसं विक्खंभेण अब्भुग्गममूसियपहसिए जाव पासाइए ४" આ પ્રાસાદાવતંસક-શ્રેષ્ઠ પ્રાસાદ એક ગાઉ જેટલો ઉંચો છે અને અર્ધા ગાઉ જેટલો વિસ્તાર વાળો છે તેમજ આ ખૂબજ વધારે ઉંચો છે. આ પોતાની શ્વેત ઉજ્જવલ પ્રભાથી હસતો હોય તેમ લાગે છે. યાવત્ આ પ્રાસાદીય છે દર્શનીય છે અભિરૂપ છે પ્રતિરૂપ છે. અહીં યાવત્ પદથી', विविध मणिरत्नभक्तिचित्रः वातोद्भूतविजयवैजयन्ती पताकाच्छत्रकलितः तुङ्गः गगनतलमनुलिखच्छिखरः जालान्तररत्नः पञ्जरोन्मीलित इव मणिकनकस्तूपिकाकः विकसितशतपद्मपुण्डरीकतिलकरत्नार्द्धचन्द्रचित्रः नानामणि दामालङ्कृतः अन्तर्वहिश्च श्लक्ष्णः तपनीयबालुकाप्रस्तटः सुखस्पर्शः समीकः" આ સમસ્ત પાઠનો સંગ્રહ થયેલ છે. આ સૂત્ર પાઠની વ્યાખ્યા અમે રાજપ્રશ્નીય સૂત્રના ૫૮માં સૂત્રની સુબોધિની ટીકામાં કરી છે. તેથી જિજ્ઞાસુઓ ત્યાંથી જાણી લે. ''तस्स णं पासायवर्डिसगस्स बहुमज्झदेसभाए एत्थणं महं एगा मणिपेढिया पण्णत्ता" તે પ્રાસાદાવતંસકના બરાબર મધ્યભાગમાં એક વિશાળ મણિપીઠિકા છે. 'पंचधणूसयाइं आयामविक्खंमेणं अड्ढाइज्जाइं धणूसयाइं बाहल्लेणं सव्व मणिमई" આ મણિપીઠિકા લંબાઈ ચોડાઈમાં પાંચસો ધનુષ જેટલી છે. આ મણિપીઠિકા સર્વાત્મના રત્નમય છે. 'तीसेणं मणिपेढियाए उप्पि सीहासणं पण्णत्तं सपरिवारं भाणिमव्वं" આ મણિપીઠિકાની ઉપર એક સિંહાસન છે. આ સિંહાસનના વર્ણનમાં "આ સિંહાસન દક્ષિણાર્ધ ભરત કૂટના અધિષ્ઠાયક દેવના જે સામાજિક આદિ દેવો છે તેમની ઉપવેશન માટે યોગ્ય ભદ્રાસનોથી સમાહિત છે." એવું કથન કરવું જોઈએ.

'से केणट्ठेणं भंते एवं वुच्चइ दाहिणड्ढभरहकूडे २" હે ભદંત! આ કૂટનું નામ દક્ષિણાર્ધ ભરત કૂટ કેવી રીતે પ્રસિદ્ધ થયું ? આના જવાબમાં પ્રભુ કહે છે. गोयमा ! दाहिणद्धभरहकूडे णं दाहिणद्धभरहे णामं देवे महिड्ढिए जाव पलिओवमट्ठिईए परिवसइ" હે ગૌતમ! આ કૂટનું નામ દક્ષિણાર્ધ ભરત કૂટ એટલા માટે પ્રસિદ્ધ થયું કે આ કૂટ પર દક્ષિણાર્ધ ભરત નામે એક દેવ રહે છે. આ દેવ મહર્દ્ધિક છે યાવત્ પલ્યોપમની સ્થિતિવાળો છે. અહીં આ દેવના વર્ણનમાં મહર્દ્ધિક પદથી લઈને પલ્યોપમાસ્થિતિ સુધી જેટલા દેવવિશેષણ વાચક પદો આવેલા છે. તે સર્વનો સંગ્રહ આ સૂત્રના૮મા સૂત્રમાં જોઈ લેવો. ''से णं तत्थ चउण्हं सामाणियसाहस्सीणं चउण्हं अग्गमहिसीणं सपरिवाराणं तिण्हं परिसाणं सत्तण्हंअणियाणं सत्तण्हं अणियाहिवईणं सोलसण्हं आयरक्खदेवसाहस्सीणं

दाहिणड्ढभरहकूडस्स दाहिणड्ढाए रायहाणोए अन्नेसिंच बहूणं देवाणय देवीणय जाव विहरइ'' આ દેવ ત્યાં ચાર હજાર સામાનિક દેવોના ચાર સપરિવાર અગ્રમહિષીઓના ત્રણ પરિષદાઓના સાત સૈન્યોના સાત સેનાપતિઓના સોળ હજાર આત્મરક્ષક દેવોના તેમજ દક્ષિણાર્દ્ધ ભરત કૂટની દક્ષિણાર્ધા રાજધાની નિવાસી અન્ય બીજા ઘણાં દેવ-દેવીઓના આધિપત્ય, પૌરપત્ય, સ્વામિત્વ, ભર્તૃત્વ મહત્તરકત્વ તેમજ આજ્ઞેશ્વર સૈનાપત્ય કરાવતો પળાવતો તથા ચતુર વાજાઓ વગાડનારા પુરુષોથી જોરથી વગાડેલા વાજીંત્રોથી ગીતો સાંભળીને નાટ્ય કે વાદિત્રોના નાદપૂર્વક દિવ્યભોગ ભોગવતો પોતાનો સમય આનંદપૂર્વક પસાર કરે છે. અહીં "તન્ત્રી, તલ, તાલ, ત્રુટિત, ઘનમૃદંગ એ સર્વે વિશેષ પ્રકાર ના વાદિત્રોના જ પ્રકારો છે. આ સંબંધમાં જીવાભિગમ સૂત્રની ટીકામાં સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે તેથી આ સર્વનું વિવરણ એના ૮ સૂત્રમાં કરવામાં આવ્યું છે. એથી આ વિષે ત્યાંથી જાણી લવું જોઈએ.

રાજધાની વિષયક પ્રશ્ન :—कहि णं भंते दाहिणड्ढ भरहस्स देवस्स दाहिणड्ढाणामं रायहाणी पंण्णत्ता'' ગૌતમે પ્રભુને પ્રશ્ન કર્યો કે હે ભદન્ત ! દક્ષિણાર્ધ ભરત દેવની દક્ષિણાર્ધા નામ રાજધાની કયા સ્થળે આવેલી છે ? એના જવાબમાં પ્રભુ કહે છે. गोयमा ! मंदरस्स पव्वयस्स दक्खिणेणं तिरियमसंखेज्जेदीवसमुद्दे विईवइत्ता अण्णंमि जंबुद्दीवे दीवे दक्खिणेणं बारस जोयणसहस्साइं ओगाहित्ता एत्थणं दाहिणद्ध भरहस्स देवस्स दाहिणड्ढा णामं रायहाणी भाणियव्वा "હે ગૌતમ ! સુમેરૂ પર્વતની દક્ષિણ દિશામાં તિર્યક્ અસંખ્યાત દ્વીપ-સમુદ્રોને પારકરીને અન્યજંબૂદ્વીપનામક દ્વીપમાં દક્ષિણ દિશામાં ૧૨ હજાર યોજન નીચે આગળ જવાથી દક્ષિણાર્ધ ભરત દેવની દક્ષિણાર્ધા નામની રાજધાની આવેલી છે. 'जहा विजयस्स देवस्स' વિજય દેવની રાજધાની વિષે જે પ્રમાણે કહેવામાં આવ્યું છે. "एवं - सव्वकूडा णेयव्वा जाव वेसमणकूडे परोप्परं पुरत्थिमपच्चत्थिमेणं'' તે પ્રમાણે જ વૈશ્રવણ કૂટ સુધી અને બીજા સર્વ કૂટોનું વર્ણન અહીં સમજવું જોઈએ. આ પ્રમાણે દક્ષિણાર્ધ ભરતકૂટ ૧, ખંડ પ્રપાતગુફાકૂટ ૨, માણિભદ્ર કૂટ ૩, વૈતાઢયકૂટ ૩, પૂર્ણભદ્રકૂટ ૫, તમિસ્ર ગુફાકૂટ ૬, ઉત્તરાર્ધ કૂટ ૭ અને વૈશ્રવણ કૂટ ૮ એ આઠ કૂટો સમાનવર્ણનવાળા છે એ કૂટોમાં પૂર્વ પૂર્વના કૂટો તા પૂર્વ દિશામાં છે અને બીજા બીજા કૂટ પશ્ચિમ દિશામાં છે. એમ જાણવું જોઈએ. તથાચ દક્ષિણાર્ધ ભરતકૂટ ખંડપ્રપાત કૂટથી પૂર્વ દિશામાં છે, ખંડ પ્રતાપ ગુફાકૂટ મણિભદ્ર કૂટથી પૂર્વદિશામાં છે, વૈતાઢ્ય કૂટથી મણિભદ્રકૂટ પૂર્વ દિશામાં છે. પૂર્ણભદ્રકૂટથી વૈતાઢ્ય કૂટ પૂર્વ દિશામાં છે. તમિસ્ર ગુફાકુટથી પૂર્ણભદ્રકૂટ પૂર્વ દિશામાં છે. ઉત્તરાર્ધ કૂટથી તમિસ્ર ગુફાકૂટ પૂર્વદિશામાં છે અને વૈશ્રવણકૂટથી ઉત્તરાર્ધકૂટ પૂર્વ દિશામાં છે આ પ્રમાણે જે જેનાથી પુર્વ દિશામાં છે તે તેનાથી પશ્ચિમ દિશામાં છે. કેમ કે પૂર્વ પશ્ચિમમાં સાપેક્ષતા છે જેમકે ઉત્તરાર્ધ ભરતકૂટથી વૈશ્રવણકૂટ પશ્ચિમ દિશામાં છે. તમિસ્ર ગુફાકૂટથી ઉત્તરાર્ધ ભરતકૂટ પશ્ચિમ દિશામાં છે, પૂર્ણભદ્ર કૂટથી તિમિસ્ર ગુફા

ફૂટ પશ્ચિમ દિશામાં છે. વૈતાઢ્ય ફૂટથી પૂર્ણભદ્ર ફૂટ પશ્ચિમ દિશામાં છે. મણિભદ્ર ફૂટથી વૈતાઢ્ય ફૂટ પશ્ચિમ દિશામાં છે ઈત્યાદિ. इमेसि वण्णावासे गाहा—

मज्झे वेअड्ढस्स उ कणगमया तिण्णि होंति कूडा उ ।
सेसा पव्वयकूडा सव्वे रयणामया होंति॥ १॥

આ ફૂટોના વર્ણનને અનુલક્ષીને આ ગાથા છે—વૈતાઢય પર્વતના મધ્યમાં વક્ષ્યમાણ એ ત્રણ ફૂટો છે. જે સ્વર્ણમય છે. એનાથી બીજા જે પર્વત ફૂટો છે તે સર્વે રત્નમય છે. છે. વૈડૂર્ય વગેરે રત્નોના બનેલા છે. એમાં 'माणिभद्दकूडे वेयड्ढकूडे पुण्णभद्दकूडे एए तिण्णि कूडा कणगामया सेसा छप्पि रयणामया ' માણિભદ્ર ફૂટ, વૈતાઢય ફૂટ અને પૂર્ણભદ્ર એ ત્રણ ફૂટો કનકમય છે અને બાકીના ૬ ફૂટો રત્નમય છે. 'दोण्णं वि सरिसणामया देवा कयमालए चेव नट्टमालए सेसाणं छण्हं सरिसणामया जण्णामया य कूडा तन्नामा खलु हवंति ते देवा पलिओवमट्ठिइया हवंति पत्तेयं ॥१॥ એ નવફૂટોમાંથી બે ફૂટોના—તમિસ્ર ગુફાફૂટ અને ખણ્ડ પ્રપાત ગુફા ફૂટના—દેવ વિસદશ નામવાળા છે. એમના નામો ક્રમશઃ કૃતમાલક અને નૃત્તમાલક છે. શેષ ૬ ફૂટોની નામ જેવા જ નામવાળા છે એજ વાત ''जण्णामया य कूडा तन्नामा खलु हवंति ते देवा पलिओमट्ठिइया हवंति पत्तेयं २'' ''આ ગાથા વડે પ્રકટ કરવામાં આવી છે. એ દેવોની એક એક પલ્યોપમ જેટલી સ્થિતિ છે. આ પ્રમાણે એક એક દેવ હોય છે અને તે પોત પોતાના ફૂટનો સ્વામી હોય છે. પરંતુ સિદ્ધાયતન ફૂટમાં જે સિદ્ધાપતન દેવ છે તેજ ત્યાનો મુખ્ય રૂપથી સ્વામી હોય એવું નથી આ એક વિશેષ વાત ધ્યાનમાં રાખવી જોઈએ

એ ખંડપ્રપાત ગુફાફૂટ વગેરેના અધિપતિઓની રાજધાનીઓ કયાં આવેલી છે? એ વાતને જાણવાની ઈચ્છાથી ગૌતમ પ્રભુને એવી રીતે પૂછે છે કે ''रायहाणीओ'' હે ભદંત ! ખંડપ્રપાત ગુફાફૂટ આદિના 'અધિપતિ કૃતમાલાદિદેવોની રાજધાનીઓ કયાં આવેલા છે ? આના ઉત્તરમાં પ્રભુ કહે છે, ''गोयमा ! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणेणं तिरियं असंखेज्जे दीवसमुद्दे वीइवइत्ता अण्णंमि जंबुद्दीवे दीवे बारसजोयण सहस्साइं ओगाहेत्ता एत्थ णं रायहाणीओ भाणिअव्वाओ विजयारायहाणी सरिसयाओ જ્યાં અમે રહીએ છીએ એવા આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં જે સુમેરુ પર્વત છે તે પર્વત ની દક્ષિણ દિશામાં તિર્યક અસંખ્યાત દ્વીપ સમુદ્રોને ઓળંગીને જે અન્ય જંબૂદ્વીપ આવે છે તેમાં ૧૫ યોજન નીચે આગળ વાધવાથી તે કૃતમાલાદિક દેવોની રાજધાનીઓ છે. એ સર્વ રાજધાનીઓ વિજયા રાજધાની જેવી જ છે. એથી વિજયા રાજધાનીનું પ્રમાણ જેવું કહેવામાં આવ્યું છે તેવું જ સર્વનું સમજવું જોઈએ. એમાં જે ખંડ પ્રતાપ ગુફા ફૂટના અધિપતિ દેવ છે તેની રાજધાની ખંડ પ્રપાત ગુહા નામની છે. માણિભદ્ર ફૂટનો અધિપતિ જે દેવ છે તેની રાજધાની મણિભદ્રા નામે છે. આ પ્રમાણે અન્ય ફૂટાધિપતિ

દેવોની પણ રાજધાનીઓ સમજવી જોઈએ. એ સર્વ વર્ણિત તેમજ આગળ જેમનું વર્ણન થશે તે ફૂટો એક એક વનષંડથી અને એક એક પદ્મવર વેદિકાથી ઉપશોભિત છે. ॥૧૬॥

વૈતાઢય નામ શા કારણથી પ્રસિદ્ધ થયું ? તે વિષે કથન :--

'से केणट्ठेणं ! एवं बुच्चइ वेयड्ढपव्वए' इत्यादि ॥१७॥

ટીકાર્થ--ગૌતમે પ્રભુને આ સૂત્ર વડે આ જાતનો પ્રશ્ન કર્યો છે. કે—હે ભદંત ! વૈતાઢય પર્વતનું વૈતાઢય પર્વત આ રૂપમાં જે નામ થયું તેનું કારણ શું છે ? એના જવાબમાં પ્રભુ કહે છે. "गोमया ! वेयड्ढेणं पव्वए भरहं वासं दुहा विभयमाणे २ चिट्ठइ" હે ગૌતમ ! વૈતાઢય પર્વત ભરત ક્ષેત્રને બે વિભાગોમાં વિભક્ત કરે છે. "तं जहा" જેમકે "दाहिणड्ढभरहं च उत्तरड्ढभरहं च" એમાં થી એકનું નામ દક્ષિણાર્ધ ભરત અને બીજાનું નામ ઉત્તરાર્ધ ભરત છે. "वेयड्ढगिरिकुमारे य इत्थ देवे महिड्ढिए जाव पलिओवमट्ठिइए परिवसइ" આ વૈતાઢય પર્વત પર વૈતાઢ્ય ગિરિકુમાર નામે એક દેવ રહે છે. આ મહર્દ્ધિક દેવ છે. અને આની એક પલ્યોપમ જેટલી સ્થિતિ છે. અહીં યાવત્ શબ્દથી સંગ્રાહ્ય શબ્દો એ જ સૂત્રના અષ્ટમ સૂત્રથી જાણી લેવા જેઈએ "से तेणट्ठेणं गोयमा ! एवं बुच्चइ वेयड्ढेय पव्वए २" આ કારણથી હે ગૌતમ ! આ પર્વતનું નામ વૈતાઢય એવું મેં કહ્યું છે. "अदुत्तरं च णं गोयमा । वेयड्ढेस्स पव्वयस्स वेयड्ढेइ सासए णामधेज्जे पण्णत्ते" અથવા હે ગૌતમ ! વૈતાઢય પર્વતનું વૈતાઢય એવું નામ શાશ્વત કહેવામાં આવેલ છે. એ નામથી તેનીપ્રસિધ્ધિમાં કોઈ નિમિત્ત નથી. "जं ण कयाइ ण आसि, ण कयाइ न अत्थि न कयाइ ण भविस्सइ भुविं च भवइ य भविस्सइ य धुवे णियए सासए अक्खए अव्वए अवट्ठिए णिच्चे" કેમકે એવું પણ નથી કે આ વૈતાઢય પર્વત પહેલા હતો નહિ. પરંતુ ખરેખર એ પહેલાં પણ હતો. એ અત્યારે નથી એવું પણ નથી. એ ખરેખર વર્તમાનમાં પણ છે. તેમજ એવું પણ નથી કે એ ભવિષ્યત્ કાલમાં રહેશે નહિ ખરેખર એ ભવિષ્યત કાળમાં પણ વિધમાન રહેવાનો છે. આ રીતે ત્રિકાળમાં એની સત્તા હોવાથી આ ભૂતકાળમાં હતો, હમણાં વર્તમાનમાં છે અને ભવિષ્યત્ કાળમાં પણ રહેશે. એથી આ ધ્રુવ છે, નિયત છે, શાશ્વત છે, અક્ષય છે, અવ્યય છે, અવસ્થિત છે અને નિત્ય છે એ ધ્રુવાદિ પદોની વ્યાખ્યા ચતુર્થ સૂત્રમાં કરવામાં આવી છે. એથી તે સંબંધી કથન ત્યાંથી જાણી લેવું જોઈએ. ॥૧૭॥

ઉત્તરાર્દ્ધભરતના સ્વરૂપનું પ્રતિપાદન--

**'कहिणं भंते ! जम्बुद्दीवे दीवे उत्तरड्ढभरहे णामं वासे पण्णत्ते' इत्यादि सूत्र ॥१८॥**

ટીકાર્થ-ગૌતમે પ્રભુને એવી રીતે પ્રશ્ન કર્યો છે કે હે ભદંત ! આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં ઉત્તરાર્ધ ભરત ક્ષેત્ર કયા સ્થળે આવેલ છે ? આના જવાબમાં પ્રભુ કહે છે. **"गोयमा ! क्षुल्लहिमवंतस्स वासहरपव्वयस्स दाहिणेणं वेयड्ढस्स पव्वयस्स उत्तरेणं पुरत्थिमलवण समुद्दस्स पच्चत्थिमेणं एत्थणं जम्बुद्दीवे दीवे उत्तरड्ढभरहे णामं वासे पण्णत्ते"** હે ગૌતમ ! લઘુહિમવાન વર્ષધર પર્વતની દક્ષિણ દિશામાં અને વૈતાઢ્ય પર્વતની ઉત્તર દિશામાં તથા પૂર્વ દિગ્વર્તી લવણ સમુદ્રની પશ્ચિમ દિશામાં અને પાશ્ચાત્ય લવણ સમુદ્રની પૂર્વ દિશામાં

જંબૂદ્વીપ નામક દ્વીપમાં ઉત્તરાર્ધ ભરત ક્ષેત્ર આવેલ છે. આ ક્ષેત્ર **'पाईण पडीणायए उदीणदाहिणवित्थिण्णे पलिअंकसंठिए दुहा लवणसमुद्दं पुट्ठे पुरत्थिमिल्लाए- कोडीए पुरत्थिमिल्लं लवणसमुद्दं पुट्ठे पच्चत्थिमिल्लाए कोडीए पच्चत्थि- मिल्लं लवणसमुद्दं पुट्ठे गंगासिंधूहिं महाणईहिं तिभागपविभत्ते दोण्णि अट्ठतीसे जोयणसए तिण्णिय एगूणवीसइ भागे जोयणस्स विक्खंभेणं"** આ પૂર્વ તેમજ પશ્ચિમ દિશામાં લાંબુ છે. ઉત્તર અને દક્ષિણદિશામાં વિસ્તારયુક્ત છે. પર્યંકાસન સંસ્થાનથી સંસ્થિત છે. પૂર્વ દિગ્વર્તી કોટિથી પૂર્વદિગ્વર્તી લવણ સમુદ્રને અને પશ્ચિમ દિગ્વર્તી કોટિથી પશ્ચિમ લવણ સમુદ્રને આ સ્પર્શી રહેલ છે. ગંગા અને સિન્ધુ એ બે મહા નદીઓ એ એને ત્રણ વિભાગોમાં વિભક્ત કરેલ છે. લવણ સમુદ્રમાં મળનારી મહા નદી ગંગાએ આનો પૂર્વ ભાગ કર્યો છે, લવણ સમુદ્રમાં મળનારી મહાનદી સિન્ધુએ આનો પશ્ચિમ ભાગ કર્યો છે. અને ગંગા અને સિન્ધુએ આનો મધ્યભાગ કર્યો છે. આનો વિસ્તાર

૨૩૮।૩।૧૯ યોજન જેટલા છે. **"तस्स बाहा पुरत्थिमपच्चत्थिमेणं अट्ठारसबाणउए जोयणसए सत्त य एगूणवीसइभागे जोयणस्स अद्धभागं च आयामेणं"** આ ઉત્તરાર્ધ ભરતની બાહા-ભુજાકાર ક્ષેત્ર વિશેષ-પૂર્વ પશ્ચિમ દિશામાં ૧૮૯૨ યોજન જેટલી અને એક યોજનના ૧૯માં ભાગમાંથી ૭ા ભાગ પ્રમાણ છે. આ કથન આયામની અપેક્ષાએ સમજવું જોઈએ. **"तस्स जीवा उत्तरेणं पाईणपडीणायया दुहा लवणसमुद्दं पुट्ठा तहेव जाव चोद्दस जोयणसहस्साइं चत्तारिय एक्कहत्तरे जोयणसए छच्च एगूणवीसइ भाए जोयणस्स किंचि विसेसूणे आयामेणं पण्णत्ता"** તે ઉત્તરાર્ધ ભરતની જીવા ક્ષુલ્લ હિમવાન પર્વતની દિશામાં પૂર્વથી પશ્ચિમ સુધી લાંબી છે અને પૂર્વ દિગ્વર્તી કોટિથી પૂર્વ દિગ્વર્તી લવણ સમુદ્રને તેમજ પશ્ચિમ દિગ્વર્તી કોટિથી પશ્ચિમ લવણ સમુદ્રને

સ્પર્શે છે. આનો આયામ ૧૪૪૭૧ યોજન જેટલો છે. અને એક યોજનના ૧૯ ભાગો-માંથી કંઈક કમ ૬ ભાગ પ્રમાણ છે. ''तीसे धणुपुट्ठे दाहिणेणं चोद्दस्स जोयणसहस्साइं पंच अट्ठावीसे जोयणसए एक्कारस य एगूणवीसइ भाए जोयणस्स परिक्खेवेणं'' તે ઉત્તરાર્ધ ભરતની જીવાનું દક્ષિણ દિશામાં-દક્ષિણ પાર્શ્વમાં-ધનુષ્પૃષ્ઠ-ધનુષ-પૃષ્ઠકાર ક્ષેત્ર વિશેષ-૧૪૫૨૮ યોજન જેટલું છે અને એક યોજનના ૧૯ ભાગમાંથી ૧૧ ભાગ પ્રમાણ કહેવાય છે. ધનુષ્પૃષ્ઠના પરિક્ષેપની અપેક્ષાએ આ પ્રમાણ કથન છે.

'उत्तरड्ढभरहस्स णं भंते ? वासस्स केरिसए आयारभावपडोयारे पण्णत्ते'' હે ભદન્ત ! ઉત્તરાર્ધ ભરત ક્ષેત્રનો આકારભાવ પ્રત્યવતાર (સ્વરૂપ) કેવો છે ? આના જવાબમાં પ્રભુ કહે છે. ''गोयमा बहुसमरमणिज्जे भूमिभागे पण्णत्ते से जहा णामए आलिंगपुक्खरेइ वा जावकित्तिमेहिं चेव अकित्तिमेहिं चेंव'' હે ગૌતમ ! ઉત્તરાર્ધ ભરતક્ષેત્રનુ સ્વરૂપ આ પ્રમાણે કહેવામાં આવેલ છે. ત્યાંનો ભૂમિભાગ બહુસમરમણીય છે અને તે આલિંગ પુષ્કરના જેવો કહેવામાં આવેલ છે. મૃદંગના મુખપુટનું નામ આલિંગ પુષ્કર છે. આ સંબંધમાં પહેલાં અનેક ઉપમાવાચી શબ્દોવડે સ્પષ્ટતા કરવામાં આવી છે. એજ વાત અહીં યાવત્ પદથી અહીં સ્પષ્ટ કરવામાં આવી છે. આ માટે રાજપ્રશ્નીય સૂત્રના ૧૫માં સૂત્રથી માંડીને ૧૯માં સૂત્ર સુધીના પાઠને જોવો જોઈએ. ત્યાંનો ભૂમિભાગ કૃત્રિમ અને અકૃત્રિમ તૃણોથી તેમજ મણિઓથી સુશોભિત છે.

''उत्तरड्ढभरहेणं भंते ! वासे मणुयाण केरिसए आयारभावपडोयारे पण्णत्ते'' હે ભદંત ! ઉત્તરાર્ધ ભરત માં રહેનારા માણસોના સ્વરૂપ કેવા છે. ? ઉત્તરમાં પ્રભુશ્રી કહે છે. ''गोयमा ! तेणं मणुया बहुसंघयणा जाव अप्पेगइया सिज्झंति जाव सव्व दुक्खाणमंतं करेंति'' હે ગૌતમ ! ત્યાંના નિવાસી મનુષ્યોના સ્વરૂપ એવા છે કે તેઓ વજ્ર ઋષભ નારાચ વગેરે અનેક પ્રકારના સંહનનવાળા હોય છે. યાવત્ અમાંથી કેટલાક તેજ ભવમાં સિદ્ધ થઈ જાય છે. યાવત્ સર્વ દુઃખોને વિનષ્ટ કરે છે. અહીં આવેલા બે યાવત્ પદો, વડે જે પદોનો સંગ્રહ થયેલ છે. તે પદો ના માટે ૧૧ મા સૂત્ર માં જોવું જોઈએ.

શંકા--ઉત્તરાર્ધ ભરત ક્ષેત્ર માં નિવાસ કરનારા મનુષ્યોના સંબંધમા જે મોક્ષ પ્રાપ્તિ માટે કહેવામાં આવેલ છે તો ત્યાં મુક્તિ ધર્મોપદેશક તિર્થંકરના અભાવથી તેમજ મોક્ષાંગભૂત ધર્મશ્રવણના અભાવથી મોક્ષપ્રાપ્તિનું કથન કેવી રીતે ઉચિત કહેવાય ?

ઉત્તર-ચક્રવર્તીકાળમાં સમુદ્ઘાટિત ગુહાદ્વયના સત્ત્વથી ઉત્તરાર્ધ ભરત વાસી જનોનું દક્ષિણાર્દ્ધ ભરત માં ગમનાગમન થવાથી તેમને સાધુઓ વગેરેથી મોક્ષધર્મ શ્રવણનો અવસર મળે છે. તેથી તેમને મોક્ષ પ્રાપ્તિ થવી અસંગત નહિ. પણ સંગત જ કહેવાય અથવા ચક્રવર્તી કાળના અતિરિક્ત કાળ માં વિદ્યાધરશ્રમણાદિકોથી મોક્ષપ્રાપ્તિના કારણભૂત ધર્મનુ શ્રવણ'' સંભવિત હોવાથી અથવા સ્વતઃ જાતિ સ્મરણ આદિથી મોક્ષના કારણ ભૂત ધર્મની પ્રાપ્તિ થવી સંભવ હોવાથી મોક્ષ સૂત્રોક્તિ ઉચિત જ છે. ॥૧૮॥

ઉત્તરાર્ધ ભરતમાં ઋષભકૂટ ક્યાં આવેલ છે ! તેનું સમાધાન–

'कहिणं भंते ! जम्बुद्दीवे दीवे उत्तरड्ढ भरहे वासे उसभकूडे णामं पव्वए पण्णत्ते इत्यादि ॥सू० १९॥

**ટીકાર્થ**–ગૌતમે પ્રભુને પ્રશ્ન કર્યો કે હે ભદન્ત ! ઉત્તરાર્ધ ભરત ક્ષેત્રમાં ઋષભકૂટ નામે પર્વત ક્યાં આવેલો છે. ? એના જવાબમાં પ્રભુ કહે છે–गोयमा' गंगाकुंडस्स पच्चत्थिमेणं सिंधुकुण्डस्स पुरत्थिमेणं क्षुल्लहिमवंतस्स वासहरपव्वयस्स दाहिणिल्ले णितंबे एत्थणं जम्बुद्दीवे दीवे उत्तरड्ढ भरहे वासे उसभकूडे णामं पव्वए पण्णत्ते'' હે ગૌતમ ! હિમવાન પર્વત થી ગંગા મહા નદી જે સ્થાન પરથી નીચે પ્રવાહિત થાય છે, તે ગંગા કુંડની પશ્ચિમદિશામાં અને હિમવાન થી સિન્ધુ મહા નદી જે સ્થાન પરથી નીચે પ્રવાહિત થાય છે તે સિન્ધુ કુંડની પૂર્વદિશામાં તથા લઘુહિમવાન વર્ષધર પર્વતની દક્ષિણ દિશાના નિતંબ–મેખલા સમીપવર્તી પ્રદેશ–પર જંબૂદ્વીપસ્થિત ઉત્તરાર્ધ ભરતક્ષેત્રમાં ઋષભકૂટ નામે પર્વત આવેલ છે. આ ઋષભકૂટ નામે પર્વત ''अट्ठजोयणाइं उड्ढं उच्चत्तेणं'' ઊંચાઈમાં આઠ યોજન જેટલો છે. 'दो जोयणाइं उब्वेहेणं'' બે યોજન જેટલો જમીનની અંદર છે.

'मूले बारस जोयणाइं विक्खंभेणं मज्झे अट्ठजोयणाइं विक्खंभेणं उप्पिं चत्तारि जोयणाइं विक्खंभेणं'' મૂલમાં આનો વિષ્કંભ–વિસ્તાર બાર યોજન જેટલો છે. મધ્યમાં આનો વિસ્તાર આઠ યોજન જેટલો છે. અને ઉપરમાં આનો વિસ્તાર ચાર યોજન જેટલો છે. ''मूले साइरेगाइं सत्ततीसं जोयणाइं परिक्खेवेण मज्झे साइरेगाइं पणवीसं जोयणाइं परिक्खेवेणं उप्पिं साइरेगाइं बारसजोयणाइं परिक्खेवेणं'' મૂલમાં આની પરિધિ કંઈક અધિક ૨૫ યોજન જેટલી છે. અને ઉપરમાં એની પરિધિ કંઈક અધિક ૧૨ યોજન જેટલી છે. આ પ્રમાણે આ ઋષભકૂટ પર્વત 'मूले वित्थिन्ने मज्झे संखित्ते, उप्पिं तणुए गोपुच्छ-संठाणसंठिए सव्व जम्बूणयामए अच्छे सण्हे जाव पडिरूवे'' મૂલમાં વિસ્તીર્ણ મધ્યમાં સંકુચિત અને ઉપરમાં પાતળો થઈ ગયો છે. એથી ગાયના પૂંછડાનુ' જેવું સંસ્થાન હોય છે તેવું આનું સંસ્થાન થઈ ગયું છે. આ પર્વત સર્વાત્મના જામ્બૂનદ–સ્વર્ણ નિર્મિત છે

અચ્છ થી માંડીને પ્રતિરૂપ સુધીના વિશેષણોથી યુક્ત છે. **"से णं एगाए पउमवरवेइयाए तहेव जाव भवणं कोसं आयामेणं अद्धकोसं विक्खंभेणं देसूणं कोसं उड्ढं उच्चत्तेणं अट्ठो तहेव"** આ ઋષભકૂટ પર્વત ચોમેર એક પદ્મવર વેદિકાથી પરિવેષ્ટિત છે. આનું વિશેષ વર્ણન સિદ્ધાયતન કૂટના જેવું જ છે. તથા ચ-ઋષભકૂટ પર્વત એક વનષંડથી ચોમેર ઘેરાએલ છે. આ ઋષભકૂટપર્વતની ભૂમિનો ઉપરિભાગ બહુસમરમણીય છે. મૃદંગમુખપટ વત્ આનો ઉપરિભાગ બહુસમરમણીય છે. યાવત્ અહીં અનેક વ્યંતર દેવ અને દેવીઓ યાવત્ આનંદ પૂર્વક પોતાના પુર્વકૃત શુભ કર્મોના શુભ ફળોનો ઉપભોગ કરતા સાનંદ નિવાસ કરે છે. તે બહુસમરમણીય ભૂમિભાગના મધ્યભાગ માં એક વિશાલ ઋષભ નામના દેવનું ભવન છે. ઈત્યાદિ રૂપમાં કથન અને ભવનનું વર્ણન આજ સૂત્રના ૧૪ મા સુત્રમાંથી જાણી લેવું જોઈએ આ ભવનની લંબાઈ એક ગાઉ જેટલી છે. અને ચોડાઈ અર્ધા ગાઉ જેટલી છે. તેમજ કંઈક કમ એક ગાઉ જેટલી એની ઉંચાઇ છે.

તાત્પર્ય આમ છે કે બે હજાર ધનુષ બરાબર એક ગાઉ હોય છે. અહીં જે આની ઊંચાઈ કંઈકકમ એક કોશ જેટલી કહેવામાં આવી છે તો તે બે હજાર ધનુષમાંથી ૫૬૦ કમ વિવક્ષિત છે. આ પ્રમાણે આની ઊંચાઇ ૧ હજાર ૪૪૦ ધનુષ જેટલી હોય છે. એવું જાણવું જોઈએ **"अट्ठो तहेव"** ઋષભકૂટ નામ આનું યથાર્થ જ છે. જીવાભિગમસૂત્રમાં જેમ યમકાદિક પર્વતોના નામની સાર્થકતા પ્રકટ કરવામાં આવી છે. તેવી જ અહીં આના નામ ની સાર્થકતા પ્રકટ કરી લેવી જોઈએ. એજ વાત **"उप्पलाणि पउमाणि जाव उसमेय एत्थ देवे महिड्ढिए"** આ સૂત્રપાઠ વડે પ્રકટ કરવામાં આવી છે. એટલે કે જ્યારે ગૌતમે પ્રભુ શ્રીને આ જાતનો પ્રશ્ન કર્યો કે હે ભદન્ત! **"से केणट्ठेणं एवं बुच्चइ ऊसहकूड पव्वए"** ? આ ઋષભકૂટ પર્વત્ ને ઋષભકૂટ નામ થી તમે કેમ સંબોધિત કરી રહ્યા છો! ત્યારે પ્રભુએ એના ઉત્તરમાં આ પ્રમાણે કહ્યું કે **'गोयमा ! उसहकूडपव्वए खुड्डासु खुड्डियासु बावीसु पुक्खरिणीसु जाव बिलपंतीसु बहूइं उप्पलाइं जाव सहस्सपत्ताइं सयसहस्सपत्ताई उसहकूडप्पभाई उसहकूडवण्णाभाइं"** આ પાઠના પદોની સ્પષ્ટ વ્યાખ્યા આ પ્રમાણે છે. હે ગૌતમ ઋષભકૂટ પર્વત પર નાની નાની વાપિકાઓ-ચાર ખૂણા વાળી નાની નાની વાપિકાઓ છે. કમલોથી સુશોભિત છે અથવા ગોળ ગોળ આકારનીપુષ્કરિણીઓ છે. યાવત્ દીર્ઘિકાઓ છે. જેમાં જલ સરલ રીતે આવી શકેએવી વાપિકાઓ છે. ગુંજલિકાઓ છે જેમાં જલ પ્રવેશવાનો માર્ગ સીધો નથી પરંતુ વક્ર આડો ટેઢો છે એવી વાપિકઓ છે. સરઃ તળાઓ છે. સરઃ પંક્તિઓ છે તેમજ બિલ પંક્તિઓ નાના નાના ખાબોચી યા કૂપ પંક્તિઓ છે તેઓમાં અનેક ચન્દ્રવિકાશી કમળો, કુમુદ, નલિન, સુભગ સૌગન્ધિક, પુંડરીક, મહાપુંડરીક, શતપત્ર અને સહસ્રપત્ર કમલો છે, એમની પ્રભા ઋષભ કૂટ પર્વતની પ્રભા જેવી છે અને એમનો આકાર ઋષભકૂટ પર્વતના આકાર જેવો છે, એથી આ ઉત્પલાદિકોને ઋષભકૂટ કહ્યો છે. અને એમના યોગથી આ પર્વતને ઋષભકૂટ કહ્યો છે.

શંકાઃ—આ જાતના કથનથી તો ફરી પરસ્પરાશ્રય દોષ ઉપસ્થિત થાય છે કેમકે ઋષભ કૂટના આકારવાળા હોવાથી ઊત્પલાદિકોને ઋષભકૂટ કહેવામાં આવેલ છે. અને એમના યોગથી પર્વતને ઋષભકૂટ કહેવામાં આવેલ છે.

ઊત્તર—આમ નથી. કેમકે બન્નેના એ નામો તો અનાદિકાળથી જ પ્રવૃત્ત થતા આવ્યા છે એથી એમાં પરસ્પરાશ્રય દોષ માટે કોઈ સ્થાન નથી. અનાદિ પરંપરાથી ચાલી આવતા વ્યવહારમાં પરસ્પરાશ્રય દોષ થતો નથી. 'उसमे य एत्थ देवे महिड्ढिए जाव दाहिणेणं रायहाणी तहेव मंदरस्स पव्वयस्स जहा विजयस्स अविसेसियं" હવે સૂત્રકાર આ સૂત્ર વડે પ્રકારાન્તરથી ઋષભકૂટના નામકરણ આદિનું કથન કરતાં કહે છે. કે આ પર્વતનું જે ઋષભકૂટ નામ કહેવાય છે તેનું કારણ આ છે કે તેની ઉપર ઋષભ નામનો દેવ કે જે મહર્દ્ધિક મહાદ્યુતિક મહાબલ, મહાયશસ્વી, મહાસુખી તેમજ પલ્યોપમની સ્થિતિવાળો છે. તે રહે છે. ત્યાં તે ચાર હજાર સામાનિક દેવોનુ ચાર સપરિવાર અગ્ર-મહિષીઓનું ત્રણ પરિષદાઓનું સાત અનીકોનું સાત અનીકાધિપતિયોનું સોળ હજાર આત્મરક્ષક દેવોનું તેમજ ઋષભકૂટની ઋષભારાજધાનીના તેમજ બીજા કેટલાક ત્યાંના નિવાસી અનેક દેવો અને દેવીઓનું આધિપત્ય પૌરપત્ય, સ્વામિત્વ ભર્તૃત્વ, મહત્તરકત્વ આજ્ઞેશ્વર સેનાપત્ય કરવાતાં, પાલન કરવાતા, ચતુર વાદકો વડે ખૂબ જોરથી વગાડેલા વાજાઓ ગાયેલા ગીતો, નાટ્યો તેમજ તન્ત્રી, તલ, તાલ આદિ રૂપ વિશેષ વાદ્યોની ધ્વનિ પૂર્વક દિવ્ય ભોગોનો ઉપભોગ કરતો આનંદપૂર્વક ત્યાં રહે છે. આ કારણથી હે ગૌતમ! મેં અને બીજા તીર્થંકરોએ ઋષભકૂટ આ નામથી આ પર્વતને સંબોધિત કરેલ છે. હે ભદંત ઋષભદેવની ઋષભાનામક રાજધાની કયા સ્થલે આવેલી છે. એના જવાબમાં પ્રભુ શ્રી કહે છે. હે ગૌતમ! ઋષભદેવની ઋષભા નામક રાજધાની ઋષભકૂટની દક્ષિણ દિશામાં તિર્યક્ અસંખ્યાત દ્વીપ સમુદ્રોને ઓળંગીને ઈત્યાદિ વર્ણન આ સૂત્ર ના ૮ સૂત્રમાં કરવામાં આવેલું છે. તેવું જ સહી પણ સમજી લેવું જોઈએ. આ પ્રમાણે અહીં જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ ની પ્રકાશિકા ટીકામાં પ્રથમવક્ષસ્કાર પર્વતનું વર્ણન અહીં સમાપ્ત થયું.

શ્રી જૈનાચાર્ય જૈનધર્મ દિવાકર પૂજ્ય શ્રી ઘાસીલાલ વ્રતિવિરચિત જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રની પ્રકાશિકા વ્યાખ્યામાં પ્રથમ વક્ષસ્કાર પર્વત વર્ણન સંપૂર્ણ ॥૧॥

## કાલાધિકાર–છે

અવસ્થિત અને અનવસ્થિત કાળના ભેદથી ક્ષેત્રો ના બે પ્રકારોને જાણવા છતાએ ગૌતમ સ્વામી સાક્ષાત્ શુભ ભાવોનો અહીં હ્રાસ જોઈને સંભાવ્યમાન અનવસ્થિત કાળ ને લક્ષ્ય માં રાખી ને પ્રભુને પ્રશ્ન કરે છે—

**'जम्बुद्दीवे णं भंते ! दीवे भारहे वासे कइविहे काले पण्णत्ते' इत्यादि सूत्र २०॥**

ટીકાર્થ–હે ભદંત ! જંબૂદ્વીપ નામક આ દ્વીપમાં કેટલા પ્રકાર નો કાળ કહેવામાં આવેલ છે ? એના જવાબમાં પ્રભુ કહે છે. **"गोयमा"!दुविहे काले पण्णत्ते"** આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં બે પ્રકારનો કાળ કહેવામાં આવેલ છે. **'तं जहा'** તે આ પ્રમાણે છે. **"ओसप्पिणी काले य उस्सप्पिणो काले य"** એક અવસર્પિણી કાળ અને બીજો ઉત્સર્પિણી કાળ. જે કાળમાં ક્રમશઃ આયુ, શરીર વગેરે હીન થતા જાય છે. હ્રાસ થતા જાય છે. એવો જે કાળ છે તે અવસર્પિણી કાળ છે. પ્રજ્ઞાપકની અપેક્ષાએ આનું પ્રથમતઃ ઉપાદાન કરવામાં આવેલ છે. જેવું કે ક્ષેત્રો માં ભરતનું પ્રથમ ઉપાદાન કરવામાં આવેલ છે. તેમજ જે કાળમાં ક્રમશઃ આયુ શરીર વગેરે ભાવોની વૃદ્ધિ થતી જાય છે અથવા જે ક્રમશઃ એ ભાવોને અરકોની અપેક્ષાએ વધારતો જાય છે. તે કાળનું નામ ઉત્સર્પિણી કાળ છે. અહીં જે બે 'ચ' આવ્યા છે

તે એ બતાવે છે કે એ બન્ને કાળો અરક વગેરેની અપેક્ષાએ સમાન છે. અને પરિમાણતા આદિની અપેક્ષાએ પણ સમાન છે. હવે અવસર્પિણી કાળના કેટલા ભેદો છે, એ વાતને ગૌતમ સ્વામી પૂછે છે. **"ओसप्पिणि काले णं भंते ! कइविहे पण्णते"** હે ભદંત ! અવસર્પિણી કાળ કેટલા પ્રકારનો કહેવાય છે ! ઉત્તર માં પભુ કહે છે—"ગોયમા ! **"छव्विहे पण्णत्ते"** હે ગૌતમ ? અવસર્પિણી કાળ ૬ પ્રકારનો કહેવામાં આવેલછે. **"तं जहा"** જેમ કે **"सुसमसुसमाकाले १, सुसमाकाले २, सुसमदुस्समकाले ३, दुस्समसुसमाकाले ४, दुस्समाकाले ५, दुस्समदुस्समाकाले ६"** સુષમસુષમા કાળ જેમાં સારા સમા–વર્ષ–હોય છે. તેનું નામ સુષમા છે. અહીં 'स' નો 'ष' **सुविनि-दुर्भ्यःसुपि सूतिसमः"** ८।१।८८ આ સૂત્ર વડે થયે છે **सुषमा चासौ सुषमा इति सुषम सुषमा"** અહીં બીજો સુષમા શબ્દ પણ પૂર્વોક્ત પથમ અર્થનો જ વાચક છે. સમાનાર્થક બન્ને શબ્દોના પ્રયોગથી આ સ્પષ્ટ થાય છે કે આ કાળ અતીવ શોભન વર્ષવાળો થાય છે. આ પ્રથમ આરક અવસર્પિણી કાળનો

કહેવામાં આવેલ છે. કેમકે એજ એકાન્ત સુખસ્વરૂપ હોય છે. દ્વિતીય કાળ જેનું નામ સુષમા છે તે પણ શોભન વર્ષવાલો હોય છે. " सुसमदुस्समा काले" આ તૃતીય કાળ છે. આ કાળમાં અધિક રૂપથી પ્રારંભમાં તો શોભન વર્ષો હોય છે અને ત્યાર બાદ અલ્પરૂપમાં દુષ્ટ વર્ષો હોય છે. તાત્પર્ય આ પ્રમાણે છે કે આ તૃતીય આરક માં સર્વ પ્રથમ સુષમાનો પ્રભાવ હોય છે અને અલ્પરૂપમાં દુષ્ષમાઓનો પ્રભાવ રહે છે. ચતુર્થ આરક દુષ્ષમ સુષમા કાળ છે. આ કાળમાં અધિક રૂપમાં દુષ્ષમાઓનો પ્રભાવ રહે છે. અને અલ્પરૂપમાં સુષમાઓનો પ્રભાવ રહે છે. પાંચમો આરક દુષ્ષમા કાળ નામે છે. આ કાળમાં સમસ્ત વર્ષ દુઃખદાયક જ હોય છે. છઠ્ઠો પ્રકાર દુષ્ષમ દુષ્ષમા કાળ છે. એમાં જેટલા વર્ષો હોય છે. એટલે કે ૨૧ હજાર વર્ષ હોય છે તે સર્વે અતીવ દુષ્ટ હો છે. એક પણ સમય આમાં શોભન થતો નથી. 'उस्सप्पिणी काले णं भंते ! कइविहे पण्णत्ते" હે ભદંત ઉત્સર્પિણીકાળ કેટલા પ્રકારનો કહેવામાં આવેલ છે? ઉત્તરમાં પ્રભુ કહે છે-'गोयमा ! छव्विहे पण्णत्ते' હે ગૌતમ ! ઉત્સર્પિણી કાળ ૬ પ્રકારનો કહેવામાં આવેલ છે, 'तं जहा' જેમ કે 'दुस्सम दुस्समाकाले १ जाव सुसमसुसमाकाले ६.' દુષ્ષમદુષ્ષમાકાળ ૧. યાવત્ દુષ્ષમાકાળ ૨. દુષ્ષમસુષમા કાળ ૩. સુષમ દુષ્ષમાકાળ ૪. સુષમા કાળ ૫. અને સુષમ સુષમા કાળ ૬.

"एगमेस्स णं भंते ! मुहुत्तस्स केवइया उस्सासद्धा विआहिआ ? બન્ને કાળોના પરિમાણ ને જાણવાની ઇચ્છાથી હવે ગૌતમે પ્રભુ ને એવી રીતે પ્રશ્ન કર્યો કે હે ભદંત એક એક મુહૂર્તના કેટલા ઉચ્છ્વાસ નિઃશ્વાસ પ્રમિત કાળ વિશેષ કહેવાય છે? અહીં ઉચ્છ્વાસ પદ ઉપલક્ષણ રૂપ છે. એનાથી નિશ્વાસનું પણ ગ્રહણ થાય છે, વાયુ ને અંદર લઈ જવો તે ઉચ્છ્વાસ છે હવા વાયુ બહાર નીકળે છે તે નિઃશ્વાસ છે. તાત્પર્ય આ છે કે એક અન્તર્મુહૂર્ત્તમાં કેટલા ઉચ્છ્વાસ નિશ્વાસો હોય છે? એના જવાબમાં પ્રભુ કહે છે— गोयमा ! असंखिज्जाणं समयाणं समुदय समिइसमागमेणं सा एगा आवलिअति वुच्चइ' संखिज्जाओ आवलिया ओ उसासो संखिज्जाओ आवलियाओ नीसासो" હે ગૌતમ આગળ પ્રસિદ્ધ સમયનું સ્વરૂપ કે જેમ શાસ્ત્રકારોએ પટશાટિકાની ફાડવાના દૃષ્ટાંત થી સાબિત કરેલ છે જે કાલ નુ સર્વથી જઘન્ય રૂપ પ્રમાણ છે એવા અ સંખ્યાત સમયોના સમુદાય રૂપ એક આવલિકા કહેવામાં આવી છે. અહીં એવી શંકા કરવી યોગ્ય નથી કે પ્રશ્નકારે

તો એક અંતર્મુહૂર્ત્તમાં કેટલા ઉચ્છ્વાસ નિઃશ્વાસો હોય છે એવો પ્રશ્ન કર્યો છે અને તમે જવાબ આપી રહ્યા છો કે અસંખ્યાત સમયોના સમુદાયની એક આવલિકા હોય છે. તો એવા તમારા ઉત્તર રૂપ વાકયને સર્વથા અસંગત કહેવો ઉચિત નથી, કેમકે ઉચ્છવાસ વગેરેનું નિરૂપણ સમય આવલિકાના નિરૂપણ કર્યા વગર સંભવ નથી. એથી ઉચ્છવાસ આદિ કોનું નિરૂપણ સમય આવલિકાના નિરુપણ કર્યા વગર સંભવ નથી એથી ઉચ્છવાસ આદિકોનું નિરૂપણ એમના નિરૂપણને આધીન જ છે. એથી શાસ્ત્રકારોએ એમનું નિરૂપણ પહેલાં કરેલુ છે. જો કે શંકાકારે સમય આવલિકા ને અસંવ્યવહારિક હોવાથી આ સંબંધમાં પૃચ્છા કરી નથી પરંતુ ઉત્તર વાકયમાં જે આ વિષે નિરૂપણ કરવામા આવેલું છે તે કેવલિ પ્રજ્ઞા સૂક્ષ્મ હોય છે અને તે વસ્તુના સૂક્ષ્મ સ્વરૂપ સુધી પહોંચી જાય છે. આ રીતે સમય કાળનું સૌ કરતાં વધારે સૂક્ષ્મ સ્વરૂપ છે. એથી જયાં સુધી તેનું નિરૂપણ કર વામાં આવે નહી ત્યાં સુધી તેના વડે સાધ્ય આવલિકા અને આવલિકા સાધ્ય ઉચ્છવાસ આદિનું નિરૂપણ થઈ શકે તેમ નથીં એ વાતને પ્રકટ કરવા માટે ભગવાને એવી રીતે જવાબ આપ્યો છે. એથી આ ઉત્તરરૂપ કથનઅનુચિત નથી પરંતુ ઉચિત જ છે.

શંકાઃ—અસંખ્યાત સમયોની સમૂહ સમિતિથી એક આવલિકા નિષ્પન્ન થાય છે એવું તમે કહી રહ્યા છો. તો આવાત સમજમાં આવતી નથી. કેમકે જયાં સુધી પૂર્વ સમયનો સદ્ભાવ રહેશે ત્યાં સુધી પરસમયનો ઉદય થશે નહીં અને જ્યારે પરસમયનો સદ્ભાવ થઈ જશે ત્યારે પૂર્વ સમયનો વિનાશ થઈ જશે, તો અસંખ્યાત સમયોની સમુદાય સમિતિ કેવી રીતે નિષ્પન્ન થઈ શકશે કે જેનાથી આવલિકા નિષ્પન્ન થાય છે.

ઉત્તર—શંકા બરાબર જ છે. કેમકે સમુદાયાદિ રૂપ ધર્મ વિમાત્રસ્નિગ્ધ રૂક્ષગુણવાળા પુદ્દગલો માં હોય છે કાળમાં થતો નથી. કેમકે તે અમૂર્ત છે. છતાંએ પ્રજ્ઞાપક પુરુષ વિશેષ વડે જે જે કાળ વિશેષની પ્રરૂપણા કરવા માટે જેટલા જેટલા સમયો એક જ્ઞાનના વિષયભૂત કરેલા હોય છે તો તેટલા તે સમયો સમુદય સમિતિમાં આવી ગયા છે, આમ ઉપચારથી માની લેવામાં આવે છે. એથી જ કાળને ઔપાધિક માનવામી આવેલો છે તે વાસ્તવિક નથી. એથી આ જાતની પ્રરૂપણમાં કોઈ પણ અનુપપત્તિ નથી, સંખ્યાત આવલિકાઓનો એક ઉચ્છ્વાસ હોય છે. અને સંખ્યાત આવલિકાઓનો જ એક નિઃશ્વાસ પણ હોય છે. સંખ્યાત ઉપપત્તિ આ પ્રમાણે થાય છે. ૨૫૬ આવલિકઓનો એક ક્ષુલ્લક ભવ હોય છે.

કંઈક વધારે ૧૭ ક્ષુલ્લકભવોનો એક ઉચ્છૂવાસ નિઃશ્વાસ રૂપ કાળ હોય છે. હવે જેમ ઉચ્છૂ વાસ નિઃશ્વાસ આદિકોથી એક મુહૂત નું પ્રમાણ હોય છે, તે પ્રકટ કરવામાં આવે છે. 'हेट्ठस्स अणवगल्लस्स णिरूवकिट्टस्स जन्तुणो ! एगे उसासनोसासे एस पाणुत्ति वुच्चई ॥१॥ सत्त पाणूइं से थोवे' सत्त थोवाइ से लवे लवानां सत्तहत्तरीए एस मुहुत्तेत्ति आहिए ॥२॥ तिण्णि सहस्सा सत्त य सयाइं तेंवर्त्तारं च ऊसासा एस मुहुत्तो भणिओ सव्वेंहि अंणतनाणीहिं ॥३॥ એવો પુરુષ હોય કે જેને યુવાવસ્થા પ્રાપ્ત હોય અને સમર્થ હોય ગ્લાનિ વર્જિત હોય, સર્વદા વ્યાધિ વિહીન હોય એવા તે નિરોગ મનુષ્યનો જે એક ઉચ્છૂવાસ યુક્ત નિઃશ્વાસ છે તેનું નામ પ્રાણ કહેવામાં આવેલ છે. એવા સાત પ્રાણોનો એક સ્તોક હોય છે. સાત સ્તોકોનો એક લવ હોય છે. ૭૭ લવોનુ એક મુહૂર્ત્ત હોય છે. ૩૭૭૩ ઉચ્છૂવાસ-નિઃશ્વાસોનું એક મુહૂર્ત્ત હોય છે. એવું અનન્તજ્ઞાન સમ્પન્ન સર્વશ્રી જિનેન્દ્ર ભગવન્તોએ કહ્યું છે. 'एएणं मुहुत्तप्पमाणे णं तीसं मुहुत्ता अहोरत्तो पण्णरस अहोरत्ता पक्खो, दो पक्खा मासो दो मासा उऊ, तिण्णि उऊ, अयणे, दो अयणा संवच्छरे, એવા મુહૂર્ત્ત પ્રમાણથી ૩૦ મુહૂર્ત્તનો એક અહોરાત્ર હોય છે. પંદર અહોરાત્રનો એક પક્ષ હોય છે. બે પક્ષનો એક માસ હોય છે. બે માસની એક ઋતુ હોય છે. ત્રણ ઋતુઓનું એક અયન હોય છે. બે અયનો નો એક સંવત્સર હોય છે. 'पंच सवच्छरिए जुगे, वीसं जुगाइं वाससए दसवाससयाइं वाससहस्से सयंवास सहस्साणं वाससयसहस्से चउरासीइं वाससयसहस्साइं से एगे पुव्वंगे" પાંચ સંવત્સર નો એક યુગ હોય છે. વીસ યુગોના એક સો વર્ષ હોય છે. ૧૦ સો વર્ષોના એક હજાર વર્ષ હોય છે. ૧૦૦ હજાર વર્ષોના એક લાખ વર્ષો હોય છે. ૮૪ લાખ વર્ષોનું એક પૂર્વાંગ હોય છે, 'चउरासीई पुव्वंगसयसहस्साइं से एगे पुव्वे एवं विगुणं विगुण णेयव्वं तुडिए २ अडडे २ अववे २ हुहुए २ उप्पके २ पउमे २ णलिणे अत्थणिउरे २ अउए २ नउए २ पउए २ चूलिया ५ सीसपहेलियाए २ जाव चउरासीइ सीसपहेलियंग सय सहस्साइं सा एगा सीसपहेलिया" ૮૪ લાખ પૂર્વાંગનો એક પૂર્વ હોય છે, પૂર્વવર્ષનું પ્રમાણ આ પ્રમાણે કહેવામાં આવેલ છે. "पुव्वस्स उ परिमाणं सयरिं खलु हुंति कोडि लक्खाओ छप्पण्णं च सहस्सा बोद्धव्वा वासकोडीणं" એમની સ્થાપના આ પ્રમાણે છે— ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦. ૮૪ લાખ પૂર્વનું એક ત્રુટિતાંગ હોય છે ૮૪ લાખ ત્રુટિતાંગ બરાબર એક એડડાંગ હોય છે. ૮૪ લાખ અડડાંગ બરાબર એક અડડ હોય છે. ૮૪ લાખ અડડનું એક અવવાંગ હોય છે. ૮૪ લાખ અવવાંગ બરાબર એક અવવ હોય છે. ૮૪ લાખ અવવનું એક હુહુકાંગ હોય છે. ૮૪ હુહુકાંગ બરાબર એક હુહુક હોય છે, ૮૪ લાખ હુહુક બરાબર એક ઉત્પન્લાંગ હોય છે. ૮૪ લાખ ઉત્પલાંગ બરાબર એક ઉત્પલ હોય છે. ૮૪ લાખ ઉત્પલનું એક પદ્માંગ હોય છે. ૮૪ લાખ પદ્માંગ નું એક પદ્મ હોય છે. ૮૪ લાખ પદ્મનું એક નલિનાંગ હોય છે. ૮૪ લાખ નલિનાંગ બરાબર એક નલિન હોય છે.

૮૪ લાખ નલિન નું એક અર્થનિપૂરાંગ હોય છે. ૮૪ લાખ અર્થનિપુરાંગ બરાબર એક અર્થ નિપૂર હોય છે. ૮૪ લાખ અર્થ નિપૂર નુ એક અયુતાંગ હોય છે, ૮૪ લાખ અયુતાંગ બરાબર એક અયુત હોય છે, ૮૪ લાખ અયુતનું એક નયુતાંગ હોય છે, ૮૪ લાખ નયુતાંગ બરાબર એક નયુત હોય છે. ૮૪ લાખ નયુતનુ એક પ્રયુતાંગ હોય છે. ૮૪ લાખ પ્રયુતાંગ બરાબર એક પ્રયુત હોય છે. ૮૪ લાખ પ્રયુતનું એક ચૂલિકાંગ હોય છે, ૮૪ લાખ ચુલિ-કાંગની એક ચૂલિકા હોય છે, ૮૪ લાખ ચૂલિકાનું એક શીર્ષ પ્રહેલિકાંગ હોય છે અને ૮૪ લાખ શીર્ષ પ્રહેલિકાંગની એક શીર્ષ પ્રહલિકા હોય છે. આ શીર્ષ પ્રહેલિકાની સ્થાપના આ પ્રમાણે છે–૭૫, ૮૨ ૬૩, ૨૫, ૩૦૭૩૦૧૦૨૪૧૧૫, ૭૯૭૩૫૬૯૯૭૫૬૯ ૬૮૯૬૨૧ ૮૯૬૬૮૪૮૦૮૦૧૮૩ ૯૬ એ સર્વ અંક ૫૪ છે. એમની આગળ ૧૪૦ શૂન્યોની સ્થાપના વધારાની કરવી જોઈએ. આ પ્રમાણે એક શીર્ષ પહેલિકામાં ૧૯૪ અંક સ્થાનો હોય છે. યદ્વા-"**विगुणं विगुणं**" ની સંસ્કૃત છાયા **વિગુણં વિગુણં** જ થાય છે. એ પક્ષમાં આગળ આગળ નું પ્રધાન થાય છે એવો ભાવ સ્પષ્ટ થાય છે. તથા ચ-પૂર્વાંગની અપેક્ષા પૂર્વમાં પ્રધાનતા પ્રકર્ષ યુક્તતા છે. પૂર્વની અપેક્ષા ત્રુટિતાંગ માં પ્રધાનતા છે. ત્રુટિતાંગની અપેક્ષા ત્રુટિત માં પ્રધાનુતા છે. ઈત્યાદિરૂપમાં ઉત્તર ઉત્તરમાં પ્રથમની અપેક્ષાએ પ્રધાનતા જાણવી જોઈએ. આ રીતે શાર્ષપ્રહેલિકામાં સર્વની પ્રધાનતા છે કેમકે તે બહુતર સંખ્યાત સ્થાનનો વિષય છે. અથવા **विगुणम्** આનો અર્થ ગુણ રહિત પણ થાય છે. આ પક્ષમાં એવો ભાવ પણ નીકળે છે કે જે પ્રમાણે પંચાશત શતસહસ્ર ઈત્યાદિ ગુણો નિષ્પન્ન છે. તેમ એ પૂર્વાંગો પૂર્વ આદિ ગુણ નિષ્પન્ન નથી. એ તો ફકત અનાદિ સિદ્ધ સંકેત વશથી જ વિવક્ષિત સંખ્યાના અભિધાયક છે **विगुणम्**,, જે બે વાર કહેવામાં આવ્યું છે તે ત્રુટિત આદિ પદોની બહુલતાને લીધે કહેવામાં આવેલ છે, શંકા—તમે હમણાં પૂર્વાંગ પૂર્વ આદિકોને અનાદિસિદ્ધ સંકેતના વશથી જ વિવક્ષિત સંખ્યા ના અભિધાયક કહેલ છે. તો આનો અર્થ આ થયો કે આમાં અન્વર્થતા નથી. પરંતુ ખરેખર એવું નથી કેમકે આમાં અન્વર્થતા છે અને તે આ પ્રમાણે છે. અંગ કારણ હોય છે. અને તે કાર્ય સાપેક્ષ હોય છે. અહીં પૂર્વાંગરૂપ કારણનું કાર્ય પૂર્વ છે તેથી જ તો પૂર્વાંગમાં '**पूर्वस्य अङ्ग**' આ વ્યુત્પત્તિ મુજબ આ જાતનો વિગ્રહ થયો છે. પૂર્વાંગને ૮૪ લાખથી ગુણિત કરવામાં આવે તો તેનાથી પૂર્વ બને છે આ પ્રમાણે અહીં અન્વર્થતા સ્પષ્ટ જ છે. તો પછી તમોએ આમાં અન્વર્થતાનો અભાવ છે. એવું પ્રતિપાદન કર્યું છે' તે યોગ્ય છે ? આ શંકાનો જવાબ આ પ્રમાણે છે કે જયારે પૂર્વ શબ્દમાં જ અન્વર્થતા નથી તો પછી એનું જે કારણ છે તેમાં અન્વર્થતાનો અભાવ તો સ્પષ્ટ છે. આ પ્રમાણે અહીં કોઈ દોષ જ નથી.

યદ્વા-"**विगुणं २**" ની સંસ્કૃત છાયા **द्विगुण द्विगुण**' એવી જ છે, આનો અર્થ બબ્બે ભેદ હોય છે. તથા ચ-પૂર્વાંગ પૂર્વ, ત્રુટિતાંગ ત્રુટિત આ રૂપથી શીર્ષ પ્રહેલિકાંગ, શીર્ષ પ્રહેલિકા સુધી બબ્બે ભેદો થયા છે. તે વિષે ઉપર સ્પષ્ટતા કરવામાં આવી છે. **एतावतावगणिए, एतावतावगणियस्स विसए तेण परं ओवमिए**" આ પ્રમાણે સમયથી માંડી ને શીર્ષ પ્રહેલિકા સુધી કાળ ગણિત છે, સંખ્યાનું સ્થાન છે, અને એજ ગણિતનો વિષય છે. આયુસ્થિતિ આદિરૂપ કાળ છે. આટલો આયુ કાળ કેટલાક રત્નપ્રભાના નારકોના

ભવનપતિ દેવોના તેમજ સુષમ દુષ્ષમારકમાં ઉત્પન્ન થયેલા નર અને તિર્યંચોનો જાણવો જોઈએ. આ કાળ કરતાં પણ આગળ જે સર્ષપચતુષ્ટય પ્રરૂપણા ગમ્ય કાળ છે તે પણ સંખ્યાત કાળ જ છે. પરંતુ તે અનતિશય જ્ઞાનીઓના જ્ઞાનનો વિષય નથી તેથી તે અસંવ્યવહાર્ય છે. એથી જ તેને અહીં નિર્દિષ્ટ કરવામાં આવેલ નથી. શીર્ષપ્રહેલિકા પછી જે જે કાળ છે. તે અનતિશય જ્ઞાનીઓ વડે ગમ્ય થાય તેવો નથી એથી તેને ઔપમિક કહેવામાં આવેલ છે એટલે કે તેનું જ્ઞાન ઉપમા વડે જ સંભવી શકે તેમ છે. એટલે કે તે સાદૃશ્યથી બોધ્ય છે. એથી જ "तेण परं ओवमिए" એવુ સૂત્રકારે કહ્યું છે. "तेण" આ તૃતીયા વિભક્તિ પંચમીના અર્થ માં થઈ છે. ॥૨૦॥

ઔપમિક કાળનું નિરૂપણઃ--

'से किं तं उवमिए' इत्यादि सूत्र-२१ ॥

ટીકાર્થ-આ સૂત્ર વડે ગૌતમે પ્રભુને પ્રશ્ન કર્યો છે કે હે ભદંત ! ઔપમિકકાળનું સ્વરૂપ કેવું છે ? આના જવાબમાં પ્રભુએ કહ્યું છે "उवमिए दुविहे पण्णत्ते " હે ગૌતમ ! ઔપમિકના બે પ્રકારો કહેવામાં આવેલ છે. "तं जहा" જેમ કે "पलिओवमेय सागरोवमेय" પલ્યોપમ અને સાગરોપમ. જે કાળમાં ધાન્યના પલ્યની જેમ પલ્યની ઉપમા આપવામાં આવે તે પાલ્યોપમ છે. અને જેમાં સમુદ્રથી ઉપમા આપવામાં આવે તે સાગરોપમ છે. અહીં જ બે ચ આવેલા છે તે એ કાલોમાં સમકક્ષતા બતાવવા માટે છે. સમકક્ષતાનો અર્થ સમાન શ્રેણીઓ થાય છે. એ સમાન શ્રેણિતા બન્નેમાં અસંખ્ય કાલ ત્વ રૂપ છે. આ પ્રમાણે એ બન્ને કાળો અસંખ્યાત કાળ વિશેષ સ્વરૂપવાળા સિદ્ધ થાય છે. 'से किं तं पलिओवमे "હે ભદંત ! પલ્યોપમનું સ્વરૂપ કેવું છે. ? આના જવાબમાં પ્રભુ કહે છે "पलिओवमस्स परूवणं करिस्सामि परमाणु दुविहे पण्णत्ते तं जहा-सुहुमेय वावहारिएय "હે ગૌતમ" હું આગળ પલ્યોપમની પ્રરૂપણા કરવાનો છું જેથી તમને પલ્યોપમના સ્વરૂપનું જ્ઞાન થઈ જશે. આ જાતના કથનથી સૂત્રકારે શિષ્યના મનને પ્રસન્ન કર્યું છે. જો તેઓ આમ કરતા નહીં તો પરમાણુ બે પ્રકારનો હોય છે. ઇત્યાદિ કથન રૂપ પ્રક્રિયાની રીતિથી દૂરસાધ્ય પલ્યોમની પ્રરૂપણા માનીને શિષ્યનું મન ખેદ ખિન્ન થઈ જતું વાચના દાનકાળમાં આચાર્યનો શિષ્ય પ્રતિ એજ ક્રમ હોય છે પલ્યોપમની પ્રરૂપણ કરવા માટે સૂત્રકારે સર્વપ્રથમ પરમાણુ સૂક્ષ્મ અને વ્યાવહારિકના ભેદથી બે પ્રકારનો છે એમ કહ્યું છે. અહીં બે 'च' ની પ્રરૂપણા એમાં સમકક્ષતાના ઘોતન માટે કરવામાં આવી છે, એમાં જે

સૂક્ષ્મ પરમાણુ છે તે સ્થાપ્ય છે અનિરૂપર્ણીય છે કેમકે તે આ પ્રસંગમાં અનુપયોગી છે આનું સ્સરૂપ અન્યત્ર આ પ્રમાણે નિરૂપિત કરવામાં આવેલ છે--

કે પરમાણું કારણુજ હોય છે અને તે અંતમાંજ હોય છે તથા સૂક્ષ્મ, નિત્ય, એક રસ એક વર્ણ એક ગન્ધ અને સ્પર્શ વાળો હોય છે. આની સત્તાનો અનુમાપક તેનાથી નિષ્પન્ન કાર્ય જ હોય છે--

कारणमेव तदन्त्यं सूक्ष्मो नित्यश्च भवति परमाणुः ।
एक रस वर्ण गन्धो द्विस्पर्शः कार्यलिङ्गश्च ॥१॥

આ જાતના કથનથી આનું સ્વરૂપ અતીવ પરમ નિકૃષ્ટ છે એવું જ પ્રતિપાદિત થાય છે. એના સિવાય આનું વિશેષ સ્વરૂપ અહીં પ્રતિપાદ્ય નથી એથી સૂક્ષ્મ પરમાણુની ચર્ચા ન કરતાં હવે સૂત્રકાર વ્યવહારોપયોગી પરમાણુના સ્વરૂપનું કથન કરે છે. આ વ્યાવહારિક પરમાણુ પુદ્ગલ અનન્ત, સૂક્ષ્મ પરમાણુ પુદ્ગલોની એકી ભાવ પરિણુતિ રૂપ સમુદય સમિતિના સમાગમથી નિષ્પન્ન હોય છે. તાત્પર્ય આમ છે કે નિશ્ચય નય સૂક્ષ્મ પુદ્ગલોની એકીભાવ પરિણુતિરૂપ સમિતિના સમાગમથી ઉત્પન્ન થયેલ પરમાણુને પરમાણુ જ માનતો નથી. તેને તો તે એક સ્કન્ધ રૂપ જ માને છે. તેની માન્યતા મુજબ તો પરમાણુ તે જ છે કે જે નિર્વિભાગ સૂક્ષ્મ પુદ્ગલ છે. જે અનેક પરમાણુઓના મેળથી નિષ્પન્ન થયેલ છે તે તો અંશ સહિત હોવા બદલ સ્કંધરૂપ જ કહેવાય છે. પરંતુ જે વ્યવહારનય છે તે એમ માને છે કે અનેક પરમાણુ પુદ્ગલોના સંયોગથી સ્કન્ધરૂપ અવસ્થા નિષ્પન્ન થયેલી છે તે તો શસ્ત્રાદિથી છેદિત થતી નથી. ભેદિત થતી નથી, અગ્નિમાં ભસ્મ થતી નથી તે તો તથાવિધ સ્થૂલતારૂપ પરિણુતિને પ્રાપ્ત ન કરવાથી પરમાણુ રૂપમાંજ વ્યવહારપથ માં અવતરિત હોય છે. એથી વ્યાવહારિક પરમાણુ નિશ્ચયનયની માન્યતા મુજબ ભલે સ્કન્ધ રૂપ હોય છતાંએ તે વ્યવહારનયની માન્યતાનુસાર પરમાણુરૂપ જ માનવામાં આવી છે પરંતુ કોઈ આમ ન સમજી લેકે આ સ્કંધરૂપ હોવાથી ઈન્ધન-કાષ્ઠાદિની જેમ છેદાદિ ક્રિયાનો વિષય થતી હશે. એથી આ સંશયને દૂર કરવા માટે સૂત્રકારે કહ્યું છે કે 'तत्थ नो सत्थं कमई" તે વ્યાવહારિક પરમાણુને ખડ્ગાદિ કાપી શકતા નથી. અહીં એવી આશંકા

કરવામાં આવે કે અનંત સૂક્ષ્મ પુદ્ગલ પરમાણુઓના સંયોગથી નિષ્પન્ન થયેલા કાષ્ઠાદિક તો શસ્ત્ર આદિ વડે છેદી શકાય છે. અને ભેદી શકાય છે તો પછી અનેક સૂક્ષ્મ પુદ્ગલ પર માણુઓના સંયોગથી નિષ્પન્ન થયેલ આ વ્યાવહારિક પરમાણુ શસ્ત્ર આદિ વડે કેમ કાપી શકાતો નથી? કેમ ભેદી શકાતો નથી? કેમ અગ્નિ માં ભસ્મ કરી શકાતા નથી? કાષ્ઠ આદિ કોની જેમ તેનું પણ છેદન તેમજ ભેદન થઈ જવુ જોઈએ. તો આ આશંકાનો જવાબ આ પ્રમાણે છે કે કાષ્ઠાદિક સ્થૂલ હોય છે, એથી તેમનું તો શસ્ત્ર આદિ વડે છેદન-ભેદન વગેરે થઈ શકે છે. પરંતુ વ્યાવહારિક જે પરમાણુ છે તે સૂક્ષ્મ હોય છે એથી તેનું શસ્ત્ર આદિ વડે છેદન-ભેદન થઈ શકતું નથી. અહીં જે આમ કહેવામાં આવ્યું છે કે તેની ઉપર શસ્ત્ર નો પ્રભાવ પડતો નથી તો આ ઉપલક્ષણ છે. એનાથી એવું પણ ગ્રહણ થાય છે કે એની ઉપર અગ્નિ-જલ વગેરેનો પણ પ્રભાવ પડતો નથી. એને અગ્નિ ભસ્મ કરી શકતો નથી તેમજ પાણી પણ એને ભીનું કરી શકતું નથી. એવો આ વ્યાવહારિક પરમાણુ છે ગંગા આદિ મહાનદીઓનો પ્રવાહ પણ એને પ્રવાહિત કરી શકતો નથી અને પાણી ની લહેરો પણ એને હલાવી શકતી નથી, સ્થાનચ્યુત કરી શકતી નથી. એ જ વાતને આ ગાથા સ્પષ્ટ કરે છેઃ—

सत्थेण सुतिक्खेण वि छेत्तुं भेत्तुंच जे किर ण सक्का ।
तं परमाणुं सिद्धा वयंति आइं पमाणाणं ॥१॥

કોઇ પણ મનુષ્ય સુતીક્ષ્ણ શસ્ત્રથી પણ આ વ્યાવહારિક પરમાણુ ને ખંડિત કરી શકતો નથી, વિદીર્ણ કરી શકતો નથી, એવું ઉત્પન્ન કેવળ જ્ઞાની ભગવન્તોએ કહ્યું છે. અહીં સિદ્ધપદથી સિદ્ધ અવસ્થા પ્રાપ્ત જન ગ્રહીત થયેલા નથી કેમકે તેમનો વચન યોગ થતો નથી. એથી કેવળજ્ઞાનના આધારભૂત કેવળી જ અહીં ગૃહીત થયેલા છે. આ વ્યાવ હારિક પરમાણુ સકલ પ્રમાણોને કહેનાર ઉચ્છલક્ષ્ણ આદિ પ્રમાણોનું આદિ કારણ છે, આ જાતનું આ કથન ભગવદુકત હોવાથી વ્યાવહારિક પરમાણુના અસ્તિત્વમાં આગમ પ્રમાણ રૂપ છે. એટલે કે વ્યાવહારિક પરમાણુ સત્તા વ્યાપક આગમ પ્રમાણુ છે. અનુમાન પ્રમાણ આની સત્તાને બતાવનાર આ પ્રમાણે છે "अणु परिमाणं क्वचिद् विश्रान्तम् तरतमशब्द वाच्यत्वात् महत्परिमाणवत्" મહત્ પરિમાણની જેમ અણુ પરિમાણ તરતમ શબ્દવાચ્ય હોવાથી કોઈ સ્થાને વિશ્રાન્ત છે. એટલે કે જેમ તરતમ શબ્દ હોવાથી મહત્ પરિમાણ

આકાશમાં વિશ્રાન્ત છે, તેમજ આ અણુ પરિમણુ પણ તરતમ શબ્દ વાચ્ય હોવાથી પરમાણુમાં વિશ્રાન્ત છે જો આમ ન હોય તો વસ્તુમાં મહત્તા થઇ શકે જ નહીં, મહત્તાના સદ્ભાવથી આ વાત પણ માનવી પડશે કે કોઇ ને કોઈ સ્થાને અણુ પરમાણુ પણ છે જ કેમકે અણુ અને મહત્ એ બન્ને પરસ્પર સાપેક્ષ છે. એથી દ્વચણુકાદિ ત્ર્યણુકાદિ રૂપ પરિણામ પરસ્પરમાં ભિન્ન છે. એવું માનવું જોઇએ. જ્યારે દ્વચણુકની સત્તા સિદ્ધ થઇ જાય છે તો આ દ્વચણુક જેનાથી નિષ્પન્ન થાય છે એવો પૂર્વવર્તિ નિરંશ પરમનિકૃષ્ટ પરમાણુ પણ સિદ્ધ થઈ જાય છે. જો અણુમહત્ત્વાદિરૂપથી પરિમાણુ ભેદ માનવામાં આવે નહીં તો સર્ષપ અને સુમેરુમાંતુલ્યપરિણામતા આવવાનો સમય ઉપસ્થિતથશે પરંતુ આમ તો બનતું જ નથી, એથી પરમાણુ છે આમ સિદ્ધ થઈ જાય છે. શંકાઃ-પરમાણુની સિદ્ધિ ભલે થાય અને એ વાત પણ માન્ય થઈ જાયકે તે ચક્ષુરાદિક ઈન્દ્રિયોનો વિષય નથી, પરંતુ આ વાત ઠીક નથી કે આ અનંત પરમાણુઓથી ચક્ષુરાદિ ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ કરવામાં નહી આવેલ શસ્ત્ર આદિક દ્વારા જે છેદન-ભેદન રૂપ ક્રિયાનો વિષય થઇ શકે નહીં તેવો એક વ્યાવહારિક પરમાણુ નિષ્પન્ન થાય છે. તો આનો જવાબ આ પ્રમાણે છે કે પુદ્ગલ પરિણામ સૂક્ષ્મ અને બાદરના ભેદથી બે પ્રકારનું થાય છે. એમાં જે પુદ્ગલ સૂક્ષ્મ પરિણામવાળા હોય છે તેમાં ઇન્દ્રિય ગ્રાહ્યત્વ અગુરુલઘુપર્યાયવત્વ, તેમજ શસ્ત્રાદિ વડે અચ્છેદ્યત્વ વગેરે ધર્મો હોય જ છે. આ સંબંધમાં તો વિશેષ કહેવાજેવું કંઈ નથી. આગમમાં પણ એવું જ કહેવામાં આવ્યું છે તેમજ સાંભળવામાં આવ્યું છે કે પુદ્ગલોનું સૂક્ષ્મ પરિણામ અને અસૂક્ષ્મ પરિણામ હોય છે દ્વિપ્રદેશિક સ્કન્ધ એક આકાશ પ્રદેશ માં પણ સમાવિષ્ટ થઈ જાય છે બને બે પ્રદેશોમાં પણ સમાવિષ્ટ થઈ જાય છે. એ જે ભેદ છે, તો તે તેના સંકોચ અને વિકાશ તે લઇનેજ થાય છે. જ્યારે દ્વિપ્રદેશી સ્કંદ સંકુચિત થાય છે, તો તે એક આકાશ પ્રદેશમાં સમાવિષ્ટ થઈ જાય છે અને જ્યારે તે વિસ્તારવાળો હોય છે તો તે બે પ્રદેશોમાં સમાવિષ્ટ થઈ જાય છે. સંકોચ અને વિસ્તાર એ પુદ્ગલોનો સ્વભાવ છે જ્યારે કપાસ પિંડાવસ્થામાં હોય છે તો તે આકાશ પ્રદેશોને આટલો ઘેરતો નથી કે જેટલો તે અપિંડાવસ્થામાં ઘેરે છે આ પ્રમાણે એક મણ કપાસના જેટલા પ્રદેશો ફેલાએલા દેખાય છે, તેટલાજ તે પ્રદેશો લોખંડ માં સંકુચિત દેખાય છે આ રીતે પુદ્ગલોમાં પરિણામ કૃત ભેદ લક્ષિત હોય છે. એથી આ સંબંધમાં શંકા જેવી કોઇ વાત નથી,

**"वावहारिय परमाणूणं समुदयसमिइ समागमेणं सा एगा उस्सण्हसाण्हिआइ वा सण्हिसण्हिआइ वा उद्धरेणूई वा तसरेणूइ वा रहरेणूई वा वालग्गेइइ वा लिक्खाइवा जूआइ वा"**
અનંત પરમાણુઓના સંયોગથી જે પરિણામમાત્રા થાય છે તેનું નામ ઉચ્છ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા છે આ ઉચ્છ્લક્ષ્ણશ્લક્ષ્ણિકાઓની એક શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા હોય છે. આ પ્રમાણે ઉંત્સેધાંગુલ સુધી કથન જાણવું જોઈએ. એ સર્વે પ્રમાણ વિશેષ છે, એ સર્વે પહેલા જેટલા આવી ગયા છે તે બધાથી ગુણિત થાય છે- અને દરેકે દરેક અનંત અનંત પુદ્ગલ પરમાણુઓવાલા હોય છે આઠ શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકાઓનો એક ઉર્ધ્વરેણુ હોય છે. ઉર્ધ્વ શબ્દ અહીં ઉપલક્ષણરૂપ છે. એનાથી અધોગામી રેણુ અને તિર્યગ્ગામી રેણુનું પણ ગ્રહણ થયું છે. આ પ્રમાણે જે રેણું

ઉર્ધ્વ, અધઃ અને તિર્યગ્ગામીજાલાન્તર્ગતસૂર્ય કિરણોથી જેનું સ્ફુરણ હોય છે. એવી જે ધૂલિ છે તે ઉર્ધ્વરેણુ શબ્દથી વાચ્ય થયેલી છે. આઠ ઉર્ધ્વરેણુનો એક ત્રસરેણુ હોય છે. જે પૂર્વ આદિ દિશાઓથી આગત વાતથી પ્રેરિત થઈને આમ-તેમ ઉડી જાય છે. એવી ધૂલિનું નામ ત્રસા છે. એવી ત્રસારુપરેણુ જ ત્રસરેણુ કહેવાય છે. આઠ ત્રસરેણુઓનો એક રથરેણુ હોય છે, રથ ચાલે છે ત્યારે તેનાથી જે રેણુ ઉડે છે તે રથરેણુ છે. આઠ રથરેણુઓનો એક દેવ કુરુ અને ઉત્તર કુરુક્ષેત્ર નિવાસી મનુષ્યનો બાલાગ્ર હોય છે. આઠ બાલાગ્રોનો હરિવર્ષ અને રમ્યક વર્ષના નિવાસી મનુષ્યો નું એક બાલાગ્ર હોય છે. એજ હરિવર્ષ અને રમ્યકવર્ષના નિવાસી મનુષ્યોના જે આઠ બાલાગ્રો છે તે હેમવત અને હૈરણ્યવત ક્ષેત્ર નિવાસી મનુષ્યોનું એક બાલાગ્ર હોય છે. એમના આઠ બાલાગ્રોનું પૂર્વ વિદેહ અને અપર વિદેહના નિવાસી મનુષ્યોનું એક બાલાગ્ર હોય છે. એમના આઠ બાલાગ્રોની-કેશાગ્રોની-એક લિક્ષા હોય છે, આઠ લિક્ષાઓની એક યૂકા હોય છે. આઠ યૂકાઓનું એક યવ મધ્ય હોય છે. આઠ યવમધ્યોનો એક અંગૂલ હોય છે. ૬ અંગુલોનો એક પાદ-પાદમધ્યતલ પ્રદેશ હોય છે. પાદ મધ્યતલ પ્રદેશને જે અહીં પાદ કહેલ છે તે ગ્રામૈક દેશમાં થયેલ ગ્રામના વ્યવહારની જેમ સમજવું ૧૨ અંગુલોની એક વિતસ્તિ હોય છે. તેમજ ૨૪ અંગુલોની એક રત્નિ હોય છે. જેમાંઆંગળીઓ પહોળી કરવામાં આવી છે. એવા એક હાથનું નામ સૈદ્ધાન્તિકી પરિભાષામાં રત્નિ કહેવમાં આવેલ છે શબ્દકોષમાં મુષ્ટિકા બાંધેલા હાથને પણ એક રત્નિ કહેવામાં આવેલ છે. પરંતુ એનું અહીં ગ્રહણ થતું નથી કેમકે આમાં પ્રમાણ ઓછું આવે છે. જ્યારે પહોળી કરેલી અંગલીઓ વાળા હાથને રત્નિ કહે છે ત્યારે જ તેમાં ૨૪ અંગુલ પ્રમાણતા આવે છે-અને એનાથીજ રત્નિ પ્રમાણ સધે છે. ૪૮ અંગુલોની એક કુક્ષિ હોય છે. ૯૬ અંગુલનો એક અક્ષ હોય છે. શકટનો અવયવ વિશેષ જે હોય છે તેનું નામ અક્ષ છે. આ પ્રમાણે ૯૬ અંગુલોનો એક દંડ હોય છે ધનુષ પણ આટલાજ અંગુલોનું હોય છે ધૂંસરું-જે બળદના ખાંધાં પર મૂકવામાં આવે છે તે પણ એટલા જ અંગુલોનું હોય છે મુશલ અને નાલિકા-યષ્ટિ વિશેષ પણ એટલાજ અંગુલોની હોય છે. અહીં પ્રકરણમાં ઉપયોગી એક ધનુષ માત્ર જ છે. બીજા નામો ફક્ત પ્રસંગાનુસાર જ લખવામાં આવ્યા છે. અન્યત્ર આ સર્વનો ઉપયોગ થાય છે. બે હજાર ધનુષનો એક ગવ્યૂત થાય છે. ચાર ગવ્યૂત બરાબર એક યોજન હોય છે. આ યોજન પ્રમાણવાળા પલ્ય-ધાન્ય પાત્રવિશેષના જેવું આ પલ્ય હોય છે. એટલે કે એક યોજન પહોળું અને એક યોજન લાંબુ એવું એક પલ્ય બનવું જોઈએ. આ પલ્યમાં ઓછામાં ઓછા એક દિવસથી માંડીને ત્રણ દિવસ સુધી અને વધારેમાં વધારે સાત દિવસ સુધીના મુંડિત થયેલા શિર પર ઉત્પન્ન થયેલા બાલાગ્રોની—કે જેઓ દેવકુરુ અને ઉત્તર

કુરુના માણુસોના જ હોય-કોટિઓને એકદમ ઠાંસી ઠાંસીને ભરવામાં આવે કોઈ પણુ સ્થાને તલમાત્ર પણુ સ્થાન ખાલી હોય નહીં તેમ તેમાં ભરવામાં આવે. આમ ભર્યાપછી તેમાં વિવર રહેશે નહીં વિવર નહીં રહેવાથી ત્યાં વાયુ પણુ પ્રવિષ્ટ થઈ શકશે નહીં એથી તેઓ સડશે નહીં ઓગળશે નહીં અને વાયુ પણુ તેમને એક સ્થાનથી ઊડાવી ને અન્યત્ર લઈ જવામાં સમર્થ થશે નહીં નિબિડરૂપમાં હોવાથી અગ્નિ પણુ તેમને ભસ્મ કરી શકશે નહીં આ રીતે જ્યારે તે બાલાગ્ર કોટિઓથીતે પલ્ય આકર્ણ સારી રીતે અતીવ નિબિડ રૂપમાં પૂરિત થઈ જાય ત્યારે તેમાં સો વર્ષ નીકલી જવા બાદ એક બાલાગ્ર કોટિ બહાર કાઢવી જોઈએ આમ કરતાં કરતાં જેટલા કાળમાં તે પલ્ય તે બાલાગ્ર કોટિઓથી રિક્ત થાય છે. બાલાગ્રનો સ્વલ્પાંશ પણુ તેમાં રહે નહીં તે પલ્ય એક દમ બાલાગ્રોથી રિક્ત થઈ જાય. એટલે

કે તેમાંથી સંપૂર્ણ પણે બાલાગ્રો બહાર કાઢી નાખવામાં આવે તો તેટલા કાળનું નામ પલ્યોપમ કાળ છે. આ પલ્યમાં સંખ્યાત કોટિ કોટિ પ્રમાણ વર્ષ સમાપ્ત થઈ જાય છે. આને બાદર પલ્યોપમ કહેવામાં આવે છે, કેમકે આ પલ્યગત બાલાગ્રોનો અપહાર સંખ્યાતવર્ષોમાં જ થઇ જાય છે. જો કે આ પલ્યનો વક્ષ્યમાણુ સુષમ સુષમાદિ કાલ પ્રમાણુમાં ઉપયોગ નથી છતાંએ સુષમ સુષમાકાળના પ્રમાણુમાં ઉપયોગી જે સૂક્ષ્મપલ્યોપમ છે તે સુએથી સમજ માં આવી શકે એટલામાટે અહીં દર્શાવવા માં આવેલ છે. સૂક્ષ્મપલ્યોપમનું પ્રમાણુ આ પ્રમાણે વિજ્ઞેય છે. પૂર્વોક્ત બાલાગ્રોમાં એક એક બાલાગ્રના અસંખ્યાત ખંડો કરી નાખવા જોઈએ અને ત્યાર બાદ તેમના વડે આ પલ્યને પૂરિત કરવું. આ સ્થિતિ માં આ પલ્યની લંબાઈ પહોળાઇ તેમજ અવગાહ ઊત્સેધાંગુલયોજન પ્રમાણુ થઇ જશે. હવે દર સો વર્ષે એક બાલાગ્રખંડનો તેમાંથી અપહાર કરવો આ પ્રમાણે જેટલા કાળમાં તે પલ્ય

તે બાલાગ્રોના અપહાર થી સર્વથા નિર્લિપ્ત બની જાય. એવો તે અસંખ્યાત કોટી કોટી વર્ષ પ્રમાણુ વાળો કાળ સૂક્ષ્મ પલ્યોપમ કાળ કહેવામાં આવે છે. એ જ વિષય "एएणं जोयणप्पमाणेणं जे पल्ले" ઈત્યાદિ સૂત્ર પાઠથી માંડીને 'णिट्ठिए भवइ से तं पलिओवमे" અહીં સુધીના સૂત્રપાઠ વડે સ્પષ્ટ કરવામાં આવેલ છે, જો કે અહીં સૂત્રકારે સૂક્ષ્મપલ્યોપમના વિષે પોતાના સ્વતંત્ર રીતે વિચારો વ્યક્ત કર્યા નથી છતાંએ " विचित्राकृतिराचार्यस्य " ના મુજબ અહીં અનુકત છે તો પણુ સમજી લેવું જોઇએ કેમકે આ સૂક્ષ્મ પલ્યોપમ જ પ્રસ્તુતમાં ઊપયોગી છે. જો આમ હોય નહિ તો પછી અનુયોગાદિ દ્વારો સાથે વિરોધની સ્થિતિ ઉપસ્થિત થશે. આ જાતનું કથન સાગરોપમના સંબંધમાં પણ જાણવું જોઈએ, હવે સૂત્રકાર આ ગાથા વડે સાગરોપમ ના સ્વરૂપનું કથન કરતાં કહે છે—

एएसिं पल्लाणं कोडा कोडी हवेज्ज दस गुणिआ।
तं सागरोवमस्स उ एगस्स भवे परिमाणं ॥१॥

પલ્યોપમની જે દશ ગુણિત કોટી કોટી છે તેજ એક સાગરોપમનું પ્રમાણુ છે, એટલે

કે કોટી કોટી પલ્યોપમને ૧૦ વડે ગુણિત કરવાથી એક સાગરોપમ થાય છે. એવા સાગરોપમ પ્રમાણથી ચાર સાગરોપમ કોટા કોટિનો એક સુષમ સુષમા કાળ હોય છે. એને જ અવસર્પિણી નો પ્રથમ આરક કહેવામાં આવેલ છે. ત્રણ સાગરોપમ કોટા કોટીનો દ્વિતીય કાલ જે સુષમા છે તે હોય છે. બે સાગરોપમ કોટા કોટિનો તૃતીય કાળ જે સુષમ દુષ્પમા છે. તે હોય છે. ૪૨ હજાર વર્ષ કમ ૧ કોટા કોટી સાગરોપમનો દુષ્મમ સુષમાકાળ હોય છે, આ ચોથો કાળ છે. **'एक्कवीसं वाससहस्साइं कालो दुस्समा''** ૨૧ હજાર વર્ષનો દુષ્ષમા નામે ૫ મો કાળ હોય છે. તથા આટલાજ હજાર વર્ષનો ૬ઠ્ઠો કાળ જે દુષ્ષમ-દુષ્ષમા છે તે હોય છે. આ પ્રમાણે સર્વ સંકલનાથી અવસર્પિણી કાળ ૧૦ કોડા કોડી સાગરોપમ નો હોય છે. આ પ્રમાણે અવસર્પિણી કાળનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર ઉત્સર્પિણી કાળ નું નિરૂપણ કરે છે. **''एवं पडिलोमं णेअव्वं जाव चत्तारि सागरोवमकोडाकोडीओ कालो सुसमसुसमा ६''** ઉત્સર્પિણી કાળમાં પ્રથમ કાલ જે દુષ્ષમ દુષ્ષમા છે તે ૨૧ હજાર વર્ષનો હોય છે. એને જ ઉત્સર્પિણી કાળનો પ્રથમ આરક કહેવામાં આવેલ છે. આ પ્રમાણે ઉત્સર્પિણી કાળના ૬ઠ્ઠા સુષમા સુષમા આરક સુધીનું કથન સમજી લેવું જોઈએ. અવસર્પિણી કાળમાં જે ૧ પ્રથમ આરક છે તે ઉત્સર્પિણી કાળમાં ૬ ઠ્ઠો હોય છે અને અવસર્પિં કાળમાં જે ૬ઠ્ઠો આરક છે તે ઉત્સર્પિણી કાળમાં ૧ પ્રથમ આરક થઈ જાય છે. અહીં જે આરકોના કાલ પ્રમાણ અવસર્પિણીના પ્રકરણમાં કહેવામાં આવેલ છે તે પ્રમાણે જ છે વધ ઘટ નથી. આ રીતે અવસર્પિણીમાં આરકો નું પ્રમાણ અને ક્રમ આ પ્રમાણે રહે છે.

અવસર્પિણી ના આરક—

૧ સુષમ સુષમા ૪ કોડા કોડી સાગરોપમની સ્થિતિ.
૨ સુષમા— ૩ ,, ,,
૩ સુષમ દુષ્ષમા ૨ ,, ,, ,,
૪ દુષ્ષમ સુષમા ૪૨ હજાર વર્ષ કમ ૧ કોડા કોડી સાગરોપમની સ્થિતિ.
૫ દુષ્ષમા ૨૧ હજાર વર્ષની સ્થિતિ.
૬ દુષ્ષમ દુષ્ષમા ૨૧ હજાર વર્ષની સ્થિતિ.

ઉત્સર્પિણી કાળના આરક

૧ દુષ્ષમ દુષ્ષમા-૨૧ હજાર વર્ષની સ્થિતિ.
૨ દુષ્ષમા— ,, ,, ,,
૩ દુષ્ષમ સુષમા ૪૨ વર્ષ કમ ૧ કોડા કોડી સાગરોપમનિ સ્થિતિ.
૪ સુષમ દુષ્ષમા ૨ કોડા કોડી સાગરોપમની સ્થિતિ,
૫ સુષમા ૩ કોડા કોડી સાગરોપમની સ્થિતિ,
૬ સુષમ સુષમા ૪ કોડા કોડી સાગરોપની સ્થિતિ.

આ સર્વની સંકલના કરવાથી ઉત્સર્પિણી કાલ પણ ૧૦ કોડા કોડી સાગરોપમ નો હોય છે. આ પ્રમાણે આ અવસર્પિણી રૂપ અને ઉત્સર્પિણી રૂપ કાલ ચક્ર ૨૦ કોડા કોડી સાગરોપમનું છે એવું કહેવામાં આવેલ છે, એ જ વાત '''**एएणं सागरोवमप्पमाणेणं**

चत्तारि सागरोवमकोडाकोडीओ" थी मांडीने "दस सागरावमकोडीकोडीओ कालो उस्सप्पिणी' वीसं सागरावमकाडा कोडीओ कालो आसप्पिणो उस्सप्पिणी" अहीं सुधीना सूत्र પાઠ વડે કહેવામાં આવેલ છે. આ સર્વ પદોની વ્યાખ્યા સરળ છે. ।।૨૧।।

## સુષમાસુષમાનામકી અવસર્પિણી કા નિરૂપણ

ભરતક્ષેત્રમાં આ કાલ સ્વરૂપ પ્રતિપાદિત થયેલ છે, એથી ભરતક્ષેત્રના સ્વરૂપ વિષે જાણવાને ઈચ્છુક શ્રી ગૌતમ સ્વામી સર્વ પહેલા કહેવામાં આવેલ સુષમ સુષમા નામક કાલના સ્વરૂપ વિષે-કે જે અવસર્પિણી ના પ્રથમ આરક ના રૂપમાં કહેવામાં આવેલ છે પ્રભુ શ્રીને પૂછે છે-

'जबुद्दीवेणं भंते! दीवे भरहे वासे इमीसे ओसप्पिणीए' इत्यादि सूत्र—२२ ॥

ટીકાર્થ-હે ભદન્ત ! આ જમ્બૂદ્વીપ નામના દ્વીપમાં સ્થિત ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી કાળના 'सुसम सुसमाए" સુષમ સુષમા નામના પ્રથમ આરક માં "उत्तम कट्ठपत्ताए" જયારે તે પોતાની સર્વોત્કૃષ્ટ અવસ્થામાં વર્તી રહ્યો હતો "भरहवासस्स केरिसए आयारभाव-पडोयारे" ભરતક્ષેત્રનો કેવો આકાર ભાવ પ્રત્યવતાર-(સ્વરુપ) 'होत्था' હતો. એના જવાબ-માં પ્રભુ કહે છે "गोयमा ! बहुसमर णिज्जे भूमिभागे होत्था से जहाणामए आलिंग पुक्खरेइ वा जाव नाणामणि पंचवण्णेहिं तणेहिं य मणीहिय उवसोभिए" હે ગૌતમ ! જયારે જંબૂદ્વીપાશ્રિત આ ભરતક્ષેત્રમાં અવસર્પિણી કાળના સમયે પ્રથમ સુષમસુષમા નામક પ્રથમ આરક પોતાની સર્વોત્કૃષ્ટ અવસ્થા પર ચાલી રહ્યો હતો, તે સમયમાં અહીં ભૂમિ ભાગ બહુ સમ રમણીય હતો અને તે એવો બહુસમ હતો કે જેવો મૃદંગના મુખ પટ નો આકાર હોય છે. યાવત્ તે અનેક પ્રકારના પાંચ વર્ણ વાળા મણિઓ થી તેમ જ તૃણોથી સુશોભિત હતો અહીં યાવત્પદ થી જે પદોનો સંગ્રહ કરવામાં આવેલ છે તે પદો વિષે જો જાણવાની ઈચ્છા હોય તો એના માટે રાજપ્રશ્નીય સૂત્રના ૧૫ માં સૂત્ર થી માંડી ને ૧૯ માં સૂત્ર સુધીના કથનને જોવું જોઈએ. અહીં આ વિષય ને તેની સુબો-ધિની નામની ટીકા વડે સ્પષ્ટ કરવામાં આવેલ છે." "किण्हेहिं जाव सुक्किल्लेहिं एवं वण्णो, गंधो, रसो फासो सद्दोय तणाणय मणोणय भाणियव्वो जाव तत्थ णं बहवे मणुस्सा माणुसीओ य आसयंति, सयंति, चिट्ठंति, णिसीयंती, तुयट्टंति रमंति, ललंति" ત્યાંના મણિ અને તૃણ કૃષ્ણ વર્ણ યાવત નીલવર્ણ, લોહિતવર્ણ પીતવર્ણ તથા શુકલ વર્ણો થી યુકત છે. આ પ્રમાણે તે મણિઓ અને તૃણોના ગન્ધ, રસ, સ્પર્શ અને શબ્દનું વર્ણન જે પ્રમાણે રાજપ્રશ્નીય સૂત્રના ૨૫ માં સૂત્રથી માંડીને ૧૯ માં સૂત્ર સુધી માં કરવામાં આવ્યું છે તે પ્રમાણે જ અહીં પણ વર્ણન કરી લેવું જોઈએ. એમના શબ્દોનું વર્ણન રાજપ્રશ્નીય સૂત્રના ૬૩ મા સૂત્ર અને ૬૪ મા સૂત્રમાં કરવામાં આવેલ છે. યાવત્ ત્યાં અનેક પુરુષો, સ્ત્રીઓ ઉઠતાં, બેસતાં રહે છે. ઈત્યાદિ. અહીં યાવત્ પદ થી પુષ્કરિણીઓ, પર્વતો, ગૃહો મંડપો અને પૃથિવી શિલા પટ્ટકોનું ગ્રહણ થયેલું છે. પુષ્કરિણીઓનું વર્ણન રાજપ્રશ્નીય સૂત્રના ૬૫ મા સૂત્ર થી, પર્વતો નું વર્ણન ૬૬ સૂત્ર થી ગૃહોનું વર્ણન

૬૭ મા સૂત્ર થી તેમ જ મંડપો અને પૃથિવી શિલાપટ્ટકોનુ વર્ણન ૬૮ મા સૂત્રથી કરવામાં આવેલ છે. આ સૂત્રોના પદોની વ્યાખ્યા તેની સુબોધિની ટીકામાં કરવામાં આવેલ છે. **"आसते शेरते"** ઇત્યાદિ ક્રિયાપદોની વ્યાખ્યા આ જ આગમના ૬ સૂત્રમા કરવામાં આવેલ છે. **"शेरते"** શબ્દનો અર્થ જો કે 'સુઈજાવુ' થાય છે. પરંતુ અહીં આ અર્થ વિવક્ષિત નથી. કેમ કે દેવો સૂતા નથી. એથી આ શબ્દનો અર્થ ફક્ત અહીં શય્યાની ઉપર તે દેવ અને દેવીઓ પોતાના શરીર ને પ્રસૃત કરી ને ફક્ત લેટે છે. અહીં **'शेरते'** ક્રિયા પદ નો અર્થ મનુષ્યના સંદર્ભમાં કરવામાં આવેલ છે. તે રૂપમાં કરવામાં આવેલ છે. મનુષ્યો શય્યા પર શરીરનું પ્રસારણ કરે છે અને નિદ્રાધીન પણ થાય છે. એથી **'शेरते'** ક્રિયા પદનો અર્થ અહીં તેઓ લેટે પણ છે અને નિદ્રાધીન પણ થાય છે. એવો કરવો જોઈએ. આ નીતિ મુજબ શિષ્યોના ઉપકારમાં રત ગુરુ શિષ્યો વડે અવિજિજ્ઞાસિત વિષયના સંબંધમાં પણ જાતે યથા સમય સ્પષ્ટતા કરતા રહે છે. તે મુજબ હવે સૂત્રકાર ભરતક્ષેત્રની ભૂમિના સૌભાગ્ય ને સૂચિત કરવા માટે કહે છે–**"तीसेणं समाए भरहे वासे बहवे उद्दालाः कुद्दाला कयमाला णट्टमाला, दंतमाला, नागमाला, सिंगमाला, संखमाला, सेयमाला, णामं दुमगणा पण्णत्ता"** આ સુષમ સુષમા કાલમાં આ ભરત ક્ષેત્રમાં અનેક ઉદ્દાલ, કુદ્દાલ, મોદ્દાલ, કૃતમાલ' નૃત્તમાલ, દંતમાલ, નાગમાલ, શ્રૃંગમાલ, શંખમાલ અને શ્વેતમાલ નામના પ્રસિદ્ધ ઉત્તમ વૃક્ષ જાતિના ઉત્તમ વૃક્ષ સમૂહો કહેવામાં આવેલ છે. **"कुसविकुसविसुद्धरुक्खमूला मूलमंतो कंदमंतो जाव बीयमंतो पत्तेहिय पुप्फेहिं, फलेहिं, य उच्छण्ण पडिच्छण्ण सिरीए अईव २ उवसोभेमाणा चिट्ठंति"** આ સર્વ વૃક્ષો પોત પોતાના મૂળ ભાગોમાં અને શાખાપ્રશાખા આદિના મૂળ સ્થાનોમા કુશ અને વિકુશબલ્વન વગેરે તૃણ વિશેષોથી રહિત હોય છે. વૃક્ષોનો જે અધોભાગ હોય છે તે અહીં મૂલ શબ્દથી ગૃહીત થયેલ છે. તેમ જ લક્ષણાથી શાખાદિકોનો પણ આદિ ભાગ સંગૃહીત થઈ જાય છે. તેમ જ આ સર્વ વૃક્ષો પ્રશસ્ત મૂલ વાળા છે કેમ કે એમનો મૂલભાગ બહુ જ ઊંડા સુધી ભૂમિમાં ગયેલો છે. આ પ્રમાણે આ સર્વ વૃક્ષો પ્રશસ્ત કંદો વાળા છે. અહીં આવેલ યાવત પદ આ બતાવે છે કે જગતી ના વનવૃક્ષોના વર્ણન માં જેટલા

વિશેષણો પ્રશસ્ત બીજ વિશેષણો સુધી પ્રયુકત કરવામા આવેલ છે. તે સર્વ વિશેષણો આ વૃક્ષોના વર્ણનમાં અહી પણ ગૃહીત કરવા જોઈએ. વૃક્ષોનું વર્ણન પંચમ સૂત્રમાં કરવામાં આવેલ છે. તેમ જ આ સર્વ વૃક્ષો પત્રો, પુષ્પો અને ફળોથી અલંકૃત રહે છે. એથી આ વૃક્ષો બહુ જ સુંદર શોભા સંપન્ન દૃષ્ટ ગત થાય છે "तीसेणं समाए भरहे वासे तत्थ २ बहवे मेरुतालवणाइं, हेरुतालवणाइं, मेरुतालवणाइ, पमयालवणाइं, सालवणाइं, सरलवणाइं सत्तवण्ण वणाइं, पूयफलिवणाइं खज्जूरी वणाइ, णालिएरी वणाइ कुसविकुसविसुद्ध रुक्खमूलाइं जाव चिट्ठंति" તે કાળમાં ભારતવર્ષમાં ઠેક ઠેકાણે અનેક ભેરુ તાલ-વૃક્ષ વિશેષ-ના વનો હોય છે હેરુતાલના વનો હોય છે, મેરુતાલના વનો હોય છે, પ્રભતાલના વનો હોય છે. સાલવૃક્ષોના વનો હોય છે, સરલવૃક્ષોના વનો હોય છે, સપ્તપર્ણોના વનો હોય છે, પૂગફલી-સોપારી-ના વૃક્ષોના વનો હોય છે, ખજૂરી-પિંડખજૂરોના વનો હોય છે. અને નારિકેલના વૃક્ષોના વનો હોય છે. આ વનો મો આવેલા વૃક્ષોની નીચેના ભૂમિ ભાગો કુશ-કાશ અને બિલ્વાદિ લતા ઓથી સર્વથા રહિત હોય છે. આ વૃક્ષો પણ પ્રશસ્ત મૂલ વાળા હોય છે. પ્રશસ્ત કંદવાળા હોય છે. ઇત્યાદિ રૂપ થી જે જે વિશેષણો હમણા જ ઉપર સંગ્રહ કરવામાં આવેલા છે તે સર્વ વિશેષણો અહીં આ વૃક્ષોના વર્ણનમાં પણ પ્રશસ્ત બીજ સુધીના વિશેષણ સુધી ગ્રહણ કરવા જોઈએ. "तीसेणं समाए भरहे वासे तत्थ २ बहवे सेरिया गुम्मा, णोमालिया गुम्मा कोरंटयगुम्मा, बंधुजीवयगुम्मा, मणोज्ज गुम्मा, बीजगुम्मा, बाणगुम्मा, कणइर गुम्मा, कज्जय गुम्मा, सिंधुवारगुम्मो, मोग्गरगुम्मा जूहियागुम्मा मल्लिया गुम्मा' वासंतिया गुम्मा, वत्थुल गुम्मा, कत्थुल गुम्मा, सेवाल गुम्मा, अगत्थि गुम्मा मगदंतिया गुम्मा चंपग गुम्मा, जाई गुम्मा, णवणो यया गुम्मा कुंद गुम्मा महाजाइगुम्मा रम्मा, महामेहणिकुरंबभूया दसद्धवण्णं कुसुमं कुसमेंति' તે કાળે ભરત ક્ષેત્રમા ઠેકઠેકાણે ઘણી સેરિકા નામની લતા ઓના સમૂહો હોય છે નવમાલિકા નામની લતાએના સમૂહો હોય છે. કોરંટ નામની લતાએના સમૂહો હોય છે બન્ધુ જીવક નામની લતાઓના સમૂહો હોય છે. મનોવદ્ય નામની લતાઓના સમૂહો હોય છે બીજ ગુલ્મો હોય છે. બાણ ગુલ્મો હોય છે. નીલકિંટિકા ગુલ્મો હોય છે. કણેરના ગુલ્મો હોય છે. કુબ્જકના ગુલ્મો હોય છે। વૃક્ષ વિશેષનું નામ કુબ્જક છે. સિંદૂવારના ગુલ્મો હોય છે. મુદ્ગર વેલી ના ગુલ્મો હોય છે. યૂથિકા-સ્વર્ણ જાુહીના ગુલ્મો હોય છે. મલ્લિકા લતાના ગુલ્મો હોય છે. વાસંતિકા લતાના ગુલ્મો હોય છે. વસ્તુલના ગુલ્મો હોય છે. વસ્તુલ આ એક પ્રકારની હરિત વનસ્પતિ નું નામ છે. અને આ શાક બનાવવાના ઉપયોગ માં આવે છે. વનસ્પતિ વિશેષરૂપ કસ્તુલના ગુલ્મો હોય છે. શેવાલના ગુલ્મો હોય છે. અગસ્તિ પુષ્પના ગુલ્મો હોય છે. મગદંતિકાના ગુલ્મો હોય છે. ચંપકના ગુલ્મો હોય છે. માલતીના ગુલ્મો હોય છે. પુષ્પ પ્રધાન વનસ્પતિ રૂપ નવનીતિકાના ગુલ્મો હોય છે. માદ્ય પુષ્પ વિશેષ રૂપ કુંદના ગુલ્મો હોય છે. તેમજ બૃહત્ માલતીના ગુલ્મો હોય છે. આ સર્વ ગુલ્મો અતીવ સુદંર હોય છે અને આરોપ યુક્ત મેઘના સમૂહ જેવા હોય છે. તેમજ પાંચ વર્ણ વાળા પુષ્પોને આ સર્વે ઉત્પન્ન કરતા રહે છે. "जे णं भरहे वासे बहुसमरमणिज्जं भूमिभागं वायविधुयगसाला मुक्क पुप्फ०" એ ગુલ્મો

ભરત ક્ષેત્રમાં સ્થિત બહુસમરમણીય ભૂમિભાગને વાયુથી કંપિત શાખાઓના અગ્રભાગથી વર્ષેલા પુષ્પોથી અલંકૃત કરતા રહે છે, "**तीसेणं समाए भरहे वासे तत्थ तत्थ तहिं तहिं बहुईओ पउमलयाओ जाव सामलयाओ णिच्चं कसुमियाओ जाव लया वण्णओ**" તે કાળમાં ભરત ક્ષેત્રમાં ઠેક ઠેકાણે અનેક પદ્મલતાઓ હોય છે. યાવત્ શ્યામલતા હોય છે. એ સર્વ લતાઓ સર્વદા પુષ્પોને ઉત્પન્ન કરે છે. અહીં યાવત્પદથી નાગલતા, અશોક લતા, ચંપક લતા, આમ્ર લતા, વન લતા, વાસંતિકા લતા, અતિમુક્તક લતા અને કુન્દ લતા આ સર્વ લતાઓનું ગ્રહણ થયું છે. આ લતાઓના વિષે સવિશેષ જાણવા માટે એ જ આગમના આઠમાં સૂત્રનું અધ્યયન કરવું જોઈએ. એ સૂચના માટે '**जाव लया वण्णओ**' એવો સૂત્રપાઠ સૂત્રકારે કરેલ છે.

'**तीसेणं समाए भरहेवासे तत्थ २ तहिं तहिंबहु ईओ वणराईओ पण्णत्ताओ**" તે કાલે ભરત ક્ષેત્ર માં ઠેકઠેકાણે ઘણી વનરાજિઓ હતી એવું કહેવામાં આવે છે, એ વનરાજિઓ "**किण्हाओ किण्होभासाओ, जाव रम्माओ, रयमत्तगछप्पय कोरंट गभिगारग कोंडलगजीवं जीवग नंदीमुह कविल पिंगलक्खगकोरंडव चक्कवायग कलहंस हंस सारस अणेग सउणगण मिहुणं वियरियाओ**" કૃષ્ણ છે અને કૃષ્ણરૂપથી અવભાસિત થાય છે. યાવત્ એઓ ખૂબજ સોહામણી લાગે છે. અહી યાવત્ પદથી આવાત સ્પષ્ટ કરવામાં આવી છે કે કૃષ્ણાવભાસ પદથી માંડીને અંતિમ રમ્ય પદ સુધી જેટલા પદો વનરાજિના વિશેષણ રૂપમાં આવેલા છે તે સર્વનો અત્રે સંગ્રહ થયેલ છે. તેમસમજવું તે પદો આ પ્રમાણે છેઃ '**नीलाः नीलावभासाः, हरिताः, हरितावभासाः, शीताः, शीतावभासाः, स्निग्धाः, स्निग्धावभासाः तीव्राः, तीव्रावभासाः, कृष्णः, कृष्णच्छायाः, नीलाः णीलच्छायाः, हरिताः, हरितच्छायाः, शीताः, शीतच्छायाः, स्निग्धाःस्निग्धच्छायाः, तीव्राः तीव्रच्छायाः, घनकटितटच्छायाः,महामेघनिकुरम्बभूताः रम्याः**" આ પદોની વ્યાખ્યા પદ્મવર વેદિકાના પ્રસંગમાં ૫ માં સૂત્રમાં કરવામાં આવી છે. એ વનરજિઓમાં પુષ્પની ગંધમાં અનુરક્ત થયેલ ઉન્માદી ભૃંગો કોઈ કોઈ સ્થલે ગુંજન કરતા દેખાય છે. તો કોઈ કોઈ સ્થળે કોરંટક નામના પક્ષી વિશેષો કલરવ કરતા દેખાય છે. કોઈ સ્થળે ભૃંગારક, કોઈ સ્થળે કુંડલક, કોઈ સ્થળે ચકોર, કોઈ સ્થલે નંદી મુખ કોઈ સ્થળે કપિલ તીતર, કોઈ સ્થળે પિંગલાક્ષક પિંગલ નેત્રવાળું પક્ષી વિશેષ કોઈ સ્થળે કારંડવ જલકાક અને કોઈ સ્થલે ચક્રવાક તેમજ કલહંસ-બતક અને હંસ પોતપોતાની માદાઓની સાથે વૃક્ષોની એકથી બીજી શાખાઓ પર સંચરણ કરતા દેખાય છે આ પ્રમાણે આ વનરાજિ આ પક્ષીઓના મધુર શબ્દોથી સર્વદા મુખરિત રહે છે. "**संविड्डियदरियभमरमहुपरिपहकर परिलित मत्त छप्पय कुसुमासवलोलमहुरगुमगुमायमान-गुंजंत देसभागाओ**" આ વનરાજિઓના પ્રદેશો કુસુમાસવોના પાન કરવા માટે પરસ્પર સમિલિત થયેલા મદમત્ત ભ્રમરો અને ભ્રમરીઓના સમૂહોની સાથે સાથે એકત્ર થયેલા

તેમજ કુસુમાસવ પાનથી ચંચલ થયેલ મદમત્ત બીજા ષટ્પદોના મધુર ગુંજન સંગીતથી શબ્દાયમાન થતા રહે છે. "अब्भिंतरपुप्फफलाओ बाहिरपत्तोच्छण्णाओ पत्तेहियपुप्फेहिय ओच्छन्न बलिच्छत्ताओ, साउफलाओ, निरोययाओ अकंटयाओ णाणाविह गुच्छ गुम्म मंडवग सोहियाओ" એ વનરાજિઓ અંદર તો પુષ્પો અને ફળોથી યુક્ત છે અને બહાર પત્રોના સમૂહોથી આચ્છન્ન છે. એમના ફળો મધુર રસોથી યુક્ત છે. એમનામાં કોઈ પણ જાતનો રોગ નથી અથવા અહીં કોઈ પણ જાતના રોગનું અસ્તિત્વ જ નથી. અથવા વૃક્ષચિકિત્સા શાસ્ત્ર માં જે રોગોનું વર્ણન છે. તે રોગો અહીંના વૃક્ષોમાં નથી. અર્થાત્ અહીંના વૃક્ષો તે સર્વ રોગોથી રહિત છે અથવા શીત જન્ય વિદ્યુત્પાતજન્ય અને આતપ આદિ જન્ય ઉપદ્રવોથી એ વૃક્ષો સર્વથા હીન છે. અહીં કાંટાઓનું તો અસ્તિત્વ જ નથી એ વનરાજિઓ અનેક જાતના પુષ્પસ્તબકોથી-પુષ્પોના ગુચ્છોથી ગુલ્મોથી લતા પ્રતાનોથી અને લતા મંડપોથી સુશોભિત છે. "विचित्त सुहकेउभूयाओ, वावी पुक्खरिणी दीहिया सुनिवेसिय रम्मजालहरयाओ, पिण्डिमणीहारिमं, सुगंधि सुहसुरभिमणहरं च महया गंधद्धाणि मुयंताओ सव्वोउय पुप्फफलसमिद्धाओ सुरम्माओ पासाईयाओ, दरिसणिज्जाओ अभिरूवाओ षडिरूवाओ" એ વનરાજિઓ જોનારાઓને એવી લાગે છે કે જાણે એઓ વિચિત્ર પ્રકારની સારી ધ્વજાઓજ હોય' એમાં જે વાપિકાઓ છે—ચાર ખૂણા વાળી વાવો છે. ગોળ આકારવાળી પુષ્કરિણીઓ છે. તેમજ દીર્ઘિકાઓ છે એ સર્વની ઉપર સુન્દર સુન્દર જાલ ગૃહો સ્થાપિત છે. છિદ્રોવાળા ગવાક્ષો જાલગૃહો કહેવાય છે. એ વન રાજિઓ મનુષ્યોને તૃપ્તિ થાય તેવી સુગંધિને-ગન્ધઘ્રાણિને ચોમેર પ્રસૃત કરતી રહે છે. એ ઘ્રાણિ તે વનરાજિઓ માંથી અલ્પમાત્રામાં પિંડિત થઈને નીકળે છે અને નીકળી ને તે બહુજ દૂર સુધી જતી રહે છે. એમની જે વાસ હોય છે તે મનોહર હોય છે. એ વનરાજિઓમાં સર્વઋતુઓના પુષ્પો તેમજ ફળો સર્વદા રહે છે. એથી એઓ તેમનાથી સદા સમૃદ્ધ રહે છે. એ સર્વ વનરાજિઓ અતિરમણીય છે. દર્શકોના હૃદયોને પ્રસન્ન કરનારી છે, દર્શનીયા છે, દર્શકો ના મન અને નયનોને આકર્ષનારી છે અને અસાધારણ રૂપથી યુક્ત છે. ।।૨૨।।

## કલ્પવૃક્ષ કે સ્વરૂપકા કથન

હવે સૂત્રકાર વૃક્ષાધિકારને લઈ ને કલ્પવૃક્ષોના સ્વરૂપનું કથન કરે છે—

**"तीसेणं समाए भरहेवासे तत्थ २ देसे तहिं २ मत्तगा णामं दुमगणा पण्णत्ता" इत्यादि सूत्र-२३।**

ટીકાર્થ-તે સુષમ સુષમા નામના આરકમાં ભરતક્ષેત્રમાં ઠેક ઠેકાણે તે સ્થાનોમાં મત્તાંગ નામના કલ્પવૃક્ષો હતા. અહીં મત્ત શબ્દથી હર્ષના કારણભૂત પદાર્થ ગ્રહણ કરવામાં આવેલ છે. તે હર્ષના કારણભૂત પદાર્થ ને આપવામાં જે હેતુભૂત હોય છે. તે અહીં મત્તાંગ શબ્દથી કહેવામાં આવ્યા છે. અથવા આનન્દ જનક જે પેયવસ્તુ છે તે વસ્તુ જેમના અવયવો છે એટલે કે આનંદ પ્રદ પેય પદાર્થને આપનારા જે દ્રુમો છે-વૃક્ષ સમૂહો છે તે મત્તાંગ શબ્દથી ગૃહીત થયેલા છે. "जहा से चंदप्पभा जाव ओच्छण्ण पडिच्छण्णा चिट्ठंति" આ પાઠને સ્પષ્ટ રૂપથી સમજવા માટે યાવત પદ વડે જે પાઠ સંગૃહીત થયેલ છે, પહેલાં તેને પ્રગટ કરવા માં આવે છે. તે પાઠ આ પ્રમાણે છેઃ "जहासे चंदप्पभामणि सिलागवर-

सीधु वरवारुणि सुजाय पत्त पुप्फफल चोयणिज्जा ससार बहुदव्वजुत्ति संभारकाल संधि आसवामहुमेरगा रिट्ठाभदुद्धजातिपसन्न तल्लग सताउखज्जुरिय मुद्दिया सारका विसायण सुपक्कखोय रसवर सुरा वण्णगंधरसफरिसजुत्ता बलवीरिय परिणापा मज्जविही बहुप्पगारा तहेव ते मत्तंगा वि दुमगणा अणेग बहुविविह वीससा परिणयाए मज्जविहीए उववेया फलेहिं पुण्णा वीसंदंति, कुसविकुसविसुद्धरुक्खमूला जाव पत्तेहिं च पुप्फेहिं च फलेहिं च ओच्छन्नपडिच्छन्ना चिट्ठंति'' ચન્દ્રપ્રભા મણિ શિલિકા ઉત્તમમદ્ય તથા વરવારુણી એ સર્વે માદક રસ વિશેષો છે. આ સર્વે સુપરિપાકગત પુષ્પો ફળો તેમજ ચોય નામક ગન્ધ દ્રવ્ય વિશેષના રસોમાંથી બનાવવામાં આવે છે, તથા એમના માં શરીરને પુષ્ટ કરનારા દ્રવ્યોનું સમ્મિશ્રણ રહે છે. આ પ્રમાણે અનેક જાતના આસવો પણ તૈયાર કરવામાં આવે છે. જે યથા સમયે આસવોત્પાદક દ્રવ્યોના સામ્મિશ્રણથી નિષ્પન્ન હોય છે. તેમજ મધુમેરક વગેરે એ પણ મદ્ય જાતિના વિશેષ પ્રકારો છે. આમાં મધુ અને મેરક એ માદક પદાર્થોના સંયોગમાં નિષ્પન્ન થાય છે. રિષ્ટાભા નામક શરાબ જાંબુના ફળોથી તૈયાર કરવામાં આવે છે. દુગ્ધજાતિની જે શરાબ હોય છે તે સ્વાદમાં દૂધ જેવી સ્વાદવાળી હોય છે. પ્રસન્ન અને તલ્લક આ પણ એક પ્રકારની શરાબ શેષ છે સો વખત શોધિતથઈજાય છતાં એ જે પોતાના સ્વરૂપ ને યથાવત રાખે છે તે શરાબ વિશેષનું નામ શતાયુ છે. ખજૂંર અને દ્રાક્ષાના રસથી જે શરાબ તૈયાર કરવામાં આવે છે તેનું નામ ખજૂંરી મૃદ્વીકાસારા છે. આ પ્રમાણે એક શરાબ એવી પણ હોય છે કે જે ઈક્ષુના રસને પકવી ને તેનાથી તૈયાર કરવામાં આવે છે અને તેમાં સુરોત્પાદક ચૂર્ણ મિશ્રિત કરવામાં આવે છે. આ સર્વ સુરા વિશેષોના વર્ણ ગન્ધ રસ અને સ્પર્શ વિશિષ્ટ પ્રકારના હોય છે. અને એમના સેવનથી શરીરમાં બળ અને વીર્યનું ઉત્પાદન થાય છે. એ ઘણી પ્રકારની હોય છે, જેમ લોક પ્રસિદ્ધ ચન્દ્રપ્રભા વગેરે સુરાઓ હોય છે. તેમજ મત્તાંગ જાતિના દ્રુમગણ પણ સ્વતઃ સ્વભાવથી અનેક પ્રકારના અમાદક પદાર્થોના રૂપમાં પરિણત થઈ જાય છે. એમનું આ એવું પરિણમન અંકુરાદિકોના રૂપમાં તાલાદિ વૃક્ષોમાં જોઈ શકાય છે તેવું નથી. પરંતુ જ્યારે એમના ફૂલો પરિપકવ થઈ જાય છે અને તે ફૂટે છે ત્યારે તેમનામાંથી નિર્ઝરની જેમ રસ નિસ્રૃત થવા લાગે છે. અને તે રસનું પાન કરીને ત્યાંના લોકો આનંદની મસ્તીમાં તરબોળ થઈ જાય છે. આ વૃક્ષોના અધો ભાગો કુશ અને બિલ્વાદિ તૃણોથી વિહીન હોય છે, જે માણસ આ વૃક્ષોની પાસે જઈને જે માદક

પદાર્થની ઈચ્છા કરે છે તે વૃક્ષ તે સ્વરૂપમાંજ સ્વતઃ સ્વભાવથી પરિણત થઈ જાય છે, અને યાચકોની ઈચ્છા ને પૂર્ણ કરે છે. આ સંબંધમાં વિશેષ સ્પષ્ટતાથી પાઠગત પદોનું વ્યાખ્યા પૂર્વક કથન જીવાભિગમ સૂત્રની ટીકામાં કરવામાં આવેલ છે. આ કથનનું તાત્પર્ય આટલુંજ છે કે એ દ્રુમો યુગલિક જનોની ઈચ્છા મુજબ જે પદાર્થ તેઓ ઈચ્છતા હોય તે આપે છે. જો બુદ્ધિ પૂર્વક વિચાર કરવામાં આવે તો આમ જણાશે કે મદ્યપાન દુર્ગતિ જનક છે. અને સુષમ સુષમાકાળના યુગલિકો નિયમતઃ સુગતિગામી હોય છે. તેથી આ મત્તાંગક વૃક્ષો પણ સુરા વિશેષના સ્થાને અમાદક અમૃતમય એવા આનંદ પ્રદ રસ રસવિશેષોને જ પ્રવાહિત કરે છે. અહીં જે સુરા વિશેષોની સાથે એમને ઉપમિત કર્યા છે તે ફકત એમના વર્ણનના ઉદ્દેશ્યથી જ. આ પ્રમાણે ત્યાં જે ૧૦ મા અંતિમ અનગ્નક નામે કલ્પવૃક્ષો હોય છે. તે પણ તે યુગલિકોને અનેક જાતના વસ્ત્રોને આપી ને તેમની ઈચ્છા પૂર્ણ કરતા રહે છે. અહીં જે યાવત્ પદ આવેલ છે તેનાથી શેષ કલ્પવૃક્ષોનું ગ્રહણ કરવા માં આવ્યું છે. આમાં બીજા નંબરે જે કલ્પવૃક્ષ છે તે ભૃતાંગ નામક કલ્પવૃક્ષ કહેવાય છે. એ કલ્પવૃક્ષો પણ ત્યાં પુષ્કળ પ્રમાણમાં હોય છે. એમના સંબંધમાં એવું કથન છે–**'तीसेणं समाए भरहे वासे तत्थ २ देसे तहिं तहिं बहवे भिंगगा णामं दुमगणा पण्णता समणाउसो जहा से वारग घडगा–कलस– करगकक्करिपायंचणि उदंकवद्धणिसुपइट्ठगविट्ठर पारी चसक भिंगार करोडिसडगपत्ती थाल णल्लक चवलियं अवमददगवारग विचित्त वट्टग सुत्तिचारुणीणया कंचणमणिरयणभत्तिचित्ता भायण विहीय बहुप्पगारा तहेव ते भिंगगा वि दुमगणा अणेग बहुविहवीससा परिणयाए भायणविहीए उववेआ फलेहिं पुण्णाविव विसट्टंति'**' આ કથનનું તાત્પર્ય આ પ્રમાણે છે કે તે પ્રથમ આરકમાં ભરતક્ષેત્ર માં ઠેક ઠેકાણે અનેક ભૃતાંગ નામના કલ્પવૃક્ષો હોય છે. એ કલ્પવૃક્ષો તે યુગલિકોને અનેક પ્રકારના ભાજનોને પ્રદાન કરતા રહે છે. આ સૂત્રપાઠગત પદોની વ્યાખ્યા જીવાભિગમ સૂત્ર માં કરવામાં આવી છે, એથી જિજ્ઞાસુજનો ત્યાંથી જ વાંચી લે.

તૃતીય કલ્પવૃક્ષના સ્વરૂપનું કથન—

'तीसेणं समाए भरते वासे तत्थ २ देसे तहिं २ बहवे तुडिअंगा णाम दुमगणा **पण्णत्ता समणाउसो ! जहा से आलिंग मुइंग पणव पडह, ददरियकरडि डिंडिम भंभाहोरंभ कणिय खरमुहिमुपंद संखिय पिरली वच्चक परिवादिनी बंसवेणु सुघोस विवंचि महति कच्छभि रिगिसिगिआ–तल तालकंस ताल सुसंपउत्ता आतोज्जविही निउणगंधव्व समयकुसलेहिं फंदिया तिट्ठाणकरणसुद्धा तहेव ते तुडिअंगा वि दुमगणा अणेग बहुविविह वीससापरिणयाए तत वितत धण झुसिराए आतोज्जविहीए उववेया फलेहि पुण्णा विव विसट्टंति कुसविकुस जाव चिट्ठंति**'' આ તૃતીય કલ્પવૃક્ષનું કાર્ય આ પ્રમાણે છે કે તે

યુગલિકજનોને અનેક પ્રકારના યથેચ્છ વાદિત્રો આપતા રહે છે. એવા કલ્પવૃક્ષો ત્યાં અનેક છે. વાદિત્રોના રૂપના એમનું સ્વાભાવિક રૂપમાં પરિણમન થઈ જાય છે. જેમને જે જે પ્રકારના વાદિત્રોની આવશ્યકતા જણાય છે. તે તે પ્રકારના વાદિત્રો તેઓ ત્યાંથી મેળવીલે છે. આ સૂત્રમાં આવેલા પદોની વ્યાખ્યા જીવાભિગમ સૂત્રના ભોગભૂમિ પ્રકરણમાં કરવામાં આવી છે. એથી વાચકો ત્યાંથી વાંચી લે. ગ્રન્થ વિસ્તાર ભયથી અત્રે વ્યાખ્યા કરવામાં આવી નથી આ તૃતીય કલ્પવૃક્ષનું નામ ત્રુટિતાંગ છે. ત્રુટિત નામ વાદિત્રનું છે. વાદિત્ર અનેક પ્રકારના હોય છે, એ જ વાત આ સૂત્ર પાઠ વડે પ્રકટકરવામાં આવી છે.

ચતુર્થ કલ્પવૃક્ષનું સ્વરૂપઃ—

**'तीसेणं समाए भरहे वासे तत्थ २ देसे तहिं २ बहवे दीवसिहा णामं दुमगणा पण्णता समणाउसो । जहा से संझाविरागसमए नवनिहिवइणो दीविया चक्कवाल विंदे पभू वट्टिपलित्तणेहे घणि उज्जलिए तिमिरमद्दए कणगणिगर कुसुमिय पारियातगवणप्प-गासे कंचणमणिरयण विमलमहरिय तवणिजुज्जवल विचित्त दंडाहि दीवियाहि सहसा पज्जालियो सप्पिय निद्धतेयदिप्पंत विमल गहगण-इत्यादि ।**

ચતુર્થ કલ્પવૃક્ષનું નામ દ્વીપશિખ છે. દ્વીપશિખ નામના કલ્પવૃક્ષો ત્યાં ઠેક ઠેકાણે હોય છે. એ સર્વ વૃક્ષો ત્યાં અનેક એ બહુવિધ વિસ્રસા પરિણત ઉદ્યોતવિધિથી યુક્ત હોય છે. એથી દ્વીપોના જે કાર્ય હોય છે તેમના એ સમ્પાદકો હોય છે. નવ નિધિઓના નામ આ પ્રમાણે છે. નૈસર્પ ૧ પાંડક ૨ પિંગલ ૩ સર્વરત્ન ૪ મહાપદ્મ ૫ કાલ ૬ મહાકાલ ૭ માણવક ૮ અને શંખ આ સૂત્રપાઠમાં આવેલા પદોની વ્યાખ્યા જીવાભિગમસૂત્ર ના ભાષાન્તર માં કરવામાં આવી છે. એથી જિજ્ઞાસુઓએ ત્યાંથી વાંચી લેવુ.

પાંચમાં કલ્પવૃક્ષનું સ્વરૂપઃ

**'तीसेणं समाए भरहे वासे तत्थ २ देसे तहिं २ बहवे जोइसिया णामं दुमगणा पण्णत्ता''** इत्यदि પાંચમા કલ્પવૃક્ષનું નામ જ્યોતિષિક છે. એ કલ્પવૃક્ષો તે સમયે ત્યાં ઘણાં હોય છે અને પોતાની સ્વાભાવિક પ્રભાથી તેમજ અનેક બહુવિવિધવિસ્રસા પરિણત થયેલી ઉદ્યોત વિધિથી યુક્ત થયેલા તત્ તત્ પ્રદેશોને ચોમેરથી અવભાસિત કરતા રહે છે. ઉદ્યોતિત કરતા રહે છે તેમજ પ્રભાયુક્ત કરતા રહે છે. આ સર્વ કલ્પવૃક્ષના અધોભાગ કુશ કાશ તેમજ વિકુશ બિલ્વાદિ લતાઓથી રહિત હોય છે. આ સૂત્રપાઠગત પદોની વ્યાખ્યા જીવા-ભિગમસૂત્ર માં કરવા માં આવી છે એથી જિજ્ઞાસુઓએ ત્યાંથી વાંચી લેવું જોઈએ અહીં પુનઃ સૂત્રપાઠગત પદોની વ્યાખ્યા કરવાથી ગ્રન્થ વિસ્તાર થશે.

છઠ્ઠા કલ્પવૃક્ષનું સ્વરૂપઃ-

**'तीसेणं समाए भरहे वासे तत्थ २ देसे तहिं तहिं बहवे चित्तंगा णामं दुमगणा पण्ण त्ता''** इत्यादि ।

છઠ્ઠા કલ્પવૃક્ષનું નામ ચિત્રાંગ છે. તે કાળે એ કલ્પવૃક્ષો ત્યાં પુષ્કળ સંખ્યામાં થતા હતાં ઠેકઠેકાણે એ કલ્પ વૃક્ષો તે કાળે ત્યાં પુષ્કળ સંખ્યામાં પ્રાપ્ત થતા હતા ભોગ ભૂમિમાં એમનો અત્યારે પણ સદ્‌ભાવ છે. આ ભરત ક્ષેત્રમાં પ્રથમ કાળમાં ભોગ ભૂમિ હતી. એથી તે

વખતે અહિંઆ તે ઠેક ઠેકાણે હતાં. એ ચિત્રાંગ જાતિના કલ્પવૃક્ષો તે ભોગ ભૂમિના માણુસોને તથાવિધ વિસ્રસાપરિણામથી પરિણત થઈને અનેક પ્રકારોની માળાઓ પ્રદાન કરે છે. આ સૂત્રપાઠગત પદોની વ્યાખ્યા જીવાભિગમસૂત્રના અનુવાદમાં કરવામાં આવી છે.

સાતમા કલ્પવૃક્ષનું સ્વરૂપ—

**"तीसेणं समाए तत्थ २ भरहे वासे तत्थ देसे तहिं २ बहवे चित्तरसा णामं दुमगणा पण्णत्ता समणाउसो' इत्यादि ।**

સાતમા કલ્પવૃક્ષનું નામ ચિત્રરસ છે. પ્રથમ કાળમાં એ કલ્પવૃક્ષો આ ભરત ક્ષેત્રમાં ઠેકઠેકાણે પુષ્કળ સંખ્યા માં હોય છે. જેવું એમનું નામ તેવા જ ગુણોથી એ યુક્ત છે. મધુર અમ્લાદિ રસ એમના અનેક પ્રકારના હોય છે. અથવા આસ્વાદકોના માટે તે રસ આશ્ચર્યકારી હોય છે. એથી પણ આ કલ્પવૃક્ષો ચિત્રરસ નામથી પ્રસિદ્ધ થઈ ગયાં છે. એ કલ્પવૃક્ષો મધુર વગેરે રસોને કોઈ વડે નહિ પણ સ્વતઃ સ્વભાવતઃ જ આ પ્રમાણે પરિણમનવાળા હોય છે. એથીઅનેક બહુવિધ વિવિધ વિસ્રસા પરિણત થયેલા ભોજન વિધિથી એ યુક્ત હોય છે. આ સંબંધમાં કહેવામાં આવેલા સૂત્રોના પદોની વ્યાખ્યા જીવાભિગમ સૂત્ર ના અનુવાદમાં અમે પહેલાં કરી છે. એથી જિજ્ઞાસુજનો ત્યાંથી વાંચી લે.

આઠમા કલ્પવૃક્ષનું સ્વરૂપ:

**"तीसेणं समाए भरहे वासे तत्थ २ देसे तहिं २ बहवे मणियंगा णामं दुमगणा पण्णत्ता समणाउसो" इत्यादि ।**

તે સુષમ સુષમા નામના આરકની ઉપસ્થિતિમાં આ ભરતક્ષેત્રમાં ઠેક ઠેકાણે અનેક મણ્યંગ નામના કલ્પવૃક્ષો ત્યાંના યુગલિકો માટે સ્વાભાવિક રૂપથી અનેક પ્રકારની ભૂષણ વિધિથી યુક્ત થયેલા તેમના આભૂષણોની ઇચ્છાઓની પૂર્તિ કરે છે. આ સૂત્રપાઠમાં જે જે પદો આવેલા છે, તેમની વ્યાખ્યા 'જીવાભિગમસૂત્ર' ના હિન્દી અનુવાદમાં સ્પષ્ટ રૂપમાં કરવામાં આવી છે. એથી આ વિષે ત્યાંથી જ વાંચી લેવું જોઈએ. એક સેરની કાંચી હોય છે, આઠ સેરોની મેખલા હોય છે. સોળસેરોની રસના હોય છે. અને ૨૫ સેરોની એક કલાપક હોય છે,

નવમા કલ્પવૃક્ષનું સ્વરૂપ:

**"तीसेणं समाए भरहे वासे तत्थ २ देसे तहिं तहिं बहवे गेहागारा णामं दुमगणा पण्णत्ता इत्यादि ।**

હે શ્રમણ આયુષ્મન્! તે સુષમ સુષમા નામના આરામાં ભરતક્ષેત્રમાં એ સ્થાનો પર અનેક ગેહાકાર નામના કલ્પવૃક્ષો હોય છે. એ કલ્પવૃક્ષો મનોનુકૂલ ભવનવિધિથી યુક્ત હોય છે. એટલે કે અનેક પ્રકારના ભવન રૂપમાં એ સ્વતઃ સ્વભાવથી પરિણત થઈ જાય છે. આ સૂત્રમાં આવેલા પદોની વ્યાખ્યા જીવાભિગમસૂત્રના અનુવાદમાં કરવામાં આવેલી છે. એથી જિજ્ઞાસુઓ ત્યાંથી વાંચી લે.

દશમા કલ્પવૃક્ષનું સ્વરૂપ કથનઃ

"तीसेणं समाए भरहे बासे तत्थ २ देसे तहिं २ बहवे
अणिगमा णामं दुमगणा पण्णत्ता"इत्यादि ।

હે શ્રમણ આયુષ્મન્ તે સુષમ સુષમા નામના આરામાં ભરતક્ષેત્રની અંદર અનગ્ન નામના કલ્પવૃક્ષ હોય છે. એ કલ્પવૃક્ષના પ્રભાવથી ત્યાંની કોઈ પણ વ્યક્તિ વસ્ત્ર રહિત રહેતી નથી. ઉત્તમ તેમજ મૂલ્યવાન વસ્ત્રો ત્યાંના માણુસોને એમનાંથી પ્રાપ્ત થતા રહે છે કેમકે એ વૃક્ષો સ્વભાવતઃ અનેક રાગોથી રંજિત થયેલા વસ્ત્રોના રૂપમાં પરિણત થઇ જાય છે, ॥૧૦॥

આ વસ્ત્રોનું વર્ણન આ સૂત્રદ્વારા કરવામા આવેલ છે. તેને પ્રકટ કરનારા સૂત્ર ગત-પદોની વ્યાખ્યા જીવાભિગમ સૂત્રના અનુવાદમાં કરવામાં આવીગયેલ છે. તેથી ત્યાંથી તે સમજી લેવી ॥સૂ૦ ૨૩॥

## સુષમસુષમાકાલમેં ઉત્પન્ન મનુષ્યોં કે સ્વરૂપકા કથન

આ પ્રમાણે ૧૦ પ્રકારના કલ્પવૃક્ષોનું સ્વરૂપ પ્રકટ કરીને હવે સૂત્રકાર સુષમાસુષમા નામક કાળમાં ઉત્પન્ન થયેલ મનુષ્યોના સ્વરૂપનું વર્ણન કરે છે. :

'तीसेणं समाए भरहे वासे मणुयाणं केरिसए आयारभावपडोयारे पण्णत्ते-इत्यादि ॥सूत्र११॥

ટીકાર્થ—ગૌતમે પ્રભુને આ સૂત્ર વડે પ્રશ્ન કર્યો છે કે હે ભદંત ! તે સુષમસુષમા આ-રકના સદ્ભાવમાં ભરતક્ષેત્રમાં યુગલિક મનુષ્યોના સ્વરૂપપર્યાય પ્રાદુર્ભાવ એટલે કે સ્વરૂપ કેવું હોય છે. ? એના જવાબમાં પ્રભુએ આ પ્રમાણે કહ્યું છે.-गोयमा ! तेणं मणुया सुपइ-ट्ठिय कुम्मचारुचलणा जाव लक्खणवंजणगुणोववेया सुजायसुविभत्तसंगयंगा पासाईया जाव पडिरूवा" હે ગૌતમ ! તે સમયે મનુષ્ય યુગલિક સ્ત્રી-પુરુષ જેમનું સંસ્થાન સમીચીન છે એવા તેમજ કચ્છપ જેવા ઉન્નત સુંદર ચરણોવાળા હોય છે.

શંકા-"मानवा मौलितो वर्ण्या देवाश्चरणतः पुनः" આ કવિસમય મુજબ મનુષ્ય-જન્મવાળા યુગલિકોનું વર્ણન મસ્તકથી માંડીને કરવું જોઈએ અને દેવોનું વર્ણન ચર-ણોથી કરવામાં આવવું જોઈએ તો પછી અહીં એમનું વર્ણન ચરણથી માંડીને સૂત્રકારે શા માટે કર્યું છે ? આ પ્રશ્નનો ઉત્તર આ પ્રમાણે છે કે યુગલિક મનુષ્ય પ્રશસ્ત પુણ્યવાળા હોય છે. એથી તેઓ દેવ તુલ્ય માનવામાં આવે છે. એટલા માટે દેવકલ્પ આ યુગલિક મનુષ્યોનું વર્ણન ચરણથી માંડીને કરવામાં કોઈ ક્ષતિ જેવી વાત નથી. આ યુગલિક સ્ત્રી-પુરુષ-લક્ષણ સ્વ -

સ્તિક વિગેરે વ્યંજન–મષીતિલક વિગેરે તેમજ ગુણ–પ્રકૃતિભદ્રતા વગેરેથી યુક્ત હોય છે. સુજાત સુવિભક્ત સંગત અંગવાળા હોય છે. એટલે કે એમના શરીરાવયવો સુવિભાગયુકત હોય છે. તેમજ સંગત પ્રમાણોપેત હોય છે ન્યૂનાધિક હોતા નથી અહીં જે પ્રથમ યાવત્ શબ્દ આવેલ છે તેથી 'सुपइट्ठिय' ઈત્યાદિ પદથી માંડીને 'लक्खणवंजण' ઈત્યાદિ પદ પર્યન્ત જેટલા વધારાના વિશેષણપદો છે તેમનો સંગ્રહ 'जीवाभिगम' વગેરે સૂત્રદ્વારા જાણી લેવો જોઈએ "पासादीया जाव पडिरूवा" પાઠમાં આવેલ આ યાવત્ પદથી દર્શનીય અને અભિરૂપ આ પદોનો સંગ્રહ થયેલ છે. એ ચારે ચાર પદોની વ્યાખ્યા પહેલાં જેવી કરવામાં આવે છે. તેથી જ સમજવી જોઈએ "तीसेणं भंते ! समाए भरहेवासे मणुईणं केरिसए आयारभावपडोयारे पण्णत्ते" હે ભદન્ત ! તે સુષમસષમા કાળ ના સમયે ભરત ક્ષેત્રની સ્ત્રીઓના આકાર ભાવ પ્રત્યવતાર–સ્વરૂપ કેવું કહેવામાં આવેલ છે. આના જવાબમાં પ્રભુ કહે છે.– "गोयमा ! ताओ णं मणुइओ सुजायसव्वंगसुंदरीओ पहाण महिलागुणेहिं जुत्ता" હે ગૌતમ ! તે મનુષ્ય સ્ત્રીઓ—યુગલિકમનુષ્ય સ્ત્રીઓ સુપ્રમાણમાં ઉત્પન્ન થયેલા મસ્તકાદિ અંગોવાળી હોય છે. તેમજ સુજાત સર્વાંગ યુક્ત હોવાથી તેઓ ખૂબજ સુંદર હોય છે. મનોહર આકારવાળી હોય છે, તથા મહિલાઓના પ્રધાનગુણોથી એટલે કે પ્રિય બોલવું તેમજ સ્વામીના ચિત્તાનુકૂલ વર્તન કરવું વગેરે મહિલા જગતના પ્રધાન સદ્ ગુણોથી તેઓ યુક્ત હોય છે. "अइकंत विसप्पणमाण मउय सुकुमाल कुम्म संठिय–विसिट्ठचलणा उज्जुमउल पीवर सुसाहियंगुलीओ अब्भुण्णयरइअतलिण तंब सुइद्धणिद्धणक्खा रोमरहिअ पट्ठलट्ठ संठिय अजहण्णपसत्थलक्खण अक्कोप्प जंघ जुयलाओ' એમના બન્ને ચરણો અતિકાન્ત–અતિ સુંદર હોય છે., વિશિષ્ટ પ્રમાણોપેત હોય છે. પોતપોતાના શરીરના અનુરૂપ પ્રમાણવાળા હોય છે. ન્યૂનાધિક પ્રમાણ વાળા હોતા નથી. સંસારમાં જેટલા કોમળ પદાર્થો માનવામાં આવે છે. તે પદાર્થોની વચ્ચે એમના આ ચરણો અત્યન્ત વધારે સુકોમળ છે. તેમજ જેવું કચ્છપનું સંસ્થાન હોય છે, તેવું જ સંસ્થાન એમના ચરણોનું હોય છે. એથી એઓ ખૂબજ મનોજ્ઞ હોય છે. એમના ચરણોની આંગળીઓ ઋજુ સરલ હોય છે. મૃદુક–કોમળ–હોય છે અને પીવર–પુષ્ટ હોય છે. અર્થાત્ સ્નાયુ વગેરેનો સંધિભાગ એમાં દેખાતો નથી. તેમજ સુસંહત હોય છે. પરસ્પર અડીને રહે છે. એ આંગળીઓના નખો સમુન્નત હોય છે. ઉપરની તરફ મધ્યમાં ઉન્નત થયેલા રહે છે. રતિદ હોય છે–જોનારાઓને આનંદપ્રદ હોય છે. અથવા "रइया" રંજિત હોય છે–લાક્ષા રસના રાગથી રંગેલા હોય છે. 'तलिन' પાતળા હોય છે. તામ્ર–ઈષદ્ રક્તવર્ણવાળા હોય છે. શુચિ મલ વિહીન હોય છે. તેમજ સ્નિગ્ધ સુચિકવણ હોય છે. "नक्खे' માં દ્વિત્વ પ્રાકૃત હોવાથી થયેલ છે. એમનું જંઘાયુગલ રોમરહિત હોય છે. વૃત્ત–વર્તુલ–ગોલ હોય છે લષ્ટસંસ્થિત–રમ્યસંસ્થાનથી યુક્ત હોય છે. ઉર્ધ્વ ઉર્ધ્વ ક્રમથી સ્થૂલ સ્થૂલતર હોય છે. અને અજઘન્ય પ્રશસ્ત લક્ષણવાળું હોય છે. ઉત્કૃષ્ટ શ્લાઘ્ય લક્ષણોથી યુક્ત હોય છે. અકોપ્ય

અતિ સુભગ હોવાથી અદ્વેષ્ય હોય છે. "सुणिम्मिय सुगूढ सुजण्णुमंडल सुबद्धसंधीओ, कयली खंभाइरेक संठिअणिव्वण सुकुमाल मउअ मंसल अविरल समसंहिअ सुजायवट्ट पीवर णिरंतरोरु" એમનું સુજાનુમંડળ અતીવ સપ્રમાણ હોય છે, અને માંસળ હોવાથી અનુપલક્ષ્ય હોય છે. તેમજ એમની સંધિઓ દૃઢ સ્નાયુઓથી સારી રીતે આબદ્ધ રહે છે. એમના બન્ને ઉરુઓ કદલીના સ્તંભના સંસ્થાન કરતાં પણ વધારે સુંદર સંસ્થાનવાળા હોય છે. વિસ્ફોટક વગેરેના વ્રણથી રહિત હોય છે. સુકુમાર પદાર્થો કરતાં પણ વધારે એઓ સુકુમાર હોય છે. અતિ કોમળ હોય છે. માંસલ-પુષ્ટ હોય છે. અવિરલ એક બીજા ને અડીને રહે છે. સમ-તુલ્ય પ્રમાણ વાળા હોય છે સહિક-સક્ષમ હોય છે. સારા રૂપમાં ઉત્પન્ન થયેલા હોય છે. વૃત્ત-વર્તુલ હોય છે. પીવર પુષ્ટ રહે છે. તેમજ સતત અંતર વિહીન હોય છે "अट्ठावय-वीइय पट्ट संठिअ पसत्थ विच्छिण्ण पिहुलसोणी वयणायामप्पमाणदुगुणिया विसाल मंसल सुबद्धजहणवरधारिणीओ वज्जविराजि अपसत्थ लक्खण निरोदरतिवलियवलि

यतणुमज्झिमाओ, અષ્ટાપદવીતિક પદમાં વીતિક વિશેષણ પ્રાકૃતનું હોવાથી પર પ્રયોગ થયેલ છે. તેમજ ઘુણ વગેરે ઉપદ્રવથી વિહીન દ્યુતફલકની જેમ પ્રષ્ઠ સંસ્થાન યુક્ત શ્રેષ્ઠ આકાર યુક્ત એમનો શ્રોણિ પ્રદેશ-કટિ ભાગ હોય છે, અને તે પ્રશસ્ત અને અતિ સ્થૂલ હોય છે. એમનો પ્રધાન કટિપૂર્વભાગ એટલે કે જઘન મુખની દ્વાદશ અંગુલ પ્રમાણ લંબાઈ કરતાં બે ગણું હોય છે, એથી તે વિસ્તીર્ણ માંસલ પુષ્ટ અને સુબદ્ધ સુદૃઢ હોય છે. એમનો જે મધ્યભાગ છે તે વજ્રના જેવો મનોહર હોય છે. પ્રશસ્ત લક્ષણોથી સામુદ્રિક શાસ્ત્રોકત સારાં-સારાં લક્ષણોથી યુક્ત હોય છે. વિકૃત ઉદરથી રહિત હોય છે. અથવા અલ્પ ઉદરવાળો હોય છે. ત્રિવલીથી યુક્ત હોય છે. બલિત-બલ સંપન્ન હોય છે. દુર્બળ હોતો નથી, પાતળો હોય છે, સ્થૂલ હોતો નથી અને કંઈક નમિત હોય છે."उज्जुयसम-सहिय जच्च तणुकसिणणिद्ध आईज्जलडह सुजाय सुविभत्तकंतसोभंतरुइलरमणिज्ज

रोमराई, गंगावत्त पयाहिणावत्ततरंगभंगुर विकिरण तरुण बोहिअ आकोसायंत पउम गंभीरविअडणाभा" એમની રોમરાજિ ઋજુક-ઋજવી સરળ હોય છે. વક્ર કુટિલ હોતી નથી. સમ બરાબર હોય છે. સહિત પરસ્પર મિલિત હોય છે. અન્તરથી યુક્ત હોતી નથી સ્વભાવતઃ પાતળી હોય છે. સ્થૂલ હોતી નથી કૃષ્ણ વર્ણવાળી હોય છે, કપિના રોમની જેમ કપિશ હોતી નથી. સ્નિગ્ધ સુચિક્કણ હોય છે, ખરબચડી હોતી નથી આદેય નેત્રો માટે સ્પૃહણીય છે. લલિત સુંદરતાથી યુક્ત હોય છે સુજાત હોય છે. સારી રીતે ઉત્પન્ન થયેલ હોય છે. સુવિભકત હોય છે. સારી રીતે વિભાગથી સંપન્ન હોય છે. કાન્ત-કમનીય છે. એથી તે ખૂબજ સોહામણી લાગે છે. અને જેટલી રુચિકર વસ્તુઓ છે તે સર્વ કરતાં તે વધારે રુચિર હોય છે, "गंगावर्त प्रदक्षिणावर्त्त" વગેરે સૂત્ર મનુજવર્ણનના પ્રસંગમાં આ સૂત્રન વર્ણનમાં પહેલાં વ્યખ્યાત થયેલ છે. "अणुब्भडपसत्थपीणकुच्छीओ सण्णयपासाओ संगय

पासाओ, सुजायपासाओ, मियमाइय पीणरइअपासाओ" એમનો ઉદરનો વામ-દક્ષિણ ભાગ અનુદ્ભટ અસ્પષ્ટ હોય છે. પ્રશસ્ત શ્લાધ્ય હોય છે. અને પીન સ્થૂલ હોય છે, "सन्नतपार्श्वे, सुजातपार्श्वे, मित्र मात्रिक पीनरतिदपार्श्वे" એ ત્રણે પદો પહેલાં મનુજવ-વર્ણનના પ્રસંગમાં વ્યાખ્યાત થયેલ છે. 'अकरंडुय कणगरुयगणिम्मल सुजाय णिरुवहय गायलट्ठीओ' એમની શરીરયષ્ટિ અકરડુક માંસલ હોવાથી અનુપલક્ષ્યમાણ છે પૃષ્ઠવંશનું હાડકું જેમાં એવી તે હોય છે તેમજ સ્વર્ણના જેવી કાંતિથી યુકત હોય છે. નિર્મળ સ્વાભાવિક અને આગન્તુક મેલથી વિહીન હોય છે. સુજાત હોય છે. ગર્ભથી માંડીને જન્મ સુધીના દોષોથી રહિત હોય છે. અને નિરુવકુત જ્વરાદિરોગ તેમજ દંશાદિક ઉપદ્રવોથી હીન હોય છે. "कंचणकलसप्पमाणसमसहिय लट्ठवच्चु आमेलगजमल जुअल वट्टिअ अ-भुण्णयपीणरइअपीवरपओहराओ" એમના બન્ને પયોધરો સુવર્ણ ઘટના જેવા મનોહર હોય છે. સમ હોય છે પરસ્પર માં સમાન હોય છે. ન્યૂનાધિક હોતા નથી પરસ્પર મળેલા હોય છે, એઓ એટલા પાસે પાસે હોય છે કે એઓ બન્નેનાં મધ્યમાંથી મૃણાલ તતુંપણ નીકળી શકતું નથી અથવા તો એમના મધ્યમાં મૃણાલ તંતુ પણ પ્રવેશી શકતું નથી. એઓ બન્ને સ્તનોના જે અગ્રભાગ હોય છે. તે બહુજ સુંદર હોય છે, એ બન્ને સ્તનો સમશ્રેણિમાં હોય છે. અને યુગ્મ રૂપ હોય છે. એ બન્નેની આકૃતિ ગોળ હોય છે અને વક્ષસ્થલ પણ આગળ બહુજ સુંદર રીતે ઉંચે ઉઠેલા હોય છે "पीनरतिदौ" એ સ્થૂલ હોય છે અને પ્રીતિકારક હોય છે તેમજ માંસથી સુપુષ્ટ હોય છે. "भुअंग अणु पुव्वतणु अगोपुच्छवट्ट समसंहिय णमिय आइज्जललिय बाहा" એમની બન્ને ભુજાઓ સર્પની જેમ ક્રમશઃ નીચેની તરફ પાતળી હોય છે એથી તે ગોપુચ્છની જેમ ગોળાકાર હોય છે. પરસ્પરમાં તે સમાન એક સરખી હોય છે. મધ્ય શરીરની અપેક્ષાએ એ-સંહિત અવિરલ હોય છે. સ્કન્ધદેશ નત હોવાથી એ નમ્ર-નમિત હોય છે. આદેય હોય છે. અને મનોહર હોય છે. "तंबणहाओ, मंसलग्गहत्थाओ, पीवरकोमलवरंगुलियाओ, णिद्धपाणिरेहा, रवि ससि संख चक्क सोत्थिय सुविभत्त सुविरइय पाणिलेहाओ" એમના નખોનો વર્ણ તામ્ર હોય છે. એમના હાથોના અગ્રભાગ માંસલ-પુષ્ટ હોય છે, એમના હાથોની આંગળીઓ પી-વર-સુપુષ્ટ હોય છે કોમળહોય અને ઉત્તમ હોય છે, એ સ્ત્રીઓ સુચિકવણ હસ્તરેખાઓ વાળી હોય છે. એમના હાથોમાં રવિ શશી શંખ ચક્ર અને સ્વસ્તિકની રેખાઓ હોય છે. અને એ રેખાઓ ત્યાં સુસ્પષ્ટ હોય છે, "पीणुण्णयकरकक्खवत्थिप्पएसा" એમના કક્ષ પ્રદેશ વક્ષ-સ્થળ અને વસ્તિપ્રદેશ-ગુહ્ય પ્રદેશ એ સર્વે પુષ્ટ હો છે, ઉન્નત હોય છે તેમજ પ્રશસ્ત હોય છે. "पडिपुण्णगलकपोला" એમના ગાલ અને કંઠ એ બન્ને પ્રતિ પૂર્ણ પરિપુષ્ટ સુંદર હોય છે. અંદર વળી ગયેલા હોતા નથી. चउरंगुलप्पमाणकंबुवरसरिसगीवाओ" એમની જે ગ્રીવા હોય છે તે ચતુરંગુલ પ્રમાણવાળી હોય છે અને એથી જ તે સુપ્રમાણોપેત-માનવામાં આવી છે. તથા જેવો શ્રેષ્ટ શંખ હોય છે. તેવી જ તે શ્રેષ્ઠ હોય છે, એટલે કે રેખાત્રયથી યુકત હોય છે. "मंसल संठीअ पसत्थ हणुगाओ" એમના કપોલના અધો ભાગ હનુ માંસલ હોય છે. ઉચિત સંસ્થાન યુકત હોય છે, એથી તે પ્રશસ્ત હોય છે. "दाडिम

**पुप्फप्पगासपीवरपलंबकुंचियवराधराओ''** એમનો જે અધરોષ્ઠ હોય છે તે દાડમના પુષ્પની જેમ પ્રકાશયુકત હોય છે. એટલે કે દાડમના પુષ્પ જેવો લાલ હોય છે પુષ્ટ હોય છે. અને ઉપરના ઓષ્ઠ કરતાં કંઈક લાંબો હોય છે તેમજ તે કુંચિત નીચેની તરફ સહેજ નમ્ર થયેલ હોય છે. એથી તે ખૂબ જ શ્રેષ્ઠ હોય છે. **''सुन्दरुत्तरोट्ठयाओ दहिदगरय चंद कुं-दवासंति मउलधवलअच्छिद्दविमलदसणाओ''** તેમજ ઉપરનો જે એમનો ઓષ્ઠ હોય છે તે બહુજ સુંદર હોય છે. એમના દાંત દહીં જલકણ ચન્દ્ર કુન્દ પુષ્પ અને વાસન્તીની કળી જેવા અતીવ શ્વેત વર્ણવાળા હોય છે. એમની મધ્યમાં છિદ્ર હોતા નથી એ અવિરલ હોય છે અને વિમલ-મળ રહિત હોય છે. **''रत्तुप्पलपत्तमउयसुकुमालतालुजीहाओ कणवीर मउलकुडिल-अब्भुग्ग य उज्जुतुंग णासाओ, सारयणवकमलकुमुय कुवलयविमलदलणियरसरिस लक्खण-पसत्थ अजिह्मकंतणयणा'** એમનાં તાલુ અને જિહ્વા રકતોત્પલનાં પત્રની જેમ રક્ત હોય છે. અને સુકુમાર હોય ને. એમની નાસિકા કણેરની કલિકા જેવી અકુટિલ હોય છે અને તે ભ્રૂદ્વયના મધ્યમાંથી નીકળીને અતીવ સરળ તેમજ ઊંચી રહે છે. ગાય વગેરેના નાકની જેમ તે કુટિલ હોતી નથી. એમના બન્ને નેત્રો શરદ ઋતુ સંબંધી નવીન કમળ-સૂર્ય વિકાસી પદ્મ કુમુદ ચન્દ્ર વિકાસી ઉત્પલ તેમજ કુવલય નીલોત્પલના વિમલ પત્રોના સમૂહના જેવાં હોય છે. એટલે કે રકત શ્વેત અને નીલ વર્ણથી યુકત રહે છે તથા તે શોભન લક્ષણના યોગથી પ્રશસ્ત હોય છે. અજીહ્મ હોય છે, ભદ્ર ભાવયુકત હોવા થી વિકાર ભાવ રહિત હોવા છતાંએ ચપળ હોય છે અને કાન્ત હોય છે અતીવ સુંદર હોય **''पत्तलधवलायत आतंब लो-यणाओ, आणामियचावरुइलकिण्हब्भराइ संगयसुजायभूमयाओ,** તેમજ તે તેમનાં નેત્રો પત્રલપક્ષ્મલ-શોભન પક્ષ્મથી યુકત હોય છે, ધવલ શુભ્ર હોય છે. આયત હોય છે કર્ણાન્ત-ગત હોય છે અને ઈષદ્ અરુણ હોય છે. સ્ત્રીઓની નયન સુભગતા જ તેમનો ઉત્કૃષ્ટ શૃં-ગાર છે. એ વાતને સૂચિત કરવામાટે શોભન પક્ષ્મ યુકતતા અને કર્ણાન્તગતત્વ વિશેષણોને લઈને ફરીથી નેત્રોનું વર્ણન કરવામાં આવ્યું છે. આનામિત આરોપિત ધનુષની જેમ વક્ર કુટિલ એથી રુચિર સુંદર તેમજ કૃષ્ણાભ્રરાજિની જેમ સંગત કૃષ્ણ મેઘપંકિતની સમાના સંગત-સંહત અવિચ્છિન્ન તથા સુજાત શોભન એવી ભમરો એમને હોય છે. **''आलीणपमाण जुत्तसवणा सुसवणाओ, पीणमट्ठगंडलेहाओ, चउरंसपसत्थसमणिडालाओ, कोमुई रयणि-अर विमलपडिपुण्णसोमवयणाओ'** એમના બન્ને શ્રવણો—કાનો આલીન સંગત હોય છે. એથી તે સપ્રમાણ હોય છે અને એટલા માટે જ એઓ સુકર્ણ એટલેકે સારા કાનોવાળી માનવામાં આવે છે. એમની કપોલપાલી પીન હોય છે પરિપુષ્ટ હોય છે, નીચી ઊંચી હોતી નથી તેમજ તે શુદ્ધ હોય છે. શ્યામતા વગેરે વર્ણોથી સંક્રાંત હોતી નથી. એમનો લલાટ પ્રદેશ ભાલ ચતુરસ્ર ચોખૂણિયો હોય છે. પ્રશસ્ત લક્ષણોપેત હોય છે. તેમજ સમ-અવિષય હોય છે. એમનું મુખ શરદ્ કાલની પૂર્ણમાસીના ચન્દ્રના જેવું વિમળ નિર્મલ હોય છે પ્ર-તિપૂર્ણ હોય છે, સૌન્દર્યથી પરિપૂર્ણ હોય છે અને સૌમ્ય શાંતિજનક હોય છે. **''छत्तुण्णय-**

उत्तमंगाओ अकविल सुसिणिद्ध गंधदीहसिरयाओ छत्त-१, ज्झय-२ जूअ-३ थूभ ४ दामिणी -५ कमंडलु-६ कलस-७ वावि-८ सोत्थिय-९ पडाग-१० जव-११ मच्छ-१२ कुम्म-१३ रहवर-१४ मगर-ज्झय-१५ अंक-१६ थाल-१७ अंकुस-१८ अट्ठावय-१९ सुपइट्ठग-२० मयूर-२१ सिरिअभिसेअ-२२ तोरण-२३ मेइणि-२४ उदहि -२५ वरभवण-२६ गिरि-२७ वरआयंस-२८ सलोलगय-२९ उसभ-३० सीह-३१ चामर-३२ उत्तमपसत्थबत्तीसलक्खण-धरीओ એમનું મસ્તક છત્ર જેવું ઉન્નત હોય છે. એમના મસ્તકના વાળ અકપિલ કૃષ્ણ-હોય છે. સુસ્નિગ્ધ સ્વભાવતઃ સુચિક્કણ હોય છે. સુગન્ધિત શોભન ગંધથી યુકત રહે છે દીર્ઘ લાંબા હોય છે. સ્ત્રીઓના સૌભાગ્ય સૂચક તેમજ સામુદ્રિક શાસ્ત્રના ૩૨ લક્ષણોથી તેઓ સંપન્ન હોય છે. ૩૨ લક્ષણો આ પ્રમાણે છે છત્ર ૧-,ધ્વજા ૨.યૂપ-એક સ્તંભ વિશેષ કે જે યજ્ઞમાં આરોપિત હોય છે-સ્તૂપ પીઠ-૪દામ માળા-૫.કમંડલુ-જલપાત્ર વિશેષ-૬, કલશ-૭. વાપી-૮, સ્વસ્તિક -૯ પતાકા-૧૦ યવ૧૧ મત્સ્ય-૧૨ કૂર્મ કચ્છપ ૧૩ રથવર-શ્રેષ્ઠ રથ-૧૪ મકર ધ્વજ- મકર રૂપધ્વજા-૧૫ આ કામદેવની ધ્વજા છે, અને એ સર્વ કાલિક સૌભાગ્ય-સૂચક હોય છે.) અંક કાળો તલ ૧૬-સ્થાલ-થાલ-૧૭, અંકુશ-૧૮, અષ્ટાપદ ધુતફળક-૧૯, સુપ્રતિષ્ઠક-સ્થાપનક-૨૦, મયૂર-મોર ૨૧, શ્રયભિષેક-લક્ષ્મીનું અભિષેક રૂપ ચિહ્ન -૨૨, તોરણ-૨૩, મેદિની-પૃથ્વી-૨૪, ઉદધિ સમુદ્ર-૨૫, શ્રેષ્ઠ પ્રાસાદ-૨૬, ગિરિ-પર્વત-૨૭, શ્રેષ્ઠ દર્પણ-૨૮, સલીલ ગજ-લીલા સહિત હાથી-૨૯, ઋષભ-બલીવર્દ-બળદ-૩૦, સિંહ-૩૧ અને ચામર-૩૨, 'हंससरिस गईओ, कोइलमहुरगिरसुस्सराओ' कंता, सव्वस्स अणुमयाओ, ववगयवलिपलियवंगदुव्वणवाहि दोहग्गसोगमुक्काओ' હંસના જેવી એમની ગતિ હોય છે, એમના સ્વર સહકાર-આમ્રની મંજરીના રસાસ્વાદથી ઉત્પન્ન થવાવાળા આનન્દથી મત્ત થએલી કોકિલની વાણી જેવો મધુર હોય છે. એઓ બહુ જ સુન્દર હોય છે. એથી નિકટ રહેનારી દરેકે-દરેક વ્યક્તિ એમને ચાહે છે. કોઈ એમનાથી દ્વેષ કરતું નથી સામાન્ય વ્યક્તિના શરીરમાં ચર્મની શિથિલતાથી જે પ્રકારની રેખા પડી જાય છે તે પ્રકારની રેખાઓ એટલે કે કરચલિયો એમના શરીર પર પડતી નથી અને એમના વાળ પણ સફેદ થતા નથી અર્થાત્ એમના શરીરમાં કોઈ પણ દિવસે ઘડપણ આવતું નથી. એમના શરીરમાં હીનાધિક—અંગો હોતા નથી. એમના શરીરની ચામડી અપ્રશસ્ત વર્ણવાળી હોતી નથી, તાવ વગેરે રોગોથી એ ઓ સર્વે મુક્ત હોય છે. વૈધવ્યનું દુઃખ એ કોઈ પણ દિવસે ભોગવતી નથી, અને પુત્રશોક અને દારિદ્રય જન્ય સંકલેશથી એ ઓ સદા મુકત રહે છે. "उडच्चत्तेण य णराण थोव्वण-मुस्सियाओ सभावसिंगारचारुवेसाओ संगयगयहसियभणिय चिट्ठिय बिलाससंलावनिउणजुत्तोवयारकुसलाओ, सुंदरथणजहणवयणकरचलणणयणलावण्ण-

रूवजोव्वणविलासकलियाओ" એમની ઉંચાઈ માણસોની ઉંચાઈ કરતાં સહેજ ઓછી હોય છે. એટલે કે એઓ કંઈક કમ ત્રણગાઉ જેટલે ઊંચી હોય છે. ત્યાંના પુરુષો ત્રણ કોસ જેટલા ઊંચા હોય છે. સ્વભાવતઃ એમનો વેષ શૃંગાર યોગ્ય હોય છે. આ કથનથી "કેશવિરચન વગેરે જે ઔપાધિક શૃંગારો છે, તેનો તેઓમાં અભાવ રહે છે અને એથી જ તેમનામાં નિર્વિકાર મનસ્કતા રહે છે" આ વાત સૂચિત કરવામાં આવી છે. એઓ ઉચિત ગમનમાં, હાસમાં, બોલવામાં, અનેકજાતની ચેષ્ટાઓ કરવામાં, વિલાસમાં અને પરસ્પર વાત ચીત કરવામાં ખૂબ જ ચતુર હોય છે, તેમ જ લૌકિક વ્યવહારોમાં પણ ખૂબ જ નિપુણ હોય છે. આ કથનનો ભાવ આ પ્રમાણે છે કે તે કાળની સ્ત્રિઓનું મન પરપુરુષ તરફ અને પરપુરુષનું મન પરસ્ત્રીઓ તરફ કદાપિ અભિલાષી થતું નથી જો આ વાત યથાર્થ છે તો ભગવાન આદિનાથનું સુનન્દા સાથે પાણિગ્રહણ કરવું અનુચિત ઠરે છે. કેમકે સુનન્દાના પતિના અવસાન પછી જ ભગવાને તેનું પાણિગ્રહણ કર્યું છે. એથી આ જાતના આચરણ બદલ ભગવાનને પરસ્ત્રી દોષનો પ્રસંગ અનિવાર્ય પણે ઉપસ્થિત થાય છે. તો આ સંબંધમાં સમાધાન એવું છે કે કોઈ યુગલિમાંના યુગલ રૂપથી કન્યા અને દારક ઉત્પન્ન થયાં તેઓ બાલોચિત-ક્રીડાઓ કરતા કોઈ એક તાલ વૃક્ષની નીચે જઈ પહોંચ્યા. ત્યાં કર્મયોગથી તે તાલવૃક્ષ પરથી કાક તાલીય ન્યાયથી પડતા તેના ફળથી માથામાં આઘાત થવાથી તે દારક મરણ પામ્યો. કન્યાના માતા-પિતાએ તે કન્યાનું પાલન પોષણ કર્યું અને તેને મોટી કરી તેનું નામ માતા પિતાએ સુનંદા રાખ્યું. કેટલાક દિવસો પછી સુનંદાના માતા પિતાનું અવસાન થઈ ગયું. સુનંદા ત્યાર બાદ એકલી રહી ગઈ. તે એકલી જ ઘરમાં રહેવા લાગી. ધીમે ધીમે તે વનમાં પણ આમ તેમ જવા આવવા લાગી. જ્યારે તે યુવતી થઈ તો તેને જંગલમાં એકલી ફરતી જોઇ તે યુગલિક જન નાભિરાય કુલકરની પાસે લઈ ગયા. નાભિકુલકરે તેની બધી હકીકત જાણી ને આ ઋષભકુમારની પત્ની થાય. આમ તેનો સ્વીકાર કરી લીધો. આરીતે ભગવાન ઋષભે કુમારિકાવસ્થાવાળી તે સુનંદા સાથે પાણિગ્રહણ કર્યું છે. એથી ભગવાન પર પરસ્ત્રી પરિણયનનો દોષારોપણ યોગ્ય કહેવાય નહિ. શાસ્ત્રોમાં એવું વિધાન છે કે ભોગભૂમિમાં જીવોનું અકાલમૃત્યુ થતું નથી. તો પછી તે દારકનું અકાલ મૃત્યુ કેવી રીતે થયું ? તો આનો જવાબ આ પ્રમાણે છે કે જેમનું આયુ પૂર્વકોટિથી અધિક હોય છે, એવા યુગલિકોનું અકાલમૃત્યુ થતું નથી પણ આદિનાથના વારકમાં થયેલ આ દારકની પૂર્વકોટિ કરતાં વધારે આયુષ્ય ન હોતી એથી એનું અકાલ મૃત્યુ થયું. તેમનાવારકમાં અકાલ મૃત્યુ સંબંધી આ પહેલું દૃષ્ટાન્ત છે. એવી વાત બીજા સ્થાને આ પ્રમાણે કહેવામાં આવી છે. ભગવાનનું પોતાની સહોદરા સુમંગલા સાથે જે પાણિગ્રહણ થયું છે તે ઘણું અનુચિત જ થયું છે. સહોદરા સાથે પાણિગ્રહણ તો સાધારણ વ્યકિત માટે પણ અનુચિત કાર્ય ગણાય છે. તો આ સંબંધમાં આમ કહેવામાં આવ્યું છે કે તે વખતે આ જાતનો વહેવાર લોકાવિરુદ્ધ ગણાતો હતો. લોકમાં નિંદનીય તેમજ અનુચિત ગણાતો નથી. એથી સહોદરાની સાથે કરવામાં આવેલ પાણિગ્રહણ તે વખતના વ્યવહાર મુજબ અનુચિત કાર્ય ગણાય નહિ. 'सुन्दर' ઈત્યાદિ એ સ્ત્રીઓના સ્તન જઘન ભાગ કટિના નીચેનું સ્થાન વગેરે સર્વ અંગો સુંદર જ હોય છે. "नन्दण वण विवरचारिणी उव्व अच्छराओ" એ સ્ત્રીઓ નન્દનવનમાં-સુમેરુના દ્વિતીય

વનમાં-વિહરણશીલ અપ્સરાઓ જેવી સુંદર છે એથી "**भरहवासमाणुसच्छराओ**" ભરતક્ષેત્રની એ માનુષીરૂપમાં અપ્સરાઓ જ છે. "**अच्छेरगपेच्छणिज्जाओ पासाईयाओ जाव पडिरूवाओ**" મનુષ્યલોકના માટે એ આશ્ચર્ય સ્વરૂપા હોવાથી લોકો વડે એ પ્રેક્ષણીય છે. પ્રાસાદીય વગેરે એ ચાર પદોની વ્યાખ્યા જેમ પહેલા કરવામાં આવી છે તેવી જ અહીં પણ સમજવી. "**तेणं मणुया ओहस्सरा, हंसस्सरा, कोंचस्सर णंदिस्सरा, णंदीघोसा, सीहस्सरा**" તે કાલના મનુષ્યો અને સ્ત્રિઓ ઓઘસ્વરવાળા મેઘના જેવા ગંભીર સ્વરવાળા હંસના જેવા મધુરસ્વરવાળા ક્રૌંચ પક્ષીના જેવા દૂરદેશવ્યાપી સ્વરવાળા નન્દીના દ્વાદશ-વિધતૂર્ય સમુદાયના સ્વર જેવા સ્વરવાળા નંદીના અનુનાદના જેવા અનુનાદવાળા સિંહના બલિષ્ઠ સ્વરના જેવા સ્વરવાળા, "**सीहघोसा, सुस्सरा, सुस्सरणिग्घोसा, छायायवोज्जोवियंगमंग वज्जरिसहनारायसंघयणा, समचउरंससंठाणसंठिया छविणिरातंका**" સિંહના અનુનાદ જેવા અનુનાદવાળા એથી શોભન સ્વરવાળા હોય છે. સારા સ્વર અનેનિર્ઘોષ—અનુનાદવાળા હોય છે. પ્રભાથી જેમના શારીરિક અવયવો પ્રકાશિત થતા રહે છે, એવા હોય છે. વજ્ર ઋષભનારાચ સંહનનવાળા હોય છે. સમચતુરસ્ત્ર સંસ્થાનવાળા હોય છે. એમની ચામડીમાં કોઈ પણ જાતની વિકૃતિ થતી નથી દદ્રુ કુષ્ઠ વગેરે ચર્મરોગથી એઓ વિહીન હોય છે, "**अणुलोम वाउवेगा, कंकग्गहणी, कपोयपरिणामा सउणिपोसपिट्ठंतरोरुपरिणया, छद्धणुसहस्समूसिआ**" એમના શરીરાન્તર્વર્તી વાયુનો વેગ સદા અનુકૂલ રહે છે. એમનું ગુદાશય કંકપક્ષી ના ગુદાશયની જેમ નીરોગ વર્ચસ્કવાળું હોય છે, એટલેકે એમનું ગુદાશય જાજરુથી લિપ્ત હોતું નથી. કપોતનો જે જાતનો આહાર-પરિણામ હોય છે તેજાતનો એમનો આહાર પરિણામ હોય છે એટલે કે કપોત કાંકરાઓ ખાય છે તો પણ જીર્ણ થઈ જાય છે પચી જાયછે, તેવી જ રીતે એમને પણ દુર્જર ભોજન પણ પચી જાય છે. એવો એમનો આહાર પરિણામ હોય છે. આ કથનથી સ્પષ્ટ થાય છે કે એઓ સર્વે અજીર્ણતા વગેરે દોષોથી રહિત હોયછે. એમની ગુદાનો જે બાહ્ય ભાગ હોય છે તે પક્ષીની ગુદાના ભાગની જેમ મલના લેપથી વિહીન રહે છે. '**पोस**' શબ્દનો અર્થ અપાનભાગ છે. એમનો પૃષ્ઠભાગ, બન્ને પાર્શ્વ ભાગ અને બન્ને ઉરુઓ પરિનિષ્ઠિત હોય છે. એટલે કે બહું જ મજબૂત હોય છે. છ હજાર ધનુષ જેટલા એઓ ઉંચા હોય છે. "**तेसिणं मणुयाणं वे छप्पण्णा पिट्ठकरंडकसया पण्णत्ता समणाउसो**" હે શ્રમણ આયુષ્મન્ ! તે મનુષ્યોની ૨૫૬ પાંસળીઓના અસ્થિઓ હોય છે. "**पउमुप्पलगन्ध सरिस णीसाससुरभिवयणा**" પદ્મ અનેઉત્પલનો જેવો ગંધ હોય છે તેવા જ ગંધવાળા એમના શ્વાસોચ્છવાસ હોય છે. એથી એમના ગંધથી એમનું મુખ

સદા સુવાસિત રહે છે. **"तेणं मणुया पगइ उवसंता, पगई पयणु कोहमाणमायालोभा मिउमद्दवसंपन्ना, अल्लीणा, भद्दगा, विनीआ अप्पिच्छा असण्णिहिसंचया, विडिमंतर-परिवसणा, जहिच्छियकामकामिणो"** એ મનુષ્યો પ્રકૃતિથી શાન્ત સ્વભાવવાળા હોય છે. ક્રૂર સ્વભાવવાળા નહિ. તેમજ પ્રકૃતિથી ક્રોધ, માન, માયા અને લોભ કષાયની મંદતાવાળા હોય છે. એથી જ એ એો મૃદુ શોભન પરિણામવાળા પરિણામ માં સુખકારી એવા માર્દવ-ભાવથી સંપન્ન હોય છે. ખલ માણસોની જેમ કપટ યુક્ત માર્દવભાવવાળા હોતા નથી. એ અલીન સર્વ ગુણ સંપન્ન હોય છે અથવા ગુરુજનોની આજ્ઞાના વિરાધક નહિ પણ પાલન કરનારા હોય છે. અથવા સર્વ રીતે એ સર્વ સમસ્ત શુભક્રિયાઓમાં લીન રહે છે. એઓ ઉદ્ધત ચેષ્ટાકારી હોતા નથી એ ભદ્રક કલ્યાણ ભાગી હોય છે. અથવા ભદ્રગ ભદ્ર હાથીના જેવી ગતિવાળા હોય છે. એ વિનીત હોય છે વૃદ્ધ જનોની સામે વિનમ્ર થઈ ને રહે છે. એ અલ્પેચ્છ હોય છે. મણિ કનક વગેરેમાં પ્રતિબન્ધથી હીન રહે છે. એ પર્યુ-ષિત ખાદ્ય વગેરે પદાર્થોનો સંગ્રહકરવાવાળા હોતાં નથી. એમની રહેણી કરણી પ્રાસાદ આ-દિના આકર રૂપ કલ્પવૃક્ષોની શાખાઓની અંદર હોય છે. એટલે કે એ પ્રાસાદ જેવા આકાર વાળા વૃક્ષોપર નિવાસ કરે છે તેમ જ યથેષ્ટ શબ્દાદિક ભોગોને ભોગવનાર. હોય છે-૨૪॥

## સુષમસુષમાકાલભાવિ મનુષ્યકે આહારરાદિકા કથન

હવે સૂત્રકાર એ પ્રકટ કરે છે કે તે મનુષ્યોને કેટલા દિવસ પછી આહારની ઇચ્છા થાય છે, તેમ જ તેમનો આહાર કેવો હોય છે. અને તે કાળ માં પૃથિવીનાં પુષ્પફલ વગેરેનો સ્વાદ કેવો હોય છે.

**'तेसिणं मणुयाणं केवइकालस्स आहारट्ठे समुप्पज्जइ', इत्यादि-सूत्र-॥२५॥**

ટીકાર્થ-ગૌતમે પ્રભુને પ્રશ્ન કર્યો કે હે ભદન્ત તે માણસોને કેટલા સમય પછી આહારની અભિલાષા થાય છે. એના જવાબમાં પ્રભુ કહે છે

**"गोयमा अट्ठमभत्तस्स आहारट्ठे समुप्पज्जइ'** હે ગૌતમ ! અષ્ટમભક્ત પ્રમાણ કાળ પછી એટલે કે ત્રણ દિવસ પછી આહારની અભિલાષા થાય છે **"अष्टम भक्त"** આ ત્રણ ઉપવાસનું નામ છે. આ તપ વિશેષ છે. અને નિર્જરામાટે કરવામાં આવે છે. પણ એ મનુષ્યો તો ઉપવાસ કરતા નથી, કેમકે ભોગભૂમિના જીવોને ચારિત્ર હોતું નથી એઓ તો સરસ આહાર-ભોજી છે. એથી એ ભોજનથી તેમને ત્રણ દિવસ સુધી ક્ષુદ્વેદનીયોદ-યના અભાવથી ભૂખ લાગતી જ નથી. ત્રણ દિવસ વ્યતીત થાય તે પછી જ એમની ભોજ-

નેચ્છા જાગ્રત થાય છે. એથી આ આહારત્યાગ એમના કર્મોની નિર્જરાનું કારણ હોતું નથી, કેમકે તે આહારત્યાગમાં અષ્ટમ ભકતતા નથી, છતાંએ જે એ આહારત્યાગને અષ્ટમ ભકતતાની સંજ્ઞા આપવામાં આવી છે તે અભકતાર્થત્વના સામ્યને લીધે જ આપવામાં આવી છે. "पुढवी-पुप्फफलाहारा णं ते मणुया पण्णत्ता." હે શ્રમણ ! આયુષ્મન્ ! તે મનુષ્યો નિશ્ચયપૂર્વક પૃથિવી, મૃત્તિકા, પુષ્પ અને ફળ–કલ્પવૃક્ષોના ફળ–આ સર્વેને આહાર રૂપમાં ગ્રહણ કરે છે. હવે ગૌતમ સ્વામી પ્રભુને આ જાતનો પ્રશ્ન કરે છે કે "तीसे णं भंते ! पुढवीए केरिसए आसाए पण्णत्ते" હે ભદન્ત ! તે પૃથિવીનો આસ્વાદ કેવો કહેવામાં આવ્યો છે ? એના જવાબમાં પ્રભુ કહે છેઃ–"से जहा नामए गुलेइ वा खंडेइ वा सक्कराइ वा मच्छंडियाइ वा पप्पडमोयए इ वा मिसेइ वा पुप्फुत्तराइ वा पउमुत्तराइ वा विजयाइ वा' હે ગૌતમ ! જેવો આસ્વાદ ગોળનો હોય છે, ખાંડનો હોય છે, શર્કરાનો હોય છે, કાલ્પી મિશ્રીનો હોય છે, મત્સ્યંડિકા–રાવ અથવા શર્કરા વિશેષનો હોય છે, પર્પટ મોદક–લાડવા વિશેષનો હોય છે, મૃણાલનો હોય છે, પુષ્પોત્તરનો હોય છે, પદ્મોત્તરનો હોય છે, (પુષ્પોત્તર અને પદ્મોત્તર એ બન્ને ભેદો એક વિશેષ પ્રકારની શર્કરાના છે) વિજયાનો હોય છે. "महाविजयाइ वा, आगासियाइ वा आदेसियाइ वा, आगासफलोवमाइ वा, उवमाइ वा, भवे एयारूवे" મહાવિજયાનો હોય છે, આકાશિકાનો હોય છે, આદર્શિકાનો હોય છે, આકાશફલોપમાનો હોય છે, ઉપમાનો હોય છે, અનુપમાનો હોય છે, એ બધા વિજયાથી માંડીને અનુપમાં સુધીના તે વખતના વિશેષ પ્રકારના ભોજ્ય પદાર્થો છે. એમનો આસ્વાદ અમૃત જેવો હોય છે. પ્રભુએ આટલું કહ્યું કે તરત ગૌતમે વચ્ચે જ પ્રશ્ન કર્યો કે–હે ભદન્ત ! જેવો એમનો સ્વાદ હોય છે, તેવો જ સ્વાદ ત્યાંની પૃથિવીનો હોય છે. ? તો એના જવાબમાં પ્રભુ કહે છે–गोयमा ! णो इणट्ठे समट्ठे" હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. કેમકે "सा णं पुढवी इत्तो इट्ठतरिया चेव जाव मणामतरिया चेव आसाएणं पण्णत्ता" ત્યાંની પૃથિવી પૂર્વોકત ગોળ વગેરે પદાર્થો કરતાં પણ ઈષ્ટ તરક છે. અતિશય રૂપથી સકલ ઇન્દ્રિયો માટે સુખજનક છે. અહીં યાવત્ પદથી "कान्ततरिका, प्रियतरिका मनोज्ञतरिका" એ ત્રણ પદો ગ્રહણ કરવામાં આવ્યા છે. એથી એ પદો મુજબ તે કાન્તતરિકા–અતિશય રૂપમાં રુચિકરા–છે, પ્રિયતરિકા–અતિશય રૂપથી પ્રેમોત્પાદિકા છે અને મનોજ્ઞતરિકા–અતિશય રૂપથી મનને આકર્ષનારી છે. તેમજ અતિશય રૂપમાં તે મન આમતરિકા મન વડે ગમ્ય છે. આ જાતની તેના રસની વિશેષતાઓ કહેવામાં આવી છે. એટલે કે રસને લઈને તે પૃથ્વીનું આ જાતનું વર્ણન કરવામાં આવ્યું છે.

"तेसि णं भंते ! पुप्फफलाणे केरिसए आसाए पण्णत्त ?" હે ભદન્ત ! ત્યાં તે પુષ્પ ફળોના રસો કઈ જાતનાં કહેવામાં આવેલ છે ? એના જવાબમાં પ્રભુ કહે છે :–"से जहा णामए रण्णो चाउरंत चक्कवट्टिस्स कल्लाणे भोयणजाए सयसहस्स निप्फन्ने वण्णेण उवेए जाव फासेणं उवेए आसायणिज्जे विसायणिज्जे दिप्पणिज्जे दप्पणिज्जे मयणिज्जे बिंहणिज्जे, सव्विंदियगायपल्हायणिज्जे" હે ગૌતમ ! જેવું ષટ્ખંડાધિપતિ ચક્રવર્તિનરેશનું ભોજન કે જે એક લાખ દીનારના ખર્ચે નિષ્પન્ન થયેલ હોય, કલ્યાણ પ્રદ, એકાન્તતઃ સુખજનક હોય છે, અને તે અતિ પ્રશસ્ત વર્ણથી, અતિ પ્રશસ્તરસથી, અતિ પ્રશસ્ત ગન્ધથી અને અતિ પ્રશસ્ત સ્પર્શ થી યુકત હોવાથીતે જેમ આસ્વાદનીય હોય છે, વિશેષરૂપથી સ્વાદનીય હોય છે, જઠ-

રાગ્નિને દીપક હોય છે, ઉત્સાહ વર્ધક હોય છે, મદનીય હોય છે, બ્રહણીય-ધાતુઓનું ઉપચાયક હોય છે. અને પ્રહ્લાદનીય-સર્વ ઇન્દ્રિયોને અને સર્વ શરીરને આનંદ આપનારું હોય છે, તો શું હે ભદન્ત ! 'भवेएयारूवे" એમના જેવો જ તે પુષ્પફળોનો આસ્વાદ હોય છે ? એના જવાબમાં પ્રભુ કહે છે. 'गोयमा ! णो इट्ठे समट्ठे' હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. એટલે કે ચક્રવર્તિના ભોજન કરતાં પણ ઈષ્ટ તરક યાવત્ આસ્વાદ એ પુષ્પ ફલાદિકનો હોય છે. અહીં યાવત્ પદથી "कान्ततरक प्रियतरक मनोज्ञतरक. અને मनआम तरक" એ સર્વ પદોનો સંગ્રહ થયેલ છે. એ પદોની વ્યાખ્યા પહેલાં કરવામાં આવી છે. ॥૨૫॥

## યુગલિયોં કે નિવાસ કા નિરૂપણ

"ભારતવર્ષમાં ઉત્પન્ન થયેલ તે યુગલિક જનો આહાર ગ્રહણ કરીને પછી ક્યાં રહે છે ? એ જિજ્ઞાસાના સમાધાન માટે હવે ભગવાન ગૌતમને આ સૂત્ર કહે છે.

'ते णं भंते ! मणुया तमाहारमाहरेत्ता कहिं वसहिं उवेंति-इत्यादि. सू० ॥२६॥

ટીકાર્થ-હે ભદન્ત ! તે યુગલિકો તે આહારને ગ્રહણ કરીને પછી ક્યાં નિવાસ કરે છે ? આ પ્રશ્નના જવાબમાં પ્રભુ કહે છે, "गोयमा ! रुक्खगेहालया णं ते मणुया पण्णत्ता समणाउसो" હે શ્રમણ આયુષ્મન્ ! ગૌતમ ! તે યુગલિક મનુષ્યો તે આહારને ગ્રહણ કરીને વૃક્ષ રૂપ ગૃહ જ છે આશ્રયસ્થાન જેમનું-એવા થઈ જાય છે એટલે કે વૃક્ષ રૂપ ગૃહોમાં નિવાસ કરે છે. "तेसिणं भंते ! रुक्खाणं केरिसए आयारभावपडोयारे पण्णत्ते" હે ભદન્ત ! તે વૃક્ષોનું સ્વરૂપ કેવું કહેવામાં આવ્યું છે ? એના ઉત્તરમાં પ્રભુ કહે છે : "गोयमा ! कूडागारसंठिया पेच्छा छत्तज्झयथूम तोरण गोउरवेईया चोप्पालग अट्टालग पासाय हम्मिय गवक्खवालग्ग पोइया वलभीघरसंठिया" હે ગૌતમ ! તે વૃક્ષો કૂટ-શિખર-ના આકાર સદૃશ આકારવાળા હોય છે. પ્રેક્ષા-પ્રેક્ષાગૃહ-નાટક ગૃહનો જેવો આકાર હોય છે, તેવા આકારવાળા હોય છે. છત્રનો જેવો આકાર હોય છે. તેવા આકારવાળા હોય છે. ધ્વજાનો જેવો આકાર હોય છે, તેવા આકારવાળા હોય છે. સ્તૂપનો જેવો આકાર હોય છે, તેવા આકારવાળા હોય છે. તોરણ નો જેવો આકાર હોય છે. તેવા આકારવાળા હોય છે. ગોપુરનો જેવો આકાર હોય છે, તેવા આકારવાળા હોય છે. ઉપવેશન યોગ્ય ભૂમિનો જેવો આકાર હોય છે, તેવા આકારવાળા હોય છે. અટારીનો જેવો આકાર હોય છે; તેવા આકારવાળા હોય છે, એ જ પ્રમાણે તે પ્રાસાદ-રાજમહેલ-હર્મ્ય-ધનાઢ્ય માણસોના ભવનો-ગવાક્ષ-ખડકી. રૂપગૃહ, વાલાગ્રપોતિકા-જલસ્થિત પ્રાસાદ અને વલભીગૃહ-ચન્દ્રશાલ ગૃહના જેવા આકારવાળા હોય છે, એમ જાણવું જોઈએ. તાત્પર્ય આ પ્રમાણે છે કે કેટલાંક વૃક્ષો કૂટના જેવા આકારવાળા હોય છે, કેટલાક વૃક્ષો પ્રેક્ષાગૃહના જેવા આકારવાળા હોય છે, કેટલાક વૃક્ષો છત્રના જેવા આકારવાળા હોય છે, આ પ્રમાણે આગળ પણ સમજી લેવું જોઈએ. "अत्थण्णे इत्थ बहवे वरभवणविसिट्ठसंठाणसंठिया दुमगणा सुहसीयलच्छाया पण्णत्ता समणाउसो" હે આયુષ્મન્ શ્રમણ ! તે ભરતક્ષેત્રમાં એ પૂર્વોક્ત વૃક્ષોથી ભિન્ન બીજા ઘણા વૃક્ષો એવા પણ છે કે શ્રેષ્ઠગૃહનો જેવો આકાર હોય છે, તેવા આકારવાળા હોય છે, હે આયુષ્મન્ શ્રમણ ! એ સર્વ દ્રુમગણો શુભ-શીતળ છાયાવાળા છે, એવું તીર્થંકરોએ તેમજ મેં કહ્યું છે. અહીં પહેલાં ગૃહાકારના કલ્પવૃક્ષોનું વર્ણન કરીને ફરીથી "वरभवन संस्थानग०" ઈત્યાદિ રૂપમા

વર્ણન કરવામાં આવ્યું છે તે એ મનોહર આવાસોમાં તે પરમ પુણ્યશાલી મનુષ્યો રહે છે, એ વાતને સૂચિત કરવા માટે કહેવામાં આવ્યું છે. માટે આ સંબંધમાં પુનરુક્તિ કરવામાં આવી છે, એવી આશંકા કરવી નહીં. ॥૨૬॥

**સુષમસુષમા કાલમેં ગૃહાદિકે હોને કે સંબન્ધમેં પ્રશ્નોતર**

શું તે કાળમાં ગૃહો હોય છે ? કે નહિ ? જો હોય છે તો શું તેમના ઉપભોગના કામમાં આવતા નથી ? વગેરે પ્રશ્નોના જવાબો :

**'अत्थिणं भंते ! तीसे समाए भरहे वासे गेहाइ वा गेहावणाइ वा ?'** इत्यादि सूत्रा॥२७॥

ટીકાર્થ-'હે ભદન્ત ! તે સુષમ સુષમા કાળમાં ભરતક્ષેત્રમાં ઘરો હોય છે. ? ગૃહ યુક્ત આપણ દુકાનો-હોય છે. ? બજારો હોય છે. આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે.કે-**'गोयमा णो इणट्ठे समट्ठे'** હે ગૌતમ આ અર્થ સમર્થ નથી કેમકે **'रुक्खगेहालया णं ते मणुया पण्णता०'** હે શ્રમણ આયુષ્મન્ વૃક્ષ રૂપ ગૃહ જ જેમનું આશ્રય સ્થાન છે. એવા તે મનુષ્યો છે. **'अत्थिणं भंते तीसे समाए भरहे वासे गामाइ वा जाव सण्णिवेसाइवा'** હે ભદન્ત તે સુષમ સુષમા આરકમાં ભરતક્ષેત્રમાં ગ્રામ યાવત્ સન્નિવેશ હોય છે. ? ઉત્તરમાં પ્રભુ કહે છે. **'गोयमा णो इणट्ठे समट्ठे'** હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી કેમકે **'जहिच्छियकामगामिणो णं ते मणुआ पण्णत्ता'** તે મનુષ્યો યથાભિલષિત સ્થાનો પર અવર જવર કરનાર હોય છે. તેમનો આ જાતનો સ્વભાવ જ હોય છે, **"अत्थि णं भंते ! असीइ वा मसीइ वा किसीइ वा वणिएत्ति वा पाणिएत्ति वा वाणिज्जेइ वा'** હે ભદન્ત તે કાળમાં અસિ, મષી, કૃષી, વાણિકકલા ક્રયવિક્રયકલા અને વ્યાપારકલા એ સર્વે જીવનોપાયભૂત કલાઓ હોય છે. ? ઉત્તરમાં પ્રભુ કહે છે. **'णो इणट्ठे समट्ठे'** હે ગૌતમ એ અર્થ સમર્થ નથી કેમને **'वयगय असि मसि किसि वणिय ·पणिय वाणिज्जा णं ते मणुया पण्णत्ता समणाउसो"** હે શ્રમણ આયુષ્મન્ તે મનુષ્યો અસિ, મષી, કૃષી, વણિકકલા વગેરેથી રહિત હોય છે. **'अत्थि णं भंते हिरण्णेइ वा सुवण्णेइ वा कंसेइ वा दूसेइ वा मणिमोत्तिय संखसिलाप्पवालरत्तरयण सावज्जेइ वा'** હે ભદન્ત તે કાળમાં ભરતક્ષેત્રમાં હિરણ્ય ચાંદી અથવા અઘટિત સુવર્ણ હોય છે, સુવર્ણ હોય છે ? કાંસું હોય છે. દૂષ્ય-વસ્ત્ર હોય છે. મણિ મૌકિતક, શંખ; શિલા પ્રવાલ રકત રત્ન અને સ્વાપતેય એ સર્વે હોય છે, ઉત્તરમાં પ્રભુ કહે છે. **"हंता-अत्थि णो चेव णं तेसिं मणुयाणं परिभोगत्ताए हव्वमागच्छइ"** હાં, ગૌતમ તે કાળમાં સર્વે હોય છે. પણ એ તે મનુષ્યોના ઉપભોગમાં આવતા નથી. ૧૮ પ્રકારના ટેકસો (કરો) સહિત જે હોય છે. તેમજ વાડથી જે આવૃત રહે છે. તેનું નામ ગ્રામ છે. અહીં યાવત્પદથી આકર વગેરે સ્થાનોનું ગ્રહણ કરવામાં આવ્યું છે. આમાં સુવર્ણ રત્ન વગેરે ઉત્પન્ન કરનારી ખાણો જ્યાં હોય છે. એવા સ્થાનનું નામ આકર છે, અને ૧૮ પ્રકારના ટેકસ જે સ્થાનોમાં નાખવામાં આવતા નથી, તેવાસ્થાનોનું નામ નગર છે. માટીની દીવાલથી ને પરિવેષ્ટિત હોય છે, તે

સ્થાનોનું નામ ખેટ છે. લઘુ પ્રાકારથી જે પરિવેષ્ટિત રહે છે. તે સ્થાનોનું નામ કર્બટ છે અથવાજેમની ચોમેર પર્વત હોય છે, એવાં સ્થાનોનું નામ કર્બટ છે. જેમની આસ પાસ ૨ા, ૨ા ગાઉ સુધી ગ્રામો હોતા નથી, તેને મડંબ કહેવામાં આવે છે. જે સ્થાનોમાં જલમાર્ગ અને સ્થળમાર્ગ આમ બન્ને રીતે પહોંચી શકાય એવા જનનિવાસ સ્થાનનું નામ દ્રોણમુખ છે. જેસ્થાનોમાં જીવનોપયોગી સર્વ વસ્તુઓ મળી આવે છે. તે સ્થાનોનું નામ પત્તન છે, એ પત્તનો જલ પત્તન અને સ્થલ પત્તન આમ બે પ્રકારના હોય છે. જ્યાં હોડીઓ વડે જઈ શકાય તે જલ પત્તન અને જ્યાં ફકત ગાડી વગેરે વડે જઈ શકાય તે સ્થલપત્તન છે. અથવા જ્યાં ફકત શકટ વગેરે કે હોડીઓ વડે જઈ શકાય છે, એવાં સ્થાનનું નામ પત્તન છે, અને જ્યાં ફકત નૌકા વડે જ જઈ શકાય તે સ્થાનનું નામ પટ્ટન છે. તદુકતમ્

**पत्तनं शकटैर्गम्यं घोटकै नौभिरेव च**

**नौभिरेव तु यद् गम्यं पट्टनं तत्प्रचक्षते ॥१॥**

જ્યાં ઘણા વણિક લોકો રહે છે તે સ્થાનનું નામ નિગમ છે, પહેલાં જે સ્થાનમાં તપસ્વિ જનો-તપસ્વી ઓ રહે છે. અને પછી જ્યાં લોકો આવી ને રહેવા લાગે છે. તે સ્થાનનું નામઆશ્રમ છે. ખેડુતો વડે નિર્મિત ધાન્યની રક્ષા માટે જે દુર્ગભૂમિ સ્થાન છે અથવા પર્વતની ઉપર જે જનનિવાસ સ્થાન છે, તેનું નામ સંવાહ છે. જ્યાં સાર્થવાહ વગેરે આવીને રોકાય છે. અથવા નિવાસ કરે છે તે સ્થાનનું નામ સન્નિવેશ છે. તલવારની શક્તિના આધારે જે આજીવિકા મેળવવામાં આવે છે, તે કલાનું નામ અસિ છે. આ ઉપલક્ષણ છે. એનાથી બીજા શસ્ત્રોની તાકાત થી જે આજીવિકા મેળવવામાં આવે છે તે પણ અસિકલા-શસ્ત્રકલા છે લેખન કલાનું નામ મષિ છે. કૃષિકલાનું નામ કૃષિ છે. વણિક કલાનું નામ વણિક છે. ક્રય વિક્રય કરવાની કલાનું નામ પણિત છે. વ્યાપાર કલાનું નામ વાણિજય છે ઘટિત સુવર્ણનું નામ સુવર્ણ છે, ફકત સુવર્ણનું નામ હિરણ્ય છે. ચાંદીનું નામ પણ હિરણ્ય છે. વૈડૂર્ય વગેરેનું નામ મણિ છે. મુક્તાફળનું નામ મૌક્તિક છે. દક્ષિણાવર્તાદિ આકાર વાળા જે પ્રશસ્ત શંખો છે તે અહીં શંખ શબ્દ વડે ગ્રહણ કરવામાં આવ્યા છે. સ્ફટિક વગેરે રૂપે જે નકકર પદાર્થો છે તે શિલા શબ્દોથી ગ્રહણ કરવામાં આવ્યા છે. મૂંગાનુ નામ પ્રવાલ છે. પદ્મરાગાદિક રક્તરત્નોને રત્નોકહેવામાં આવ્યા છે. તેમજ રજત સુવર્ણ વગરે દ્રવ્યો સ્વાપતેય શબ્દ વડે ગ્રહણ કરવામાં આવ્યા છે. અહીં એવી શંકા થઈ શકે કે અઘટિત સુવર્ણની સત્તા સુવર્ણની ખાણ માં તેમજ રૂપ્ય-ચાંદીનો સત્તા ચાંદીની ખાણ માં જ હોય છે પણ ઘટિતસુવર્ણની તામ્ર અને ત્રપુના સંયોગથી જનિત કાંસ્યની અને તંતુ સંયોગથી જનિત વસ્ત્રની તે કાળમાં આધુનિક યુગ જેવા વૈજ્ઞાનિક આવિષ્કારોના અભાવે સંભાવના કેવી રીતે થઈ શકે ? એટલે કે થઈ શકે નહિ. જો અહીં આ પ્રમાણે કહેવામાં આવે કે અતીત ઉત્સર્પિણી કાળ સંબંધી તે વસ્તુઓ આ સમયના ભરત ક્ષેત્રમાં નિધાન ગત થયેલી પ્રાપ્ત થઈ શકે છે, તો આ વાત પણ યોગ્ય નથી. કેમકે સાદિ સપર્યવસિત પ્રયોગ

બન્ધ અસંખ્યાત કાળ સુધી અવસ્થિત રહી શકે નહિ, માટે તે સુષમ સુષમા કાળમાં ભરત ક્ષેત્રમાં એમનો જે આપશ્રીએ સદ્ભાવ કહ્યો છે, તે કયા આધારે કહ્યો છે ? તો આનો જ વાબ આ પ્રમાણે છે કે દેવો ક્રીડા પરાયણ હોય છે એથી તેઓ ક્ષેત્રાન્તરથી એ વસ્તુઓનું સંહરણ કરીને સુષમ-સુષમા કાલમાં પણ ભરત ક્ષેત્ર માં લાવી તે મૂકી શકે છે, એથી એ સર્વની અહીં સંભાવના થઈ શકે. છે- આ સંબંધ માં સંશયના માટે કોઈ સ્થાન નથી ।૨૭

## સુષમસુષમા દિકાલમેં રાજાદિકે વિષયમેં પ્રશ્નોતર

**'अत्थिणं भंते ! तीसे समाए भरहे वासे रायाइ वा जुवरायाइ वा ईसरतलबर माडंबिय इब्भ सेट्ठि सेणावइसत्थवाहाइवा ? इत्यादि सूत्र २८।**

ટીકાર્થ-ગૌતમ સ્વામીએ અહીં આ જાતનો પ્રશ્ન કર્યો છે કે હે ભદન્ત! સુષમ સુષમા આરકના સમયમાં ભરતક્ષેત્રમાં રાજા, યુવરાજ, ઈશ્વર, તલવર માડંબિક કૌટુંબિક શ્રેષ્ઠી, સેનાપતિ તેમજ સાર્થવાહો એ સર્વે હોય છે ! માંડલિક નરેશ નું નામ નરપતિ છે આગળ જે રાજપુત્રનું નૃપના રૂપમાં અભિષેક થનાર છે, તેનુ નામ યુવરાજ છે. ઐશ્વર્ય શાલી વ્યક્તિનું નામ ઇશ્વર છે. સંતુષ્ટ થયેલ ભૂપાલ વડે પ્રદત્ત પટ્ટબંધથી જે પરિભૂષિત હોય છે તેવા રાજકલ્પ વ્યક્તિ નું નામ તલવર છે. પાંચસો ગ્રામનો જે અધિપતિ હોય છે. તેનું નામ માડંબિક છે "माण्डविक" આ છાયા પક્ષમા જે છિન્ન ભિન્ન જનાશ્રય વિશેષમાં અધિકૃત હોય છે. તેનું નામ માંડવિક છે જે કુટુંબના ભરણ પોષણ કરવામાં તત્પર હોય છે. અથવા તેમના કુટુંબનો પ્રતિપાલક હોય છે, તેનું નામ કૌટુંબિક કહેવાય છે. જેની પાસે હાથીના વજન જેટલું દ્રવ્ય હોય છે તે ઇભ્ય છે. એ ઇભ્યો ઉત્તમ, મધ્યમ અને જઘન્ય આમ ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે. એમાં જે હસ્તિ પ્રમાણ-પરિમિત મણિ, મુક્તા, પ્રવાલ, સુવર્ણ તેમજ રજત વગેરે દ્રવ્યોનો સ્વામી હોય છે, તે ને જઘન્ય ઇભ્ય કહેવામાં આવે છે. હસ્તિપરિમિત વજ્ર નો જ જે સ્વામી હોય છે તે ઉત્કૃષ્ટ ઇભ્ય છે, જે લક્ષ્મીના કૃપા કટાક્ષથી જે યુક્ત છે તેમજ જેનું મસ્તક લક્ષ્મીની કૃપાથી દ્યોતક હિરણ્યપટ્ટથી અલંકૃત રહે છે, એવા નગરનો જે પ્રધાનવ્યવહર્તા પુરૂષ હોય છે. તેનું નામ શ્રેષ્ઠી છે. ચતુરંગ સેનાનો જે નાયક હોય છે, તેનું નામ સેનાપતિ છે, ગણિમ, ધરિમ, મેય અને પરિચ્છેદ્યરૂપ ક્રય-વિક્રય યોગ્ય વસ્તુઓને લઈને લાભની ઇચ્છાથી દેશાન્તરમાં જતા પુરૂષો સાથે સંઘને જે યોગક્ષેમ વડે રક્ષણ આપે છે તેનુ નામ સાર્થવાહ છે, અથવા મૂલધન આપીને જે તેઓને પોતાની ઋદ્ધિ જેટલી ઋદ્ધિવાળા બનાવે છે, તે સાર્થવાહ છે. જે વસ્તુ

એક, બે, ત્રણ વગેરે સંખ્યા વડે ગણીને આપવામાં આવે છે, જેમ કે નારિયેલ વગેરે-એવી તે વસ્તુઓને ગણિમ તરીકે ગણવામાં આવી છે જે વસ્તુ ત્રાજવાથી તોલીને આપવામાં આવે છે જેમકે વ્રીહિ, જવ' ઘઊં વગેરે-એવી એ વસ્તુઓને ધરિમ કહેવામા આવે છે. જે વસ્તુઓ પ્રમાણિત પાત્ર વગેરેથી માપીને આપવામાં આવે છે, જેમકે દૂધ, ઘી, તેલ વગેરે એવી એ વસ્તુંઓને મેય કહેવામાં આવે છે, તેમજ જે વસ્તુઓ ની કસોટી વગરે ઉપર કસીને પરીક્ષા કરીને આપવામાં આવે છે. જેમકે મણિ, મુકતા, પ્રવાલ, સુવર્ણ વગરે-એ સર્વ વસ્તુઓ પરિચ્છેદ્ય કહેવાય છે. એના જવાબમાં પ્રભુ કહે છે. **"गोयमा णो इणट्ठे समट्ठे"** હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. કેમકે **"ववगय इड्ढिसक्कारा णं ते मणुया पण्णत्ता समणाउसो** "હે શ્રમણ આયુષ્મન્ તે મનુષ્યો વિભવ, ઐશ્વર્ય રૂપ ઋદ્ધિ અને સેવ્યતા રૂપ સત્કારથી રહિત હોય છે. **"अत्थि णं भंते !तीसे समाए भरहे वासे दासेई पेसेइ वा सिस्सेइ वा भयगेइ वा भाइल्लएइ वा, कम्मयरएइ वा"** હે ભદન્ત ! તે સુષમ સુષમાકાળ ના સદ્ભાવ માં આ ભરત ક્ષેત્ર માં શું કોઈ દાસ હોય છે ? પ્રેષ્ય-પ્રેષણાર્હ-દૂત વગરે હોય છે ? શિષ્ય હોય છે ?ભૃતક- વેતન લઇને નિયતકાલ સુધી કામ કરનાર હોય છે ? શું કોઈ દામાદ ધન નોહિસ્સેદાર-હોય છે ? શું કોઈ ગૃહ સંબંધી સામાન્ય કાર્ય કરનાર હોય છે ? એના જવાબમાં પ્રભુ કહે છે— **"णो इणट्ठे समट्ठे"** હેગૌતમ ! આ અર્થ સમર્થ નથી કેમકે **"ववगय अभिओगा णं ते मणुया पण्णत्ता समणाउसो !"** હે શ્રમણ આયુષ્મન્ ! તે મનુષ્યો કાર્ય કરવા માટે જેમની ઉપરથી પરપ્રેરણા રૂપ અભિયોગ દૂર થઈ ગયો છે, એવા હોય છે. એટલે કે તે કાળમાં--સ્વસ્વામિભાવ વગરે રૂપ સંબંધનો અભાવ રહે છે. એથી કોઇ કોઈને પ્રેરક રૂપ થતું નથી. **"अत्थिणं भंते तीसे समाए भरहे वासे मायाइ वा पियाइ वा भायाइ वा भगिणीइ वा भज्जाइ वा, पुत्तेइ वा धूयाइ वा सुण्हाइ वा"** હે ભદન્ત ! તે સુષમ સુષમા કાળમાં ભરત ક્ષેત્રમાં માતા હોય છે ? પિતા હોય છે ? ભાઈ હોય છે ? બહેન હોય છે, પુત્ર હોય છે દુહિતા-પુત્રી-હોય છે? પુત્ર વધૂ હોય છે? એટલે કે તે કાળમાં. ભરત ક્ષેત્રમાં પિતા, પુત્ર પતિ, પત્ની વગેરે સંબંધો હોય છે ? એના જવાબમાં પ્રભુ કહે છેઃ- **"हंता अत्थि णोचेव णं तेसिं मणुयाणं तिव्वे पेमबन्धणे समुप्पज्जइ"** હા, ગૌતમ ! આ સર્વ સંબંધો તે કાળમાં હોય છે પણ તે માણસોને તેસંબંધોમાં તીવ્ર પ્રેમ ભાવ હોતો નથી. **अत्थि णं भंते ! भरहे वासे अरिइ वा वेरिइवा घाइएइ वा वहएइ पडिणीएइ वा, पच्चामित्तेइ वा"** હવે ગૌતમ પ્રભુને આ જાતનો પ્રશ્ન કરે છે કે હ ભદન્ત ! તે કાળમાં, ભરત ક્ષેત્રમાં શું કોઈ કોઈ નો શત્રુ હોય છે ? મૂષક-માર્જાર ની જેમ શું કોઈ પણ જાતનું જાતીય વેર હોય છે ? કોઇં ઘાતકર્તા બીજા વડે વધકરાવનાર-હોય છે ? શું પોતે કોઈની હત્યા કરનાર હોય છે? અથવા જયારે **'वहएईवा'** શબ્દની સંસ્કૃત છાયા વ્યથક એવી થશે—ત્યારે થપ્પડ વગેરે વડે શું કોઈ કોઈ ને વ્યથા આપનાર હોય છે ? એવો એનો અર્થ થશે કોઈ કોઇ ના કાર્યમાં વિઘ્નકરવાના સ્વભાવવાળું હોય છે ?શું કોઈ કોઈનો પ્રત્યમિત્ર હોય છે ? એટલે કે પહેલાં કોઇ કોઈ નો મિત્ર બનીને પછી તેનો શત્રુ થઇ જાય છે તેવા એના જવાબમાં પ્રભુ કહે છે **'णो इणट्ठे समट्ठे'** હે ગૌતમ ! આ અર્થ સમર્થ

નથી. કેમકે 'ववगय वेराणुसया णं ते मणुया पण्णत्ता समणाउसो, હે શ્રમણ આયુષ્મન ! તે મનુષ્યો વૈરાનુબન્ધથી પર હોય છે. એનું કારણ આ છે કે તે કાળમાં વૈરાનુબન્ધના કારણોનો અભાવ રહે છે. એથી ત્યાં કોઈ કોઈ નું અરી વગેરે થતું જ નથી. 'अत्थि णं भंते ! भरहे वासे । मित्ताइवा वयंसाइ वा णायएइ वा संघाडिएइ वा सहाइ वा, सुहाइ वा संगएत्ति वा" હે ભદન્ત ! તે કાળમાં આ ભરત ક્ષેત્રમાં શું કોઈ સ્નેહી હોય છે ? શું કોઈ વયસ્ય સમાન વયવાળાઓની સાથે સ્નેહ રાખનાર સાથી-હોય છે ? શું કોઇ સ્વજાતીય હોય છે ? અથવા શું કોઈ સંઘટિક—સહચર-સાથે રહેનાર હોય છે? અથવા શું કોઈ સખા 'सम प्राणः सखामतः" એ કથન મુજબ સમાન પ્રાણવાળો હોય છે? સાથે રહેનાર, સાથે ખાનાર પીનાર જે સાતિશય સ્નેહી હોય છે, તેને સખા કહેવામાં આવે છે. શું કોઇ સુહૃદ સર્વદા અપ્રતિકૂલાચરણવાળો અને હિતોપદેશ આપનાર હોય છે? શું કોઇ સાંગતિક હોય છે ? શું સર્વદ એકજ કાર્યમાં પ્રવૃત્ત રહેનાર હોય છે ? એના જવાબમાં પ્રભુ કહે છેઃ "हंता ! अत्थि" હાં, ગૌતમ ! આ બધું ત્યાં હોય છે પણ 'णो चेव णं तेसिं मणुयाणं तिव्वे राग-वन्धणे समुप्पज्जइ પરસ્પર કોઇ કોઇની સાથે સતિશય-તીવ્ર-પ્રેમબન્ધન માં આબદ્ધ રહેતું નથી, ॥૨૮॥

## ઉસકાલમેં આબાહ વિવાહાદિ વિષયમેં પ્રશ્નોતર

**अत्थि णं भंते तीसे समाए भरहे वासे आवाहाइ वा वीवाहाइ वा-इत्यादि**

ટીકાર્થ-ગૌતમ સ્વામીએ પ્રભુને ફરીથી આમ પ્રશ્ન કર્યો કે હે ભદન્ત!તે સુષમ સુષમા કાળના સમય માં આ ભરત ક્ષેત્રમાં આવાહ-વિવાહ પહેલાનો વાગ્દાન રૂપ ઉત્સવ વિશેષ હોય છે ? વિવાહ પરિણયન રૂપ ઉત્સવ વિશેષ હોય છે? યજ્ઞ-અગ્નિમાં ઘૃતાદિકથી હવન કરવા રૂપ ઉત્સવ વિશેષ હોય છે? શ્રાદ્ધ-મૃત્યુ પછી પંકિતભોજન આદિ રૂપ ક્રિયા-હોય છે ? સ્થાલીપાક-લોક-ગમ્ય મૃતક ક્રિયા વિશેષ હોય છે ? મૃતપિણ્ડનિવેદન-મૃતકને અનુલક્ષીને પિંડદાન નામક કરવામાં આવેલ ક્રિયા વિશેષ હોય છે? એના જવાબમાં પ્રભુ કહે છેઃ "णो इणट्ठे समट्ठे" હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. કેમકે 'ववगय आवाह विवाह जससा सद्धथालीपाग मिय पिंड णिवेयणा णं ते मणुया पण्णत्ता' તે કાળના મનુષ્યો આવાહ, વિવાહ, યજ્ઞ, શ્રાદ્ધ સ્થાલીપાક અને મૃતપિંડ નિવેદન એ સર્વ ક્રિયાઓથી રહિત હોય છે. એટલે કે તે કાળમાં આવાહ વગરે સર્વ ક્રિયાઓ થતી નથી. ? "अत्थि णं भंते तीसे समाए भरहे वासे इंद महाइ वा खंदमहाइ वा णागमहाइ वा जक्खमहाइ वा भूयमहाइ वा, अगडमहाइ वा तडाग-महाइ वा, दहमहाइ वा णदीमहाइ वा रुक्खमहाइ वा पव्वयमहाइ वा थूम महाइवा चेइयमहाइ वा ? હ ભદન્ત ! શું તે સુષમસુષમા કાળના સમયમાં આ ભરતક્ષેત્રમાં ઇન્દ્રના નિમિત્ત ઉત્સવો યોજવામાં આવે છે ? કાર્તિકેયને અનુલક્ષી ને મહોત્સવો યોજવામાં આવે છે ! નાગ કુમારને અનુલક્ષીને મહોત્સવો યોજવામાં આવે છે ? યક્ષના નિમિત્તે મહોત્સવો યોજ-વામાં આવે છે ? ભૂતોનાં નિમિત્તે ઉત્સવો યોજવામાં આવે છે ! ભૂત એ વાનર જાતિના દેવો છે. કૂપોના નિમિત્તે ઉત્સવો યોજવામાં આવે છે ? તડાગ-તળાવો-ના નિમિત્તે ઉત્સવો યોજવામાં આવે છે ? આ પ્રમાણે દ્રહને, નદીને, વૃક્ષને, પર્વતને, સ્તૂપકોને, સ્મૃતિસ્તંભોને તેમજ ચૈત્યનેમૃતકસ્મૃતિચિન્હને અનુલક્ષીને ઉત્સવો યોજવામાં આવે છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે : 'णो इणट्ठे समट्ठे' હે ગૌતમ આ અર્થ સમર્થ નથી, કેમકે 'ववगय-महिमाणं ते मणुया पण्णत्ता समणाउसो' હે શ્રમણ આયુષ્મન્ ! તે કાળમાં મનુષ્યો એવા

હોય છે કે દરેક જાતના ઉત્સવો યોજવાની ભાવનાઓથી તેઓ દૂર રહે છે. 'अत्थि णं भंते तीसे समाए भरहे वासे णड पेच्छाइ वा णट्टपेच्छाइ वा जल्लपेच्छाई वा मल्लपेच्छाइ वा मुट्ठिपेच्छाई वा वेलंवग पेच्छाइ ब. कहग पेच्छाई वा पवग पेच्छाइ वा चासग पेच्छाई वा' હે ભદંત, તે સુષમ સુષમા કાળના સમયમાં ભરત ક્ષેત્રમાં શું નટોના ખેલ તમાશાઓને જોવા મનુષ્યોના ટોળાઓ એકત્ર થાય છે? નાટય-નાટકના અભિનય વિગેરેને જોવા માટે મનુષ્યો એકઠા થાય છે? જલ્લ-વર્ત પર અનેક જાતનાં ખેલ તમાશાઓ બતાવનારાઓના કૌતુકોને જોવા માટે મનુષ્યોના ટોળાઓ એકત્ર થાય છે? એટલે કે ત્યાં માણસો એકત્રિત થાય છે? મલ્લો વડે કરવામાં આવેલ બાહુ યુદ્ધોને જોવા માટે માણસો એકત્રિત થાય છે! મુષ્ટિઓ વડે યુદ્ધ કરનારા મલ્લો ના કૌતુકો ને જોવા માટે માણુસો એકત્રિત મુખભંગિમા વગેરે વડે માણસોને હસાવવા માટે વિદૂષકોના કૌતુકોને જોવામાટે માણસો એકત્રિત થાય છે? તેમના સુલલિત કથાના વાંચનથી શ્રોતાઓના હૃદયોમા રસ ઉત્પન્ન કરાવનારા કથક પુરુષો વડે કહેવામાં આવેલ કથાને સાંભળવા માટે માણસો એકત્રિત થાય છે? તેમજ પ્લવક જનોના-ખાડાઓ વગેરેને ઓળંગીને તેની બીજીતરફ પહોંચનારા અથવા બીજા મનુષ્યો જે નદીને પાર કરી શકે નહીં એટલે કે આકાઠેથી બીજે કાંઠે જઇ શકે નહિ એવી અતિ વિશાલ નદીને પાર કરનારા માણસોના કૌતુકોને જોવા માટે શું માણસો એકત્રિત થાય છે? આ પ્રમાણે ગૌતમ નો પ્રશ્ન સાંભળીને પ્રભુ તેને જવાબ આપતાં કહે છે કે 'णो इणट्ठे समट्ठे ववगय कोउहल्ला णं ते मणुया पण्णत्ता समणाउसो' હે ગૌતમ! આ અર્થ સમર્થ નથી, કેમકે જેમના ચિત્તમાંથી આ જાતનાં કૌતુકો જોવાનો ભાવ સંપૂર્ણ રીતે દૂર થઈ ગયો છે એવા તે મનુષ્યો ત્યાં રહેછે એવું શાસ્ત્રોમાં સિદ્ધાન્તકારો એ કહ્યું છે ॥૨૯॥

### ઉસકાલમેં શકટાદિકે અસ્તિત્વસંબન્ધી પ્રશ્નોતર

अत्थि णं भंते तीसे समाए भरहे वासे सगडाइ वा रहाइवा' इत्यादि सूत्र ॥३०॥

ટીકાર્થ-ગૌતમે પ્રભુને આ જાતનો પ્રશ્ન કર્યો કે હે ભદન્ત શુ તે સુષમ સુષમા કાળના સમયમાં ભરત ક્ષેત્રમાં શકટ સામાન્ય બળદ ગાડીઓ હોય છે? રથો હોય છે? યાનો શકટ તેમજ રથાતિરિક્ત સવારી ગાડીઓ હોય છે? યુગ્યો બે માણસો જેમને પોતાના સ્કંધો પર મૂકીને ચાલે છે, એવી નાની નાની પાલખીઓ હોય છે? ગિલ્લિઓ બે પુરૂષો જેમને ખભા પર મૂકીને ચલાવેછે, એવી પાલખીઓ કરતાં મોટી શિબિકાઓ હોય છે? થિલ્લિયો બે ઘોડાઓ અથવા બે ખચ્ચરોવાળી વિશેષ શિબિકાઓ બગીઓ હોય છે? શિબિકાઓ મોટી મોટી પાલખીઓ જેમને માણસો પોતાના ખભા ઊપર મૂકિને ચાલે છે તે હોય છે? સ્યન્દમાનિકાઓ હોય છે? તેના જવાબમાં પ્રભુ કહે છે-હે ગૌતમ. આ અર્થ સમર્થ નથી. એટલે કે શાસ્ત્ર-સમ્મત નથી, કેમકે ત્યાંના માણસો પાદચારી જ હોય છે. એથી તેમને

બળદ ગાડીઓ. પાલખીઓ વગેરેની  આવશ્યકતા રહેતી નથી. હે ભદન્ત ! તે સુષમા સુ-ષમાકાળમાં ભરતક્ષેત્રમાં ગાયો હોય છે ? ભેંશો હોય છે ? અજાઓ-બકરીઓ-હોય છે ? એડકાઓ—ઘેંટીઓ-હોય છે ? એના જવાબમાં પ્રભુ કહે છે. હા, ગૌતમ ! એ બધાં પ્રાણીઓ હોય છે, પણ એ ગાય વગેરે પશુઓ માણસોને ઉપયોગમાં આવતા નથી.

હવે ફરી ગૌતમ સ્વામી પ્રભુને પ્રશ્ન કરે છે કે હે ભદન્ત । તે કાળમાં ભરતક્ષેત્રમાં અશ્વ-ઘોડા' હસ્તી-હાથી ઉષ્ટ્ર-ઉંટ, ગાય, ગવય. રોઝ,અજા એડક. પસય-મૃગવિશેષ, મૃગ વરાહ-સૂવર રૂરુ-મૃગવિશેષ, શરભ-અષ્ટાપદ, ચમર-ચમરી ગાય, કુરંગ અને ગોકર્ણ-મૃગવિશેષ એ બધાં પ્રાણીઓ હોય છે ? ઉત્તરમાં પ્રભુ કહે છેઃ હા, ગૌતમ ! એ સર્વ જીવો તે કાળમાં હોય છે. 'णो चेव णं॰' પણ તે સમયના માણસોના ઉગયોગમાં કદાપિ આવતા નથી. ફરી ગૌતમ પ્રભુને પ્રક્ષ કરે છે. હે ભદન્ત, તે કાળમાં, આ ભરત ક્ષેત્રમાં સિંહ વ્યાઘ્ર, વૃક-વરૂ દ્વીપિક વ્યાઘ્ર વિશેષ ચિત્રક ચિત્તો, ઋક્ષ રીછ તરક્ષુ મૃગભક્ષી વ્યાઘ્ર વિશેષ શૃગાળ બિડાલ શુનક કૂતરું કોકન્તિક લોંકડી અને કોલ શુનક મોટા સૂવરો અથવા વન્ય શ્વાનો હોય છે ? એના જવાબમાં પ્રભુ કહે છે, હા ગૌતમ ! એ સર્વ વન્ય પ્રાણીઓ તે કાળમાં આ ભરતક્ષેત્રમાં હોય છે, પણ "णो चेव णं तेसिं मणुयाणं आबाहं वा वाबाहं॰" ઇત્યાદિ. એ વન્ય પ્રણીઓ તે માણસોને સહેજ પણ કષ્ટ આપતા નથી, ન વિશેષ રૂપમાં તકલીફ આપે છે અને ન તેમનાં શરીરો ને છિન્ન ભિન્ન કરે છે કેમકે 'समणाउसो पगई भद्दयाणं ते सावयगणा प॰ એ શ્રમણ આયુષ્મન ! એ શ્વાપદગણો-વન્ય પ્રાણી ઓ સ્વ-ભાવતઃ ભદ્ર હોય છે. अत्थि णं भंते ! भरहे वासे सालीति वा वीहि गोहूम जव जवा इ वा कलम मसूर' इत्यादि હવે ગૌતમ પ્રભુને આ જાતનો પ્રશ્ન કરે છે કે-હે ભદન્ત ! શું તે કાળમાં ભરત ક્ષેત્રમાં શાલિ-કલમાદિ ધાન્ય વિશેષ વ્રીહિ-ધાન્ય, ગોધૂમ ગેહું યવ જવ યવયવ જુઆર અથવા વિશેષ પ્રકારનો યવ કલાય વષણા મસૂર મુદ્ગ મગ માષ અડદ તિલ કુલત્થ કળથી નિષ્પાવ વલ્લ આલિસન્દક ચોળા અતસી અલસી કુસુંભ-કુસુંભ વૃક્ષનું બી જેના પુષ્પો વસ્ત્રો રંગવામાં આવે છે, કોદ્રવ ડુંગળી કંગુ મોટી કાંગની વરક ધાન્ય વિશેષ રાલક નાની કાંગની વિશેષ શણ સર્ષવ સરસવ અને મૂળક બીજ મૂળીનાં બી એ સર્વ જાતના બીજો હોય છે? ઉત્તરમાં પ્રભુ કહે છેઃ 'हंता अत्थि'હા, ગૌતમ ! તે કાળમાં ભરતક્ષેત્રમાં એ સર્વ જાતનાં બીજો હોય છે પરંતુ "णो चेव णं तेसिं मणुआणं परिभोगत्ताए हव्व मागच्छन्ति' એ સર્વ પ્રકારનાં બીજો તે કાળના મનુષ્યોના ભોગોપભોગના ઉપયોગમાં આવતાં નથી, કારણ કે તે કાળના મનુષ્યો કલ્પવૃક્ષના પુષ્પો અને ફળોનો આહાર કરે છે. સૂ.૩૦॥

## ઉસકાલમેં ગર્તાદિ કે સંબન્ધમેં પ્રશ્નોતર

**'अत्थि णं भंते तीसे समाए भरहे वासे गड्डाइ वा दरीइवा' इत्यादि सूत्र ३१॥**

ટીકાર્થ-હવે ગૌતમે આ સૂત્ર વડે પ્રભુને આ જાતનો પ્રશ્ન કર્યો છે કે 'अत्थि णं भंते ! तीसे समाए भरहे वासे॰ હે ભદન્ત ! શું તે કાળમાં સુષમ સુષમા નામના આરામાં આ ભરત ક્ષેત્રમાં

ખાડાઓહોય છે? દરી કંદરાઓ હોય છે ? અવપાતો દિવસે પણ ચાલતા માણસો જેમાં પડી જાય છે. એવાં ગુપ્ત ખાડાઓ હોય છે ? પ્રપાત ભૃગુ હોય છે ? વિષમસ્થાનો જ્યા ચઢવું અને ઉતરવું કઠણુ છે એવા સ્થાનો હોય છે ? ચને વિજલસ્થાનો ચીકણા કાદવવાળા સ્થાનો હોય છે ? એના જવાબમાં પ્રભુ કહે છે, હે ગૌતમ ! 'णो इणट्ठे समट्ठें' આ અર્થ સમર્થ નથી. એટલે કે તે કાળમાં ભરતક્ષેત્રમાં એવા સ્થાનો હોતા નથી કેમકે તે કાળે તો ભરતક્ષેત્ર બહુ સમરમણીય ભૂમિભાગથી સુશોભિત હોય છે. 'से जहा णामए आलिंगपुक्खरेइ वा०" અને તે ભૂમિભાગ એવો બહુસમરમણીય હોય છે કે જેવો મૃદંગનો મુખપુટ હોય છે. એનાથી સમ્બદ્ધ સૂત્રપાઠ પહેલાં લખવામાં આવ્યો છે.

હવે ફરી ગૌતમ પ્રભુને આ રીતે પ્રશ્ન કરે 'अत्थि णं भंते तीसे समाए भरहे वासे खाणूइ वा कंटग तणय कयवराइ वा०' इत्यादि હે ભદન્ત ! તે કાળમાં આ ભરતક્ષેત્રમાં શું સ્થાણુઓ શાખાં પત્ર રહિત વૃક્ષો હોય છે ? કાંટાઓ હોય છે ? તૃણ ઘાસ હોય છે અને કચવર કચરો વગેરે હોય છે ? એના જવાબમાં પ્રભુ કહે છે હે ગૌતમ ! 'णो इणट्ठे समट्ठे' આ અર્થ સમર્થ નથી એટલે કે તે કાળમાં ભરતક્ષેત્રમાં સ્થાણું વગેરે કંઈ પણ હોતુ નથી કેમકે ववगय खाणु कंटक સુષમસુષમા નામે કાળ સ્થાણુ કંટક તૃણ કચવર વગેરેથી સર્વથા રહિત હોય છે. હવે ફરી ગૌતમ પ્રભુને એવી રીતે પ્રશ્ન કરે છે કે 'अत्थि णं भंते ! तीसे समाए भरहे वासे डंसाइ वा मसगाइ वा जूआइ वा लिक्खाइ वा' इत्यादि" હે ભદન્ત! તે કાળમાં તે ભરતક્ષેત્રમાં દંશ મશક મચ્છર યૂક જૂ લિક્ષા લીખ ઢિંકુણ માંકડ અને પિશુક ડાંસો હોય છે? એના જવાબમાં પ્રભુ કહે છે,

હે ગૌતમ ! "णो इणट्ठे समट्ठे" આ અર્થ સમર્થ નથી એટલે કે તે કાળમાં ભરતક્ષેત્રમાં ડાંસ, મચ્છર વગેરે જીવો હોતાં નથી, કારણ કે "ववगय डंसमसकलिक्ख०, इत्यादि" તે કાળ જ એવો હોય છે કે જેમાં એ ઊપદ્રવકારી જીવો ભરતક્ષેત્રમાં ઊત્પન્ન જ થતાં નથી. ફરી હવે ગૌતમ સ્વામી પ્રભુને પ્રશ્ન કરે છે કે "अत्थि णं भंते! तीसे समाए भरहे वासे अहीइ वा, अयगराइ वा હે ભદન્ત ! તે આરામાં ભરતક્ષેત્રમાં શું સર્પ અને અજગરો હોય છે જવાબમાં પ્રભુ કહે છેઃ "हंता, अत्थि णो चेव णं तेसिं मणुयाणं आबाहंवा जाव पगइभद्दया णं ते वालगगणा प० હા, ગૌતમ ! તે કાળમાં ભરતક્ષેત્રમાં સર્પ અને અજગર એ સર્વ જીવો હોય છે પણ તે જીવો માણસોને સહેજ પણ કષ્ટ આપતા નથી અને કોઈને વિશેષ કષ્ટ પણ આપતાં નથી કારણ કે એ સર્વ સર્પ વગેરે સ્વભાવતઃ ભદ્ર હોય છે ॥સૂ૦ ૩૧॥

## ઉસસમયમેં ડિમ્બ ઉપદ્રવસમ્બન્ધી પ્રશ્નોતર

'अत्थि णं भंते ! तीसे समाए भरहे वासे डिंबाइ वा डमराइ वा' इत्या० ॥ સૂ૦૩૨॥

ટીકાર્થ-હવે ગૌતમે પ્રભુને એ જાતનો પ્રશ્ન કર્યો છે હે ભદન્ત ! શું તે સુષમસુષમાનામના આરામાં આ ભરતક્ષેત્રમાં ડિંબો—ઊપદ્રવો — હોય છે ? ડમરો-રાષ્ટ્રમાં અંદરો અંદર ઉપદ્રવો અને બાહરી ઊપદ્રવો હોય છે ? "कलहबोल खारवइर महाजुद्धाइ वा महासंगामाइ वा मडा सत्थपडणाइ वा महापुरिसपडणाइ वा ! " કલહ-વાગ્યુદ્ધ હોય છે બોલ—ઘણા મનુષ્યોનો એકી સાથે ઘોંઘાટ [અતિ ધ્વનિ] હોય છે ખાર-પરસ્પર ઇર્ષ્યાભાવ હોય છે વેર

પરસ્પર અસહનશીલ હોવાથી હિંસ્યહિંસક ભાવ હોય છે? મહાયુદ્ધ વ્યૂહ રચનાથી રહિત અને વ્યવસ્થા વગરનું મહારણ હોય છે? મહાસંગ્રામ–ચક્રવ્યૂહ રચના સહિત તેમજ વિશેષ વ્યવસ્થા સાથે મહાયુદ્ધો હોય છે, મહાશસ્ત્રોનું પતન હોય છે, અહીં શસ્ત્ર શબ્દથી અસ્ત્રનું પણ ગ્રહણ થયેલ છે. એ શસ્ત્રો અહીં નાગ બાણ વગેરે દિવ્ય અસ્ત્રોના રુપમાં પ્રગટ કરવામાં આવ્યાં છે એમના માટે જે મહાશસ્ત્ર શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે તેનું કારણ આ પ્રમાણે છે કે એ ઓ અદ્ભૂત શક્તિસંપન્ન હોય છે એમાં જે નાગબાણો છે તે જયારે પ્રત્યચા યુક્ત ધનુષ પર આરોપિત કરીને છોડવામાં આવે છે ત્યારે તેમા જ્વાલાઓ નીકળે છે લીટીનાં રૂપમાં આકાશમાંથી નીચે પડતા તેજ સમૂહોથી એ સંપન્ન હોય છે અને શત્રુના શરીરમાં પ્રવિષ્ટ થઇને એઓ નાગ રૂપે પરિણત થાય છે અને તેના શરીરને ચારે તરફથી આબદ્ધ કરી લે છે જે વાયુબાણ હોય છે તે પ્રચંડ વાયુ ને ઉત્પન્ન કરીને શત્રુને ધૂળ—માટી વગેરેથી અંધ બનાવીને તેને યુદ્ધ કરવામાં અસમર્થ બનાવી દે છે. જે અગ્નિ બાણ હોય છે તે પ્રચંડ અગ્નિ જ્વાલાની વર્ષા કરે છે અને તેનાથી શત્રુને દગ્ધ કરી નાખે છે. જે તામસ બાણ હોય છે તે શત્રુ પક્ષમાં પ્રગાઢ અંધકાર ઊત્પન્ન કરીને શત્રુઓને કિંકર્તવ્ય વિમૂઢ બનાવી મૂકે છે આ પ્રમાણે જે ગરૂડાસ્ત્ર અને પર્વતાસ્ત્ર હોય છે તે પણ પોતપોતાના નામની વિશેષતા મુજબ કાર્ય કરીને શત્રુદલમાં અનેક જાતની વિઘ્ન–બાધાઓ ઊત્પન્ન કરે છે, उक्तंचः

चित्रं श्रेणिक ! ते वाणा भवन्ति धनुराश्रिताः । उल्कारूपाश्च गच्छन्तः शरीरं नगमूर्तयः ॥१॥
क्षणं बाणाः क्षणं दण्डाः क्षणं पाशत्वमागताः । आमरा ह्यस्त्र भेदास्ते यथाचिन्तित मूर्तयः ॥२॥

મહાપુરૂષોનું પતન હોય છે ? રાજા વગેરે લોકોને અહીં મહાપુરૂષ શબ્દ વડે સંબોધિત કરવામા આવ્યા છે. તેમજ રાજા વગેરે મહાપુરૂષોનું તે કાળમાં ભરતતીર્થમાં યુદ્ધનાસમયે મત્યુ થાય છે ? મહારક્તપાત થાય છે ? પ્રવાહરૂપમાં રક્તપાત થાય છે ? આપ્રમાણે એ પ્રશ્નોના ઉત્તરમાં પ્રભુ ગૌતમને કહે છે–હે ગૌતમ ! "णो इणट्ठे समट्ठे" આ અર્થ સમર્થ નથી કેમકે 'ववगय वेराणुबंधा णं ते मणुआ पण्णत्ता" તે કાળના મનુષ્યો વેરભાવથી રહિત હોય છે. હવે ગૌતમ સ્વામી ફરી આ જાતનો પ્રશ્ન કરે છે કે "अत्थि णं भंते ! तीसे समाए भरहे वासे दुब्भूआणि वा कुलरोगाइ वा गामरोगाइवा, मंडलरोगाइवा, पोट्ट रोगाइवा, सीसवेयणाइ वा, कण्णोट्ठ अच्छिणहदंत वेयणाइवा कासाइ वा सासाइ वा सोस्राइ वा' હે ભદન્ત ! તે કાળે ભરતક્ષેત્ર માં દુષ્ટભૂતો–ધાન્યાદિને નુકસાન પહોંચાડનારા શલભ વગેરે ઈતિઓ–હોય છે ? ઊક્તંચઃ

अतिवृष्टिरनावृष्टिर्मूषिकाः शलभाः शुकाः । अत्यासन्नाश्च राजानः षडेता ईतयः स्मृताः ॥१॥

કુલરોગો—કુલપરંપરાગતરોગ–હોય છે ગ્રામરોગ ગ્રામવ્યાપીરોગ–વિષૂચિકા વગેરે હોય છે મંડલરોગ અનેક ગ્રામોમાં વ્યાપ્ત થાય તેવા કોલેરા વગેરે રોગ–હોય છે, પોટ્ટરોગ—ઉદર વ્યાધિ શીર્ષ વેદના કણ વેદના ઓષ્ઠ વેદના અસ્થિ વેદના નખવેદના અને દન્તવેદના એ સર્વવેદનાઓ હોય છે ? લોકોને ઉધરસ હોય છે ? શ્વાસરોગ હોય છે, ક્ષય રોગ હોય છે, "दाहाइ वा अरिसाइं वा अजीरगाइं वा, दओदराइ वा पंडुरोगाइ वा भगंद-

राइ वा एग्गाहिआइ वा वेआहिआइ वा तेआहिआइ वा चउत्थाहिआइ वा" દાહ રોગ હોય છે ? અર્શ રોગ હોય છે ? એટલેકે હરસને રોગ હોય છે ? અજીર્ણ હોય છે ? જળો દર હોય છે ? પાંડુરોગ હોય છે ? મગંતર હોય છે ? એક દિવસ વચમાં મૂકી દઈ ને આવનાર જવર વિશેષ એટલે કે એકાંતરિયો તાવ લોકોને આવે છે, ? બે દિવસ વચમાં મૂકીને આવ નાર તાવ લોકોને આવે છે, ? ત્રણ દિવસ વચમા મૂકીને આવનાર તાવ લોકોને આવે છે ? ચાર દિવસ વચમાંમૂકીને આવનાર તાવ લોકોને આવે છે ? 'इंदग्गहाइवा, धणुग्गहाइवा खंदग्गहाइ वा कुमारग्गहाई वा जक्खग्गहाइ वा, भूअग्गहाइ वा मत्थयसूलाइवा हियअ सूलाइ वा पोट्टसूलाइवा कुच्छिसूलाइवा जोणिसूलाइवा गाममारोइ वा जाव सण्णिवेसमारोइ वा पाणिक्खया जणक्खया कुलक्खया वसणब्भूअमणारिआ ? ઈન્દ્રગ્રહ હોય છે ! ધનુર્ગ્રહ હોય છે ? વાત વિશેષવ્યાધિ હોય છે ? સ્કન્દગ્રહ હોય છે ? કુમાર ગ્રહ હોય છે ? યક્ષ ગ્રહ હોય છે ભૂતગ્રહ હોય છે એ સર્વ ઈન્દ્રગ્રહ વગેરે ઉન્માદના હેતુ હોય છે ? તેમજ તે તે કાળના લોકોને મસ્તક શૂળ હોય છે. ? હૃદય શૂળ હોય છે ? પોટ્ટશૂળ-ઉદરશૂળ હોય છે. ! કુક્ષિશૂળ હોય છે. ? યોનિશૂળ હોય છે ? રોગ વિશેષથી ગ્રામમાં ઘણાં જીવોનું મરણ થાય છે. ? અહીં યાવત્ પદથી "आकरमारि, नगरमारि, खेटमारि, कब्बडमारि, मडम्बमारि, द्रोणमुखमारि पत्तनमारि, आश्रममारि संबाहमारि" એ પદોને સંગ્રહ થયેલ છે. તેમજ સન્નિવેશ મારિ હોય છે ? આકરથી સન્નિવેશ પદ સુધીના સર્વ પદોને અર્થ પહેલાં સ્પષ્ટ કરવામાં આવેલ છે. એ આકરથી સન્નિવેશ સુધીના સ્થાનોમાં જે રોગ વિશેષો વડે ઘણાં જીવોનું મરણ થાય છે, તે તત્ તત મારિના પ્રભાવથી જ થાય છે. તેમજ પ્રાણિક્ષય થાય છે.-ગાય વગેરે પશુઓને માંદગીથી વિનાશ થાય છે ? જનક્ષય-માણસોને કોઈ માંદગી વગેરે વડે અકાલ મરણ થાય છે ? કુલક્ષય-વંશ વિનાશ થાય છે ? એના જવાબમાં પ્રભુ કહે છે "गोयमा ! णो इणट्ठे समट्ठे' હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથીકેમકે-'ववगय रोगायंका णं ते मणुआ पण्णत्ता समणा उसो" હે શ્રમણ આયુષ્મન્ ! સોળ પ્રકારના રોગો અને આતંકોથી તે કાળના લોકો વિહીન હોય છે. એટલે કે સદા રોગો અને આતંકો એમનાથી દૂર રહે છે. એવું આગમનું કથન છે. ।।સૂ૦ ૩૨।।

## ઉસકાલકે મનુષ્યોંકી ભવસ્થિત્યાદિ કા નિરૂપણ

'तीसे णं भंते ! समाए भरहे वासे मणुयाणं केवइयं कालं ठिई पण्णत्ता'-इत्यादि सूत्र३३।।

ટીકાર્થ-આ સૂત્ર વડે ગૌતમે પ્રભુને આજાતને પ્રશ્ન કર્યો છે કે-હે ભદન્ત ! તે સુષમ સુષમા કાળમાં ભરત ક્ષેત્રમાં મનુષ્યોની સ્થિતિ કેટલા કાળની હોય છે ? એના જવાબમાં પ્રભુ કહે છે કે-गोयमा ! जहणेणं देसूणाइं तिण्णि पलिओवमाइं उक्कोसेणं-देसूणाइं तिण्णि पलि ओवमाइं હે ગૌતમ તે સુષમ સુષમા કાળના સમયમાં ભરત ક્ષેત્રના મનુષ્યોનું આયુ જઘન્ય-કંઈક સ્વલ્પ ત્રણ પલ્યોપમ જેટલું હોય છે અને ઉત્કૃષ્ટથી કંઈક કમ ત્રણ પલ્યોપમ જેટલું હોય છે. અહીં જે કંઈક કમ ત્રણ પલ્યોપમ જેટલુ આયુ કહેવામાં આવેલ છે, તે યુગલિક સ્ત્રીઓના આયુની અપેક્ષાએ કહેવામાં આવેલ છે તેમજ પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી જે હીનતા છે તે અહીં કંઈક કમના સ્થાને ગૃહીત થયેલ છે. હવે ગૌતમ શરીરાવગાહ

ના વિષે પ્રભુને પ્રશ્ન કરે છે કે 'तीसे णं भंते समाए भरहे वासे मणुआणं सरीरा केवइ अं उच्चत्तेणं पण्णत्ता' હે ભદન્ત ! તે કાળમાં ભરત ક્ષેત્રમાં માણસો શરીરની ઊંચાઈ માં કેટલા લાંબા હતા ? ઉત્તરમાં પ્રભુ કહે છે કે – "जहन्नेणं तिण्णि गाउयाइं उक्कोसेणं तिण्णि गाउयाइं હે ગૌતમ તે કાળ માં ભરત ક્ષેત્રમાં માણસો જઘન્ય અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ ત્રણ ગાઉ જેટલા હતા. અહીં જે ઉત્કૃષ્ટ શરીરની અવગાહના સ્પષ્ટ કરવામાં આવી છે તે યુગલિક સ્ત્રીઓની અપેક્ષાએ સ્પષ્ટ કરવામાં આવી છે, "तेणं भंते मणुआ किं संघयणो पण्णत्ता ?' હે ભદન્ત તે મનુષ્યો કઈ જાતના સંહનનવાળા હોય છે. એના જવાબ માં પ્રભુ કહે છે કે 'गोयमा ! वइरोसभणाराय संघयणी पण्णता હે ગૌતમ ! તે મનુષ્યો વજ્ર ઋષભ નારાચ સંહનનવાળા હોય છે. 'तेसि णं भंते मणुआणं सरीरा किं संठिआ पण्णता' હે ભદન્ત ! તે મનુષ્યોના શરીરો કઈ જાતના સંસ્થાનવાળા છે ? એના જવાબમાં પ્રભુ કહે છે કે "गोयमा समचउरंससंठाण संठिआ હે ગૌતમ તેમનુ શરીર સમચતુરસ્રસંસ્થાનવાળું કહેવામાં આવ્યું છે. બરાબર આરોહ અને પરિણાહ જેમનું હોય છે તેનું નામ સમચતુરસ્ર સંસ્થાન છે, 'तेसिणं मणुआणं बेछप्पण्णा पिट्ठ करंडय सया पण्णता समणाउसो' હે શ્રમણ આયુષ્મન્ ! તેમના પૃષ્ઠ કરંડકો ૨૫૬ હોય છે. જો કે આ જાતનું કથન પહેલાં કરવામાં આવેલ છે, પણ છતાએ અહીં જે બીજી વખત કહેવામાં આવ્યું છે તેનું કારણ આ પ્રમાણે છે કે એમનું સંહનન વગેરે બધું સમાન હોય છે. આ વાતને સૂચિત કરવા માટે જ અહીં ઉપર્યુક્તકથનની બીજી વખત આવૃત્તિ કરવામાં આવી છે 'तेणं भंते मणुआ कालमासे कालं किच्चा कहिं गच्छंति, कहिं उववज्जंति' હે ભદન્ત એ મનુષ્યો યથા સમયે મૃત્યુ પ્રાપ્ત કરીને કયાં જાય છે કયાં ઉત્પન્ન થાય છે ? ઉત્તરમાં પ્રભુ કહે છે કે 'गोयमा छम्मासावसेसाउया जुअलयं पसवंति' હે ગૌતમ જયારે એમનું આયુ છ માસ જેટલું બાકી રહે છે ત્યારે એ પરભવના આયુનો બન્ધ કરે છે અને યુગલિકને ઉત્પન્ન કરે છે. યુગલિકની ઉત્પત્તિ પછી એઓ યુગલિકનું 'एगूणपण्णं राइंदियाइं सारक्खंति संगोवेंति ૪૯ રાત દિવસ સુધી ઉચિત ઉપચાર વગેરેથી લાલન પાલન કરે છે, દેખરેખ તેમજ સંભાલ રાખે છે, આ પ્રમાણે લાલન પાલન તેમજ સંરક્ષણ કરીને પછી એઓ 'कासित्ता छोइत्ता जंभाइत्ता अक्किट्ठा अव्वहिया अपरिअविया कालमासे कालं किच्चा देवलोएसु उववज्जंति' ઉધરસ ખાઈ ને, છીંક ખાઈને અને બગાસું ખાઈને વગર કોઈ પણ જાતના કષ્ટે વગર કોઈ પણ જાતના પરિતાપે કાલમાસમાં મરણ પામીને દેવલોકમાં ભવનપતિથી માંડીને ઈશાન પર્યંત દેવલોકમાં ઉત્પન્ન થાય છે કેમકે 'देवलोय परिग्गहिया णं ते मणुआ प०' એમનો જન્મ દેવલોકમાંજ હોય છે. અન્ય મનુષ્ય, નારક અને તિર્યગ્લોકમાં એમનો જન્મ થતો નથી. એવો આગમનો આદેશ છે. ભુજયમાન આયુ ૬ માસ જેટલું બાકી રહે છે ત્યારે યુગલિયાજનો પરભવના આયુનો બન્ધ કરે છે. એથી એમના પરભવના આયુનો બન્ધ ત્રિભાગમાં–પોતાના આયુના ત્રિભાગમાં–થતો નથી. એઓ સમાન આયુવાળા દેવલોકોમાં કે પોતાના આયુ કરતાં હીન આયુવાળા દેવલોકોમાં જન્મગ્રહણ કરે છે. એથી એમનો ઉત્પાદ ભવનપતિથી માંડીને ઈશાન પર્યંતના દેવલોકોમાં કહેવામાં આવેલ છે.

આ યુગલિક જીવોનું અકાલમાં મરણ થતું નથી. એઓ પોતાના અપત્યોનું ૪૯ દિવસ સુધી લાલન-પાલન અને સંરક્ષણ કરે છે, એવું જે કહેવામાં આવ્યું છે તો એ દિવસોમાં એ અપત્યોની કેવી સ્થિતિ થતી રહે છે. આ સંબંધમાં કેટલાક લોકોનું આ પ્રમાણે કહેવું છે કે

सप्तोत्तानशया लिहन्ति दिवसान् स्वाङ्गुष्ठमार्यास्ततः
कौ रिङ्खन्ति पदैस्ततः कलगिरो यान्ति स्खलद्भिस्ततः ।
स्थेयोभिश्च ततः कलागुणभृतस्तारुण्य भागोद्गताः ॥
सप्ताहेन ततो भवन्ति सुदृगादानेऽपि योग्यास्ततः ॥

એનો અભિપ્રાય આ પ્રમાણે છે કે એ યુગલાદિ જનો જ્યારથી જન્મ ગ્રહણ કરે છે ત્યારથી ૭ દિવસ સુધી તો એટલે કે પ્રથમ સપ્તાહ માં તો ઉપરની તરફ મો કરીને સૂતાં સૂતાં જ પોતાના અંગુષ્ઠને ચૂસતા રહે છે. પછી બીજા સપ્તાહમાં પૃથ્વી હમાં પૃથ્વી ઉપર પગ તેમજ ઘૂંટણના બળે સરકવા માંડે છે. ત્રીજા સપ્તાહમાં એઓ મધુર વાણી બોલવા માંડે છે. ચતુર્થ સપ્તાહમાં એઓ સાત દિવસ સુધી લથડાતાં-લથડાતાં ચાલવા માંડે છે. પાંચમા સપ્તાહમાં એઓ સ્થિર થયેલા પગોથી ચાલવા માંડે છે. છટ્ઠા સપ્તાહમાં એએ સર્વ કલાઓમાં વિશારદ થઈ જાય છે. સાતમાં સપ્તાહમાં એ સર્વે યુવાવસ્થાપન્ન ભોગોના ઉપભોક્તા થઈ જાય છે. અને કેટલાક તો સમ્યગ્દર્શન ગ્રહણ કરવા યોગ્ય પણ થઇ જાય છે. અહીં આ જે કંઈ કહેવામાં આવ્યું છે તે સુષમ સુષમા આરકના પ્રારંભક સમયને લઈને કહેવામાં આવ્યું છે કેમકે એના પછી તો એના કરતાં પણ વધારે કામો સંભવી શકે છે, એવી સંભાવના થાય છે. અહીં કોઇ એવી પણ શંકા ઉઠાવી શકે છે કે તે સમયે અગ્નિ સંસ્કાર વગરેની અપ્રાદુર્ભૂતિતામાં મૃતક શરીરોની કેવી સ્થિતિ થતી હશે ? તે એના ઉત્તરમાં એવું જ સમજવું જોઈએ કે તે સમયમાં મૃતકયુગલિક જીવોના શરીરોને ભારંડાદિ પક્ષી નીડકાષ્ઠાની જેમ ઊડાવીને નદી—સાગર વગેરેમાં નાખી દેતાં હશે કેમકે તે સમયના જગત્નો એવો સ્વભાવ હોય છે. અહીં ફરી કોઈ બીજી શંકા ઉઠાવી શકે છે કે ઉત્કૃષ્ટથી પણ ધનુઃ પૃથક્ત્વ પ્રમાણ શરીરવાળા તે પક્ષીઓ પોતાના કરતાં ઉત્કૃષ્ટ પ્રમાણવાળા મનુષ્ય શરીરો ને કેવી રીતે ઉઠાવી ને સમુદ્ર વગેરેમાં નાખતા હશે ? તો આનો જવાબ એ છે કે કેટલાક પક્ષીઓના શરીરનું પ્રમાણ આરકની અપેક્ષાએ યથાસંભવ બહુ, બહુતર અને બહુતમ ધનુઃ પૃથકત્વ પ્રમાણવાળા હોય છે, એથી તત્કાળવર્તી યુગલિક નરો અને હસ્તીઓની અપેક્ષાએ તેમના શરીરનું પ્રમાણ અધિક હોવાથી તે પક્ષીઓ તે મનુષ્યોના મૃતશરીરોને ઉચકી શકવામાં સમર્થ હોય છે.

હવે ગૌતમસ્વામી પ્રભુને પ્રશ્ન કરે છે **'तीसेणं भंते! समाए भरहे वासे कइविहा मणुस्सा क्षणुसज्जित्था''** હે ભદંત તે કાળે ભરતક્ષેત્રમાં કેટલા પ્રકારના મનુષ્યો કાળથી કાલાન્તરમાં સન્તતિભાવથી ઉત્પન્ન થયા ? એના જવાબમાં પ્રભુ કહે છે–**'गोयमा छव्विहा पण्णत्ता तं जहा-पम्हगंधा, मिअ गंधा, अममा, तेअतली, सहा सणिचारी'** 'હે ગૌતમ' છ પ્રકારના મનુષ્યો તે કાળે ઉત્પન્ન થયા. જેમકે પદ્મગન્ધ-પદ્મના ગંધ જેવા ગંધથી યુક્ત શરીરવાળા મનુષ્યો, મૃગગન્ધ મૃગની એટલે કે કસ્તૂરીના ગંધ જેવા ગંધથી યુક્ત શરીરવાળા

મનુષ્યો, અમમ-મમત્વહીન મનુષ્યો, તેજપ્રભા અને તલ રૂપ એઓ બન્નેથી સમ્પન્ન મનુષ્યો અને ઔત્સુકયાભાવથી મંદ-મંદ ગતિથી ચાલનારા મનુષ્યો. જેમ પૂર્વમાં એક આકારવાળી મનુષ્યજાતિ પણ તૃતીય આરકના પ્રાન્તમાં ઋષભદેવે ઉગ્ર ભોગ, રાજન્ય અને ક્ષત્રિયના ભેદથી ચાર પ્રકારોમાં વિભક્ત કરેલ છે. તેમજ અહીં પણ પદ્મગન્ધાદિ ગુણના યોગથી મનુષ્ય સ્વભાવથી જ પદ્મગન્ધાદિ ભેદથી છ પ્રકારની જાતિવાળા થઇ જાય છે ।।૩૩।।

આ પ્રથમ આરકનું વર્ણન છે.

## સુષમાનામકે દૂસરે આરેકા નિરૂપણ

દ્વિતીય આરક વર્ણન

**'तीसेणं समाए चउहिं सागरोवम कोडाकोडीहिं काले वीइक्कंते' इत्यादि सूत्र ।।३४।।**

ટીકાર્થ-"**तीसेणं समाए चउहि सागरो०**" જ્યારે ચાર કોડાકોડી સાગર વ્યતીત થઈ જાય છે ત્યારે દ્વિતીય અવસર્પિણી કાળ પ્રારંભ થાય છે. અહીં એવો સંબંધ જાણવો જોઈએ. જે સુષમ સુષમા કાળ છે તેની સ્થિતિ જ કોડાકોડી સાગરોપમ છે આ અવસર્પિણી કાળનો પ્રથમ ભેદ છે એથી અવસર્પિણી કાળમાં ક્રમશઃ આયુ, કાળ વગેરેનો પ્રતિ સમય હ્રાસ થતો જાય છે. એટલા માટે " **अणंतेहिं वण्णपज्जवेहिं अणंतेहि गंध पज्जवेहिं अणंतेहिं रसपज्जवेहिं अणंतेहिं फासपज्जवेहिं**' ધીમે ધીમે અનન્ત વર્ણપર્યાયોનો, અનન્તગન્ધ પર્યાયોનો, અનંત રસ પર્યાયોનો અનંત સ્પર્શના પર્યાયો હ્રાસ થતાં થતાં જ્યારે ચાર કોડાકોડી પ્રમાણ સમય સમાપ્ત થઈ જાય છે આ પ્રમાણે અનંત સહનન પર્યાયોના અનંત સંસ્થાન પર્યાયોનો અનેક ઉચ્ચત્વ પર્યાયોનો અનંત આયુપર્યાયોનો અનંત ગુરુ-લઘુ પર્યાયોનો અનંત અગુરૂ લઘુ પર્યાયોનો અનંત ઉત્થાન કર્મબળવીર્ય પુરુષકારપરાક્રમ પર્યાયોનો હ્રાસ થતાં થતાં જ્યારે ૪ કોડાકોડી પ્રથમ આરા અવસર્પિણીનો સમાપ્ત થઈ જાય છે ત્યારે અવસર્પિણી કાળનો દ્વિતીય સુષમાનામક આરો આ ભરતક્ષેત્રમાં પ્રારંભ થઇ જાય છે. અહીં જે વર્ણાદિકોના પર્યાયોનું કથન કરવામાં આવેલ છે. તે કેવલી ભગવાનની બુદ્ધિ વડે કરવામાં આવેલ નિર્વિભાગ ભાગોને માનીને કરવામાં આવેલ છે. એ વર્ણાદિકોના નિર્વિભાગ ભાગ એક ગુણ શુકલત્વાદિ રૂપ પડે છે. આ આરકમાં વજ્ર ઋષભનારાચ સંહનન જ હોય છે અન્ય સંહનનોનો અભાવ રહે છે. સંહનન અસ્થિઓની એક પ્રકારની રચના વિશેષનું નામ છે. એ સંહનનો શાસ્ત્રોમાં વજ્રઋષભનારાચ સંહનન ઋષભનારાચ સંહનન, નારાચસંહનન અર્દ્ધનારાચ સંહનન કીલિકા સંહનન અને સેવાર્ત સંહનનના ભેદથી ૬ પ્રકારના વર્ણિત થયેલા છે. સંસ્થાન આકારનું નામ છે. એના પણ ૬ પ્રકારો છે. સમચતુરસ્રસંસ્થાન ન્યગ્રોધ પરિમંડલસંસ્થાન કુબ્જક સંસ્થાન વામન સંસ્થાન સાદિસંસ્થાન અને હુણ્ડક સંસ્થાન. આ આરકમાં અન્ય સંસ્થાનો નહિ પણ ફકત સમ ચતુરસ્રનામક પ્રથમ સંસ્થાન જ હોય છે. ઉચ્ચત્વથી અહીં શરીરની ઉંચાઇ ગૃહીત થયેલી છે. પ્રથમ આરકમાં શરીરની ઊચાઈ ૩ ગાઉ જેટલી હોય છે આયુનું પ્રમાણ ત્રણ પલ્યો

પમ જેટલું હોય છે. ગુરુ-લઘુ દ્રવ્યથી બાદર સ્કન્ધ દ્રવ્ય રૂપ જે ઔદારિક વૈક્રિય આહારક તેમજ તૈજસ શરીર છે તેનું ગ્રહણ થયેલ છે. અગુરૂ લઘુ દ્રવ્યથી સૂક્ષ્મ દ્રવ્ય રૂપ જે પૌદ્‌ગલિક દ્રવ્ય છે તેમનું જ ગ્રહણ થયેલું છે અપૌદ્‌ગલિક સૂક્ષ્મ દ્રવ્ય નું નહિ. જો એમનું પણ અહીં ગ્રહણ કરવામાં આવે તો ધર્માસ્તિકાયાદિક દ્રવ્યોનું પણ ગ્રહણ માનવું જ પડશે. તો આ પ્રમાણે એમની પર્યાયોની પણ હાનિ થવાની સ્થિતિ ઉપસ્થિત થશે. એટલામાટે આ પ્રસંગની નિર્વૃત્તિ માટે અગુરુ લઘુ દ્રવ્યપણા થી કાર્મણ અને મનોભાવાદિ દ્રવ્યોનું ગ્રહણ કરવામા આવવું જોઈએ આ પ્રમાણે વર્ણ ગુણની ગન્ધગુણની રસગુણની તેમજ સ્પર્શ-ગુણની જે પર્યાયો છે-કેવલી વડે સ્વ બુદ્ધિથી કરવામા આવેલ જે નિર્વિભાગભાગો છે તે અનંત સંખ્યક છે. સંહનની પર્યાયો અનંત છે સંસ્થાનની પર્યાયો અનંત છે ઉચ્ચત્વની પર્યાયો અનંત છે આયુકર્મની પર્યાયો અનંત છે ગુરુલઘુ દ્રવ્યોની અને અગુરૂ લઘુ દ્રવ્યોની પર્યાયો અનંત છે ઉત્થાન—ચેષ્ટા વિશેષરૂપ કર્મભ્રમણાદિ રૂપ ક્રિયા શરીર સામર્થ્યરૂપ બળ વીર્ય જીવની શક્તિ પુરુષકાર અને પરાક્રમથી પર્યાયો પણ અનંત છે. એ સર્વ અનંત પર્યાયોને કેવલી જ જાણે છે. તો એ સર્વ પર્યાયરૂપ અનંત ગુણોથી જ્યારે ધીમે ધીમે પ્રતિસમય હાનિ થતાં થતાં સુષમ સુષમા નામે પ્રથમ આરક સમાપ્ત થઈ જાય છે ત્યારે ત્રણ કોડાકોડી સાગરોપમ પ્રમાણયુક્ત દ્વિતીય આરક કે જેનું નામ સુષમા છે તે પ્રારંભ થાય છે. એ વર્ણાદિ પર્યાયોમાં અનંતતા અને દરેક સમયમાં અનંતગુણ હાનિ જે હોય છે તેનું અહીં સ્પષ્ટી-કરણ કરવામાં આવે છે. સુષમ સુષમા કાળમાં કલ્પદ્રુમો અને તેમનાં પુષ્પો તેમજ ફળ વગેરે માં જે વર્ણ ગન્ધ અને રસાદિ હોય છે તે ઉત્કૃષ્ટ હોય છે. એમના જો કેવલીની પ્રજ્ઞાથી નિર્વિભાગ ભાગ કરવામાં આવે તો તે અનંત ભાગ થાય છે. એમના મધ્યથી અનંતભાગા-ત્મક એક રાશિ પ્રથમ આરકના દ્વિતીય સમયમાં સમાપ્ત થઈ જાય છે. દ્વિતીય અનંતભાગાત્મક રાશિ પ્રથમ આરકના તૃતીય સમયમાં સમાપ્ત થઈ જાય છે. આ પ્રમાણે તૃતીયાદિ અનંત ભાગાત્મક રાશિઓ પ્રથમ આરકના ચતુર્થાદિ સમયોમાં સમાપ્ત થતી રહે છે. તો આ રીતે એમની સમાપ્તિ સંબંધી આ ક્રમ પ્રથમ આરકના અંતિમ સમય સુધી જાણવો જોઈએ. તેમજ આ પ્રમાણે એ જ ક્રમ અવસર્પિણી કાલના અંતિમ સમય સુધી ચાલૂ રહે છે એવું પણ જાણવું જોઈએ. આ પ્રમાણે **अनन्तगुणपरिहाण्या** પદમાં અનંત નિર્વિભા-ગોની પરિહાનિથી એવો જ અર્થ ગ્રહણ કરીને **अनन्तगुणानां परिहाण्या** માં ષષ્ઠી તત્પુરુષ સમાસ સમજવો જોઈએ કર્મધારવ નહિ. ગુણ શબ્દ ભાગ અર્થનોવાચક છે આ વાત આ-ગમમા પ્રસિદ્ધ છે.

અહીં એવી શંકાપણ ઉદ્‌ભવી શકે છે કે જ્યારે વર્ણાદિકોના અનંત ગુણોની હાનિ થતી રહી છે એવું કહેવામાં આવ્યું છે તો પછી આ રીતે તો એ શ્વેતાદિ વર્ણોનો અને ગન્ધાદિ ગુણોનો સર્વથા ઉચ્છેદ જ થઈ જશે પણ આવું થશે નહિ કેમકે વર્તમાન કાળમાં એ સર્વ ગુણોનો—જેમ જાતીય પુષ્પાદિમાં શ્વેતવર્ણોનો આ પ્રમાણે અન્ય પણ અન્ય-અન્ય વર્ણનો તેમજ ગંધાદિકોનો સદ્‌ભાવ તો જોવામા આવે જ છે. તો આ શંકા નોજવાબ આ પ્રમાણે છે કે આગમમાં અનંતતાના પણ અનંત ભેદો માનવામાં આવ્યા છે. એમાં હીયમાન ભાગો નો જે અનંતક છે તે તો અલ્પ છે અને એમનામાં જે મૂલરાશિનો ભાગાન્તક છે, તે બ્રહત્તર છે એથી એમના સર્વથા ઉચ્છેદનનો સંભવ નથી. ભવ્યની જેમ

એમનું સર્વથા ઉચ્છેદન થાય તેવો પ્રસંગ જ ઉપસ્થિત થતો નથી. આજ સુધી અનંતકાલથી ભવ્યો સિદ્ધ અવસ્થાપન્ન થતા આવ્યા છે અને ભવિષ્યમા પણ તેઓ અનંતકાલ સુધી સિદ્ધ અવસ્થાપન્ન થતા રહેશે, છતાં એ તેમનું સર્વથા ઉચ્છેદન થતું નથી. આ પ્રમાણે જ સર્વજીવોની અપેક્ષાએ અનંતગુણ ઉત્કૃષ્ટ વર્ણાદિગત ભાગોનું સર્વદા ઉચ્છેદન થશે નહિ-

શંકા–તેઓ તો સંખ્યાત જ સિદ્ધ હોય છે, પણ એ તો પ્રતિ સમય અનંતરૂપમાંજ હીન થતા રહે છે, આ પ્રમાણે જે ભવ્યનું દૃષ્ટાન્ત આપીને તમે એમની નિર્લેપતાનો અભાવ પ્રતિપાદિત કર્યો છે, તો આ દૃષ્ટાન્તમાં તો એમની અપેક્ષા ખૂબજ વિષમતા છે, એટલે કે આ દૃષ્ટાન્તથી વર્ણાદિકોનો સર્વથા ઉચ્છેદ થવા સંબંધી જે પ્રસંગ આપવામાં આવેલ છે તે કાયમ જ રહે છે તો આ જાતની આ આશંકા પણ યોગ્ય ન કહેવાય. કેમકે સિદ્ધ થનારા ભવ્ય જીવોમાં જેવી સંખ્યાતતા છે તેવી કાળમાં સંખ્યાતતા નથી પરંતુ તે સિદ્ધિ કાળ તો અભિન્ન છે આ રીતે દરેક સમયમાં અનંત વર્ણાદિ ભાવોમા જેવી હીયમાનતા છે, તે તેમનો હાનિકાલ અવસર્પિણી પ્રમાણ જ છે. એના પછી તો ઉત્સર્પિણીના પ્રથમકાળના પ્રથમ સમયથી માંડીને અંતિમકાળના અંતિમ સમય સુધી એ વર્ણાદિ ભાવો એ જ ક્રમથી વર્દ્ધમાન થતા રહે છે. માટે કોઇ પણ કાળમાં એ વર્ણાદિભાવેનો સર્વથા ઉચ્છેદ પ્રાપ્ત થઈ શકતો નથી.

"अणंतेहिं उच्चत्तपज्जवेहिं" આમ જે કહેવામાં આવ્યુ તો ત્યાં એવી શંકા થઈ શકે કે સ્વાવગાઢ ભૂત મૂલ ક્ષેત્રથી માંડીને ઉપર–ઉપરનો જે નભઃ પ્રદેશ છે, તે નભઃ પ્રદેશમાં જે અવગાહિત છે, તે જ શરીરની ઉચ્ચતા છે, આ ઉચ્ચતાની પર્યાયો એક, બે, ત્રણ પ્રતરાવગાહિત્વ આદિ અસંખ્યાત પ્રતરાવગાહિત્વ સુધી હોય છે અને એ અસંખ્યાત જ હોય છે. તાત્પર્ય આ પ્રમાણે છે કે જીવનો અવગાહ આકાશના એકપ્રદેશથી માંડીને અસંખ્યાત પ્રદેશ સુધી જ હોય છે કેમ કે લોકાકાશના અસંખ્યાતજ પ્રદેશો છે, તો પછી અહીં પર્યાયોમાં અનંતતા શા માટે કહેવામાં આવી છે ? અને કેવી રીતે આ અનંતભાગોનો પરિહાનિથી હીન કહેવામાં આવા છે ? તો આ શંકાનું સમાધાન આ પ્રમાણે છે કે પ્રથમ આરકમાં પ્રથમ સમયમાં ઉત્પન્ન થયેલા જીવોની જે શરીરોચ્ચતા હોય છે તેનાથી દ્વિતીયાદિ સમયોમાં ઉત્પન્ન થયેલા જીવોની જેટલી એક નભઃ પ્રદેશાવગાહિત્વ રૂપ પર્યાયોની હાનિ હોય છે તે અનંતરૂપમાં હીયમાન હોય છે. કેમ કે આધારની હાનિમાં આધેયની હાનિ આવશ્યક છે, એનાથી ઉચ્ચત્વાદિ પર્યાયોમાં પણ નભઃ પ્રદેશાવગાહપુદ્ગલોપચય સાધ્ય હોવાથી અનંતતા સિદ્ધ થઈ જ જાય છે. 'अनन्तैः आयुः पर्यवैः' આમ જે કહેવામાં

આવ્યું છે, તે ત્યાં પણ એવી આશંકા થઈ શકે છે કે એક સમય હીન, બે સમય હીન, યાવત્ અસંખ્યાત સમય હીન જે ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે તે જ આયુની પર્યાય છે. આ સ્થિતિ સ્થાનોની તરતમ્યતા લઇને આયુની પર્યાયો અસંખ્યાત જ થઈ શકે છે. કેમ કે આયુની સ્થિતિ અસંખ્યાત સમય રૂપ જ હોય છે. તો પછી આયુની પર્યાયોમાં અનંતતા શા માટે કહેવામાં આવી છે ? તો આ શંકાનું સમાધાન આ પ્રમાણે છે કે હીયમાન સ્થિતિ સ્થાનકોના કારણભૂત જે આયુ કર્મ દલિકો પ્રતિ સમયે હીન થતા રહે છે તેઓ હીયમાન અનંત આયુ કર્મ દલિક ભવસ્થિતિના કારણ ભૂત હોવાથી આયુના પર્યાય રૂપ જ હોય છે. એથી એમની અનંતતામાં કોઈ પણ જાતની વિપત્તિ નથી. "अनन्तै गुरुलघुपर्यवैः" આમ જે કહેવામાં આવ્યું છે તો ઔદારિક વૈક્રિય આહારક તેમ જ તૈજસ રૂપ બાદર સ્કન્ધ દ્રવ્યોની જે પર્યાયો છે તે ગુરુલઘુ પર્યાયો છે. પ્રકૃતમાં વૈક્રિય અને આહારક પર્યાયોનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. એથી પ્રથમ આરકના આદ્યસમયમાં ઔદારિક શરીરને આશ્રિત કરીને ઉત્કૃષ્ટ વર્ણાદિક જાણવું જોઈએ. ત્યારબાદ તેઓ તે પ્રમાણે જ હીન થતા જાય છે. તેમ જ તૈજસ શરીરને આશ્રિત કરીને આદ્યસમયમાં કપોત પરિણામક જઠર સંબંધી અગ્નિઅતિ ઉત્કૃષ્ટ હોય છે, ત્યાર બાદ દ્વિતીયાદિક સમયોમાં તે હાનિરૂપમાં પરિણત થતી મન્દ મન્દતર વગેરે વીર્ય--પ્રભાવવાળી થતી જાય છે.

"अनन्तैः अगुरुलघुपर्यवैः" આમ કહેવામાં આવ્યું છે તો આનો અર્થ કાર્મણ, અને મનોવર્ગણા અને ભાષાવર્ગણા આદિ રૂપ સૂક્ષ્મ પૌદ્ગલિક દ્રવ્ય આમ કરવામાં આવેલ છે. એમનામાં જે કાર્મણ દ્રવ્ય રૂપ સૂક્ષ્મ પુદ્ગલ દ્રવ્ય છે અને તેના જે સાતાવેદનીય, શુભ-નિર્માણ સુસ્વર, સૌભાગ્ય અને આદેયાદિ પ્રકૃતિયો છે, તેમનામાં બહુસ્થિતિરૂપ, બહુ અનુભાગ રૂપ, બહુ પ્રદેશરૂપ જે બન્ધ છે, તે રૂપથી મનોદ્રવ્યનું બહુગુણરૂપથી, અસંદિગ્ધ ગ્રહણ રૂપથી,ઝટિતિ ગ્રહણ રૂપથી અને બહુધારણાદિમત્વ રૂપથી, ભાષાદ્રવ્યનું ઉદાત્ત રૂપથી, ગંભીર રૂપથી રાગ આદિ રૂપથી આદિ સમયમાં ઉત્કૃષ્ટ-સંચય ગ્રહણ હોય છે. ત્યાર બાદ દ્વિતીયાદિ સમયોમાં ક્રમશઃ એમના અનંત પર્યાયો હીયમાન થવા માંડે છે.

તથા—"अनन्तैरुत्थानकर्मबलवीर्य पुरुषकारपराक्रमपर्यवैः" એવું જે કહેવામાં આવ્યું છે તો આનું તાત્પર્ય આ પ્રમાણે છે કે—પ્રથમ અવસર્પિણી કાળમાં ઉત્થાન આદિ પ્રથમ સમયમાં ઉત્કૃષ્ટ હોય છે. ત્યારબાદ-ક્રમશઃ એઓ દ્વિતીયાદિ સમયોમાં હીન થતા જાય છે. આ પ્રકૃતવિષયમાં પ્રાચીન ગાથાઓ આ પ્રમાણે છે :

संघयणं संठाणं उच्चत्त आउयं च मणुयाणं,
अणुसमयं परिहायइ ओसप्पिणी कालदोसेण ।।१।।
कोहमयमाय लोभा ओसन्नं बड्ढए य मणुयाणं
कूडतुलकुडमाणा तेणऽणुमाणेण सव्वेपि ।२।
विसमा अज्ज तूलाओ विसमाणि य जणवपसु माणाणि,
विसमा रायकुलाइं तेण उ विसमाइं वासाइं ।।३।।
विसमेसुय वासेसु हुंति असाराइं ओसहिबलाइं ।
ओसहि दुब्बलेण य आउं परिहायइ णराणं ।।४।।

એમનો ભાવ સ્પષ્ટ છે. આ બધાં વર્ણ ગન્ધવગેરે પર્યાયોની હાનિ અવસર્પિણી કાળના દોષથી થાય છે, એમ સમજવું જોઈએ. દુષ્ષમા આરકને આશ્રિત કરીને તો વર્ણ ગન્ધ વગેરે આદિકોની હાનિ અત્યધિક રૂપમાં થાય છે. શેષ આરકોમાં યથાસંભવ જ થાય છે, એવી તીર્થંકરોની આજ્ઞા છે.

કાળને તો નિત્ય દ્રવ્ય માનવામાં આવેલ છે. તો પછી એને હાનિ કેવી રીતે થાય છે? આ જાતની શંકા કરનારાઓની શંકાનું નિવારણ કરવા માટે તમે જે વર્ણ ગન્ધ વગેરે પર્યાયોની હાનિ બતાવેલ છે. તો આ કથન તો ઠીક જ છે. કેમ કે વર્ણાદિકોની પર્યાયો પુદ્ગલ રૂપ છે, પણ આ હીયમાનો વડે કાળની હાનિ થવી એ તો અસંભવિત છે કેમ કે અન્યની હાનિમાં કોઈ અન્યની હાનિ થતી નથી. કોઈ સ્થળે આવું તો જોવામાં આવતું નથી કે વૃદ્ધાની વયોહાનિમાં યુવતીના વયની હાનિ થતી હોય. તો આનો જવાબ આ પ્રમાણે છે કે કાળ કાર્યમાત્રના પરિવર્તનમાં કારણભૂત હોય છે. એથી કાર્યગત ધર્મોનો કારણમાં પણ ઉપચાર કરવામાં આવે છે. એથી અહીં એ વાતને લઈને જ કાલની હાનિ કહેવામાં આવી છે. એમાં વિવાદ જેવી કોઈ વાત નથી. ॥૩૪॥

## સુષમાનામકે આરેમેં ભર્વા સ્થતિકા નિરૂપણ

**जंबुद्दीवेणं भंते दीवे इमीसे ओसप्पिणीए, इत्यादि सूत्र-॥३५॥**

ટીકાર્થ—આ સૂત્ર વડે ગૌતમે પ્રભુને આ જાતનો પ્રશ્ન કર્યો છે કે "जंबुद्दीवेणं भंते दीवे०" "હે ભદન્ત ! જયારે આ જંબૂદ્વીપમાં આ અવસર્પિણીના સુષમા નામક આરકની હયાતીમાં જયારે તે પોતાની ઉત્કૃષ્ટ અવસ્થામાં વર્તમાન રહે છે, ત્યારે ભરતક્ષેત્રની સ્થિતિ કેવી રહે છે ? એના જવાબમાં પ્રભુ કહે છે—'गोयमा ! वहुसमरमणिज्जे भूमिभागे होत्था से जहा णामए आलिंग पुक्खरेइ वा तं चेव जं सुसमसुसमाए पुव्ववण्णियं" હે ગૌતમ ! એ કાળમાં ભરતક્ષેત્રનો ભૂમિભાગ બહુસમરમણીય રહે છે, અતીવ સમ અને મનોરમ હોય છે. અહીં આ ભૂમિભાગનું વર્ણન 'आलिङ्ग पुष्कर' વગરે રૂપમાં પૂર્વમાં સુષમ સુષમાના વર્ણનમાં કહેવામાં આવેલ સૂત્રની જેમ જ સમજી લેવું જોઈએ. પણ તે કાળના સમયનાં વર્ણનમાં અને આ કાળના સમયના વર્ણનમાં જે અન્તર છે તે 'नवरं' આ પદ વડે સૂચિત કરતાં સૂત્રકાર કહે છે કે તે કાળમાં જન્મેલ મનુષ્ય 'चउधणुसहस्समूसिया एगे अट्ठावीसे पिट्ठ करंडुयसए, छट्ठ भत्तस्स आहारट्ठे, चउसट्ठिं राइंदियाइं साक्खंति" ચાર હજાર ધનુષ જેટલી અવગાહનાવાળા હોય છે. એટલે કે બે ગાઉ જેટલા ઉંચા શરીરવાળા હોય છે. ૧૨૮ એમના પૃષ્ઠ કરંડકો હોય છે. અવસર્પિણીના પ્રથમકાળના મનુષ્યોના પૃષ્ઠ કરડકો ૨૫૬ હોય છે.

જ્યારે એમના પૃષ્ઠ કરંડકો તેમના કરતાં અડધા હોય છે. બે દિવસો પસાર થાય પછી એમને આહારની અભિલાષા થાય છે એટલે કે બે દિવસ પછી એઓ આહાર ગ્રહણ કરે છે. એ એો પોતાના બાળકોની સંભાળ ૬૪ દિવસ-રાત સુધી કરે છે. **"दो पलिओवमाइं आऊ सेसं तं चेव"** એમના આયુષ્યની અવધિ બે પલ્યોપમ પ્રમાણ જેટલી હોય છે એમનાં બાળકોનો અવસ્થાક્રમ જેમ પહેલાં કહેવામાં આવેલ છે તેમ જ સમજવો. એમની દરેકે દરેક અવસ્થામાં કાળમાન નવ દિવસનું હોય છે, ૮ ઘડીઓ હોય છે, ૩૪ પલ હોય છે, કંઈક વધારે ૧૭ અક્ષર હોય છે, ૬૪ દિવસને ૭ વડે વિભાજિત કરીએ તો એ જ પ્રમાણ આવે છે. આ કથન થી સૂત્રકારે આ વાત સિદ્ધ કરી છે કે એમનો સંરક્ષણ કાળ પૂર્વકાળના સંરક્ષણ કાળની અપેક્ષાએ છે. કાળની હીયમાનતા હોવાથી અહીં ઉત્થાન આદિ હીયમાન હોય છે. એ ઉત્થાન આદિકોની અભિવ્યક્તિ હોવામાં બહુતર દિવસોની અપેક્ષા રહે છે. આ પ્રમાણે હવે પછી પણ એમના સંબંધમાં આ રીતે જાણવું જોઈએ કે એમનો આયુ-કાળ બે પલ્યોપમ પ્રમાણ જેટલો હોય છે, તેમ જ એમના શરીરની ઊંચાઈ બે ગાઉ જેટલી હોય છે. ઈત્યાદિ રૂપમાં જે આવું કથન કરવામાં આવેલ છે તે બધું સુષમા કાળના આદિ સમયમાં કહેવામાં આવેલ છે. કેમ કે જેમ જેમ આ કાળ વ્યતીત થાય છે તેમ તેમ આયુ વગેરેની હીનતા થતી જાય છે. **"तीसेणं समाए चउव्विहा मणुस्सा अणुसज्जित्था"** એ કાળમાં આ પ્રમાણે ચાર પ્રકારના મનુષ્યો હોય છે— **"तं जहा-एका पउरजंघा कुसुमा, सुसमणा"** એક શ્રેષ્ઠ, અહીંઆ એક શબ્દ સંજ્ઞા રૂપમાં પ્રયુક્ત થયેલ છે, સર્વનામ રૂપમાં નહિ બીજા કાક જઙ્ઘાની જેમ તનુ જઙ્ઘાવાળા નહિ પણ પૃથુજઙ્ઘાવાળા, ત્રીજા પુષ્પની જેમ સુકુમાર અને ચોથા સુશમન-શાંતિભાવવાળા. કેમ કે એમની કષાય પ્રતનુ-પાતળી હોય છે. એથી એઓ અતિશાંત હોય હે. પૂર્વ આરકમાં ઉત્પન્ન થયેલ ૬ પ્રકારના પુરુષોનો આ આરકમાં અભાવ રહે છે. એથી એઓ તેમનાથી ભિન્ન જાતીય જ હોય છે. એથી તતદ્ ગુણ વિશિષ્ટ હોવા બદલ એમનામાં તત્તજ્જાતીયતા જાણવી જોઈએ, ॥૩૫॥

દ્વિતીય આરકનું કથન સમાપ્ત.

## તૃતીય આરકના સ્વરૂપનું કથન.

'तीसेणं समाए तिहिं सागरोवम कोडा कोडीहिं काले वीइक्कंते'-इत्यादि ॥सूत्र ३६॥

ટીકાર્થ—પ્રભુ ગૌતમને સમજાવતા કહે છે કે હે ગૌતમ ! જ્યારે અનંતવર્ણ પર્યાયોનો યાવત્ અનંત પુરુષકાર પરાક્રમ પર્યાયોનો ધીમે ધીમે હ્રાસ થતાં થતાં ત્રણ સાગરોપમ પ્રમાણ સુષમા નામક દ્વિતીય આરક સમાપ્ત થાય છે. ત્યારે "एत्थ णं सुसम दुस्समा णामं समा पांडवज्जिसु समणाउसो" હે શ્રમણ આયુષ્મન્ ! આ ભરત ક્ષેત્રમાં સુષમદુષ્ષમા નામક તૃતીય કાળ પ્રારંભ થાય છે. सा णं समा तिहा विभज्जइ, पढमे तिभाए १, मज्झिमे तिभाए २, पच्छिमे तिभाए ३" આ તૃતીય કાળને ત્રણ ભાગોમાં વિભક્ત કરવામાં આવેલ છે. એક પ્રથમ ત્રિભાગમા, દ્વિતીય મધ્યમ ત્રિભાગમાં અને તૃતીય પશ્ચિમ ત્રિભાગમાં આનું તાત્પર્ય આ પ્રમાણે છે કે આ તૃતીય કાળના પ્રથમ, મધ્યમ અને પશ્ચિમ આ પ્રમાણે ત્રણ ભાગો થયેલા છે. આ તૃતીય કાળનો સમય બે કોડા-કોડી સાગરોપમ પ્રમાણ છે. આ સંખ્યાને જ્યારે ત્રણથી વિભક્ત કરવામાં આવે છે ત્યારે તેનો એક ભાગ ૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬⅔ આટલો થાય છે. આટલું જ પ્રમાણ દ્વિતીય અને આટલું જ પ્રમાણ તૃતીય ભાગનું હોય છે. હવે ગૌતમ પ્રભુને ફરી પ્રશ્ન કરે છે કે-"जबुद्दीवेणं भंते ! दीवे इमीसे ओसप्पिणीए सुसमदुस्समाए समाए पढममज्झिमेसु तिभाएसु भरहस्स वासस्स केरिसए आयारभावपडोयारे पुच्छा" હે ભદન્ત ! જ્યારે આ જંબૂદ્વીપાન્તર્ગત ભરત ક્ષેત્રમાં અવસર્પિણી કાળની સ્થિતિમાં સુષમ દુષ્ષમા કાળ વર્તે છે તે સમયે આના પ્રથમ ત્રિભાગ અને મધ્યમ ત્રિભાગમાં ભરતક્ષેત્રનું કેવું સ્વરૂપ હોય છે. એના જવાબમાં પ્રભુ કહે છે-"गोयमा बहुसमरमणिज्जे भूमिभागे होत्था सो चेव गमो णेयव्वो णाणत्तं दो धणु सहस्साइं उड्ढं उच्चत्तेणं" હે ગૌતમ ! સુષમ દુષ્ષમા કાળના પ્રથમ અને મધ્યના ત્રિભાગોમાં આ ભરતક્ષેત્રનો ભૂમિભાગ બહુ સમરમણીય હોય છે. ઈત્યાદિ રૂપમાં આ સમયનું કથન બધું પૂર્વોક્ત રૂપમાં જ સમજી લેવું જોઈએ. પણ પૂર્વકથન કરતાં અહીં જે વિશેષતા છે તે આ પ્રમાણે છે. "णाणत्तं दो धणु सहस्साइं उड्ढं उच्चत्तेणं, तेसिं च मणुयाणं चउसट्ठि पिट्ठ करंडगा, चउत्थभत्तस्स आहारत्थे समुप्पज्जइ, ठिई पलिओवमं, एगूणासीइं, राइं दियाइं, सारक्खंति, संगोवेति, जाव देवलोग परिग्गहिया णं ते मणुया पण्णत्ता समणाउसो" એટલે કે એમના શરીરની ઊંચાઈ બે હજાર ધનુષ જેટલી અર્થાત્ એક ગાઉ જેટલી હોય છે. એમના પૃષ્ઠ કરંડકો ૬૪ હોય છે. એક દિવસના અંતરે એમને ભૂખ લાગે છે. ૧ એમની સ્થિતિ એક પલ્યોપમ જેટલી હોય છે. ૭૯ રાત-દિવસ સુધી એઓ પોતાના અપત્યોની સંભાળ રાખે છે, યાવત્ પછી એઓ કાલમાસમાં મૃત્યુ પ્રાપ્ત કરીને દેવલોકમાં જન્મ ધારણ કરે છે. હે શ્રમણ આયુષ્મન્ ! આવું તે મનુષ્યોના સંબંધમાં વિશેષ

કથન કરવામાં આવેલ છે. એમના યુગલિક અપત્યોની સાત અવસ્થાઓનો ક્રમ જે રીતે પહેલાં કહેવામાં આવ્યો છે, તે રીતે જ અહીં પણ ક્રમ સમજવો. એક એક અવસ્થામાં ૧૧ દિવસ, સાત ઘડી, આઠ પલ અને ૩૪ અક્ષરોના ઉચ્ચારણમાં જેટલો સમય લાગે છે. તેના કરતાં કંઈક અધિક સમય છે. અહીં યાવત્ પદથી ૭૯ દિવસ સુધી એઓ અપત્યોની રક્ષા અને પાલન કરે છે, ખાંસી, છીંક અને બગાસું ખાઈને વગર કોઈ પણ જાતની વ્યથા કે કલેશે એઓ કાલ માસમાં મૃત્યુ પ્રાપ્ત કરીને દેવલોકમાં ઉત્પન્ન થાય છે. એવો પાઠ સંગ્રહીત થયેલ છે. આનું કારણ આ પ્રમાણે છે કે એમને દેવાયુનો જ બન્ધ હોય છે. અને મનુષ્યાયુ વગેરે નો નહીં. આ તૃતીય કાળ રૂપ આરાના પ્રથમ મધ્યમ ત્રિભાગમાં ભિન્ન જાતીય મનુષ્યોની અનુષંજના-જાતિ પરંપરા હોતી નથી, કેમકે એ કાળનો સ્પભાવ જ એવો છે. "यत्तु उग्गा भोगा रायन्नखत्तिया संगहो भवे चउहा" આમ જે કહેવામાં આવેલ છે તે આ તૃતીય કાળના અન્ત્ય ત્રિભાગને લઇને કહેવામાં આવેલ છે. આ રીતે તૃતીય કાળના પ્રથમ ત્રિભાગ અને મધ્યમ ત્રિભાગનું વર્ણન કરીને હવે સૂત્રકાર અંતિમ ત્રિભાગના સંબંધમાં કહે છે. "तीसेणं भंते ! समाए पच्छिमे तिभाए भरहस्स वासस्स केरिसए आयारभावपडोयारे होत्था" આમાં ગૌતમે પ્રભુને આ રીતે પ્રશ્ન કર્યો છે કે હે ભદંત ! તે તૃતીય કાળના પશ્ચિમ ત્રિભાગમાં ભરતક્ષેત્રનું સ્વરૂપ કેવું થયું હશે ? આના જવાબમાં પ્રભુ કહે છે-"गोयमा ! बहुसमरमणिज्जे भूमिभागे होत्था से जहाणामए आलिंग पुक्खरेइवा जाव मणीहिं उवसोभिए तं जहा-कित्तिमेहि चेव अकित्तिमेहि चेव" હે ગૌતમ ! તૃતીય કાળના પશ્ચિમ ત્રિભાગમાં ભરતક્ષેત્રનો ભૂમિભાગ બહુસમરમણીય હોય છે અને એ આલિંગ પુષ્કરવત્ બહુસમરમણીય હોય છે, યાવત્ આ મણિઓથી ઉપશોભિત હોય છે, આ મણિઓમાં કૃત્રિમ અને અકૃત્રિમ મણિઓ હોય છે. અહીં યાવત્ પદ સંગ્રાહ્ય પાઠ પહેલાં જે પ્રમાણે કહેવામાં આવેલ છે તે પ્રમાણે જ અહીં સમજવો. પૂર્વકાળની અપેક્ષા અહીં વિશેષતા આ પ્રમાણે છે કે પૂર્વકાળમાં કૃષ્યાદિ કર્મનો પ્રારંભ જ થયો નથી. તેમજ ભૂમિ પણ કૃત્રિમ તૃણ અને મણિઓથી ઉપશોભિત ન હોતી પણ આ કાળમાં તો કૃષ્યાદિ કર્મો ચાલૂ થઈ ગયાં હતાં અને ભૂમિ કૃત્રિમ તથા અકૃત્રિમ તૃણ અને મણિઓથી શોભિત થઈ ગઈ હતી. "तीसे णं भंते ! समाए पच्छिमें तिभाए भरहे वासे मणुयाणं केरिसए आयारभावपडोयारे होत्था" હવે ગૌતમ પ્રભુને એવી રીતે પ્રશ્ન કરે છે કે હે ભદંત ! તે તૃતીય કાળના અંતિમ ત્રિભાગમાં ભરતક્ષેત્રમાં મનુષ્યોનું સ્વરુપ કેવું હોય છે ? એના જવાબમાં પ્રભુ કહે છેઃ 'गोयमा ! तेसिं मणुयाणं छव्विहे संघयणे, छव्विहे संठाणे, बहूणि धणुसयाणि उड्ढं उच्चत्तेणं जहण्णेण संखिज्जाणि वासाणि ऊक्कोसेणं असंखिज्जाणि वासाणि आऊयं पालंति० "હે ગૌતમ ! આ કાળના મનુષ્યોને ૬ પ્રકારના સંહનનો અને ૬ પ્રકારના સંસ્થાનો હોય છે. તેમજ એમના શરીરની ઊંચાઈ સેંકડો ધનુષ જેટલી હોય છે, એમના આયુષ્યની અવધિ જઘન્યથી સંખ્યાત વર્ષની અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત વર્ષો જેટલી હોય છે. આયુને ભોગવીને એટલે કે સંપૂર્ણ રીતે આ આયુનો ઉપભોગ કરીને એમાંથી કેટલાક તો નરક ગતિમાં જાય છે, કેટલાક તિર્યંગ ગતિમાં જાય છે, કેટલાક દેવગતિમાં જાય છે અને કેટલાક મનુષ્ય ગતિમાં જાય છે, તેમ જ કેટલાક એવા પણ હોય છે કે જેઓ સિદ્ધ અવસ્થાને પણ પ્રાપ્ત કરે છે. અહીં યાવત્ પદથી

"बुध्यन्ते, मुच्यन्ते, परिनिर्वान्ति" આ પદોનો સંગ્રહ થયેલ છે. વિમલ કેવલ જ્ઞાન રૂપ આલોક વડે તેઓ સકલ લોકાલોકને જાણવા લાગે છે સમસ્ત કર્મોથી તેઓ મુક્ત થઈ જાય છે, અને સમસ્ત કર્મકૃત વિકારોથી તેઓ રહિત થઈ જવાથી સ્વસ્થ થઈ જાય છે, તથા સમસ્ત દુઃખોનો નાશ કરે છે. એટલે કે અવ્યાબાધ સુખના ભોક્ત બની જાય છે.

શંકા–આ કાળના ત્રણ ભાગો કેવી રીત કરવામાં આવ્યા છે ? તો એનો જવાબ આ પ્રમાણે છે કે જેમ સુષમ-સુષમા કાળના આદિમા મનુષ્યો ત્રણ પલ્યોપમ જેટલી આયુની અવધિવાળા, ત્રણ ગાઉ પ્રમાણ શરીરવાળા તેમજ ત્રણ દિવસનાઅંતરે ભોજન કરનારા હોય છે તથા ૪૯ દિવસ સુધી જીવિત રહીને પોતાના યુગલિક અપત્યોની સાર સંભાળ કરે છે. પછી યથાક્રમે આ કાળ જેમ જેમ હીન થતો જાય છે, તે જ ક્રમથી વર્ણ, ગંધ આદિની પર્યાયોની હાાન થતી જાય છે અને જ્યારે પ્રથમ કાળ સંપૂર્ણ રીતે સમાપ્ત થઈ જાય છે ત્યારે સુષમા નામક દ્વિતીય આરકનો પ્રારંભથાય છે. આ કાળના પ્રારંભમાં મનુષ્યોનું આયુષ્ય બે પલ્યોપમ જેટલું હોય છે. તેમનું શરીર બે ગાઉ જેટલું ઉંચુ હોય છે. બે દિવસના અંતરે તેમને આહાર ગ્રહણ કરવાની ઇચ્છા થાય છે, ૬૪ રાત–દિવસ જેટલું આયુષ્ય અવશિષ્ટ રહે છે. ત્યારે એમને યુગલિક સંતાન થાય છે. અને તેઓ ૬૪ દિવસ સુધી પોતાના બાળકની સાર–સંભાળ કરતા રહે છે. આ પ્રમાણે યથાક્રમે જ્યારે આ કાળની પણ સમાપ્તિ થઈ જાય છે અને વર્ણ ગન્ધાદિ પર્યાયોની પણ–પહેલા આરકની અપેક્ષાએ વધારે હીનતા થઈ જાય છે, ત્યારે તૃતીય કાળ જે સુષમ દુષ્ષમા કાળ છે, તેનો પ્રારંભ થાય છે. તે કાળના પ્રારંભમાં મનુષ્ય એક પલ્યોપમ જેટલા આયુષ્યવાળા હોય છે. એક ગાઉ જેટલું ઊંચુ એમનું શરીર હોય છે અને એક દિવસના અંતરે એમને આહાર ગ્રહણ કરવાની અભિલાષા થાય છે. જ્યારે એમનું આયુષ્ય ૭૯ દિવસ જેટલું બાકી રહે છે ત્યારે એમને યુગલિક સંતાન ઉત્પન્ન થાય છે. એઓ ૭૯ દિવસ સુધી તેનું લાલન–પાલન કરીને કાલ માસમાં આનંદપૂર્વક પોતાના શરીરને છોડીને દેવગતિમાં જન્મ પ્રાપ્ત કરે છે. યથાક્રમે જ્યારે આ તૃતીય કાળનું ત્રિભાગ પ્રમાણ–આદ્ય સમય વ્યતીત થાય છે અને મધ્યમ પણ ત્રિભાગ પ્રમાણ સમય એ રીતે સમાપ્ત થઈ જાય છે–એ બન્ને ત્રિભાગોમાં વર્ણાદિ પર્યાયોની તો ક્રમશઃ હાનિ થતી જ રહે છે, એ બન્ને ત્રિભાગોમાં અધિકાધિક રૂપથી યુગલિકોની જ હીનતા આવી જાય છે અને પછી અંતિમ ત્રિભાગમાં આ હીનતા અનિશ્ચિત રૂપમાં આવી જાય છે. આ કારણથી આ તૃતીય આરકના ત્રણ ત્રિભાગો કરવામાં આવેલ છે.॥૩૬॥

## સુષમદુષ્ષમાકાલકે અન્તિમ ત્રિભાગમેં લોક વ્યવસ્થા કા કથન

ટીકા—આ આરકના અંતિમ ત્રિભાગમાં જેવી લોકની વ્યવસ્થા હોય છે. તે વિષે હવે સૂત્રકાર પ્રતિપાદન કરે છે—

'तीसे णं समाए पच्छिमे तिभाए पलिओवमट्ठ भागावसेसे' इत्यादि सूत्र ॥૩૭॥

ટીકાર્થ—તે સુષમદુષ્ષમા નામક તૃતીય આરાના અંતિમ ત્રિભાગની સમાપ્તિ થવામાં જ્યારે પલ્યોપમનો આઠમો ભાગ માત્ર બાકી રહે છે ત્યારે એ "इमे पण्णरस कुलगरा समुप्पज्जित्था' ૧૫ કુલકરો તે સમયે ઉત્પન્ન થાય છે. 'तं जहा" તેમના નામો આ પ્રમાણે છે. 'सुमई १, पडिस्सुइ २, सीमंकरे ३, सीमंधरे ४, खेमंकरे ५, खेमन्धरे ६, विमलवाहणे ८, चक्खुमं ८, जसमं ९, अभिचंदे १०, चंदामे ११, पसेणई १२, मरुदेवे १३, णाभी १४,

उसमे १५ त्ति" સુમતિ ૧, પ્રતિશ્રુત ૨, સીમંકર, સીમંધર ૪, ક્ષેમંકર ૫, ક્ષેમંધર ૬, વિમલવાહન ૭, ચક્ષુષ્માન ૮, યશસ્વાન ૯, અભિચન્દ્ર ૧૦, ચન્દ્રાભ ૧૧, પ્રસેનજિત ૧૨, મરુદેવ ૧૩, નાભિ, અને ઋષભ ૧૫. આ કથનનું તાત્પર્ય આ પ્રમાણે છે કે જ્યારે આ કાળની સમાપ્તિ થવામાં એક પલ્યોપમ પ્રમાણ કાળ શેષ રહે છે ત્યારે આ પલ્યોપમ પ્રમાણ કાળના ૮ ભાગો કરવા અને સાત ભાગ પ્રમાણ પલ્યોપમ જ્યારે સમાપ્ત થઈ જાય અને ૮ મો ભાગ પ્રમાણ પલ્યોપમ જ્યારે શેષ રહી જાય ત્યારે એ સમયમાં એ ૧૫ કુલકરો ઉત્પન્ન થાય છે. એ લોક-વ્યવસ્થાપક હોય છે. એથી જ એમને કુલકર કહેવામાં આવેલ છે. એમનું કામ કુલોની રચના કરવાનું છે. એઓ બુદ્ધિશાળી હોય છે, એથી એમને પુરુષ વિશેષ પણ કહેવામાં આવે છે. અહીં શંકા એવી ઉદ્ભવે છે કે 'સ્થાનાङ्ग' વગેરે સૂત્રોમાં "जबुद्दीवे दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए सत्तकुलगरा होत्था-तं जहा पढमित्थ विमलवाहण १, चक्खुमं २, जसमं ३, चउत्थमभिचंदे ४, तत्तोपसेणई ५, पुण मरुदेवे ६, चेव नाभीय ७, આ પાઠ મુજબ ૭ જ કુલકર આ ભરતક્ષેત્રમાં અવસર્પિણી કાળમાં થાય છે, આમ કહેવામાં આવ્યું છે. પછી તમે અહીં ૧૫ નો ઉલ્લેખ કરી રહ્યા છો તો આ આગમોમાં પરસ્પર વિરોધ કેમ છે ? તો આ શંકાનું સમાધાન આ પ્રમાણે છે કે સૂત્રની ગતિ વિચિત્ર હોય છે એથી ત્યાં સાત જ કુલકર કહેવામાં આવેલ છે અને અહીં ૧૫ કહેવામાં આવ્યા છે તેમાં કોઈ પણ જાતનો દોષ નથી.

શંકા-તમે જે આમ કહ્યું છે કે આ કાળનો તૃતીય ત્રિભાગ જ્યારે એક ફક્ત પલ્યોપમના ૮ આઠમા ભાગ જેટલો અવશિષ્ટ રહે છે ત્યારે ૧૫ કુલકર ઉત્પન્ન થાય છે, તો આ કથન સંગત થતું નથી કેમકે અસત્કલ્પનાથી પલ્યોપમના ૪૦ ભાગો કલ્પિત કરવા જોઈએ. એ ૪૦ ભાગોમાં ૮ નો ભાગકરવાથી એક ભાગ ૫-૫ ભાગોથી યુક્ત થાય છે. આ પ્રમાણે ૫ ભાગ યુક્ત જે ૮ મો ભાગ છે તેમાં ૧૫ કુલકરો ઉત્પન્ન થાય છે, આ વાત આગમથી સિદ્ધ થાય છે. એ પાંચ ભાગોમાંના ચાર ભાગો તો પલ્યોપમના દસમા ભાગ પ્રમાણ આયુવાળા આદિના સુમતિ નામના કુલકરના આયુમાં જતા રહ્યા. શેષ પલ્યોપમનો એક ભાગ બાકી રહ્યો હતો, તેમાં અસંખ્યાત પૂર્વની આયુવાળા શેષ ૧૨ કુલકર થયા આમાં સંખ્યાત-પૂર્વના આયુષ્યવાળા, નાભિ થયા અને ૮૯ પક્ષ અધિક ૮૪ લાખ પૂર્વ જેટલા આયુવાળા, ઋષભદેવ થયા. તો પછી એક ૪૦ મા ભાગમાં પ્રતિશ્રુત આદિ ૧૪ કુલકરોની કે જેઓ ખૂબ લાંબા આયુષ્યવાળા હતા-ઉત્પત્તિ કેવી રીતે સંભવી શકે ? તો આ શંકાનો ઉત્તર આ પ્રમાણે છે કે એક ૪૦ મા ભાગમા અસંખ્યાત પૂર્વો હોય છે અને એ અસંખ્યાત પૂર્વો યથાક્રમે હીન-હીન હોય છે તેમજ પ્રતિશ્રુતિ, સીમङ्કર, સીમન્ધર, ક્ષેમકર, ક્ષેમન્ધર, વિમલ વાહન, ચક્ષુષ્માન્. યશસ્વાન્, અભિચન્દ્ર, ચન્દ્રાભ, પ્રસેનજિત અને મરુદેવ એ ૧૨ કુલકરોની આયુના પ્રમાણો હોય છે. નાભિની આયુનું પ્રમાણ સંખ્યાત પૂર્વોનું હતું અને ઋષભના આયુષ્યનું પ્રમાણ ૮૪ લાખ પૂર્વનુ હતું. શેષ કુલકરોના આયુષ્યનું પ્રમાણ ૮૯ પક્ષાધિક ૮૪ લાખ પૂર્વ જેટલું હતું. આ પ્રમાણ ૪૦ ભાગમાં ૧૪ કુલકરોની ઉત્પત્તિની સંભાવનામાં શું વિરોધથઇ શકે છે ? એટલે કે કોઈ પણ જાતનો વિરોધ સંભવી શકે જ નહિ. ॥સૂત્ર૦ ૩૭॥

હવે તેમણે કૂલકરતા કેવી રીતે કરી ? આ વાતનું સૂત્રકાર કથન કરે છે—

**'तत्थणं सुमइ पडिस्सुइ सीमंकर सीमंधर खेमंकराणं पणसि पचण्हं'-इत्यादि-सूत्र** ॥૨૮॥

ટીકાર્થ—એ ૧૫ કુલકરોમાંથી સુમીત, પ્રતિશ્રુતિ સીમંકર, સીમન્ધર, અને ક્ષેમંકર એ પાંચ કુલકરોના સમયમાં 'હાહાકાર' નામે દણ્ડનીતિ હતી. 'હા' શબ્દ અધિક્ષેપ વાચક છે. એનું કરવું 'હાહાકાર' છે. અપરાધીઓને અનુશાસનમાં રાખવા એ દણ્ડના માટે જે નીતિ–ન્યાય છે, તે દણ્ડનીતિ છે. અહીં આમ સમજવું જોઇએ. તૃતીય આરકતા અંતમાં કાળ દોષના આવેલ કલ્પવૃક્ષ પર બીજો યુગલિક મનુષ્ય અધિકાર કરવા લાગ્યો તો તેઓમાં પણ પરસ્પર વિવાદ પ્રારંભ થઈ ગયો. ત્યારે સૌ યુગલિકોએ વિવાદના નિર્ણય માટે સૌથી શ્રેષ્ઠ પ્રભાવ શાલી સુમતિ કુલકરને પોતાના અધિપતિ તરીકે ચૂંટી લીધા. સુમતિ કુલકરે સૌના માટે યથાયોગ્ય કલ્પવૃક્ષોનું વિભાજન કરી દીધું એના પછી કોઈ મર્યાદાનું ઉલ્લંઘન કરતો ત્યારે તને અનુશાસનમાં રાખવા માટે તેમણે જાતિ સ્મરણ જ્ઞાનના બળથી નીતિજ્ઞ થઈને હાકાર દણ્ડનીતિની પ્રવૃત્તિ પ્રારંભ કરી. તેજ દણ્ડનીતિનું અનુસરણ પ્રતિશ્રુતિ વગેરે ચાર કુલકરો એ પણ કર્યું છે. **"तेणं मणुया हक्कारेणं दंडेणं हया समाणा लज्जिया, विलज्जिया, वेड्ढा भीया तुसिणीया विणओणया चिट्ठंति"** તે મનુષ્યો જ્યારે હાકાર રૂપ દણ્ડથી જ્યારે આહત થયા, ત્યારે પોતાની જાતને હતના રૂપમાં માનીને પહેલાં તો સામાન્ય રૂપમાં લજ્જા યુક્ત થયા પછી વિશેષ રૂપમાં લજ્જિત થયા. વ્યદૂર્ધ–અત્યંત તેમ જ અધિક લજ્જિત થયા, કેમ કે તેમણે પહેલાં કોઇ પણ દિવસે આવું શાસન જોયું નહોતું. એથી આ શાસન તેમના માટે દંડાદિ ઘાત કરતાં પણ વધારે મર્મ ઘાતી થઈ પડયું. એટલા માટે તેને પોતાના ઘાતક રૂપમા માનીને તેઓ અત્યંત લજ્જિત થતા અને કહેતા કે હવે અમારું શું થશે? આ પ્રમાણે ભયભીત થઇને તેઓ ચુપ બેસી રહેતા અને પોતાની ભૂલ કબૂલ કરી તેઓ વિનયાવનત થઈ જતા ધૃષ્ટ માણસની જેમ તેઓ નતો નિર્લજ્જ થતા, ન નિર્ભય થઇને રહેતા, ન વાચાલ બનતા અને ન અહંકારી બનતા. આ પ્રમાણે હાકાર દંડથી હત થયેલા મનુષ્યો કે જેમનું સર્વસ્વ હરણ કરવામાં આવ્યું છે. એવું માનીને ફરી અપરાધ કરવાના કાર્યમાં પ્રવૃત્ત થતા નહિ, **"तत्थ णं खेमंधर विमलवाहण चक्खुमं जसमं अभिचंदाणं एएसिंणं पंचण्हं कुलगराणं मक्कारे णामं दंडणीइ होत्था"** આ હાકાર દંડનીતિ પછી ક્ષેમન્ધર, વિમલવાહન, ચક્ષુષ્માન્, યશસ્વાન્, અને અભિચન્દ્ર એ પાંચ કુલકરોના કાળમાં માકાર નામની દંડનીતિનું પ્રચલન થયું. 'નહિ કરો' આ પ્રકારની જે નિષેધાત્મક નીતિ છે તે જ માકાર નામની દંડનીતિ છે. એ ક્ષેમંધર આદિ પાંચ કુલકરોના સમયમાં જે મનુષ્યો દંડનીય કાર્યો કરતા તેમને માકાર નામક દંડનીતિ મુજબ દંડિત કરવામાં આવતા એથી તે અપરાધી પૂર્વની જેમજ લજ્જિત

વિલજ્જિત વગેરે વિશેષણોથી યુકત થઈ જતો. એ જ વાત અહીં યાવત્ પદથી કહેવામાં આવી છે. આ કથનનું તાત્પર્ય આ પ્રમાણે છે કે જ્યારે હાકાર દંડ અતિ પરિચિત થઇ ગયો ત્યારે તે લોકોમાં દંડ પ્રત્યે ભય રહ્યો નહિ. તેઓ અભીત થઇ ગયા. ત્યારે તે યુગલિક મનુષ્યોમાં ભયનું સંચરણ રહે, તેઓ અનુશાસનહીન થઈ જાય નહિ, એ ભાવને લઈને ક્ષેમન્ધર કુલકરે તેમને પોતાના અનુશાસનમાં રાખવા માટે 'માકાર' નામક દંડનીતિનું પ્રચલન કર્યું ક્ષેમંધર પછી તેમના અનુયાયી વિમલવાહન, ચક્ષુષ્માન્ અભિચન્દ્ર એ ચાર કુલકરોએ પણ એજ 'માકાર' દંડનીતિનું પ્રવર્તન કર્યું. આ 'માકાર' દંડનીતિનો પ્રયોગ બહુ જ મોટા અપરાધ બદ્દલ જ કરવામાં આવતો. સામાન્ય અપરાધ માટે તો ફકત 'હાકાર' દંડનીતિનો પ્રયોગ જ થતો. 'હાકાર' દણ્ડનીતિ બાદ કુલકરોએ જે દંડનીતિનો પ્રયોગ કર્યો, તે વિષે હવે સૂત્રકાર કહે છે- ચન્દ્રાભ, પ્રસેનજિત, મરુદેવ, નાભિ અને ઋષભ એ પાંચ કુલકરોના કાળમા 'ધિક્કાર' નામક દંડનીતિનું પ્રચલન હતું. આ દંડનીતિથી એ કુલકરોના સમયના લોકો દંડિત થયા, એવું અત્રે સમજવું જોઇએ. 'માકાર' દંડનીતિથી જ્યારે લોકો અતિપરિચિત થઈ ગયા ત્યારે એ દંડનીતિનો જેવો ભય રહેવો જોઇએ તેવો ભય એ દંડનીતિનો રહ્યો નહીં, એથી તેઓ એ નીતિના સંબંધમાં નિર્ભય થઈ એટલે કે બેપરવા થઈને રહેવા લાગ્યા. તે સમયે યુગલિકોને અનુશાસિત કરવા માટે ચન્દ્રાભ નામક કુલકરે 'ધિક્કાર' નામક દંડનીતિ પ્રચલિત કરી તદુકતમ્ઃ

> आगत्यल्पे नीतिमाद्यां द्वितीया मध्यमे पुनः ।
> महियसि द्वे अपि ते स प्रायुंक्त महामतिः ॥१॥

એ પાંચ કુલકરો પછી એ કુલકરોના અનુયાયી પ્રસેનજિત, મરુદેવ, નાભિ અને ઋષભ એ પાંચ કુલકરોએ પોત-પોતાના શાસનકાળમાં એ 'ધિક્કાર' દંડનીતિનું જ અનુસરણ કર્યું જ્યારે યુગલિક મનુષ્યો કોઈ મહાન્ અપરાધ કરતા ત્યારે 'ધિક્કાર' દંડનીતિ દ્વારા તેઓને દંડિત કરવામાં આવતા, જ્યારે તેઓ મધ્યમ અપરાધ કરતા ત્યારે માકાર દંડનીતિ દ્વારા અને જઘન્ય અપરાધ કરતા ત્યારે હાકાર દંડનીતિ દ્વારા દંડિત કરવામાં આવતા ત્યાર બાદ ભરત કાળમાં કાળના સ્વભાવથી જ્યારે મનુષ્યો મહાપરાધી થવા લાગ્યા ત્યારે પરિભાષણ વગેરે ચાર પ્રકારની દંડનીતિઓ પ્રચલિત થઈ. તદુકતમ્ઃ-

> परिभासणा उ पढमा मंडलबंधम्मि होइ बीयाय ।
> चारग छवि छेयाई भरहस्स चउव्विहा नीई ॥१॥ सूत्र ॥२८॥

## ॠषभस्वामी के त्रिजगज्जनपूजनीयता का कथन

આ પ્રમાણે પંદર કુલકરો અને ઋષભ સ્વામીમાં ચતુર્દશ કુલકરોની સાધારણ કુલકરતા પ્રકટ કરીને હવે સૂત્રકાર એમનામાં અસાધારણ પુણ્ય પ્રકૃતિના ઉદયથી સમુદ્ભૂત ત્રિજગજ્જનો વડે પૂજનીયતા પ્રકટ કરવા માટે જે રીતે એમના વડે જ લોકમાં વિશિષ્ટ ધર્માધર્મ સંજ્ઞા ૩૫ વ્યવહારો પ્રચલિત થયા, એ વાતને સ્પષ્ટ કરે છે—

'नाभिस्स णं कुलगरस्स मरुदेवाए भारियाए' इत्यादि सूत्र ॥२९॥

ટીકાર્થ-નાભિકુલકરની મરુદેવી ભર્યાની કુક્ષીમાંથી ઋષભ નામના અર્હન્ત દેવ, મનુષ્ય અને

અસુરોથી નમસ્કરણીય આદિનાથ પ્રભુ ઉત્પન્ન થયા. એઓ 'कोसलिए' કૌશલિક હતા, કેમકે એઓ કોશલ નામક દેશ વિશેષમાં અવતરિત થયા હતા. પ્રથમ રાજા હતા, કેમકે અવસર્પિણી કાળમાં નાભિ કુલકર વડે આજ્ઞપ્ત થયેલ યુગલિક મનુષ્યોએ અને શક્રોએ સર્વ પ્રથમ એમનો અભિષેક કર્યો. અવસર્પિણી કાળના એઓ સર્વપ્રથમ જિન હતા કેમ કે રાગાદિકો પર વિજય મેળવનાર સર્વપ્રથમ એ જ હતા. અથવા રાજ્ય ત્યાગ પછી દ્રવ્ય અને ભાવથી સાધુત્વ ઉત્પન્ન થયા પછી એઓ પ્રથમ મનઃ પર્યયજ્ઞાની હતા કેમ કે એ અવસર્પિણી કાળમાં એઓ મનઃ પર્યયજ્ઞાનના સર્વપ્રથમ અધિકારી થયા

શંકાઃ-જિનપદથી તો સમસ્ત અવધિજ્ઞાનીઓનું સમસ્ત મનઃ પર્યયજ્ઞાનીઓનું અને કેવળ જ્ઞાનીઓનું ગ્રહણ થઈ જાય છે તો પછી અહીં જિન પદ વડે તમે એક મનઃ પર્યયજ્ઞાનીનું જ ગ્રહણ શા માટે કર્યું છે?

આ શંકાનો જવાબ આ પ્રમાણે છે કે જો જિનપદથી અવધિજ્ઞાનીનું ગ્રહણ માનવામાં આવે તો આ સ્થિતિમાં સૂત્રમાં અક્રમબદ્ધતા આવી જશે અને કેવલજ્ઞાનીનું ગ્રહણ માનવામાં આવે તો ઉત્તર ગ્રન્થની સાથે પુનરુકિત દોષ આવી જશે. એથી જ અહી જિનપદથી ફકત મનઃ પર્યયજ્ઞાનીનું ગ્રહણ કરવામાં આવેલ છે. અવસર્પિણી કાળમાં ફકત એઓ જ સર્વપ્રથમ કેવલી થયા છે, આદ્ય સર્વજ્ઞ થયા છે, એઓ જ આદ્યતીર્થંકર પ્રકૃતિના ઉદયવાળા થયા છે, ચતુર્વિધ સંઘના સ્થાપક થયા છે. એ એ જ પ્રથમ ધર્મવર ચાતુરન્ત નરકાદિ ગતિઓનો અથવા ચાર ગતિએનો અને ચાર નરકાદિ ગતિઓનો અથવા ચાર કષાયોનો જેનાથી નાશ થઇ જાય છે, અથવા ચાર ગતિઓનો અને ચાર કષાયોને જે વિનાશ કરે છે, અથવા દાન, શીલ,તપ અને ભાવોથી જે રમ્ય છે, અથવા ચાર દાનાદિક 'अन्तोऽवयवे स्वरूपे च' એ હેમચન્દ્ર કોષના કથન મુજબ અવયવો છે, અથવા જેના સ્વરૂપો છે, તે ચતુરન્ત છે ચતુરન્ત જ ચાતુરન્ત છે, એ ચાતુરન્ત જ જરા મરણનો ઉચ્છેદક હોવાથી જન્મ છે, એવો જે શ્રેષ્ઠ ચાતુરન્ત ચક્રની અપેક્ષા એમાં શ્રેષ્ઠતા વ્યકત કરવામાં આવી છે કેમ કે એ લોકદ્રવ્યનો સાધક હોય છે. ચક્ર છે તે જ ચાતુરન્ત ચક્ર છે. ચ પદથી

એવું ચાતુરન્ત ચક્ર ધર્માતિરિકત બીજુ કોઈ નથી. એનાથી સૌગતાદિ ધર્માભાસોનો નિરાસ થઇ જાય છે, કેમ કે તેમનામા યથાર્થિક પ્રતિપાદકતા નથી. એથી જ તેઓને શ્રેષ્ઠતાનું સ્થાન પ્રાપ્ત થયું તેથી. ધર્મવર ચતુરન્ત ચક્ર મુજબ વર્તવાનો જેનો સ્વભાવ છે, તે ધર્મ ચાતુરન્ત ચક્રવર્તી છે.' ચક્રવતી'' આ પદથી ૬ ખંડના અધિપતિનું સાદશ્ય વ્યકત કરવામાં આવેલ છે. જે ઉત્તર દિશામાં આવેલ હિમવાન્ છે તે અને શેષ દિશાઓમાં ઉપાધિભેદથી વર્તમાન જે સમુદ્ર છે તે આ ભરતખંડની સીમા રૂપમાં છે. વિદ્યમાન છે એમાં જે સ્વામિ રૂપે જે શાસક હોય છે તે ચાતુરન્ત છે, તેમ જ ચક્રથા એટલે કે રાગ રૂપ પ્રહરણ વિશેષથી વર્તન કરવાનો જેનો સ્વભાવ છે તે ચક્રવર્તી છે. "धर्मः पुण्ययम न्याय स्वभावाचारसोपमाः" એ 'અમરકોષ'ના વચનાનુસાર ધર્મન્યાયથી જે ઈતર તીર્થિયોની અપેક્ષાએ શ્રેષ્ઠ છે, તે ધર્મ વર છે. એવો ધર્મવર જે ચાતુરન્ત ચક્રવર્તી છે, તે ધર્મવર ચાતુરન્ત ચક્રવર્તી છે. એવા તે પ્રથમ રાજન્યાદિ વિશેષણોથી વિશિષ્ટ ભગવાન્ ઋષભ અર્હન્ત નાભિકુલકરની ભાર્યા

મરુદેવીની કુક્ષિથી ઉત્પન્ન થયા 'तए णं उसमेअरहा कोसलिए वीसं पुव्वसयसहस्साइं कुमारवासमज्झे वसइ' જન્મ પછી તે કૌશલિક ઋષભનાથ અર્હન્તે ૨૦ લાખ કુમાર કાળમાં સમાપ્ત કર્યા, એટલે કે ૨૦ લાખ પૂર્વ સુધી ઋષભનાથ કુમાર કાળમાં રહ્યા. એટલા પૂર્વ સુધી કુમારકાળમાં રહ્યા પછી તેઓ ૬૩ લાખ પૂર્વો સુધી મહારાજ પદે રહ્યા. એ પદ પર સમાસીન રહીને તેમણે જે રીતે પ્રજાનો ઉપકાર કર્યો તે વિષે હવે "ते वट्टि" ઈત્યાદિ પદો વડે સૂત્રકાર કહે છે. ૬૩ લાખ પૂર્વો સુધી મહારાજ પદ પર સમાસીન રહીને તે ઋષભનાથે લેખાદિક કલાઓનો અક્ષર વિન્યાસ આદિ રૂપ વિદ્યાઓનો, ગણિત પ્રધાન રૂપ કલાઓનો, તેમજ પક્ષીઓની વાણી સમજવા રૂપ અંતિમ કલાઓનો, આ રીતે સર્વ ૭૨ કલાઓનો તેમજ ૬૪ સ્ત્રીઓની કલાઓનો, જીવિકાના સાધનભૂત કર્મોના સંદર્ભમાં વિજ્ઞાનશતનો-શતસંખ્યક કુલકરાદિ શિલ્પોનો, આમ સર્વમળીને પુરુષોની ૭૨ કલાઓનો ૬૪ સ્ત્રીઓની કલાઓનો અને વિજ્ઞાન શત રૂપ શિલ્પોનો પ્રજાહિત માટે ઉપદેશ કર્યો. "त्रीण्यपिः' માં આવેલ આ 'अपि' શબ્દ આ સૂચિત કરે છે કે એ ૭૨ કલાઓ, ૬૪ કલાઓ અને શિલ્પ-શત એ સર્વેમાં એક પુરુષ વડે ઉપદિશ્ય માનતા છે. એટલે કે એ સર્વ કલાઓનો સર્વ પ્રથમ ઉપદેશ ઋષભદેવે જ કર્યો છે. "उपदिशति" એવો જ વર્તમાન કાલિક પ્રયોગ કરવામાં આવેલ છે તેનાથી સૂત્રકાર આ પ્રમાણે સૂચિત કરવા માંગે છે. સમસ્ત આદ્ય તીર્થંકરો ના ઉપદેશનો પ્રકાર એવો જ હોય છે, જો કે કૃષિ, વાણિજ્ય વગેરે અનેક પ્રકારનાં જીવિકાનાં સાધનો છે, તો પણ અહીં માત્ર શિલ્પશતનો જ નિર્દેશ કરવામાં આવેલ છે, તે આ વાત પ્રકટ કરે છે કે એમનું પ્રચલન પછી જ થયું છે. આ રીતે ભગવાન ઋષભદેવે તો શિલ્પ શત માત્રનો જ ઉપદેશ કર્યો છે, કૃષિ વાણિજ્યાદિ નો ઉપદેશ કર્યો નથી. એમનો આવિષ્કાર તો પછી જ થયો છે. એથી શિલ્પ આચાર્યોપદેશજ છે અને કર્મ અનાચાર્યોપદેશજ છે. અથવા—

तृणहार काष्ठहार कृषिवाणिज्यकान्यपि ।<br>
कर्मण्यासूत्रयामास लोकानां जीविका कृते ॥१॥

આ પ્રાચીન કથન મુજબ કૃષિ વાણિજ્યાદિ કર્મો પણ ભગવાન વડે જ ઉપદિષ્ટ થયા છે, આમ જાણવું જોઈએ. 'कर्मणाम्' આ દ્વિતીયાર્થમાં ષષ્ઠી થયેલી છે. એથી ભગવાને જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટના ભેદથી અનેક પ્રકારોના કર્મોનો અને શિલ્પશતોનો જુદા જુદા સ્વરૂપમાં જ ઉપદેશ કર્યો છે, આમ સમજવું જોઈએ. લેખાદિકના રૂપમાં કલાઓના જે ૭૨ ભેદો છે અને એમના જે અર્થો છે, તે વિષે મેં 'જ્ઞાતાસૂત્ર' ના પ્રથમ અધ્યયનના, ૨૦ માં સૂત્રની ટીકામાં સ્પષ્ટતા કરી છે. એથી આ સંબંધમાં જિજ્ઞાસુઓ તે ગ્રન્થનું અધ્યયન કરીને વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. સ્ત્રીઓની ૬૪ કલાઓ આ પ્રમાણે છે. ૧ નૃત્ય, ૨ ઔચિત્ય, ૩ ચિત્ર, ૪ વાદિત્ર, ૫ મંત્ર, ૬ તન્ત્ર, ૭ જ્ઞાન, ૮ વિજ્ઞાન, ૯ દંભ, ૧૦ જલસ્તંભ, ૧૧ ગીતમાન, ૧૨ તાલમાન, ૧૩ મેઘવૃષ્ટિ, ૧૪ જલવૃષ્ટિ, ૧૫ આરામ રોપણ, ૧૬ આકારગોપન, ૧૭ ધર્મવિચાર ૧૮ શકુનસાર, ૧૯ ક્રિયાકલ્પ, ૨૦

સંસ્કૃત જલ્પ, પ્રાસાદનીતિ, ૨૨ ધર્મરીતિ, ૨૩ વણિકાવૃદ્ધિ, ૨૪ સ્વર્ણસિદ્ધિઃ, ૨૫ સુરભિ તૈલ કરણ ૨૬ લીલા સંચરણ ૨૭ હયગજપરીક્ષણ, ૨૮ પુરુષ સ્ત્રી લક્ષણ, ૨૯ હેમ-રત્ન ભેદ, અષ્ટાદશલિપિપરિચ્છેદ, ૩૧ તત્કાલ બુદ્ધિ, ૩૨ વાસ્તુસિદ્ધિ, ૩૩ કામવિક્રિયા, ૩૪ વૈદ્યક ક્રિયા, ૩૫ કુંભ ભ્રમ, ૩૬ સારિશ્રમ, ૩૭ અંજનયોગ ૩૮ ચૂર્ણયોગ, ૩૯હસ્ત લાઘવ, ૪૦ વચન પાટવ, ૪૧ ભોજમવિધિ, (૪૧ વાણિજ્ય વિધિ), ૪૨ મુખમંડન, ૪૩ શાલિખંડન, ૪૪ કથાકથન, ૪૫, પુષ્પ ગ્રથન, ૪૬ વક્રોક્તિ, ૪૭ કાવ્યશક્તિ, ૪૮ સ્ફાર વિધિવેષ, ૪૯ સર્વ ભાષા વિશેષ, ૫૦ અભિધાન જ્ઞાન, ૫૧ ભૂષણપરિધાન, ૫૨ ભૃત્યોપચાર, ૫૩ ગૃહાચાર, ૫૪ વ્યાકરણ, ૫૫ નિરાકરણ, ૫૬ રન્ધન, ૫૭ કેશ બન્ધન, ૫૮ વીણા નાદ, ૫૯ વિતંડાવાદ, ૬૦ અંકવિચાર, ૬૧ લોકવ્યવહાર, ૬૨ અન્ત્યાક્ષરિકા અને ૬૩ પ્રશ્ન પ્રહેલિકા. એ કલાઓમાં કેટલીક કલાઓ એવી પણ છે કે જે સ્ત્રી અને પુરુષ બન્ને માટે સમાન રૂપે હોય છે, પણ જ્યારે તે સ્ત્રી સંબંધી હોય છે, ત્યારે સ્ત્રી કલા કહેવાય છે અને જ્યારે પુરુષ સંબંધી હોય છે ત્યારે તેની ગણનાં પુરુષ કલાના રૂપમાં થાય છે. એથી એમ નામાં પુનરુક્તિની સંભાવના હોઈ શકે નહિ. જો આમ ન હોત તો સ્ત્રી કલા, પુરુષ કલા અને તદુભયકલાના રૂપમાં કલાઓના ત્રણભેદો વિવક્ષિત હોત. પરંતુ કલાઓના આ રીતે ભેદો કરવામાં આવ્યા નથી. શિલ્પશત એવું જે કહેવામાં આવ્યું છે, તેમાં મૂલશિલ્પના કુંભ શિલ્પ, લોહશિલ્પ, ચિત્ર શિલ્પ તન્તુવાય શિલ્પ અને નાપિતશિલ્પ એ પાંચ ભેદો છે એમાં દરેક શિલ્પના ૨૦-૨૦ પ્રકારો બીજા પણ હોય છે આ રીતે શિલ્પશત થઈ જાય છે, તદુક્તમ્

**पंचेव य सिप्पाइं घडलोह चित्तणंत कासवए। इक्किक्कस्स य इत्तो बीसं बीसं भवे भेया ॥१॥**

શંકાઃ—ભગવાને કયા નિમિત્તે પાંચ મૂલ શિલ્પો કહ્યાં છે ? તો આ શંકાનો જવાબ આ પ્રમાણે કરવામાં આવે છે કે યુગલિક પુરુષો મન્દ જઠરાગ્નિવાળા થઇ ગયાં ત્યારે તેમણે અપકવ ઔષધીઓનું સેવન કરવા માંડયું, પરંતુ તે ઔષધીઓને પણ તેઓ પચાવી શકયા નહિ, એથી તેઓ પ્રાયઃ રુગ્ણ રહેવા લાગ્યા તેઓની આવી દુર્દશા જોઇને ભગવાને દયાર્દ્ર થઇને તે ઔષધીઓને પકવવા માટે પકવવામાં સાધન રૂપ પાત્રોને બનાવવાની શિલ્પકલાનો ઉપદેશ કર્યો. એમાં સૌથી પહેલાં ઘટ નિર્માણરૂપ શિલ્પકલાનો ઉપદેશ કર્યો- એથી જ ઘટ મૂલ શિલ્પ સર્વ પ્રથમ અસ્તિત્વમાં આવ્યું. અનાર્ય લોકોથી પ્રજાની રક્ષા કરવા માટે ક્ષત્રિયો પોત પોતાના હાથોમાં હથિયારો રાખવા લાગ્યા, એના માટે પ્રભુએ લોહ શિલ્પનો ઉપદેશ કર્યો. ચિત્રાંગ જાતના કલ્પવૃક્ષો જ્યારે કાલ સ્વભાવના કારણે નાશ પામ્યાં ત્યારે પ્રભુએ ચિત્ર શિલ્પનો ઉપદેશ કર્યો. વસ્ત્રો આપનારા કલ્પવૃક્ષો જ્યારે નાશ પામ્યાં ત્યારે પ્રભુએ તંતુવાય શિલ્પનો ઉપદેશ કર્યો પહેલાં યુગલિક નરોના રોમ–નખ વધતા ન હતાં. પણ પછી કાળના પ્રભાવથી યુગલિક નરોના રોમ–નખો વધવા લાગ્યાં ત્યારે તે નખ–રોમો થી તેમનો વ્યાઘાત થાય નહિ તેમ વિચારીને દયાર્દ્રાન્તઃકરણ ભગવાને નાપિત શિલ્પનો ઉપદેશ કર્યો.

શંકા-કર્મ નષ્ટ કરવા માટે જ અવશિષ્ટ સત્કર્મ વાળા ભગવાન અર્હંત વ્યાધિના પ્રતિકાર માટે ઔષધિ સેવન કરવામાં આવે છે. તેમ સ્ત્રી આદિ રૂપ પરિગ્રહને સ્વીકારે છે. ઈતર લોકો આવું કરતા નથી. એથી નિરવદ્ય કર્મમાં જ રુચિ ધરાવનારા

ભગવાન સાવદ્ય ક્રિયાના ઉપદેશમાં કેવી રીતે પ્રવૃત્ત થયા ? તો પ્રશ્નોના જવાબ–આ પ્રમાણે છે કે કાળના પ્રભાવથી વૃત્તિહીન થયેલા હીન લોકોને જોઈને, તેમની દુર્દશા જોઈને જેમનું અન્તઃકરણ કરુણા પ્રવાહથી તરબોળ થઈ ગયું છે, તેવા અર્હંત ભગવાને વૃત્તિહીન લોકો ચૌર્યાદિ રૂપ દુર્વૃત્તિવાળા થઇ ન જાય આમ વિચારીને તેમની જીવિકાના સાધનના રૂપમાં કલાઓનો ઉપદેશ કર્યો. અવશિષ્ટ સત્કર્મના પ્રભાવથી ભગવન્ત શ્રી અર્હન્ત પ્રભુ જે રીતે સ્ત્રી આદિરૂપ પરિગ્રહને સ્વીકારે છે, તે રીતે ભગવાન આદિ જિનનો આ કલાનો ઉપદેશ પણ સમજવો જોઇએ. આ પ્રમાણે ભગવાનમાં રાજ ધર્મની પ્રવર્તકતા દુષ્ટોના નિગ્રહ માટે અને શિષ્ટ જનોના પાલન માટે છે આમ સમજવું જોઈએ. લોકમાં અરાજક અનસ્થામાં માત્સ્ય-ન્યાયની પ્રવૃત્તિ મુજબ વ્યવસ્થાનો જ્યારે અત્યન્તાભાવ થઈ જાય છે ત્યારે સર્વ લોકો દુર્વૃત્તિ-વાળા બની જાય છે એથી જીવો ખરાબ રસ્તે જાય નહિ, તેમ વિચાર કરીને ભગવાન આદિ જિને રાજ ધર્મની પ્રવર્તના કરી. કિંચ, સમસ્ત આદિ જિનો રાજ ધર્મની પ્રવૃત્તિ કરે છે, એવો જીત વ્યવહાર છે. એથી જ આ ભગવાન આદિ જિને પણ રાજધર્મની પ્રવર્તના કરી.

આ પ્રમાણે પ્રભુએ ૭૨ કલાઓનો ૬૪સ્ત્રીઓની કલાઓના અને શિલ્પશતોને પ્રજાજનો માટે 'उपदिसित्ता' ઉપદેશ કરીને તેમણે 'पुत्तसयं रज्जसए अभिसिंचइ' ભરત બાહુબલિ વગેરે પોતાના સો પુત્રોને કોસલા તક્ષશિલા વગેરે ૧૦૦ એકસો રાજ્યો પર અભિષેક કર્યો છે. अभिसिंचित्ता' અભિષેક કરીને 'तेसिइं पुव्वसयसहस्साइं महारायवासमज्झे वसइ' આ રીતે ૮૩ લાખ પૂર્વ–કુમાર કાળના ૨૦ લાખ પૂર્વ અને મહારાજ પદના ૬૩ લાખ પૂર્વ સુધી ગૃહસ્થાવસ્થામાં રહ્યા અહી આ આ બન્ને પદોના કાળને મેળવવાથી ૮૩ લાખ પૂર્વ થાય છે. તેમ સમજવું એ પ્રમાણે ૮૩ લાખ પૂર્વ તેઓ ગૃહસ્થાવસ્થા રૂપ મહારાજપદમાં રહીને તે પછી "जे से गिम्हाणं पढमे मासे पक्खे चित्तबहुले तस्स णं चित्तबहुलस्स नवमी पक्खे णं दिवसस्स पच्छिमे भागे' ગ્રીષ્મઋતુના પ્રથમ મહીના એટલેકે ચૈત્ર માસમાં કૃષ્ણ પક્ષમાં નવમી તિથિમાં દિવસના પાછલા ભાગમાં 'चइत्ता हिरण्णं' રજત–ચાંદીને છોડીને 'चइत्ता सुवण्णं' સોનાને છોડીને 'चइत्ता कोसं कोट्ठागारं' કોષ ભાણ્ડાગારને છોડીને એટલેકે ધાન્ય ભંડારને છોડીને 'चइत्ता बलं' બલ–સૈન્યને છોડીને 'चइत्ता वाहणं' અશ્વાદિકવાહનોને છોડીને 'चइत्ता पुर'' પુર–નગરને છોડીને 'चइत्ता अंतेउरं' અન્તઃપુર–રણવાસને છોડીને 'चइत्ता विउलधणकणगरयणमणिमोत्तियसंखसिलापवालरत्तरयणसंतसारसावइज्जं' પ્રચુર ગવાદિરૂપ ધનને ત્યજીને કનક–સુવર્ણ, કર્કેતન વિગેરે રત્નોને સૂર્યકાન્તાદિ મણિઓને મુક્તાફળોને શંખોને કનક–સોનાને, રાજપટ્ટાદિરૂપ શિલાઓને, પ્રવાલોને, પદ્મરાગ વિગેરે રક્ત રત્નોને આ રીતે બધા જ સત્સાર રૂપ દ્રવ્યોને છોડીને એ બધાથી પોતાનો મમત્વ-ભાવ હટાવીને 'विच्छड्डइत्ता' આ બધા જુગુપ્સિત છે એ પ્રમાણે તેમને 'विगोवइत्ता' નિન્દનીય સમજીને અને તે સમયે યાચકોનો અભાવ હોવાથી 'दायं दाइयाणं परिभाएत्ता'

દાયાદોમાં એને વહેંચી દઈ ને 'सुदंसणाए सीयाए' સુદર્શના નામની સુન્દર શિબિકામાં તેઓ આરૂઢ થયા જે સમયે પ્રભુએ દાયાદોમાં પૂર્વોક્ત દ્રવ્ય વહેંચી દીધું એ સમયે એ દાયાદો એ નિર્મમ મમત્વ રહિત થઈને ભગવાન દ્વારા પ્રેરાઈને ૮૩ પહારરૂપે એ વહેચેલા દ્રવ્યને સ્વીકાર્યું જીનેનો એ જ આચાર છે : જીત કલ્પ છે. કે તેઓ લેનાર જનોને તેમની ઈચ્છા પ્રમાણે જ દાન દે.

શંકા—જો યાચક જનોને તેમની ઇચ્છા પ્રમાણે જ દાન આપવું એવો જીનેન્દ્રદેવનો આચાર છે, તો તે સમયનો એક મહતી ઇચ્છા ધરાવનાર યાચક એક એક દિવસ આપવા યોગ્ય અથવા એક વર્ષમાં આપવા યોગ્ય દાનને એક સાથે જ ગ્રહણ કરવાની ઇચ્છા કેમ કરતો નથી? આ શંકાનુ સમાધાન એવું છે કે પ્રભુના દિવ્ય પ્રભાવથી યાચક જનોમાં એવી ઇચ્છા જ થતી નથી કે એક દિવસમાં આપવામાં આપનાર દાન અથવા એક વર્ષમાં આપવામાં આવનાર દાનને હુ પૂરે પુરૂ લઈ લઉ.

સુદર્શના શિબિકામાં બેસીને જ્યારે પ્રભુ ચાલ્યા તો તે સમયે 'सदेवमणुयासुराए परिसाए समणुगम्ममाणमग्गे' તેમની સાથે મનુષ્યોની પરિષદા કે જેમાં દેવો અને અસુરો સાથે હતા તે બધા સાથે ચાલ્યા. 'संखिया' શંખિકોએ એટલેકે શંખ વગાડનારાઓએ 'चक्किय' ચક્રિકોએ એટલેકે ચક્રને ફેરવવાવાળાઓએ 'णंगलिय' લાંગલિકોએ સોનાના બનેલા હળને કંઠે લટકાવેલા મનુષ્યોએ 'मुहमंगलिया' મુખ મંગલિકોએ—ચાટુકારીઓએ. 'पूसमाणव' પુષ્યમાણવોએ—વિરૂદાવલિનું વર્ણન કરનાર માગધોએ 'वद्धमाणग' વર્ધમાનકોએ—ખાંધો પર પુરુષોને બેસારનાઓએ 'आइक्खग' આખ્યાયકોએ—કથા કારકોએ 'लंख' લંખોએ એટલે વાંસ પર ચઢીને ખેલકર નારાઓએ 'मंख' મંખોએ કે જેમના હાથોમાં ચિત્ર-પટ હોય તેવા મનુષ્યોએ. 'घंटियगणेहिं' ઘંટાવગાડ નારાઓએ 'ताहिं इट्ठाहिं कंताहिं पियाहिं मणुण्णाहि मणामाहिं उरालाहिं कल्लाणाहि सिवाहि धन्नाहि मंगल्लाहिं सस्सिरियाहिं हियपल्हायणिज्जाहिं हियपल्हायणिज्जाहिं कण्णमणणिव्वुइकराहिं अपुणरुत्ताहि अट्ठसइयाहिं वग्गूहिं अणवरयं अभिणंदंत्ताय' પ્રસિદ્ધ, ઇષ્ટ, કાન્ત, પ્રિય, મનોજ્ઞ, મનભાવિની, ઉત્કૃષ્ટ, શબ્દાર્થ યુક્ત, કલ્યાણાર્થ સહિત, નિરૂપદ્રવ શબ્દાર્થ દોષ વગરની, પવિત્ર, મંગલકારી, શબ્દાલંકાર અને અર્થાલંકારથી યુક્ત હોવાથી સશ્રીક, અતએવ હૃદય ગમનીય, કાન અને મનને અત્યંત આનંદપ્રદ, અપુનરૂક્ત સેંકડો અર્થવાળી એવી વાણિયોથી વારંવાર પ્રભુનું અભિનંદન—સત્કાર કર્યું તેમની પ્રશંસાકરી. તે પછી તેઓએ 'एवं वयासी' આ પ્રમાણે કહેવાનો પ્રારંભ કર્યો 'जय जय णंदा' હે નંદ—સમૃદ્ધિશાલિન્ અથવા હે આનંદ-દાયિન્ આપ અત્યંત જયશાલી થાવ, 'जय जय भद्दा' હે ભદ્ર કલ્યાણશાલિન્ આપ અત્યંત જય શાલી બનો. 'धम्मेणं अभीए' સાધન ભૂત ધર્મના પ્રભાવથી દેવ, મનુષ્યો અને તિર્યંચો દ્વારા કરવામાં આવેલ પરીષહ અને ઉપસર્ગોથી ભય રહિત—નિડર બનો. 'परिसहोवसग्गाणं खंति खमे' ભયંકર જે ઘોર પ્રાણિયો છે તેમનાથી કરવામાં આવેલ ઉપદ્રવોના આપ ક્ષાન્તિક્ષમ—ક્ષમા પૂર્વક સહન કરનાર બનો. 'भयभेरवाणं धम्मे ते अविग्घं भवउ' ચારિત્ર

ધર્મની આરાધનામાં આપને કોઇ પણ પ્રકારનું વિઘ્ન–બાધા ન થાવ. 'तिकट्टु अभिणंदंति य अभिथुणंति य' આ પ્રમાણે કહીને ફરીથી તેઓએ વારંવાર પ્રભુનું અભિનંદન કર્યું, સત્કાર કર્યો અને પ્રશંસા કરી. 'तएणं उसभे अरहा कोसलिए णयणमाला सहस्सेहिं पिच्छिज्जमाणे पिच्छिज्जमाणे' તે પછી ને કૌશલિક ઋષભ અર્હંત નાગરિક જનોનિ હજારો નેત્ર પંક્તિઓથી વારંવાર લક્ષ્ય થતા થતા 'एवं जाव णिगच्छइ जहा उववाइए' 'ઔપપાતિક સૂત્રમાં વર્ણિત કૂણિક રાજાના નિર્ગમનની જેમ 'विणीयाए रायहाणीए मज्झं मज्झेणं णिग्गच्छइ' વિનીતા નામક રાજધાનીના મધ્યમાં આવેલા માર્ગ પર થઇને પસાર થયા "जाव आउल बोल बहुलं णामं करंते" પાઠમાં અહીં જે "यावत्' પદ આવેલ છે. તેનાંથી 'ઔપપાતિક સૂત્રનો આ પાઠ સંગ્રહીત થયેલ છે–"हियमाला सहस्सेहिं अभिणंदिज्जमाणे २, मणोरहमाला सहस्सेहिं विच्छिप्पमाणे २, वयणमाला सहस्सेहि अभिथुव्वमाणे २. कंतिरूवसोहग्ग गुणेहिं पत्थिज्जमाणे २, दाहिणहत्थेणं बहूणं णरणारी सहस्साणं अंजलि माला सहस्साइं पडिच्छमाणे २. मंजुमंजुणा घोसेणं पडिबुज्झमाणे, भवणपंति सहस्साइं समइच्छमाणे २, तंतीतलताल तुडियगीय वाइयरवेणं महुरेणं मणहरेणं जयसद्दघोस विसएणं मंजुमंजुणा घोसेणं पडिबुज्झमाणे अप्पडिबुज्झमाणे कंदर गिरिविवर कुहर गिरिवर पासादुद्धघणभवण देवकुल सिंघाडगतिगचउक्क चच्चर आरामुज्जाण काणण समप्पवप्प देसभागे पडिसुयासुय सहस्स संकुलं करेंते हयहेसिय हत्थि गुलगुलाइय रहघणघणसद्दमीसएणं महयाकलवरेणं य जणस्स महुरेणं पूरयंते सुगन्धवर कुसुम चुण्ण उव्विद्धिवासरेणुकविलं नभं करेंते कालागुरु कुंदरुक्क तुरुक्क धूव निवहेणं जीवलोगमिव वासयंते समंतओ खुभिय चक्कवालं पउरजण बाल वुड्ढ पमुइयतुरिय पहाविय विउलाउलबोलबहुलं" આ પાઠનો સ્પષ્ટાર્થ અમે ઔપપાતિક સૂત્રની પીયૂષ વર્ષિણી ટીકામાં કર્યો છે તો જિજ્ઞાસુ જનોએ ત્યાંથી જ જાણી લેવો જોઇએ. તે વખતે 'आसियसम्मज्जियसित्तसुइक पुप्फोवयारकलियं सिद्धत्थवणविउलरायमग्गं' સિદ્ધાર્થવન તરફ જનાર માર્ગને પહેલાં સુગન્ધિત જલ વડે સિકત કરવામાં આવ્યો અને ત્યાર બાદ સાવરણી વગેરેથી, કચરો સાફ કરવામાં આવ્યો હતો. પૂંજો ત્યાંથી લઈ લેવામાં આવ્યો હતો. અને છેવટે ફરી બીજી વાર તે માર્ગને સુગંધિત જલ વડે સિક્ત કરવામાં આવ્યો હતો. એથી તે માર્ગ પહેલાં કરતાં વધારે શુદ્ધ થઈ ગયો હતો, અને ત્યાર બાદ તે માર્ગ પર ઠેક–ઠેકાણે પુષ્પો વડે શોભા કરવામાં આવી હતી 'करेमाणे हयगयरहपहकरेण पाइक्क चडकरेणय' આ પ્રમાણે જેમના પ્રભાવથી તે સિદ્ધાર્થવનોદ્યાન ગામી રાજમાર્ગ શુદ્ધ. સાફ અને અલંકૃત કરવામાં આવેલ છે, એવા તે આદિ જિન શિબિકા પર આરૂઢ થયા અને ત્યાર બાદ હય અને ગજ તેમજ પાયદળથી પરિવેષ્ટિત થઈને તે

રાજમાર્ગ પર ચાલ્યા તે વખતે **'मंद मंद उद्धतरेणुयं करेमाणे करेमाणे जेणेव सिद्धत्थवणे उज्जाणे जेणेव असोगवरपायवे तेणेव उवागच्छइ'** હય, ગજ અને પાયદળના પદાઘાતથી તે માર્ગની જલ વડે સિક્ત થયેલી ભૂમિની ધૂલિ ધીરે ધીરે-મન્દ મન્દ રૂપમાં ઉડવા લાગી આ રીતે સિદ્ધાર્થવનોદ્યાન અને તેમાં પણ જ્યાં અશોક નામક વર પાદપ હતુ ત્યાં તેઓ આવ્યા ત્યાં **'आगच्छित्ता असोयवरपायवस्स अहे सीयं ठवेइ'** પહોંચતાં જ તેની નીચે પ્રભુની શિબિકા ઊભી રહી. **'ठावित्ता सीयाओ पच्चीरुहइ'** શિબિકા નીચે મૂકતાં જ પ્રભુ તેમાંથી બહાર આવ્યા. **'पच्चोरुहित्ता सयमेवाभरणालंकारं ओमुयइ'** બહાર આવતાં જ પ્રભુએ પહેરેલાં આભરણો તેમજ અલંકારોને પોતાના શરીર પરથી ઉતાર્યાં અને **'ओमुइत्ता सयमेव चउहिं अट्ठाहिं लोयं करेइ'** ત્યાર બાદ તેમણે શ્રદ્ધા પૂર્વક ચાર મુષ્ટિઓ વડે કેશ લુંચન કર્યું, બીજા તીર્થંકરો એ સાધુ-અવસ્થા ધારણ કર્યા બાદ પાંચ મુષ્ટિઓ વડે કેશોનું લુંચન કર્યું હતું, એવું જે કહેવામાં આવ્યું છે, તો આ સંબંધમાં વૃદ્ધ પરંપરા એવી છે કે ભગવન ઋષભ સ્વામીએ પ્રથમ એક મુષ્ટિ વડે મૂછ અને દાઢીના વાળોનું લુંચન કર્યું ત્રણ મુષ્ટિઓ વડે માથાના વાળોનું લુંચન કર્યું. એના પછી બાકીની એક મુષ્ટિ કે જે પવનના ઝોકાથી હાલી રહી હતી. અને કનકના જેવા અવદાત પ્રભુના સ્કંધો પર આળોટી રહી હતી તેમજ જોવામાં જે મરકતમણિ સદૃશ કાંતિવાળી હતી, પરમરમણીય તે દશ્યને જોઈ ને આનંદ રસના પ્રવાહમાં જેનું અન્તઃકરણ તરબોળ થઈ રહ્યું છે એવા ઈન્દ્રે બન્ને હાથ જોડીને પ્રભુને પ્રાર્થના કરી કે હે ભગવન્ ! મારા ઉપર અનુગ્રહ કરીને આ કેશ મુષ્ટિને આપ હવે રહેવા દો, હવે લુંચન કરો નહિ. પ્રભુએ ઇન્દ્રની પ્રાર્થનાને સાંભળીને તે કેશમુષ્ટિને તે પ્રમાણે જ રહેવા દીધી. જે મહાન પુરુષો હોય છે તે એકાંત ભક્તિવાળા પુરુષોની પ્રાર્થનાનો અસ્વીકાર કરતા નથી. એવો તેમનો સ્વભાવ હોય છે. લુંચિત થયેલા તે વાળોને શક્રે હંસ ચિત્રથી ચિત્રિત થયેલા વસ્ત્રમાં મૂકીને ક્ષીર સાગરમાં નિક્ષિપ્ત કરી દીધા. **'करित्ता छट्ठेणं भत्तेणं अपाणएणं आसाढाहिं णक्खत्तेणं जोगमुवागएणं उग्गाणं भोगाणं राइन्नाणं खत्तियाणं चउहिं सहस्सेहिं सद्धिं एगं देवदूसमादाय मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए'** આ પ્રમાણે પ્રભુએ લુંચન કર્યા બાદ બે ચોવિહાર ઉપવાસો કર્યા. પછી ઉત્તરાષાઢા નક્ષત્રની સાથે ચન્દ્રનો યોગ થયો ત્યારે પોતાના વડે આરક્ષક રૂપમાં નિયુક્ત કરવામાં આવેલ ઉગ્રોની, ગુરુરૂપમાં વ્યવસ્થાપિત કરવામાં આવેલ ભોગોની, નિમ્ન-રૂપમાં સ્વીકૃત કરવામાં આવેલ રાજન્યોની અને પ્રજા જનોની રક્ષા માટે નિયુક્ત કરવામાં આવેલ ક્ષત્રિયોની ચતુઃસહસ્રીની સાથે એક દેવદૂષ્યને સ્વીકારીને, મુંડિત થઈને, ઘરનો પરિત્યાગ કરીને, અનગારિતા ધારણ કરી ॥સૂત્ર ૩૯॥

દીક્ષા ગ્રહણ કર્યા પછી પ્રભુએ જે કર્યું તેનું કથન સૂત્રકાર આ સૂત્ર વડે કરે છે—

ટીકાર્થ—'**उसमेणं अरहा कोसलिए संवच्छरं साहियं चीवरधारी होत्था**' તે કૌશલિક ઋષભનાથ અર્હંત કંઈક વધારે એક વર્ષ પર્યન્ત વસ્ત્રધારી રહ્યા. '**तेण परं अचेलए**' તે પછી તેઓ શ્રી અચેલક બની ગયા. '**जप्पभिइं च णं उसभे अरहा कोसलिए मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए**' જ્યારથી કૌશલિક ઋષભનાથ અર્હંત મુંડિત થઈને અગાર અવસ્થાનો ત્યાગ કરી અણગાર અવસ્થામાં આવ્યા. '**तप्पभिइं च णं उसभे अरहा कोसलिए णिच्चं वोसट्ठकाए चियत्तदेहे जे केइ उवसग्गा उप्पज्जंति**' ત્યારથી તેઓએ પોતાના શરીરના સંસ્કાર (શ્રૃંગાર) કરવાનું છોડી દીધું; તેઓ ત્યક્ત દેહ એટલેકે પરીષહો સહન કરવાથી ત્યજી દીધો છે શરીર પ્રત્યે મમત્વભાવ જેમણે એવા બની ગયા. '**तं जहा दिव्वा वा जाव पडिलोमा वा अणुलोमावा**' જે કોઈ ઉપસર્ગ-ઉપદ્રવ તેમના પર આવતો તે ચાહે તો દેવો દ્વારા કરવામાં આવેલ હોય યાવત્ મનુષ્યકૃત અગર તિર્યંચ દ્વારા કરવામાં આવેલ હોય તે બધાને તેઓ સારી રીતે સહન કરતા હતા. અહીંયા 'વા શબ્દ વિકલ્પાર્થક છે. '**तत्थ पडिलोमा वेत्तेण वा जाव कसेण वा काए आउट्टेज्जा**' આ ઉપસર્ગ પૈકી જો કોઈ ઉપસર્ગ તેમનાથી

વિરૂદ્ધ હોય જેમકે-જો કદાચ કોઈ તેમને નેતરથી મારતું અથવા વૃક્ષની છાલથી બનાવેલ દોરડાથી કે કઠોર ચાબુકથી તેમને મારતું અથવા ચીકણા કશા—ચાબુકથી મારતું લતા દંડથી તેમને મારતા ચામડાના ચાબુકથી તેમને મારતા તો તેને પણ એઓ અત્યંત શાંત ભાવોથી સહન કરતા હતા '**अणुलोमा वंदेज्जवा जाव पज्जुवासेज्जवा**' એ જ પ્રમાણે જો તેમની ઉપર અનુકૂળ ઉપસર્ગ આવે જેમકે કોઈ તેમને વંદના કરતું યાવત્ કોઈ તેમની પૂજા કરતું અર્થાત્ સદ્વચનોથી સ્તુતિ કરતું સત્કાર—વસ્ત્રાદિ પ્રદાન કરીને અગર ઉભા રહીને તેમના પ્રત્યે પોતાનો ભકિતભાવ બતાવતું તેમનુ સન્માન કરતું હાથ જોડીને તેમનો આદર એમ માનીને કે તેઓ મંગલસ્વરૂપ છે. દેવસ્વરૂપ છે, અને જ્ઞાન સ્વરૂપ છે જે કોઈ તેમની પર્યુપાસના કરતું તો એ સ્થિતિમાં તેઓ હર્ષાન્વિત થતા ન હતા. '**ते सव्वे सम्मं सहइ जाव अहियासेइ**' આ રીતે એ ભગવાન્ શ્રી આદિનાથ પ્રભુ આવા પ્રતિકૂળ અનુકૂળ પરીષહો અને ઉપસર્ગોને સારી રીતે-એટલે કે રાગદ્વેષ રહિત થઈને-સહન કરતા હતા. અહીં યાવત્ પદથી "**खमइ तितिक्खइ**" આ પદોનું ગ્રહણ થયું છે. એ પદોથી એ પ્રકટ કરવામાં આવેલ છે કે એ પરીષહા-

દિકોને સહન કરતી વખતે એઓમાં- ક્રોધનો અભાવ રહેતો હતો. અને દીનતાનો અભાવરહેતો હતો. એઓ તો 'अध्यास्ते' એટલેકે અવિચલ ભાવથી જ એ સર્વ પરીષહોને સહન કરતા હતા. 'तएणं से भगवं समणे जाए इरियासमिए' એ ઋષભ એવા શ્રમણ બન્યા કે ઈર્યા સમિતિના પાલનમાં યાવત્ ભાષા સમિતિના પાલનમાં, એષણા સમિતિના પાલનમાં, 'परिट्ठावणा समिए આદાન ભાંડ માત્ર નિક્ષેપણ સમિતિના પાલનમાં અને ઉચ્ચાર પ્રસ્રવણ ખેલજલ્લશિઘાણપરિષ્ઠાપનિકા સમિતિના પાલનમાં રાગદ્વેષથી વિહીન પરિણતિથી એઓ પ્રવૃત્ત રહ્યા. વ્રતિગમનનું નામ ઈર્યા છે. આ ઈર્યામાં જે એકી ભાવથી અથવા રાગદ્વેષ રહિત થઈને પ્રવૃત્ત હોય છે, તે ઈર્યા સમિત છે. એટલે કે ઈર્યા સમિતિનું પાલન છે. કાર્કશ્ય વગેરેથી રહિત હિત, મિત, સ્ફીત મૃદુ વચન બોલવું ભાષા સમિત છે. એટલે કે ભાષા સમિતિનું પાલન છે. ગ્રહણૈષણા પરિભોગૈષણાદિરૂપ ગવેષણામાં જે ઉપયોગ પૂર્વક નવકોટિ વિશુદ્ધ ભિક્ષાનું ગ્રહણ છે, તે ગ્રહણ એષણા સમિત છે, એટલે કે એષણા સમિતિનું પાલન છે. ભાંડ–વસ્ત્રાદિ ઉપકરણનું માત્ર પાત્રનું જે આદાન ગ્રહણ કરવું અને નિક્ષેપણ મૂકવું છે. તેમાં બરાબર જોઈને તેમ જ સુપ્રમાર્જિત કરીજે પ્રવૃત્ત હોય છે. તે આદાન ભાંડ માત્ર નિક્ષેપણ સમિત છે. એટલેકે તે આદાન ભાંડ માત્ર નિક્ષેપણ સમિતિનું પાલન છે. તાત્પર્ય આ પ્રમાણે છે કે વસ્ત્ર દિકો અને પાત્રોને ભૂમિને જોઈને અને તેને પ્રમાર્જિત કરીને મૂકવાં તેમ જ જોઈ ને અને પ્રમાર્જિત કરીને તે વસ્ત્રાદિકો અને પાત્રોને ઉઠાવવાં એ જ આદાન ભાંડ-માત્રનિપેક્ષણા સમિત છે. એ સમિતિનું પાલન છે. ઉચ્ચાર–પુરીષોત્સર્ગ કરવો. પ્રસ્રવણ–લઘુશંકા કરવી, શ્લેષ્મ (કફ) નાંખવો. જલ્લ–દેહ–મલનું પ્રક્ષેપણ કરવું, શિંઘાણ–છીંકખાવી ઈત્યાદિરૂગ પરિષ્ઠાપનિકામાં જે સમિત હોય છે તે ઉચ્ચાર પ્રસ્રવણ ખેલ જલ્લશિંઘાણ પરિષ્ઠાપનિકા સમિત છે, આ સમિતિનું પાલન છે. આનું તાત્પર્ય આ પ્રમાણે છે કે નિર્જન્તુ સ્થાનમાં મલ મૂત્રાદિનો ત્યાગ કરવો તે ઉચ્ચાર પ્રસ્રવણાદિ રૂપ સમિતિનું પાલન છે. આ પ્રમાણે તે આદિનાથ પ્રભુ "मणसमिए, वयसमिए, कायसमिए, मणगुत्ते जाव, गुत्त बंभयारी अकोहे जाव अलोहे संते पसंते उवसंते परिणिब्बुडे, छिण्णसोए, णिरुवलेवे, संखमिव णिरंजणे' મનઃ સમિત વચઃ સમિત, કાયસમિત મનોગુપ્ત યાવત્ ગુપ્ત બ્રહ્મચારી, ક્રોધહીન યાવત્ લોભહીન હતા, શાંત હતા, પ્રશાંત હતા, ઉપશાંત હતા, પરિનિર્વૃત્ત હતા, શોક વિહીન હતા, ઉપલેપ રહિત હતા, શંખની જેમ નિરંજન હતા, અહીં જે પંચસમિતિઓ વડે સમિત થયા બાદ મન: સમિત વગેરે વિશેષણોથી યુકત પ્રભુને પ્રકટ કરવામાં આવ્યા છે, તેનું તાત્પર્ય આ પ્રમાણે છે કે તેઓ કુશલ મનોયોગના પ્રવર્ત્તક હતા. એથી અશુભ ચિન્તવનનો તેઓ શ્રીમાં સંપૂર્ણ રીતે અભાવ સૂચિત કરવામાં આવેલ છે. ધર્મધ્યાનના ધ્યાતૃત્વની તેઓશ્રીમાં પુષ્ટિ કરવામાં આવી છે. "वचः समित" પદથી ભાષા-સમિતિમાં તેઓ શ્રીનો અત્યાદર ભાવ હતો એ વાત–સ્પષ્ટ કરવામાં આવી છે. તેમ જ કરણ ત્રય શુદ્ધિ સૂત્રમાં સંખ્યા પૂરણ માટે એ વાક્ સમિત પદનો પ્રયોગ કરવામાં આવેલ છે. "कायसमितः" એવું જે કહેવામાં આવ્યું છે, તે ઈર્યાપથ સમિતિમાં વિશેષ આદર ભાવ સૂચિત કરવા માટે કહેવામા આવેલ છે. કેમકે તેઓ શ્રી પ્રશસ્તકાયયોગવાળા હતા,

તેઓ અકુશલ મનોયોગના નિરોધક હતા, એથી જ મનોગુપ્ત હતા. અહીં યાવત્ પદથી વાગુપ્તઃ કાયગુપ્તઃ, ગુપ્તઃ ગુપ્તેન્દ્રિયઃ" આ પદોનો સંગ્રહ કરવામાં આવેલ છે. અકુશલ વાગ્યોગના નિરોધક હતા તેથી એઓ વાગ્ગુપ્ત હતા અને અકુશલ કાયયોગના નિરોધક હોવાથી કાયગુપ્ત હતા. સત્પ્રવૃત્તિનું નામ સમિતિ છે. અને અસત્પ્રવૃત્તિનો નિરોધ કરવો ગુપ્તિ છે. ગુપ્તિ અને સમિતિમાં એ જ ભેદ છે. એથી તેઓ ગુપ્ત સર્વથા સંવૃત્ત હતા. એથી જ એઓ ગુપ્તેન્દ્રિય હતા. ઈન્દ્રિયોના વિષયભૂત શબ્દાદિકોમાં એમની રાગદ્વેષવિહીન પ્રવૃત્તિ જ હતી, તેમજ એઓ ગુપ્ત બ્રહ્મચારી હતા બ્રહ્મચર્ય મહાવ્રતના સંરક્ષણમાં સર્વદા એઓ ૯ કોટીથી તલ્લીન હતા. તેમજ 'अक्रोधः' ક્રોધ વિહીન હતા. અહીં યાવત્ પદથી 'अमाणे, अमाए' એ પદો ગ્રહણ કરાયા છે. તેમજ એઓ માનવર્જિત અને માયા વર્જિત હતા. 'अलोभः' લોભ રહિત હતા અહીં-ક્રોધાદિ કષાય વિહીન પણા સંબંધી કથન સ્થૂલ-ક્રોધાદિની અપેક્ષાએ કરવામાં આવેલ છે. કેમકે ૧૦ મા સૂક્ષ્મ સાંપરાય ગુણસ્થાન સુધી કષાયનો સદ્ભાવ સિદ્ધાન્તે માન્યો છે. એથી સૂક્ષ્મ ક્રોધાદિક કષાયોની સત્તા તો તે વખતે પ્રભુમાં હતી જ, એથી તેઓ મન, વચન અને કાયના વ્યાપારની શાંતિ થઈ જવાથી શાંત હતા, પ્રશાંત હતા, પ્રકર્ષ રૂપમાં શાંતિ યુકત હતા એથી જ તેઓ પરીષહ અને ઉપસર્ગોના આક્રમણ વખતે ધીર થઈ જતા અને તેથી તેઓ તેમના આ-

ક્રમણોને સહન કરવા યોગ્ય સ્વભાવ વાળા થઈ ગયા હતા. એમને બહાર કે અંદરનો કોઈ પણ જાતનો આતાપ-સંતાપ-આકુળ વ્યાકુળ કરી શકતો ન હતો. તેનાથી એઓ વર્જિત હતા, એથી જ 'परिनिर्वृतः' શીતલી ભૂત થઈ ગયા હતા. તથા 'छिन्नसोता' એ એ। એટલામાટે કહેવામાં આવેલ છે. કે એમનો સંસાર પ્રવાહ સર્વથા છિન્ન ભિન્ન થઈ ગયો હતો. 'छिण्णसोए' પદની 'छिन्नशोकः' એવી છાયા થશે ત્યારે એઓ શોક રહિત હતા એવો એનો અર્થ થશે, 'निरूपलेपः:' પદથી આમ સૂચિત કરવામાં આવેલ છે કે એઓ દ્રવ્યમલ અને ભાવમલ એ બન્ને પ્રકારના મલોથી વિહીન થઈ ગયા હતા. આ પ્રમાણે સામાન્ય રૂપમાં ભગવાનનું વર્ણન કરીને સૂત્રકાર હવે સોપમાન ભગવાનનું વર્ણન કરે છે એ ભગવાન્ 'शङ्खमिव णिरञ्जनः' જીવને મલિન કરનારા અંજનના જેવું કર્મરૂપ મલ જેનાથી દૂર થઇ ગયું છે, એવા હતા. શંખ શુભ્ર હોય છે. આ પ્રમાણે કર્મરૂપ મલનાવિ-નાશથી પ્રભુ પણ વિશુદ્ધ આત્મ સ્વરૂપવાળા હતા. મૂલમાં 'संखमिव' એવો જે પાઠ છે તેમાં આ મકાર અલાક્ષણિક છે. "जत्यकनकमिव निरूपलेवः" વિશુદ્ધ સુવર્ણની જેમ પ્રભુ રાગા-દિક કુત્સિત દ્રવ્ય વિહીન હોવા બદલ શુદ્ધસ્વરૂપ યુક્ત હતા. નિર્ગતમવવાળું સુવર્ણ જેવું સુદર્શન હોય છે. તે મુજબ પ્રભુ પણ રાગાદિ મલરહિત હોવા બદલ સુદર્શન હતા, "आदर्श प्रतिभागइव प्रकटभावः" પ્રભુ આદર્શ-દર્પણના પ્રતિબિંબની જેમ અનિગૂહિત અભિપ્રાય વાળા હતા. દર્પણમાં જેમ મુખાદિકના આકાર જેવું જ પ્રતિબિંબ દેખાય છે, તેમજ ભગ વાન ઋષભદેવ પણ સર્વદા અનિગૂહિત અભિપ્રાયવાળા હતા. શઠની જેમ તેઓ નિગૂહિત

અભિપ્રાયવાળા ન હોતા "कूर्म इव गुप्तेन्द्रियः" કચ્છપ જેમ ભયાવસ્થામાં પોતાનાં ચારે પગ અને ગ્રીવાને સંકુચિત કરી નાખે છે. તેમજ પ્રભુ પણ શબ્દાદિ વિષયોમાં આસક્તિ ન થઈ જાય તે ભયથી સદા પોતાની પંચેન્દ્રિયોને તેમના વિષયોથી સંગોપિત–સુરક્ષિત રાખતા હતા. "पुक्खरपत्तमिव निरुलेवः' પ્રભુ કમળપત્રની જેમ ઉપલેપથી રહિત હતા. જેમ કમળ કાદવમાં ઉત્પન્ન થાય છે. અને પાણીમાં સંવર્દ્ધિત થાય છે, છતાંએ તે જલ ઉપર જ રહે છે અને તેનાથી નિર્લિપ્ત થઈ ને રહે છે, તેમજ ભગવાન્ ભોગમાં પ્રકટ થયા અને પોતાના સંબંધિઓની વચ્ચે રહીને મોટા થયા છતાંએ તેમના સ્નેહરૂપ લેપથી રહિત હતા "गगनमिव निरालंबणे" પ્રભુ આકાશની જેમ આલંબન વિહીન હતા. આકાશ જેમ સહારા વગર રહે છે તેમજ પ્રભુ પણ કુળ, ગ્રામ વગેરેની નિશ્રાથી રહિત હતા. "अणिले इव निरालए" વાયુ જેમ સંચરણશીલ હોવાથી સર્વત્ર વિહરણશીલ હોય છે, તેમજ પ્રભુ પણ અપ્રતિબન્ધ વિહારી હોવા બદલ સ્થાનના પ્રતિબન્ધથી રહિત હતા, એટલે કે વસ્તી વગેરેમાં મમત્વ વિહીન હતા. 'चंदो इव सोमदंसणे" પ્રભુ ચન્દ્રવત્ સૌમ્યદર્શનવાળા હતા. જેમ ચન્દ્ર પ્રિયદર્શી હોવા બદલ સર્વ જીવોના મન અને નેત્રોને આહ્લાદ આપનાર હોય છે, તેમજ પ્રભુ પણ સમચતુરસ્ત્ર સંસ્થાન તેમજ વજ્ર ઋષભ સંહનનના ધારી હોવાથી સર્વ જીવોના મન અને નેત્રોને આનંદ પમાડનાર છે. "सूरइव तेजस्वी" પ્રભુ સૂર્યની જેમ તેજસ્વી હતા. સૂર્ય જેમ નક્ષત્રાદિકોના તેજનો અપહર્તા હોય છે. તેમજ પ્રભુ પણ સમસ્ત પરતીર્થિકજનોના તેજના અપહર્તા હતા. "विहग इव अपडिबद्धगामी" પક્ષીની જેમ પ્રભુ અપ્રતિબદ્ધગામી હતા. પક્ષી જેમ પ્રતિબન્ધ રહિત હોવા બદલ ફક્ત પોતાના અવયવભૂત પંખોના આધારે સર્વત્ર વિહાર કરે છે તેમજ પ્રભુ પણ કર્મક્ષયમાં સહાયકારી અનેક અનાર્ય દેશોમાં પરાનપેક્ષ થઈને સ્વબળ ના આધારે વિહાર કરે છે. 'सागरो इव गंभीरे' સાગર જેમ અગાધ હોવાથી અતલસ્પર્શી હોય છે. તેમજ પ્રભુ પણ અતલ સ્પર્શી એટલે કે ગૂઢ હતા. પ્રભુનો અભિપ્રાય કોઈ જાણી શકતા ન હોતા. અથવા પ્રભુ નિરુપમ જ્ઞાનશાલી હતા. છતાંએ એકાંતમાં કૃત દુશ્ચરિતોના અપરિસ્રાવી હોવાં બદલ હર્ષ શોકાદિ કારણોના સદ્ભાવમાં પણ તદ્ વિષયક વિકારોનો તેઓશ્રીમાં અભાવ રહેતો હતો. એથી જ તેઓ શ્રી સાગરની જેમ ગંભીર હતા તેમજ મન્દરની જેમ અકમ્પ હતા. જેમ મન્દર પર્વત ભયંકરમાં ભયંકર સખત આંધી ની સામે અકમ્પ અડગ રહે છે. તેમજ પ્રભુ પણ પોતાના વડે પ્રતિજ્ઞાત તપઃ સંયમો ઉપર દૃઢ આશયવાળા હોવાથી પરીષહ અને ઉપસર્ગ વગેરે વડે બાધા સંયુક્ત હોવા છતાંએ તેમનાથી વિચલિત થતા નથી, પૃથિવીની જેમ પ્રભુ "सर्वस्पर्शविषहः" સર્વ પ્રકારના સ્પર્શો ને સહન કરનાર હતા. પૃથિવી જેમ સર્વ પ્રકારના સ્પર્શોને સહન કરનારી છે તેમજ પ્રભુ પણ સર્વ પ્રકારના અનુકૂલ–પ્રતિકૂલ સ્પર્શોને સહન કરી શકે તેવા સ્વભાવવાળા હતા. "जीव इव प्रतिबद्धगतिः" જીવની જેમ પ્રભુ અપ્રતિબદ્ધગતિવાળા હતા. જીવની ગતિ જેમ કટ કુડ્યાદિ વડે પ્રતિહત હોતી નથી તેમજ પ્રભુનો વિહાર પણ આર્ય અનાર્ય દેશોમાં હોય છે છતાંએ તે પાખંડીઓ વડે પ્રતિઘાતયુક્ત થતો નથી. ॥સૂ૦ ૪૦॥

## ભગવાનની શ્રમણાવસ્થાનું વર્ણન

**'णत्थि णं तस्स भगवंतस्स कत्थइ पडिबंधे' इत्यादि ।।सूत्र ४१।।**

ટીકાર્થ—**"तस्स भगवंतस्स"** તે ઋષભનાથ ભગવાનને **'कत्थइ'** કોઇ પણ સ્થાને **'पडिवंधो'** આ મારુ છે. હું એનો છું "આ જાતનો માનસિક વિકારરૂપ ભાવ ઉત્પન્ન થતો. નહતો કેમકે હું આનો છું આ મારો છે આજાતનો ભાવ જ સંસાર છે, તદુક્તમ્—**"अयं ममेति संसारो नाहं न मम निर्वृत्तिः"** આ મારો છે અનેહૂં એનોછું એ ભાવસંસાર છે. તેમ હું એમનો નથી અને એ મારો નથી આ જાતનો જે ભાવ છે તે જ સંસારની નિવૃતિ છે. **"चतुर्भिरक्षरैर्बन्धः पञ्चभिः परमं पदम्"** ચાર અક્ષરો વડે બન્ધ થાય છે અને પાંચ અક્ષરો વડે પરમ પદ પ્રાપ્ત થાય છે. **"अहमस्य अयं मम"** અહીં ચાર અક્ષરો છે. એનાથી જીવ કર્મબન્ધનો કર્તા થાય છે. અને **"अहं अस्य न, अयं मम न"** એ પાંચ અક્ષરો છે. એ અક્ષરો મુજબ પ્રવૃતિ કરનાર પુરુષને મુક્તિની પ્રાપ્તિ થાય છે. **'से पडिबंधे चउव्विहे भवइ'** તે પ્રતિબન્ધના ચાર પ્રકાર છે, **'तं जहा-'** જેમકે **'दव्वओ'** દ્રવ્યને આશ્રિત કરીને, **'खित्तओ'** ક્ષેત્રને આશ્રિત કરીને **"कालओ"** કાલને આશ્રિત કરીને અને **"भावओ"** ભાવને આશ્રિત કરીને. **'दव्वओ'** દ્રવ્યને આશ્રિત કરીને જે પ્રતિબંધ થાય છે તેનું સ્વરૂપ આ પ્રમાણે છે. **'इह खलु माया मे, पिया मे, भाया मे, भगिणी मे,** માતા મારી છે, પિતા મારા છે; ભાઇ મારો છે, બહેન મારી છે. યાવત પદથી **'भज्जा मे, पुत्ता मे, धूआ मे, णत्ता मे, सुण्हा मे, सहिसयण"** આ પદોના સંગ્રહ મુજબ ભાર્યામારી છે. પુત્ર મારો છે, દુહિતા–પુત્રી મારી છે, નાતી પુત્રનો પુત્ર કે પુત્રીનો પુત્ર–મારો છે, સ્નુષા–પુત્ર વધૂ મારી છે, સખિ, મિત્ર અને સ્વજનો મારા છે. **'सखिस्वजनः'** આ પદનો **'संग्रंथ संथुआमे'** આ પદની સાથે સંબંધ છે. એનાથી સંસ્તુત વારંવાર પરિચિત થયેલ સખિ–સ્વજન પિતૃવ્ય કાકા પુત્ર વગેરે બધાં મારા છે. તેમજ **'हिरण्णं मे'** હિરણ્ય ચાદી મારુ છે. **'सुवण्णं मे'** સુવર્ણ–સોનું મારૂં છે. **'जाव'** યાવત્ પદથી ગૃહણકરાયેલ **'कंसं मे दूसं मे धणं मे'** આ પદો પ્રમાણે કાંસું મારુ છે, દ્રવ્ય–વસ્ત્રો તાંબુ વગેરે મારાં છે, તેમજ **'उवगरणं मे'** ઉપકરણ–પૂર્વોક્તવસ્તુઓથી બાકી રહેલી સામગ્રી મારી છે. પ્રકારાન્તરથી પુનઃદ્રવ્યની અપેક્ષાએ પ્રતિબંધનું કથન–**'अहवा' समासओ सचित्ते वा अचित्ते वा मीसए वा दव्वजाए से त्तं तस्स ण भवइ'** અથવા દ્રવ્યની અપેક્ષા એ પ્રતિબંધ સંક્ષેપથી સચિત્ત–દ્વિપદ વિગેરે અચિત્ત–હિરણ્ય સુવર્ણાદિમાં અને મિશ્રક હિરણ્ય વિગેરેથી શણગારેલ હાથિ વિગેરે દ્રવ્યસમૂહમાં હોય છે. અહીં **'वा'** શબ્દ સમુચ્ચય દ્યોતક છે. એવો આ પ્રતિબન્ધ–મમત્વભાવ–તે પ્રભુમાં ન હતો. **'खित्तओ गामेवा नयरे वा अरण्णे वा खेत्ते वा खले वा गेहे वा अंगणे वा एवं तस्स न भवइ'** ક્ષેત્રની અપેક્ષાએ ગ્રામોમાં, નગરોમાં, વનોમાં, ખેતરોમાં, ખળાઓમાં ઘરોમાં અગર આંગણમાં તે પ્રભુને પ્રતિબન્ધ ન હતો. તેમજ **'कालओ थोवे वा लवेवा मुहुत्ते वा अहोरत्ते वा पक्खे वा मासे वा उऊए वा अयणे वा संवच्छरेवा अन्नयरे वा दीहकाले पडिबंधे एवं तस्स न भवइ'** કાલની અપેક્ષાએ મમત્વભાવ તે પ્રભુને એકસ્તોક–સાત પ્રાણાત્મક કાળમાં, નહતો એક લવ સાત સ્તોક પ્રમાણાત્મક સમય રૂપ કાળમાં, એક મુહૂર્ત ૭૭ લવ પ્રમાણાત્મક સમયમાં, એક અહોરાતમાં–ત્રીસ–મુહૂર્ત પ્રમાણાત્મક સમયમાં, એક પક્ષમાં–૧૫ દિન–રાત પ્રમાણ વાળા સમયમાં, એક

માસમાં–બેપક્ષ વાળા સમયમાં એક ઋતુમાં– બે માસ પ્રમાણ સમયમાં, એક અયનમાં–ત્રણ ઋતુ પ્રમાણ સમયમાં, એક સંવત્સરમાં–બે અયન પ્રમાણવાળા સમયમાં અથવા બીજા કોઈ પણ દીર્ઘ સમયવાળા વર્ષ શતાદિ રૂપ કાળમાં પ્રતિબન્ધ ન હતો. પ્રતિબન્ધ શબ્દનો અર્થ મમત્વભાવ છે. એવો મમત્વભાવ પ્રભુને દ્રવ્યમાં ક્ષેત્રમાં કે કાળમાં ન હતો. **'भावओ कोहे वा जाव लेहे वा भए वा हासे वा एवं तस्स ण भवइ'** આ પ્રમાણે જ ભાવની અપેક્ષાએ તે પ્રભુને પ્રતિબંધ–મમત્વભાવ– ન ક્રોધમાં હતો, ન યાવત્પદ ગ્રાહ્ય–માનમાં હતો. ન માયામાં હતો ન લોભમાં હતો. તેમજ ન હાસ્યમાં હતો. આ પ્રમાણે પ્રતિબન્ધ રહિત થયેલા તે પ્રભુ ફક્ત **'से णगवं वासावासवज्जं'** વર્ષાકાળના સમયને બાદ કરીને બાકીમાં **'हेमंतगिम्हासु'** હેમન્ત અને ગ્રીષ્મ ઋતુમાં **'गामे एगराइए'** ગ્રામમાં એક રાત્ર પર્યંત નિવાસ કરતા હતા. **'णयरे पंचराइए'** નગરમાં પાંચ રાત પર્યન્ત એ પ્રભુ પૂર્વોક્ત પ્રમાણે નિવાસ કરતા હતા. **'ववगय हाससोगअरइभयपरित्तासे णिम्ममे निरहंकारे'** હાસ્ય, શોક, અરતિ માનસિક ઉદ્વેગ, ભય અને પરિ-ત્રાસ–આકસ્મિક ભયથી સર્વથા રહિતબની ગયા હતા. નિર્મમ–મમતાથી રહિત થઈ ગયા હતા. નિરહંકાર–અહંકાર રહિત થઈ ગયા હતા. એથીજ એઓ શ્રી **"लहुभूए"** એટલા બધા હલ્કા–ઉર્ધ્વગતિક–થઈ ગયા હતા કે તેમને બાહ્ય અને આભ્યંતર પરિગ્રહની આવશ્યકતાએ પોતાનામાં બદ્ધ કર્યાં નહીં', **'अगंथे वासी'** તેથી નિર્ગ્રન્થ અવસ્થા વાળા બનેલા તે પ્રભુને પોતાની ઉપર **'तच्छणे अदुट्ठे'** કુહાડોચલાવનાર પર પણ કોઈ જાતનો દ્વેષ ભાવ ન હતો અને પોતાના પર **'चंदणाणुलेवणे अरत्ते'** ચન્દનનો લેપ કરનારા પ્રત્યે જરા સરખો પણ રાગ ભાવ ન હતો. પરંતુ બન્ને જાતના પ્રાણીઓ તરફ તેમના હૃદયમાં સમ ભાવ હતો–રાગ દ્વેષ-વિહીન થઈ ગયા હતા. **'लेट्ठुम्मि कंचणम्मिय समे'** તેઓ ઢેખાળા અને સોનામાં ભેદ બુધ્ધિ વિનાના થઈ ગયા હતા **'इहलोए'** આ લોકમાં–મનુષ્ય લોકમાં અને **'परलोए'** પરલોક–દેવ ભવ આદિમાં **'अपडिबद्धे'** એમની અભિલાષા પૂર્ણતઃ નાશ પામી હતી. **जीवियमरणे निरवकंखे** જીવન અને મરણમાં એઓ આકાંક્ષા રહિત થઇ ગયા હતા,

ઇન્દ્રાદિ વગેરે દેવતાઓ વડે સત્કાર પામી 'હું વધારે આયુષ્ય ભોગવીને આ પ્રમાણે કાયમ સત્કાર મેળવતો રહું એવી અભિલાષા સ્વપ્નમાં પણ એમને થતી નહતી તથા દુસ્સહ પરીષહ અને ઉપસર્ગની પ્રાપ્તિ થતાં એમનાં મનમાં એવી ભાવના પણ ઉત્પન્ન થતી ન હતી કે 'હું જલ્દી મરણ પામૂં તો આ સર્વ આપત્તિઓથી મને મુક્તિ મળે "આ પ્રમાણે જીવન અને મરણ પ્રત્યે એમના મનમાં સંપૂર્ણતઃ સમભાવના–ઉત્પન્ન થઈ ચૂકી હતી. કેમકે એઓ **'संसारपारगामी'** સંસારથી–ચતુર્વિધગતિ રૂપ જન્મજરામરણની વ્યાધિવાળા આ સંસારથી પાર જવાની કામનાવાળા હતા. અર્થાત્ સમસ્ત કર્મોના ક્ષયથી જાયમાન એકાન્તિક આત્મ શુદ્ધિ રૂપ મુક્તિના એઓ પથિક હતા. **'कम्मसंगणिग्घायणट्ठाए अब्भुट्ठिए विहरइ'** એથી જ કર્મોના અનાદિકાલથી જીવ પ્રદેશોની સાથે થયેલ સંબંધને સંપૂર્ણતઃ નિર્મૂળ કરવા માટે એઓ એકદમ કટિબદ્ધ થઈ ગયા હતા ॥૪૧॥

**'तस्स णं भगवंतस्स एएणं विहारेणं'** ઇત્યાદિ

ટીકાર્થ—**'तस्स णं भगवंतस्स एएणं विहारेणं विहरमाणस्स एगे वाससहस्से विइक्कंते समाणे'** આ જાતની પરિણતીમાં એકતાન થઈને વિહાર કરતાં કરતાં પ્રભુને જ્યારે એક હજાર વર્ષો પૂરા થઈ ગયા ત્યારે **'पुरिमतालस्स नयरस्स बहिया सगडमुहंसि णिग्गोहवरपायवस्स अहे झाणंतरियाए वट्टमाणस्स'** પુરિમતાલ નગરની બહાર શકટ મુખ નામના ઉદ્યાનમાં ન્યગ્રોધ વૃક્ષની નીચે ધ્યાનાન્તરિકામાં વિરાજમાન થઈ ગયા. ૧ પૃથક્ત્વવિતર્ક સવિચાર, ૨ એકત્વવિતર્ક અવિચાર, ૩ સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ, ૪ વ્યુચ્છિન્ન ક્રિયા નિવૃત્તિ એ રીતે ચાર પ્રકારના ભેદવાળા શુંકલધ્યાનના પહેલાના બે ભેદો ની પછી અન્તના બે ભેદોની અપ્રાપ્તિનું નામ ધ્યાનાન્તરિકા છે. કેમકે-તેની પ્રાપ્તિ ચૌદમાં ગુણસ્થાનમાં રહેલા કેવલીનેજ થાય છે. ભગવાનને તેકાળે એની અપ્રાપ્તિ હતી. એથી તે ધ્યાનાન્તરિકામાં રહેલા ભગવાન્ **'फग्गुणबहुलस्स इक्कारसीए पुव्वण्हकालसमए अट्ठमेणं भत्तेणं अपाणएणं'** ફાલ્ગુન મહીનાના કૃષ્ણપક્ષની એકાદશીના દિવસે પૂર્વાહ્નકાળના સમયમાં અષ્ટમભક્તથી યુક્ત હતા ત્યારે **'उत्तरासाढा णक्खत्तेणं जोगमुवागएणं'** ચન્દ્રની સાથે ઉતરાષાઢા નક્ષત્રના યોગમાં **'अणुत्तरेणं णाणेणं जाव चरित्तेणं'** અનુતરજ્ઞાનથી ક્ષપકશ્રેણી પર આરૂઢ થયેલા જીવને નિયમથી કેવલ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કેમકે—તે સમયે જીવે ૧૨ માં ગુણસ્થાનના અંતમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય એ કર્મોનો સમૂળ વિનાશ કરી ચૂકેલ હોય છે. તેથી કેવળજ્ઞાનની બિલકૂલ નજીક તે પહોંચી જાય છે.છદ્મસ્થાવસ્થાનું જ્ઞાન આ ક્ષાયિક જ્ઞાન પાસે અવિશુદ્ધ હોય છે. અને તે-કેવળ જ્ઞાન-ક્ષાયિકજ્ઞાન પરમવિશુદ્ધ હોય છે. એવા કેવળજ્ઞાનની સમીપ પહોંચેલા જ્ઞાનથી યાવત્પદગ્રાહ્ય-અનુતરદર્શનથી અનુત્તર ચારિત્રથી **'अणुत्तरेणं तवेणं'** તથા સર્વોત્કૃષ્ટ તપથી, **'बलेणं वीरिएणं आलएणं विहारेणं'** અનુતર બળથી, અનુત્તર નિર્દોષ વસતિથી, અનુત્તર-વિહારથી ગોચરી વિગેરેમાં દોષ નિવૃત્તિપૂર્વક વિચરણથી **'भावणाए'** અનુત્તરભાવનાથી પદાર્થો સંબંધી અનિત્યત્વાદિ વિચારધારાથી **'खंतीए'** અનુત્તરક્ષાંતિથી-ક્રોધના નિરોધથી **'गुत्तीए'** અનુતર મનોગુપ્ત્યાદિરૂપ ગુપ્તિથી **'मुत्तीए'** અનુત્તર નિર્લોભતારૂપ મુક્તિથી **'तुट्ठीए'** અનુતર સંતોષથી **'अज्जवेणं'** અનુત્તર આર્જવ-માયા નિરોધથી, **'मद्दवेणं'** અનુતરમાન-

નિરોધરૂપ માર્દવથી **'लाघवेणं'** અનુત્તર લાઘવથી-ક્રિયામાં નિપુણતાથી અને **'सुचरियसोवचियफलनिव्वाणमग्गेणं'** અનુત્તર સુચરિત સોપચિત ફળ નિર્વાણ માર્ગથી સુચરિત-સદાચરણરૂપ પુણ્યનું જે સોપચિતિ-પુષ્ટ-ફળ-નિર્વાણ-માર્ગ કે જે અસાધારણ રત્નત્રયરૂપ છે, તેનાથી **'अप्पाणं भावेमाणस्स'** પોતેપોતાને ભાવિત કરતા **'अणंते अणुत्तरे निव्वाघाए निरावरणे कसिणे पडिपुण्णे केवलवरनाणदंसणे समुप्पण्णे'** અનંત, અનુત્તર, નિર્વ્યાઘાત નિરાવરણ કૃત્સ્ન, પ્રતિપૂર્ણ, કેવલવર જ્ઞાનદર્શન ઉત્પન્ન થયા. કેવલવર જ્ઞાન દર્શનના ઉપર્યુકત વિશેષણોનો સારાંશ આ પ્રમાણે છે કે એ વિનાશ રહિત હોય છે. એથી અનંત કહેવામાં આવેલ છે, સર્વોત્કૃષ્ટ હોય છે એથી અનુત્તર કહેવામાં આવેલ છે, કેમકે એનાથી ઉત્કૃષ્ટ જ્ઞાન-દર્શનની શકયતા જ હોતી નથી. તે કટ, કુડ્ય વગેરે આવરણો દ્વારા અપ્રતિહત હોય છે. એથી આને વ્યાઘાત વર્જીત કહેવામાં આવેલ છે. ક્ષાયિકરૂપ હોવાથી આ આવરણથી વર્જિત હોય છે. એથી એ નિરાવરણ કહેવામાં આવેલ છે. એ સકલાર્થના ગ્રાહક હોય છે. મૂર્ત પદાર્થ અને અમૂર્ત પદાર્થ એ સર્વેને એ ગ્રહણ કરનાર હોય છે. એથી આને કૃત્સ્ન કહેવામાં આવેલ છે. એને ચારે તરફથી પૂર્ણ હોય છે, ચન્દ્રની જેમ આ પોતાના સર્વ અંશોથી યુકત હોય છે, એથી આને પ્રતિપૂર્ણ કહેવામાં આવેલ છે. જ્ઞાન અદ્વિતીય હોવા બદલ, કેવલ પદથી અને અન્ય-જ્ઞાનાદિકોની સહાયતાથી રહિત હોવા બદલ વર-શ્રેષ્ઠ કહેવામાં આવેલ છે. આ જાતનું કેવળ જ્ઞાન તે પ્રભુને ઉત્પન્ન થયું. જ્ઞાન જે હોય છે તે સામાન્ય વિશેષ ધર્મ વિશિષ્ટ વસ્તુનો વિશેષ રૂપથી નિશ્ચય કરનારું હોય છે. અને દર્શન હોય છે તે સામાન્ય રૂપથી જ વસ્તુને જાણનારું હોય છે. **"निर्विशेषं विशेषाणां ग्रहो दर्शनम्"** આવું કથન છે. જે સમયે કેવળ જ્ઞાન, કેવળ દર્શન ઉત્પન્ન થાય છે, તે સમયે આત્મામાં આવરણનો એક અંશ પણ વિદ્યમાન હોતો નથી. એટલેકે આવરણનો સર્વથા અભાવ થઈ જાય છે અહીં આ પ્રમાણે સમજાવું જોઈએ કે જ્યારે કોઈ મનુષ્ય દૂરથી વિભિન્ન જાતિવાળા વૃક્ષોના સમૂહને જુએ છે ત્યારે તેને એવી પ્રતીતિ થતી નથી કે આ વૃક્ષ સમૂહમાં અમુક જાતિના કે અમુક-અમુક વર્ણ આદિના વૃક્ષો છે ત્યાં તો જોનારને સામાન્ય રૂપથી વૃક્ષત્વ જાતિનું જ જ્ઞાન થાય છે. એથી આવુ જે જ્ઞાન છે, તે જ દર્શન કહેવાય છે. અને જ્યારે તે જ જોનારી વ્યકિત પાસે પહોંચે છે ત્યારે તેને આ આમલકી છે, આ મંદિર છે, આ પલાશ છે વગેરે રૂપથી જ્ઞાન થાય છે. એ જ્ઞાન વિશેષગ્રાહી જ્ઞાન કહેવાય છે. જ્ઞાન અને દર્શનમાં આટલો જ તફાવત છે.

શંકા :–જ્ઞાન અને દર્શનમાં વિશેષ ગ્રાહકતા અને સામાન્ય ગ્રાહકતાની અપેક્ષાથી જો ભેદ માનવામાં આવે તો પછી કેવલીના જ્ઞાન અને દર્શનમાં પ્રત્યેકમાં સકલાર્થ ગ્રાહકતા સિદ્ધ થઈ શકતી નથી પરંતુ ત્યાં તો સકલાર્થ ગ્રાહકતા માનવામાં આવી છે? તો આ શંકાના જવાબમાં આમ કહી શકાય કે કેવલીનુ જ્ઞાન ક્ષણમાં સકલ વિશેષણોને ગ્રહણ કરતાં કરતાં પ્રકાશિત થાય છે, એટલા માટે તે સમયે સકલ વિશેષ રૂપ જે સામાન્ય છે તે અપ્રકાશિત રહેતું નથી. પણ તે પ્રકાશિત થઈ જાય છે. આ પ્રમાણે જ્યારે દર્શનક્ષણમાં દર્શન સામાન્યનું પ્રકાશન કરે છે ત્યારે સકલ વિશેષ પણ પ્રકાશિત થઈ જાય છે, કેમકે વિશેષ રહિત સામાન્યનું ગ્રહણથવું અસંભવ છે. એથીજ "निर्विशेषं विशेषाणां ग्रहो दर्शनम्" આમ કહેવામાં આવ્યું છે. એથી જ્ઞાનદર્શન એ બન્નેમાંથી દરેકમાં સકલાર્થ ગ્રાહકતા વિરુદ્ધ હોતી નથી. પણ વિશેષતા આ પ્રમાણે છે કે જ્ઞાનમાં વિશેષની પ્રધાનતા રહે છે. અને સામાન્યની ગૌણતા રહે છે અને દર્શનમાં સામાન્યની પ્રધાનતા રહે છે અને વિશેષની ગૌણતા રહે છે. ભગવાનને જ્યારે કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું. ત્યારે પ્રભૂ "जिणे जाए" જિન–એટલે કે રાગાદિકોના વિજેતા–થઈ ગયા. કેવળી થઈ ગયા–શ્રુતજ્ઞાન વગેરેની સહાયતાથી વર્જિત જ્ઞાનવાળા થઇ ગયા. એથી તેઓશ્રી 'सव्वन्नू' સર્વજ્ઞ–વિશેષાંકો ની પ્રધાનતા લઈને સમસ્ત પદાર્થોના જ્ઞાતા બની ગયા. 'सव्वदरिसी' સર્વદર્શી–સામાન્યાંશની પ્રધાનતા લઈને સર્વ પદાર્થોના જ્ઞાતા–દૃષ્ટા–બની ગયા. 'स णेरइयतिरियनरामरस्स लोगस्स पज्जवे जाणइ पासइ' આ પ્રમાણે તે પ્રભુ નૈરયિક તિર્યંચ, નર અને દેવ એમનાથી યુકત આ પંચાસ્તિકાયાત્મક જીવ લોકના અને ઉપલક્ષણથી–નભઃ પ્રદેશમાત્રાત્મક અલોકના જ્ઞાતા–દૃષ્ટા બની ગયા. અર્થાત્ લોક અને અલોકના જે ક્રમભાવી પર્યાયો છે, તે સર્વના હસ્તામલકવત્ જોનારા અને જ્ઞાતા થઈ ગયા. 'तं जहा–आगइं गइं ठिइं चवणं उववायं भुत्तं कडं पडिसेवियं आविकम्मं रहोकम्मं' નૈરયિક અને દેવગતિથી ચવીને મનુષ્ય અથવા તિર્યંચ ગતિમાં આગમનના, મનુષ્ય ગતિ અને તિર્યંચ ગતિમાંથી મૃત્યુ પામીને દેવગતિ અથવા નરકગતિમાં ગમનના, કાયસ્થિતિના, દેવલોકથી અને નરલોકથી ચવનના દેવગતિમાં અને નરકગતિમાં જન્મના, ભુકતના, એકાન્તમાં અશિતના, કૃતના–એકાંતમાં કૃત ચૌર્યાદિ કર્મના, પ્રતિ સેવિતના–મૈથુનાદિ કર્મના, આવિષ્કર્મના, પ્રકટમાં કરવામાં આવેલ કર્મના અને રહઃ કર્મના–એકાન્તમાં આચરિત કર્મના આ પ્રમાણે આ ગતિ–આગતિ આદિ રૂપ પર્યાયોના તે ભગવાન સાક્ષાત્ જ્ઞાતા દૃષ્ટા બની ગયા. આ રીતે તે ભગવાન 'तं तं कालं मणवयकाए जोगे एवमादी जीवाण वि सव्वभावे अजीवाण वि सव्वभावे' સમસ્ત જીવોના મન–વચન, કાયરૂપયોગોના તેમજ તેમનાથી સંબદ્ધ બીજા પણ સમસ્ત ભાવોના અને અજીવોના સમસ્ત ભાવોના રૂપાદિ અજીવ–ધર્મોના–જ્ઞાતા–દૃષ્ટા બની ગયા. 'मोक्खमग्गस्स विसुद्धतराए भावे जाणमाणे' તેમજ રત્નત્રય રૂપ મુકિત માર્ગના અતિશય વિશુદ્ધિયુકત–સકલ કર્મોના ક્ષયમાં કારણભૂત–ભાવોના–જ્ઞાના ચાર આદિના જ્ઞાતા–દૃષ્ટા થઇને 'एस खलु मोक्खमग्गे मम अण्णेसिं च जीवाणं हियसुहणिस्सेयसकरे सव्वदुक्खविमोक्खणे परमसुहसमाणणे भविस्सइ' આ રત્નત્રયાત્મક મુકિતમાર્ગ નિશ્ચય પૂર્વક મને ઉપદેશક ઋષભનેતમજ મારા સિવાય બીજા

ભવ્ય જીવોના માટે હિત-સુખ નિઃશ્રેયસ્કર છે, પરિણામમાં શુભ છે, એથી હિત રૂપ છે. આત્યન્તિક દુઃખની નિવૃત્તિ રૂપ છે, એથી સુખકર છે અને સકલ કર્મોને ક્ષય કરનારો છે, એથી નિઃશ્રેયસ્કર છે, એથી જ સકલ જીવોના શારીરિક-માનસિક સમસ્ત દુઃખોની નિવૃત્તિ થાય છે, એટલા માટે જ આ સર્વદુઃખવિમોક્ષણ રૂપ કહેવામાં આવેલ છે અને એથી જ જીવોના અનન્ત સર્વોત્કૃષ્ટ જે સુખ છે, તે સુખને આપનાર એ જ છે, ભૂતકાળમાં પણ સુખ આપનાર એ જ માર્ગ હતો અને ભવિષ્યમાં પણ સુખ આપનાર એ જ માર્ગ થશે, આ પ્રમાણે જ્ઞાતા-દૃષ્ટા બની ગયા. અહીં **"सव्वण्णू सव्वदरिसो"** જે આ જાતનો સૂત્રપાઠ કહેવામાં આવેલ છે, તેથી એવી વિચિકિત્સા (સંદેહ) થઈ શકે છે કે કેવળ જ્ઞાન અને કેવળ દર્શન કેવળ જ્ઞાનાવરણ અને કેવળ દર્શનાવરણના ક્ષીણ મોહ નામના ગુણસ્થાનના અન્ત્ય-સમયમાં જ ક્ષીણ થઈ જવાથી યુગપત્ ઉત્પન્ન થાય છે, તો પછી જે પ્રમાણે સર્વજ્ઞ સર્વદર્શી એવા કથનમાં જ્ઞાનની પ્રથમતાનો ક્રમ કહેવામાં આવેલ છે તે પ્રમાણે જ **"सव्वदरिसी सव्वन्नू"** આ જાતનો પણ દર્શનની પ્રથમતાનો ક્રમ સંભવી શકે છે? આનું સમાધાન આ પ્રમાણે છે કે **"सव्वाओ लद्धीओ सागारोवउत्तस्स उववज्जंति"** જેટલી લબ્ધિઓ થાય છે તે સાકારોપયોગમાં ઉપયુક્ત જીવને થાય છે, **"णो अणागारोवउत्तस्स"** અનાકાર ઉપયોગવાળાને હોતી નથી. એવું આગમનું પ્રમાણ છે. ઉત્પત્તિ ક્રમની અપેક્ષા સર્વદા જિન પ્રભુના પ્રથમ સમયમાં જ્ઞાન ઉત્પન્ન થાય છે અને દ્વિતીય સમયમાં દર્શન હોય છે. એ વાતને સૂચિત કરવા માટે **"सव्वन्नू सव्वदरिससी"** એવો જ સૂત્રપાઠ રાખવામાં આવેલ છે. એ જ ક્રમ સર્વત્ર છે. પણ ને જીવો છદ્મસ્થ છે, તેમને તો પ્રથમ સમયમાં દર્શન અને દ્વિતીય સમયમાં જ્ઞાન હોય છે આમ જાણવું જોઈએ પરંતુ જ્યારે **"परमसुह समाणणो"** માં સમાપિના સ્થાનમાં પ્રાકૃત સૂત્રથી સમાણાદેશ થઈ જાય છે. ત્યારે **"समाणण"** એવું રૂપ થઇ જાય છે ॥૪૨॥

## ઋષભસ્વામી કો કેવલજ્ઞાનોત્પત્તિકે અનન્તરીય કાર્યકા નિરૂપણ

**'तए णं से भगवं समणाणं निग्गंथाण य निग्गंथीण य, इत्यादि ।**

ટીકાર્થ—**'तए णं से भगवं समणाणं निग्गंथाण य निगांथीण य'** ત્યાર બાદ તે શ્રમણ ભગવાન ઋષભદેવે શ્રમણ નિર્ગ્રંથોને તેમજ નિર્ગ્રંથીઓને **'पंचमहव्वयाइं सभाय-णगाइं'** પાંચ પાંચ ભાવનાઓ સહિત પાંચ મહાવ્રતોનો **'छच्च जीवणिकाए धम्मं देसे माणे**

विहरइ, तं जहा-पुढविकाइए भावणागमेणं पंचमहव्वयाइं भाणियव्वाइंति' षड्विधजीवनि-કાયોનો-પૃથિવીકાય, અપ્‌કાય, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાયનો ઉપદેશ આપ્યો. અહિંસા મહાવ્રત, સત્ય મહાવ્રત અચૌર્ય મહાવ્રત, બ્રહ્મચર્ય મહાવ્રત અને પરિગ્રહ ત્યાગ મહાવ્રત એ પાંચ મહાવ્રતો છે. આ મહાવ્રતોની આરાધના માટે દરેકે-દરેક મહાવ્રતની પાંચ-પાંચ ભાવનાઓ કહેવામાં આવી છે, એમનું વર્ણન અન્ય આગમ ગ્રન્થોમાં છે. અહીં ધર્મોપદેશકના પ્રકરણમાં જે ૬ જીવનિકાયોના સંબંધમાં કથન આવેલ છે, તેનું કારણ આ પ્રમાણે છે કે જ્યાં સુધી ૬ જીવનિકાયોના સ્વરૂપનું પરિજ્ઞાન થશે નહિ, ત્યાં સુધી મહાવ્રતોનું પરિપાલન સારી રીતે થઈ શકશે નહિ. એ વાતને સૂચિત કરવા માટે અહી ૬ જીવનિકાયોનું કથન કરવામાં આવેલ છે.

શંકા :-પ્રાણાતિપાત વિરમણ રૂપ અહિંસા મહાવ્રતમાં એ નિયમ સંભવિત હોય છે પરંતુ મૃષાવાદાદિ વિરમણ રૂપ ચાર સત્ય મહાવ્રતાદિકોમાં એ નિયમ સંભવિત થતો નથી. કેમકે એ ચાર મહાવ્રતોમાં તો ભાષાં વગેરેના પરિજ્ઞાનની આવશ્યકતા હોય છે, એમના પરિજ્ઞાન વિના સત્ય મહાવ્રતાદિકોનું પરિપાલન યથાર્થ રૂપમાં થઈ શકતું નથી. આ પ્રમાણે ઉપર્યુક્ત શંકાનું સમાધાન થઈ શકે છે. મહાવ્રતના પર્યન્તવર્તિ વૃક્ષોની વાડની જેમ મૃષા-વાદાદિ વિરમણાદિ જે ચાર મહાવ્રતો છે તે પ્રાણાતિપાત-વિરમણારૂપ પ્રથમ અહિંસા મહાવ્રતના જ રક્ષક છે. જે મુનિ મૃષાવાદવિરમણ રૂપ ચાર મહાવ્રતોથી યુક્ત હોય છે, તે પરનિંદા વિરત હોવાથી કુલ વધ્વાદિકો માટે અહિંસક થઈ જાય છે. અદત્તાદાન વિરમણવાળા મુનિ ધનસ્વામીઓના સચિત્ત જળ ફલાદિકોના અહિંસક થઈ જાય છે. મૈથુન વિરમણ યુક્ત મુનિ નવ લાખ પંચેન્દ્રિયોની હિંસાથી રહિત થઇ જાય છે. અને પરિગ્રહ વિરમણ વાળા મુનિ શુકિત કસ્તૂરી મૃગાદિકોના અહિંસક થઈ જાય છે. આ પ્રમાણે જીવ-નિકાયોનું પરિજ્ઞાન સર્વમહાવ્રતોમાં સમુપયોગી છે. સૂત્ર સૂચામાત્ર હોય છે તેથી અહીં આવેલા પૃથિવીકાયિક પદથી અપ્‌કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિ કાયિક અને ત્રસકાયિક એ પાંચ નિકાયોનું ગ્રહણ થાય છે. ઈર્યાસમિતિ આદિ ભાવનાઓથી યુક્ત પાંચ મહાવ્રત પાળવાનો જે પ્રભુએ ઉપદેશ આપ્યો છે, તો તે ભાવનાઓના જ્ઞાન માટે આચારાંગ સૂત્રના બીજાશ્રુતસ્કધમાં જે ભાવના નામના અધ્યયનવર્તી પાઠ છે, તેને હૃદયંગમ કરવો જોઈએ. તે મુજબ જ પાંચ ભાવનાઓ સહિત એ પાંચ મહાવ્રતોનું પરિપાલન કરવું જોઇએ.

શંકા :–આ સૂત્રમાં ઉદ્દેશ કોટિમાં "पंच महव्वयाइं सभावणाइं छच्चजीवनिकाए" એવો પાઠ કહેવામાં આવેલ છે, અને નિર્દેશ કોટિમાં "पुढविकाइए भावणागयेणं पंचमह व्वयाइं सभावणगाइं भाणियव्वाइं ति" એવો પાઠ છે. તો આ જાતના વિપર્યય કથનથી પરસ્પર પાઠોમાં અંતર આવે છે તો આ અંતરનું કારણ શું ?

ઉત્તર :–ઉદ્દેશ કોટિમાં પશ્ચાત્ ઉક્ત પણ પૃથિવી કાયિક આદિકોનું નિર્દેશ કોટિમાં જે પ્રથમતઃ ઉપાદાન કરવામાં આવેલ છે તે એમના સંબંધમાં સ્વલ્પવક્તવ્યતા હોવાથી "સૂચી કટાહ" ન્યાય મુજબ કરવામાં આવેલ છે. આચાર્યજનોની સૂત્ર–રચના વિચિત્ર હોય છે.

શંકા :–ભગવાને જે પ્રમાણે યતિ ધર્મ કહેલો છે, તે પ્રમાણે જ ગૃહસ્થ ધર્મ અને સંવિગ્ન પાક્ષિક ધર્મ વિષે પણ નિરૂપણ કરવું જોઇતું હતું. કેમકે એઓ બન્ને ધર્મ પણ પરંપરા રૂપથી મોક્ષના કારણભૂત છે. તદુક્તમ્ :–सावज्जजोगपरिवज्जणा उ सव्वुत्तमो जइधम्मो, बीओ सावगधम्मो तइओ संविग्गपक्खपहो ॥१॥ જેમાં મન–વચન–કાય, કૃત–કારિત અને અનુમોદનાથી સર્વ સાવદ્યયોગનું પરિવર્જન થઈ જાય છે. તે યતિ ધર્મ છે એનાથી ઉતરતો શ્રાવક ધર્મ અને સવિગ્ન પાક્ષિક ધર્મ છે. તો આ શંકાનું સમાધાન આ પ્રમાણે છે કે સર્વ પ્રથમ પ્રભુ દેશનામાં યતિ ધર્મનું જ વ્યાખ્યાન કરે છે, કેમકે તે જ દેશનીય કહેવામાં આવેલ છે. આનું કારણ આ પ્રમાણે છે કે યતિ ધર્મમાં જ સર્વ પ્રકારથી સાવદ્યયોગનો પરિહાર થાય છે. એથી જ તે મોક્ષપથનો અત્યાસન્ન છે, એવું કહેવાય છે. શ્રાવક ધર્મ અને સંવિગ્નપાક્ષિક ધર્મ એ બન્ને ધર્મો યતિ ધર્મના અંગભૂત કહેવામાં આવેલ છે, પ્રભુએ એમનો પણ ઉપદેશ આપેલો જ છે. જો એવું ન હોત તો શાસ્ત્રોમાં જે એમનું વર્ણન મળે છે તે મળત નહિ. અહીં જે યતિ ધર્મનું ઉપાદાન કરવામાં આવેલ છે તે લાઘવના માટે કરવામાં આવેલ છે, એથી જ શ્રાવક ધર્મ અને યતિ ધર્મ એઓ બન્ને ધર્મો ભગવદુપદિષ્ટ હોવાથી અહીં સંગ્રાહ્ય જ છે. ભગવાન્ દ્વારા ઉપદિષ્ટ ધર્મોપદેશના પ્રભાવથી ઘણા મનુષ્યો તેમના અનુયાયીઓ થઈ ગયા, 'उसभस्स णं अरहओ कोसलियस्स चउरासी गणा गणहरा होत्था' તે સમયે તે કૌશાલક ઋષભ પ્રભુને ૮૪ ગણઅને ૮૪ ગણધરો થઇ ગયા, એવો નિયમ છે કે 'जावइया जस्स गणा तावइया गणहरा तस्स' જેમને જેટલા ગણો હોય છે, તેમને તેટલા ગણધરો હોય છે. ભગવાન આદિનાથને ૮૪ ગણા હતા એથી જ એમને ૮૪ ગણોધરો કહેવામાં આવેલ છે. "उसभस्स णं अरहओ कोसलियस्स उसभसेणपामोक्खाओ चुलसीई समणसाहस्सीओ उक्कोसिया समणसंपया होत्था એ પ્રભુને ઋષભસેન વગેરે ૮૪ હજાર શ્રમણો હતા. 'उसभस्स णं अरहओ कोसलियस्स बंभी सुंदरी पामोक्खाओ तिण्णि अज्जिसासयसाहस्सीओ उक्कोसिया अज्जिया संपया होत्था' બ્રાહ્મી સુંદરી વિગેરે ૩ ત્રણ લાખ આર્યાઓ હતી. 'उसभस्सणं अरहउनो कोसलियस्स सेज्जंसपामोक्खाओ तिन्नि समणोवासगसयसाहस्सीओ पंच य साहस्सीओ उक्कोसिया समणोवासगसंपया होत्था' ત્રણ લાખ પાંચ હજાર શ્રેયાંસ વિગેરે શ્રાવકો હતા, 'उसभस्स णं अरहओ कोसलियस्स सुभद्दापामोक्खाओ पंचसमणोवासिया सयसा-

हस्सीओ चउप्पण्णं च सहस्सा उक्कोसिया समणोवासिया संपया होत्था' પાંચ લાખ ચોપન હજાર સુભદ્રાદિ શ્રમણોપાસિકાઓ-શ્રાવિકાઓ હતી. 'उसभस्स अरहओ कोसलियस्स अजिणाणं जिणसंकासाणं सव्वक्खरसंनिवाईणं जिणोविव अवितहं वागरमाणाणं चत्तारि चउद्दसपुव्विसहस्सा अद्धट्ठमा य सया उक्कोसिया चउद्दसपुव्वी संपया होत्था' સર્વાક્ષર સંયોગજ્ઞાતા, જીતભિન્ન પણ જીનસરીખા તેમજ જીનની જેમ અવિતથ અર્થની પ્રરૂપણા કરવાવાળા એવા ૧૪ ચૌદપૂર્વને ધારણ કરનારા ચાર હજાર ૭ સાતસો ૫૦ પચાસ હતા. ચૌદપૂર્વને ધારણ કરનારા શ્રુત કેવળી સમાન હોય છે એમ કહે છે તેથીજ અહીંયાં 'जिनस्येव अवितथं व्यागृणतां' એવો પાઠ કહેલ છે. 'उसभस्स णं अरहओ कोसलियस्स णव ओहि णाणीसहस्सा उक्कोसिया ओहिणाणीसंपया होत्था' ૯ નવ હજાર અવધિજ્ઞાનીયો હતા. 'उसभस्स णं अरहओ कोसलियस्स वीसं जिणसहस्सा' વીસ હજાર જીનો હતા. 'वीसं वेउव्वियसहस्सा छच्चसया उक्कोसिया जिणसंपया वेउव्वियसंपयाय होत्था' વૈક્રિયલબ્ધિવાળા વીસ હજાર છસો હતા. 'बारसविउलमइसहस्सा छच्च सया पण्णासा' બાર હજાર છસો પચાસ વિપુલમતિ મનઃપર્યય જ્ઞાનીયો હતા. અને 'बारसवाइसहस्सा छच्चसया पण्णासा' અને એટલાજ વાદીયો હતા. 'उसभस्स णं अरहओकोसलियस्स गइकल्लाणाणं, ठिइकल्लाणाणं, आगमेसिभद्दाणं बावीसं अणुत्तरोववाईयाणं सहस्सा णव य सया उक्कोसिया अणुत्तरोववाइयसंपया होत्था' એ કૌશલિક ઋષભ અર્હંતને ગતિકલ્યાણવાળાઓની દેવગતિમાં દિવ્ય સાતોદયથી કલ્યાણવાળાઓની સંખ્યા તથા સ્થિતિકલ્યાણવાળાઓની દેવાપુરૂપ સ્થિતિમાં અપ્રવિચાર સુખના સ્વામી હોવાથી કલ્યાણવાળાઓની સંખ્યા તેમજ આગમિષ્યભદ્રોની-દેવભવના પછી આવનારા મનુષ્ય ભવમાં જેમનાં મોક્ષરૂપ કલ્યાણ થાય છે, એમની સંખ્યા અને અનુત્તરોપપાતિકોની સંખ્યા ૨૨૯૦૦ બાવીસ હજાર નવસોની હતી. 'उसभस्साणं अरहओ कोसलियस्स वीसं समणसहस्सा सिद्धा' વીસ ૨૦ હજાર શ્રમણસિદ્ધો સંખ્યા હતી. 'चत्तालीसं आज्जियासहस्सा सिद्धा' આર્યિકા સિદ્ધોની સંખ્યા ૪૦ ચાળીસ હજારની હતી આરીતે શ્રમણ સિદ્ધ અને આર્યિકાસિદ્ધ એ બન્નેની સંખ્યા ૬૦ સાઈઠ હજારની હતી. 'सट्ठिं अंतेवासी सहस्सा सिद्धा' અંતેવાસી સિદ્ધ સાઈઠ હજાર હતા. 'अरहओ उसभस्स बहवे अंतेवासी अणगारा भगवंतो' તેમાં ઋષભભગવાનના અંતેવાસી-શિષ્ય-અનગાર સાધુ સકળજનો દ્વારા પૂજ્ય હતા. 'अप्पेगइया मासपरियाया' તેમાં કેટલાક અંતેવાસી એક માસની દીક્ષાવાળા હતા. 'जहा उववाइए सव्वओ अणगारवण्णओ जाव उद्धं जाणू' આ પાઠથી આરંભીને

'उर्ध्वजानवः' પર્યન્તનું તમામ અનગારવર્ણન ઔપપાતિસૂત્રથી સમજી લેવું. શુદ્ધ પૃથિવી રૂપ આસનને છોડવાથી અને ઔપગ્રાહિક નિષદ્યાના અભાવથી જે ઉત્કુટુક આસનવાળા સાધુજનો છે તે સર્વે ઉર્ધ્વજાનું સાધુજનો છે. જે 'अहोसिरा' નીચું મોં કરીને તપસ્યામાં લીન રહે છે તે અધઃ શિરાઃ સાધુજનો છે. એમની દૃષ્ટિ ઉપરની તરફ જતી નથી. જે સાધુજનો કોષ્ટકમાં મૂકેલ ધાન્ય જેમ વિકીર્ણ થતું નથી તે જ પ્રકારે 'झाणकोट्ठोवगया' ધ્યાન રૂપી કોષ્ઠકમાં વિરાજમાન રહે છે, તેમની દૃષ્ટિ વિષયોની તરફ પ્રચારિત થતી નથી- તેવા અનગારને ધ્યાન કોષ્ટકોપગત કહેવામાં આવેલ છે. 'संजमेणं तव अप्पाणं भावेमाणा विहरंति' આ પ્રમાણે એ સર્વે અનગારો ૧૭ પ્રકારના સંયમથી અને ૧૨ પ્રકારના તપથી પોતાના આત્માને ભાવિત કરતા હતા. અહીં જે સંયમ અને તપનું ગ્રહણ થયેલ છે તે પ્રધાનતાથી તેમનામાં મોક્ષાંગત્વની સૂચના માટે થયેલ છે. કેમકે સંયમ દ્વારા નવીન કર્મોનું આગમન રોકવામાં આવે છે અને તપ દ્વારા સંચિત થયેલા કર્મોની નિર્જરા કરવામાં આવે છે. એથી એમનામાં મોક્ષકારણતા પ્રધાન છે. આ વાત તો નિશ્ચિત છે કે નવીન કર્મોનું આગમન તો થાય નહીં અને જૂના સંચિત કર્મોની નિર્જરા થતી રહે તો આ પ્રમાણે સકળકર્મક્ષયરૂપ મોક્ષ જીવને પ્રાપ્ત થઈ જ જાય છે. "अरहओ णं उसभस्स दुविहा अंतकरभूमी होत्था તે આદિનાથ પ્રભુને અન્તકર-મોક્ષગામી જીવોનો કાળ-બે પ્રકાર નો થયો. કાળ સર્વાધાર હોય છે. એથી આધારની-સામ્યતાને લઈ ને કાળને અહીં ભૂમિ રૂપમાં કહેવામાં આવેલ છે. 'तं जहा' તે દ્વિ પ્રકારતા આ પ્રમાણેછે. "जुगंतकरभूमीय' એક યુગાન્તકર ભૂમિ અને બીજી "परियायंतकरभूमी य પર્યાયાન્તકર ભૂમિ પાંચ વર્ષ પ્રમાણ કાળનું નામ યુગ છે. અથવા કૃતયુગાદિરૂપ કાળનું નામ યુગ છે. આ યુગ રૂપ કાળ-ક્રમિક હોય છે. આ પ્રમાણે ગુરુશિષ્ય પ્રશિષ્ય પરંપરા પણ ક્રમિક હોય છે. એથી જ યુગ શબ્દથી ગુરુ શિષ્ય પ્રશિષ્ય પરંપરા પણ વિવક્ષિત થઈ જાય છે. આ ગુરુ શિષ્ય પ્રશિષ્ય પરંપરાથી સમુપલક્ષિત જે અંતકર ભૂમિ છે. મોક્ષ ગામી જીવોનો કાળ છે, તે યુગાન્તકર ભૂમિ છે. તીર્થંકરનો જે કેવલિત્વ પયાય કાળ છે તે પર્યાય છે. એ અપેક્ષાએ જે મોક્ષગામી જીવોનો કાળ છે તે પર્યાયાન્તકર ભૂમિ છે. આનુ તાત્પર્ય આ પ્રમાણે છે કે જ્યારે ભગવાનને કેવળ જ્ઞાન થઈ ચૂકયું અને તે સ્થિતિમાં તેમની જેટલા કેવલી અવસ્થા રૂપ પર્યાયવ્યતીત થઈ ચૂકયા તે સમયમાં જેટલા મોક્ષમાં જનારા અનગારો પ્રવૃત્ત થયા, તે કાલ પર્યાયાન્તકર ભૂમિ છે. "जुगंतकरभूमो जाव असंखेज्जाइं पुरिसजुगाइं" એમનામાં જે યુગાન્તકર ભૂમિ છે તે અસંખ્યાત પુરુષ પરંપરા પ્રમિત હોય છે તથા "परियायंतकरभूमी अंतोमुहुत्तपरियाए अंतमकासी" પર્યાયાન્તકર ભૂમિ એવી છે કે ભગવાન ઋષભને કેવળી થવાની પર્યાયને અન્તર્મુહૂર્ત પ્રમાણ સમય વ્યતીત થઈ જવા બાદ જે જીવે પોતાના ભવનો અન્ત કરી દીધો છે, તે જીવ મોક્ષમાં પહોંચી જાય છે. એના પહેલાં કોઈ જીવ મોક્ષ પ્રાપ્ત કરતો નથી. એવો તે સમય પર્યાયાન્તકર ભુમિ રૂપ કહેવામાં આવેલ છે. ઋષભનાથના કેવલિ પર્યાય જ્યારે એક અન્તર્મુહૂર્ત પ્રમાણ કાળ વ્યતીત થઈ ચૂકયા હતા, તે સમયે તેમની માતા મરુ દેવા મુકિત પ્રાપ્ત કરી ચૂકી હતી. ॥૪૩॥

જે જે નક્ષત્રમાં જન્માદિ કલ્યાણક ભગવાનને થયાં છે તે નક્ષત્રોને પ્રદર્શિત કરીને હવે સૂત્રકાર પ્રભુના જન્મકલ્યાણકનું કથન કરે છે :

**'उसमेणं अरहा-पंच उत्तरासाढे' इत्यादि सूत्र ॥४४॥**

ટીકાર્થ—**"उसमेणं अरहा पंच उत्तरासाढे'** ઋષભનાથ ભગવાન્ પાંચ ઉત્તરાષાઢ નક્ષત્રોમાં ચ્યવન કલ્યાણવાળા. જન્મકલ્યાણવાળા, રાજ્યાભિષેક કલ્યાણવાળા અને દીક્ષાકલ્યાણવાળા થયા છે. તથા **'अभिइछट्ठे होत्था'** અભિજિત નામના નક્ષત્રમાં તેઓ નિર્વાણ કલ્યાણ વાળા થયા છે. **'तं जहा'** એ વિષે સ્પષ્ટતા કરતાં હવે સૂત્રકાર કહે છે કે **'उत्तरासाढाहिं चुए चइता गब्भं वक्कंते उत्तरासाढाहि जाए'** ઋષભનાથ ભગવાન્ સર્વાર્થસિદ્ધ નામના મહાવિમાનથી ઉત્તરાષાઢ નક્ષત્રમાં નિર્ગત થઈ ને. તે ઉત્તરાષાઢ નક્ષત્રમાં જ મરુદેવાની કુક્ષિમાં અવતીર્ણ થયા. ઉત્તરાષાઢ નક્ષત્રમાં જ તેઓ રાજ્યપદે અભિષિકત થયા. **'उत्तरासाढाहिं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए'** ઉત્તરાષાઢ નક્ષત્રમાં જ તેઓ મુંડિત થઈને અગારાવસ્થાથી અનગારાવસ્થામાં પ્રવજિત થયા **'उत्तरासाढाहिं अणंते जाव समुप्पण्णं'** અને ઉત્તરાષાઢ નક્ષત્રમાં જ તેમણે અનંત યાવત્ કેવળવરજ્ઞાન દર્શનની પ્રાપ્તિ કરેલી અહીં યાવત્ પદથી **"अणुत्तरेण णिव्वाघाए, णिरावरणे, कसिणे, पडिपुण्णे, केवलवरणाण दंसणे"** આ પદો ગ્રહણ થયા છે. આ પદોના અર્થને જાણવા માટે ૪૧ માં સૂત્રને જોવું જોઈએ **'अभीइंणा परिणिव्वुए'** ઋષભનાથ પ્રભુનું નિર્વાણ અભિજિત્ નામના નક્ષત્રમાં થયું. ।।સૂત્ર-૪૪।।



હવે સૂત્રકાર પ્રભુથી સંબદ્ધ શરીર સંહનન વગેરેનું કુમારાદિ કાળોની સ્થિતિનું અને દીક્ષા ગ્રહણ વગેરે કલ્યાણકોનું કથન કરે છે :

**'उसमेणं अरहा कोसलिए वज्जरिसहणारायसंघयणे'- इत्यादि-सूत्र-॥४५॥**

ટીકાર્થ-કૌશલિક તે ઋષભ અર્હંત વજ્ર ઋષભનારાચ-સંહનનવાળા હતા, એ સંહનનમાં કીલિકાના આકારની જે અસ્થિ હોય છે તેનું નામ વજ્ર છે. તે અસ્થિની ઉપર પરિવેષ્ટન કરનારી પટ્ટી જેવી બીજી અસ્થિ હોય છે તેનું નામ ઋષભ છે. બન્ને તરફ જે મર્કટ-બંધ છે, તેનું નામ નારાચ છે. તથા જે સંહનનમાં બેઉ હાડકાઓની ઉપર કે જે બન્ને બાજુથી મર્કટ બન્ધ વડે જકડાયેલ હોય છે, અને પટ્ટિના જેવી ત્રીજા હાડકાથી જે વીંટળાયેલ રહે છે, આ ત્રણે હાડકાઓને મજબૂત કરવા માટે તેમાં ખીલાના આકાર જેવું એક

વજ્ર નામનું હાડકું બેસારેલ હોય છે. આ કારણથી જ આ સંહનનું નામ વજ્ર ઋષભ નારાચ સંહનન છે. જેના વડે શરીરના પુદ્ગલો મજબૂત કરવામાં આવે છે. તે સંહનન કહેવાય છે. એ સંહનન અસ્થિ સમૂહ રૂપ હોય છે. ભગવાન્ ઋષભનાથનું એ જ સંહનન હતું 'समचउरंससंठाण संठिए' તેમનું સંસ્થાન સમચતુરસ્ર હતું. જે સંસ્થાનમાં હાથ, પગ, ઉપર અને નીચેનો ભાગ આ ચારે અવયવ સમ-અન્યૂનાધિક પ્રમાણ વાળા હોય છે. અને શુભ લક્ષણોથી યુક્ત હોય છે. તે સંસ્થાનનું નામ સમચતુરસ્ર સંસ્થાન છે. 'पंच धणु सयाइं उड्ढं उच्चत्तेण होत्था' તેમના શરીરની ઉંચાઈ ૫૦૦-પાંચ સો ધનુષની હતી. 'उसमेणं अरहा वीसं पुव्वसयसहस्साईं कुमारवासमज्झे वसित्ता । આ ઋષભનાથ જીનેન્દ્ર ૨૦ વીસ લાખ પૂર્વ પર્યન્ત કુમાર અવસ્થામાં રહ્યા. 'तेवट्ठिं पुव्वसयसहस्साइं महाराजवासमज्झे वसित्ता' આ પ્રમાણે ૬૩ લાખ પૂર્વ સુધી મહારાજ પદ પર બિરાજ્યા. ત્યાર બાદ 'तेसिइं पुव्वसयसहस्साइं अगारवासमज्झे वसित्ता । ૮૩ લાખ પૂર્વ સુધી તેઓ ગૃહસ્થાવસ્થામાં રહ્યા. ત્યાર બાદ 'मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए તેઓ મુંડિત થઈ ને અગારાવસ્થાનો એટલે કે ગ્રહસ્થપણાનો ત્યાગ કરીને અનગાર અવસ્થા ધારણ કરી અર્થાત્ પ્રવ્રજીત થઈ ગયા. 'उसमेणं अरहा एगं वास सहस्सं छउमत्थ परियायं पाउणित्ता' તેઓ આ અવસ્થામાં એક હજાર વર્ષ પર્યન્ત છદ્મસ્થરહયા. 'एगं पुव्वसयसहस्सूणं केवलिपरियायं पाउणित्ता' એક હજાર વર્ષ ન્યૂન એક લાખ વર્ષ પર્યન્ત એમણે કેવલિ પર્યાયનું પાલન કર્યું 'एगं पुव्वसयसहस्सं बहु पडिपुण्णं सामण्णपरियायं पाउणित्ता' આ પ્રમાણે પૂરા એક લાખ વર્ષ સુધી શ્રામણ્ય પર્યાયનું પાલન કરીને એમણે પોતાનું 'चउरासीइं पुव्वसयसहस्सं सव्वाउयं पालयित्ता' ૮૪ લાખ પૂર્વનું સંપૂર્ણ આયુ સમાપ્ત કરીને પછી 'जे से हेमंताणं तच्चे मासे पंचमे पक्खे माहबहुले, तस्स णं माहबहुलस्स तेरसी पक्खे णं' હેમન્ત ઋતુના માઘ કૃષ્ણ પક્ષમાં તેરસને દિવસે दसहिं अणगारसहस्सेहिं सद्धिं દસ હજાર મુનિયોથી યુક્ત થઈ ને "अट्ठावयसेलसिहरंसि" અષ્ટાપદ શૈલ શિખરથી 'चोद्दसमेणं भत्तेणं' નિર્જલ છ ઉપવાસ કરીને 'संपलियंक निसण्णे' પર્યંકાસનથી 'पुव्वण्हं पूर्वाह्ण कालसमयंसि' કાળના સમયે 'अभीइणा णक्खत्तेणं' અભિજીત્ નક્ષત્રથી સાથે 'जोगमुवागएण' ચંદ્રમાનોયોગ થયો ત્યારે તેઓ શ્રીમુક્તિગામિ થયા. જયારે તેઓ શ્રી મુક્તિ પધાર્યા ત્યારે 'सुसम दुसमाए समाए एगूणणउइ ईईहिं पक्खेहिं सेसेहिं' ચતુર્થ કાળના ૩ ત્રણ વર્ષ અને ૮॥ સાડા આઠ માસ બાકિ હતા આ પ્રમાણે 'कालगए वीइक्कंते जाव सव्व दुक्खपहीणे' જન્મ, જરા, મરણ આદિ લક્ષણવાળા સંસારનો પરિત્યાગ કરીને તે પ્રભુ યાવત્ સર્વદુઃખોયી પ્રહીણ થઈ ગયા. અહીં યાવત પદથી "समुद्घातः छिन्नजातिजरामरणबन्धनः सिद्धो बुद्धो मुक्तोऽन्तकृतः परिनिर्वृतः "આ પાઠ ગ્રહણ થયેલ છે. આ પાઠનો ભાવ આ પ્રમાણે છે : જયાંથી ફરી વાર કોઈ પણ દિવસે તેઓશ્રીને પાછા અહીં આવવાનું થાય નહિ એવા તે લોકાગ્રરૂપ સ્થાન પર તેઓશ્રી પધાર્યા એથી અન્ય તીર્થિકોએ જે આ પ્રમાણે કહ્યું છે કે "ज्ञानिनो धर्मतीर्थस्य कर्त्तारं परमं पदम् । गत्वाऽऽच्छन्ति भूयोऽपि भवं तीर्थनिकारतः ॥१॥ તે યુક્તિ અને આગમથી સર્વથા

વિરુદ્ધ છે. પ્રભુએ જાતિ જરા મરણ રૂપ બન્ધનનો વિનાશ એટલા માટે કર્યો કે એમનાં હેતુભૂત કર્મોનો તેઓશ્રીએ વિનાશ કરી દીધો હતો. કૃતાર્થ હોવા બદલ પ્રભુ સિદ્ધ રૂપે પ્રસિદ્ધ છે. સમસ્ત તત્ત્વોના જ્ઞાતા હોવા બદલ પ્રભુ બુદ્ધ કહેવામાં આવેલ છે. ભવોપગ્રાહિક કર્માંશોથી વિનિર્ગત હોવાથી પ્રભુને મુક્ત રૂપમાં પ્રકટ કરવામાં આવેલ છે. હવે સંસારમાં ફરી વાર પ્રભુનો જન્મ કદાપિ થશે નહિ. એથી જ તેઓશ્રીને અન્તકૃત કહેવામાં આવેલ છે. કર્મ જન્ય સમસ્ત સંતાપોથી રહિત હોવા બદલ પ્રભુમાં સર્વ રીતે શીતળતા આવી ગઈ હતી એથી જ તેમને પરિનિર્વૃત્ત કહેવામાં આવેલ છે. શારીરિક માનસિક સમસ્ત દુઃખોથી પ્રભુ સર્વથા વિહીન થઈ ચૂકયા હતા એટલા માટે તેઓશ્રીને સર્વદુઃખ પ્રહીણના રૂપમાં પ્રકટ કરવામાં આવેલ છે. ।।સૂત્ર-૪૫।।

ભગવાન મુકિતમાં પધાર્યા અને તે પછી દેવોએ જે કંઈ કર્યું, તેને અહીં સૂત્રકાર પ્રકટ કરે છે : **जं समयं च णं उसभे अरहा कोसलिए कालगए-इत्यादि-**।।सूत्र-४६।।

**ટીકાર્થ-'जं समयं च णं उसमे अरहा कोसलिए कालगए विइक्कंते समुज्जाए छिण्ण जाइजरामरणबंधणे सिद्धे बुद्धे जाव सव्वदुःखप्पहोणे'** તે કૌશલિક ઋષભ અર્હંત જે સમયે મુકિતમાં પધાર્યા-એટલે કે કાલગત વગેરે સર્વદુઃખ પ્રહીણાન્ત સુધીના વિશેષણોથી જ્યારે તેઓશ્રી યુક્ત થઈ ચૂકયા **'तं समयं च णं सक्कस्स देविंदस्स देवरण्णो आसणे चलिए'** તે સમયે દેવેન્દ્ર દેવરાજ શક્રનું આસન કમ્પાયમાન થયું **'तएणं से सक्के देविंदे देवराया आसणं चलियं पासइ'** શક્રે જ્યારે પોતાના આસનને કમ્પાયમાનથતું જોયું ત્યારે તેજ ક્ષણે તેણે પોતાના અવધિ જ્ઞાનને વ્યાપારિત કર્યું **'पासित्ता'** વ્યાપારિત કરીને **'ओहिं पउंजइ पउंजित्ता' भयवं तित्थयरं आमोएइ'** તેણે તે અવધિ જ્ઞાનથી તીર્થંકર પ્રભુને જોયા. **'आभोइत्ता'** તીર્થંકર પ્રભુને જોઈને તે **'एवं वयासी'** આ પ્રમાણે કહેવા લાગ્યા **'परिणिव्वुए खलु जंबुद्दीवे दीवे भरहे वासे उसहे अरहा कोसलिए'** જંબૂદ્વીપનામના દ્વીપમાં આવેલ ભરતક્ષેત્રમાં કૌશલિક ઋષભ અર્હંત પરિનિર્વૃત્ત થયા છે.-કર્મકૃત સકલ સંતાપોથી રહિત થઈ ગયા છે. એથી તેઓ સમન્તાત શીતલીભૂત બની ગયા છે. **'तं जोयमेयं तीयपडुप्पन्नमणागयाणं सक्काणं देविंदाणं देवरायाणं परिणिव्वाणमहिमं करित्तए'** તેથી સઘળા અતીત, અનાગત અને વર્તમાન કાલ સંબંધી ઇંદ્રોનો આ જીત વ્યવહાર છે કે-તેઓ તીર્થંકર પ્રભુનો નિર્વાણ ગમન મહોત્સવઉજવે. **'तं गच्छामि णं अहंपि भगवओ तित्थगरस्स परिणिव्वाणमहिमं करित्तए'** તેથી હું પણ ભગવાન્ તીર્થંકર ઋષભદેવનો નિર્વાણ મહોત્સવ કરવા જાઉં **'तं गच्छामि णं अहंपि भगवओ तित्थगारस्स परिणिव्वाण महिमं करेमित्ति कट्टु वंदइ णमंसइ वंदित्ता णमंसित्ता चउरासोए सामाणिब साहस्सीएहीं तायत्तोसाए तायत्तीसएहिं चउहिं लोगपालेहिं जाव चउहि चउरासोइहिं आयरक्ख देवसाहस्सीहीं अण्णेहिय बहुहिं सोहम्म कप्पवासीहिं वेमाणिएहि देवेहिं देविहिय सद्धि संपरिवुडे ताए उक्किट्ठाए जाव तिरियमसंखेज्जाणं दीवसमुद्दाणं मज्झं मज्झेणं जेणेव अट्ठावयपव्वए जेणेव भगवओ**

तित्थयरस्स सरीरए तेणेव उवागच्छइ उवागच्छित्ता विमणे निराणन्दे अंसुपुण्णणयणे तित्थयरसरीरयं त्तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करित्ता णच्चासण्णे णाइदूरे सुस्सूसमाणे जांव पज्जुवासइ' આ પ્રમાણે કહીને એ શક્રે પ્રભુને વંદના કરી નમસ્કાર કર્યા વંદના નમસ્કાર કરીને પોતાના ૮૪ હજાર સામાનિક દેવોની સાથે ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવોની સાથે યાવત્ સપરિવાર આઠ પોતાની પટ્ટરાણીયો સાથે દરેક દિશાના ૮૪ હજાર ૮૪ હજાર આત્મ રક્ષક દેવોની સાથે અને આ પ્રમાણે બીજા પણ સૌધર્મ કલ્પવાસી દેવ-દેવિયોની સાથે તે શક્ર પોતાની ઉત્કૃષ્ટ પ્રશસ્ત વિહાયોગતિમાં પણ શ્રેષ્ઠ દિવ્ય એવી દેવગતિથી ચાલતો ચાલતો તિર્યગ્ અસંખ્યાત દ્વીપ સમુદ્રોની બરાબર મધ્યભાગમાં થઈને જ્યાં અષ્ટાપદ પર્વત હતો જ્યાં ભગવાન્ તીર્થંકરનું શરીર હતું ત્યાં ગયા. ત્યાં જઇ ને તે શોકાકુલિત ચિત્તવાળા થઇ ગયા. તેમના ચિત્તમાંથી આનંદ લુપ્ત થઈ ગયો. તેમની આંખો આંસુથી ભીજાઇ ગઇ તેણે નિષ્પ્રાણ એવા તે તીર્થંકરના શરીરની ત્રણ પ્રદક્ષિણાઓ કરી અને ત્યાર બાદ તે ઉચિત સ્થાન પર બેસી ગયો, માંસભક્ષક પ્રાણિયોથી તે શરીરની રક્ષા કરતો તે ઇંદ્ર વારંવાર તે શરીરને પ્રણામ કરવા લાગ્યો પંચાંગ નમન પૂર્વક નમ્રી ભૂત થવા લાગ્યો અને સવિનય બન્નેહાથ જોડીને તે શરીરની નજીક બેસી ગયો.

ગતિ સૂત્રમાં જે યાવત્પદ આવેલ છે. તેથી 'तुरियाए चवलाए, चंडाए, जवणाए, उद्धूयाए, सिग्धाए, दिव्वाए, देवगईए वीईवयमाणे २" આ પાઠનો સંગ્રહ થયો છે. મનોજન્ય ઔત્સુક્ય ને લીધે તેની તે ગતિ ત્વરાયુક્ત હતી. કાય વ્યાપારની ચપળતાથી તે ચપળ હતી. શ્રમજનિત ગ્લાનિના અભાવથી તે તીવ્ર હતી. એનાથી ઉચ્ચતમ-ઉત્કૃષ્ટ-ગતિ બીજી હોય જ નહિ. એથી તે જવના હતી. વાયુની ગતિની જેમ તે ઉત્કૃષ્ટ હતી. એથી તે ઉદ્ધૂત હતી. નિરવચ્છિન્ન-શીઘ્રત્વ ગુણના યોગથી તે શીઘ્ર રૂપ હતી. તેમજ દેવજનોચિત હોવાથી તે દિવ્ય હતી. તિર્યગ્ અસંખ્યાત દ્વીપ સમુદ્રોને પાર કરીને તે શક્ર આવ્યો હતો આનું તાત્પર્ય આ પ્રમાણે છે કે તિર્યગ્ લોકવર્તી અસંખ્યાત દ્વીપ સમુદ્ર શાસ્ત્રમાં કહેવામાં આવેલ છે.-તિર્યગ્ લોકનું તાત્પર્ય મધ્યલોક થાય છે. એ મધ્યલોકમાં જંબૂદ્વીપ વગેરે દ્વીપો અને લવણ સમુદ્ર વગેરે સમુદ્રો અસંખ્યાત ૨ છે. એવી જિનેન્દ્રની વાણી છે. ત્રાયસ્ત્રિંશક દેવો ૩૩ જ થાય છે, અને એઓ ગુરુસ્થાનીય હોય છે. સોમ, યમ, વરુણ અને કુબેર આ રીતે એ ચાર લોકપાલો કહેવામાં આવેલ છે. આઠ અગ્ર મહિષીઓના નામ આ પ્રમાણે છે ૧ પદ્મા, ૨ શિવા, ૩ શચી, ૪ અંજૂ, ૫ અમલા, ૬ અપ્સરા, ૭ નવમિકા અને ૮ રોહિણી એ એક-એક પટ્ટદેવીઓનો પરિવાર ૧૬-૧૬ હજાર પ્રમાણ છે. બાહ્ય પરિષદા, મધ્ય પરિષદા અને આભ્યન્તર પરિષદાના ભેદથી આની ૩ પરિષદાઓ થાય છે. અનીક-સેના સાત પ્રકારની કહેવામાં આવેલ છે, હય, ગજ, રથ, સુભટ, વૃષભ, ગન્ધર્વ અને નાટ્ય ચાર દિશાઓમાંથી દરેક દિશામાં ૮૪-૮૪ હજાર આત્મરક્ષક દેવો રહે છે. એથી અહીં ચારે ચાર દિશાઓના ચાર ચોરાસી હજાર આત્મરક્ષક દેવો કહેવામાં આવેલ છે. ॥૪૬॥

આ પ્રમાણે ભગવાનના કલેવરની પાસે શક્રના આગમનની વક્તવ્યતાને પ્રકટ કરીને હવે સૂત્રકાર ઈશાન ઈન્દ્રની વક્તવ્યતાનુ કથન કરે છે.

'तेणं कालेणं तेणं समएणं ईसाणे दविंदे'-इत्यादि—सूत्र ४७

ટીકાર્થ—'तेणं कालेणं तेणं समएणं ईसाणे दविंदे दवराया उत्तरद्धलोगाहिवई अट्ठावीसविमाणसयसहस्साहिवई' તે કાલ અને તે સમયે ઉત્તરાર્ધ લોકના અધિપતિ દેવેન્દ્ર દેવરાજ ઈશાન ઈન્દ્રનું-કે જે ૨૮ લાખ વિમાનોના અધિપતિ છે, 'सूलपाणी' હાથમાં જેમના શૂલ છે. 'बसहवाहणे' વૃષભ જેમનું વાહન છે. આસન કમ્પાયમાન થયું આને સુરેન્દ્ર વિશેષણોથી જે અભિહિત કરવામાં આવેલ છે તે આ પ્રકટ કરે છે કે આ ઈશાન ઈન્દ્ર ઈશાન સ્વર્ગવાસી દેવલોકોનું પૂર્ણ રૂપમાં આધિપત્ય કરે છે. એ સદા 'अयरंबरवत्थधरे' અરજ અમ્બર વસ્ત્ર ધારણ કરે છે, એ નિર્મળ આકાશનો રંગ જેમ સ્વચ્છ હોય છે, તેમજ આ ઈન્દ્રે પહેરેલાં વસ્ત્રોના વર્ણ પણ સ્વચ્છ-નિર્મલ હોય છે. અહીં 'जाव' યાવત્ પદથી 'आलइय मालमउडे, णवहेमचारुचित्तचंचलकुंडलविलिहिज्जमाणगल्ले, महिड्ढिए, महज्जुइए, महाबले, महाजसे, महाणुभावे, महासुक्खे, भासुरबोंदी, पलंववणमालधरे, ईसाणकप्पे, ईसाणवडिंसए, विमाणे, सुहम्माए सभाए, ईसाणंसि सीहासणंसि, सेणं अट्ठावीसाए विमाणावाससयसाहस्सीणं असीइए सामाणियसाहस्सीणं तायत्तीसाए, तायत्तीसगाणं चउण्हं लोगपालाणं अट्ठण्हं, अग्गमहिसीणं सपरिवाराणं, तिण्हं परिसाणं सतण्हं अणीयाण सतण्हं अणीयाहिविईणं चउण्हं असीईण आयरक्खदेवसाहस्सीणं अण्णेसिं च ईसाण

कप्पवासीणं देवाणं देवीण य आहेवच्चं पोरेवच्चं सामित्तं भट्टित्त महत्तरगत्तं आणाईसरसेणावच्चं कारेमाणे पालेमाणे महयाहयणट्टगीयवाइयतंतीतलतालतुडिय घण मुइंग पडुप्पवाइयरवेण" આ પાઠ ગ્રહણ કરવામાં આવેલ છે. આ પાઠનો ભાવ આ પ્રમાણે છે—યથા સ્થાને ધારણ કરવામાં આવેલાં માળા અને મુકુટ ખૂબ જ સુંદર લાગતાં હતાં. એણે જે નવીન કુંડલો કાનોમાં ધારણ કરેલાં હતાં, તે નવા હતાં અને તે કુંડલો સુવર્ણના હતાં. મનોહર હતાં. અદ્ભુત હતાં અને શરીરના હલન-ચલનથી હાલતા હતાં. એથી તેના બન્ને કપોલો તેનાથી ઘર્ષિત થતા હતાં. એની વિમાનાદિ રૂપ સમૃદ્ધિ અલ્પ નહોતી પણ પુષ્કળ પ્રમાણમાં હતી. એથી જ એમને અહીં સાતિશય વિમાનાદિ સમૃદ્ધિવાન તરીકે પ્રકટ કરવામાં આવેલ છે. એના શરીરની અને શરીર પર ધારણ કરવામાં આવેલા આભરણાદિકોની દ્યુતિ વિશિષ્ટ પ્રભા સંપન્ન હતી. એનું શારીરિક સામર્થ્ય સાતિશય હતું, એટલે કે પવત

વગેરેને ઉખાડવામા એને જરા પણ આયાસ થતો નહીં. એની કીર્તિ ત્રિભુવનમાં પ્રખ્યાત હતી. વિશિષ્ટ વૈક્રિયાદિ કરવામાં એનું સામર્થ્ય અચિન્ત્ય હતું પ્રભૂત સાતા વેદનીય કર્મના ઉદયથી એ પ્રચુર સૌખ્ય રાશિનો સ્વામી એટલે કે ભોકતા હતો એના શરીરની કાંતિ ભાસ્વર હતી સર્વદા ચમકતી રહેતી હતી. એ જે વનમાળાને ગ્રીવામા ધારણ કરતો હતો તે ઉપરથી નીચે સુધી લટકતી રહેતી હતી. એ ઈશાન નામક કલ્પમા ઇશાનાવતંસક વિમાનમાં સુધર્મા નામની સભામાં સ્થિત ઈશાન નામક સિંહાસન પર વિરાજમાન રહેતો. એવો એ ઇશાનેન્દ્ર ૨૮ લાખ વૈમાનિક દેવો પર, ૮૦ હજાર સામાનિક દેવો પર, ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો પર, સોમાદિક ચાર લોકપાલો પર, સપરિવાર આઠ અગ્રમહિષીઓ પર, બાહ્ય, મધ્ય અને આભ્યંતર ત્રણ સભાઓ પર, હયાદિ પ્રકારના સાત સૈન્યોપર, તેમના સાત અધિપતિઓ સેનાપતિઓ- પર, ૮૦—૮૦ હજાર ચારે દિશાઓના આત્મરક્ષક દેવોના તેમજ બીજા

અનેક ઇશાનદેવલોકવાસી દેવ-દેવીઓ પર આધિપત્ય, પૌરપત્ય, સ્વામિત્વ, ભર્તૃત્વ, મહત્તરકત્વ, તેમજ આજ્ઞેશ્વર સેનાપત્યના રૂપમાં શાસન કરતો તેમની પરિપાલના કરતો, સતત નિરવચ્છિન્ન રૂપથી અભિનીત થતા નાટ્ય ના ગીતોની સાથે-સાથે પટુ પુરુષ વડે વગાડવામાં આવેલાં તંત્રી, તલતાલ ત્રુટિત આદિ રૂપ વાદ્યયંત્રોની તુમુલ ચિત્તાકર્ષક ધ્વનિ થી યુક્ત 'विउलाइं भोगभोगाइं—भुंजमाणे विहरइ' વિપુલ ભોગ ભોગોનો ઉપભોગ કરતો પોતાનો સમય સુખેથી પસાર કરતો હતો. અહીં 'अहत नाट्य गोतवाद्य' આદિ પદમાં વાદ્યશબ્દ નો પૂર્વનિપાત અને "पटुप्रवादित" શબ્દોનો પરિનિપાત અર્ષ હોવાથી થયેલ છે. ભગવાને જ્યારે પોતાના શરીરનો પરિત્યાગ કર્યો, 'तएणं तस्स ईसाणस्स देविंदस्स देवरन्नो आसणं चलइ' તે સમયે આ દેવેન્દ્ર દેવરાજ ચ ઈશાન ઇન્દ્રનું આસન કમ્પાયમાન થયું 'तएणं इसाणे जाव देवराया आसणं चलियं पासइ' ત્યારે ઈશાન દેવે કમ્પાયમાન થયેલ આસન ને જોયું 'पासित्ता' જોઈને તેણે પોતાના 'ओहिं पउंजइ' અવધિ જ્ઞાનને ઉપયુક્ત કર્યું

'पंउजित्ता' ઉપયુક્ત કરીને તેણે 'भयवं तित्थयरं ओहिणा आभोएइ' તીર્થંકર ભગવાનના તે અવધિજ્ઞાન વડે દર્શન કર્યા 'आभोइत्ता' દર્શન કરીને તે 'जहा सक्के नियगपरिवारेणं भाणेयव्वो जाव पज्जुवासइ' શકેન્દ્રની જેમ સકળ પરિવાર સહિત અષ્ટાપદ પર્વત પર આવી ગયો. અને ત્યાં આવીને તેણે વન્દન નમસ્કાર પૂર્વક ભગવાનની પર્યુપાસના કરી. 'एवं सव्वे देविंदा जाव अच्चुए णियगपरिवारेणं भाणेयव्वा' આજ પ્રમાણે અચ્યુત દેવ લોકપર્યન્તના સઘળા ઈન્દ્રો પોત પોતાના પરિવાર સહિત અષ્ટાપદ પર્વત પર આવ્યા એમ કહેવું જોઈએ અહીં યાવત્ શબ્દ સર્વાર્થમાં પ્રયુક્તાં થયેલ છે. સંગ્રહાર્થમાં નહીં કેમકે અહીં સંગ્રહ કરેલા પદોનો અભાવ છે. 'एवं जाव भवणवासीणं इंदा वाणमंतराणं सोलस' એજ પ્રમાણે ભવનવાસીયોના વીસ ઈન્દ્ર, વ્યંતર દેવો ના૧૬ સોળ કાળ વિગેરે ઈન્દ્ર અને 'जोइसियाणं दोण्णि' જ્યોતિષ્કોના ચંદ્ર અને સૂર્ય એ બે ઈન્દ્ર 'णियगपरिवारा णेयव्वा' પોત પોતાના પરિવાર સાથે આ અષ્ટાપદ પર્વત પર આવ્યા, એમ કહેવું જોઈએ. અહીંયા એ જાતની

શંકા કરી શકાય કે સ્થાનાંગ વિગેરે સૂત્રોમાં વ્યંતરદેવોના ૩૨ બત્રીસ ઇંદ્ર કહેવામાં આવેલ છે. તો પછી અહીં તેના ૧૬ સોળજ ઇન્દ્ર કેમ કહયા છે ? આશંકાનું સમાધાન એવું છે કે—જો કે વ્યંતર દેવોની સંખ્યા. ૩૨ જ છે પરંતુ અહીં જે ૧૬ પ્રકટ કરવામાં આવ્યા છે તે આમ બતાવે છે કે વ્યંતરોના ૩૨ ઇન્દ્રો સર્વ સમાન ઋદ્ધિ આદિ થી યુક્ત નથી પણ કાલાદિક ૧૬ ઇન્દ્રો જ મહાન ઋદ્ધિવાળા' છે. એથી એઓ પ્રધાન વ્યંતરેન્દ્રો છે અને એથી જ એમનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અલ્પ ઋદ્ધિવાળા અણપન્નીન્દ્રાદિકોનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. તેમનું સ્થાન ગૌણ જ માનવમાં આવ્યું છે. એથી આ જાતના કથનમાં કોઈ વિપ્રતિપત્તિ જેવી વાત સમજવી યોગ્ય નથી, કેમકે સૂત્રકારોની શૈલી વિચિત્ર પ્રકારની હોય છે. એનોજ એ પ્રભાવ છે, કે જ્યારે ઉત્તમ પુરુષોની પરિગણના કરવામાં આવી તો તેમાં પ્રતિવાસુદેવ ઉત્તમ પુરૂષ હોવા છતાં કોઈ આગમોમાં તે પ્રમાણે તેની પરિગણન્ય કરવામાં આવી નથી. જેમ કે 'समवायाङ्ग' માં "भरहेरवएसु णं वासेसु एगमेगाए ओसप्पिणीए चउपण्णं चउपण्णं उत्तम पुरिसा उप्पज्जिंसु वा उप्पज्जिंति वा, उप्पज्जिस्संति वा तं जहा—चउवीसं तित्थयरा बारस चक्कवट्टी, नव बलदेवा, नव वासुदेवा" આ પાઠમાં પ્રતિવાસુદેવો ઉત્તમ પુરુષ રૂપથી પરિગણિત કરવામાં આવ્યા નથી. જ્યોતિષ્ક દેવોના જે ચન્દ્ર અને સૂર્ય એવા બે ઈન્દ્રો કહેવામાં આવેલ છે તે જાતિના આશ્રયથી કહેવામાં આવેલ છે. આમ તો તે વ્યક્તિની અપેક્ષા એ અસંખ્યાત છે. એ ભવનવાસીઓના, વ્યંતરોના અને જ્યોતિકોના ઇન્દ્રો પોતપોતાના પરિવારોની સાથે અત્રે આવ્યા. એવું કહેવું જોઇએ. જેમ પોતાના પરિવારથી સંયુક્ત થઇને શક્ર આવ્યો તે પ્રમાણે જ સર્વે ઇન્દ્રો પણ પોત-પોતાના પરિવારથી સંયુક્ત થઇને આવ્યા અને તેઓ સર્વે સવિધિ ભગવાનને નમન કરીને એકદમ તેમની પાસે પણ નહિ તેમ તેમનાથી વધારે દૂર પણ નહિ આ પ્રમાણે યોગ્ય સ્થાને બેસી ગયા. તે સમયે તેમના બન્ને હાથો ભક્તિવશ અંજલિ રૂપે સંયુક્ત હતા તેમની આંખોમાંથી અશ્રુધારાઓ પ્રવાહિત થઇ રહી હતી. ॥૪૭॥

## ૬૪ ઈન્દ્રોં કે આગમનાનન્તર દેવેન્દ્ર શકકે કાર્ય કા કથન

આ પ્રમાણે ૬૪ ઇન્દ્રો જ્યારે ઉપસ્થિત થઈ ગયા ત્યારે શક્ર દેવેન્દ્રે જે કર્યું તેનું કથન આ પ્રમાણે છે :—'तए णं सक्के देविंदे देवराया बहवे'-इत्यादि सूत्र ॥૪૮॥

ટીકાર્થ–ત્યાર બાદ 'तए ण सक्के देविंदे देवराया बहवे भवणवइवाणमंतर जोइसिय वेमाणिए देवे एवं वयासी' દેવેન્દ્ર દેવરાજ શક્ર તે ઉપસ્થિત થયેલા સમસ્ત–૬૪, પરિવાર સહિત ભવનપતિઓ વ્યંતરો જ્યોતિષ્કો તેમજ વૈમાનિક દેવેન્દ્રોને. આ પ્રમાણે કહ્યું 'खिप्पामेव भो देवाणुप्पिया नंदणवणाओ सरसाइं' गोसीसचंदणकट्ठाइं साहरह' હે દેવા-

નુપ્રિયા. તમે સર્વ મળીને શીઘ્ર નન્દન વનમાંથી સરસ ગોશીર્ષચન્દનના લાકડાઓ લાવો અને 'साहरित्ता' લાવીને 'तओ चिइगाओ' ત્રણચિત્તાઓ તૈયાર કરો 'एगं भगवओ तित्थयरस्स' એક પ્રભુ તીર્થંકર માટે 'एगं गणहरस्स' એક ગણધર માટે અને 'एगं अवसेसाणं अणगाराणं'' એક અવશેષ અનગારો માટે. ત્યાર બાદ તે ભવનપતિઓથી માંડીને સર્વ વૈમાનિક દેવોએ નન્દન વનમાં જઇને ત્યાંથી સરસ ગોશીર્ષ ચન્દનના લાકડાઓ લાવીને પૂર્વોકત ત્રણ ચિતાઓની રચના કરી એક ભગવાન તીર્થંકર માટે, એક ગણધરો માટે અને એક એઓ બન્નેથી ભિન્ન શેષ અનગારો માટે. 'तएण से सक्के देविंदे देवराया आभिओगे देवे सहावेइ' ત્યાર બાદ દેવેન્દ્ર દેવરાજ શક્રે આભિયોગ્ય જાતિના દેવોને બોલાવ્યા 'सद्दावित्ता एवं वयासी' બોલાવી ને તેમને આ પ્રમાણે કહ્યું-'खिप्पामेव भो देवाणुप्पियया खिरोदगसमुद्दाओ खीरोदगं साहरह' હે દેવાનુપ્રિય, તમે શીઘ્ર ક્ષીરોદક સમુદ્ર પર જાઓ અને ત્યાંથી ક્ષીરોદક લઇ આવો આ પ્રમાણે ઇન્દ્રની આજ્ઞા સાંભળીને 'तएणं से आभिओगा देवा खीरोदगं साहरंति' તે સર્વ આભિયોગ્ય જાતિના દેવો ક્ષીરોદક સમુદ્ર પર ગયા અને ત્યાંથી ક્ષીરોદક લઇ તે પાછા આવ્યા. ॥૪૮॥

## ભગવાન આદિકે કલેવરકે સ્નપનાદિ કા નિરૂપણ

ક્ષીરોદક લઇ આવ્યા બાદ શક્રની કૃતિનું વર્ણન કરે છે-

'तएणं से सक्के देविंदे देवराया'—॥इत्यादि-सूत्र ॥४९॥

શબ્દાર્થ-''तए णं से सक्के देविंदे देवराया तित्थगरसरीरगं खीरोदगेणं ण्हाणेह' ત્યારપછી દેવેન્દ્ર દેવરાજ શક્રે તીર્થંકર ના શરીરને તે ક્ષીરોદકથી સ્નાનકરાવ્યું અને 'ण्हावित्ता' સ્નાન કરાવી તેને 'सरसेण गोसीसचंदणेण अणुलिंपइ' ગોશીર્ષનામના શ્રેષ્ઠ ચંદનનો લેપ કર્યો 'अणुलिंपित्ता' ચંદનનો લેપ કરીને તેને 'हंसलक्खणपडसाडयं णियंसेइ' હંસના જેવા સફેત વર્ણવાળ વસ્ત્રથી સુસજજીત કર્યું 'णियंसित्ता' સુસજજીત કરીને તેને 'सव्वालंकारविभूसियं करेह' સંઘળા અલંકારોથી શોભાયમાન કર્યું ભગવાનના શરીરને વિભૂષિત કર્યા પછી 'तएणं से भवणवइ जाव वेमाणिया गणहरसरीरगाइं अणगार सरीरगाइ खीरोदगेणं ण्हावेंति ण्हावित्ता सरसेणं गोसीसचंदणेणं अणुलिंपित्ता अहयाइं दिव्वाइं देवदूसजुयलाइं णियसंति णियंसित्ता सव्वालंकारविभूसियाइं करेंति' પછી ભવન પતિથી આરંભીને વૈમાનિક પર્યન્ત ના દેવોએ ગણધરના શરીરોને અને અનગારોના શરીરોને પણ ક્ષીરોદકથી સ્નાન કરાવ્યુ તે સર્વને સ્નાન કરાવીને પછી સરલ ગોશીર્ષ નામનાઉત્તમ ચંદનથી લેપ કર્યો લેપ કરીને દેવદૂષ્ય યુગલ તે શરીરોપર પહેરાવ્યા. દેવદૂષ્ય યુગલ વસ્ત્રોધારણ કરાવ્યા પછી તેઓએ એ શરીરોને સઘળા પ્રકારના અલંકારોથી

અલંકૃત કર્યા. 'तएणं से सक्के देविंदे देवराया ते बहवे भवणवइ जाव वेमाणिए देवे एवं वयासी' તે પછી એ દેવેન્દ્ર દેવરાજ શક્રે એ સઘળા ભવનપતિ દેવો યાવત્ વૈમાનિક દેવોને આ પ્રમાણે કહ્યું 'खिप्पायेव भो देवाणुप्पिया ईहामिगउसभंतुरग जाय वणलय भत्तिचित्ताओ सिवियाओ विउव्वेह' હે દેવાનુંપ્રિયો આપ ઇહામૃગ, વૃષભ, તુરગ યાવત્ વનલતાઓ ના ચિત્રોથી ચિત્રિત એવી ત્રણ શિબિકાઓ અર્થાત્ પાલખીઓની વિકુર્વણા કરાવો તે પૈકી એક ભગવાન્ તીર્થંકરને માટે એક ગણધરો માટે અને એક બાકીના અનગારો માટે 'तएणं ते बहवे भवणवइ जाव वेमाणिया तओ सिवियाओ विउव्वंति' આ પ્રમાણે ઇંદ્રે આપેલ આજ્ઞાનુસાર એ ભવનપતિ દેવોથી લઇને વૈમાનિક પર્યન્તના દેવોએ ત્રણ પાલખીઓના વિકુર્વણ કરી. 'एगं भगवओ तित्थयरस्स' તે પૈકી એક ભગવાન્ તીર્થંકરને માટે બનાવેલ હતા. 'एगं गणहराणं' એક ગણધરો માટે 'एगं अवसेजाणं अणगाराणं' ત્રીજી એક બાકીના અનગારો માટે રચવામાં આવી તે પછી 'तएणं से सक्के देविंदे देवराया विमणे णिराणंदे अंसुपुण्णणयणे भगवओ तित्थगरस्स विणट्ठजम्मजरामरणस्स सरीरगं सीयं आरुहेइ' એ દેવેન્દ્ર દેવરાજ શક્ર વિમનસ્ક અને નિરાનંદ બની ને આંસુઓથી ભરેલા નેત્રો વડે ભગવાન તીર્થંકર કે જેઓએ જન્મ જરા અને મરણનો વિનાશ કરેલ છે તેમના શરીરને પાલખી માં પધરાવ્યુઃ 'आरुहित्ता' પાલખી માં પધરાવી ને તે પછી 'चिइगाए ठवेइ' તેને શક્રે ચિતા પર મૂક્યું ત્યારબાદ 'तएणं ते बहवे भवणवइ जाव वेमाणिया देवा गणहराणं अणगाराणय विणट्ठजम्मजरामरणाणं सरीरगाइं सीयं आरुहेंति' તે ભવનપતિ દેવોથી માંડી ને વૈમાનિક સુધીના દેવોએ કે જેમણે જન્મ જરા અને મરણ ને સર્વથા વિનષ્ટ કરી દીધા છે એવા ગણધર અને અનગારોના શરીરોને શિબિકામાં આરોપિત કર્યા અને 'आरुहिता' આરોપિત કરીને પછી તેમણે 'चिइगाए ठवेंति' શરીરોને ચિતા પર મૂકી દીધાં, ઈહામૃગ, વૃકનું નામ છે. વૃષભ, બલીવર્દનું નામ છે. તુરગ, નામ ઘોડાનું છે. નર, મનુષ્યનું નામ છે. મકર, ગ્રાહનું નામ છે. વિહગ, પક્ષીનું નામ છે. વ્યાલક, સર્પનું નામ છે. કિન્નર, વ્યન્તર જાતિના દેવ વિશેષનું નામ છે. રુરુ, મૃગનું નામ છે. શરભ, અષ્ટાપદનું નામ છે, ચમર, ચમરી ગાયનું નામ છે. કુંજર, હાથીનું નામ છે. વનલતા, જંગલી લતાઓ નું નામ છે. ॥ સૂત્ર ૪૯ ॥

### ભગવાન આદિકે કલેવર ચિંતામેં રખનેકે બાદકા શકાદિકે કાર્ય કા નિરૂપણ

ચિતામાં ભગવાન્ આદિના શરીરોને સ્થાપિત કરીને શક્ર વગેરેએ જે કંઈ કર્યું તેને આ સૂત્ર વડે સૂત્રકાર પ્રકટ કરે છે.

'तएणं से सक्के देविंदे देवराया अग्गिकुमारे' इत्यादि ॥सूत्र ५०॥

શબ્દાર્થ–(तएणं) ભગવાન વિગેરેના શરીરોને ચિતાઓ પર મૂક્યા બાદ (देविंदे) દેવેન્દ્ર (देवराया) દેવરાજ (सक्के) શક્રે (अग्गिकुमारे) અગ્નિ કુમાર દેવોને (सद्दावेइ) બોલાવ્યા (सद्दावित्ता) બોલાવીને (एवं वयासी) તે દેવોને તેણે આ પ્રમાણે કહ્યું–(भो देवाणुप्पिया) હે દેવાનુપ્રિયો, તમે (तित्थगरचिइगाए) તીર્થંકરની ચિતામાં યાવત્ 'गणहरचिइगाए' ગણધરોની ચિતામાં અને (अणगारचिइगाए) અનગારોની ચિતામાં (अगणिकायं विउव्वह) અગ્નિકાયની–અગ્નિની વિકુર્વણા કરો, વિક્રિયા શકિતથી અગ્નિ ને ઉત્પન્ન કરો (विउव्वित्ता)

વૈક્રિય શકિતથી અગ્નિ ઉત્પન્ન કરીને (एयमाणत्तियं) પછી આ મારી આજ્ઞાનું અક્ષરશઃ પાલન થઈ જાય ત્યારે 'આજ્ઞાનું યથાવત્ પાલન થઈ ગયું છે' એ પ્રમાણે (पच्चप्पिणह) અમને ખબર આપો. (तएण) ત્યાર બાદ (ते अग्गिकुमारा देवा) તે અગ્નિકુમાર દેવોએ ખેદ ખિન્ન ચિત્તવાળા થઈને અર્થાત્ આનંદ વિહીન થઈને અને અશ્રુપૂર્ણ નેત્રવાળા થઈને તીર્થંકરની ચિતામાં યાવત્ ગણધરોની ચિતામાં અને (अणगारचिइगाए) શેષ અનગારોની ચિતા માં (अग्गणिकायं विउव्वंति) અગ્નિકાયની વિકુર્વણા શકિતથી ઉત્પત્તિ કરી 'तएणं' અગ્નિકુમાર દેવોએ તીર્થંકરાદિના શરીરોમાં અગ્નિકાયની વિકુર્વણા શક્તિથી ઉત્પત્તિકર્યાંવાદ 'से देविंदे देवराया તે દેવેન્દ્ર દેવરાજે 'वाउकुमारे देवे सद्दावेइ' વાયુકુમાર દેવોને બોલાવ્યા ''सद्दावित्ता' બોલાવીને 'एवं वयासी' આ પ્રમાણે કહ્યું ''खिप्पामेव भो देवाणुप्पिया' હે દેવાનુપ્રિયો જલ્દિથી ''तित्थगरचिइगाए जाव अणगारचिइगए' તીર્થંકરની ચિતામાં યાવત્ શેષ અનગારોની ચિત્તામાં ''वाउकायं' વાયુકાયને 'विउव्वह વિકુર્વિત કરો 'विउव्वित्ता' વૈક્રિય શક્તિથી વાયુકાયને ઉત્પન્નકરીને 'अगणिकायं' અગ્નિકાય ને 'उज्जालेह' પ્રદીપ્ત કરો એ પ્રમાણે અગ્નિકાયને પ્રદીપ્ત કરીને 'तित्थगरसरीरगं' તીર્થંકરના શરીરને યાવત્ 'गणहरसरीरगाइं' ગણધરોના શરીરને તેમજ 'अणगारसरीरगाइं' શેષઅનગારોના શરીરને 'झामेह' અગ્નિસંયુકતકરો (तएणं ते वाउकुमारा देवा विमणा णिराणंदा अंसुपुण्णणयणा) ત્યાર બાદ તે વાયુકુમાર દેવોએ વિમનસ્ક તેમજ આનંદ વિહીન થઇને તેમજ અશ્રુભીના નેત્રોથી (तित्थगरचिइगाए) જિનેન્દ્રની ચિતામાં (जाव) યાવત્ ગણધરોની ચિતામાં તેમજ અનગારોની ચિતામાં અગ્નિકાયની વિકુર્વણા કરી. તેમજ (अग्गिकायं उज्जालेंति) તેને પ્રદીપ્ત કર્યો. પ્રદીપ્ત થયેલ તે અગ્નિની સાથે તેમણે (तित्थगरसरीरगं) તીર્થંકરના શરીરને યાવત્ ગણધરોના શરીરોને (अणगार सरीरगाणि) અનગારોના શરીરોને (झामेंति) અગ્નિ સંયુકત કર્યા. (तएणं) આ પ્રમાણે અગ્નિ ની સાથે જિનાદિકોના શરીરો જ્યારે સંયુકત થઈ ગયાં ત્યારે (से सक्के) તે શક્ર (देविंदे देवराया) જે દેવોનો ઈન્દ્ર અને તેનો રાજા હતો. (बहवे भवणवई जाव वेमाणिए देवे एवं वयासी) તેણે સર્વ ભવનપતિઓથી માંડીને વૈમાનિક સુધીના દેવોને આ પ્રમાણે કહ્યું '(खिप्पामेव भो देवाणुप्पिया) હે દેવાનુપ્રિયો. તમે એકદમ શીઘ્રતાથી (तित्थगर चिइगाए जाव गणहरचिईगाए अणगार चिइगाए) તીર્થંકરની ચિતામાં યાવત્ ગણધરોની ચિતામાં તેમજ શેષ અનગારોની ચિતામાં (अगुरु तुरुक्कघयमधुं च कुंभग्गसो य भारग्गसो य साहरह) અગરુ, તુરુષ્ક. ઘૃત અને મધુને અનેક કુંભ પ્રમાણ અને અનેક ભાર પ્રમાણમાં નાખવામાટે લાવો. (त एणं ते भवणवइ जाव तित्थगर जाव भारग्गसो) ત્યારે તે ભવનપતિથી માંડીને વૈમાનિક

સુધીના સમસ્ત દેવગણોએ તીર્થંકરની ચિતામાં, ગણધરોની ચિતામાં અને શેષ અનગારોની ચિતામાં નાખવામાટે અનેક કુંભ પ્રમાણ અને અનેક ભાર પ્રમાણ અગુરુ. તુરૂષ્ક, ઘૃત અને મધુ લઈ આવ્યા. (तए णं सक्के देविंदे देवराया मेहकुमारे देवे सद्दावेइ) ત્યાર બાદ દેવેન્દ્ર દેવરાજ તે શક્રે મેઘકુમાર દેવોને બોલાવ્યા. ''सद्दावित्ता एवं वयासी'' અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું ''खिप्पामेव भो देवाणुप्पिया ! तित्थगरचिइगे जाव अणगार चिइगं च'' હે દેવાનુપ્રિયો ! આપ સવે શીઘ્ર તીર્થંકર નીચિતા ને યાવત્ ગણધરોની ચિતાને તેમજ શેષ અનગારોની ચિતાને ''खीरोदगेणं णिव्वावेह'' ક્ષીરસાગરમાંથી લઈ આવેલા જલથી શાંત કરો. ''तएणं ते मेहकुमारा देवा तित्थगरचिइगं जाव गणहरचिइगं अणगारचिइगं य णिव्वावेंति'' ત્યારે તે મેઘકુમાર દેવોએ તીર્થંકરની ચિતાને યાવત્ ગણધરોની ચિતાને અને અનગારોની ચિતાને ક્ષીર સાગર માંથી લઈ આવેલા પાણી વડે શાંત કરી. ''तएणं से देविंदे देवराया भगवओ तित्थगरस्स उवरिल्लं दाहिणं सकहं गेण्हइ'' જ્યારે ક્ષીરસાગરના પાણીથી તે તીર્થંકર વગેરેની ચિતાઓ સંપૂર્ણ રીતે ઓલવાઈ ગઈ ત્યાર બાદ તે દેવેન્દ્ર દેવરાજે ભગવાન્ તીર્થંકરની ઉપરિતન દક્ષિણ અસ્થિને-દક્ષિણ ભાગસ્થ તે સંબંધિ અસ્થિને લીધી ''ईसाणे देविंदे देवराया उवरिल्लं वामं सकहं गेण्हइ'' દેવેન્દ્ર દેવરાજ ઇશાન ઇન્દ્રે ઉપરિતન વામભાગની અસ્થિને લીધી તેમજ ''चमरे असुरिंदे असुरराया हिट्ठिल्लं दाहिणं सकहं गेण्हइ'' અસુરેન્દ્ર અસુરરાજ ચમરે અધસ્તન દક્ષિણ અ-સ્થિને-દક્ષિણ ભાગસ્થ તત્ સંબંધી અસ્થિને-લીધી. ''बली वइरोअणिंदे वइरोअणराया हिट्ठिल्लं सकहं गेण्हइ'' વૈરોચનેન્દ્ર વૈરોચન રાજ બલિએ અધસ્તન અસ્થિને-અધસ્તન ભાગસ્થ તત્ સંબંધી અસ્થિને લીધી ''अवसेसा'' શેષ-શક્રાદિક સિવાયના-ભવનપતિથી માંડીને વૈમાનિક સુધીના દેવોએ ''जहारिहं अवसेसाइं अंगमंगाइं'' યથાયોગ્ય અવશિષ્ટ અંગોના અસ્થિઓને ઉઠાવ્યા. શંક્રાદિકો દ્વારા ગૃહીત અસ્થિયો સિવાયની અસ્થિઓને-લીધી. એમાંથી (केइ) કેટલાંક દેવોએ ''जिणभत्तीए'' જિનેન્દ્રની ભક્તિથી ''केइ जीतमेयं इति कट्टु'' કેટલાંક દેવોએ આ જીતનામક કલ્પ છે આ અભિપ્રાયથી ''केइ धम्मोत्ति कट्टु गेण्हंति'' કેટલાંક દેવોએ અમારી આ ફરજ છે, આ ખ્યાલથી તે અસ્થિઓને ઉઠાવ્યા. ।।સૂત્ર, ૫૦।।

## અસ્થિસંચયકે બાદ કી વિધી કા નિરૂપણ

આ પ્રમાણે જ્યારે તે ચતુર્નિકાયના દેવોએ અસ્થિઓનું ચયન કરી લીધું ત્યાર બાદ શું થયું. આ વાતને હવે સૂત્રકાર પ્રકટ કરે છે—

'त एणं से सक्के देविंदे देवराया बहवे भवणवइ' इत्यादि, सूत्र ।।५१।।

શબ્દાર્થ-''त एणं'' અસ્થિઓના ચયન બાદ ''सक्के देविंदे देवराया'' દેવેન્દ્ર દેવરાજ શક્રે ''बहवे भवणवई जाव वेमाणिए देवे जहारिहं एवं वयासो'' તે સમસ્ત ભવનપતિ

ઓથી માંડીને વૈમાનિક સુધીના દેવોને યથાયોગ્ય રૂપમાં આ પ્રમાણે કહ્યું-"भो देवाणुप्पिया ! **सव्वरयणामए महइमहालए तओ चेइअथूमे करेह"** હે દેવાનુપ્રિયો ! તમે સર્વરત્ન-નિર્મિત એટલે કે સર્વાત્મના રત્નમય એવા ત્રણ ચૈત્ય સ્તૂપોની-ચિત્તને આનંદ આપે તેવા સ્તૂપોની-ચિતાત્રય ભૂમિપર રચના કરો "**एगं भगवओ तित्थगरस्स चिइगाए, एगं गणहर चिइगाए एगं अवसेसाणं अणगाराणं चिइगाए**" એમાં એક ચૈત્યસ્તૂપ તીર્થંકર ભગવાન ની ચિતામાં એક ગણધરોની ચિતામાં અને એક અવશેષ અનગારોની ચિતામાં તૈયાર કરો. '**त एणं ते बहवे जाव करेंति**' ત્યાર બાદ તે ભવનપતિથી માંડીને વૈમાનિક સુધીના દેવોને જ્યાં જ્યાં ચૈત્ય સ્તૂપો તૈયાર કરવા માટે કહેવામાં આવ્યું હતું, ત્યાં ત્યાં સર્વ રત્ન મય ત્રણ ચૈત્ય સ્તૂપોની રચના કરી. '**त एणं ते बहवे भवणवई जाव वेमाणिया देवा तित्थगरस्स परिणिव्वाणमहिमं करेइ**' ત્યાર બાદ તે સમસ્ત ભવનપતિથી માંડીને વૈમાનિક સુધી ના ચતુર્વિધ નિકાયના દેવોએ તીર્થંકર ભગવાનના નિર્વાણ કલ્યાણની મહિમાની-મોક્ષગમનોત્સવની આયોજના કરી. '**करित्ता जेणेव नंदीसरवरे दीवे तेणेव उवागच्छंति**' મોક્ષ ગમનના ઉત્સવ બાદ તે ચતુર્વિધ નિકાયના દેવો જ્યાં નંદીશ્વર નામે દ્વીપ હતો ત્યાં ગયા '**त एणं सक्के देविंदे देवराया पुरच्छिमिल्ले अंजणगपव्वए अट्ठाहिअं महामहिमं करेंति**' ત્યાં જઈને દેવેન્દ્ર દેવરાજ શક્ર પૂર્વ દિશામાં સ્થિત અંજનક પર્વત પર અષ્ટાહ્નિકા એટલે કે આઠ દિવસ સુધી લગાતાર ઉજવાતો રહે છે-તે મહોત્સની યોજના કરી '**त एणं सक्कस्स देविंदस्स देवरायस्स चत्तारि लोगपाला चउसु दहिमुहगपव्वएसु अट्ठाहिअं महामहिमं करेंति**' ત્યાર બાદ દેવેન્દ્ર દેવરાજ શક્રનાચાર લોકપાલોએ ચાર દધિમુખ પર્વતો પર અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો '**इसाणे देविंदे देवराया उत्तरिल्ले अंजणगे अट्ठाहियं** દેવેન્દ્ર દેવરાજ ઇશાને ઉત્તર દિશાના અંજન નામક પર્વત પર અષ્ટાહ્નિક મહોત્સવ કર્યો. '**तस्स लोगपाला चउसु दहिमुहेसु अट्ठाहियं करेंति**' દેવેન્દ્ર દેવરાજ ઈશાનના ચાર લોકપાલોએ ચાર દધિમુખ પર્વતો પર અષ્ટાહ્નિક મહોત્સવ કર્યો '**चमरोअ दाहिणिल्ले अंजणगे तस्स लोकपाला दहिमुहपव्वएसु** અસુરેન્દ્ર અસુરરાજ ચમરે દક્ષિણ દિશાના અંજન પર્વત પર અષ્ટાહ્નિક મહોત્સવ કર્યો અને તેના લોકપાલોએ દધિમુખ પર્વતો પર અષ્ટાહ્નિક મહોત્સવ કર્યો વૈરોચનેન્દ્ર વૈરોચને રાજ બલિએ '**पच्चत्थिमिल्ले अंजणगे तस्स लोगपाला दहिमुहगेसु**' પશ્ચિમ દિશાના અંજન પર્વત પર અષ્ટાહ્નિક મહોત્સવ કર્યો અને તેના ચાર લોકપાલોએ દધિમુખ પર્વતો ની ઉપર અષ્ટાહ્નિક મહોત્સવ કર્યો. '**त एणं ते बहवे भवणवइ वाणमंतर जाव अट्ठाहियाओ महामहिमाओ करेंति** આ પ્રમાણે જ્યારે શક્રથી માંડીને બલિ સુધીના

ઇન્દ્રોએ અષ્ટાહ્નિક મહોત્સવો સમ્પન્ન કર્યા ત્યારે ભવનપતિથી માંડીને વૈમાનિક સુધીના સર્વ દેવોએ અષ્ટાહ્નિક મહોત્સવો કર્યા. 'करित्ता जेणेव साइं २ विमाणाइं जेणेव साइं साइं भवणाइं जेणेव साओ २ सभाओ सुहम्माओ जेणेव साणं २ माणवग चेइयखंभा तेणेव उवागच्छंति અષ્ટાહ્નિક મહોત્સવ કરીને પછી તે સર્વ ઇન્દ્રાદિક જ્યાં પોત-પોતાના વિમાનો હતાં જ્યાં પોતપોતાના ભવનો હતાં, જ્યાં પોત પોતાની સુધર્મા સભાઓ હતી અને જ્યાં પોતપોતાના માણવક નામે ચૈત્ય સ્તંભો હતાં, ત્યાં ગયા, 'उवागच्छिता ત્યાં જઇને 'वइरामएसु गोलवट्टसमुग्गएसु जिनसकहाओ पक्खिवंति તેમણે વજ્રમય ગોલવૃત્ત સમુદ્ગકોમાં-વર્તુલાકાર ભાજન વિશેષોમાં-તે જિનેન્દ્રની અસ્થિઓને પ્રસ્થાપિત કર્યા. 'पक्खिवित्ता अग्गेहिं वरेहिं मल्लेहिं य गंधेहिं अ अच्चेंति' પ્રસ્થાપિત કરીને પછી તેમણે ઉત્તમ કે નવીન શ્રેષ્ઠ મોટી-મોટી માળાઓથી તેમજ ગન્ધ દ્રવ્યોથી તેમની પૂજા કરી. 'अंचित्ता, विउलाइं भोगभोगाइं भुंजमाणा विहरंति' પૂજન કરીને પછી તેઓ સર્વે પોતપોતાના સ્થાનો પર નિવાસ કરતાં આનંદ પૂર્વક વિપુલ ભોગ-ભોગો ભોગવવા લાગ્યા. અહીં એવી શંકા થઈ શકે કે ચારિત્રાદિ ગુણ વિહીન જિન શરીરનું અને જિન અસ્થિઓનું પૂજન કરવું અનુચિત છે, તો આનો જવાબ આ પ્રમાણે છે કે જેમ ભાવજિન વન્દ્ય હોય છે. તેમજ નામ જીન સ્થાપનાજીન અને દ્રવ્યજિન પણ વન્દ્ય હોય છે. આ પ્રમાણે અજિન રૂપ જિન શરીરનું ભાવજિન રૂપ શરીરનું તેમજ તેમના અવયવભૂત અસ્થિ આદિકોનું વંદન કરવું કોઈ પણ રીતે અનુચિત નથી જો આ પ્રમાણે કહેવામાં આવે કે જિન શરીરના અવયવભૂત અસ્થિ વગેરેમાં ભાવજિન રૂપતા રહેતી નથી, એથી તેમને વન્દ્ય ગણવા યોગ્ય નથી તો આનું સમાધાન આ પ્રમાણે છે કે જ્યારે જિન ગર્ભમાં આવે છે તો તે વખતે જે समणे भगवं महावीरे આ પ્રમાણે સૂત્રોની રચના કરે છે. તેમજ ઇન્દ્ર તેમનું સ્તવન કરે છે તો આ બધું અનુચિત ગણાવું જોઈએ પણ આવું માનવામાં આવ્યું નથી. એથી જ જિન અસ્થિ વગેરેની આશાતના ના ભયથી સંત્રસ્ત થયેલા દેવો ત્યાં કામ સેવન વગેરે કામમાં પ્રવૃતિ કરતા નથી. ।। સૂત્ર ૫૧ ।।

તૃતીયારક સમાપ્ત

હવે સૂત્રકાર ચતુર્થારકનું સ્વરૂપ કહે છે.—

**'तीसेणं समाए दोहिं सागरोवमकोडाकोडिहिं'–इत्यादि सूत्र ॥ ५२ ॥**

ટીકાર્થ–જ્યારે બે કોટા કોટી સાગરોપમ પ્રમાણુ તૃતીય કાળ સમાપ્ત થયો. ત્યારે(**अणंतेहिं वण्णपज्जवेहिं तहेच जाव अणंतेहिं उट्ठाणकम्म जाव परिहायमाणे २ पत्थ णं दुसम सुसमा णाम समा काले पडिवज्जिसु समणाउसो**) હે શ્રમણુ આયુષ્મન્ અનંત શુકલાદિ ગુણ રૂપ પર્યાયોની હીનતા વાળો યાવત્ અનંત ઉત્થાન, બલ, વીર્ય, પુરુષકાર પરાક્રમ રૂપ પર્યાયોની હીનતા વાળો દુષ્ષમ સુષમા નામક ચતુર્થ કાળ પ્રારંભ થયો. અહીં યાવત્ પદથી દ્વિતીય આરકમાં જેમ વર્ણ પર્યાયોથી માંડીને પુરુષકાર પરાક્રમ સુધીનો પાઠ ગ્રહણ થયો છે તેમજ તે પાઠ અહી પણ ગ્રહણ થયેલ છે. "**तीसे णं भंते ! समाए भरहस्स वासस्स केरिसए आगारभावपडोयारे पण्णत्ते**" હે ભદન્ત ! આ ચતુર્થ કાળમાં ભરત ક્ષેત્રના સ્વરૂપ વિષે શું કહેવામાં આવ્યું છે ? તો આ પ્રશ્નના જવાબમાં પ્રભુ કહે છે–**'गोयमा ! बहुसमरमणिज्जे भूमिभागे पण्णत्ते, से जहाणामए आलिंगपुक्खरेइ वा जाव मणीहिं उवसोभिए**" હે ગૌતમ, તે ચતુર્થ કાળમાં તે ભરત ક્ષેત્રની ભૂમિ અત્યંત સમતલ હતી, એથી તે રમણીય સુંદર હતી, મુરજ નામક વાદ્ય વિશેષનો ચર્મપુટ જે પ્રમાણે સમતલ વાળો હોય છે, તે પ્રમાણે જ તે ભૂમિ સમતલવાળી હતી. અહીં 'ઇતિ' શબ્દ સાદૃશ્યાર્થક છે અને 'વા' શબ્દ સમુચ્ચાર્થક છે. અહીં યાવત્ શબ્દથી "**मुइंगपुक्खरेइ वा, सरतलेइ वा करतलेइ वा, चंदमंडलेइ वा, सूरमंडलेइ वा आयंसमंडलेइ वा उरब्भचम्मेइ वा, उसभचम्मेइ वा, वराहचम्मेइ वा, वग्धचम्मेइ वा, सीहचम्मेइ वा, मिगचम्मेइ वा, छागलचम्मेइवा, दीवियचम्मेइवा, अणेग संकुकीलगसहस्सवितए णाणाविह पंचवण्णेहिं**" આ પાઠ સંગ્રહીત થયો છે. આ પાઠના પદોની વ્યાખ્યા 'રાજપ્રશ્નીય સૂત્ર' ના સત્ર નં. ૧૫ ની સુબોધિની ટીકા પરથી જાણી લેવી જોઈએ. તે ભૂમિ અનેક પ્રકારના પાંચ વર્ણો ના મણિઓથી ઉપશોભિત હતી. "**कित्तिमेहिं चेव अकित्तिमेहिं चेव**" એ મણિઓમાં કૃત્રિમ મણિઓ પણ હતા. અને અકૃત્રિમ મણિઓ પણ હતા. આ પ્રમાણે ચતુર્થ કાળના સમયની ભૂમિનું વર્ણન કરીને હવે સૂત્રકાર આ ચતુર્થ કાળમાં ઉત્પન્ન થયેલ માણસોનું વર્ણન કરવા માટે આ પ્રમાણે કહે છે—"**तीसेणं भंते ! समाए भरहे वासे मणुयाणं केरिसए आयारभावपडोयारे पण्णत्ते**" આમાં ગૌતમસ્વામી પ્રભુને આ પ્રમાણે પ્રશ્ન કરે છે કે હે ભદન્ત તે ચતુર્થ કાળના માણસોનું સ્વરૂપ કેવું કહેવામાં આવ્યું છે. ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે–"**गोयमा ! तेसिं मणुयाणं छव्विहे संघयणे**" હે ગૌતમ ! ચતુર્થ કાળના માણસો ના ૬ પ્રકારના સંહનન કહેવામાં આવ્યા છે. તેમજ ત '**बहूइं धनूइं उड्ढं उच्चत्तेणं**" અનેક ધનુષો જેટલી ઉંચાઈ ધરાવતા હતા. આ કાળના માણસો નું આયુ જઘન્યથી "**अंतोमुहुत्तं**" એક અન્તર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી "**पुव्वकोडी आउयं पालेंति**" એક

પૂર્વ કોટિ જેટલું કહેવામા આવે છે. આટલું દીર્ઘ આયુ ભોગવીને "अप्पेगइया" કેટલાક જીવો "णिरयगामी" નરક ગામી હોય છે. જાવ યાવત્ કેટલાક જીવો તિર્યગ્ગામી હોય છે. કેટલાક જીવો મનુષ્યગામી હોય છે અને કેટલાક જીવો "देवगामी દેવગામી હોય છે. તેમજ કેટલાક જીવો "सिज्झंति સિદ્ધિગતિને પ્રાપ્ત કરે છે. "बुज्झंति जाव मुच्चंति परिणिव्वाअंति કેટલાક જીવો કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. યાવત્ સકળ કર્મોના બંધનોથી મુક્ત થઈ જાય છે, પારમાર્થિક સુખને પ્રાપ્ત કરે છે. "सव्वदुक्खाणमंतं करेंति" અને સમસ્ત દુઃખોનો અન્ત કરી નાખે છે. 'तीसे समाए तओ वंसा समुप्पज्जित्था तं जहा अरहंतवंसे चक्कवट्टिवंसे २ दसारवंसे' તે કાળમાં ત્રણ વંશો ઉત્પન્ન થયા-એક અર્હદ્ વંશ, બીજો ચક્રવર્તિ વંશ ત્રીજો દશાર્હ વંશ. એ ત્રણે માં જે અર્હન્ત પ્રભુનો વંશ છે, તે અર્હદ્વંશ અને ચક્રવર્તીનો જે વંશ છે તે ચક્રવર્તી વંશ છે. તેમજ બલદેવ અને વાસુદેવના વંશને દશાર્હ વંશ કહેવામાં આવે છે. અહીં જે દશા શબ્દથી બલદેવ વાસુદેવનું ગ્રહણ કરવામાં

આવેલ છે તે ઉત્તર સૂત્રના બળથી ગ્રહણ કરવામાં આવેલ છે, નહીંતર પછી પ્રતિપાદ્ય હોવાને લીધે વાસુદેવોનું જ ગ્રહણ થવું જોઈએ अहयं च दसाराणं આ વચન મુજબ યદ્યપિ અત્રે પ્રતિ વાસુદેવનો વંશ કહેવામાં આવેલ નથી, તથાપિ ઉપલક્ષણથી તેનું પણ અહીં ગ્રહણ થયું છે. તેને જો અત્રે સ્પષ્ટ રૂપમાં પ્રદર્શિત કરવામાં આપેલ નથી. તેનું કારણ ઉપાંગ અંગાનુયાયીઓ હોય છે. આ નિયમ મુજબ સ્થાનાંગ માં વંશત્રય નું પ્રતિપાદન છે તેમજ પ્રતિવાસુદેવ વાસુદેવ વડે વધ્ય હોય છે, તેથી તેમની ઉત્તમ પુરુષોમાં પરિગણના કરવામાં આવી નથી. એવું વૃદ્ધો કહે છે. તે ચતુર્થ કાળ માં જ "तेवीसं तित्थयरा इक्कारस चक्कवट्टी णव बलदेवा" ૨૩ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તીઓ, નવ બળદેવો અને નવ વાસુદેવો હોય છે. અહીં તીર્થંકરો એટલા માટે કહેવામાં આવેલ છે કે ઋષભ દેવ ભરતક્ષેત્રમાં તૃતીય આરકમાં થયા છે. વાસુદેવની અપેક્ષા બળદેવ જ્યેષ્ઠ હોય છે. એથી તેમને પાઠમાં પ્રથમ કહેવામાં આવેલ છે. આ પ્રમાણે ઉપલક્ષણથી પ્રતિવાસુદેવનો વંશ પણ ગૃહીત થયો છે, તેમ સમજવું. ॥૫૨॥

ચતુર્થ આરક સમાપ્ત-

## પંચમ આરકનું વર્ણન

**'तीसेणं समाए एक्काए सागरोवम'**-ઈત્યાદિ સૂત્ર-૫૩

ટીકાર્થ-તે કાળે જ્યારે ૪૨ હજાર વર્ષ કમ એક કોટા કોટી સાગરોપમ પ્રમાણવાળો ચતુર્થ કાળ સમાપ્ત થયો ત્યારે ધીમે ધીમે **"अणंतेहिं वण्णपज्जवेहिं तहेव जाव परिहाणीए परिहायमाणे"** અન્ત રહિત વર્ણપર્યાયોના યાવત્ ગન્ધ પર્યાયોના અનંત બળવીર્ય આયુષ્મન્ ! **'एत्थ णं दूसमाणाम समा काले पडिवज्जिस्सइ'** આ ભરતક્ષેત્રમાં દુષ્ષમા નામના પાંચમાં કાળ નો પ્રારંભ થશે. અહીં ભવિષ્યકાળનો ઉલ્લેખ વક્તાની અપેક્ષાએ કરવામાં આવેલ છે. **'तीसेणं भंते समाए भरहस्स केरिसए आगारभावपडोयारे पण्णत्ते'** હે ભદન્ત ! આ પંચમ કાળના સમયમાં ભરતક્ષેત્રના આકાર ભાવ પ્રત્યવતાર-સ્વરૂપ-કેવું કહેવામાં આવેલ છે ? ગૌતમના આ પ્રશ્નના જવાબ માં પ્રભુ કહે છે-**बहुसमरमणिज्जे भूमिभागे भविस्सइ से जहा णामए आलिंगपुक्खरेइ वा मुइंगपुक्खरेइ वा जाव सरतलेइवा)** હે ગૌતમ તે સમયે આ ભરત ક્ષેત્રનો ભૂ-ભાગ એવો અત્યંત સમતલ, રમણીય થશે જેવો કે વાદ્યવિશેષ મુરજ (મૃદંગ) નો, પુષ્કર-ચર્મપુટ અત્યંત સમતળ હોય છે. મૃદંગનું મુખ સમતળ હોય અહીં "ઈતિ" શબ્દ સાદૃશ્યાર્થક છે અહીં 'वा' શબ્દ સમુચ્ચયાર્થક છે. આ પ્રમાણે આ શબ્દોના સંબંધમાં આગળ પણ જાણવું જોઇએ. અહીં યાવત પદથી **"सरतलेइवा"** ઈત્યાદિ પદોનું ગ્રહણ થયું છે. એકાવન (૫૧) મા સૂત્રમાં યાવત્ પદથી ગ્રહીત સર્વ પદો પ્રકટ કરવામાં આવેલ છે ભરતક્ષેત્રનો આ ભૂમિભાગ (**णाणामणि पंचवण्णेहिं कित्तिमेहिं चेव अकित्तिमेहिं चेव**) અનેક પ્રકારના પાંચ વર્ણોવાળા. કૃત્રિમ મણિઓ તેમજ અકૃત્રિમ મણિઓથી ઉપશોભિત થશે- અહીં પૃચ્છકની અપેક્ષાએ પણ ભવિષ્યત્કાલનો પ્રયોગ કરવામાં આવેલ છે. આ ક્ષેત્રના ભૂમિભાગની બહુસમરમણીયતા વગેરે ચતુર્થ આરકની અપેક્ષાએ હીયમાન કાલક્રમ મુજબ અત્યંતહીન સમજવી. અહીં આ જાતની શંકા થવી ન જોઈએ કે **'खाणु चहुले विसमबहुले"** ઈત્યાદિ સૂત્ર વડે પંચમકાળમાં ભરત ક્ષેત્રની ભૂમિ સ્થાણુ બહુલ આદિ રૂપથી વર્ણિત કરવામાં આવેલ છે તો પછી અહીં તમે બહુસમરમણીય વગેરે પદ વડે તેમાં બહુસમરમણીયતાનું કથન કેવી રીતે કરો છો ? કેમકે સૂત્રમાં બહુલપદ પ્રયુક્ત થયેલ છે. તો આ પદ આવાત સ્પષ્ટ કરે છે કે આ કાળમાં સ્થાણુ કંટક, વિષમતા વગેરેની પ્રચુરતા રહેશે. પણ છઠ્ઠા આરકની જેમ આ એમની પ્રચુરતા એકાંત રૂપમાં અહીં રહેશે. નહીં. એથી યત્ર-યત્ર મહાનદી ગંગા વગેરેના તટાદિમાં મોટા મોટા બગીચાઓમાં, વૈતાઢયગિરિના નિકુંજાદિકોમાં બહુસમરમણીયતા ભૂમિભાગમાં ઉપલબ્ધ થઈ જ રહી છે. એથી પ્રતિપાદનમાં કોઈ પણ રીતે વિરોધ છે એવું લાગતું નથી. હવે સૂત્રકાર આ કાળમાં ઉત્પન્ન થયેલા મનુષ્યોના આકાર નિરૂપણ કરવાના હેતુથી કહે છે. આ સંબંધમાં ગૌતમ પ્રભુને આમ પ્રશ્ન કરે છે-(**तीसे णं भंते ! समाए भरहस्स वासस्स मणुयाणं केरिसए आयारभावपडोयारे पण्णत्ते**) હે ભદન્ત ! તે કાળમાં ભરતક્ષેત્રના મનુષ્યોના આકાર ભાવ-પ્રત્યવતાર-સંહનન, સંસ્થાન શરીરના ઉંચાઇ વગેરે કેવાં હશે ? એના જવાબ માં પ્રભુ કહે છે-(**गोयमा ! तेसिं मणुयाणं छव्विहे संघयणे छव्विहे संठाणे बहुईओ रयणीओ उद्धं उच्चत्तेणं ज़हण्णेणं अंतो मुहुत्तं उक्कोसेणं साइरेगं वाससयं आउयं पालेंति)**

હે ગૌતમ ! તે કાળના મનુષ્યોના ૬ પ્રકારના સંહનનો હશે, ૬ પ્રકારના સંસ્થાનો હશે, વગેરે રૂપમાં આ બધું કથન પહેલા જે પ્રમાણે કહેવામાં આવ્યુ છે, તેમજ સમજી લેવું જોઈએ. વિશેષ તેમનું સાત હાથની ઊંચાઈ વાળું શરીર હશે. જો કે કોશમાં બદ્ધમુષ્ટિ હાથને 'રત્નિ' કહેવામાં આવેલ છે. પણ સિદ્ધાન્તની પરિભાષા મુજબ અહીં આખા હાથને 'રત્નિ' શબ્દ વડે માનવામાં આવેલ છે. અહીંના મનુષ્યો તે કાળમાં જઘન્ય અન્તર્મુહૂર્ત્ત જેટલું આયુષ્ય ધરાવતા અને ઉત્કૃષ્ટ કરતાં કંઈક વધારે એક સો વર્ષ જેટલું આયુષ્ય ધરાવનારા હશે, આટલું આયુષ્ય ભોગવીને (अप्पेगइया) કેટલાક મનુષ્યો (णिरयगामी) નરકગામી થશે. (जाव सव्वदुक्खाणमंतं करेंति) યાવત્ કેટલાક તિર્યગ્ગતિગામી થશે, કેટલાક મનુષ્યગતિ ગામી થશે. કેટલાક દેવગતિગામી થશે તેમજ કેટલાક 'सिद्ध्यन्ति' સિદ્ધપદને પ્રાપ્ત કરશે. 'बुध्यन्ति'' કેવળ જ્ઞાનથી ચરાચર લોકનું અવલોકન કરશે. ''मुच्यन्ते' સમસ્તકર્મોથી રહિત થઇ જશે. 'परिनिर्वान्ति શીતીભૂત થઇ જશે અને સમસ્ત દુઃખોનો અન્ત કરશે. પંચમકાળમાં જીવોની મુક્તિ પ્રાપ્ત કરવા સંબંધી જ આ કથન અત્રે સ્પષ્ટ કરવામાં આવેલ છે તે ચતુર્થ આરામાં ઉત્પન્ન થયેલ જીવો માટે જ સમજવુ જોઇએ.

પંચમ આરામાં ઉત્પન્ન થયેલા જીવો માટે આ કથન રજૂ કરવામાં આવેલ નથી. (तीसेणं समाए पच्छिमे तिभागे गणधम्मे पासंडधम्मे रायधम्मे जायतेए धम्मचरणे अवोच्छिज्जिस्सइ) તે કાળમાં પાશ્ચાત્ય ત્રિભાગમાં અંશાત્રતયમાં-ગણધર્મ-સમુદાય ધર્મ-નિજજ્ઞાતિધર્મ પાખંડધર્મ-શાક્યાદિધર્મ-નિગ્રહાનિગ્રહાદિરૂપ નૃપધર્મ, જાત તેજ-અગ્નિ, ધર્માચરણ-સંયમરૂપધર્મ અને ગચ્છ વ્યવહાર એ સર્વે છિન્ન-વિચ્છિન્ન થઇ જશે. અગ્નિ જયારે રહેશે નહીં ત્યારે અગ્નિ નિમિત્તિક જે રન્ધનાદિ વ્યવહાર છે, તે પણ સંપૂર્ણરૂપમાં છિન્ન-વિચ્છિન્ન થઇ જશે. હા કેટલાક જીવો ને સમ્યકત્વ રૂપધર્મ થતો રહેશે. પણ બિલોમાં રહેનારાઓ માટે અતિક્લિષ્ટ હોવા બદ્દલ ચારિત્ર હશે. નહિ. એથી જ પ્રજ્ઞાપનામાં ''ओसण्णं धम्मसन्न पब्भट्ठा'' ધર્માસકિતથી ભ્રષ્ટ મનુષ્ય શિથિલ સમ્યકૃત્વને પ્રાપ્ત કરે છે. આમ કહેવામાં આવેલ છે. તાત્પર્ય કહેવાનું આ પ્રમાણે છે કેટલાક જીવોને તેતે કાળમાં પણ સમ્યક્ત્વ પ્રાપ્ત થતું રહેશે. ।।૫૩।।

હવે છઠ્ઠા આરાનો પ્રારંભ કરીએ છીએ.

**'तीसेणं समाए एक्कवीसाए वाससहस्सेहिं' इत्यादि सूत्र–५४**

**ટીકાર્થ—અવસર્પિણીનો દુષ્ષમાનામક પાંચમો આરક કે જે ૨૧ હજાર વર્ષ જેટલો** કહેવામાં આવેલ છે. જ્યારે વ્યતીત થઈ જશે અને કાલક્રમથી (**अणंतेहिं वण्णपज्जवेहिं गन्धपज्जवेहिं रसपज्जवेहिं फासपज्जवेहिं जाव परिहायमाणे २ एत्थणं दूसमदूसमा णामं समा काले पडिवज्जिस्सइ समणाउसो**) જ્યારે અનંતવર્ણ પર્યાયો અનંત ગન્ધપર્યાયો, અનંતરસ પર્યાયો, અનંત સ્પર્શ પર્યાયો અને યાવત્પદ ગ્રાહ્ય (**अणंतेहिं संघयणपज्जवेहिं अणंतेहि संठाणपज्जवेहिं**) અનંત સંહનન પર્યાયો અનંત સંસ્થાન પર્યાયો, (**अणंतेहिं अगुरुलहुपज्जवेहिं अणंतेहिं उट्ठाणकम्मबलवीरियपुरिसक्कारपरक्कमपज्जवेहिं अणंत गुण-परिहाणीए**) અનંત અગુરુલઘુ પર્યાયો અનંત ૨ ઉત્થાનકર્મ, બળવીર્ય, પુરુષકાર પરાક્રમ પર્યાયો અનંત રૂપમાં ઘટિત થતા જશે ત્યારે હે શ્રમણ આયુષ્માન્ ! દુષ્ષમ દુષ્ષમાનામક છઠ્ઠો આરો પ્રારંભ થશે. "**तीसेणं भंते ! समाए उत्तम कट्ठपत्ताए भरहस्स वासस्स केरि-सए आयारभावपडोयारे भविस्सइ**' હે ભદંત ! આ અવસર્પિણી કાળના આ દુષ્પમ દુષ્પમા નામના કાળના સમયમાં જ્યારે આ પોતાની ઉત્કૃષ્ટસ્થિતિ સુધી પહોંચી જશે ત્યાર ભરતક્ષેત્રનો આકાર ભાવ પ્રત્યવતાર-સ્વરૂપ કેવો હશે ? આ પ્રશ્નના જવાબમાં પ્રભુ કહે છે-(**गोयमा ! काले भविस्सइ हा हा भूए भंभाभूए कोलाहलभूए, समाणुभावेण य खर फरुस धूलिमइला दुव्विसहा वाउला भयंकरा य वाया संवट्टगा य वाइंति**) હે ગૌતમ એ કાળ એવો થશે કે એમાં દુઃખથી સંત્રસ્ત થયેલા લોકો હાહાકાર કરશે ભેરીની જેમ એ કાળ જનક્ષયનો હેતુભૂત હોવાબદલ ભીતરમાં શૂન્ય રહેશે. એ કોલાહલભૂત થશે એવો જ આ કાળનો પ્રભાવ કહેવામાં આવેલ છે. એમાં જે વાયુ વહેશે તે કઠોરમાં કઠોર હશે, ધૂલિથી માલન હશે. દુર્વિસહ-દુઃખથી સહ્ય હશે. વ્યાકુળતા ઉત્પન્ન કરે તેવો હશે, ભય-પ્રદ હશે. આ વાયુનું નામ સંવર્તક વાયુ હશે. કેમકે એ તૃણ-કાષ્ઠાદિકોને એક દેશમાંથી દેશાન્તરમાં પહોંચાડનાર હશે. (**इह अभिक्खणं धूमाहिंतिअदिसा समंता रउस्सला रेणुकलु सतमपडलणिरालोआ समयलुक्खयाएणं अहियं चंदा सीअं मोच्छिहिंति अहिअं सूरिआ तविस्संति**) એ દુષ્પમ દુષ્ષમાકાળમાં દિશાઓ સતત ધૂમ-જેવી પ્રતીત થશે એટલે કે દિશાઓ ધૂમનું વમન કરનારી થશે. ચોમેર એમાં ધૂળ જ છવાઇ રહેશે. એથી તે અંધકારાવૃત્ત થવાથી પ્રકાશ રહિત થઈ જશે તથા એ દુષ્ષમ દુષ્ષમાકાળમાં કાળ મુજબ રૂક્ષતા હોવા બદલ (**अहियसीयं चंदा.**) અધિકમાત્રામાં અથવા અપથ્યરૂપમાં એટલે કે સહન ન થઈ શકે એ રૂપમાં ચન્દ્ર હિમ-વર્ષા કરશે. સૂર્ય એટલી બધી માત્રામાં ઉષ્ણતાની વર્ષા કરશે કે તે અસહ્ય થઇ પડશે. તાત્પર્ય આ પ્રમાણે છે કે કાલની રૂક્ષતાને લીધે જીવોના શરીરો રૂક્ષ થશે એથી શીત અને ઉષ્ણ બન્ને અધિક હોવાથી જીવોને મહાન્ કષ્ટ થશે.(**अदुत्तरं**) ત્યાર બાદ(**गोयमा**

હે ગૌતમ ! (अभिक्खणं) વારંવાર (अरसमेहा विरसमेहा खारमेहा खत्तमेहा अग्गिमेहा विज्जुमेहा विसमेहा अजवणिज्जोदगा) સ્વાદુરસ વર્જિત જલવર્ષી મેઘો-જલીય રસથી વિરુદ્ધ રસયુક્ત જલમેઘો, ખારમેઘો-સર્જાદિ સારસદશ રસયુક્ત જલવર્ષી મેઘો, ખારમેઘો-કારીષ રસસદશ જલવર્ષી મેઘો, અગ્નિ મેઘો-અગ્નિતુલ્ય દાહકારી જલવર્ષી મેઘો, વિદ્યુત્મેઘો-વિદ્યુત્પાત કારી મેઘો, વિષમેઘો-વિષ જેવી પ્રાણ ઘાતક જલવૃષ્ટિ કરનારા મેઘો નિર્વાહ-અયોગ્ય જલવૃષ્ટિ કરનારા અયાપનીયોદક મેઘો(वाहिरोगवेदणोदीरणपरिणामसलिला)અસમયમાં ચિરકાળ ઘાતી કુષ્ઠાદિક રોગરૂપ પરિણામોત્પાદકજલયુક્ત મેઘો, સદ્યોઘાતી શૂલાદિ વેદના કારક જલયુક્ત મેઘો, કે જેમનું (अमणुण्णपाणि अगा) પાણી અરુચિકારક થશે, એવી અરુચિકારક જલવૃષ્ટિ કરનારા મેઘો, એવી વર્ષા કરશે કે જેમાં વૃષ્ટિધારા પ્રચંડ પવનના આઘાતોથી આમ તેમ વેરાઇ જશે. અને તે લોકો ઉપર તે તીક્ષ્ણ વિશિષ્ટ આઘાતો કરનારી થશે. (जे णं भरहे वासे, गामागरणगरखेडकब्बडमडंबदोणमुहपट्टणासमगयं जणवयचउप्पयगवेलए खहयरे पक्खिसंघे) આ વૃષ્ટિથી ભરતક્ષેત્રમાં સ્થિત વૃત્તિ વેષ્ટિત ગ્રામોમા, આકર સુવર્ણાદિની ખાણોમાં, અષ્ટાદશ કરવર્જિત નગરોમાં, ધૂલિ પ્રાકાર પરિક્ષિપ્ત ખેટ ગ્રામોમાં, કુત્સિત નગર રૂપ કર્બટોમાં, અઢી ગાઉનિ અંદર ગ્રામાન્તર રહિત મડંબોમાં, જલીય માર્ગથી યુક્ત જનનિવાસ રૂપ દ્રોણમુખોમાં, સમસ્તવસ્તુઓની પ્રાપ્તિના સ્થાન ભૂત પત્તનોમાં, જલપત્તનોમાં અને સ્થલ પત્તનોમાં-બન્ને પ્રકારના પત્તનોમાં, પ્રભૂતતર વણિગ્જનોના નિવાસભૂત નિગમોમાં, પહેલાં તાપસજનો દ્વારા આવાસિત અને તત્પશ્ચાત્ બીજા લોકો જ્યાં આવીને રહેવા લાગ્યા હોય એવા સ્થાન રૂપ આશ્રમોમાં રહેનારા માણસોનો તે મેઘો વિનાશ કરશે તેમજ તે ગ્રામા દિકોમાં રહેનારાં ચતુષ્પદોના માહિષી વગેરનો, ગોજાતીય પશુઓનો, એલકો-મેષોનો-ખેચરો-વૈતાઢ્યગિરિ નિવાસી વિદ્યાધરોનો (पक्खिसंघे) પક્ષી-સમૂહોનો અથવા આકાશચારી પક્ષીઓનો (गामारण्णपयारणिरए तसे अ पाणे बहुप्पयारे) ગ્રામ અને જંગલોમાં વિચરનારા અનેક પ્રકારના ત્રસજીવોના-દ્વીન્દ્રિયાદિક પ્રાણીઓનો (रुच गुच्छगुम्मलतावल्ली पवालंकुरमादीए) આમ્રાદિક વૃક્ષોનો, વૃંતાકી વગેરે ગુચ્છોનો. નવમલ્લિકા વગેરે ગુલ્મોનો અશોકલતા આદિ લતાઓનો' વાલુકી વગેરે વલ્લીઓનો પલ્લવરૂપ પ્રવાલોનો અને શાલિ વગેરેના નવીન ઉદ્ભેદ રૂપ અંકુરોનો-તૃણવનસ્પતિ કાયિક રૂપમાદર વનસ્પતિ કાયિકોનો (સૂક્ષ્મવનસ્પતિ કાયકોનો નહિ કેમકે તેમના વડે એમનો વિનાશ થઇ શકે તેમ નથી) તેમજ (ओसहीओय) શાલ્યાદિરૂપ ઔષધિઓનો તે મેઘો 'विद्धसेहिंती' વિનાશ કરશે તેમજ તે મેઘો (वेयड्ढगिरिवज्जे पव्वयगिरिडोंगरुत्थलभट्टिमादीए अविरावेहिंति) શાશ્વત પર્વત વૈતાઢ્ય ગિરિને બાદ કરીને ઉર્જયન્ત વૈભાર વગેરે ક્રીડા પર્વતનો. ગોપાલગિરિ ચિત્રકૂટ

વગેરે પર્વતનો, શિલાસમૂહ જ્યાં હોય છે અથવા ચોર સમૂહો જેમાં નિવાસ કરે છે એવા પર્વતનો, મોટી-મોટી શિલાઓ વાળા ઉન્નત ટેકરીઓનો, ધૂલિસમૂહ રૂપ ઉન્નત સ્થલોનો અને પાંસુ આદિથી રહિત વિશાળ પઠારોનો તેમજ સમસ્ત સ્થાનોનો નાશ કરશે (**सलिल बिलविसमगत्तणिण्णुण्णयाणिअ गंगासिन्धुवज्जाइं समीकरेंति**) શાશ્વત નદી ગંગા અને સિન્ધુને બાદ કરીને પૃથ્વી ઉપરના સ્રોતોને, વિષમ ખાડાઓ ને, નીચે પ્રસરેલા પાણીનાં દ્રહોને, તેમજ નીચે ઊંચે જલસ્થાનોને તે સરખા કરી નાખશે સમાન કરી નાંખશે (**तीसेणं भंते ! समाए भरहस्स वासस्स भूमिए केरिसए आयारभावपडोयारे भविस्सइ** હે ગૌતમ પ્રભુને આ પ્રમાણે પૂછે છે- હે ભદન્ત ! તે દુષ્ષમા નામના આરામાં ભરતક્ષેત્રના આકાર-ભાવ પ્રત્યવતાર-સ્વરૂપ કેવું હશે ? એના જવાબમાં પ્રભુ કહે છે—(**गोयमा ! भूमिभवि स्सइ इंगालभूआ, मुम्मुरभूआ छारिअभूआ तत्तकवेल्लुअभूआ तत्तसमजोइभूआ धूलिबहुला रेणुबहुला, पंकबहुला, पणयबहुला, चलणि बहुला धरणि गोअराणं सत्ताणं दुण्णिक्कमायावि भविस्सइ**) હે ગૌતમ ! તે દુષ્ષમ દુષ્ષમાં કાળમાં આ ભૂમિ અંગારભૂત જ્વાલારહિત અગ્નિ પિંડ જેવી મુર્મુર રૂપ તુષાગ્નિ જેવી ક્ષારિકભૂત ગર્મ ભસ્મ જેવી, તપ્તકટાહ જેવી '**कवेल्लु**" આ દેશી શબ્દ છે અને કટાહ અર્થવાચક છે-તપ્તસમજ્યોતિ જેવી સંપૂર્ણ દેશમાં સમાન જ્વાલા વાળી અગ્નિ જેવી થશે અને પ્રચુર પાંશુવાળી થશે. પ્રચુરરેણુવાળી થશે, પ્રચુરપંક-વાળી થશે. પ્રચુર પનક-પાતળા કાદવવાળી થશે, પગ જેમાં સંપૂર્ણ રૂપમા પેસી જાય એવા પ્રચુર કાદવળી થશે. એથી ચાલનારા માણુસોને એની ઉપર અવર-જવર કરવામાં ભારે કષ્ટ થશે તેઓ મુશ્કેલીથી એની ઉપર અવર-જવર કરી શકશે. (**तीसेणं भंते ! समाए भरहे वासे मणुयाण केरिसए आयारभावपडोयारे भविस्सइ**) હે ભદન્ત ! ત કાળમાં ભરત ક્ષેત્રમાં માણ-

હે ભગવન્ તે કાળમાં ભરત ક્ષેત્રમાં માણસોનું સ્વરૂપ કેવું હશે ? જવાબમાં પ્રભુ કહે છે-(**गोयमा ! मणुआ भविस्संति दुरूवा, दुव्वण्णा दुगंधा, दुरसा, दुफासा, अणिट्ठा, अकंता, अप्पिआ, असुभा, अमणुण्णा अमणामा, हीणस्सरा, दीणस्सरा, अणिट्ठस्सरा, अकंतस्सरा, अप्पियस्सरा, अमणामस्सरा, अमणुण्णस्सरा, अणादेज्जवयणपच्चायाया णिलज्जा, कूडकवडकलहबंधवेरनिरया मज्जायातिक्कमप्पहाणा अकज्जणिच्चुज्जुया गुरुणिओगविणयरहिया य**) હે ગૌતમ ! તે દુષ્ષમાકાળના મનુષ્યો અશોભન રૂપવાળા, અશોભન આકૃતિ વાળા, દુષ્ટવર્ણવાળા, દુષ્ટગન્ધવાળા-દુર્ગન્ધયુક્ત શરીરવાળા, દુષ્ટરસયુક્તશરીરવાળા અને દુષ્ટ સ્પર્શયુક્ત શરીરવાળા થશે. એથી તેઓ અનિષ્ટ- અનભિલષણીય-થશે. અનિષ્ટ હોવાથી તેઓ અકાન્ત-અકમનીય થશે. અકમનીય હોવાથી તેઓ અપ્રીતિના સ્થાન ભૂત થશે. કેમકે એઓ અશુભભાવનાઓથી રહિત થશે. અમનોજ્ઞ થશે-એઓ શુભ છે-આ રૂપમાં

એઓ મનના વિષયભૂત થશે નહિં અર્થાત્ એમને જોઈને કોઈ પણ દિવસે આ જાતનો વિચાર નહીં થશે કે એઓ શુભ છે. તેમજ સ્મરણ અવસ્થામાં પણ એઓ મનમાટે પ્રતિકૂળજ પ્રતિભાસિત થશે. અથવા એ બધા શબ્દો અતિશય રૂપમાં અનિષ્ટતાને જ સૂચિત કરવા માટે અત્રે પર્યાયવાચીના રૂપમાં પ્રયુક્ત થયેલા છે. તેમજ એમનો જે સ્વર થશે તે રુગ્ણ વ્યક્તિના સ્વર જેવો થશે. દીનજનોનો જેવોસ્વર હોય છે, તેવો એમનો સ્વર થશે. કાનો માટે એમનો સ્વર અરમણીય થશે એટલે કે કર્ણ કટુ શબ્દ તેઓ ઉચ્ચારશે એથી એઓ અનિષ્ટ સ્વરવાળા થશે. કર્ણ કટુ સ્વરથી એ યુક્ત થશે,એથી એઓ અપ્રિય-સ્વરવાળા થશે. એમનો સ્વર મનને બિલકુલ ગમશે નહિ તેથી એઓ અમનોજ્ઞ સ્વરવાળા થશે. એમના સ્વરની સ્મૃતિ થતાં જ મન ગ્લાનિ યુક્ત થઈ જશે. એથી એઓ અમનોડમ સ્વરવાલા થશે. એમના વચનને સાંભળવાની પણ કોઈ ઇચ્છા કરશે નહિ, અને એમના જન્મ ને લઈને પણ કોઈ સરાહના કરશે નહિ. એઓ સર્વે નિર્લજ્જ થશે. કૂટમાં-ભ્રાન્તિ જનક દ્રવ્યમાં, કપટમાં-પરને પ્રતારણ કરવામાટે વેષાન્તર કરવામાં, કલહ-કલહ-કંકાસ કર, વામાં, વધ ચપેટા આદિ દ્વારા તાડના કરવામાં બંધમાં રજ્જુ આદિ દ્વારા બીજાઓને બાંધ. વામાં, વૈરમાં શત્રુતા કરવામાં એઓ સંલગ્ન રહેશે. એવા કાર્યો માં તેઓ વિશેષ રૂપથી રત રહેશે. મર્યાદા-વ્યવસ્થા-કે અતિક્રમણ કરવામાં એઓ કટિબદ્ધ રહેશે તેમજ માતા-પિતા વગેરે ગુરુજનોની વિનયાદિ ક્રિયા કરવામાં , તેમની આજ્ઞા માનવી વગેરે વાતોની એઓ પરવા કરશે નહીં (विकलरूवा) એમના અંગોપાંગો પૂર્ણ થશે નહિ. કોઈને કોઇ અંગ ઉપાંગથી એઓ હીન રહેશે. તેમજ (परूढणहकेसमंसुरोमा) એમના માથાના વાળ સંસ્કાર રહિત હોવાથી મોટા રહેશે. દાઢી અને મૂછોના વાળ પણ આવશ્યકતા કરતાં વધારે મોટા રહેશે (काला खरफरुससामवण्णा, फुट्टसिरा, कपिलपलियकेसा बहुण्हारुणि संपिणद्धदुद्दसणिज्जरूवा संकुडिअबलितरंगपरिवेढिअंगमंगा जरापरिणयव्वथेरगणरा पविरल-परिसडिअ दंतसेढी, उब्भडघडमुहा) એઓ વર્ણમાં સાવ કાળા થશે, અથવા કૃતાન્તની જેમ-ક્રૂર થશે. એમના શરીરનો સ્પર્શ એકદમ વધારે કઠોર થશે તેમને નીલીભાંડમાં વાર વાર ઝબોળવાથી જેમ વસ્ત્રમાં નીલરંગ ઘેરો જામી જાય છે તેવો જ ઘેરો શ્યામવર્ણ નીલ-રંગ-એમના શરીરનો થશે. એમના મસ્તકો રેખાઓથી યુક્ત થશે, એમના મસ્તકના વાળ કપિલવર્ણવાળા ધુમાડાના જેવાવર્ણવાળા અને સફેદ રંગવાળા થશે. એમની આકૃતિ અનેક સ્નાયુજાલ વેષ્ટિત હોવાથી દુર્દર્શનીય રહેશે. એમનું અંગ રેખાત્મક કરચલીઓથી વ્યાપ્ત રહેશે, સંકોચ યુક્ત થશે એથી જોવામાં એવા લાગશે જે કે જાણે વૃદ્ધાવસ્થાથી આલિંગિત થયેલ વૃદ્ધજન જ છે. એમની દંતપંક્તિ વિરલ થશે અને તે પણ સડી ગયેલી હશે. અથવા પરિપતિત થશે. એમનું મુખ એનાથી એવું લાગશે કે જાણે તે ઘડાનું જ વિકૃત મુખ છે. (विसमणयणवंकणासा) એમના બન્ને નેત્રો બરાબર નહીં હશે અતુલ્ય હશે અને

એમનું નાક કુટિલ હશે (वंकवलीविगयमेसणमुहा) એમનું મુખ કરચલીઓથી વિકૃત તેમજ કુટિલ હોવાથી જોવામાં ભયંકર લાગશે. (दद्दुकिटिभसिब्भफुडिअपरुसच्छवी) એમના શરીરનું ચામડું, દદ્રુ, કિટિભ–ખાજ, સિધ્મ વિગેરે વિકારોથી વ્યાપ્ત થશે, એથી તે ઘણુંજ કઠોર હશે અને એથીજ તે શરીરનો દરેકે દરેક અવયવ ચિત્રલ–કર્બુર–હશે, (कच्छूखसराभिभूया) કચ્છૂ પામા અને ખસર-કંડુરોગથી વ્યાપ્ત રહેશે એથી (खर-तिक्ख-णक्खकंडूइय-विकय-तणू) ખર-કર્કશ અને તીક્ષ્ણ નખો વડે ખંજવાળેલું એમનું શરીર વિકૃત થઈ ગયેલું હશે અને ઠેક ઠેકાણે તેમાં ઘા હશે. (टोलगतिविसमसंधिबंधणा) એમની ચાલ ઉષ્ટ્રાદિકની જેવી થશે. એમના સંધિબંધન વિષમ હશે. (उक्कुडु-अट्ठिअविभत्तदुब्बलकुसंघयणकुप्पमाणकुसंठिया) એમના શરીરની અસ્થિઓ ઉત્કુટુક-યથાસ્થાનની સ્થિતિથી રહિત હશે, અને વિભકતપરસ્પરમાં સંશ્લેષથી રહિત થશે એઓ સર્વે દુર્બલબલરહિત, કુસંહનન કુત્સિત સંહનનવાળા–સેવાર્ત્ત સંહનનવાળા અને કુપ્રમાણ-હીન પ્રમાણવાળા થશે તથા કુસંસ્થિત–કુત્સિત આકારવાળા થશે એથી એઓ કુરૂપ–કદ્રૂપા કુત્સિતરૂપયુક્ત થશે. તેમજ એઓ (कुट्ठाणासणकुसेज्जभोइणी) ખરાબ–ગંદી જગ્યામાં ઉઠશે-બેસશે. એમની શય્યા કુત્સિત હશે. (असुइणो) શુદ્ધિથી એઓ રહિત હશે અથવા શાસ્ત્ર-જ્ઞાનથી એઓ રહિત હશે. (अणेगवाहिपीलिअंगमंगा) એમના શરીરનો દરેકે દરેક અવયવ અનેકવિધ વ્યાધિઓ–રોગોથી ગ્રસિત હશે. (खलंतविब्भलगई) મદોન્મત્ત પુરુષની ગતિની જેમ એમની ગતિ હશે એટલે કે મદોન્મત્તની ગતિ લથડતી હોય છે. એવી જ એમની ગતિ હશે (णिरुच्छाहा) એમનામાં કોઈ પણ જાતનો ઉત્સાહ નહિ હશે (सत्तपरिवज्जिया) સત્વ-આત્મ બળથી એઓ રહિત હશે. (विगय चेट्ठा) એમની ચેષ્ટા નષ્ટ થઈ જશે. અર્થાત્ એઓ કોઈ પણ જાતની ચેષ્ટાવાળા થશે નહી–ચેષ્ટારહિત થશે. (नट्ठतेआ) એમનું શરીર ફીકું-કાંતિ રહિત હશે. (अभिक्खणं सीउण्हखरफरुसवायविज्झडिअमलिणपंसुरओगुंडियंग-मंगा) એમનું શરીર નિરંતર શીતસ્પર્શવાળા, ઉષ્ણસ્પર્શ વાળા, તીક્ષ્ણ, કઠોર વાયુથી વ્યાપ્ત રહેશે, એથી તે મલિનતા યુક્ત હશે અને ધૂલિના નાના–નાના કણો થી તે અવગુંઠિત રહેશે. (बहु कोहमाणमायालोभा) એમને ક્રોધ, માન, માયા અને લોભ એ કષાયો પ્રચુર માત્રામાં રહેશે. (बहु मोहा) મોહ મમતા–એમનામાં બહુ જ વધારે પ્રમાણમાં થશે, (असु-भदुक्खभागी) શુભકર્મોથી એઓ રહિત હશે એથી એઓ દુઃખભાગી થશે તથા (ओसण्णं-धम्मसण्णसम्मत्तपरिब्भट्ठा) એઓ પ્રાયઃ ધર્મ, શ્રદ્ધા અને સમ્યક્ત્વથી પરિભ્રષ્ટ હશે. અહી જે પ્રાયઃ શબ્દવાચી 'ओसण्ण' શબ્દ પ્રયુક્ત થયેલ છે. તેનાથી આ વાત પ્રકટ કરવામાં આવી છે કે કદાચિત એઓ સમ્યગ્દૃષ્ટિ સમ્પન્ન પણ થશે. તથા (उक्कोसेणं रयणिप्पमाण-मेत्ता) એમના શરીરની ઉંચાઈ. ઉત્કૃષ્ટથી ૨૪ અંગુલ પ્રમાણ એક હાથ જેટલી હશે (सोल-सवीसइवास परमाउसो) એમની ઉત્કૃષ્ટ આયુ ૧૬ વર્ષથી માંડીને ૨૦ વર્ષ સુધી હશે (बहु पुत्तणत्तुपरियालपणयबहुला) અનેક પુત્ર અને પૌત્રરૂપ પરિવારમાં પ્રચુર પ્રણય–સ્નેહથી એઓ યૌવનાવસ્થા સમ્પન્ન થઇ થશે. એથી અલ્પ આયુમાં પણ એઓ પ્રચુર પુત્ર પૌત્રાદિ પરિવાર વાળા થઈ જશે. જો અહીં કોઈ એવી આશંકા કરે કે તે સમયમાં એમને ગૃહા-દિના અભાવથી એઓ નિવાસ કયાં કરશે ? તો આ શંકાની નિવૃત્તિ માટે સૂત્રકાર કહે છે– (गंगासिंधूओ महाणईओ वेयड्ढंच पव्वयं नीसाए बावत्तरिं णियोगबीयं बीयमेत्ता बिलवासिणो मणुया भविस्संति) એઓ ગંગા અને સિંધુ તેમજ વૈતાઢ્ય પર્વતના આધારે રહેલ. બિલવાસી મનુષ્યો ૭૨ હશે. એમનાથી ફરી ભવિષ્યત્ મનુષ્યોના કુટુંબોની-

સૃષ્ટિ થશે. એઓ સ્વરૂપમાં સ્વલ્પ હશે. આ પ્રમાણે હે ગૌતમ ! દુષ્ષમદુષ્ષમાકાળમાં 'दुरूवा' પદથી માંડીને ''विलवासिनः'' આ અંતિમ વિશેષણ રૂપ પદો સુધીના પદો વડે અમોએ છઠ્ઠા આરાના વખતના મનુષ્યોનુ વર્ણન કર્યું છે. હવે ગૌતમ સ્વામી ફરીથી પ્રભુશ્રીને પ્રશ્ન કરે છે- (तेणं भंते ! मणुआ किमाहरिस्संति) હે ભદંત ! તે છઠ્ઠા આરાના મનુષ્યો કેવો આહાર કરશે ? જવાબમાં પ્રભુ કહે છે-(गोयमा ! तेणं कालेणं तेणं समएणं गंगा सिंधूओ महाणईओ) હે ગૌતમ ! તે કાળમાં અને તે સમયમાં ગંગા અને સિન્ધુ નામે બે નદીઓ હશે એ બન્ને નદીઓ (रहपहमित्तवित्थराओ) રથના ગમન માર્ગનું જેટલું પ્રમાણ હોય છે, તેટલા પ્રમાણ જેટલા વિસ્તારવાળી હશે, (अक्खसोयप्पमाणमेत्तं) બન્ને નદીઓમાં રથના ચન્દ્રના છિદ્ર તુલ્ય જેની અવગાહનાનું પ્રમાણ હશે, તેટલું પાણી વહેતું રહેશે. એટલે કે એ બન્નેની ઊંડાઈ સાવ ઓછી હશે. રથના ચક્રના છિદ્રની જેટલી ઊંડાઈ હોય છે તેટલી ઊંડાઈ જેટલું પાણી એનનામાં રહેશે (से वि य णं जले बहुमच्छकच्छभाइण्णं णो चेव णं आउबहुले भविस्सइ) તેમાં પણ અનેક મત્સ્યો અને કચ્છપો રહેશે. એ પાણીમાં સજાતીય અપ્કાયના જીવો નહિ થશે. અહીં કોઈ આ પ્રમાણે શંકા કરી શકે કે ક્ષુલ્લહિમવાન્ પર્વત પર અરક વ્યવસ્થા નથી. ત્યાં જે પદ્મ નામક હ્રદ છે. તેમાંથી જ ગંગા અને સિંધુ નામક નદીઓ નીકળી છે. એથી આ નદીઓનો પ્રવાહ નિયત હોય છે. તો પછી પૂર્વોક્ત રૂપથી આપે એમના જે પ્રવાહો કહ્યા છે, તે કયા આધારે કહ્યા છે ? તો આ આશંકાનો જવાબ આ પ્રમાણે છે-ગંગા પ્રપાતકુંડથી નિર્ગમન પછી ક્રમશઃ કાળના પ્રભાવ થી ભરતક્ષેત્રમાં પ્રચંડ તાપ દ્વારા અન્ય જલાશયો શુષ્ક થઈ જાય ત્યારે સમુદ્ર પ્રવેશ ના સમયે, એ ગંગા અને સિન્ધુ નદીઓમાં પૂર્વોક્ત પ્રમાણ વાળું પાણી અવશિષ્ટ રહે છે. એથી એઓ તેટલા જ પ્રમાણવાળા જળને પ્રવાહિત કરે છે, એથી અહીં શંકા જેવી કોઈ વાત નથી.

(तएणं ते मणुआ सूरुग्गमणमुहुत्तंसि अ सूरत्थमणमुहुत्तंसि अ विलेहिंतो णिद्धाइस्संति) તે બિલવાસી મનુષ્યો જ્યારે સૂર્યોદય થવાનો સમય થશે ત્યારે અને જ્યારે સૂર્યાસ્ત થવાનો સમય હશે ત્યારે પોત-પોતાના બિલોમાંથી બહાર નીકળશે અને (विलेहिंतो णिद्धाइत्ता) બિલોમાંથી વેગ પૂર્વક નીકળીને તેઓ (मच्छकच्छमे) મત્સ્યો અને કચ્છપોને પાણીમાંથી, પકડશે અને પકડીને (थलाहिं गाहेहिंति) તેમને જમીન ઉપર તટ પ્રદેશ ઉપર-બહાર લઈ આવશે. (मच्छकच्छमे थलाइं गाहेत्ता सीआतवतत्तेहिं मच्छकच्छपेहि इक्कवीसं वाससहस्साइं वित्तिं कप्पेमाणा विहरिस्संति) પછી એઓ તે મચ્છ કચ્છપોને રાત્રેશીતમાં અને દિવસમાં તડકામાં સૂકવશે. આ પ્રમાણે કરવાથી તેમનો રસ જ્યારે શુષ્ક થઈ જશે, એટલે કે તેઓ સર્વે શુષ્ક થઈ જશે, ત્યારે એઓ તેમનાથી પોતાની બુભુક્ષા મટાડશે આ પ્રમાણે આ આરાની સ્થિતિ ૨૧ હજાર વર્ષ જેટલી છે ત્યાં સુધી એઓ તેમ કરતા રહેશે. તાત્પર્ય આ પ્રમાણે છે કે છઠ્ઠા આરામાં અગ્નિનો વિનાશ થઈ જશે અને આમ--ભીના-મચ્છ—કચ્છ પોને કે જેમનામાં રસની અધિકતા રહે છે, એમની જઠરાગ્નિ પચાવી શકશે નહી. આ કારણે તે કાળમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો તે મત્સ્ય કચ્છપોને શીત અને આતપમાં નાખીને તેમને સૂકવીને જ ખાશે. એ જ વાત ''सीयातवतत्तेहिं' પાઠ વડે પ્રકટ કરવામાં આવી છે.

હવે ગૌતમ સ્વામી ફરી પ્રભુને આ પ્રમાણે પૂછે છે-(तेणं भंते ! मणुया) હે ભદંત !.

એ છટ્ઠા આરામાં ઉત્પન્ન થયેલા મનુષ્યો કે જેઓ (णिस्सीला) શીલ વર્જીત દુરાચારી થશે (णिव्वया) મહાવ્રતોથી હીન થશે-અનુવ્રતો અને મૂળગુણોથી રહિત હશે. (णिगुण्णा) ઉત્તમ ગુણોથી રહિત હશે, (णिम्मेरा) કુલાદિ મર્યાદા થી પરિવર્જિત હશે (णिप्पच्चक्खाणपोसहोववासा) પૌરુષિ વગેરે નિયમો અને અષ્ટમી વગેરે પર્વ સંબંધી ઉપવાસોના આચરણથી રહિત થશે. (ओसण्णं मंसाहारा मच्छाहारा खुड्डाहारा कुणिमाहारा) પ્રાયઃ માંસાહારી થશે, મત્સ્યભક્ષી થશે, તુચ્છ આહાર કરશે અને વસાદિ દુર્ગન્ધ આહાર ભક્ષી થશે. (काल मासे कालं किच्चा कहिं गच्छिहिंति कहिंउववज्जिहिंति) કાળ માસમાં મરણ પ્રાપ્ત કરીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? એના જવાબમાં પ્રભુ કહે છે-गोयमा ! ओसण्णं णरगतिरिक्खजोणिएसु गच्छिहिंति उववज्जिहिंति હે ગૌતમ ! પ્રાયઃ કરીને એઓ નરક ગતિ અને તિર્યંચ ગતિમાં જશે અને ત્યાં જ ઉત્પન્ન થશે. ફરી ગૌતમ સ્વામી પ્રભુને પ્રશ્ન કરે છે-(तीसेणं भंते ! समाए सीहा वग्घा, विगा, दीविया, अच्छा, तरक्खा, परस्सरा) હે ભદંત ! તે છટ્ઠા આરામાં સિંહ, વાઘ, વૃક,, દ્વીપક, ચીતો, રીંછ, તાક્ષ-વાઘનીજાતનું હિંસક જાનવર વિશેષ અને પરસ્સર-ગેંડો, હાથી (सरभसियालविरालसुणगा) તથા શરભ-અષ્ટાપદ, શ્રૃંગાલ, બિડાલ-માર્જર, શુનક-કૂતરાઓ (कोलसुणगा) વન્ય કૂતરાઓ, (ससगा) સસલાઓ (चित्तगा) ચિત્રકો (चिल्ललगा) ચિલ્લલકો-શ્વાપદવિશેષ આ બધાં પ્રાણીઓ (ओसण्णं) પ્રાયઃ કરીને (मंसाहारा) મંસાહારી (मच्छाहारा) મત્સ્યાહારા (खोद्दाहारा) ક્ષુદ્રાહારી-નીરસ ધાન્ય આહારી (कुणिमाहारा) કુણપ—શબ—આહારી તેમજ માંસ-વસા આદિના આહારી હોય છે. તો પછી એ બધા (कालमासे कालं किच्चा कहिं गच्छहिंति कहिं उववज्जिहिंति) કાળ માસમાં મરણ પ્રાપ્ત કરીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? એના જવાબમાં પ્રભુ કહે છે— (गोयमा ! ओसण्णं णरगतिरिक्खजोणिएसु) હે ગૌતમ ! એઓ સર્વે પૂર્વોક્ત માંસાહારાદિ વિશેષણો વાળા સિંહ, વાઘ વગેરે પ્રાણીઓ ઘણું કરીને નરક ગતિ અથવા તો તિર્યગ્ગતિમાં મરણ પ્રાપ્ત કરીને જશે અને ત્યાં જ ઉત્પન્ન થશે. (तेणं भंते ढंका, कंका पीलगा मग्गुआ सिहो) હે ભદન્ત ! ઢંક-કાક વિશેષ, કંક વૃક્ષ ક્રોડ પક્ષી (બગલો) મદ્રક જલ કૌઆ અને શિખી-મયૂર (ओसण्णं मांसाहारा जाव कहिं गच्छहिंति कहिं उववज्जिहिंति) એ બધા પક્ષીઓ કે જેઓ પ્રાયઃ માંસાહાર કરે છે, યાવત્ માસ્યાહાર કરે છે, ક્ષુદ્રાહાર કરે છે, કુણપાહાર કરે છે, કાલમાસમાં મૃત્યુ પ્રાપ્ત કરીને ક્યાં જશે ? ક્યા ઉત્પન્ન થશે ? એના જવાબમાં પ્રભુ કહે છે -(गोयमा ! ओसण्णं णरगतिरिक्खजोणिएसु) હે ગૌતમ ! એ જીવો પ્રાયઃ નરક અને તિર્યગ્ યોનિકોમાં (जाव) યાવત (गच्छिहिंति) જશે અને ત્યાંજ (उववज्जिहिंति) ઉત્પન્ન થશે, ॥૫૪॥

આ પ્રમાણે છટ્ઠા આરાની પ્રરૂપણા કરવાથી અવસર્પિણી કાળની પ્રરૂપણા થઈ જાય છે. હવે સૂત્રકાર પૂર્વોદ્દિષ્ટ અવસર્પિણી કાલની તેના પ્રથમ આરક વગેરેની પ્રરૂપણા કરે છે—

तीसे णं समाए इक्कवीसाए वाससहस्सेहिं काले विइक्कंते-इत्यादि-सूत्र ॥५५॥

ટીકાર્થ—(समणाउसो) હે શ્રમણ આયુષ્મન્ ! (तीसे णं समाए) તે અવસર્પિણીના અવયવ રૂપ દુષ્ષમા નામક આરાની (इक्कवीसाए वाससहस्सेहिं वीइक्कंते) ૨૧ હજાર વર્ષરૂપ સ્થિતિ જ્યારે સમ્પૂર્ણ થઈ જશે એટલે કે ૨૧ હજાર વર્ષનો પંચમકાળ નીકળી જશે (आगमिस्साए उस्सप्पिणीए) ત્યારે આગળ આવનારા ઉત્સર્પિણી કાળમાં-सावणबहुल-

पडिवए) શ્રાવણ માસની કૃષ્ણપક્ષની પ્રતિપદા તિથિમાં પૂર્વ અવસર્પિણી કાળના અષાઢ માસની પૂર્ણિમા તિથિ રૂપ અંતિમ સમયની સમાપ્તિ થઈ જશે (बालवकरणंसि अभिइणक्खत्ते) બાલવ નામના કરણમાં ચન્દ્રની સાથે અભિજિત નક્ષત્રનો યોગ થશે ત્યારે (चोद्दसपढमसमये) ચતુર્દશ કાળોનો જે ઉચ્છવાસ કે નિઃશ્વાસ રૂપે પ્રથમ સમય છે તે સમયે (अणंतेहि वण्णपज्जवेहिं, जाव अणंत गुणपरिवुड्ढीए परिवड्ढमाणे २ एत्थणं दूसमदूसमाणामं समा पडिवज्जिसइ) અનંતવર્ણ પર્યાયોથી, યાવત અનંત ગન્ધ પર્યાયોથી, અનંતરસ પર્યાયોથી અનંત સ્પર્શ પર્યાયોથી, અનંત સંહનન પર્યાયોથી, અનંત સંસ્થાન પર્યાયોથી, અનંત ઉચ્ચત્વ પર્યાયોથી, અનંત આયુષ્ક પર્યાયોથી અનંત અગુરુલઘુ પર્યાયોથી, અનંત ઉત્થાન, કર્મ, બળ—વીર્ય પુરૂષકાર પર્યાયોથી અનંત ગુણ વૃદ્ધિયુક્ત થતો આ દુષ્ષમ દુષ્ષમા નામનો કાળ પ્રારંભ થશે. ચતુર્દશ પ્રકારના કાળો આ પ્રમાણે છે નિઃશ્વાસ અથવા ઉચ્છ્વાસ (૧) પ્રાણ (૨) સ્તોક (૩) લવ (૪), મુહૂર્ત (૫), અહોરાત્ર (૬), પક્ષ (૭), માસ (૮) ઋતુ (૯) અયન (૧૦), સંવત્સર (૧૧) યુગ (૧૨) કરણ (૧૩) અને નક્ષત્ર (૧૪) સમય કાળનો નિર્વિભાગ અંશ છે. એથી એમાં આદિ અંતનો વ્યવહાર થતો નથી તથા આવલિકારૂપકાળમાં અવ્યવહાર્યતા છે. એથી સમયપદથી અહીં ઉચ્છ્વાસ નિઃશ્વાસમાંથી એકતરનું ગ્રહણ કરવામાં આવેલ છે. અને અહીંથી ચતુર્દશકાળ વિશેષોની ગણના કરવામાં આવી છે. એવું અહીં સમજવું જોઈએ. એ ચતુર્દશ કાલોનો જે પ્રથમ સમય છે તેજ ઉત્સર્પિણી કાળના પ્રથમ આરકનો પ્રથમ સમય છે, કેમકે—અવસર્પિણીકાળ સંબંધી એ ચતુર્દશ નિઃશ્વાસાદિ કાળ વિશેષોની દ્વિતીય આષાઢ પૌર્ણમાસીના ચરમ સમયમાં જ પરિસમાપ્તિ થઈ જાય છે. તાત્પર્ય આ કથનનું આ પ્રમાણે છે કે જ્યારે અવસર્પિણી આદિરૂપ મહાકાળ પ્રથમતઃ પ્રવૃત્ત થાય છે તે જ સમયે તદવાન્તર ભૂત સર્વ નિઃશ્વાસાદિ રૂપ ચતુર્દશ કાળ વિશેષ યુગવત પ્રવૃત્ત થાય છે અને જ્યારે પોતપોતાનું પ્રમાણ સમાપ્ત થઈ જાય છે. ત્યારે તેઓ બધા જ સમાપ્ત થઈ જાય છે. આ પ્રમાણે પ્રારંભ થયેલ અને સમાપ્ત થયેલ તે નિઃશ્વાદિ કાળ વિશેષ મહાકાળની પરિસમાપ્તિ થતાં જ સમાપ્ત થઈ જાય છે. અહીં કોઈ એવી આશંકા કરે છે કે ઋતું અષાઢની આદિમાં પ્રવૃત્ત હોય છે, એવું શાસ્ત્રનું કથન છે અને તમે અહીં આમ કહો છો કે ઉત્સર્પિણી શ્રાવણ માસના આદીમાં પ્રવૃત્ત થાય છે. એથી જે ચતુર્દશ કાળોનો આદી સમય છે. તે જ ઉત્સર્પીણીનો પ્રથમ સમય છે, એવું કથન સંગત લાગતું નથી. કેમકે અર્ધી ઋતુની પરીસમાપ્તી થઈ જાય છે. તો આ શંકાનું સમાધાન આ પ્રમાણે છે કે શ્રાવણાદી પ્રાવૃત્ત આશ્વિનાદિ વર્ષા માર્ગશીર્ષાદિ શરદ માઘાદિ હેમન્ત, ચૈત્રાદિ વસન્ત અને જયેષ્ઠાદિ ગ્રીષ્મઋતુ છે એ રીતે આચાર્યોએ ઋતુ ક્રમનું વર્ણન કર્યુ છે. એથી આગમસમ્મત અનુમાનથી આ પક્ષમાં કોઈ પણ જાતનો દોષ નથી.

હવે ગૌતમ સ્વામી પ્રભુને આ પ્રમાણે પૂછે છે કે

(तीसेणं भंते समाए भरहस्स वासस्स केरिसए आयारभावपडोयारे भविस्सइ) હે ભદન્ત ! આ ઉત્સર્પિણી કાળના પ્રથમ આરામાં ભરતક્ષેત્રનો કેવો આકાર-ભાવ-પ્રત્યવતાર

એટલે કે સ્વરૂપ થશે. એના જવાબમાં પ્રભુ કહે છે-(**गोयमा ! काले भविस्सइ, हाहाभूए, भंभाभूए एवं सो चेव दूसमदूसमावेढओ**) એ કાળ એવો થશે કે જેવો અવસર્પિણી કાળના વર્ણનમાં છઠ્ઠા આરાનું વર્ણન હા હાભૂત, ભંભાભૂત વગેરે પદોવડે સ્પષ્ટ કરવામાં આવેલ, છે. એથી જે પ્રમાણે ત્યાં વર્ણન કરવામાં આવેલ છે. તેવું જ વર્ણન આ પ્રસંગે અહીં પણ જાણી લેવું જોઇએ. આ પ્રમાણે ઉત્સર્પિણીના પ્રથમ આરા રૂપ દુષ્ષમ દુષ્ષમાનું વર્ણન કરીને હવે સૂત્રકાર એના દ્વિતીય આરાના વર્ણન-પ્રસંગમાં કહે છે-(**तीसेणं समाए एक्कवीसाए वाससहस्सेहिं काले विइक्कंते**) જ્યારે ઉત્સર્પિણીનો આ દુષ્ષમ દુષ્ષમા નામનો ૧ પ્રથમ-કાળ કે જે ૨૧ હજાર વર્ષ જેટલો છે. સમાપ્ત થઇ જશે ત્યારે (**अणंतेहिं वण्णपज्जवेहिं जाव अणंतगुणपरिवुड्ढीए परिवड्ढेमाणे एत्थणं दूसमाणामं समा काले पडिवज्जिस्सइ**) ત્યારે ધીમે ધીમે કાળના પ્રભાવથી અનંત શુક્લાદિ વર્ણ પર્યાયોથી યાવત-અનંત રસ આદિ પૂર્વોક્ત પર્યાયોથી અનંત ગુણ પરિવર્દ્ધિત, થતો બીજો દુષ્ષમા નામક આરાનો પ્રારંભ થશે. ॥૫૫॥

## ઉત્સર્પિણી કે દુષ્ષમા આરકમેં અવસર્પિણીકે દુષ્ષમા આરકસે વિશિષ્ટતાકા કથન

આ ઉત્સર્પિણીના દુષ્ષમા આરામાં અવસર્પિણીના દુષ્ષમા આરાની અપેક્ષાએ જે વિશિષ્ટતા છે. તેનું વર્ણન કરતાં સૂત્રકાર કહે છે-

**'ते णं कालेणं तेणं समएणं पुक्खलसंवट्टए णामं महामेहे'** इत्यादि. સૂ. ૫૬॥

ટીકાર્થ-આ ઉત્સર્પિણીના દ્વિતીય આરક રૂપ દુષ્ષમાકાળમાં-આ કાળના પ્રથમ સમયમાં પુષ્કલ સંવર્તક નામક (**महामेहे**) મહામેઘ (**पाउब्भविस्सइ**) પ્રકટ થશે. પુષ્કલસંવર્તક' એવું જે મહામેઘનું નામ આપવામાં આવેલ છે, તે ગુણાનુરૂપ નામ છે કેમકે ભરતક્ષેત્રની પૃથિવીની રૂક્ષતાને-દાહકતા આદિને કે જે એમાં અવસર્પિણીના છઠ્ઠા આરામાં અને ઉત્સર્પિણીના પ્રથમ આરકમાં આવી ગઇ હતી-તેને તે મહામેઘ પોતાના પ્રશસ્ત ઉદકવડે દૂર કરી દે છે (**भरहप्पमाणमित्ते आयामेणं ''तयणुरूवं च णं विक्खंभबाहल्लेणं**) આ પુષ્કલસંવર્તક મહામેઘનું પ્રમાણ જેટલું ભરતક્ષેત્રનું પ્રમાણ છે તેટલું થશે. એટલે કે આ ૧૪૪૭૧ યોજન જેટલો લાંબો થશે તેમજ ભરતક્ષેત્રનો જેટલો વિષ્કંભ અને સ્થૌલ્ય છે તેટલા જ પ્રમાણ જેટલો આનો વિષ્કંભ અને સ્થૌલ્ય થશે. **तयणुरूव''** માં જે નપુંસકલિંગનો નિર્દેશ કરવામાં આવેલ છે તે આર્ષ હોવાથી કરવામાં આવેલ છે, આ પ્રમાણે જ આગળ પણ સમજવું જોઇએ (**तए णं से पुक्खलसंवट्टए महामेहे खिप्पामेव पतणतणाइस्सइ खिप्पामेव पविज्जुआइस्सइ**) ત્યાર બાદ તે પુષ્કલ સંવર્તક-પર્જન્યાદિ ત્રણ મેઘોની અપેક્ષાએ વિશાલતાવાળો

મહામેઘ અતીવ શીઘ્રતાથી ગર્જના કરશે. (खिप्पामेव पतणतणाइत्ता) ગર્જના કરીને (खिप्पामेव पविज्जुआइस्सइ) પછી તે શીઘ્ર વિદ્યુતોથી યુક્ત થશે એટલે કે તેમાંથી વીજળી ઓ ચમકશે. (खिप्पामेव पविज्जुआइत्ता खिप्पामेव जुगमुसलमुट्ठिप्पमाणमित्तेहिं ओघमेघं सत्तरत्तं वासं वासिस्सइ) વીજળીઓના ચમકવા બાદ પછી તે મહામેઘ યૂકા પ્રમાણ, મૂસલ પ્રમાણ તથા મુષ્ટિ પ્રમાણ જેવી ધારાઓથી સાત દિવસ સુધી કે જેમાં સામાન્યરૂપથી મેઘનો સદ્ભાવ રહેશે વર્ષા કરતો રહેશે. (जे णं भरहस्स वासस्स भूमीए सिणेहभावं जणइस्सइ) આ મેઘ ભરતક્ષેત્રના ભૂપ્રદેશને કે જે અંગાર જેવો તેમજ તુષાગ્નિ જેવો થઈ રહ્યો છે અને ભસ્મીભૂત થઈ ચૂક્યો હતો તથા તપ્ત કટાહની જેમ સળગી રહ્યો હતો તેને સમ્પૂર્ણતઃ શાન્ત કરશે, શીતલ કરશે. (तंसि च णं पुक्खलसंवट्टगंसि महामेहंसि) આ પ્રમાણે તે પુષ્કલસંવર્તક મહામેઘ (सत्तरत्तं णिवतितंसि समाणंसि) સાત દિવસ-રાત્રિ સુધી સતત વરસશે ત્યાર બાદ

एत्थ णं खीरमेहे णामं महामेहे पाउब्भविस्सइ) અહીં ક્ષીરમેઘ નામક મહામેઘ પ્રકટ થશે (भरहप्पमाणमेत्ते आयामेणं) એની લંબાઇ પણ ભરતક્ષેત્રના પ્રમાણ જેટલી થશે (तयणुरूवं च णं विक्खम्भबाहल्लेणं) અને ભરતક્ષેત્ર પ્રમાણે જ એનો વિષ્કંભ અને બાહલ્ય થશે. (त एणं से खीरमेहे णामं महामेहे खिप्पामेव पतणतणाइस्सइ) તે ક્ષીર મેઘ નામનો મહામેઘ બહુ જ શીઘ્ર ગર્જના કરશે. (जाव खिप्पामेव जुगमुसलमुट्ठिजाव सत्तरत्तं वासं वासिस्सइ) યાવત્ તે અતીવ શીઘ્રતાથી વીજળીઓ ચમકાવશે અને બહુ જ શીઘ્રતાથી તે યૂકા પ્રમાણ, મૂસલ પ્રમાણ અને મુષ્ટિ પ્રમાણ જેટલી ધારાઓથી સાત દિવસ-રાત્રિ સુધી વર્ષા કરતો રહેશે. (जे णं भरहवासस्स भूमीए वण्णं गन्धं रसं फासं च जणइस्सइ) એથી તે ક્ષીરમેઘ ભરતક્ષેત્રની ભૂમિના વર્ણ, ગન્ધ, રસ અને સ્પર્શને શુભ બનાવી દેશે કેમકે એના પહેલાં ત્યાંના વર્ણાદિકો અશુભ હતાં . અહીં કોઇ એવી આશંકા કરી શકે છે કે જો ક્ષીરમેઘ વર્ણાદિકોને શુભ કરી દે છે તો પછી તરુ-પત્રાદિકોમાં નીલ, જંબૂફલાદિકોમાં કૃષ્ણ વર્ણ, મરીચાદિકોમાં

કટુરસ, કારેલા વગેરેમાં તિક્તરસ, ચણા આદિમાં રૂક્ષ-સ્પર્શ, સુવર્ણ આદિકોમાં ગુરુસ્પર્શ ક્રકચ-કરવત વગેરેમાં કઠોર સ્પર્શ વગેરે એ અશુભ વર્ણાદિકો કેવી રીતે સંભવિત હોય છે ? તો આનો જવાબ આ પ્રમાણે છે કે નીલાદિક જો કે અશુભપરિણામ રૂપ છે પણ એ ઓ અનુકૂલ વેદ્ય હોવાથી શુભ જ છે. જેમ શ્વેતવર્ણ શુભ જ હોય છે, પરંતુ જ્યારે એ કુષ્ઠાદિગત હોય છે તો તે પ્રતિકૂલ વેદ્ય હોવાથી અશુભ રૂપજ ગણાય છે. (तंसि णं खीरमेहंसि सत्तरत्तंसि णिवत्तितंसि समाणंसि) જ્યારે તે ક્ષીરમેઘ સાત દિવસ અને રાત સુધી સતત વર્ષતો રહેશે, ત્યારબાદ (घयमेहे णामं महामेहे) અહીં ઘતમેઘ નામક મહામેઘ (पाउब्भविस्सइ) પ્રકટ થશે. આ મેઘ પણ (भरहप्पमाणमित्ते आयामणं तयणुरूवं च णं विक्खंभेण बाहल्लेणं) ભરતક્ષેત્ર પ્રમાણ જેટલી ચોડાઈ વાળો અને વિશાળ હશે. (तएणं से घयमेहे णाम महामेहे खिप्पामेव पतणतणाइस्सइ) પ્રકટ થવાબાદ તે ઘૃતમેઘ ગર્જના કરશે. (जाव वासं वासिस्सइ) યાવત્ વર્ષા કરશે. (जे णं भरहस्स वासस्स भूमिए सिणेहभावं जणइस्सइ)

આથી ભરતક્ષેત્રની ભૂમિમાં સ્નેહભાવ-સ્નિગ્ધતા થઈ જશે, (**तंसि च णं घयमेहंसि सत्तरत्त णिवत्तितंसि समाणंसि**) આ પ્રમાણે આ ધૃતમેઘ સાતદિવસ અને રાત સુધી સતત વર્ષતો રહેશે. ત્યારબાદ (**एत्थ णं अमयमेहे पाउब्भविस्सइ भरहप्पमाणमित्त आयामेणं जाव वासं वासिस्सइ**) અહીં અમૃતમેઘ નામક મહામેઘ પ્રકટ થશે. આ મેઘ લંબાઈ પહોળાઈ અને સ્થૂલતામાં ભરતક્ષેત્ર જેટલી લંબાઈ, પહોળાઈ અને સ્થૂલવાળો થશે. આ પણ સાત દિવસ અને રાત સુધી અમૃતની વર્ષા કરશે. (**जे णं भरहे वासे रुक्ख-गुच्छ-गुम्म-लय-वल्लि-तण पव्वग-हरितग-ओ सहि-पवालंकुरमाइए**) આ મેઘ ભરત ક્ષેત્રમાં વૃક્ષોને, ગુચ્છોને, સ્કંધ-રહિત વનસ્પતિ વિશેષોને લતાઓને, વલ્લિઓને અશીરાદિક તૃણોને, પર્વજ ઈક્ષુ આદિકોને દૂર્વાદિક લીલી વનસ્પતિને, શાળી આદિક ઔષધિઓને, પાંદડા આદિ રૂપ પ્રવાલોને, વ્રીહિ આદિ બીજ સૂચીભૂત અંકુરોને ઈત્યાદિ બાદરવનસ્પતિકાયિકોને ઉત્પન્ન કરશે. (**तंसि च णं अमयमेहंसि सत्तरत्तं णिवत्ति तंसि समाणंसि**) આ પ્રમાણે અમૃતમેઘ સાત દિવસ અને રાત સુધી વર્ષતો રહેશે. આની અંદર જ (**एत्थ णं रसमेहे णामं महामेहे पाउब्भविस्सइ**) અહીં એક બીજો મહામેઘ પ્રકટ થશે. જેનું નામ રસમેઘ હશે. આ રસમેઘ પણ (**भरहप्प माणमित्ते आयामेणं जाव वासं वासिस्सइ**) લંબાઈ, પહોળાઈ અને સ્થૂલતામાં ભરતક્ષેત્રના પ્રમાણ જેટલો હશે આ પણ ભરતક્ષેત્રની ભૂમિપર સાત દિવસ અને રાત સુધી સતત વર્ષતો રહેશે. (**जेणं बहूणं रुक्खगुच्छ गुम्मलय वल्लि तण पव्वग हरित ओसहिं पवालंकुरमाईणं तित्त, कडुय कसायअंबिल महुरे**) એ રસમેઘ અનેક વૃક્ષોમાં, ગુચ્છામાં, ગુલ્મોમાં, લતાઓમાં, વલ્લિઓમાં, તૃણોમાં પર્વતોમાં, હરિત દૂર્વાદિકોમાં, ઔષધિઓમાં, પ્રવાલોમાં અને અંકુરાદિકોમાં તિક્ત, કટુક, કષાયલા, આમ્લ અને મધુર (**पंचविहे रसविसेसे**) એ પાંચ પ્રકારના રસવિશેષોને (**जणइस्सइ**) ઉત્પન્ન કરશે. એ પાંચ પ્રકારના રસોમાં તિક્તરસ નિંબ આદિકોમાં, કટુક રસ મરીચ આદિકોમાં કષાયરસ હરીતકી આદિકોમાં, અમ્લરસ ચિંચા આમલી આદિકોમાં અને મધુરરસ શર્કરા આદિકોમાં હોય છે. લવણરસ મધુરાદિકોના સંસર્ગથી ઉત્પન્ન થાય છે એથી સ્વતંત્રરૂપમાં કથન કરવામાં આવ્યુ નથી, પાંચ મેઘોનું પ્રયોજન જો કે સૂત્રમાં જ સ્પષ્ટ કરવામાં આવ્યું છે તો પણ સ્ફુટતર પ્રતિપત્તિ માટે ફરીથી અહીં તે વિષે સ્પષ્ટતા કરવામાં આવેલ છે. પુષ્કલ સંવર્તક પ્રથમમેઘનું પ્રયોજન ભરતક્ષેત્રની ભૂમિનો દાહ શમિત કરવો તે છે. બીજા ક્ષીરમેઘનું પ્રયોજન ભરતક્ષેત્રની ભૂમિમાં શુભ વર્ણાદિક ઉત્પન્ન કરવારૂપ. તૃતીય મેઘનું પ્રયોજન છે ભરતક્ષેત્રની ભૂમિમા સ્નિગ્ધતાની ઉત્પત્તિ કરવીતે

શંકા-તમે ધૃતમેઘનું પ્રયોજન જ્યારે ભરતક્ષેત્રની ભૂમિમાં સ્નિગ્ધતાનું અપાદન કરવું એવું પ્રકટ કરેલ છે તો ક્ષીરમેઘથી જ જ્યારે શુભવર્ણ, શુભગન્ધ વગેરેની ભતક્ષેત્રની ભૂમિમાં નિષ્પત્તિ થઇ જશે તો શુભવર્ણ ગન્ધાદિની સાથે આવનારી સ્નિગ્ધતા પણ આપમેળે જ આવી જશે તો પછી આ ધૃત મેઘનું પ્રયોજન તો કંઈ દેખાતું જ નથી. તો શું એને નિષ્પ્રયોજન માનવામાં કંઇ વાંધો છે ? તો આ શંકાનું સમાધાન આ પ્રમાણે છે કે જો કે શુભવર્ણાદિકોની નિષ્પત્તિમાં તત્સહભાવિની સ્નિગ્ધતા આપમેળે જ આવી જાય છે પણ પ્રચુરતર સ્નિગ્ધતાનું સંપાદન કરવું ધૃતમેઘનું પ્રયોજન છે એ વાત તો સ્પષ્ટ જ છે કે ક્ષીર કરતા વધારે સ્નિગ્ધતા ઘીમાં છે. એથી ધૃતમેઘનું કામ નિષ્ફળ નથી સફળ છે. ચતુર્થ જે અમૃતમેઘ છે, તેનું પ્રયોજન

વૃક્ષાદિકાના ઉત્પત્તિ કરવી છે, અને પાંચમો જે રસમેઘ છે, તેનું પ્રયોજન વૃક્ષાદિકોમાં યથાયોગ્ય રસોત્પત્તિ કરવી તે છે.

શંકા-જયારે અમૃત મેઘથી જ ભરત ક્ષેત્રની ભૂમિમાં વનસ્પતિનું ઉત્પાદન થઇ જાય છે. વનસ્પતિ વર્ણાદિ સહિતજ ઉત્પન્ન થાય છે વર્ણાદિ રહિતરૂપમાં વનસ્પતિનું ઊત્પાદન થતું નથીં વર્ણાદિ સહિત જ જયારે તેમનું ઉંત્પાદન થાય છે તો વર્ણાદિ સહભાવોજે રસ છે તેપણ તેમનામાં આપ મેળે જ ઉત્પન્ન થશે જ તો એ પરિસ્થિતિમાં રસને ઉત્પન્ન કરનારા રસ મહામેઘનુ કથન અહીં નિષ્પ્રયોજન પ્રતીત થાય છે એવી શંકા પણ અહીં યોગ્ય નથી. કેમકે સ્વ-સ્વ રસનું નિષ્પાદન કરવુ એ જ એ રસમહામેઘનું કામ છે, આમ તો અમૃત મેઘથી જ સામાન્યતઃ રસ ઉત્પન્ન કરાવવામાં આવે જ છે. આ પ્રમાણે આ પાંચે મેઘો વડે પોત પોતાના કાર્ય સંપાદિત થઇ ગયા પછી ભરતર્ષનું સ્વરુપ કેવું હશે ? એ સંબંધમાં સૂત્રકાર કહે છે- (तए णं भरहे वासे परूढरुक्ख-गुच्छ-गुम्म लय-बल्लि-तण-पव्वग-हरितओसहिए भविस्सइ) ત્યાર બાદ જેમાં વૃક્ષથી માંડીને હરિત ઔષધી સુધી વનસ્પતિઓ ઉત્પન્ન થઈ ચુકી છે એવું ભરતક્ષેત્ર વર્ષ થઈ જશે તેમજ (उवचिय-तय पत्त-पवालं-कुर-पुप्फ-फल-समुइए) પરિપુષ્ટ વલકલો પાંદડાઓ, કિસલયો, અંકુરાં, ત્રીહિ વગેરેના, બીજોના અગ્ર-ભાગો પુષ્પો અને ફૂલ વિગેરેથી વ્યાપ્ત થઈને (सुहोवभोगे यावि भविस्सइ) જેમાં ત્વક પત્રાદિકોનો ઉપભોગ અનાયાસ રૂપમાં થઈ શકશે એવું તે ભરતવર્ષ થશે. આ જાતના આ કથનથી ઉત્સર્પિણીના એ દ્વિતીય આરકમાં ભરતક્ષેત્રમાં વનસ્પતિઓના સદ્ભાવ અને તેઓમાં પુષ્કલાદિકોનો સદ્ભાવ પ્રકટ કરવામાં આવેલ છે અને એથી તેઓમાં સુખોપભોગતા બતાવવામાં આવેલછે ।।૫૬।।

## ઉત્સર્પિણી દુષ્ષમાકાલકે મનુષ્યોં કે કર્તવ્ય એવં આકાર ભાવપ્રત્યવતારકા કથન

હવે સૂત્રકાર એ સ્પષ્ટ કરે છે કે ઉત્સર્પિણી ના દુષ્પમા કાળમાં ઉત્પન્ન થયેલા એ મનુષ્યો એ પ્રકારના ભરતવર્ષને જોઇને શું કરશે ?

'तए णं ते मणुया भरतं बासं परूढगुच्छगुम्मलयबल्लि' इत्यादि सूत्र ।।૫૭।।

ટિકાર્થ-ભરતક્ષેત્રમાં સ્થિત થઇને-તત્કાલીન તે મનુષ્યો (भरहं वासं) ભરતક્ષેત્ર (परूढ गुच्छ गुम्मलयवल्लितणपव्वय हरियओसहोयं) પ્રરૂઢ ગુચ્છોવાળું પ્રરૂઢ ગુલમોવાળું, પ્રરૂઢ લતાઓ અને વલ્લિયો વાળું, પ્રરૂઢ તૃણ અને પર્વજ વનસ્પતિઓવાળું, પ્રરુઢ હરિત અને ઔષધિઓવાળું (उवचियतयपत्तपवालंकुरपुप्फफल समुईए) ઉપચિત થયેલી છાલોના સમૂહ વાળું ઉપચિત થયેલા પાંદડાઓના સમૂહવાળું, ઉપચિત થયેલા અંકુરોવાળું ઉપચિત પુષ્પોવાળું પ્રવાલ વાળું અને ઉપચિત થયેલા ફલોવાળું ઉપચિત થયેલ અંકુરોવાળું ઉપચિત થયેલ પુષ્પોવાળુ અને ઉપચિત થયેલ ફળોવાળું એથી (सुहोवभोग जायं जायं चाव पासिहिंति ) તે

મનુષ્ય જોશે કે આ ક્ષેત્ર સુખોપભોગ્ય થઈ ચુકયુ છે તો આ રીતે (पासित्ता) ખ્યાલ કરીને તેઓ (बिलेहिंतो णिद्धाइस्संति) પોતપોતાના બિલોમાથી બહાર નીકળી આવશે અને (निद्धाइत्ता) બહાર નિકળીને પછી તેઓ (हट्ठतुट्ठा अण्णमण्णं सद्दविंति) બહુજ આનંદિત અને સંતુષ્ટ થયેલાં તેઓ પરસ્પર એક- બીજાની સાથે વિચાર વિનિમય કરશે (सद्दवित्ता, एवं वदिस्संति) વિચાર વિનિમય કરીને પછી તેઓ આ પ્રમાણે એક બીજાને કહેશે (जए णं देवाणुप्पिया ! भरहे वासे पउढरुक्खगुच्छगुम्मलयवल्लितणपव्वयहरिय जाव सुहोवभोगे) હે દેવાનુપ્રિયો ભારતક્ષેત્રન ક્ષોથા, ગુચ્છાથી, ગુલ્મોથી લતાઓથી વલ્લિઓથી તેમજ હરિત દૂર વૃદ્દિકો થી યુકત થઈને સુખોપ ભોગ્ય બની ગયું છે (तंजेण देवुणुप्पिया अम्हं केइ अज्जप्पभिइ असुम कुणिमं आहारं आहरिस्सइ) એથી હવેથી આપણાંમાંથી કોઈ પણ જે હે દેવાનુપ્રિયો । અશુભ-અપ્રશસ્ત ઓહાર કરશ (सेणं अण्णे णाहिं छाहिं वज्जणिज्जंति) તે અનેક અનેક પુરૂષોને છાયા પ્રમાણમાં વર્જનિય થઈ જાય એટલે કે અમે તેને પોતાના સમુદાયમાંથી જુદા જુદા કરી મૂકીશું અને તેના સાથે કોઈ પણ જાતનો સંબંધ કરીશુ નહીં આ પ્રમાણે નિશ્ચય કરીને (संठिइं ठवेस्संति) તેઓ વ્યવસ્થા કરશે. આ પ્રમાણે (संठिइं ठवित्ता भरहे वासे) વ્યવસ્થા કરીને પછી તે (सुहं सुहेणं अभि-रममाणा २ विहरिस्संति) આ ભરત ક્ષેત્રમાં બહું જ આનંદપૂર્વક બાધા રહિતથઈને વિવિધ પ્રકારની ક્રીડાઓ કરતાં પોતાના સમયને વ્યતીત કરશે ॥ ૫૭ ॥

ઉત્સર્પિણીના દુષ્ષમાકાળમાં ભરત ક્ષેત્રના અને તેમાં સ્થિત મનુષ્યના આકારભાવ પ્રત્યવતાર ના સંબધમાં સૂત્રકાર કથન કરે છે-

'तीसेणं भंते ! समाए भरहस्स वसस्स केरिसए, इत्यादि सूत्र १८

ટીકાર્થ--ગૌતમે પ્રભુને આ પ્રમાણે પ્રશ્ન કર્યો (तीसेणं भंते ! समाए भरहस्स वासस्स केरिसए आयारभावपडोयारे भविस्सइ) હે ભદન્ત ઉત્સર્પિણી સંબંધી એ દુષ્ષમા કાળમાં ભરત ક્ષેત્રના આકારભાવના પ્રત્યવતાર એટલે કે સ્વરૂપ કેવું હશે ? આ પ્રમાણે ગૌતમસ્વામીએ પ્રશ્ન કર્યા પછી પ્રભુએ કહ્યું (गोयमा ! बहुसमरमणिज्जे भूमिभागे भविसस्सइ) હે ગૌતમ ! એ કાળમાં ભરત ક્ષેત્રનો ભૂમિભાગ બહુસમરમણીયથશે(जाव कित्तिमेहिं चेव अकित्तिमेहिं चेव) યાવત્ તે કૃતિમ અકૃતિમ મણિઓથી સુશોભિત થશે અહીં યાવત્ પદથી "आलिंगपुक्खरेइवा" પાઠથી લઈને "कित्तिमेहिं चेव" સુધીનો પાઠ ગૂહીત થયો છે. હવે ગૌતમ સ્વામી એમ પૂછે છે (तीसेणं भंते ! मणुयाणं केरिसए आयार भाव पडोयारे હે ભદન્ત ! તે દુષમ નામક આરામાં મનુષ્યોના આકાર ભાવના પ્રત્યવતાર (એટલે કે સ્વરૂપ કેવું હશે ? એના જવાબમાં પ્રભુ કહે છે (गोयमा ! तेसिणं मणुयाणं छव्विहे संघयणे, छव्विहे संठाणे बहुईओ रयणीओ उड्ढं उच्चत्ते णं)

હે ગૌતમ ! તે મનુષ્યોને ૬ પ્રકારનું તો સંહનન થશે, ૬ પ્રકારનું સંસ્થાન થશે અને શરીરની ઊંચાઈ અનેક હસ્ત પ્રમાણ જેટલી હશે (जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं साइरेगं वाससयं आउयं पालेहिंति) એમની આયુષ્યનું પ્રમાણ જઘન્યથી એક અંતર્મુહૂર્ત્તનું અને ઉત્કૃષ્ટ કંઈક વધારે ૧૦૦ વર્ષ જેટલુ હશે. (पालित्ता अप्पेगइया णिरयगामी, जाव अप्पेगइया देवगामी) આયુષ્યની સમાપ્તિ પછી કેટલાક તો એમનામાંથી નરક ગતિમાં જશે યાવત કેટલાક તિર્યંગ્ ગતિમાં જશે, કેટલાક મનુષ્ય ગતિમાં જશે અને કેટલાક દેવગતિમાં જશે પણ (न सिज्झंति) સિદ્ધગતિ કોઈ મેળવી શકશે નહિ. ॥ ૫૮ ॥

## દુષ્ષમસુષમા કાલકા વર્ણન

ઉત્સર્પિણીના દુષ્ષમસુષમાનું વર્ણન--

'तीसेणं समाए एक्कवीसाए वाससहस्सेहिं काले वीइक्कंते इत्यादि सूत्र ॥५९॥

ટીકાર્થ-- (समणाउसो) હે આયુષ્મન્ શ્રમણ ! (तीसे णं समाए) તે ઉત્સર્પિણીમાં (एक्कवीसाए वाससहस्सेहिं) ૨૧ હજાર વર્ષ પ્રમાણવાળો જ્યારે (काले वीइक्कंते) એ દુષ્ષમા નામક દ્વિતીયકાળ સમાપ્ત થઈ જશે ત્યારે (अणंतेहिं वण्णपज्जवेहिं जाव परिवद्धेमाणे २एत्थ णं दूसमसुसमा णामं समा काले पडिवज्जिस्सइ) અનંત વર્ણ પર્યાયોથી યાવત્ અનંત ગંધ આદિ પર્યાયોથી અનંત ગુણ રૂપમાં વૃદ્ધિંગત થતો આ ભરતક્ષેત્રમાં દુષ્ષમ સુષમાનામક તૃતીય કાળ પ્રાપ્ત થશે. (तीसे णं भंते ! समाए भरहस्स वासस्स केरिसए आयारभावपडोयारे भविस्सइ) ગૌતમે પ્રભુને આ પ્રમાણે પ્રશ્ન કર્યો કે હે ભદંત ! જ્યારે એ કાળ ભરતક્ષેત્રમાં અવતીર્ણ થઈ જશે ત્યારે ભરતક્ષેત્રના આકાર-ભાવનો પ્રત્યવતાર એટલે કે સ્વરૂપ કેવું હશે ? આ જાતના પ્રશ્નના જવાબમાં પ્રભુ કહે છે-હે ગૌતમ ! એ આરામાં ભરતક્ષેત્રનો ભૂમિભાગ બહુ સમરમણીય થશે. યાવત્ અકૃત્રિમ પાંચવર્ણોના મણિઓથી તે ઉપશોભિત થશે અહીં યાવત્ પદથી (भूमिभागे भविस्सइ) અહીંથી માંડીને (कित्तिमेहिं चेव) સુધીનો પાઠ ગૃહીત થયો છે. હવે ગૌતમ સ્વામી પુનઃ પ્રભુને આ જાતનો પ્રશ્ન કરે છે-(तेसी णं भंते ! मणुयाणं केरिसए आयारभावपडोयारे भविस्सइ) હે ભદન્ત ! આ કાળના મનુષ્યોનું સ્વરૂપ કેવું હશે ? એના જવાબમાં પ્રભુ કહે છે—(गोयमा ! तेसि णं मणुयाणं छव्विहे संघयणे छव्विहे संठाणे बहुई धणूई उड्ढं उच्चत्तेणं) હે ગૌતમ ! ઉત્સર્પિણીના દુષ્ષમા સુષમા કાળના ભાવી મનુષ્યોના ૬ પ્રકારના સંહનનો થશે, ૬ પ્રકારના સંસ્થાનો

થશે તેમ જ એમના શરીરની ઊંચાઈ અનેક ધનુષ પ્રમાણ જેટલી હશે. (जहण्णेणं अंतो-मुहुत्तं उक्कोसेणं पुव्वकोडी आउयं पालेहिंति) એમનું આયુષ્ય જઘન્યથી એક અન્તર્મુહૂર્ત જેટલું અને ઉત્કૃષ્ટથી એક પૂર્વકોટિ સુધી હશે. (पलिच्ता अप्पेगइया णिरयगामी, जाव अंतं करेहिंति) આટલુ દીર્ઘઆયુષ્ય ભોગવીને જ્યારે એઓ મરણ પામશે ત્યારે એમના-માંથી કેટલાંક મનુષ્યો તો નરકમાં જશે અને કેટલાક મનુષ્યો યાવત સમસ્ત શારીરિક અને માનસિક દુઃખોનો વિનાશ કરશે. અહીં યાવત્ પદથી સંગ્રાહ્ય પાઠ આ પ્રમાણે છે— "केचित् मनुष्याः नरकगामिनो भविष्यन्ति, केचित् तिर्यग्गामिनो भविष्यन्ति, केचित् मनुष्यगामिनो भविष्यन्ति, केचित् देवगामिनो भविष्यन्ति केचित् सिद्धगतिगामिनो भविष्यन्ति,' યાવત પદથી ગૃહીત એ પાઠનો અર્થ સ્પષ્ટ જ છે. (तोसेणं समाए तओ वंसा समुप्पज्जिस्संति) તે ઉત્સર્પિણી કાળના એ તૃતીય આરકમાં ત્રણ વંશો ઉત્પન્ન થશે (तं जहा) તે આ પ્રમાણે છે. (तित्थगरवंसे, चक्कवट्टि वंसे, दसारवंसे) એક તીર્થંકર વંશ, દ્વિતીય ચક્રવર્તીવંશ અને તૃતીય દશાર્હવંશ યદુવંશ. (तीसेणं समाए तेबीसं तित्थगरा, एक्कारस चक्कवट्टो णव बलदेवा णव वासुदेवा समुपज्जिस्संति) તે ઉત્સર્પિણી કાળના એ તૃતીય આરામાં ૨૩ તીર્થંકરો, ૧૧ ચક્રવર્તીઓ, નવ બળદેવો અને નવ વાસુદેવો ઉત્પન્ન થશે. ॥ ૫૯ ॥

**'तोसेण समाए सागरोवम कोडा कोडीए बायालीसाए वाससहस्सेहिं इत्यादि सूत्र ॥६०॥**

ટીકાર્થ–હે આયુષ્મન શ્રમણ ! ઉત્સર્પિણીના ૪૨ હજાર વર્ષ કમ ૧ સાગરોપમ કોટાકોટિ પ્રમાણવાળા આ તૃતીય આરકની જ્યારે પરિસમાપ્તિ થઈ જશે ત્યારે (अणंतेहिं वण्णपज्जवेहिं जाव अंतगुणपरिवुड्ढीए परिवुड्ढेमाणे २ एत्थणं सुसमदूसमा णामं समा काले पडिवज्जिसइ समणाउसो) અનંતવર્ણ પર્યાયોથી યાવત્ અનંત ગણીવૃદ્ધિથી વર્ધમાન એ ભરતક્ષેત્રમાં સુષમદુષ્ષમાનામક ચતુર્થ આરક લાગશે. એટલે કે અવતરિત થશે. (सा णं समा तिहा विभजिस्सइ) એ આરકના ત્રણ ભાગો થશે. (पढमे तिभागे, मज्झिमे तिभागे पच्छि-मेति भागे) એમાં એક પ્રથમ ત્રિભાગ થશે. દ્વિતીય મધ્યમત્રિભાગ થશે અને તૃતીય પશ્ચિમ ત્રિભાગ થશે એમાંથી જે (पढमे तिभाए) પ્રથમ ત્રિભાગ છે અર્થાત્ ત્રિજો ભાગ છે, (तीसेणं भंते ! समाए भरहस्स वासस्स केरिसए आयारभावपडोयारे भविस्सइ) હે ભદન્ત ! તે પ્રથમ ત્રિભાગમાંભરતક્ષેત્રનું સ્વરૂપ કેવું હશે ? એના જવાબમાં પ્રભુ કહે છે-(गोयमा बहुसमरमणिज्जे जाव भविस्सइ) હે ગૌતમ ! પ્રથમ વિભાગમા ભરતક્ષેત્રનો ભૂમિભાગ બહુસમરમણીય થશે. અહીં યાવત્ પદથી તે પ્રમાણે જ વર્ણન ક્રમ સંગ્રાહ્ય થશે કે જે પ્રમાણે અવસર્પિણીના સુષમ–દુષમા આરકના નિરૂપણ સમયમાં ભરતક્ષેત્રનું વર્ણન કરવામાં આવ્યુ છે. (मणुयाणं जा चेवओसप्पिणीए पच्छिमे वत्तव्वया सा भाणियव्वा कुलगरवज्जा उसभसामिवज्जा) અવ-સર્પિણીસંબંધી સુષમ દુષ્ષમાના પશ્ચિમ ત્રિભાગમાં જેવું મનુષ્યોનું વર્ણન કરવામાં આવ્યું છે,

તેવું જ વર્ણન ફક્ત કુલકરના તેમજ ઋષભ સ્વામીના વર્ણનને બાદ કરીને અહીં પણ સમજવું જોઇએ. કેમકે અવસર્પિણીના સુષમ દુષ્ષમાના પશ્ચિમ ત્રિભાગમાં જેટલા પ્રકારની દંડનીતિઓની પ્રવૃત્તિ કુલકરોએ કરેલી છે અને ઋષભ સ્વામીએ જે અન્તપાક વગેરે ક્રિયાઓનો અને શિલ્પકલાઓનો ઉપદેશ કર્યો છે. તે બધું ઉત્સર્પિણીના સુષમદુષ્ષમાનાં પ્રથમ ત્રિભાગમાં પ્રચલિત થયું નથી અને ઉપદિષ્ટ પણ થયું નથી. તાત્પર્ય આ પ્રમાણે છે કે ઉત્સર્પિણીના દ્વિતીય આરકમાં જે કુલકર હોય છે, તેમના વડે પ્રવર્તિત દંડનીતિ વગેરેની જ ચતુર્થ આરકમાં અનુવૃત્તિ હોય છે તેમ જ પૂર્વપ્રવૃત્ત પાકાદિ ક્રિયાઓની અને શિલ્પ કળાઓની પણ ત્યાં અનુવૃત્તિ થતી એટલા માટે અહીં એમના પ્રતિપાદક પુરુષોની અનાવશ્યકતા પ્રકટ કરવામાં આવી છે અને એવું કહેવામાં આવ્યું છે કે અવસર્પિણીના સુષમ દુષ્ષમાના પશ્ચિમ ત્રિભાગના વર્ણન સમયે મનુષ્યોનું જે પ્રમાણે વર્ણન કરવામાં આવેલું છે, તેવું જ વર્ણન કુલકર અને તીર્થંકર ઋષભસ્વામીના વર્ણનને બાદ કરીને સમજવું જોઇએ. અથવા 'ऋषभस्वामीवर्जा' નો અભિપ્રાય ઋષભસ્વામી સંબંધી અભિલાપ છે, તો એ અભિલાપને બાદ કરીને ભદ્રકૃત નામક તીર્થંકરનો અભિલાપ કહેવો. આ કથનનું તાત્પર્ય આ પ્રમાણે છે કે ઉત્સર્પિણીના ૨૪ મા તીર્થંકરનો અભિલાપ પ્રાપ્ત કરીને અવસર્પિણીમાં ઉત્પન્ન થયેલ પ્રથમ તીર્થંકરના જેવો જ અભિલાપ કહેવો જોઇએ. કારણ કે એઓ બન્નેમાં ઘણું કરીને સમાનશીલતા છે, અભિલાપની પ્રાયઃ સમાનતા છે આમ જે કહેવામાં આવેલ છે, તે ભદ્રકૃત તીર્થંકરના વર્ણનમાં કલાદિકના ઉપદેશના અભિલાપના અભાવથી કહેવામાં આવેલ છે. એવું સમજવું જાઇએ. અહીં કુલકરના સંબંધમાં જે વાચના ભેદ છે, તેને સૂત્રકાર "अण्णे पढंति" એ સૂત્ર વડે પ્રકટ કરે છે. તેમણે આમ સમજાવ્યું છે કે કેટલાક આચાર્યો એવા પાઠભેદનો ઉલ્લેખ કરે છે-(तीसे णं समाए पढमेतिभाए इमे पण्णरस कुलगरा समुज्जिस्संति तं जहा सुमई जाव उसमे सेसं तं चेव) ઉત્સર્પિણી સંબંધી સુષમદુષ્ષમાના પ્રથમત્રિભામાં એ ૧૫ કુલકર ઉત્પન્ન થશે. જેમ કે સુમતિ યાવત્ ઋષભ સ્વામી એટલે કે પ્રથમ સુમતિ કુલકર અને અંતિમ ઋષભસ્વામી કુલકર શેષ જે ૧૩ મધ્યના બીજા કુલકરો છે, તેમના નામો પહેલાં પ્રકટ કરવામાં આવેલ છે. તથા એ ૧૫ કુલકરોમાંથી ૫, ૫ કુલકરો વડે જે-જે દંડનીતિ ચાલૂ કરવામાં આવે છે, તે પણ પહેલાં પ્રકટ કરવામાં આવી છે. પણ એ દંડનીતિઓમાંથી જે ઉત્સર્પિણી કાલના એ આરાના પ્રયોગમાં ભિન્નતા છે. તે આ પ્રમાણે છે-(दण्डणोईओ पडिलोमाओ) અવસર્પિણીના સુષમ દુષ્ષમામાં પ્રથમ કુલકર પંચકના સમયમાં અપરાધની અલ્પતા હોવાથી હાકાર દંડનીતિ પ્રયુક્ત થયેલી છે. દ્વિતીય કુલકર પંચકના સમયમાં જઘન્ય અને મધ્યમ અપરાધોના સદ્ભાવથી હાકાર અને માકાર એ બે દંડનીતિઓ પ્રયુક્ત થઇ છે. તથા તૃતીય કુલકર પંચકના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ અપરાધોના સદભાવથી હાકાર, માકાર અને ધિક્કાર એ ત્રણે દંડનીતિઓ પ્રયુક્ત થયેલી છે. આ પ્રમાણે પહેલાં પ્રકટ કરવામાં આવેલ છે. પણ ઉત્સર્પિણીના એ સુષમ-દુષ્ષમા નામક આરામા પ્રથમત્રિભાગમાં પ્રથમ કુલકર પંચકના સમયમાં ત્રણે પ્રકારના અપરાધના સદ્ભાવથી જઘન્ય અપરાધમાં હાકાર. મધ્યમ અપરાધમાં માકાર અને ઉત્કૃષ્ટ સમયમાં ધિક્કાર એ ત્રણ દંતનીતિઓથી, દ્વિતીય કુલકર પંચકના સમયમાં જઘન્ય અને મધ્યમ

અપરાધોના સદ્ભાવથી હાકાર અને માકાર દંડનીતિઓથી તેમજ તૃતીય કુલકર પંચકના સમયમાં કેવલ જઘન્ય અપરાધ જ શેષ રહેવાથી એક હાકાર દંડનીતિથી કામ ચલાવવામાં આવે છે. (दण्डणीईओ) એ પદ ઉપલક્ષણ રૂપ છે. એથી શરીર પ્રમાણ, આયુષ્ક પ્રમાણ, વગેરેની પણ યથા સંભવ પ્રતિલોમતા છે. એ વાત પ્રકટ કરવામાં આવેલી છે. (अण्णे पढंति) ઇત્યાદિ રૂપ, વાચનાન્તરીય પાઠનો એ અભિપ્રાય છે-રાજધર્મનો કાલ પ્રભાવથી એ આરકમાં ક્રમશઃ વ્યવચ્છેદ થઈ જશે કેમકે માણસ ધીમે-ધીમે ભદ્ર પ્રકૃતિવાળા થઇ જશે એથી તેમનામાં અલ્પાપરાધ કારિતા આવતી જશે. રાજાઓ પણ તીવ્ર દંડ આપનારા નહિ થશે. એથી અપરાધ અને દંડની અલ્પતા થઈ જશે, અરિષ્ટ નામક ચક્રવર્તિના કુળમાં ઉત્પન્ન થયેલા ૧૫ કુલકરો થશે. એમનાથી ભિન્ન જે રાજાઓ થશે, તેઓ તે કુલકરોની વ્યવસ્થાપિત મર્યાદાના રક્ષક થશે. ધીમે-ધીમે જેમ-જેમ કાળ વ્યતીત થતો જશે તેમ-તેમ સર્વ મનુષ્યો અહમિન્દ્રત્વને પ્રાપ્ત કરતા જશે, એમાં સર્વાન્તિમ ઋષભ નામક કુલકર થશે, એ કાળમાં અંતિમ તીર્થંકર ભદ્રકૃત નામે થશે. અવસર્પિણી કાળના એ આરામાં જેમ ૨૪ તીર્થંકરોમાંથી પ્રથમ તીર્થંકર આદિનાથ થયા છે, આમ કહેવામાં આવ્યું છે, તેમજ ૨૪ તીર્થંકરો અહીં પણ થશે. પરંતુ અહીં એમની ઉત્પત્તિ પહેલાં ૨૪ મા તીર્થંકર થશે, ત્યારબાદ ૨૩ માં તીર્થંકર થશે આ ક્રમથી તીર્થંકરો થશે. આ પ્રમાણે ઋષભનાથ ભગવાનનો સ્થાનીય અંતિમ ૨૪ મો તીર્થંકર જે થશે તેનું નામ ભદ્રકૃત થશે, એ આ કાળમાં ૮૯ પક્ષ પ્રમાણ જ્યારે આ કાળ વ્યતીત થઈ જશે. ત્યારે થશે. આમ આગમનું વચન છે. અવસર્પિણી કાળમાં જે પ્રથમ તીર્થંકર છે, તેના સ્થાને ઉત્સર્પિણી કાળમાં ૨૪ તીર્થંકર હોય છે. અહીં જે ૧૫ કુલકરો કહેવામાં આવેલ છે, તેમના ભિન્ન-ભિન્ન બીજા આગમોમાં નામો જોવા મળે છે. જેમ કે 'સ્થાનાઙ્ગ'ના સપ્તમ સ્થાનકમાં સાત કુલકરો થયા છે એવું કહેવામાં આવ્યું છે. તો તેઓમાં સુમતિ કુલકર એવું નામ નથી. ૧૦માં સ્થાનકમાં ૧૦ કુલકરો કહેવામાં આવ્યા છે. ત્યાં સુંમતિ એવું નામ કહેવામાં આવ્યું છે જો આર્ષ શૈલીથી એવું કહેવામાં આવ્યું છે એમ અમેઆ વાત માનીએ તો સુંમતિના સ્થાને સુમતિ એવું થઈ જશે. એવું માની લઈએ તો પણ એ નામ ત્યાં છઠ્ઠા કુલકરના સ્થાનમાં પઠિત થયેલું છે. પ્રથમ તીર્થંકરના સ્થાનમાં નહિ. (तीसे णं समाए पढमे तिभाए रायधम्मे जाव धम्मचरणेअ वोच्छिज्जिस्सइ) ઉત્સર્પિણીના એ ચતુર્થ આરકમાં પ્રથમ ત્રિભાગમાં રાજધર્મ યાવત ગણધર્મ, પાખંડધર્મ નાશ પામશે. (तीसे णं समाए मज्झिमपच्छिमेसु तिभाएसु जाव पढममज्झिमेसु वत्तव्वया ओसप्पिणीए सा भाणियव्वा) એ આરકમના મધ્યમ અને પશ્ચિમ ભાગની વક્તવ્યતા અવસર્પિણીના ચતુર્થ આરકના પ્રથમ અને મધ્યમના ત્રિભાગ જેવી છે. (सुसमा तहेव सुसमसुसमा विसुतहेव जाव छव्विहा मणुस्सा अणुसज्जिस्संति जाव सण्णिचारी) સુષમા અને સુષમા સુષમા કાળની વક્તવ્યતા જે પ્રમાણે અવસર્પિણી કાળની પ્રરૂપણા કરતાં કહેવામાં આવી છે, તેવી જ છે. ॥ ૬૦ ॥

બીજા વક્ષાસ્કારનું ગુજરાતી ભાષાંતર સમાપ્ત

## તૃતીય વક્ષસ્કારનું વર્ણન પ્રારંભ

## से केणट्ठे णं भंते ! एवं बुच्चइ भरहेवासे–इत्यादि सूत्र–१

ટીકાર્થ–આ સૂત્ર વડે ગૌતમસ્વામીએ પ્રભુને આ પ્રમાણે પ્રશ્ન કર્યો છે કે (से केणट्ठेणं भंते एवं बुच्चइ भरहेवासे २) હે ભદન્ત ! આ ભરતક્ષેત્રનું નામ ભરતક્ષેત્ર એરીતે શા કારણથી પ્રસિદ્ધ થયું છે ? એના જવાબમાં પ્રભુ કહે છે (गोयमा ! भरहेणं वासे वेअद्धस्स दाहिणेणं चोद्दसुत्तरं जोयणसयं एक्कारसय एगूणवीसइभाए जोयणस्स अबाहाए लवणसमुद्दस्स उत्तरेणं) હે ગૌતમ ! ભરતક્ષેત્રના વૈતાઢ્ય પર્વતના દક્ષિણભાગથી ૧૧૪ ૧૧/૧૯ યોજનના અંતરાલથી તેમજ દક્ષિણ લવણ સમુદ્રના ઉત્તરભાગમાં ૧૧૪-૧૧।૧૯ યોજનના અંતરાલથી (गंगाए महाणईए पच्चत्थिमेणं) ગંગા મહાનદીની પશ્ચિમ દિશામાં (सिंधूए महाणईए पुरत्थिमेणं સિંધુ નદીની પૂર્વ દિશામાં (दाहिणद्धभरहमज्झिल्लतिभागस्स बहुमज्झदेसभाए) અને દક્ષિણાર્ધ ભરતના મધ્યતૃતીય ભાગના બહુ મધ્યપ્રદેશ ભાગમાં (एत्थ णं विणीआ णाम रायहाणी पण्णत्ता) વિનીતા નામક એક રાજધાની કહેવામાં આવેલ છે. ૧૧૪ યોજનની ઉત્પત્તિ–નો પ્રકાર આ પ્રમાણે છે. ભરતક્ષેત્રનો વિસ્તાર ૫૨૬।૬।૧૯ યોજન જેટલો છે. વૈતાઢ્યપર્વતનો વ્યાસ ૫૦ યોજન જેટલો છે. તો આને ભરતક્ષેત્રના વિસ્તારમાંથી બાદ કરીએ તો ૪૭૬ -૬।૧૯ યોજન શેષ રહે છે. દક્ષિણાર્ધ ભરત અને ઉત્તરાર્ધ ભરતમાં એમને વિભક્ત કરીએ તો ૨૩૮-૩।૧૯ યોજન થાય છે હવે દક્ષિણાર્ધ ભરતવ્યાસમાંથી વિનીતાના વિસ્તાર ૩૫ નવ યોજન બાદ કરીએ તો ૨૨૯-૩।૧૧ આવે છે. એના મધ્યભાગમાં નગરી છે. તો આ પ્રમાણને અર્ધું કરીએ તો ૧૧૪ યોજન પ્રમાણ આવી જાય છે. શેષ તેમજ યોજનાના ૧૯ ભાગ કરવાથી અને તેમાં ૩ કલાઓ ઉમેરવાથી ૨૨ થયા અને હવે ૨૨ ના બે ભાગ કરીએ તો તેના અર્ધા ૧૧ કલાઓ આવી જાય છે. એ વિનીતા નામે નગરી (पाईण पडीणायया) પૂર્વથી પશ્ચિમ સુધી લાંબી છે, (उदीणदाहिणवित्थिन्ना) અને ઉત્તરથી દક્ષિણ સુધી પહોળી છે. (दुवालसजोयणायामा) આ પ્રમાણે એની લંબાઈ ૧૨ યોજન જેટલી છે. (णवजोयणवित्थिण्णा) અને નવ યોજન જેટલી એની પહોળાઈ છે. (धणवइमति णिम्मया) ઉત્તર દિશાના અધિપતિ કુબેરે એની રચના કરી છે. (चामीयरपागारा) સ્વર્ણમય પ્રાકારથી એ યુક્ત છે. (णाणामणि पंचवण्ण कविसीसगपरिमंडियाभिरामा) પાંચ વર્ણવાળા અનેક મણિઓથી એના કાંગરાઓ બનેલા છે. તેમનાથી એ પરિમંડિત છે. એથી જોવામાં એ ખૂબ જ સુંદર લાગે છે. (अलकापुरी संकासा) એથી એ એવી પ્રતીત થાય છે કે જાણે એ ધનદ–કુબેર–ની જ નગરી છે, (पमुइय पक्कीलिया) અહીં રહેનારા સર્વદા પ્રસન્નચિત્ત રહે છે અને અનેક પ્રકારની ક્રીડાઓના રસમા મગ્ન રહે છે. એથી આ નગરી પણ તેમના સંબંધથી પ્રમુદિત અને પ્રક્રીડિત રહે છે, (पच्चक्खं देवलोगभूया) જોનારાઓ માટે એ નગરી સાક્ષાત દેવલોક જેવી લાગે છે, (रिद्धत्थिमियसमिद्धा) એ નગરી વિભવ, ભવન આદિ વડે સમૃદ્ધિ સમ્પન્ન થઈ

છે, એમાં રહેનારાઓને સ્વચક્ર અને પર ચક્રનો ભય એકદમ લાગતો નથી, તેમજ ધન-ધાન્ય આદિની સમૃદ્ધિને લીધે અહીં રહેનારા સર્વ નાગરિકો સર્વદા આનંદ મગ્ન જ રહે છે, (जाव पडिरूवा) જેથી યાવત એ નગરી પ્રતિ રૂપ છે, બીજી કોઈ નગરી એના જેવી સમૃદ્ધ નથી. એ અનુપમ રૂપવતી છે, "प्रमुदितजनजानपदा" એ વિશેષણ "प्रमुदितप्रक्रीडित" એ વિશેષણ માટે હેતુભૂત છે. એથી અહીં પુનરુક્તિ દોષ નથી, ॥ સૂ૦ ૧ ॥

## ભરત ચક્રવર્તી કે ઉત્પત્યાદિકા નિરૂપણ

**तत्थ णं विणीयाए रायहाणीए भरते णामं—इत्यादि सूत्र—॥२॥**

ટીકાર્થ—તે વિનીતા નામક રાજધાનીમાં (भरहेणामं राया चाउरंत चक्कवट्टी समुप्पज्जित्था) ભરત નામે એક ચાતુરન્ત ચક્રવતી રાજા ઉત્પન્ન થયો. પૂર્વ-પશ્ચિમ અને દક્ષિણ દિગ્વર્તી ત્રણ સમુદ્રો અને ચતુર્થ હિમવાન્ પર્વત જે રાજાની અધિનતામાં હોય છે. તે ચાતુરન્ત છે. એવો જે ચાતુરન્ત ચક્રવર્તી રાજા હોય છે, તેને ચાતુરન્ત ચક્રવતી રાજા કહેવામાં આવે છે. (महया हिमवंतमहंतमलयमंदर जाव रज्जं जाव पसासे माणे विहरइ) એ ચાતુરન્ત ચક્રવર્તી ભરત રાજા હિમવાન્ પર્વતના, મલય પર્વતના મંદર પર્વતના અને મહેન્દ્ર પર્વતના જેવું વિશિષ્ટ અન્તર્બળ ધરાવતો હતો અથવા મલયાદિ પર્વતોની જેમ તે પ્રધાન હતો. એ મલયાદિ પર્વતો અન્ય પર્વતોમાં પ્રધાન રૂપમાં પરિગણિત થયા છે, આ પ્રમાણે જ એ રાજા પણ અન્ય રાજાઓની વચ્ચે પ્રધાન રૂપથી ઉલ્લિખિત થતો હતો. એવો તે રાજા યાવત રાજા-શાસન સંભાળતો, દરેક રીતે તેનું સંરક્ષણ અને તેની સંભાળ કરતો આનંદ પૂર્વક રહેતો હતો. એથી એ ક્ષેત્રનું નામ ભરતક્ષેત્ર એવું થયું છે. શંકા-આ બરાબર છે કે ભરતક્ષેત્રનું નામ પ્રચલિત થયું તેમાં તમે આ કારણ સ્પષ્ટ કર્યું પણ શાશ્વતી જે ભરતક્ષેત્ર એ નામની પ્રવૃત્તિ સાંભળવામાં આવે છે, તે કેવી રીતે સંગત થઈ શકે ? જો એ વાત હોય નહિ તો પછી 'सेत्तं' ઈત્યાદિ રૂપમાં જે નિગમન સૂત્ર છે. તે અસંભવિત થઈ જાય છે? તો એ શંકાના સમાધાન માટે સૂત્રકાર પ્રકારાન્તરથી તત્કાલ ભાવી ભરત નામક ચક્રવર્તીના વર્ણનને અનુલક્ષીને રાજાનું વર્ણન કરે છે-"बिइओ गमो रायवण्णगस्स इमो" તે વર્ણન આ પ્રમાણે છે-(तत्थ असंखेज्जकाल वासंतरेण उप्पज्जए जसंसी, उत्तमे अभिजाए सत्तवीरिय परक्कमगुणे) તે વિનીતા નગરીમાં અસંખ્ય કાળ પછી-જે કાળ વર્ષો દ્વારા અસંખ્યાત હોય છે, એવા તે વર્ષો અસંખ્યાત હોય છે--તે અસંખ્યાત વર્ષો પછી-જેની વડે આ ક્ષેત્રનું નામ ભરત આ નામે પ્રખ્યાત થયું, એવો તે ભરત ચક્રવર્તીરાજા ઉત્પન્ન થાય છે. અહીં જે કાળમાં વર્ષોની અપેક્ષાએ અસંખ્યાતતા પ્રકટ કરવામાં આવી છે, તે પ્રવચનની માન્યતાનુસાર જ પ્રકટ કરવામાં આવી છે. કેમકે પ્રવચનમાં અસંખ્યાત વર્ષોને લઈને જ કાળમાં અસંખ્યાત કાળનો વ્યવહાર થયો છે. સમયોની અપેક્ષાએ કાળમાં અસં-

ખ્યાતતાનો વ્યવહાર થયો નથી. જો સમયની અપેક્ષાએ કાળમાં અસંખ્યાતાનો વ્યવહાર કલ્પિત કરવામાં આવે તો પછી એ કાળમાં મનુષ્યોમાં અસંખ્યાતાયુષ્કત્વનો વ્યવહાર પ્રસંગ પ્રાપ્ત થાય છે. એથી કાળમાં અસંખ્યેયતા અસંખ્યાત વર્ષોની અપેક્ષાથી જ માનવી જોઈએ આ રીતે જ્યારે અસંખ્યાત પર્વો સુધી અસંખ્યાત વર્ષો વ્યતીત થઈ ચૂકયાં ત્યારે એક ભરત ચક્રવતી પછી બીજો ભરત ચક્રવર્તી–કે જેમનાથી ભરતક્ષેત્રનુ નામ ભરત આ પ્રમાણે પ્રખ્યાત થાય છે—ઉત્પન્ન થાય છે. એ ભરત ચક્રવર્તી (जसंसी उत्तमे अभिजाए)–યશસ્વી–કીર્તિ સંપન્ન હોય છે, ઉત્તમ શલાકા પુરુષ હોવાથી–શ્રેષ્ઠ હોય છે તેમજ અભિજાત કુલીન હોય છે. કેમકે એ ઋષભાદિક વંશ જ હોય છે. (सत्तवीरिय परक्कमगुणे) એમાં સત્ત્વ–સાહસ વીર્ય–આંતર બળ, પરાક્રમ–શત્રુ વિનાશન શક્તિ એ સર્વે ગુણ હોય છે. એ પદ વડે તેમાં રાજન્યના ઉચિત સર્વાતિ શાયી ગુણ વત્તા પ્રકટ કરવામાં આવી છે. (पसत्थ वण्ण सरसार संघयण तनुग बुद्धिधारण मेहा संठाण सीलप्पई) અન્ય રાજાઓની અપેક્ષા એનો વર્ણ–દેહ કાંતિ, સ્વર–ધ્વનિ, સાર શુભ પુદ્ગલોપચય જન્ય ધાતુ વિશેષ, સંહનન–અસ્થિનિચય તનુ–શરીર, ધારણા–અનુભૂત અર્થની ધારણા શક્તિ–મેધા–હેયોપાદેયવિવેચક બુદ્ધિ સંસ્થાન અંગોપાંગવિન્યાસ, શીલ–આચાર અને પ્રકૃતિ–સ્વભાવ એ સર્વે તત્કાલવર્તી મનુષ્યોની અપેક્ષા શ્લાઘનીય–પ્રશંસનીય હોય છે. (पहाणगारवच्छायागइए) ગૌરવ–સ્વાભિમાન–છાયા શરીર શોભા અને ગતિ અસાધારણ એ સર્વે એમાં અસાધારણ હોય છે. (अणेग वयणप्पहाणे) એ સકલ વકતાઓમાં શ્રેષ્ઠ વકતા હોય છે.[૨] (तेअआउबलवीरियजुत्ते) તેજ–જેને બીજા માણસો સહન કરી શકે નહિ એવો પ્રતાપ, આયુ, બળ અને વીર્યથી એ યુકત હોય છે. એથી જરારોગ આદિથી એ ઉપહત–વીર્યવાળો થતો નથી એ વાત સિદ્ધ થાય છે. (अज्झुसिरघणणिचिय लोहसंकलणारायवइरउसहसंघयणदेहधारी) નિચ્છિદ્ર એથી અત્યંત સાન્દ્ર જે લોહ શુંખલા હોય છે. તેના જેવો એનો વજ્રઋષભ, નારાચ સંહનનવાળો દેહ હોય છે. (झस १, जुग २, भिंगार ३, वद्धमाणग ४, भद्दमाणग ५, संख ६, छत्त ७, बीअणि ८, पडाग ९, चक्क १०, णंगल ११, मुसल १२, रह, १३, सोत्थिय १४, अंकुस १५, चंदा १६, इच्च १७, अग्गि–१८, जूय–१९, सागर २०, इंदज्झय २१, पुहवि २२, पउम २३, कुंजर २४, सीहासण २५, दंड २६, कुम्म २७, गिरिवर २८, तुरगवर २९, वरमउड ३० कुंडल ३१, णंदावत्त ३२, धणु-३३, कोंत २४, गागर ३५, भवणविमाण ३६, अणेगलक्खण पसत्थसुविभत्तचित्तकरचरणदेसभाए) એમની હથેળીઓમાં અને પગના તળીયામાં એક હજાર પ્રશસ્ત તેમજ વિભક્ત રૂપમાં રહેલા સુલક્ષણો હોય છે. તેઓમાંથી કેટલાંક સુલક્ષણો આ પ્રમાણે છે—ઝસ-મીન, યુગ-જુઆ, ભૃંગાર–જલ ભાજન વિશેષ વદ્ધમાનક-શરાવ, ભદ્રાસન, દક્ષિણાવર્ત શંખ, છત્ર, વ્યજન–પંખો, પતાકા, ચક્ર, લાંગલ, હલ, મૂસલ' રથ, સ્વસ્તિક, અંકુશ. ચન્દ્ર, આદિત્ય, સૂર્ય, અગ્નિ, યૂપ–યજ્ઞસ્તંભ, સાગર–સમુદ્ર, ઈન્દ્રધ્વજ, પદ્મ, કુંજર–હસ્તી સિંહાસન, દંડ, કૂર્મ કાચબો, ગિરિવર–શ્રેષ્ઠ પર્વત, તુરગવર–શ્રેષ્ઠ ઘોડો, વરમુકુટ, કુંડલ, નન્ધાવર્ત્ત–દરેક દિશામાં નવ ખૂણાઓ વાળો સ્વસ્તિક ધનુષ, કુન્ત, ભલ્લુક-ભાલો, ગાગર–સ્ત્રી પરિધાન વિશેષ અને ભવન–વિમાન, એ પદાર્થોના

१ सत्यं शौंचमनायासः मङ्गलं प्रियवादिता" इत्यादि ये वक्ता के गुण कहे गये है ।

૨ "सत्यं शौचमनायासः मङ्गलं प्रियवादिता" વગેરે વક્તાના ગુણો કહેવામા આવ્યા છે.

ચિહ્નો ત્યાં અંકિત હોય છે, તે બધાં પરસ્પર – એક-બીજાથી અલગ-અલગ હોય છે, અને મંગળ કારી હોય છે. એ ચિત્રોથી સમ્પન્ન તેમના હાથ અને પગ અતીવ સુંદર લાગે છે ૧૦૦૮ લક્ષણો જેમ તીર્થંકરોને હોય છે, તેમ જ એ બધાં લક્ષણો ચક્રવર્તીઓને પણ હોય છે. કહ્યું છે—

पागय मणुआण वत्तीस लक्खणानि अट्ठसयं ।
बलदेव वासुदेवाणं अट्ठसहस्सं चक्कवट्टितित्थगराणं ॥ १ ॥

(उद्धामुहलोम जाल सुकुमालणिद्धमउआवत्तपसत्थलोमविरइअसिरिवच्छच्छण्णविउल-वच्छे) એમનું વક્ષસ્થળ વિપુલ હોય છે. અને તે ઉર્ધ્વમુખવાળા તેમજ નવનીત પિંડાદિના જેમ મૃદુતાવાળા અને દક્ષિણાવર્ત્તવાળા એવા પ્રશસ્તવાળોથી-યુક્ત રહે છે. (देसखेत्त सुविभत्तदेह धारी)દેશકોશલ, દેશ આદિમાં અને ક્ષેત્ર તેના અવયવભૂત વિનીતા આદિ નગરીમાં યથાસ્થાન જેમાં અવયવોની રચના થઈ છે, એવો તેમનો દેહ એક જ હોય છે. એટલે કે તે કાળમાં એવાસુંદર આકારવાળો દેહ કોઇનેય નથી. હોતો (तरुणरविरस्सिबोहिअवरकमलविबुद्ध-गब्भवण्णे) એમના શરીરની કાંતિ તરુણ રવિથી નીકળતાં સૂર્યના કિરણોથી વિકસિત કમલ-ના ગર્ભના વર્ણ જેવી હોય છે. એટલે કે સુવર્ણ જેવા વર્ણવાળો એમનો દેહ હોય છે. (हयपोसण कोससण्णिभपसत्थपिट्ठंतणिरुपलेवे) એમનો જે ગુદાભાગ હોય છે. તે ઘોડાના ગુદાભાગની જેમ પુરિષથી અલિપ્ત રહે છે. (पउमुप्पलकुंद जाइ जूहिवरचंपगणागपुप्फ सारंगतुल्लगंधी) એમના શરીરની ગંધ પદ્મ, ઉત્પલ, કુંદ-ચમેલી કે મોગરાના પુષ્પ, વર ચંપક, રાજચંપક, નાગપુષ્પ-નાગકેશર તેમજ સારંગ-પદૈક દેશમાં પદસમુદાયના ગ્રહણ મુજબ કસ્તુરીની જેવી ગંધ હોય છે, તેવી હોય છે. (छत्तीसा अहिअपसत्थपत्थिव गुणेहि जुत्ते) ૩૬ અધિક પ્રશસ્ત પાર્થિવગુણોથી એઓ સંપન્ન હોય છે. તે ગુણો અવ્યઙ્ગ લક્ષણાપૂર્ણ રૂપસંપત્તિ યુક્તશરીર ત્યાંથીલઈને સાત્વિક સુધી એ ગુણોની ૩૬ સંખ્યા થઇ જાય છે.'अव्वोच्छिण्णातपत्ते' એનું એકચ્છત્ર રાજ્ય હોય છે. એમનું રાજ્ય પિતૃ-પિતામહોની વંશ પરંપરાથી ચાલ્યું આવતું હોય છે, એ વાત એનાથી સૂચિત કરવામાં આવી છે. અથવા એમનું પ્રભુત્વ કોઇ પણ બીજા શત્રુ વડે છિન્ન-ભિન્ન કરી શકાતું નથી. એવું પણ સમજી શકીએ છીએ ( पागउउभयजोणी ) એમનો માતૃ-પિતૃપક્ષ જગતમાં વિખ્યાત હોય છે. (विसुद्ध णियगकुलगयण पुण्णचंदे इव सोमयाए णयणमणणिव्वुईकरे) એથી એઓ પોતાના કલંકહીન કુલ રૂપ ગગનમંડળમાં મૃદુસ્વભાવને લીધે પૂર્ણ ચન્દ્ર મંડળની

જેમ નેત્ર અને મનને આનંદ આપનાર હોય છે. (अक्खोमे सागरोव थिमिए धणव- इव्व भोगसमुदयसद्दव्वयाए समरे अपराइए परमविक्कमगुणे अमरवइसमाण सरिसरूवे) નિર્ભય હોય છે, ક્ષીર સમુદ્ર વગેરેની જેમ એઓ ચિન્તારૂપ કલ્લોલોથી વર્જિત રહે છે. કલ્લોલોથી હીયમાન, વર્ધમાન લવણ સમુદ્રની જેમ એઓ અસ્થિર સ્વભાવવાળા હોતા નથી. કુબેરની જેમ એઓ ભોગોના સમુદાયમાં પોતાના વિદ્યમાન દ્રવ્યોને ખર્ચ કરતા હોય છે. એટલે કે વિદ્યમાન દ્રવ્ય મુજબ એઓ ભોગોપભોગોને ભોગવનાર હોય છે. રણાંગણમાં એઓ અપરાજિત હોય છે. કેમકે એઓ જે પ્રરાક્રમ ગુણથી યુકત હોય છે, તે તેમનો ઉત્કૃષ્ટ હોય છે. તેમનું રૂપ શક્ર જેવું અતીવ સુંદર હોય છે. (मणुअवई भरहचक्कवट्टी भरहं भुंजइ पणट्ठसत्तू) આ પ્રમાણે એ પૂર્વોકત સમસ્ત વિશેષણોથી સમ્પન્ન મનુજાધિપતિ ભરત ચક્રવર્તી એ ભરતક્ષેત્રનું શાસન કરે છે. તે સમયે એમને કોઈ પણ શત્રુ પ્રતિપક્ષી રહેતો નથી. સમસ્ત શત્રુઓનો વિનાશ થઇ જાય છે. એથી હે ગૌતમ ! આ ક્ષેત્રનુ નામ ભરત ક્ષેત્ર કહેવામાં આવ્યું છે. ॥ ૨ ॥

## ભરત ચક્રવર્તી કે દિગ્વિજયાદિકા નિરૂપણ

"ભરત ચક્રવર્તીની દિગ્વિજયાદિનું વર્ણન"

'त एणं तस्स भरहस्स रण्णो अण्णया कयाइ' इत्यादि —સૂ૦ ૪

ટીકાર્થ—(तए णं) માંડલિકત્વ પ્રાપ્તિ પછી (तस्स भरहस्स) તે ભરતની (अण्णया कयाइं) કોઇ એક સમયે જ્યારે માંડલિકત્વ પદ પર સમાસીન રહેતાં એક હજાર વર્ષ વ્યતીત થઇ ગયાં ત્યારે (आउहघरसालाए) શસ્ત્રાગારશાળામાં (दिव्वे चक्करयणे समुप्पज्जित्था) દિવ્ય ચક્રરત્ન ઉત્પન્ન થયું. (तए णं से आउहघरिए भरहस्स रण्णो आउह घरसालाए दिव्वं चक्करयणसमुप्पण्णं पासइ) જ્યારે આયુધ શાળાના રક્ષકે ભરતની આયુધશાળામાં દિવ્ય ચક્રરત્ન ઉત્પન્ન થયેલું જોયું તો (पासित्ता) જોઈને તે (हट्टतुट्ठचित्तमाणंदिए नंदिए पीइमणे परमसोमणस्सिए हरिसवसविसप्पमाणहिअए जेणामेव दिव्वे चक्करयणे तेणामेव उवागच्छइ) હૃષ્ટ-તુષ્ટ અત્યંત તુષ્ટ થયો અને ચિત્તમાં આનંદિત થયો. અહીં પ્રાકૃત હોવાથી મકાર લાક્ષણિક છે. અથવા તે હૃષ્ટ તુષ્ટ થયો એનું તાત્પર્ય આ પ્રમાણે પણ થાય છે કે તે બહુ જ વધારે તુષ્ટ થયો અને મેં અપૂર્વ વસ્તુ જ જોઈ છે. એ વિચારથી વિસ્મિત પણ થયો તથા બહુ જ સારું થયું કે જે સર્વ પ્રથમ એ અપૂર્વ વસ્તુના દર્શનનો લાભ મને જ મળ્યો. હવે તો એ વાતની જાણ હું મારા સ્વામીને કરીશ. એ જાતના વિચારથી તે સંતુષ્ટ થયો અને આનંદ યુકત થયો તેમ જ નંદિત થયો. મુખ પ્રસન્નતા આદિ ભાવોથી તે સમૃદ્ધિને પ્રાપ્ત થયો. તેના મનમાં પરમ પ્રીતિ જાગી (परम

सोमणस्सिए) તે પરમ સૌમનસ્યિત થયો—હર્ષાવેશથી તેનું હૃદય ઉછળવા લાગ્યું. અને પછી તે જ્યાં તે દિવ્ય ચક્રરત્ન હતું ત્યાં ગયો. (उवागच्छित्ता तिक्खुत्तो आयाहिणपयाहिणं करेइ करित्ता करयल जाव कट्टु चक्करयणस्स पणामं करेइ) ત્યાં જઈને તેણે ત્રણ વાર આદક્ષિણ પ્રદક્ષિણા કરી—દક્ષિણ હાથ તરફથી લઈને ડાબા હાથ તરફ ત્રણ પ્રદક્ષિણાઓ કરી ત્રણ પ્રદક્ષિણાઓ કરીને પછી તેણે કરતલ યાવત્ કરીને ચક્રરત્નને પ્રણામ કર્યા અહીં યાવત્ પદથી (करयलपडिग्गहिअं दसणहं सिरसावत्तं मत्थए अंजलि) આ પાઠનો સંગ્રહ થયેલો છે. એનો ભાવ આ પ્રમાણે છે કે ચક્રરત્નને પ્રણામ કરતી વખતે તેણે બન્ને હાથોની અંજલિ આ પ્રમાણે બનાવી કે જેમાં ૧૦ આંગળીઓના નખો પરસ્પર મળી જાય આ પ્રમાણે અંજલિ બનાવીને તેણે તે અંજલિને મસ્તકની જમણી બાજુથી ડાબી બાજુ ત્રણ વખત ફેરવી. આ રીતે તેણે પ્રણામ કર્યા. (करित्ता आउहघरसालाए पडिणिक्खमइ पडिणिक्खमित्ता जेणामेव बाहिरिआ उवट्ठाणसाला जेणामेव भरहे राया तेणामेव उवागच्छइ) પ્રણામ કરીને પછી તે આયુધ શાળામાંથી બહાર નીકળ્યો અને નીકળીને જ્યાં બહાર ઉપસ્થાન શાળા હતી (બહાર કચહરી હતી) અને તેમાં જ્યાં ભરત રાજા બેઠા હતા ત્યાં ગયો. (उवागच्छित्ता) ત્યાં જઈને (करयल जाव जएणं विजएणं बद्धावेइ) તેણે પૂર્વોક્તાનુસાર ભરત રાજાને પ્રણામ કર્યા અને તમારો જય થાઓ, તમારો જય થાઓ, આ પ્રમાણે જય--વિજય શબ્દો ઉચ્ચારતા તેણે તેમને વધામણી આપી. (वद्धमवित्ता एवं वयासी) વધામણી આપી તે પછી તેણે કહ્યું (एवं खलु देवाणुप्पियाणं आउहघरसालाए दिव्वे चक्करयणे समुप्पण्णे) હે દેવાનુપ્રિય ! તમારી આયુધશાળામાં આજે દિવ્ય ચક્રરત્ન ઉત્પન્ન થયું છે. (तं एअण्णं देवाणुप्पियाणं पियट्ठयाए पिअणिवेएमो) તો હે દેવાનુપ્રિય ! હું તમારી પાસે એ ઇષ્ટ અર્થ વિષે નિવેદન કરવા આવ્યો છું. (पिअं मे भवउ तए णं से भरहे राया तस्स आउहघरोअस्स अंतिए एअमट्ठं सोच्चा णिसम्म हट्ठ जाव सोमणस्सिए) મારા વડે

નિવેદિત એ અર્થ તમને પ્રિય થાઓ. આ પ્રમાણે તે આયુધશાળાના માણસનાવચન સાંભળીને અને તેને હૃદયમાં ધારણ કરીને તે ભરત રાજા હૃષ્ટ યાવત સૌમનસ્યિત થયો. અહીં પણ યાવત્ પદથી પૂર્વોક્ત પાઠ ગૃહીત થયેલો છે (वियसियवरकमलणयणवयणे पयलिअवर कडगतुडिअकेऊर कुंडलहारविरायंतरइवच्छे पालंबपलवमाणघोलंत भूसणधरे) તેના બન્ને સુંદર નેત્રો અને મુખ શ્રેષ્ઠ કમળની જેમ વિકસિત થઇ ગયાં ચક્રરત્નની ઉત્પત્તિ-જનિત અત્યંત સંભ્રમના વંશથી હાથોના શ્રેષ્ઠ કટક, ત્રુટિક–બાહુરક્ષક, મુકુટ અને કુંડળો ચંચળ થઈ ગયા. વક્ષસ્થળ–સ્થિત હાર હાલવા લાગ્યો. ગળામાં લટકતી લાંબી-લાંબી પુષ્પ માળાઓ ચંચળ થઈ ગઈ અનેક આભૂષણો આનંદાતિરેકથી શરીરમાં સળકવાં લાગ્યાં આ પ્રમાણે તે પ્રફુલ્લિત નેત્ર અને મુખવાળો થઈને તેમજ કટક, કુંડળ તથા લટકતી માળાઓને શરીર પર ધારણ કરીને (ससंभमं तुरियं चवलं णरिंदं) એકદમ ઉતાવળથી અથવા

અતીવ ઉત્કંઠાથી તે પોતાના કાર્યની સિદ્ધિમાં ચંચળ જેવો થઇને તે ભરત રાજા (सिंहासणाओ अब्भुट्ठेइ) સિંહાસન ઉપરથી ઊભો થયો. (अब्भुट्ठित्ता पायपीढाओ पच्चोरुहइ) અને ઊભા થઇને તે પાદપીઠ ઉપર પગ મૂકીને નીચે ઉતર્યો. (पच्चोरुहित्ता पाउयाओ ओमुयइ) નીચે ઉતરીને તેણે બન્ને પગોમાં પહેરેલી પાદુકાઓ ઉતારી નાખી. (ओमुइत्ता एगसाडिअं उत्तरासंगं करेइ) પાદુકાઓ ઉતારીને પછી તેણે એક શાટિક-વગર સિવેલું-ઉત્તરાસંગ ધારણ કર્યું-(करित्ता अंजलिमउलिअग्गहत्थे चक्करयणाभिमुहे सत्तट्ठपयाइं अणुगच्छइ) ઉત્તરાસંગ ધારણ કરીને પછી તેણે પોતાના બન્ને હાથોને કુડ્મલા કારે કરીને અને ચક્રરત્ન તરફ ઉન્મુખ થઈને તે ( सत्तट्ठपयाइं अणुगच्छइ ) સાત-આઠ ડગલા આગળ વધ્યો (अणुगच्छित्ता वामं जाणु अंचेइ अंचेत्ता दाहिणं जाणुं धरणीतलंसि णिहट्टु करयल जाव अंजलिं कट्टु चक्करयणस्स पणामं करेइ) આગળ વધીને ફરી તેણે પોતાની ડાબી જાનુ (ઘૂંટણ)ને ઊંચે કરીને પછી તેણે પોતાની જમણી જાનુ (ઘૂંટણ)ને પૃથ્વી પર મૂકી અને કરતલ પરિગૃહીતવાળી, દશનખોને પરસ્પર જોડનારી એવી અંજલિકરીને ત્રણવાર આદક્ષિણ પ્રદક્ષિણા કરતાં ચક્રરત્નને વંદન કર્યા. (करेत्ता तस्स अउहघरिअस्स अहामालिअं मउडवज्जं ओमोऊं दलइ दलइत्ता विउलं जीविआरिहं पीइदाणं दलइ) વંદન કરીને પછી તે ભરત રાજાએ

તે આયુધ ગૃહિકને પોતાના મુકુટ સિવાય ધારણ કરેલાં બધાં આભૂષણો ઉતારીને આપીદીધાં અને ભવિષ્યમાં તેની આજીવિકા ચાલતી રહે તે પ્રમાણે વિપુલ પ્રમાણમા પ્રીતિદાન આપ્યું (दलित्ता सक्कारेइ सम्माणेइ, सक्कारेत्ता, सम्मोणेत्ता पडिविसज्जेइ, पडिविसज्जेत्ता सीहासणवरगए पुरत्थाभिमुहे सण्णिसण्णे) વિપુલ પ્રીતિદાન આપીને તેણે તેનું વસ્ત્રાદિક વડે સન્માન કર્યું, બહુમાન વડે તેનું સન્માન કર્યું. આ પ્રમાણે તેનો સત્કાર અને સન્માન કરીને પછી તેણે તેને વિસર્જિત કરી દીધો. વિસર્જિત કરીને પછી તે પોતાના શ્રેષ્ઠ સિંહાસન ઉપર પૂર્વ દિશા તરફ મુખ કરીને સારી રીતે બેસી ગયો. (तएणं से भरहे राया कोडुंवियपुरिसे सद्दावेइ) ત્યાર બાદ તે ભરત રાજાએ પોતાના કૌટુમ્બિક માણસોને બોલાવ્યાં (सद्दावित्ता एवं वयासी) અને બોલાવીને તેમને તેણે આ પ્રમાણે કહ્યું. (खिप्पामेव भो देवाणुप्पिया ! विणीअं रायहाणि सब्भितरवाहिरिअं आसियसमज्जियसित्त सुइगरत्थंतरवीहियं मंचाई मंचकलिअं) હે દેવાનુપ્રિયો ! તમે સૌ શીઘ્ર વિનીતા રાજધાનીને અંદર અને બહારથી એકદમ સ્વચ્છ કરો, સુગંધિત પાણીથી સિંચિત કરો, સાવરણીથી કચરો સાફ કરો, જેથી રાજમાર્ગો અને અવાન્તરમાર્ગો સારી રીતે સ્વચ્છ થઈ જાઓ. દર્શકોને બેસવા માટે મંચોની ઉપર મંચોને સુસજ્જીત કરો. (णाणाविहरागवसणऊसिअज्झय पडागाइ पडागमंडियं) અનેક જાતના રંગોથી રંગાએલા વસ્ત્રોની ધ્વજાઓથી—પતાકાઓથી કે જેનીઅંદર સિંહ, ગરુડ વગેરેના ચિહ્નો હોય તેમજ અતિ પતાકાઓથી-એ પતાકાઓની ઉપર ફરકતી બહુજ મોટી-મોટી લાંબી પતાકાઓથી-વિનીતા નગરીને મંડિત કરો. (ला उल्लोइय महियं) જેમની નીચેની ભૂમિ છાણ વગેરેથી લિપ્ત હોય અને ચૂનાની કલઈથી

જેમની દીવાલો લીપેલી હોય એવા પ્રાસાદિકોવાળી તે નગરીને બનાવીને (गोसीस सरस-रत्तचंदणकलसं) શોભા-નિમિત્ત દરેક દ્વાર પર એવા કળશો મૂકો કે જેઓ ગોશીર્ષ ચન્દન અને રક્ત ચંદનથી ઉપલિપ્ત હોય. (चंदणघडसुकय जाव गंधुद्धुयाभिरामं) દરેક દ્વાર પર ચંદનના કળશોને તોરણના આકારમાં સ્થાપિત કરો. અહીં યાવત્ પદથી (चंदणघड-सुकयतोरणपडिदुवारदेसमायं आसत्तोसत्तविउलवट्टबग्घारियमल्लदामकलावं, पंचवण्ण सरस सुरभिमुक्क पुप्फ पुंजोवयारकलियं, कालागुरु, पवरकुंदरुक्कतुरुक्कधूवडज्झंत मघमघंत गंधुधूयाभिरामं) આ પાઠનો સંગ્રહ થયેલો છે. એનો ભાવ આ પ્રમાણે છે કે એવી લટકતી માળાઓના સમૂહોથી આ નગરીને અલંકૃત કરો કે જે માળાઓના સમુદાયો ઉપર નીચે બન્ને તરફથી પાણીના છંટકાવથી તરબોળ થઈ રહ્યા હોય, તે વિસ્તીર્ણ હોય, ગોળ હોય અને ઉપરથી નીચે લટકતી હોય, આ નગરીમાં એવાં પાંચવર્ણોના પુષ્પોને વિકીર્ણ કરો કે જે સુરભિત હોય, સુગંધિત હોય તેમજ સરસ હોય એટલે કે શુષ્ક ન હોય. નગરીને અતીવ સુગંધિત બનાવવા માટે કાલાગુરુ, શ્રેષ્ઠ કુન્દરુષ્ક અને તુરુષ્ક-લોબાન એ સર્વ ધૂપોને-સુગંધિત દ્રવ્ય વિશેષોને-અગ્નિમાં પધરાઓ અને અતિશય રૂપમાં એમનાથી નીકળતા ધૂમ્રની ગંધથી તેને સુગંધનો ભંડાર બનાવી દો. "सुगंधवरगंधिअं गंधवट्टिभूअं करेह कारवेह" એજ વાત એ પદોવડે વિશેષ રૂપમાં પુષ્ટ કરવામાં આવી છે. "करेह" ક્રિયા પદનો અર્થ છે-તમે સૌ મળીને એ કામ જાતે કરો તથા 'कारवेह' બીજાઓ પાસેથી પણ કરાવો. 'करेत्ता कारवेत्ता य एयमाणत्तिअं पच्चप्पिणइ' આ પ્રમાણે આદેશ આપીને તે ચક્રવર્તીએ તેમને આમ કહ્યું કે કામ પુરું થાય એટલે તમે સર્વે અમને આ રીતે ખબર આપો કે તમે જે કામ અમને સોંપેલું તે અમે સારી રીતે પુરું કર્યું છે. (तएणं तं कोडुंबियपुरिसा भरहेणं रण्णा एवं वुत्ता समाणा हट्ट करयल जाव एवं सामित्ति आणाए वयणं पडिसुणंति) આ પ્રમાણે પોતાના અધિપતિ ભરત રાજા દ્વારા આજ્ઞાપિત થયેલા તે કૌટુમ્બિક પુરૂષો બહુજ પ્રમુદિત થયા તેઓએ પૂર્વોક્ત રૂપમાં બન્ને હાથોની અંજલિ બનાવીને તેને મસ્તક પર જમણી તરફથી ડાબી તરફ ફેરવીને પોતાના સ્વામીએ આપેલી આજ્ઞા સવિનય સ્વીકારી. (पडिसुणित्ता भरहस्स अंतियाओ पडिणिक्खमंति) આજ્ઞા સ્વીકારીને પછી તે ભરત મહારાજ પાસેથી પાછા આવ્યા (पडिणिक्खमित्ता विणीयं रायहाणिं जाव करेत्ता कारवेत्ता य तमाणत्तियं पच्चप्पिणंति) પાછા આવીને તેમણે ભરતરાજાએ જે રીતે આદેશ આપેલો તે મુજબ વિનીતા રાજધાનીને સારી રીતે સુસજ્જ કરીને અને કરાવીને તેમજ કામ સંપૂર્ણ થવાની ખબર ભરત મહારાજા પાસે પહોંચાડી (त एणं से भरहे राया जेणेव मज्जणघरे, तेणेव उवागच्छइ) પોતાની આજ્ઞાનું સમ્પૂર્ણ રીતે પાલન થઈ ગયું છે, એ સૂચના સાંભળીને તે ભરત મહારાજ સ્નાનશાળા તરફ ગયા. (उवागच्छित्ता मज्जणघरं अणुपविसइ) ત્યાં જઇને તેઓ તે સ્નાનગૃહમાં પ્રવિષ્ટ થયા. (अणुपविसित्ता समुत्ताजाला-कुलाभिरामे विचित्तमणिरयणकुट्टिमतले रमणिज्जे ण्हाणमंडवंसि) પ્રવિષ્ટ થઈને તે મુક્તાજાલ-

થી વ્યાપ્ત ગવાક્ષોવાળા તેમજ અનેક મણિઓ અને રત્નોથી ખચિત કુટ્ટિમતલવાળા મંડપમાં મૂકેલા (ण्हाणपीढंसि णाणामणिभत्तिचित्तंसि) સ્નાન પીઠ પર કે જે અનેક પ્રકારના મણિઓ અને રત્નો દ્વારા કૃતચિત્રોથી વિચિત્ર છે. (सुहनिसण्णे) આનંદ પૂર્વક વિરાજમાન થઈ ગયા. (सुहोदएहिं गंधोदएहिं पुप्फोदएहिं सुद्धोदएहिं अ पुण्णकल्लाणगपवरमज्जणविहिए मज्जिए) ત્યાં તેમણે શુભોદકથી—તીર્થોદકથી અથવા વધારે ન ઉષ્ણ અને ન વધારે અતિ શીત એવા શીતલ પાણીથી. ગન્ધોદકોથી ચન્દનાદિ મિશ્રિત પાણીથી, પુષ્પોદકોથી પુષ્પસુવાસિત પાણીથી અને શુદ્ધોદકથી સ્વચ્છ પવિત્ર જલથી પૂર્ણ કલ્યાણકારી પ્રવર મજ્જનવિધિપૂર્વક અન્તઃપુરની વૃદ્ધાસ્ત્રીઓએ સ્નાન કરાવ્યું. (तत्थ कोउयसएहिं बहुविहेहिं कल्लाणगपवरमज्जणावसाणे पम्हलसुकुमारगंधकासाइअ लूहिअंगे) ત્યાં સ્નાન કરવાના અવસરમાં કૌતૂહલિક જનોએ અનેક પ્રકારના કૌતુકો બતાવ્યા. જેમાં પોતાના વડે કરવામાં આવેલી સેવાઓના સમ્યક પ્રયોગો બતાવવામાં આવ્યા. જ્યારે કલ્યાણકારક સુન્દર શ્રેષ્ઠ—સ્નાનક્રિયા પૂરી થઈ ચૂકી ત્યારે તેમનો દેહ પક્ષ્મમલ—રૂવાવાળા—સુકુમાર સુગંધિત ટુવાલથી લુછવામાં આવ્યો અને ત્યાર બાદ (सरससुरहिगोसीम चंदणाणुलित्तगत्ते) તેમના દેહ પર સરસ સુરભિ ગોશીર્ષ ચન્દનનો લેપ કરવામાં આવ્યો. (अहयसुमहग्घदुस्सरयणसुसंवुडे) ત્યાર બાદ મલ મૂષિકા વગેરેથી અનુપદ્રુત તેમજ બહુમૂલ્ય દૂષ્યરત્ન—પ્રધાન—વસ્ત્રો તેને પહેરાવ્યા, (सुहमालावण्णगविलेवणे) શ્રેષ્ઠ પવિત્ર માલાઓથી અને મંડનકારી કુંકુમ આદિ વિલેપનોથી તે યુક્ત કરવામાં આવ્યા. અહીં વસ્ત્રસૂત્રની યોજના પહેલા કરવી જોઈએ અને ચંદન સૂત્રની તત્પશ્ચાત્ કેમકે સ્નાન પછી તરત જ વ્યક્તિ ચંદનનો લેપ કરે છે, એવો વિધિક્રમ નથી તેમજ પૂર્વસૂત્રમાં શરીરને સુગંધિત કરવા માટે જ વિલેપન કહેવામાં આવેલ છે અને અહીં તેને મંડિત કરવા માટે વિલેપન કહેવામાં આવેલ છે. (आविद्धमणिसुवण्णे) મણિ અને સુવર્ણ નિર્મિત આભૂષણો તેને પહેરાવ્યાં. (कप्पिअहारद्धहारतिसरिअपालंबमाणकडिसुत्तसुकय सोहे) આભૂષણોમા હાર—અઢાર સેરનો હાર નવ સેરનો અર્દ્ધહાર અને ત્રિસરિક હાર એ બધા તેને યથા સ્થાન પહેરાવવામાં આવ્યા. તેથી તેની શોભા ચાર ગણી વધી ગઈ. (पिनद्धगेविज्जगअंगुलिज्जगललिअगय ललिअकयाभरणे णाणामणिकडगतुडिअथंभिअभूए) ગ્રૈવેયક-કંઠાભરણો પહેરાવવામાં આવ્યા, આંગળીઓમાં અંગુલીયક મુદ્રિકાઓ પહેરાવી તેમજ સુકુમાર મસ્તકાદિ ઉપર શોભા સંપન્નવાળોના આભરણ રૂપ પુષ્પાદિકો ધારણ કરાવ્યાં. (णाणामणि कडग तुडियथंभियभुए) અનેક મણિઓથી નિર્મિત કટક અને ત્રુટિત તેની ભુજાઓમાં પહેરાવ્યા. (अहियसस्सिरीए) આ પ્રમાણે સજાવટથી તેની શોભા ઘણી વધી ગઈ. (कुण्डलउज्जोईआणणे) તેનું મુખમંડળ કુંડલોની મનોહર કાંતિથી પ્રકાશિત થઇ

ગયું. (मउडदित्तसिरीए) મુગુટની ઝળહળતી દીપ્તિથી તેમનું મસ્તક ચમકવા લાગ્યું. (हारोत्थय सुकयवच्छे) હારથી આચ્છાદિત થયેલું તેનું વક્ષસ્થળ દર્શકો માટે આનંદ પ્રદ બની ગયું. (पालंब पलंबमाणसुकयपडउत्तरिज्जे) ઝુલતા લાંબા સુકૃત પટથી તેનો ઉત્તરાસંગ બનાવીને પહેરાવવામાં આવ્યો. એટલે કે બહુજ સુંદર લાંબા લટકતા વસ્ત્રોનો દુપટ્ટો તેના ખભા પર મૂકવામાં આવ્યો. તે દુપટ્ટો પવનના મંદ મંદ ઝોકાઓથી હાલી રહ્યો હતો. ( मुद्दियापिंगलंगुलीए ) જે મુદ્રિકાઓ અંગૂઠીઓ તેની આંગળીઓમાં પહેરાવવામાં આવી હતી તથી તેની બધી આંગળીઓ પીતવર્ણવાળી દેખાતી હતી. (णाणामणिकणग विमलमहरिहणिउणोअविअमिसिमिसंत विरइअसुसिलिट्ठ विसिट्ठ लट्ठ संठिअ पसत्थ आविद्धवीरवलए ) અનેક માણેઓ વડે ખચિત્ત સુવર્ણનું સ્વચ્છ અને બહુમૂલ્ય કે જેનું નિર્માણ ઉત્તમ શિલ્પીઓએ કર્યું હતું. જેની સંધિ અત્યંત સુંદર હતી જોવામાં જે અત્યંત સુંદર લાગતું હતું, તેણે પોતાનાં હાથમાં પહેર્યું હતું. વીરવ્રતધારી યોદ્ધો મને પરાજિત કરીને મારા આ વીરવલયને મારી પાસેથી જૂટવી લેશે, તેજ યોદ્ધા આ સંસારમાં વિશિષ્ટ વીર તરીકે પ્રસિદ્ધ થશે આ જાતની સ્પર્ધાથી જે વલય ધારણ કરવામાં આવે છે. તેને જ વીરવલય કહેવામાં આવે છે. (किं बहुणा) અને વધારે શું કહીએ. (कप्परुक्खए चेव अलंकिअविभूसियणरिंदे सकोरंट जाव चउचामर वालवीइअंगे) આ પ્રમાણે તે નરેન્દ્ર મુગુટ વગેરેથી અલંકૃત થયો અને વસ્ત્રાભરણાદિકોથી ભૂષિત થયો તે વસ્ત્રાદિકોથી અલંકૃત અને ફળપુષ્પાદિકોથી વિભૂષિત થયેલ કલ્પવૃક્ષની જેમ શોભવા લાગ્યો. તે સમયે તેના મસ્તક ઉપર યાવત્ પદ દ્વારા ગૃહીત પદો મુજબ કોરંટ પુષ્પોના સ્તબકોની માલાથી યુક્ત છત્રો છત્રધારીઓએ તાણેલા હતા ચામર ઢોળનારાઓ તેની પાછળ અને સન્મુખ ઊભા થઈને તેમજ ડાબી અને જમણી બાજુ ઊભા થઈને ચામર ઢોળતા હતા. એથી ચામરોનાવાળોથી તેનો દેહ સ્પર્શિત થઇ રહ્યો હતો. (मंगलजय जयसद्दकयालोए) તેને જોતાં જ લોકો 'જય થાઓ, જય થાઓ'

આ પ્રમાણે માંગલિક શબ્દોના ઉચ્ચારણો કરવા લાગ્યા. (अणेगगणणायगदंडणायग जाव दूअसंधिवालसद्धिं संपरिवुडे) અનેક ગણનાયકોથી, અનેક દંડ નાયકોથી યાવત્ (इसर तलवर माडुंबिय कोडुंबियमंति महामंति गणदोवारिय अमच्च चेढपीढमद्दणगरणिगमसेट्ठि सेणावइ सत्थवाह) અનેક ઈશ્વરોથી, યુવરાજોથી અથવા અણિમાદિ રૂપ ઐશ્વર્યોથી યુક્ત ધની પુરુષોથી, અનેક તલવારોથી પરિતુષ્ટ થયેલા નૃપ વડે પ્રદત્ત પટ્ટબન્ધથી વિભૂષિત થયેલા રાજા જેવા પુરુષોથી, અનેક માંડબિકોથી-છિન્ન મંડપાધિપતિઓથી, અનેક કુટુંબના મુખિયાઓથી, અનેક મંત્રિયોથી અનેક મહામંત્રીઓથી, અનેક ગણકોથી, ગણિતજ્ઞોથી અથવા ભંડારીઓથી, અનેક દ્વારપાલોથી, અનેક અમાત્યોથી: રાજકાર્યના અધિષ્ઠાયકોથી, અનેક ચેટોથી નોકરોથી અનેક પીઠમર્દોથી સમવયસ્ક અંગરક્ષકોથી અનેક નગરનિવાસીઓથી, અનેક નિગમોથી વણિગ્જનોથી, અનેક શ્રેષ્ઠિઓથી શ્રીદેવતાથી યુક્ત પટ્ટબંધો જેમના મસ્તકે પર સુશોભિત છે એવા નગર શ્રેષ્ઠીઓથી અનેક સેનાપતિઓથી ચતુરંગ

સૈન્યના નાયકોથી, અનેક સાર્થવાહોથી સાર્થના નાયકોથી, અનેક દૂતોથી દેશાન્તરવાસી રાજાદેશ નિવેદકોથી તેમજ અનેક સંધિપાલોથી રાજ્યસંધિરક્ષકોથી વીંટળાયેલો તે નૃપતિ મજ્જન ગૃહ (સ્નાનગૃહ)થી બહાર આવ્યો. (धवल महामेहणिग्गए इव जाव ससिव्व पिय दंसणे) તે સમયે તે જોવામાં એવો પ્રિય લાગતો હતો કે જેવો ધવલ મહામેઘથી નિર્ગત ચન્દ્ર જોવામાં પ્રિય લાગે છે. અહીં યાવત્ પદથી (गहगणदिप्पंतरिक्खतारागणाणं मज्झे) આ પાઠ ગ્રહણ થયો છે. આનો ભાવ આ પ્રમાણે છે કે જેમ શરદભ્રપટલમાંથી નિસૃત ચન્દ્રમંડળ દેદીપ્યમાન નક્ષત્રો તેમજ તારાગણોની વચ્ચે સુશોભિત પ્રિયદર્શનીય હોય છે, તેમજ ભરત રાજા પણ સુધા ધવલીકૃત મજ્જન ગૃહમાંથી બહાર નીકળીને અનેક ગણનાયકાદિ પરિવારના લોકોની વચ્ચે સુશોભિત થતો પ્રિયદર્શ થયો, (धूव पुप्फ गन्धमल्लहत्थगए मज्जणघराओ पडिणिक्खमई) મજ્જન ગૃહમાંથી નીકળતી વખતે તેના હાથોમાં ધૂપ દશાંગાદિ ધૂપ પ્રફુલ્લિત કુસુમ, ગન્ધ દ્રવ્ય અને માલ્ય ગ્રથિત પુષ્પો એ બધાં સુગંધિત પદાર્થો હતા

(पडिणिक्खमित्ता) મજ્જનગૃહમાંથી નીકળીને તે (जेणेव आउहघरसाला) જ્યાં તેમની આયુધશાળા હતી, (जेणेव चक्करयणे) અને તેમાં પણ જ્યાં ચક્રરત્ન હતું. (तेणामेव पहारेत्थ गमणाए) તે તરફ તેઓ ચાલવા લાગ્યા. ॥ ૩ ॥

## ભરત ચક્રવર્તી કે ગમન કે બાદ ઉનકે અનુચર વર્ગ કે કાર્યકા નિરૂપણ

'तए णं तस्स भरहस्स रण्णो'—इत्यादि सूत्र-॥ ४॥

ટીકાર્થ-(तए णं तस्स भरहस्स रण्णो बहवे ईसर पभिइओ) તે ભરત રાજા ચાલવા લાગ્યો. તે સમયે અનેક ઈશ્વર આદિ તલવરોથી માંડીને સંધિપાલ સુધીના સર્વ મનુષ્યો (भरहं रायाणं पिट्ठओ २ अणुगच्छंति) તે ભરત રાજાની પાછળ-પાછળ ચાલવા લાગ્યા. એ મનુષ્યોમાંથી (अप्पेगइया पउमहत्थगया) કેટલાક મનુષ્યોના હાથોમાં પદ્મો હતાં. (अप्पेगइया उप्पल हत्थ गया) કેટલાક મનુષ્યોના હાથોમાં ઉત્પલ હતાં. (जाव अप्पेगइया सयसहस्सपत्तहत्थ-

गया) યાવત્ કેટલાક મનુષ્યોના હાથોમાં કુમુદો હતાં, કેટલાક માણસોના હાથોમાં નલિન હતાં, કેટલાક મનુષ્યોના હાથોમાં સૌગંધિકો હતા, કેટલાક મનુષ્યોના હાથોમાં પુંડરિકો હતાં, કેટલાક મનુષ્યોના હાથોમાં સહસ્રદલ કમળો હતાં અને કેટલાક મનુષ્યોનાં હાથોમાં શત-સહસ્રદલ કમળો હતાં[1] (तए णं तस्स भरहस्स रण्णो वहूईओ खुज्जा चिल्लाइ वामणिवडभीओ वब्बरीबउसियाओ, जोणियपल्हवियाओ ईसिणिय थारु किणियाओ ॥१॥ लासिअलउसिज्जदमिलीतह आरबी पुलिंदीअ । पक्कणि बहलि मुरंडी सबरीओ पारसीओअ २

[1] અહીં યાવત્પદથી "अप्पेगइया कुमुदहत्थगया, अप्पेगइया, नलिण हत्थगया, अप्पेगईया सोगंधिय हत्थगया, अप्पेगइया पुंडरीय हत्थगया, अप्पेगइया सहस्सपत्तहत्थगया' આ પાઠનો સંગ્રહ થયો છે. એ બધાં જો કે કમળના જ પ્રકારો છે, છતાંએ એમનામાં શો ભેદ છે. એ વાત અન્ય ગ્રન્થોમાં સ્પષ્ટ કરવામાં આવી છે એથી તે ગ્રંથોમાંથી એ વિષે જાણી લેવું જોઈએ.

એ સર્વે સામન્ત નૃપોની પાછળ જેમના સાથળો વક્ર છે, જેઓ ચિલાત દેશમાં ઉત્પન્ન થઈ છે, તેમજ જેઓ અતિ લઘુ શરીરવાળી છે અથવા જેમનું નાભિથી નીચેનું શરીર વક્ર છે, એવી બર્બર દેશની દાસીઓ, વકુશ દેશની દાસીઓ જોનક દેશની દાસીઓ, પલ્હવદેશની દાસીઓ ઈસનિક દેશની દાસીઓ, થારુકિત દેશની દાસીઓ, લાસક દેશની દાસીઓ લકુશ દેશની દાસીઓ, દ્રવિડ દેશની દાસીઓ સિંહલ દેશની દાસીઓ, અરબ દેશની દાસીઓ, પુલિન્દ્ર દેશની દાસીઓ, પકકણ દેશની દાસીઓ, બહલિ દેશની દાસીઓ' મુરંડદેશની દાસીઓ, શબર દેશની દાસીઓ, પારસ દેશની દાસીઓ, આ પ્રમાણે અઢાર દેશની દાસીઓ ચાલવા લાગી. (अप्पेगइया वंदण कलसहत्थगयाओ चंगेरी पुप्फ पडलहत्थगयाओ) એ દાસીઓમાંથી કેટલીક દાસીઓના હાથોમાં મંગળ કળશો હતા, કેટલીક દાસીઓના હાથોમાં ફૂલની નાની છાબડીઓ હતી અને તેમાં અનેક જાતના

પુષ્પો હતાં. (भिंगार आदंस थाल पाति सुपइट्ठगवायकरगरयणकरंडपुप्फचंगेरी मल्लवण्णचुण्णगंधहत्थगयाओ ) કેટલીક દાસીઓના હાથોમાં, ભૃંગારકો હતા, કેટલીક દાસીઓના હાથોમાં-આદર્શ-દર્પણો હતાં. કેટલીક દાસીઓના હાથોમાં સ્થાલો-મોટા-મોટા થાળો હતા. કેટલીક દાસીઓના હાથોમાં નાની-નાની થાળીઓ હતી. કેટલીક દાસીઓના હાથોમાં સુપ્રતિષ્ઠકો-પૂર્ણ ઘટ-વગેરેના આધાર ભૂતપાત્ર વિશેષ હતા. કેટલીક દાસીઓના હાથોમાં વાતકરક-ઘટ વિશેષ-હતાં. કેટલીક દાસીઓના હાથોમાં રત્ન કરંડ-રત્નોને મૂકવા માટેના પાત્ર વિશેષો હતાં. આ પ્રમાણે જ કેટલીક દાસીઓના હાથોમાં પુષ્પની નાની છાબડીઓ, કેટલીક દાસીઓના હાથોમાં રંગભરેલી નાની છાબડીઓ, કેટલીક દાસીઓના હાથોમાં ચૂર્ણ ભરેલી નાની છાબડીઓ અને કેટલીક દાસીઓના હાથોમાં સુગન્ધ-પદાર્થો ભરેલી નાની છાબડીઓ હતી. (वत्थ आभरण लोमहत्थयचंगेरी पुप्फपडलहत्थगयाओ जाव लोमहत्थगयाओ) કેટલીક દાસીઓના હાથોમાં વસ્ત્રો હતાં કેટલીક દાસીઓના હાથોમાં આભરણો હતાં, કેટલીક દાસીઓના હાથોમાં લોમહસ્તકો હતાં. એટલે કે મયૂરના પિચ્છ-

કોથી નિર્મિત મયૂર પિચ્છિકાઓ હતી કેટલીક દાસીઓના હાથોમાં પુષ્પપટલો-પુષ્પ સમૂહો હતા. આ સૂત્રના શેષ પદોની વ્યાખ્યા સરલ છે. (जाव लोमहत्थगयाओ) તેમજ કેટલીક દાસીઓ એવી હતી કે જેમના હાથોમાં યાવત્ આબદ્ધ મયૂર પિચ્છોની પોટલીઓ હતી. (अप्पेगइयाओ सोहासणहत्थगयाओ) કેટલીક દાસીઓ એવી હતી કે જેમના હાથોમાં સિંહાસનો હતા તથા (छत्तचामर हत्थगयाओ) કેટલીક દાસીઓ એવી હતી કે જેમના હાથોમાં છત્ર, ચામર એ બન્ને વસ્તુઓ હતી. (तिल्लसमुग्गय हत्थगयाओ) કેટલીક દાસીઓ એ કે જેમના હાથોમાં તેલ ભરવાના પાત્ર વિશેષ હતા. 'સમુદ્ગગ' શબ્દનો અર્થ પાત્ર વિશેષ થાય છે 'સમુદ્ગક'નો સંગ્રહ આ ગાથા વડે આ પ્રમાણે સ્પષ્ટ કરવામાં આવેલ છે.

तेल्ले, कोट्ठसमुग्गे पत्ते चोए अ तगर मेलाय ।
हरिआले हिंगुलिए मणोसिला सासवसमुग्गे ॥ १ ॥

એ મુજબ કેટલીક દાસીઓના હાથોમાં કોષ્ઠ સમુદ્ગકો હતા. કેટલીક દાસીઓના હાથોમાં પત્ર સમુદ્ગકો હતા. કેટલીક દાસીઓના હાથોમાં ચોય સમુદ્ગકો હતા. કેટલીક દાસીઓના હાથોમાં તગર સમુદ્ગકો હતા. કેટલીક દાસીઓના હાથોમાં હરિતાલ સમુદ્ગકો હતા. કેટલીક દાસીઓના હાથોમાં હિંગુલક સમુદ્કો હતા, કેટલીક દાસીઓના હાથોમાં મનઃશિલા સમુદ્ગકો હતા અને કેટલીક દાસીઓના હાથોમાં સર્ષપ સમુદગકો હતા. આ પ્રમાણે કેટલીક દાસીઓના હાથોમાં (तालिअंटहत्थगयाओ) તાલવૃન્તો-પંખાઓ-હતા. (अप्पेगइया धूवकडुच्छुयहत्थगयाओ) અને કેટલીક દાસીઓના હાથોમાં ધૂપ મૂકવાની કડછીઓ હતી. (भरहं रायाणंपिट्ठओ २ अणुगच्छंति) એ સર્વે દાસી પણ ભરત રાજાની

પાછળ પાછળ ચાલી રહી હતી. (तए णं से भरहे राया सव्विड्ढीए सव्वज्जुइए सव्व बलेण सव्व समुदएणं सव्वायरेणं सव्वविभूसाए सव्वविभूईए सव्ववत्थपुप्फगंधमल्लालंकारविभूसाए सव्वतुडिअसद्दसंणिणाएणं महया इड्ढीए जाव महया वरतुडिअजमगसमग पवाइएणं संखपणवपडह भेरिझल्लरिखरमुहिमुरजमुइंग दुंदुहिणिग्घोसणाइएणं जेणेव आउह घरसाला तेणेव उवागच्छइ) આ જાતના ઠાઠમાઠથી ચાલતો તે ભરત રાજા જ્યાં આયુધ શાળા હતી, ત્યાં ગયો. આ જાતનો અર્થ અત્રે સમજી લેવો જોઈએ. ભરત રાજાના સંબંધમાં સૂત્રકાર કથન કરે છે કે તે સમયે તે ભરત રાજા સર્વ અલંકારોથી વિભૂષિત હતો. એથી તે સમ્પૂર્ણ દીપ્તિથી પ્રકાશિત થઇ રહ્યો હતો. સમ્પૂર્ણ સૈન્ય તેની સાથે-સાથે ચાલી રહ્યું હતું તેનો સમગ્ર પરિવાર તેની સાથે સાથે ચાલતો હતો. તેના હૃદયમાં ચક્રરત્ન પ્રત્યે અતીવ ભક્તિ તેમજ બહુમાન ઉત્પન્ન થયાં. આદરણીય જન અથવા આદરણીય વસ્તુના દર્શન માટે જે વેષભૂષાથી જવું જોઈએ એવી સમસ્ત વેષભૂષાથી સુસજ્જ હતો. આ પ્રમાણે તે ભરત રાજા પોતાની સમસ્ત રાજ્ય વિભૂતિની સાથે આયુધશાળા તરફ જઈ રહ્યો હતો. સમસ્ત વસ્ત્રો, પુષ્પમાલ્ય તેમજ અલંકારોથી વિભૂષિત થયેલા તે ભરત રાજાની આગળ ભિન્ન-ભિન્ન પ્રકારના વાજાઓ વાગતા હતા તેમની ધ્વનિ પ્રતિધ્વનિથી પુરસ્કૃત થયેલા તેમજ પોતાની મહર્દ્ધિ યાવત્ દ્યુતિ આદિથી સૌભાગ્યની પરાકાષ્ઠાએ પહોંચેલા તે ભરત રાજા બહુજ જોરથી એકી સાથે વગાડાએલા શ્રેષ્ઠ શંખો, પણવ-લઘુપટહ, પટહ-વિશાળ, પટહ-ઢોલ, ભેરી-ઝાલર, ખરમુખી, મૃદંગ અને દુંદુભી એ સર્વની ધ્વનિ અને પ્રતિધ્વનિની સાથે સાથે જ્યાં આયુધશાળા હતી. ત્યાં તે રાજા આવ્યો. (उवागच्छित्ता आलोए चक्करयणस्स पणामं करेइ) ત્યાં પહોંચીને તેણે તે ચક્રરત્નને જોઇને પ્રણામ કર્યા. કેમકે તે દેવાધિષ્ઠિત હતું, (करेत्ता जेणेव चक्करयणे तेणेव उवागच्छइ) પ્રણામ કરીને પછી તે જ્યાં ચક્રરત્ન હતું ત્યાં ગયો. (उवागच्छित्ता लोमहत्थयं परामुसइ, परामुसित्ता चक्करयणं पमज्जइ पमज्जित्ता दिव्वाए उदगधाराए अब्भुक्खेइ) ત્યાં જઇને તેણે મયુરપિચ્છ નિર્મિત પ્રમાર્જનીને હાથમાં લીધી અને તેના વડે તેણે ચક્રરત્નની સફાઈ કરી સફાઈ કરીને પછી તેણે તેની ઉપર નિર્મળ જળધારા છોડી (अब्भुक्खित्ता सरसेणं गोसीस चंदणेणं अनुलिंपइ) જળધારા કર્યા પછી તેણે તેની ઉપર ગોશીર્ષ ચન્દનનું લેપન કર્યું. (अणुलिंपित्ता अग्गेहिं वरेहिं गंधेहिं मल्लेहि अच्चिणइ) લેપ કરીને અગ્રનવીન તેમજ શ્રેષ્ઠ ગન્ધ દ્રવ્યોથી અને પુષ્પોથી તેણે તેની પૂજા કરી. (अच्चिणित्ता पुप्फारुहणं मल्लगंधवण्णचुण्णवत्थारुहणं आभरणारुहणं करेइ) પૂજા કરીને પછી તેણે તેની ઉપર પુષ્પો ચઢવ્યાં, માળાઓ ધારણ કરાવી ગન્ધ દ્રવ્યો ચઢાવ્યાં, સુગન્ધિત ચૂર્ણ ચઢાવ્યું, વસ્ત્ર ચઢાવ્યું અને આભરણો ચઢાવ્યાં. (करित्ता अच्छेहिं सण्हेहिं सेएहिं रयणामएहिं अच्छरसातंडुलेहिं चक्करयणस्सपुरओ अट्ठट्ठ मंगलए आलिहइ) પુષ્પ વગેરે ચઢાવીને તેણે તે ચક્રરત્નની સામે સ્વચ્છ, સ્નિગ્ધ, શ્વેત એવાં રજતમય સ્વચ્છ સરસ તંદુલોથી-ચોખાઓથી આઠ આઠ મંગળ દ્રવ્યો આલેખ્યા. (तं जहा) તે મંગળ દ્રવ્યોના નામો આ પ્રમાણે છે—(सोत्थिय' सिरिवच्छ णंदिआवत्तवद्धमाणमच्छकलसदप्पण अट्ट-

मंगलए) સ્વસ્તિક ૧, શ્રીવત્સ ૩, નન્ધાવર્ત્ત ૩, વર્દ્ધમાનક ૪, ભદ્રાસન ૫, મત્સ્ય ૬, ૬, કળશ ૭ અને દર્પણ ૮, એ આઠ મંગળ દ્રવ્યોને (आलिहित्ता) લખીને (काऊणं करेइ) उवयारंति) તેમજ તેમની અંદર અકારાદિ વર્ણોને લખીને આ પ્રમાણે તેમનો ઉપચાર કર્યો (कि ते) જેમ કે (पाडलमल्लिअ चंपगअसोक पुण्णागचूअमंजरिणवमालिएवकुलतिलगकण वीरकुंदकोज्जयकोरंटयपत्तदमणयवए सुरहिसुगंधगंधिमस्स कयग्गहगहिअकरयलपब्भट्टविप्प मुक्कस्स दसद्धवण्णस्स पुप्फणिगरस्स) દરેક દરેક મંગળ દ્રવ્યના ચિત્રની અંદર બનાવવામાં આવેલા દરેક દરેક વર્ણ ઉપર તેણે પાટલ પુષ્પો ચઢાવ્યાં, મલ્લિકા-મોગરાના પુષ્પો ચઢાવ્યાં ચમ્પક વૃક્ષના પુષ્પો ચઢાવ્યાં, અશોક વૃક્ષના પુષ્પો ચઢાવ્યાં, પુન્નાગ વૃક્ષોના પુષ્પો ચઢાવ્યાં આમ્રવૃક્ષની મંજરીઓ ચઢાવી, નવમલ્લિકા, બકુલ, તિલક, કણવીર કનેર, કુન્દ, કુબ્જક, કોરંટ, મરૂઆ અને દમનક એ સર્વના પુષ્પો ચઢાવ્યાં. એ સર્વે પુષ્પો તાજા હતાં, મ્લાન ન હતા. જેમ યુવા પુરુષ સહૃદય થઈને રતિકાલ વખતે પોતાની તરૂણી ભાર્યાના કેશો ધીમેથી પોતાના હાથમાં પકડે છે અને ત્યાર બાદ છોડી દે છે, તેજ પ્રમાણે ભરત રાજાએ પુષ્પો ચઢાવતી વખતે તે પુષ્પોને પાંચે આંગળીઓથી પકડીને તે લિખિત વર્ણાદિકની ઉપર ચઢાવ્યાં તે પુષ્પો પાંચ વર્ણોના હતાં.(तत्थ चित्तं जाणुस्सेहप्पमाणमित्तं ओहिणीगरं करेत्ता) એ પુષ્પોને તેણે ત્યાં આટલી બધી માત્રામાં ચઢાવ્યાં કે ત્યાં તેમની ઉંચાઈ જાનુના પ્રમાણ સુધી એટલેકે ૨૮ અંગુલ પ્રમાણ થઇ ગઈ, આ પ્રમાણે સારી એવી આશ્ચર્યકારક માત્રામાં પુષ્પો ચઢાવીને તે ભરત રાજાએ (चंदप्पभवइरवेरुलिअविमलदंडं कंचणमणिरयणभित्तिचित्तं कालागुरु-पवरकुंदुरुक्कतुरुक्कधूवगंधुत्तमाणुविद्धं च धूवघट्टिं) ત્યાર બાદ ચન્દ્રકાત મણિઓના હીરાના તેમજ વૈડૂર્યમણિઓના જેવા વિમળ દંડવાળા અથવા એ મણિઓથી નિર્મિત દંડવાળા તેમજ કાંચન અને મણિરત્નોથી જેમાં અનેક પ્રકારના ચિત્રોની રચના થઇ રહી છે અને જે કાલાગુરુ પ્રવર કુંદરુષ્ક અને તુરુષ્ક નિર્મિત ધૂપની ઉત્તમ સુગંધિથી જે વ્યાપ્ત છે અને જેમાંથી ધૂપની શ્રેણીઓ (विणिम्मुयंतं) નીકળી રહે છે એવા (वेरुलियमयं कडुच्छुयं पग्गहेत्तु) વૈડૂર્યમણિનિર્મિત ધૂપદહન પાત્રને હાથમાં લઇને (पयत्ते) બહુજ સાવધાની પૂર્વક તેમજ આદર પૂર્વક તેણે (धूवं दहइ) ધૂપને તેમાં સળગાવ્યો. (दहेत्ता सातट्ठपयाइं पच्चोसक्कइ) ધૂપ સળગાવીને પછિ તે ત્યાંથી સાત-આઠ પગલાં પાછો ફર્યો, એટલે કે મારા વડે કોઇ પણ રીતે ચક્રરત્નની અશાતના ન થાય એ વિચારથી તે ધૂપ સળગાવીને પછી સાત-આઠ પગલાં ત્યાંથી દૂર ખસી ગયો.(पच्चोसक्कित्ता वामं जाणुं अंचेइ) ત્યાંથી સાત-આઠ પગલાં પાછા ખસીને તેણે પોતાના ડાબા ઘૂંટણને ઉપર ઉઠાવ્યો (जाव पणामं करेइ) યાવત્ પ્રણામ કર્યા, અહીં યાવત્ પદથી (दाहिणं जाणुं धरणियलंसि निहट्टु करयल परिग्गहियं दसनहं सिरसावत्तं मत्थए अंजलिं) આ પાઠનો સંગ્રહ થયો છે. આનું તાત્પર્ય આ પ્રમાણે છે કે જ્યારે તેણે પોતાના ડાબા ઘૂંટણને ઉપર ઉઠાવ્યો ત્યારે તેણે પોતાના જમણા ઘૂંટણને પૃથ્વી ઉપર મૂકયો અને આંગળીઓના દશે દશ નખો પરસ્પર સમ્મિલિત કરીને પછી

અંજલિ બનાવીને તે અંજલિને જમણી તરફથી ડાબી તરફ મસ્તક ઉપર ત્રણ વાર ફેરવીને પ્રણામ કર્યા (करेत्ता) પ્રણામ કરીને (आउहघरसालाओ पडिणिक्खमइ) ત્યાર બાદ તે આયુધશાળામાંથી બહાર નીકળી ગયો. (पडिणिक्खमित्ता जेणेव बाहिरिया उवट्ठाणसाला जेणेव सीहासणे तेणेव उवागच्छइ) બહાર નીકળીને પછી તે જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા બેસવાની જગ્યા હતી અને તેમાં પણ જ્યાં સિંહાસન હતું ત્યાં આવ્યો. (उवागच्छित्ता सीहासणवरगए पुरत्थाभिमुहे सण्णिसीअइ) ત્યાં આવીને તે પૂર્વદિશા તરફ મુખ કરીને તે સિંહાસન ઉપર બેસી ગયો. (सण्णिसोइत्ता) બેસીને (अट्ठारससेणिप्पसेणीओ सद्दावेइ) તેણે અષ્ટાદશ શ્રેણી-પ્રશ્રેણિના પ્રજાજનોને બોલાવ્યા. (सद्दावेत्ता एवं वयासी) અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું તે અષ્ટાદશ શ્રેણિ પ્રશ્રેણિના પ્રજાજનો આ પ્રમાણે છે—(कुंभार १- पट्टइल्ला २, सुवण्णकारा ३, य सूयकाराय ४, गंधव्वा , कासवगा ६. मालाकाराय ७, कच्छकरा ८ ॥ १ ॥ तंबोलियाय एए नवप्पयाराय नारुआ भणीआ अहणं णवप्पयारे कारुअवण्णे पयक्खामि ॥२॥ चम्मयरु १ जंतपीलग २, गंधिअ ३ छिपाय ४, कंसकारे ५ य, सीबग ६ गुआर ७, भिल्ला ८, धीवर ९ वण्णाइ अट्ठदस ॥३॥ ચિત્રકારો વગેરે પણ એમનામાં અન્તર્ભૂત થઇ જાય છે. તે ભરત રાજાએ પૌરજનોને

એટલે કે નગરવાસીઓને શું કહ્યુ તે વિષે હવે સ્પષ્ટ કરવામાં આવે છે કે—(खिप्पामेव भो देवाणुप्पिया ! उस्सुक्कं उक्करं उक्किट्ठं अदिज्जं अभडप्पवेसं अदंडकोदंडिमं अधरिमं गणियावरणाडइज्जकलियं अणेग तालायराणुचरियं अणुद्धुयमुइंगं अमिलाय मल्लदामं पमुइय पक्कीलिय सपुराजणजाणवयं विजयवेजइअं चक्करयणस्स अट्ठाहियं महामहिमं करेह करित्ता ममेयमाणत्तियं खिप्पामेव पच्चप्पिणह) હે દેવાનુપ્રિયો ! તમે અષ્ટાહ્નિકામહોત્સવ ઉજવો તેમાં વિક્રેય વસ્તુ પર જે રાજ્ય કર ટેકસ લે છે. તેને માફ કરી દો. ગાય વગેરે ઉપર જે દર વર્ષે રાજદેય દ્રવ્ય લેવામાં આવે છે તેને પણ માફ કરી દો. લભ્ય વસ્તુને ગ્રહણ કરવા માટે જે ભૂમિ વગેરને ખેડવામાં આવે છે, તેને પણ આઠ દિવસ માટે બંધ કરી દો. તથા જેના ઉપર જે કંઈ પણ લેણ દેણ હોય તે પણ બંધ કરી છે અથવા તો આ મહોત્સવ

થાય ત્યાં સુધી કોઈ પણ જાતનો વેપાર વગેરે થાય નહિ એવી રાજાજ્ઞાની ઘોષણા કરી દો ક્રય-વિક્રય ઉપર પ્રતિબંધ થઇ ગયા પછી કોઈ પણ માણસ માપી શકાય કે ગણી શકાય એવી બધી વસ્તુઓની આપ-લે બંધ કરી દો આજ્ઞા પ્રદાન કરનાર રાજ પુરુષોનો કુટુંબી જનોના ગૃહોમાં પ્રવેશ ન થાય. અપરાધ થઈ જાય તો દંડ રૂપમાં જે અપરાધ મુજબ અપરાધી પાસેથી રાજદ્રવ્ય લેવામાં આવે છે, તે લેવાનુ બંધ કરી દો. રાજ્ય કર્મચારીઓ વડે નાના-મોટા અપરાધો બદલ તેમની પાસેથી દંડ સ્વરૂપ જે તે કાંઈ પણ થોડું-ઘણું ઈચ્છા મુજબ દંડ વસૂલ કરવામાં આવે છે, તે લેવામાં ન

આવે કર્જદાર પાસેથી કર્જ આપનાર માણસ પોતાના ઋણુની વસૂલાત કરવા માટે વિવાદ કરે નહિ-પણ તે દ્રવ્ય મારી પાસેથી લઈને આપી દે અને આ પ્રમાણે તે ઝગડાનો અંત થાય. વિલાસિનીઓના નાટકીય પુરુષો વડે એ ઉત્સવમાં ઉત્તમ ધાર્મિક નાટકો ભજવવામાં આવે એ ઊત્સવને જોવા માટે ઘણાં લોકો આવે રાત-દિવસ એ ઉત્સવમાં મૃદંગ-ધ્વનિ થતો રહે. જે માળાઓને ઉત્સવમાં આમતેમ લટકાવવામાં આવે તે મ્લાન થાય નહિ. (पमुइअपक्कीलिअ सपुरज णजाण वयं) દરેક વિનીતાવાસીજન એ ઉત્સવમાં મુદિત મનવાળો થઇને કોશલદેશવાસીઓની સાથે સાથે અનેકવિધ ક્રીડાઓ કરે. (विजय वेजइअं) આ પ્રમાણે અષ્ટાહ્નિકા મહોત્સવથી એ આયુધ ર ત્નની સારી રીતે આરાધના કરવા માટે આયોજના કરો. કેમકે એ આયુધરત્ન જ્યારે સારી રીતે આરાધિત થઇ જશે ત્યારે નિયમથી એના વડે મને ઈચ્છિત વિજય રૂપ ફળની પ્રાપ્તિ થઇ જશે. આ પ્રમાણે વ્યવસ્થા કરીને પછી વ્યવસ્થા થઈ ગયાની મને ખબર આપો. (त एणं ताओ अट्ठारस सेणिप्पसेणीओ भरहेणं रन्ना एवं वुत्ताओ समाणीओ हट्ठाओ जाव विणएणं पडिसुणेंति) આ પ્રમાણે ભરત રાજા વડે આજ્ઞાપિત થએલા તે શ્રેણિ પ્રશ્રેણિ રૂપ પ્રજાજન હર્ષથિ અત્યધિક આનંદિત થયા, સંતુષ્ઠ થયા અને ભરત રાજાની આજ્ઞાને તેમણે વગર કોઈ પણ જાતની આના કાનીએ સ્વીકારી લીધી. આજ્ઞા સ્વીકાર કરતી

વખતે તેમણે પોતાના બન્ને હાથોથી સવિનય પ્રમાણ કર્યા. અહીં યાવત્ પદથી (करतल-परिगृहीतं दशनखं शिरसावर्तं मस्तके अंजलिं कृत्वा) એવો પાઠ સંગ્રહીત થયો છે (पडिसुणित्ता) ભરત રાજાની આજ્ઞાનો સ્વીકાર કરીને (भरहस्सरण्णो अंतियाओ पडिणिक्खमेंति) પછી તેઓ સર્વે ભરત રાજા પાસેથી પાછા પોત-પોતાના સ્થાન પર આવી ગયા. (पडिणिक्ख मत्ता उस्सुक्कं उक्करं जाव करेंतिअ कारवेंतिअ) પાછા ફરીને તેમણે ભરતરાજાની આજ્ઞા મુજબ નગરીમાં અષ્ટાહ્નિકા મહોત્સવ ઊજવ્યો. અને ઊજવાવ્યો, જે પ્રમાણે એ મહોત્સવની ઉચ્છુલ્ક વગેરે રૂપથી વ્યવસ્થા કરવાની આજ્ઞા રાજાએ આપી હતી તેવી જ વ્યવસ્થા તેમણે તે ઉત્સવમાં કરી અને કરાવડાવી (करेत्ता कारवेत्ता जेणेव भरहे राया तेणेव उवागच्छन्ति) એ ઉત્પવને ઊજવાવી ને પછી જ્યાં તે ભરત રાજા હતો ત્યાં આવ્યા (उवागच्छित्ता जाव तमाणत्तियं पच्चप्पिणंति) ત્યાં આવીને તેમણે રાજાને આ પ્રમાણે ખબર આપી કે હે રાજા મહોત્સવ ઊજવવાની જેવી આજ્ઞા આપશ્રીએ આપી હતી તે મુજબ અમોએ તે મહોત્સવ ઊજાવ્યો છે અને ઊજવાવ્યો છે ॥ ૪ ॥

## અષ્ટાહ્નિકા સમાપ્ત કરકે આગેકે કાર્ય કા નિરૂપણ

'त एणं से दिव्वे चक्करयणे अट्ठाहियाए महामहिमाए' - इत्यादि सूत्र - ५॥

**टीकार्थ** (त एणं से दिव्वे चक्करयणे) ત્યાર બાદ તે ચક્રરત્ન જ્યારે (अट्ठाहियाए महामहिमाए नि त्ताए समाणीए) અષ્ટાહ્નિકા મહોત્સવ સારી રીતે સમ્પન્ન થઈ ચૂકયો. (आउहघरसालाओ) આયુધ ગૃહશાળાથી (पडिणिक्खमइ) નીકળ્યુ (पडिणिक्खमित्ता) નીકળીને તે (अंतलिक्खपडिवण्णे) અંતરીક્ષ આકાશમાં અદ્ધર ચાલવા લાગ્યું (जक्ख सहस्ससंपरिवुडे) તે એક હજાર યક્ષો-દેવોથી પરિવૃત્ત હતું, કેમકે ચક્રવર્તીના ચતુર્દશ રત્નોમાંથી દરેક રત્ન એક હજાર દેવોથી અધિષ્ઠિત હોય છે. (दिव्वतुडिय सद संण्णिणाएणं आपूरें ते चेव अंबरतलं विणीयाए रायहाणीए मज्झं मज्झेणं

णिगच्छइ) તે વખતે અંબર તળ દિવ્ય વાજાઓના નિનાદ અને પ્રતિનિનાદોથી ગુંજિત થઈ રહ્યું હતું એથી એવું લાગતું હતું કે જાણે એ ચક્રરત્ન જ આકાશને શબ્દિત કરી રહ્યું છે. આ પ્રમાણે આકાશમાં અદ્ધર ચાલતું તે ચક્રરત્ન વિનીતા રાજધાનીની ઠીક વચ્ચે થઈને પસાર થયુ. 'णिगच्छित्ता' પસારથઈને તે (गंगाए महाणईए दाहिणिल्लेणं कूलेणं पुरत्थिमं दिसिं मागहतित्थाभिमुहे पयाए यावि होत्था) ગંગા મહાનદીની દક્ષિણ દિશા–તરફના કિનારાથી પસાર થતું પૂર્વ દિશા તરફના માગધ તીર્થ તરફ ચાલવા લાગ્યું. અહીં સૂત્રમાં બન્ને 'णं' વાકયાલંકારમાં પ્રયુક્ત થયેલ છે. વિનીતાની સમશ્રેણિમાં પૂર્વ દિશા તરફ વહેતી ગંગા મગધ તીર્થસ્થાનમાં પૂર્વ સમુદ્રમાં મળે છે. એથી તે તટ દક્ષિણ ભાગવર્તી હોવા બદલ "दाक्षिणात्य" એ પદથી વ્યવહૃત થયેલ છે. એથી જ અહીં આ પ્રમાણે કહેવામાં આવ્યું છે. (त एणं से भरहे राया तं दिव्वं चिक्करयणं गंगाए महणईए दाहिणिल्लेणं कूलेणं पुरत्थिमं दिसिं मागहतित्थाभमुहं पयातं पासइ) ભરત રાજાએ જ્યારે તે દિવ્ય ચક્રરત્નને ગંગા મહાનદીના દક્ષિણ દિશાના તટથી પૂર્વ દિશાના તરફ વર્તમાન માગધ તીર્થ તરફ જતું જોયું તો (पासित्ता) જોઈને તે (हट्ठ तुट्ठ जाव हियए कोडुंबिय पुरिसे सद्दावेइ) હૃષ્ટ અને તુષ્ટ થયો. ચિત્તમાં આનંદિત તેમજ પરમ સૌમ-નસ્યિત થઈને, હર્ષાવિષ્ટ થઈને કૌટુંબિક પુરુષોને બોલાવ્યાં અને (सद्दावेत्ता) બોલાવીને તેણે (एवं वयासी) આ પ્રમાણે કહ્યું–(खिप्पामेव भो देवाणुप्पिया ! आभिसेक्कं हत्थिरयणं पडिकप्पेह) હે દેવાનુપ્રિયો ! તમે યથાશીઘ્ર અભિષેક યોગ્ય પ્રધાન હાથીને–પટ્ટહાથીને સુસજ્જ કરો. (हयगय रह पवर जोहकलियं चाउरंगिणिं सेण्णं सण्णाहेह તેમજ હય–ગજ–રથ–પ્રવર યોદ્ધાઓથી યુક્ત ચતુરંગિણી સેનાને સુસજ્જ કરો. (एयमाणत्तियं पच्चप्पिणह) જેવી આજ્ઞા મે તમને કરી છે તે મુજબ બધું કામ સમ્પન્ન કરીને પછી મને સૂચના આપો. (त एणं ते कोडुंबिअ पुरिसा जाव पच्चप्पिणंति) ભરત રાજા વડે આ પ્રમાણે આજ્ઞપ્ત થયેલા તે કૌટુંબિક જનો હૃષ્ટ-તુષ્ટ થયા અને ચિત્તમાં આનંદિત થયા અને રાજા ભરતે જે પ્રમાણે કરવાનો તેમને આદેશ આપ્યો હતો, તે બધું સમ્પન્ન કરીને તેમણે ભરત રાજાની પાસે સૂચના મોકલી. (त एणं से भरहे राया जेणेव मज्जणघरे तेणेव उवागच्छइ) ત્યાર બાદ તે ભરત રાજા જ્યાં સ્નાન ગૃહ હતું, ત્યાં ગયા. (उवागच्छित्ता जेणेव मज्जणघरं तेणेवयअणुपविसइ, अणुपविसित्ता समुत्तजालाभिरामे तहेव जाव धवल महामेहणिग्गए इव ससिव्व पियदंसणे णरवई मज्जणघराओ पडिणिक्खमई) ત્યાં જઈને તે મજ્જન ગૃહમાં પ્રવિષ્ટ થયા. પ્રવિષ્ટ થઈને તે જેની બારીઓ મુક્તાફળોથી ખચિત છે અને એથી જ જે અતીવ મનોરમ લાગે છે તેમજ યાવત્ પદાનુસાર જે વિચિત્ર મણિરત્નોની ભૂમિવાળું છે એવા. મંડપમાં મૂકેલા નાના મણિઓથી ખચિત સ્નાન પીઠ ઉપર સુખપૂર્વક બેસી ગયો. ત્યાં તે રાજાને સારી રીતે સ્નાન કરાવવામાં આવ્યું. સ્નાન કરાવ્યા બાદ તે ભરત રાજા ધવલ મહામેઘ-સ્વચ્છ શરત્ કાલીન મેઘથી નિર્ગત શશી–ચંદ્ર–ની જેમ તે મજ્જનગૃહમાંથી બહાર નીકળ્યા. તે સમયે તેએ

જોવામાં અતીવ સોહામણા લાગતા હતા. (पडिणिक्खमित्ता हयगयरहपवरवाहणभडचडग रपहकर संकुलाए सेणाए पहिअकित्ति जेणेव बाहिरिया उवट्ठाणसाला जेणेव आभिसेक्के हत्थिरयणे तेणेव उवागच्छई) મજ્જનગૃહમાંથી બહાર નીકળીને તે ભરત રાજા કે જેમની કીર્તિ હય-ગજ રથ-શ્રેષ્ઠ વાહન અને યોદ્ધાઓના વિસ્તૃત વૃન્દથી વ્યાપ્ત સેના સાથે વિખ્યાત છે-તે જ્યાં બાહ્ય ઉપસ્થાન શાળા હતી અને તેમાં પણ જ્યાં અભિષેક યોગ્ય હસ્તિરત્ન હતું એટલે કે પટ્ટ હાથી હતો-ત્યાં આવ્યા. (उवागच्छित्ता) ત્યાં આવીને (अंजणगिरिकडगसंन्निभं गयवइं णरवई दुरूढे) તે નરપતિ અંજન ગિરિના કટક-નિતંબ ભાગ-જેવા ગજપતિ ઉપર સમારૂઢ થઈ ગયા. (तएणं से भरहाहिवे णरिंदे हारोत्थयसुकयरइयवच्छे कुंडलउज्जोइआणणे मउडदित्तसिरए णरसीहे णरवई णरिंदे णरवसहे मरुअरायवसभकप्पे अब्महिअरायतेअलच्छीए दिप्पमाणे) ત્યાર બાદ તે ભારતાધિપતિ નરેન્દ્ર કે જેમનું વક્ષસ્થળ હારથી વ્યાપ્ત થઈ રહ્યું છે, એથી જે બહુ જ સોહામણું લાગી રહ્યું છે, અને જોનારા મનુષ્યો માટે જે આનંદ પ્રદ થઈ રહ્યું છે, મુખ-મંડળ જેમના બન્ને કર્ણના કુંડળોથી ઉદ્યોતિત થઈ રહ્યું છે, મુકુટથી જેમનું મસ્તક ચમકી રહ્યું છે, શૂરવીર હોવાથી જે મનુષ્યોમાં સિંહવત્ પ્રતીત થઈ રહ્યા છે, સ્વામી હોવાથી જે નર સમાજ માટે પ્રતિ-પાલક રૂપ છે, પરમ ઐશ્વર્યના યોગથી જે મનુષ્યોમાં ઈન્દ્ર તુલ્ય ગણાય છે, સ્વકૃત કૃત્યના સમ્પાદક હોવાથી જે નર-વૃષભ તરીકે પ્રખ્યાત છે, વ્યન્તરાદિક દેવોના ઈન્દ્રોની વચ્ચે જે મુખ્ય જેવા છે. અત્યધિક રાજ તેજની લક્ષ્મીથી જે તેજસ્વી થઈ રહ્યા છે (पसत्थमंगलसर्पाहं संथुव्वमाणे) બન્દિજનો વડે ઉચ્ચારિત સહસાધિક મંગળ વાચક શબ્દોથી જે સંસ્તુત થઈ રહ્યા છે, તેમજ (जय सद्दकयालोए) 'તમારી જય થાઓ, જય થાઓ' આ પ્રમાણે જેમના દર્શન થતાં જ જે લોકો વડે મંગળ શબ્દોથી પુરસ્કૃત થઈ રહ્યા છે (हत्थिखंघवरगए) પોતાના પટ્ટ હાથી ઉપર બેઠેલા (जेणेव मागहतित्थे तेणेव उवागच्छइ) જ્યાં તે માગધ તીર્થ હતું, ત્યાં આવ્યા

જે વખતે એ ભરત રાજા હાથી ઉપર સવાર થઈને એ તીર્થ તરફ આવી રહ્યા હતા, તે સમયે તેમની ઉપર સકોરંટ-કોરંટ પુષ્પોની માળાથી યુક્ત છત્ર છત્રધારીઓએ તાણી રાખ્યું હતું. (सेयवरचामराहिं उद्धुव्वमाणीहिं २ जक्खसहस्समंपरिवुडे वेसमणे चेव धणवई अमरवइ सन्निभाए इड्ढीए पहिअकित्ती) એની ઉપર ચમર ઢોળનારાઓ વારંવાર શ્વેત-શ્રેષ્ઠ ચામર ઢોળી રહ્યા હતા. બે હજાર દેવોથી તેઓ આવૃત હતા કેમકે. ચક્રવર્તિનું શરીર બેહજાર દેવોથી અધિષ્ઠિત હોય છે. કુબેર જેવા એઓ ધનસ્વામી હતા અને ઈંદ્રની જેવી ઋદ્ધિથી એઓ વિસ્તૃત કીર્તિવાળા હતા. (गंगा महाणईए दाहिणिल्लेणं कूलेणं) એઓ મહાનદી ગંગાના દાક્ષિણાત્ય કૂલથી પૂર્વ દિગ્વર્તી માગધ તીર્થ તરફ રવાના થયા. તે સમયે એઓ (गामागरनगरखेडकब्बडमंडबदोणमुहपट्टणासम) વૃતિ વેષ્ટિત ગ્રામોથી, સુવર્ણ રત્નાદિકના ઉત્પત્તિ સ્થાન રૂપ આકરોથી, નગરોથી, ધૂલિના પ્રાકારોથી પરિવેષ્ટિત ખેટોથી, ક્ષુદ્ર પ્રાકારવેષ્ટિત કર્બટોથી, અઢી ગાઉ સુધી ગામાન્તર-રહિત મડંબોથી, જલમાર્ગ અને સ્થળમાર્ગથી યુક્ત જનનિવાસ રૂપ

દ્રોણ મુખોથી, સમસ્ત વસ્તુઓના પ્રાપ્તિ સ્થાન રૂપ પત્તનોથી અથવા શકટાદિથી અથવા નૌકાઓથી ગમ્ય રૂપ પત્તનોથી, ફક્ત નૌકાઓથી જ ગમ્યરૂપ પટ્ટનોથી, તાપસી જનો વડે આવાસિત તેમ જ અપર જનો વડે પણ નિવાસ યોગ્ય એવા આશ્રમોથી, કૃષકો વડે ધાન્યરક્ષાર્થે નિર્મિત દુર્ગભૂમિ રૂપ સંવાહોથી અથવા પર્વત શિખર સ્થિત જન નિવાસ રૂપ અથવા સમાગત પ્રભૂત પથિક જન નિવાસ રૂપ સંવાહોથી મંડિત (थिमिय मेइणीयं वसुहं अभिजिणमाणे २) એવી સ્થિર પ્રજાવાળી વસુધાને, ત્યાંના અધિપતિને પોતાને આધીન કરતા (अग्गाइं वराइं रयणाइं पडिच्छमाणे २) તેમજ તેમની પાસેથી નજરાણાના રૂપમાં ઉત્કૃષ્ટ રત્નોને-તત્તજ્જાતિમાં પ્રધાનભૂત વસ્તુઓને સ્વીકારતાં સ્વીકારતાં (तं दिव्वं चक्करयणं अणुगच्छमाणे) તેમજ ચક્રરત્ન દ્વારા પ્રદર્શિત માર્ગથી ચાલતા (जोयणंतरियाहिं वसहीहिं वसमाणे) અને એક એક યોજન ઉપર પોતાનો પડાવ

નાખતા (जेणेव मागहतित्थे तेणेव उवागच्छइ) જ્યાં માગધ તીર્થ હતું, ત્યાં ગયા. (उवागच्छित्ता) ત્યાં આવીને તેમણે (मागहतित्थस्स अदूरसामंते दुवालसजोयणायामं णव जोयणवित्थिण्णं वर णगरसरिच्छं विजय खंधावार निवेसं करेइ) તે માગધ તીર્થની અદૂરસમીપ પ્રદેશમાં-અર્થાત્ ન અતિ દૂર કે ન અતિ નિકટ એવા ઉચિત સ્થાનમાં-પોતાના નવ યોજન વિસ્તાર વાળા અને બાર યોજન લંબાઈ વાળા કટક-સૈન્ય-નું નિવાસ સ્થાન બનાવ્યું એટલે કે પૂર્વોક્ત પ્રમાણવાળા સ્થાનમાં તેણે પોતાના સૈન્યનો પડાવ નાખ્યો. (करित्ता वड्ढइरयणं सद्दावेइ) તે સ્થાન પર સેનાને મુકામ આપીને પછી તેણે સૂત્રધારોના મુખિયા ને બોલાવ્યો. (सद्दावित्ता एवं वयासी) અને બોલાવીને તેણે આ પ્રમાણે કહ્યું- (खिप्पामेव भो देवाणुप्पिया ! मम आवासं पोसहसालं च करेहि) હે દેવાનુપ્રિય ! તમે શીઘ્ર મારા માટે એક નિવાસ સ્થાન અને પૌષધશાળાનું નિર્માણ કરો. (करित्ता ममेयमाणत्तियं पच्चप्पिणाहि) નિર્માણ કરીને પછી મને એ આજ્ઞા મુજબ કામ

સમ્પન્ન થઈ જવાની સૂચના આપો. (त एणं से वड्ढइरयणे भरहेणं रन्ना एवं वुत्ते समाणे हट्ठ-तुट्ठ चित्तमाणंदिए पीईमणे जाव अंजलिं कट्टु एवं सामी तहत्ति सामी आणाए विणएणं वयणं पडिसुणेइ) આ પ્રમાણે ભરત રાજા વડે આજ્ઞપ્ત તે વર્દ્ધકિરત્ન હૃષ્ટ-તુષ્ટ થતો પોતાના ચિત્તમાં આનંદિત થયો. તેના મનમાં પ્રીતિ ઉત્પન્ન થઈ, યાવત્ અંજલિ જોડીને પછી તેણે આ પ્રમાણે કહ્યું-હે સ્વામિન્ ! જે પ્રમાણે આપશ્રીએ આજ્ઞા કરી છે, તે મુજબ કામ સમ્પન્ન થશે આ પ્રમાણે કહીને તેણે પ્રભુની આજ્ઞાને બહુજ વિનય પૂર્વક સ્વીકાર કરી. (पडिसुणित्ता भरहस्स रण्णो आवसहं पोसहसालं च करेइ) આજ્ઞા સ્વીકાર કરીને પછી તેણે ત્યાંથી આવીને ભરત રાજા માટે નિવાસ સ્થાન અને પૌષધશાળાનું નિર્માણ કર્યું. (करित्ता एयमाणत्तियं खिप्पामेव पच्चप्पिणंति) નિર્માણ કાર્ય સમ્પન્ન થતાં જ તેણે રાજાજ્ઞાનું પાલન થઇ ચૂકયું છે તે અંગેની ખબર રાજા પાસે પહોંચાડી. (त एणं से भरहे राया आभिसेक्काओ हत्थिरयणाओ पच्चोरुहइ) ભરત મહારાજા પોતાની આજ્ઞ

મુજબ કાર્ય સમ્પન્ન થઈ ચૂક્યું છે તે વાત સાંભળીને અભિષેક યોગ્ય પટ્ટહાથી ઉપરથી નીચે ઉતર્યા અને (जेणेव पोसहसाला तेणेव उवागच्छइ) જ્યાં પૌષધશાળા હતી તે તરફ રવાના થયા (उवागच्छित्ता पोसहसालं अणुपविसइ) ત્યાં આવીને તેઓ પૌષધશાળામાં પ્રવિષ્ટ થયા. (अणुपविसित्ता) પ્રવિષ્ટ થઈને તેમણે (पोसहसालं पमज्जइ) પૌષધશાળાનું પ્રમાર્જન કર્યું. (पमज्जित्ता दब्भसंथारगं संथरइ) પ્રમાર્જન કરીને પછી તેમણે ત્યાં અઢી હાથ પ્રમાણ જેટલું દર્ભાસન પાથર્યું. (संथरित्ता दब्भसंथारगं दुरूहइ) પાથરીને પછી તેઓ તે આસન ઉપર બેસી ગયા. (दुरूहित्ता मागहतित्थ कुमारस्स देवस्स अट्ठमभत्तं पगिण्हइ) ત્યાં બેસીને તેમણે માગધતીર્થ કુમારની સાધના માટે ત્રણ ઉપવાસો ધારણ કર્યા. (पगिण्हित्ता पोसहसालाए पोसहिए बंभयारी उम्मुक्कमणिसुवण्णे ववगयमालावण्णगविलेवणे अवीए अट्ठमभत्तं पडिजागरमाणे) ત્રણ ઉપવાસો-અઠ્ઠમ ધારણ કરીને તેઓ પૌષધવાળાં બ્રહ્મચારી અને ઉન્મુક્તમણિ સુવર્ણાભરણવાળા થઈ ગયા તેમણે સ્રક્-ચંદન વિલેપન વગેરે

સર્વે ત્યજી દીધા. હાથમાંથી શસ્ત્ર ત્યજી દીધું, મુસલ ત્યજી દીધું, અઢિ હાથ પ્રમાણ દર્ભાસન ઉપર વિરાજમાન તે ભરત મહારાજા આંતરિક વ્યક્ત રાગાદિકના પરિહારથી અદ્વિતીય થઈ ગયા. તેમની પાસે તે સમયે સેના વગેરે નો એક પણ માણસ હતો નહિ આ પ્રમાણે તેમણે યથાવિધિ પૌષધનું પાલન કર્યું. (तए णं से भरहे राया अट्ठमभत्तंसि परिणममाणंसि पोसहसालाओ पडिणिक्खमइ) યથાવિધિ જ્યારે તે પૌષધનું પાલન કરી ચૂક્યો એટલે કે તેની આરાધના પૂરી થઈ ચૂકી ત્યારે તેઓ પૌષધશાળામાંથી બહાર આવ્યા (पडिणिक्खमित्ता जेणेव बाहिरिया उवट्ठाणसाला तेणेव उवागच्छइ) પૌષધશાળામાંથી બહાર આવીને પછી તેઓ જ્યાં બાહ્ય ઉપસ્થાન શાળા હતી ત્યાં આવ્યા, (उवागच्छित्ता कोडुंबियपुरिसे सद्दावेइ) ત્યાં આવીને તેમણે કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા. (सद्दावित्ता एवं वयासी) બોલાવીને તેમણે આ પ્રમાણે કહ્યું. (खिप्पामेव भो देवाणुप्पिया ! हय गय रह पवर जोहकलियं चाउरंगिणिं सेणं सण्णाहेह) હે દેવાનુપ્રિયો ! તમે શીઘ્રમેવ હય

ગજ, રથ તેમજ વીર શ્રેષ્ઠ યોદ્ધાઓથી યુક્ત સેના તૈયાર કરો. (चाउग्घंटं आसरहं पडिकप्पेह) તેમજ જેમાં ચાર ઘંટાઓ લટકી રહ્યા હોય, એવા રથને અશ્વોથી ચલાવવામાં આવે એવા રથ ને સજ્જિત કરો, (त्ति कट्टु) આ પ્રમાણે કહીને તે (मज्जणघरं अणुपविसइ) સ્નાન ગૃહમાં પ્રવિષ્ટ થયા. (अणुपविसित्ता समुत्त तहेव जाव धवल महामेहणिग्गए जाव मज्जणघराओ पडिणिक्खमइ) ત્યાં જઈને તે પૂર્વોક્ત મુક્તાજલ ફળ આદિ વિશેષણોથી અભિરામ સ્નાનમંડપ માં મૂકેલા પૂર્વોક્ત "नानामणि भत्तिचित्त" વિશેષણોવાળા સ્નાન પીઠ ઉપર આનંદ પૂર્વક બેસી ગયા. ત્યાં તેમને સ્નાન કરાવવામાં આવ્યું. સ્નાન કર્યા પછી તેઓ ધવલ મેઘથી નિર્ગત ચન્દ્ર મંડલની જેમ તે સ્નાનગૃહમાંથી બહાર નીકળ્યા. (पडिणिक्खमित्ता हय गय रह पवर बाहण जाव सेणावइ पहियकित्ती जेणेव बाहिरिया उवट्ठाणसाला जेणेव चाउग्घंटे आसरहे तेणेव उवागच्छइ) એ સૂત્રપદોની વ્યાખ્યા પહેલાં કરવામાં આવેલ વ્યાખ્યા મુજબ જ છે. (उवागच्छित्ता चाउग्घंटं आसरहं दुरूहे) અશ્વરથ પાસે પહોંચીને તેઓ તેની ઉપર સવાર થયા. ॥ ૫ ॥

'त एणं से भरहे राया चाउग्घंटं आसरहं' इत्यादि ॥ सूत्र—६ ॥

ટીકાર્થ–(त एणं ) ત્યાર બાદ ( से भरहे राया' તે ભરત રાજા (चाउग्घंटं आसरहं) ચારઘંટાઓથી યુક્ત અશ્વરથ ઉપર ( दुरूढे समाणे) આસીન થઇને (लवणसमुद्दं ओगाहइ) લવણ સમુદ્રમાં પ્રવિષ્ટ થયા. એવો અત્રે સંબંધ છે. (हयगयरहपवरजोहकलियाए सद्धिं संपरिबुडे) તે સમયે તેની સાથે સેના હતી તે સેનામાં હય–ઘોડા, ગજ–હાથી, રથ અને શ્રેષ્ઠ યોદ્ધાઓ હતા. એ સર્વથી આવૃત્ત થયેલો તે (महया भडचडगरपह-गरवंदपरिक्खित्ते ) મહા સંગ્રામાભિલાષી યોદ્ધાઓનો પરિકર (समूह) તેની સાથે–સાથે ચાલી રહ્યો હતો. (चक्करयणदेसियमग्गे) ગન્તવ્ય સ્થાનનો માર્ગ તે ચક્રરત્ન બતાવતું હતું (अणेगरायवरसहस्साणुयायमग्गे) અનેક મુકુટધારી હજારો શ્રેષ્ઠ રાજાઓ તેની પાછળ પાછળ ચાલી રહ્યા હતા. (महया उक्किट्ठ सीहणायबोलकलकलरवेणं पक्खुभियमहा समुद्दरवभूयं पिव करेमाणे २ पुरत्थिमदिसाभिमुहे मागहतित्थेणं लवणसमुद्दं ओगाहइ) ઉત્કૃષ્ટ સિંહનાદ જેવા અવાજના કલ–કલ શબ્દથી એવી પ્રતીતિ થઇ રહી હતી કે જાણે સમુદ્ર પોતાની કલ્લોલ, માળાઓથી ક્ષુભિત ન થઇ રહ્યો હોય અને એ તે ક્ષુબ્ધ સમુદ્રની ગર્જનાનો જ શબ્દ છે. એથી આકાશ મંડળ ગુંજી રહ્યું હતું. જ્યારે તે લવણ સમુદ્રમાં પ્રવિષ્ટ થવા જઇ રહ્યો હતો ત્યારે તે પૂર્વ દિશા તરફ મુખ કરીને માગધ તીર્થમાં થઈને લવણ સમુદ્રમાં પ્રવિષ્ટ થયો હતો. (जाव से रहवरस्स कुप्परा उल्ला) જ્યારે તે લવણ સમુદ્રમાં પ્રવિષ્ટ થયો ત્યારે તે આટલો જ. ઊંડો હતો કે તેનાથી તેના રથના ચક્રોના અવયવો જ ભીના થઈ શકયા. (तएणं से भरहे राया तुरगे निगिण्हई) ભરત રાજાએ પોતાના રથના ઘોડાઓ રોકી દીધા. (निगिण्हित्ता रहं ठवेइ) ઘોડાઓ અટકયા તેથી રથ પણ ઊભો-રહ્યો. (ठवेत्ता धणुं परामुसइ) રથ ઉભો રહ્યો કે તરત જ ભરત રાજાએ પોતાના ધનુ-ષ્યને ઉઠાવ્યું. (त एणं) ત્યાર બાદ તે ભરત રાજાએ આ પ્રમાણે કહ્યું–એવો આ સ્થાને સંબંધ છે. જે ધનુષને ભરતરાજાએ ઉઠાવ્યું હતુ, તેની વિશેષતા પ્રકટ કરતા સૂત્રકાર કહે છે—(अइरुग्गयबालचंदइंदधणुसंकासं दरियदप्पियदढघणसिंगरइयसारं उरगवर पव-रगवल पवर परहुय भमरकुलणीलणिद्धं) તેનો આકાર અચિરોદ્ગત બાળચંદ્ર જેવો તેમજ ઇન્દ્ર ધનુષ જેવો હતો. અહીં અચિરોદ્ગત બાલચંદ્રથી શુકલ પક્ષની દ્વિતીયાનો ચન્દ્રગૃહીત થયો છે. કેમકે એજ પાતળો અને વિશેષ રૂપમાં વક્ર ધનુષ જેવો હોય છે. આ પ્રમાણે વર્ષાકાળના સમયે જેમ ગગનમાં ઇન્દ્રધનુષ ઉદ્ગત થતું જોવા માં આવે છે. તેમ ત

પણ ઈન્દ્રધનુષ જેવો જ વક્ર હોય છે એથી ધનુષની વક્રતા પ્રકટ કરવા માટે એ બન્નેની સમાનતા અહીં સ્પષ્ટ કરવામાં આવી છે. તેમજ અહંકારથી ગર્વિત થયેલા શ્રેષ્ઠ મહિષના નિબિડ પુદ્ગલોથી નિષ્પન્ન એથી છિદ્રરહિત એવા રમણીય શ્રૃંગ જેવા સુદૃઢ અને શ્રેષ્ઠ નાગની પ્રધાન મહિષશ્રૃંગની શ્રેષ્ઠ કોકિલની, ભ્રમર કુલની તેમજ નીલી ગુટિક જેવી કાળી કાંતિવાળા (धंत धोयपट्टं) તેજ થી જાજવલ્યમાન, તથા નિર્મલ પૃષ્ઠભાગવાળા (णिउणोविअमिसिमिसिंतमणिरयणघंटियाजालपरिक्खित्तं) (નિપુણ શિલ્પિઓ વડે ઉજવલિત કરવામાં આવી એથી દેદીપ્યમાન એવી મણિરત્ન ઘંટિકાઓના સમૂહોથી વેષ્ઠિત (तडित्तरुणकिरणतवणिज्जबद्धचिंधं) વિદ્યુત જેવા નવીન કિરણોવાળા સુવર્ણથી નિર્મિત જેમાં ચિહ્નો છે. (दद्दरमलयगिरिसिहरकेसरचामरबालद्धचंदचिंधं) દર્દર અને મલયગિરિના

શિખરના સિંહ સ્કન્ધ ચિકુર, ચામર-બાલચમર, ગોપુચ્છચિકુર તેમજ અર્દ્ધ ચન્દ્ર એ ચિન્હો જેમાં ચિન્હ રૂપે અંકિત છે. (कालहरियरत्तपीय सुक्किल्ल बहुण्हारुणि संपिणद्ध जीवं) કાલાદિ વર્ણ યુક્ત સ્નાયુઓથી નિર્મિત જેમાં પ્રત્યંચા આબદ્ધ છે. (जीविअंतकरणं चलजीवं धणूं गहिऊण) જે શત્રુઓના જીવનમાટે અન્તકર છે તેમજ જેની પ્રત્યંચા ચંચળ છે, એવાં ધનુષને હાથમાં લઇને (स णरवइ) તે ભરત રાજાએ (उसुंचवरवइरकोडिअं वइर सारतोंडं, कंचणमणिकणगरयणधोइट्ठसुकयपुंख अणेगमणिरयण-

विविहसुविरइय नामचिंधं वइसाहं ठाइ ऊण ठाणं आयत कण्णायतं च काऊण उसुमुदारं) જેની બન્ને કોટિઓ શ્રેષ્ઠ વજ્રની બનેલી છે અભેદ્ય હોવાથી મુખ જેનું વજ્ર જેવું સાર સંપન્ન છે. જેના પ્રદેશ વિશેષ માં ચંદ્રકાંત વગેરે મણિઓ કાચનથી બદ્ધ છે તેમજ કર્કેતનાદિ રત્નો પણ જેમાં કાંચન થી બદ્ધ છે. નિર્મલ હોવાથી જેનો પૃષ્ઠ ભાગ પ્રક્ષાલિત કરવામાં આવ્યો હોય તે પ્રમાણે સ્વચ્છ છે, ધનુર્ધારીઓના માટે જે અભિરામ રૂપ છે તેમજ નિપુણ શિલ્પી વડે જે બનાવવામાં આવ્યું છે. એવા પૃષ્ઠ ભાગ વાળા બાણ ને કે જેમાં અનેક મણિઓ તેમજ રત્નો વડે[1] નામ રૂપ ચિન્હ અંકિત કરવામાં આવેલ છે. પાદન્યાસ[2] વિશેષમાં સ્થિત થઇને તે બાણને ધનુષ ઉપર ચઢાવ્યું અને કાન સુધી બહુ[4] સાવધાની પૂર્વક ખેંચીને (इमाइं वयणाइं तत्थ भाणीय) આ પ્રમાણે વચનો કહ્યાં-(हंदि ! सुणंतु भवंतो बाहिरओ खलु सरस्स जे देवा) મારાવડે પ્રયુક્ત ક્ષેત્ર ના બહિર્ભાગમાં રહેનારા જે અધિષ્ઠાયક દેવો છે તે સાંભળો. (णागासुरा सुवण्णा तेसिं खु णमो पणिवयामि)

હું નાગકુમાર, અસુર કુમાર, સુવર્ણ કુમાર એ સર્વ માટે નમસ્કાર કરુ છું જો કે અહીં પ્રયુક્ત 'नमः' શબ્દથી જ નમસ્કાર કરવાની વાત આવી જાય છે પણ છતાંએ જે "पणिवयामि" શબ્દનો પ્રયોગ કરવામાં આવેલ છે. તે ભરત ચક્રીની ભક્તિની અતિશયતા ખ્યાપન કરવા માટે કહેવામાં આવેલ છે આ પ્રમાણે બાણ પ્રયોગમાં સહાયભૂત થનારા બહિર્ભાગવાસી દેવોને સંબોધિત કરીને હવે તે આભ્યંતરવતીં દેવોને સંબોધન કરે છે. (हंदि सुणंतु भवंतो अब्भितरओ सरस्स जे देवा–णागासुरा सुवण्णा सव्वे भंते विसयवासी ॥२॥ અહીં "हंदि" પદ સંબોધન માટે પ્રયુક્ત થયેલ છે. મારા દેશમાં રહેનારા જે નાગકુમાર, અસુરકુમાર, સુવર્ણકુમાર નામક દેવો છે, તેઓ સર્વે સાંભળો–હું તેમને સર્વને નમસ્કાર કરૂં છું અહીં જે ચક્રવર્તી એ આ પ્રમાણે કહ્યું છે. તેનો અભિપ્રાય આ પ્રમાણે છે કે એ સર્વે દેવો મારી આજ્ઞા મુજબ ચાલનારા છે. તેથી મારાવડે છોડવામાં આવેલ બાણને સર્વ રીતે સહાયભૂત થશે જ. એથી હું તેમને નમસ્કાર કરૂં છું. જો કે અહીં કોઈ એવી આશંકા કરી શકે તેમ છે કે જ્યારે એ દેવો રાજાને આધીન છે જ તો પછી તેમને નમસ્કાર કરવા ઉચિત કહેવાય નહિ. તો આ શંકા બરાબર નથી કેમ કે ચક્રરત્ન ની જેમ જ્યારે ક્ષત્રિઓને શસ્ત્ર નમસ્કાર્ય છે તો તેમના અધિષ્ઠાયક દેવ છે, તેમને રાજા નમન કરે તેમાં કોઈ અનુચિત વાત નથી કારણ કે તેઓ પણ રાજાના અભિમત કાર્યમાં સાધક હોય છે. (इति कट्टु इसुं निसरइत्ति) આ પ્રમાણે કહીને તેણે બાણ છોડી દીધું. ભરતના એ પ્રસ્તાવ ને સ્પષ્ટ કરવા માટે આ બન્ને ગાથાઓ કહેવામાં આવી છે–

परिगरणिगरियमज्झो वाउदुधुय सोभमाणकोसेज्जो ।
चित्तेण सोभए घणुवरेण इंदोव्व पच्चक्खं ॥१॥
तं चंचलायमाणं पंचमि चंदोवमं महाचावं ।
छज्जइ वामे हत्थे णरवइणो तंमि विजयंमि ॥२॥

જે પ્રમાણે અખાડામાં ઉતરતી વખતે પહેલવાન કછોટો બાંધે છે, તેમજ માગધ તીર્થેશને સાધવા માટે ધનુષ ઉપર બાણ ચઢાવીને છોડતી વખતે તે ભરત રાજાએ પણ પોતાની ધોતીની કાંછને બાંધી લીધી. એથી તેના શરીરનો મધ્યભાગ એટલે કે કટિભાગ સુદૃઢ બન્ધનથી આબદ્ધ થઈ જવા બદલ બહુજ મજબૂત થઈ ગયો અથવા યુદ્ધોચિત વસ્ત્ર બન્ધન વિશેષથી તેનો મધ્યભાગ કટિભાગ આબદ્ધ હતો. એણે જે કૌશેય વસ્ત્ર વિશેષ ધારણ કરેલું હતું, તે સમુદ્રના પવનથી ધીમે-ધીમે તે વખતે હાલી રહ્યું હતું એથી ડાબા હાથમાં ધનુષ ધારણ કરેલ તે ભરત રાજા પ્રત્યક્ષ ઈન્દ્ર જેવો લાગતો હતો. તથા વામ હસ્તમાં જે પૂર્વોક્ત રૂપમાં વર્ણિત ધનુષ હતું તે વિદ્યુત્ ની જેમ ચમકી રહ્યું હતું તેમજ શુકલપક્ષની પંચમી તિથિના ચન્દ્ર જેવું લાગતું હતું, (तएणं से सरे भरहेणं रण्णा णिसिट्ठे समाणे खिप्पामेव दुवालसजोयणाइं गंता मागहतित्थाहिवइस्स देवस्स भवणंसि निवइए) જ્યારે ભરત રાજાએ બાણ છોડયું તો છૂટતા જ ૧૨ યોજન સુધી જઇને માગધ તીર્થના અધિપતિ દેવના ભવનમાં પડયુ. (तएणं से मागहतित्थाहिवई भवणंसि सरं निवइयं पासइ) તે માગધ તીર્થાધિપતિ દેવે જ્યારે પોતાના ભવનમાં પડેલું બાણ જોયું તો

(दट्ठूा)જોઇને (आसुरत्तेरूट्ठे चंडक्किए कुविए मिसमिसे माणेति) તે ક્રોધથી રક્ત થઇ ગયો. ક્રોધના ઉદયથી ક્રોધ રૂપી અગ્નિ જેમાં પ્રકટ થયો છે. એવો તે થઇ ગયો. જેણે આ બાણ ફેંકયું તેની ઉપર તે ક્રોધાવિષ્ટ થઇ ગયો. એથી તેના રૂપમાં રૌદ્રભાવ ઝળકવા લાગ્યો અને ક્રોધવશવર્તી થઇને તે દાંત પીસવા લાગ્યો અને હોઠ કરડવા લાગ્યો (तिबलियं भिउड्ढि णिडाले साहरइ) તે વખતે તેની ભ્રૂકૂટિ ત્રિવાલ યુક્ત થઈ ગઇ લલાટ ઉપર ચઢી ગઈ-વક્ર થઇ ગઇ (संहरित्ता एवं वयासी) ભ્રૂકુટિ લલાટ પર ચઢાવીને તેણે આ પ્રમાણે વિચાર કર્યો. (केस णं भो एस अपत्थियपत्थए दुरंतपंतलक्खणे हीणपुण्णचाउद्दसे हिरिसिरिपरिवज्जिए जे णं मम इमाए एयाणुरूवाए दिव्वाए देविद्धीए दिव्वाए देवजुईए दिव्वेणं देवाणुभावेणं लद्धाए पत्ताए अभिसमण्णागयाए उप्पिं अप्पुस्सुए भवणंसि सरं णिसिरइत्ति कट्टु सीहासणाओ अब्भुट्ठेइ) અરે ! આ કોણ અપ્રાર્થિત પ્રાર્થી-મરણાભિલાષી થયો છે. એટલે કે એવો કોણ છે કે જે મારી સાથે યુદ્ધ કરવા તૈયાર થયો

છે. અને પોતાના અકાલ મૃત્યુને બોલાવી રહ્યો છે. મને લાગે છે કે તે કુલક્ષણી છે, અશુભ લક્ષણો વાળો છે, હીનપુણ્ય ચાતુર્દશ છે.-હીન પુણ્યવાળી ચતુર્દશીમાં-કૃષ્ણ ચતુર્દશીના દિવસે તેનો જન્મ થયો છે. તેમજ તે શ્રી-હ્રી થી રહિત છે. કેમકે તેને મારી આ પ્રત્યક્ષ-માં અનુભૂયમાન પ્રધાન દેવર્દ્ધિ-ધનરત્નાદિરૂપ સમ્પત્તિ ઉપર-દેવ દ્યુતિ ઉપર-દેવ શરીર, આભરણાદિની કાંતિ ઉપર કે જે મેં દિવ્ય દેવાનુભાવથી જન્માન્તરોપાર્જિત પ્રબળ પુણ્યથી સ્વાધીન બનાવી છે તેમજ જેને ભોગવવા નો અધિકાર મને જ પ્રાપ્ત થયેલો છે-બાણ પ્રહાર કર્યો છે. મને લાગે છે કે તે અલ્પોત્સુક છે, પ્રાણત્રાણના ઉત્સાહથી વર્જિત થઇ ચૂકયો છે, નહીંતર તે મારી ઉપર બાણ છોડવાનું સાહસ જ કેવી રીતે કરી શકે ? આ પ્રમાણે વિચાર કરીને તે તરત જ સિંહાસન ઉપરથી ઉભો થઈ ગયો. (अब्भुट्ठित्ता जेणेव णामाहंके सरे तेणेव उवागच्छइ) અને ઉભો થઈને તે જ્યાં તે નામાંકિત બાણ પડેલું

હતું ત્યાં ગયો. (उवागच्छित्ता तं णामाहयंकं सरं गेण्हइ) ત્યાં જઇને તેણે તે નામાં-કિત બાણને પોતાના હાથમાં લીધું (णामंकं अणुप्पवाएइ) અને નામના અક્ષરો વાંચ્યા, (णामंकं अणुप्पवाएमाणस्स इमे एयारूवे अज्झत्थिए पत्थिए मणोगए संकप्पे समुप्पज्जित्था) નામાંકિત અક્ષરો વાંચીને તેને એવો વક્ષ્યમાણ સ્વરૂપ વાળો આધ્યાત્મિક ચિંતિત, પ્રાર્થિત કલ્પિત, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો. તે સંકલ્પ આત્મામાં ઉત્પન્ન થયો એથી તેને આધ્યાત્મિક કહેવામાં આવ્યો છે. ચિન્તાયુક્ત હોવા બદલ તે ચિંતિત હતો. સંકલ્પ બે પ્રકારના હોય છે-એક ધ્યાનાત્મક અને બીજો ચિન્તાત્મક એમાં પ્રથમ સ્થિર અધ્યવસાય રૂપ હોય છે કેમકે એ તથાવિધ દૃઢ સંહનનાદિ ગુણવાળાઓને થાય છે. બીજો સંકલ્પ ચલાધ્યવસાય રૂપ હોય છે અને તે તથાવિધ દૃઢ સંહનનાદિ ગુણવાળાઓથી ભિન્ન જીવો ને હોય છે, તેમનામાં આ સંકલ્પ ચિત્તની અનવસ્થિતિ રૂપ હોવા બદલ ચિંતિત હતો. એવો સંકલ્પ અનભિલાષાત્મક પણ થઈ શકે એથી કહેવામાં આવેલ છે કે આ સંકલ્પ

તેનો પ્રાર્થિત હતો અને તે અભિલાષાજન્ય હતો એટલે કે એ મારો સંકલ્પ ફલગ્રાહી થશે એવી અભિલાષા યુક્ત હતો. તેમજ તેણે અત્યાર સુધી તેને પોતાના મનમાં જ રાખ્યો હતો. બહાર કોઇની પાસેપણ વચન દ્વારા પ્રકટ કર્યો ન હતો, એથી તે મનોગત હતો. (उप्पण्णे खलु भो जंबुद्दीवे दीवे भरहे णामं राया चाउरंतचक्कवट्टी) ઓહ ! જંબૂદ્વીપમાં ભરત ક્ષેત્રમાં ચાતુરન્ત ચક્રવર્તી ભરત નામે રાજા ઉત્પન્ન થયો છે (तं जीयमेयं तीयपच्चुप्पण्णमणागयाणं मागहतित्थकुमाराणं देवाणं राईण उवत्थाणीयं करेत्तए) એથી અતીત પ્રત્યુત્પન્ન માગધ તીર્થના અધિપતિ કુમારોનો આ જીત-પરંપરાગત વ્યવહાર-છે કે તેઓ તેને નજરાણું (ભેટ) કરે. (तं गच्छामि अहंपि भरहस्स रण्णो उवत्थाणीयं करेमित्ति कट्टु एवं संपेहेइ) તો હવે હું જઉં અને જઇને ભરત રાજાને નજરાણું ઉપસ્થિત કરૂં આ પ્રમાણે વિચાર કરીને પછી નજરાણા યોગ્ય વસ્તુઓના વિષે વિચાર કર્યો ॥ સૂત્ર ૬ ॥

## માગધતીર્થાધિપતિકા ભરતચક્રી કો ભેટપ્રદાન કા નિરૂપણ

**'संपेहेत्ता हारं मउडं कुंडलाणिय' इत्यादि सू० ७॥**

**ટીકાર્થ**-(संपेहेत्ता)સારી રીતે વિચાર કરીને (हारं मउडं कुडलाणिय कडगाणि य तुडियाणिय, वत्थाणिय आभरणानि य सरं च णामाहयंकं मागहतित्थोदगं च गेण्हइ) તેણે હાર, મુગુટ, કુંડળ, કટક, ત્રુટિત-બાહુના આભરણ વિશેષ નાનામણિ રત્નાદિકથી ખચિત પહેરવા યોગ્ય વસ્ત્રો ભરતના નામથી અંકિત બાણ તેમ જ માગધતીર્થનું રાજ્યાભિષેક યોગ્ય ઉદક એ બધી વસ્તુઓ લીધી. (गिण्हित्ता ताए उक्किट्ठाए तुरिआए चवलाए जयणाए सीहाए सिग्घाए उद्धुआए दिव्वाए देवगईए वीईवयमाणे२ जेणेव भरहे राया तेणेव उवागच्छइ) એ સર્વે ઉપહાર યોગ્ય વસ્તુઓ લઈ ને તે ઉત્કૃષ્ટ, ત્વરિત, ચપળ અતિ મહાન્ વેગથી આરબ્ધ હોવાથી સિંહ ગતિ જેવી શીઘ્રતાવાળી, ઉદ્ધત દિવ્ય દેવગતિથી ચાલતો-ચાલતો જ્યાં ભરતરાજ હતો, ત્યાં આવ્યો. ગતિના એ સર્વે વિશેષણોની વ્યાખ્યા પહેલાં કરવામાં આવી છે. (उवागच्छित्ता अंतलिक्खपडिवन्ने सखिंखिणी आइ पंचवण्णाइं वत्थाइं पवरपरिहिए करयलपरिग्गहिअं दसणहं सिरं जाव अंजलिं कट्टु भरहं रायं जएणं विजएणं वद्धावेइ) ત્યાં આવીને તેણે ક્ષુદ્રઘંટિકાઓથી યુક્ત એવા પાંચવર્ણોવાળ વસ્ત્રો પહેરીને આકાશમાં જ ઊભા રહીને દસનખો જેમાં સંયુક્ત થઈ જાય એવી અંજલી બનાવીને અને તેને મસ્તક ઉપર મૂકીને ભરત રાજાને જય-વિજય શબ્દો સાથે અભિનંદન વધામણી આપ્યા. અહીં જે ક્ષુદ્ર ઘંટિકાઓ યુક્ત વસ્ત્રો પહેરેલા છે એવો ઉલ્લેખ છે તેનું તાત્પર્ય આ પ્રમાણે છે. કે તેણે તે ઘંટિકાઓથી ઉત્થિત થતા શબ્દો વડે એજ વાત સર્વ લોકો સમક્ષ પ્રગટ કરીકે હું તમારો પ્રપટ રૂપમાં સેવક છું, ગુપ્ત રૂપમાં નહિ. (वद्धावित्ता एवं वयासी) અભિ-

नन्दन આપીને પછી તેણે આ પ્રમાણે કહ્યું- अभिजिएणं देवाणुप्पिएहिं केवलकप्पे भरहे वासे पुरत्थिमेणं मागहतित्थमेराए तं अहण्णं देवाणुप्पियाणं विसयवासी अहण्णं देवाणुप्पियाणं आणत्तीकिंकरे अहण्हं देवाणुप्पियाणं पुरत्थिमिल्ले अंतवाले तं पडिच्छंतु णं देवाणुप्पिया ! ममं इमेयारूवं पीइदाणं तिकट्टु हारं मउडं कुण्डलाणि य कडगाणि य जाव मागहतित्थोदगं च उवणेइ) આપ દેવાનુપ્રિય વડે કેવલ કલ્પ-સમસ્ત-ભરતક્ષેત્ર પૂર્વદિશામાં માગધતીર્થ સુધી સારીરીતે જીતીલેવામાં આવ્યું છે. હું આપ દેવાનુપ્રિય વડે વિજિત દેશાનો નિવાસી છું. હું આપશ્રીનો આજ્ઞપ્તિ કિંકર છું. હું આપ દેવાનુપ્રિયનો પૂર્વ દિશાનો અંતપાલ છું એથી આપ દેવાનુપ્રિય મારા આ પ્રીતિદાનનો-ભેટનો સ્વીકારકરો આ પ્રમાણે કહીને તેણે તેમના માટે હાર, મુગુટ, કુંડળ, કટક યાવત્ માગધતીર્થનું ઉદક એ સર્વે વસ્તુઓ અર્પિત કરી. પૌરસ્ત્ય અન્તપાલ શબ્દનો ભાવાર્થ આ પ્રમાણે છે કે પૂર્વ દિશામાં આપ વડે શાસિત જે દેશ છે. તે દેશનો હું શત્રુઓ વગેરે દ્વારા જાયમાન ઉપદ્રવોથી રક્ષાકરનાર છુ. અહીં યાવત્ શબ્દથી નામાંકિત બાણનું ગ્રહણ થયું છે. (तएणं से भरहे राया मागहतित्थकुमारस्स देवस्स इमएयारूवं पीइदाणं पडिच्छइ) ભરત રાજાએ પણ માગધ તીર્થકુમાર દેવના આ જાતના એ પ્રીતિદાન (ભેટ) નો સ્વીકાર કર્યો. (पडिच्छित्ता मागहतित्थकुमार देवं सक्कारेइ, सम्माणेइ) ભેટનો સ્વીકાર કરીને પછી તે ભરત રાજાએ તે. માગધ તીર્થ કુમારનો અનુગમનાદિ દ્વારા સત્કાર કર્યો અને મધુર વચનાદિ દ્વારા તેનું સન્માન કર્યું. (सक्कारित्ता सम्माणित्ता पडिविसज्जेइ) સત્કાર અને સન્માન કરીને પછી તેને વિદાય આપી. (त एणं से भरहे राया रहं परावत्तेइ) ત્યાર બાદ તે ભરત રાજાએ પોતાના રથને પાછો વાળ્યો. (परावत्तित्ता मागहतित्थेणं लवणसमुद्दाओ पच्चुत्तरइ) અને પાછો વાળીને માગધ તીર્થમાંથી પસાર થઈ ને તે લવણ સમુદ્ર તરફથી પાછો ભરત ક્ષેત્ર તરફ આવી ગયો. (पच्चुत्तरित्ता जेणेव विजयखंधावारणिवेसे जेणेव बाहिरिया उवट्ठाणसाला तेणेव उवागच्छइ) અને આવીને તે જ્યાં વિજય સ્કંધાવાર-નિવેશ હતો-પડાવ હતો, અને તેમાં પણ જ્યાં બાહ્ય ઉપસ્થાન શાળા હતી ત્યાં આવ્યો. (उवागच्छित्ता तुरए निगिण्हइ) ત્યાં આવીને તેણે ઘોડાઓને ઉભારાખ્યા. (निगिण्हित्ता रहं ठवेइ ठवित्ता रहाओ पच्चोरुहइ पच्चोरुहिता जेणेव मज्जणघरे तेणेव उवागच्छइ) ઘોડાઓને ઉભારાખીને પછી તેણે રથ ઉભોરાખ્યો. રથ ઊભો રહેતાં જ તે રાજા રથ ઉપરથી નીચે ઉતર્યો અને નીચે ઉતરી ને પછી જ્યાં સ્નાનગૃહ હતું-ત્યાં ગયો. (उवागच्छित्ता मज्जणघरं अणुपविसइ) ત્યાં આવીને તે સ્નાનગૃહમાં પ્રવિષ્ટ થયો. (अणुपविसित्ता जाव ससिव्व पियदंसणे णरवई मज्जणघराओ पडिनिक्खमई) ત્યાં પ્રવિષ્ટ થઈને તેણે પૂર્વવત્ સ્નાન કર્યું, સ્નાન

કરીને પછી ધવલમહામેઘથી નિષ્પન્ન ચન્દ્ર જેવો પ્રિયદર્શી તે ભરત રાજા તે સુધાધવલીકૃત સ્નાનગૃહમાંથી બહાર આવ્યો. (पडिणिक्खमित्ता जेणेव भोयणमंडवे तेणेव उवागच्छइ) સ્નાન ઘરમાંથી બહાર નીકળીને પછી તે જ્યાં ભોજનશાળા હતી ત્યાં ગયો. (उवागच्छित्ता भोयणमंडवंसि सुहासणवरगए अट्ठमभत्तं पारेइ) ત્યાં આવીને તે ભોજન મંડપમાં સુખાસન ઉપર બેઠો અને ત્યાર બાદ તેણે અષ્ટમ ભક્તની પારણા કરી. (पारित्ता भोयणमंडवाओ पडिणिक्खमइ) પારણા કરીને પછી ભોજન શાળામાંથી બહાર આવ્યો. (पडिणिक्खमित्ता जेणेव बाहिरिया उवट्ठाणसाला जेणेव सीहासणे तेणेव उवागच्छइ) બહાર આવીને પછી તે જ્યાં બાહ્ય ઉપસ્થાન શાળા હતી અને તેમાં પણ જ્યાં સિંહાસન હતું ત્યાં આવ્યો. (उवागच्छित्ता सीहासणवरगए पुरत्थाभिमुहे णिसीअइ) ત્યાં આવીને તે પૂર્વ દિશા તરફ મુખ કરીને સિંહાસન ઉપર બેસી ગયો. (णिसिइत्ता अट्ठारस सेणिप्पसेणीओ सद्दावेइ) બેસીને પછી તેણે ૧૮ શ્રેણિ-પ્રશ્રેણિના લોકોને બોલાવ્યા, (सद्दावित्ता एवं वयासी) બોલાવીને આ પ્રમાણે

કહ્યું-(खिप्पामेव भो देवाणुप्पिया ! उस्सुक्कं उक्करं जाव मागहतित्थकुमारस्स देवस्स अट्ठाहियं महामहिमं करेह) હે દેવાનુપ્રિયો ! તમે સૌ મળીને માગધ તીર્થ કુમાર ઉપર વિજય મેળવ્યો તે ઉપલક્ષ્યમા આઠ દિવસ સુધી બહુ જ ઠાઠ-માઠથી ઉત્સવ કરો. એમાં રાજકીય દેવ દ્રવ્ય માફ કરો, પ્રજાજનો પાસેથી કર લેવામાં ન આવે, આ જાતની વ્યવસ્થા કરો. (करित्ता मम एय माणत्तियं पच्चप्पिणह) આ બધું કરીને પછી મને સૂચના આપો. (तएणं ताओ अट्ठारससेणिप्पसेणीओ भरहेणं रण्णा एवं वुत्ताओ समाणीओ हट्ठ जाव करेंति) આ પ્રમાણે ભરત રાજા વડે આજ્ઞપ્ત થયેલા તે અષ્ટાદશ શ્રેણિ-પ્રશ્રેણિ જનો બહુ જ હર્ષિત તેમ જ તુષ્ટચિત્ત થયા. તેઓ રાજોદિત આઠ દિવસ સુધીના મહા મહોત્સવની વ્યવસ્થામાં તલ્લીન થઈ ગયા. (करित्ता एयमाणत्तियं पच्चप्पिणंति) મહામહોત્સવ કાર્ય સમ્પન્ન કરીને તેમણે રાજા પાસે આ જાતની સૂચના મોકલી કે અમોએ આપશ્રીની આજ્ઞા મુજબ સર્વ મહામહોત્સવ કાર્ય યથાવિધિ સમ્પન્ન કર્યું છે. (तएणं से दिव्वे चक्करयणे वइरामयतुंबे) ત્યાર બાદ તે ચક્રરત્ન કે જેનું અરક-નિવેશ સ્થાન વજ્રમય

છે, આયુધશાળામાંથી બહાર નીકળ્યું. એવો સંબંધ અહીં જાણી લેતો જોઈએ. હવે તે ચક્રરત્ન કેવું હતું. એ સંબંધમાં જે પદો આપવામાં આવ્યા છે તેમની વ્યાખ્યા કરવામાં આવે છે (लोहियक्खामयारए) એના જે અરકો હતા તે લોહિતાક્ષરત્નોના હતા. (जंबुणयणेमीए) એની નેમિ-ચક્રધારા-જંબૂનદ સુવર્ણની બનેલી હતી. (णाणामणि खुरप्प थालपरिगए) તે અનેક મણિઓથી નિર્મિત અન્તઃ પરિધિ રૂપ સ્થાલ થી યુક્ત હતું (मणि-मुत्ताजालपरिभुसिए) મણિ અને મુક્તાજાલોથી એ પરિભૂષિત હતું (सणंदिघोसे) દ્વાદશ પ્રકારના ભમ્ભાભૃદંગ વગેરે તૂર્ય-સમૂહ ને જેવો અવાજ હોય છે, એવો એનો અવાજ હતો. (सखिंखिणीए दिव्वे, तरुणरविमंडलणिभे, णाणामणिरयणघंटियाजालपरिक्खित्ते) ક્ષુદ્રઘંટિકાઓથી એ વિરાજિત હતું. એ દિવ્ય અતિશયરૂપમાં પ્રશસ્ત હતું મધ્યાહ્ન ને સૂર્ય જેમ તેજોવિશેષથી સમન્વિત હોય છે. તેમજ એ ચક્રરત્ન પણ તેજોવિશેષથી સમન્વિત હતું. એ ગોળ આકર વાળું હતું, અનેક મણિઓ તેમજ રત્નોની ઘટિકાઓના સમૂહથી એ ચારે બાજુએથી વ્યાપ્ત હતું, (सव्वोउयसुरभिकुसुमआसत्तमल्लदामे, अंतलिक्खपडिवन्ने

जक्खसहस्सपरिवुडे) સર્વ ઋતુઓના સુરભિત કુસુમોની માળાઓથી એ સુશોભિત હતું. એ આકાશમાં અવસ્થિત હતું સહસ્ર પક્ષોથી એ પરિવૃત્ત હતું. (दिव्वतुडियसद्दसण्णिणापणं पूरेंते चेव अंबरतलं णामेणं सुदंसणे णरवइस्स पढमे चक्करयणे) દિવ્યતૂર્ય વાદ્ય વિશેષોના શબ્દથી તેમજ તેમની સંગત ધ્વનિઓથી તે અંબરતલને પૂરિત કરતું હતું. એવુ એ ભરત ચક્રવર્તીનું પ્રથમ–આદ્ય તેમજ સર્વરત્નોમાં શ્રેષ્ઠ, વૈરિઓ ઉપર વિજય મેળવવામાં સર્વત્ર અમોઘ શક્તિ ધરાવનાર હોવાથી એ પ્રધાન ચક્રરત્ન હતું એવું આ ચક્રરત્ન (मागहतित्थकुमारस्स देवस्स अट्ठाहिआए महामहिमाए णिवत्ताए समाणीए आउहघरसालाओ पडिणिक्खमइ) જ્યારે માગધતીર્થ કુમારને ભરત ચક્રવર્તીએ પોતાના વશમાં કરી લીધો. ત્યાર બાદ તે આનંદના ઉપલક્ષ્યમાં આઠ દિવસનો મહામહોત્સવ સમ્પન્ન કરવામાં આવ્યો.

એના પછી તે ફરી આયુધશાળા ગૃહપંથી બહાર નીકળયું, (पडिणिक्खमित्ता दाहिणपच्चत्थिमं दिसिं वरदामतित्थाभिमुहे पयाए याविहोत्था) અને નીકળીને તે દક્ષિણ પશ્ચિમ દિશાના કોણમાં–નૈઋત્યકોણને આશ્રિત કરીને વરદામ તીર્થ તરફ ચાલતા લાગ્યું. સૂ૦ ॥૭॥

## ભરતચક્રીકા વરદામતીર્થ કે પ્રતિગમનકા નિરૂપણ

'तएणं भरहे राया त दिव्वं चक्करयणं' इत्यादि सू० ॥८॥

(त एणं) ત્યાર બાદ (भरहे राया) ભરત રાજાએ જ્યારે (तं दिव्वं चक्करयणं) તે ચક્રરત્નને (दाहिणपच्चत्थिमं दिसिं वरदातित्थाभिमुहं पयायं चावि पासइ) દક્ષિણ પશ્ચિમ દિગ્વર્તી નૈઋત્ય કોણ તરફ વરદામ તીર્થ તરફ જતાં જોયું ત્યારે (पासित्ता हट्ठ तुट्ट कोडुंबिय पुरिसे सद्दावेइ) જોઈને તેણે પોતાના કૌટુંબિક પુરુષોને, પ્રધાન રાજ સેવકોને બોલાવ્યા. (सद्दावित्ता एवं वयासी) અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું–(खिप्पामेव भो देवाणुप्पिया ! हयगयरहपवरचाउरंगिणि सेण्णं सण्णाहेह ) હે દેવાનુપ્રિયો ! તમે યથા શીઘ્ર હયો–ઘોડા, ગજ, રથ તેમજ પ્રવર શ્રેષ્ઠ યોદ્ધાઓથી યુક્ત આતુરંગિણી સેના સુસજ્જિત કરો. એટલે કે તેને સુસજ્જ કરીને તૈયાર રાખો. તથા–(अभिसेक्कं हत्थिरयणं पडिकप्पेह त्तिकट्टुमज्जणवरं अणुपविसइ) આભિપ્રેત્ય રાજાની સવારીયોગ્ય હસ્તિરત્નને પણ સુસજ્જ કરો. આમ કહીને તે મજ્જન ગૃહમાં–સ્નાન ગૃહમા પ્રવિષ્ટ થયો. (अणुपविसित्ता) મજ્જન ગૃહમાં પ્રવિષ્ટ થઈને (तेणेव कमेणं जाव धवलमहामेहणिग्गए जाव सेयवरचामराहिं उद्धुवमाणीहिं २) તે ભરત ચક્રવર્તી પૂર્વોક્ત સ્નાનાધિકાર સૂત્ર પરિપાટી મુજબ સ્નાનાદિક વિધિને વતાવીને યાવત્ ધવલ મહામેઘથી વિનિર્ગત ચન્દ્રની જેમ ધવલી કૃત તે મજ્જન ગૃહમાંથી બહાર નીકળ્યો અને નીકળીને પછી તે ગજપતિ ઉપર આરૂઢ થયો. જ્યારે તે ગજપતિ ઉપર બેસી ગયો ત્યારે તેની ઉપર છત્રધારકોએ કોરંટ પુષ્પોની માળાઓથી યુક્ત છત્રો તાણ્યાં. તેમજ આગળ–પાછળ અને બન્ને પાર્શ્વભાગ તરફ ચામર ઢોળનારાઓએ શ્વેત

શ્રેષ્ઠ ચામરો ઢોળવા માંડ્યા. હવે સૂત્રકાર એ વાત પ્રકટ કરે છે કે તે ભરત ચક્રી કેવો થઈ ને વરદામ તીર્થ ઉપર ગયો અને કેવી રીતે તેણે વરદામ તીર્થ ઉપર પોતાના સ્કન્ધાવારનો પડાવ નાખ્યો. તેમજ તે ભરતચક્રી કેવો હતો ? હવે સર્વપ્રથમ વિશેષણો વડે ભરતચક્રીના સંબંધમાં જ વિશેષતા પ્રગટ કરતાં સૂત્રકાર કહે છે (**माइयवर फलय पवरपरिगरखेडयवर-वम्मकवय माढीसहस्सकलिए**) અહીં '**माइय**' એ દેશી શબ્દ છે અને એ હાથમાં પકડવા માટેના અર્થમાં પ્રયુક્ત થયેલ છે. આ પ્રમાણે જેમણે પોત-પોતાના હાથોમાં વરફલકો-ઢાલોલઈ રાખી છે, શ્રેષ્ઠ કમરબંધથી જેમનો કટિ ભાગ બહુ જ કસીને બાંધવામાં આવ્યો છે. તેમજ વંશની શલાકાઓથી નિર્મિત જેમના ખેટકો-બાણો-છે-તેમજ દૃઢ બદ્ધ કવચ-અર્થાત્ જે મજબૂત કવચથી સુસજ્જિત છે. એવા સહસ્રો યોદ્ધાઓથી તે ભરતચક્રી યુક્ત હતો. (**उक्कड वरमउडतिरोडपड़ागझयवेजयंति चामरचलंतछत्तंधयारकलिए**) ઉન્નત તેમજ પ્રવર શ્રેષ્ઠ મુગુર-રાજચિન્હ વિશેષિત શિરોભૂષણ કિરીટ-સદૃશ શિરોભૂષણ પતાકા-

લઘુપતાકાઓ, ધ્વજાઓ-વિશાળ પતાકાઓ વૈજયંતી-પાર્શ્વભાગમાં નાની-નાની બે પતાકા-ઓથી યુક્ત પતાકાઓ ચામર તેમજ છત્ર એ સર્વની છાયાથી તે યુક્ત હતો, (અહીં અંધકાર પદથી મુકુટાદિકોની છાયા ગૃહીત થઈ છે, એથી આ જાતના કથનથી આતપ જનિત ક્લેશથી રહિત તે ભરતચક્રી પ્રગટ કરવામાં આવેલ છે) (**असिखेवणिखग्गचावणा यिकणयकप्पणि सूललउडभिं डिमालधणुहतोण सरपहरणेहिय**) અસિ-તલવાર વિશેષ, ક્ષેપણી ગોફણ, ખડ્ગ-સામાન્ય તલવાર ચાપ-ધનુષ્ય, નારાચ-આખું લોખંડનું બનેલું બાણ, કણક-બાણ-વિશેષ, કલ્પનીલઘુ-ખડ્ગ-શૂલ લગુડ-યષ્ટિ વિશેષ ભિન્દિપાલ-બલમ-મહાફલક યુક્તાસુદીર્ઘ આયુધવિશેષ ધનુષ-વંશમય બાણાસન. તૂણ-તુણીર, શર-સામાન્ય બાણ, એ સર્વ પ્રહરણોથી કે જે (**कालणीलरुहिरपीय सुक्किल्ल अणेगचिंधसयसण्णिविट्ठे**) કાળા, નીલા, લાલ, પીળા અને શ્વેત રંગોમા અનેક સહસ્રો ચિહ્નોથી યુક્ત હતાં એટલે કે એ સર્વે ચિન્હો જાતિની

અપેક્ષાએ પાંચ વર્ણના જ હતાં, પરંતુ વ્યક્તિની અપેક્ષાએ અવાન્તર ભેદથી એ સહસ્રોની સંખ્યામાં હતાં કેમકે આમ જોવામાં આવે છે કે રાજાઓના શસ્ત્રાધ્યક્ષ તત્તજ્જાતીય, તત્ત-દેશીય શસ્ત્રોના પરિજ્ઞાન-નિમિત શસ્ત્રકોશોની ઉપર ઉપર્યુક્ત ચિન્હો બનાવી દે છે. અને શસ્ત્રોની ઉપર પણ તત્તદ્વર્ણમય અનેક ચિન્હો કરી નાખે છે. એવાં શસ્ત્રોથી તે ભરત ચક્રી યુકત હતો. તેમજ (**अप्फोडियसीहणाय छेलियहयहेसिय हत्थि गुलगुलाइय अणेगरहसय-सहस्स धणघणंतणीहम्ममाणसद्दसहिएण**) જ્યારે ભરત ચક્રી આ બધી યુદ્ધ-સામગ્રીથી સુસજ્જ થઈને જઈ રહ્યો હતો, તે સમયે તેની સાથેના કેટલાક યોદ્ધાઓ ભુજાઓ ઠોકતા એટલે કે યુદ્ધ માટે અમે તત્પર છીએ આ જાતનો ભાવ વ્યકત કરતા સાથે ચાલી રહ્યા હતા. કેટલાક યોદ્ધાઓ સિંહ જેવી ગર્જના કરતા ચાલી રહ્યા હતા, કેટલાક યોદ્ધાઓ હર્ષાવિષ્ટ થઈને સીત્કાર શબ્દ કરના-કરતા આગળ ધપી રહ્યા હતા. ઘોડાઓના હણહણાટથી દિશાઓ વ્યામ થઈ રહી હતી. હસ્તિ ગુલગુલાયિત-હાથીઓની ચીલથી મહાશબ્દ થઈ રહ્યો

હતો. સાઈસો વડે ઘોડાઓની તાડના-નિમિત્તે જે કોડાઓ ફટકારી રહ્યા હતા તેનો અવાજ થઈ રહ્યો હતો તેમજ (जमग-समग भंभा होरंभ किणित खरमुहि मुगुंद संखियपिरलीव-च्चग परिवाइणि वंसवेणुविपंचि महति कच्छविभिरियारिगसिरिग तलतालकंसतालकर धाणुत्थिएण) એકી સાથે વગાડવામાં આવેલા ભંભા-ઢક્કા, હોરંભા-મહાઢક્કા, કૃણિતા-વીણા ખરમુહી-કાહલી, મુકુન્દ-મુરજ વિશેષ, શંખિકા-છોટી-શંખી, પિરલી, વચ્ચક (એઓ બન્ને વાદ્ય-વિશેષો ઘાસના તૃણોથી બનાવવામાં આવે છે.) પરિવાદિની-સપ્તતન્ત્રી વીણા,-વંશ વાંસળી વેણુ-વિશેષ પ્રકારની-વાંસળી, વિપંચી-વીણા, મહતી-કુચ્છવી-સાતતારોવાળી કચ્છપ જેવા આકારવાળી વીણા, તંબૂરો, ભારતી વીણા, રિગસિરિકા-ઘસવાથી જે વાગે છે એ જાતનું વાદ્યવિશેષ, તલ-હથેળીના અવાજ કે જેને તાલ કહેવામાં આવે છે, કાંસ્યતાલ તેમજ કર-ધ્માન-પરસ્પર હાથોનું તાડન, એ સર્વથી ઉત્પન્ન થયેલા (महया सद्दसन्निनादेन) વિપુલ શબ્દોનો ધ્વનિ અને પ્રતિધ્વનિ શબ્દ થઈ રહ્યો હતો. એથી (सयलमवि जीवलोयं पूरयंते) તે ભરત ચક્રી સકલ જીવલોકને વ્યાપ્ત કરી રહ્યો હતો, તથા (बलवाहणसमुदएणं) બલ-ચતુરંગ સૈન્ય અને વાહન-શિબિકાઓ વગેરેના સમુદાયથી તે ભરત ચક્રી યુક્ત હતો (एवं जक्खसहस्सपरिवुडे, वेसमणे चेव धणवई) એથી સહસ્ર યક્ષોથી પરિવૃત્ત થયેલો તે રાજા ધનપતિ જેવો સમ્પત્તિશાલી લાગતો હતો, કેમકે ચક્રવર્તીનું શરીર બે હજાર વ્યન્તર દેવોથી અધિષ્ઠિત હોય છે. (अमरपतिसण्णिभाए इद्धीए पहियकित्ती गामागरखेडकब्बड तहेव सेसं जाव विजयखंधावारणिवेसं करेइ) તથા ઈન્દ્ર જેવી ઋદ્ધિથી તે ભરત ચક્રી પ્રખ્યાત કીર્તિવાળો હતો. આ પ્રમાણે સુસજ્જ થઈને તે ભરત ચક્રી સહસ્ત્રો ગ્રામોથી સહસ્ત્રો ખાણોથી

સુવર્ણાદિકોના ઉત્પત્તિ સ્થાનોથી ધૂલિ પ્રાકાર યુક્ત સહસ્ત્રો લઘુ નગરો,થી અથવા નદીઓથી કે પર્વતોથી પરિવેષ્ટિત નગરોથી સહસ્ત્રો કર્બટોથી-કુત્સિત નગરોથી, ચારે દિશાઓમાં સાર્દ્ધયોજનદ્વય સુધી દ્વિતીય ગ્રામ રહિત મડંબોથી, જલ સ્થલ માર્ગવાળા દ્રોણમુખોથી સર્વવસ્તુઓ મળી શકે એવા પ્રાપ્તિ સ્થાન ભૂત પત્તનોથી આશ્રમોથી-તાપસાદિના નિવાસ-ભૂત સ્થાનોથી તેમજ જ્યાં કૃષકવર્ગ ધાન્યાદિકોની રક્ષા માટે નિર્મિત કરે છે એવા સંવા-હોથી, મંડિત તેમજ જનસમૂહ જેમાં સ્થિર છે એવી મેદિની-વસુધાને પોતાને અધીન બનાવતો તેમજ શ્રેષ્ઠ રત્નોને નજરાણાના સ્વરૂપમાં સ્વીકાર કરતો-તેમજ દિવ્ય ચક્રરત્નની પાછળ-પાછળ ચાલતો ચાલતો તથા એક યોજનના અંતરાલથી પડાવ નાખતો-નાખતો જ્યાં વરદામ તીર્થ હતું ત્યાં આવ્યો. અહીં એ પૂર્વોક્ત વ્યાખ્યાનો મૂળપાઠ આ પ્રમાણે છે-(गामागरणगरखेडकब्बडमडंब-दोणमुहपट्टणासमसंवाहसहस्समण्डियं थिमियमेइणीयं, वसुहं अभिजिणमाणे २ अग्गाइं वराइं रयणाइं पडिच्छमाणे २ तं दिव्वं चक्करयणं अणुग-

च्छमाण २ जोयणंतरियाहिं वसहीहिं वसमाणे वसमाणे जेणेव वरदामतित्थे तेणेव उवागच्छइ) ત્યાં આવીને તેણે વરદામ તીર્થની ન અતિનિકટ અને ન અતિદૂર પણ યથોચિત સ્થાન પર ૧૨ યોજન પહોળા અને નવયોજન દીર્ઘ એવા વિસ્તૃત ક્ષેત્રમાં વિજય સ્કન્ધાવાર નાખ્યો. આ સંબંધમાં પાઠ આ પ્રમાણે છે—(उवागच्छित्ता वरदामतित्थस्स अदूरसामंते दुवालसजोयणायामं णवजोयणवित्थिन्नं विजयखंधावारणिवेसं करेइ) આવા વિસ્તીર્ણ સ્કન્ધાવાર (સૈન્ય) નો પડાવ નાખી ને પછી તેણે પોતાના (वद्धइरयणं सद्दावेइ) વર્દ્ધકી રત્નને બોલાવ્યો. (सद्दावित्ता एवं वयासी) તેને બોલાવીને પછી રાજાએ આ પ્રમાણે કહ્યું (खिप्पामेव भो देवाणुप्पिया ! मम आवसहं पोसहसालं च करेहि ! ममेय माणत्तियं पच्चप्पिणाहि) હે દેવાનુપ્રિય ! તમે યથા શીઘ્ર મારા માટે એક આવાસ નેઅએક પૌષધશાળા બનાવડાવો અને પછી મને સૂચના આપો. ॥૮॥

**બર્ધ્દકીરત્નકો આવસથાદિબનાનેકી આજ્ઞા કરનેપર વર્દ્ધકીરત્ન કે કૌશલ્યકા વર્ણન**

'तएणं से आसमदोणमुहगामपट्टणं—इत्यादि, ॥सू०९॥

ટીકાર્થ–ત્યાર બાદ તે વર્દ્ધકિ રત્ને 'હું શું કરું, હે દેવાનુપ્રિય ! મને આપશ્રી મારા યોગ્ય આદેશ આપો, મારે શું કરવું જોઈએ ? આમ કહીને તે ભરત ચક્રી રાજા પાસે ગયો. આ રીતે અહીં સંબંધ છે. તે વર્દ્ધકી રત્ન કેવો હતો ? આ સંબંધમાં સૂત્રકાર પોતાના વિચારો આ પ્રમાણે વ્યકત કરે છે–(आसमदोणमुहगामपट्टणपुरवरखंधावारगिहावणविभागकुसले) તે વર્દ્ધકીરત્ન આશ્રમ દ્રોણમુખગ્રામ, પત્તન, પુરવર, સ્કન્ધાવાર, ગૃહાપણ એ સર્વની વિભાગ રૂપમાં રચના કરવામાં નિપુણ હતો અથવા

'पुरभवनग्रामाणां ये कोनास्तेषुनिवसतां दोषाः ।
श्वपचादयोऽन्त्यजान्तास्तेष्वेव विवृद्धिमायान्ति ॥१॥

ઈત્યાદિ કથન મુજબ યોગ્યાયોગ્ય સ્થાનના વિભાગનો તે જ્ઞાતા હતો. (एगासीति पदेसु सव्वेसु चेव वत्थुसु णेगगुणजाणए पंडिए) તેમજ ૮૧ વિભાગ વિભકતવ્ય વાસ્તુક્ષેત્ર ખંડવાળી એવી ગૃહભૂમિકાઓમાં તથા એજ પ્રકારની ૬૪ ખંડવાળી અને ૧૦૦ પદ ખંડ વાળી ગૃહભૂમિકાઓના અનેક ગુણ તેમજ દોષોનો તે જ્ઞાતા હતો પંડિત હતો. સદ્ અસદ્ વિવેક કરનારી બુદ્ધિરૂપ પંડાથી તે યુકત હતો એટલે કે સાતિશય બુદ્ધિવાળો હતો, (विहिण्णू पणयालीसाए देवयाणं) ૪૫ દેવતાઓને યોગ્ય સ્થાને બેસાડવા વગેરે વિધિનો તે જ્ઞાતા હતો. (वत्थु परिच्छाए) વાસ્તુ પરીક્ષામાં વિધિજ્ઞ હતો. તે વિધિ આ પ્રમાણે છે—

"गृहमध्ये हस्तमितं खात्वा परिपूरितं पुनः श्वभ्रूम् ,
यद्यूनमनिष्टं तत् समे समं धन्यमधिकं चेत् ॥१॥

ઇત્યાદિ અથવા મકાનોને ઉપરથી આચ્છાદિત કરવા માટે ઉપયોગી એવા કટકમ્બા આદિ રૂપ આવરણો છે તે સંબંધમાં વિધિજ્ઞ હતો. (णेमिपासेसु भत्तसालासु कोट्टणिसुय वासघरेसुय विभागकुसले) સમ્પ્રદાય ગમ્ય નેમિ પાર્શ્વમાં, ભકત શાળાઓમાં ભોજનગૃહોમા કે,ટ્ટનીઓમાં–કોટ ગ્રહ માટે કિલ્લાને સરફરવા જે પ્રતિ કોટભિત્તિઓ ઉઠાવવામાં આવે છે, તે સંબંધમાં તેમજ શયન ગૃહોમાં યથોચિત રૂપથી વિભાગ કરવામાં તે કુશળ હતો, તેમજ (छेज्जे, वेज्झे, अ दाणकम्मे, पहाणबुद्धी, जलयाणं भूमियाणय भायणे जलथल गुहासु जंतेसु

परिहासुअ कालनागे) છેદન કરવા ચોગ્ય કાષ્ઠાદિ, વેધન ચોગ્ય કાષ્ઠાદિ તેમજ દાનકર્મ-અંકનાર્થ ગૈરિક ધાતુથી રક્ત કરવામાં આવેલા ને દોરાથી નિશાની કરવી-વગેરે કામોમાં તે પ્રધાન બુદ્ધિવાળો હતો અર્થાત્ એ સર્વેને તે વિશેષ રૂપમાં જાણતો હતો. યથોચિત રીતિથી વિભાજક હતો, જલ સંબંધી તેમજ સ્થળ સંબંધી ગુફાઓની જેવી ગુફાઓમાં-સુરંગોમાં ઘટીયંત્રાદિકોમાં, પરિખાઓમાં ખાતિકાઓમાં, કાળજ્ઞાનમાં, ચિકીર્ષિત વસ્તુના પ્રશસ્ત, અપ્રશસ્ત રૂપ પરિજ્ઞાનમાં જેમકે—

वैशाखे श्रावणे माघे, फाल्गुने क्रियते गृहम् ।
शेषमासेषु न पुनः पौषो वाराहसम्मतः ॥१॥

(तहेव सद्दे वत्थुप्पपसे पहाणे गब्भिणि कण्णरुक्खावल्लिवेढिअ गुणदोसविआणए गुणड्ढे) આ પ્રમાણે શબ્દ શાસ્ત્રમાં એટલે કે વ્યાકરણ શાસ્ત્રમાં વાસ્તુપ્રદેશમાં-ગૃહક્ષેત્રના એક દેશમાં-જેમકે-"ऐशान्यां देवगृहं महानसं चापि कार्यमाग्नेय्याम् । नैऋत्यां भाण्डोपस्करोऽर्थधान्यानि मारुत्याम् ॥ ઈત્યાદિ રૂપથી ગૃહાવયવવિભાગમાં, શાસ્ત્રોક્ત વિધિ-વિધાનમાં તે પ્રધાન હતો, મુખ્ય હતો સગર્ભાલતાઓના એટલે કે ફળાભિમુખ લતાઓના, કન્યા જેવી અફળ અથવા દૂર ફળવાલી લતાઓના અને વૃક્ષોના વાસ્તુક્ષેત્ર પ્રરૂઢવૃક્ષોની ઉપરની લતાઓ વેષ્ટનોના ગુણ અને દોષોને તે જ્ઞાતા હતો, જેમકે गर्भिणी वल्लिर्वास्तुप्ररूढा आसन्न फलदा, कन्या च सा तत्रैव नासन्नफला, वृक्षाश्च प्लक्षवटाश्वत्थोदुम्बराः प्रशस्ताः आसन्ना कण्टकिनो रिपुभयदाः इत्यादि "प्रशस्तद्रुमकाष्ठं वा गृहादि प्रशस्त, वल्लिवेष्टितानि प्रशस्तवल्लिसम्बधीनि प्रशस्तानि गृहमहीषु न चाप्रशस्तवल्लिसम्बन्धीनि" તે વર્દ્ધકી રત્ન ગુણાઢ્ય હતો, પ્રજ્ઞા-ધારણા બુદ્ધિથી તેમજ હસ્તલાઘવાદિ ગુણોથી યુક્ત હતો તેમજ (सोलस पासायकरणकुसले) સાન્તન સ્વાસ્તિક વગેરેના ભેદથી સોળ પ્રકારના પ્રાસાદોના ભૂપતિગૃહોના નિર્માણ કાર્યમાં તે કુશળ હતો. (चउसट्ठिविकप्पवित्थिय मई) વાસ્તુ શાસ્ત્ર પ્રસિદ્ધ ૬૪ પ્રકારના ગૃહોના નિર્માણમાં તે અમૂઢ મતિવાળો હતો. ૬૪ પ્રકારના ગૃહો આ પ્રમાણે છે-'प्रमोदविजयादीनि षोडश गृहाणि पूर्वद्वाराणि, स्वस्तनादीनिषोडश दक्षिण द्वाराणि धनदादीनि षोडश उत्तरद्वाराणि दुर्भगादीनि षोडश पश्चिमद्वाराणि णंदावत्ते य वद्धमाणे सोत्थियरूयगतह सव्वओभद्द सण्णिवेसेय बहुविसेसे) નન્ધાવર્ત, વર્દ્ધમાન સ્વસ્તિક રુચક તેમજ સર્વતોભદ્રસન્નિવેશ એ સર્વેના નિર્માણ કાર્યમાં તે ખૂબજ વિશેષજ્ઞ હતો. નન્ધાદિવર્તાદિ ગૃહવિશેષના સંબંધમાં વરાહે આ પ્રમાણે કહ્યું છે—

नन्द्यावर्तमलिन्दैः शालाकुड्यात् प्रदक्षिणान्तगतैः
द्वारं पश्चिममस्मिन् विहाय शेषाणि कार्याणि ॥१॥ इत्यादि ।

(उद्दंडिय देवकोट्टदारुगिरिखायवाहणविभागकुसले) ઉદ્દંડિક-ધ્વજ, ઈન્દ્રાદિક દેવ, ઉપરનું ઘર-કોષ્ઠ, અથવા ધાન્ય કોષ્ઠ, દારુ-ચોગ્ય કાષ્ઠ, કોઠ વગેરે બનાવવા માટે જનાવાસ ચોગ્ય પર્વત, ખાત-પુષ્કરિણી વગેરે તેમજ વાહન-શિબિકાદિક-એમના વિભાગમાં તે કુશળ હતો. (इयतस्स बहुगुणड्ढे थवइरयणे णरिंदचंदस्स-तव संजमनिव्विट्ठे किं करवाणी तु वट्ठाई) એ પૂર્વોક્ત પ્રકાર મુજબ અનેક ગુણ સમ્પન્ન તે ભરતચક્રી-સ્થપિતરત્ન-વર્દ્ધકિરત્ન કે જેને

ભરતચક્રીએ તપ તેમજ સંયમથી પ્રાપ્ત કરેલ તે છે-તેવર્ધકીરત્ન કહેવા લાગ્યો-બોલો હું શું કરું ? (सो देवकम्मविहिणा खंधावारणरिंदवयणेणं-आवसहभवणकलियं करेइ सव्वं मुहुत्तेणं) આ પ્રમાણે કહીને તે રાજા પાસે આવી ગયો, અને તેણે પોતાની ચિંતિતમાત્ર કાર્ય કરવાની દૈવી શક્તિ મુજબ નરેન્દ્ર માટે પ્રાસાદ અને બીજાઓ માટે ભવનો એક મૂહુર્ત્તમાં જ નિર્મિત કરી દીધાં. (करेत्ता पवरपोसहघरं करेइ) એ બધું કામ એકજ મૂહૂર્ત્તમાં નિષ્પન્ન કરીને પછી તેણે એક સુંદર પૌષધશાલા તૈયાર કરી દીધી. (करित्ता जेणेव भरहे राया जाव पयमाणत्तियं खिप्पामेव पच्चप्पिणइ) યથોચિત રૂપમાં પૌષધશાલા નિષ્પન્ન કરીને પછી તે જ્યાં ભરતચક્રી હતાં ત્યાં ગયો અને રાજાની પૂર્વોક્ત આજ્ઞા પૂરી કરી છે, એવી રાજાને સૂચના આપી. (सेसं तहेव जाव मज्जणघराओ पडिणिक्खमइ) એના પછીનું કથન પૂર્વોક્ત રૂપમાં જ છે. યાવત્ સ્નાનગૃહમાંથી બહાર નીકળ્યો, અહીં સુધીનો અત્રે યાવત્ પદથી "स राजा स्नानार्थं मज्जनगृहं प्रविष्टवान् स्नपितः सन् यथा धवलमहामेघान्निर्गतश्चन्द्र इव सुधाधवलीकृत मज्जनगृहात् प्रतिनिष्क्रामति" આ પાઠ ગ્રહણ થયો છે. प्रतिनिष्क्रम्य यत्रैव बाह्या उपस्थानशाला यत्रैव चातुर्घंटं अश्वरथं तत्रैव उपागच्छति" સ્નાનગૃહમાંથી બહાર નીકલીને પછી તે ભરતચક્રી પોતાની બાહ્ય ઉપસ્થાન શાળામાં જ્યાં ચાતુર્ઘંટ અશ્વરથ હતો ત્યાં આવ્યો ॥૯॥

## રથવર્ણન પૂર્વક ભરત મહારાજા કે રથાવરોહણકા નિરૂપણ

'उवागच्छित्ता तपणं तं धरणितलगमणलहु' इत्यादि ॥सू०॥

**ટીકાર્થ-(उवागच्छित्ता) ત્યાં આવીને તે વર પુરુષ ભરત ચક્રી તે વરમહારથ ઉપર સવાર** થયો. આ જાતનો આગળનાપદ સાથે સંબંધ છે. અત્રે પહેલાં એ પ્રકટ કરવામાં આવે છે કે તે મહારાજા કેવો હતો. (धरणितलगमणलहुं) તે પૃથિવીતલ ઉપર શીઘ્ર ગતિથી ચાલનાર હતો. (बहुलक्खणपसत्थं, हिमवंतकंदरंतरणिवाय संवद्धिय चित्ततिणिसदलियं) અનેક શુભલક્ષણોથી તે યુક્ત હતો. હિમવાન્ પર્વતના વાયુરહિત અંદરના કંદરા પ્રદેશોમાં સંવર્દ્ધિત થયેલા વિવિધ રથરચનાત્મક તિનિશ વૃક્ષવિશેષરૂપ કાષ્ઠથી તે બનેલો હતો. (कंदरंतरणिवाय) એ મૂલપદમાં આર્ષ હોવાથી પદવ્યત્યય થયેલ છે. (जंबूणयसुकयकूबरं) જંબૂનદ નામક સુવર્ણ નિર્મિત એ રથની ધૂસરી હતી. (कणयदंडिआरं) એના અરકો કનકમય લઘુદંડ રૂપમાં હતા. (पुलयवरिंदणीलसासगपवालफलिहवररयणलट्ठमणिविद्दुमविभूसियं) પુલક, વરેન્દ્રનીલમણિ, સાસક, પ્રવાલ, સ્ફટિકમણિ, લેષ્ટુ વિજાતિરત્ન, ચન્દ્રકાંત આદિ મણિ તેમજ વિદ્રુમ એ સર્વ પ્રકારના રત્નાદિકોથી તે વિભૂષિત હતો. (अडयालीसाररइय टट्टतवणिज्जप

संगहियजुत्ततुंबं) દરેક દિશામાં ૧૨-૧૨ આમ બધા મળીને ૪૮ એમાં અરક હતા. રક્ત સ્વર્ણમય પટ્ટકોથી-મહલુઓથી-દૃઢીકૃત તેમજ ઉચિત એના બન્ને તુંબા હતા. (पयसियपसियनिम्मियनवपट्टपुट्ठ परिणिट्ठियं) એની પુઠીમાં જે પટ્ટિકાઓ હતી તે પ્રધર્ષિત હતી ખૂબજ ઘસાએલી હતી. સારી રીતે તેમાં બદ્ધ હતી અને અજીર્ણ હતી, નવીન હતી. (विसिट्ठ लट्ठणवलोह बद्धकम्मं) વિશિષ્ટ-લષ્ટ-અતિ મનોહર-નવીન લોખંડથી તેમાં કામ કરેલું હતું. એટલે કે મજબૂતી માટે સ્થાન-સ્થાનમાં તેમાં નવીન-નવીન લોખંડની ખીલીઓ તેમજ પત્તિઓ લાગેલી હતી. અથવા ટીકા મુજબ તેના અવયવો નવીન લોખંડથી તેમજ નવીન ચર્મની રજ્જુઓથી આબદ્ધ હતા. આવો અર્થ થાય છે. (हरिपहरणरयणसरिसचक्कं) એના બન્ને પૈડાઓ વાસુદેવના ચક્રરત્ન જેવા ગોળ હતા. (कक्केयण इंदणील सासग सुसमाहिय बद्धजालकडगं) એમાં જે જાલ સમૂહ હતો તે કર્કેતન ચન્દ્રકાંતાદિ, મણિઓથી ઈન્દ્રનીલમણિઓથી તેમજ શસ્યક-રત્ન વિશેષથી સુંદર આકારવાળો હતો. (पसत्थ वित्थिन्न समधुरं) એની ધુરા (અગ્રભાગ) પ્રશસ્ત હતી, વિસ્તીર્ણ હતી અને સમ-વક્રતા રહિત હતી. (पुरवरं च गुत्तं) શ્રેષ્ઠ પુરની જેમ એ સુરક્ષિત હતો. (सुकिरण तवणिज्जजुत्तकलियं) બળદોના ગળામાં નાખેલી રાશ સુષ્ઠુ કિરણવાળા તપનીય સુવર્ણની બનેલી હતી. (कंकटय णिजुत्तकप्पणं) કંકટક-સન્નાહ કવચોની એમાં રચના થઈ રહી હતી. તાત્પર્ય આનું આ પ્રમાણે છે કે એની વિશિષ્ટ શોભાવૃદ્ધિ માટે એમાં સ્થાન-સ્થાન ઉપર કવચો સ્થાપિત કરેલા હતાં. (पहरणाणुजायं) પ્રહરણોથી-અસ્ત્ર-શસ્ત્ર આદિકોથી પરિપૂરિત હતો જેમકે-( खेडग कणगधणु मंडलग्गवरसत्तिकोंततोमरसरस य बत्तीसतोणपरिमडियं) એમાં ખેટક-ઢાલો-મૂકેલી હતી. કણક-વિશેષ પ્રકારના બાણો મૂકેલા હતા. ધનુષ મૂકેલા હતા, મંડલાગ્ર-વિશેષ પ્રકારની તલવારો મૂકેલી હતી. વરશક્તિ-ત્રિશૂલ મૂકેલા હતાં. કુંત-ભાલાઓ-મૂકેલા હતા. તોમર-વિશેષ પ્રકારના બાણો મૂકેલાં હતા. સહસ્રો સામાન્ય બાણો જેમાં મૂકેલા છે, એવા ૩૨ તૂણીરો એમાં મૂકેલા હતા. (कणगरयणचित्तं) એમાં જે ચિત્રો બનેલા હતાં, તે કનક અને રત્નનિર્મિત હોવાથી અત્યંત રમણીય લાગતા હતા. (हलीमुहबलागदंतचंदमोत्तियतणसोल्लियकुंदकुडयवरसिंदुवारकंदलवरफेणणिगरहारकासप्पगासधवलेहिं) એમાં જે 'જુત' ઘોડાઓ જોતરેલા હતા, તે હલીમુખ, બગલા, ગજદન્ત, ચન્દ્રમા, મૌક્તિક, મલ્લિકા પુષ્પ, કુન્દ પુષ્પ, કુટજ પુષ્પ, નિર્ગુંડી પુષ્પ. કંદલ નામક વૃક્ષવિશેષના પુષ્પ, સુન્દર ફીણ સમૂહ હાર-મુક્તાહાર અને કાશ-તૃણ વિશેષ એ સર્વ પદાર્થો જેવી ઉજ્જવળતા વાળા હતાં. એટલે કે ધવલવર્ણવાળા હતા. (अमरमणपवणजइण चवल सिग्घगामीहिं) જેવી દેવોની, મનની, વાયુની ગતિ હોય છે, તેમની ગતિ ને પણ પરાસ્ત કરનારી એમની ચપળતાભરી શીઘ્ર ગતિ હતી, તે

ગતિથી જ ચાલવાની એમની ટેવ હતી. (चउहिं चामराकणगविभूसिअंगेहिं) ચાર ચમરોથી તેમજ કનકોથી એમના અંગો વિભૂષિત હતા. અહીં 'ચામર' શબ્દને જે સ્ત્રીલિંગમાં પ્રયુક્ત કરવામાં આવેલ છે, તે આર્ષ હોવાથી પ્રયુક્ત કરેલ છે. એવા વિશેષણ વિશિષ્ટ ઘોડાઓથી તે રથ યુકત હતો. તથા (सच्छत्तं सज्झयं सघंटं सपडागं सुकयसंधिकम्मं सुनमाहिय समरकणग गम्भीरघोसं वरकुप्परं) એ રથ છત્ર સહિત હતો, ધ્વજા સહિત હતો, ઘંટાઓથી યુકત હતો. પતાકાઓથી મંડિત હતો, એમાં સંધિઓની યોજના સરસરીતે કરવામાં આવી હતી. જેવો ઘોષ યથોચિત્ સ્થાન-વિશેષમાં નિયોજિત સંગ્રામવાદ્યવિશેષનો હોય છે, તે જ પ્રમાણેનો એનો ગંભીર ઘોષ હતો. એના કૂર્પરો-બન્ને અવયવ વિશેષો-અતીવ સુંદર હતાં, (सुचक्क वरनेमीमंडलं) સુંદર ચક્રયુકત એનું નેમી મંડળ હતું. (वरधारा तोंडं) એના યુગના બન્ને ખૂણાઓ અતીવ સુંદર હતા. (वरवइरबद्धतुंबं) એના બન્ને તુંબ શ્રેષ્ઠવજ્ર-રત્નથી આબદ્ધ હતા. (वरकंचणभूसियं) એ રથ શ્રેષ્ઠ સુવર્ણથી ભૂષિત હતો. (वरायरियनिम्मियं) એ શ્રેષ્ઠ શિલ્પી દ્વારા નિર્મિત હતો. (वरतुरगसंपउत्तं) શ્રેષ્ઠ ઘોડાઓ એમાં જોતરેલ હતા. (वरसारहिसुसंपग्गहियं) શ્રેષ્ઠ નિપુણ સારથિ દ્વારા તે હાંકવામાં આવતો હતો. એવા એ વિશેષણોથી વિશિષ્ટ (वरमहारहं) તે શ્રેષ્ઠ મહારથ ઉપર (वरपुरिसे) તે સુરાજા છ ખંડાધિપતિ ભરત (दुरूढे आरूढे) સવાર થયો. અહીં સમાનાર્થક દુરૂઢ અને આરૂઢ એ જે બે પદો સાથે-સાથે પ્રયુકત કરવામાં આવેલ છે, તેથી આમ પ્રકટ થાય છે કે ભરતચક્રી તે ઉપર સુખપૂર્વક બેઠો. (पवररयण परिमंडियं) તે રથ ઉત્તમરત્નોથી શોભિત હતો. (कणयखिंखिणीजालसोभियं) સુવર્ણની નાની-નાની ઘંટિકાઓથી તે સુશોભિત હતો. (अउज्झं) એ શત્રુઓથી અજેય હતો. (साआमणिकणगतवियपंकयजासुअणजलण जलिय सुअतोंडरागं) એની રક્તતા સૌદામિની વિદ્યુત્, તપ્તસુવર્ણ-અગ્નિમાંથી તરત જ બહાર કાઢેલા સુવર્ણ, પંકજ-રક્ત કમળ, જપાકુસુમ પ્રદીપ્ત અગ્નિ અને પોપટની ચંચુ જેવી હતી. (गुंजद्ध बन्धुजीवग, रत्तहिंगुलगणिगर सिंदूररुइर कुंकुम परिवयवरणणयण कोइलदसनावरणरइदातिरेगरत्तासोगकणग केसुयगयतालुसुरिंदगोवगसमप्पभप्पगासं) એની છબિ અને એનું તેજ પ્રકાશ રતીનો અર્ધભાગ, બન્ધું જીવક-દ્વિ પ્રહર પ્રકાશી રક્ત પુષ્પ, હિંગુલક, નિકર, સિંદૂર, રુચિર કકુ, પારાવત ચરણ, કોકિલ નેત્ર, દશનાવરણ-અધરોષ્ઠ, રતિદ મનોહર, અતિરક્ત અશોક વૃક્ષ, કનક કિંશુક પુષ્પ, ગજતાલુ તેમજ સુરેન્દ્ર ગોપક એટલે કે ખદ્યોત એ સર્વ જેવું હતું. (बिंबफलसिलप्पवालउद्वितसूरसरिसं सव्वोउयसुरहिकुसुम आसत्तमल्लदामं उसिअसेयज्झयं) એ રથ બિંબફળ, કુંદરીફલ, શિલા પ્રવાલ-પરિકર્મિત વિદ્રુમ, અથવા શિલા-શોધિત વિદ્રુમ, તેમજ ઉદિત સૂર્ય જેવા રંગવાળો હતો. સમસ્ત શત્રુઓના પુષ્પોની માળાઓ એ રથ ઉપર પડેલી હતી. એ રથ ઉપર એકદમ ઉંન્નત એક શ્વેત ધ્વજા ફરકી રહી હતી. (महामेहरसियगम्भीरणिद्धघोसं) મહામેઘની ગર્જના જેવો એનો સ્નિગ્ધ ઘોષ હતો. (सत्तुहिययकंपणं) શત્રુઓના હૃદયોને તે કંપાવનાર હતો. (पभाए अ सस्सिरीअं णामेणं पुहविविजयलंभंति विस्तुतं लागविस्सुतजसोऽहयचाउग्घंटं आसरहं पोसहिए णरवई दुरूढे तएणं से भरहे राया चाउग्घंटं आसरहं दुरूढे सेसं तहेव दाहिणामुहेणं वरदामतित्थेणं लवणसमुद्दं ओगाहइ) પ્રાતઃ સમયે જ્યારે અષ્ટમ તપસ્યાની પારણા હતી અને પૌષધની પારણાને પણ વધારે સમય થયો ન હતો, એવા સમયે શોભાયુક્ત તે નરપતિ પૃથિવી વિજય

લાભ એ નામથી પ્રસિદ્ધ તેમજ સર્વાવયવ યુક્ત એવા તે ચાર ઘંટાઓથી મંડિત રથ ઉપર સવાર થયો. "लोयविस्सुयजसो" એ ભરતચક્રી માટે પ્રયુકત વિશેષણ છે. અને એનો અર્થ છે લોકખ્યાત. 'पोसहिए' એ પણ ભરતચક્રી માટે પ્રયુકત વિશેષણ છે. અને એ વિશેષણ શબ્દનો અર્થ છે-જેને પૌષધ વ્રતની પારણુ પછી અધિક સમય થયો નથી. 'तएणं से भरहे राया' ઈત્યાદિ, જ્યારે તે ભરત રાજા અશ્વરથ ઉપર સવાર થઈ ગયો ત્યારે તેઓ (हयगयरहपवरजोहकलियाए सद्धिं संपरिवुडे महया भडचडगरपहगरवंदपरिक्खित्ते चक्कायणदेसियमग्गे अणेगराजन्यवरसहस्साणुयायमग्गे महया उक्किट्ठ सीहणाय बोलक-लकलरवेणं पक्खुभियमहासमुद्दरवभूयं विव करेमाणे) એ પૂર્વ કથિત પાઠ મુજબ દક્ષિણ દિશા તરફ મુખ કરીને વરદામ નામક અવતરણ માર્ગથી પસાર થઈને લવણ સમુદ્રમાં પ્રવિષ્ટ થયા. जाव से रहवरस्स कुप्परा उल्ला'યાવત્ તેમના રથના કૂર્પરાકાર વાળા રથાવયવોજ ભીના થયા એટલે દર સુધીલવણ સુમદ્રમાં ગયા (जाव पीइदाणं से) યાવત્ ત્યાં તેમણે

વરદામ તીર્થાધિપ દેવનું પ્રીતિપાદન સ્વીકાર કરેલ છે. અહીં યાવત્ પદથી માગધ દેવના અધિકારમાં વર્ણિત પ્રીતિદાન સુધીનો સૂત્રપાઠ સંગૃહીત થયેલો છે. એ વિષયને લગતું વર્ણન આ ગ્રંથના તૃતીય વક્ષસ્કારના સૂત્ર ૬ અને ૭ માંથી જાણી લેવું જોઈએ. એ પ્રીતિદાનનો સ્વીકાર કર્યા પછી ભરતચક્રીએ તે દેવતાને સત્કૃત તેમજ સમ્માનિત કરીને પછી તેમનું વિસર્જન કરી દીધું. વરદામ તીર્થાધિપ દેવે ભરતચક્રી માટે ભક્તિપૂર્વક શું-શું આપ્યું, એ વિષે સ્પષ્ટતા કરતાં સૂત્રકાર કહે છે-(णवरं चूडामणिं य दिव्वं उरत्थगेविज्जगं सोणिअसुत्तगं कडगाणि य तुडियाणि य) માગધતીર્થાધિપ દેવકુમારની અપેક્ષા વરદામતીર્થાધિપ દેવે ચૂડામણિ-કે જે દિવ્ય તેમજ સર્વપ્રકારના વિષોને હરનાર હતો, એવું શિરોભૂષણ આપ્યું. તે દેવે વક્ષઃ સ્થળનું આભૂષણ આપ્યું. ગ્રૈવેયક ગ્રીવાનું આભરણ આપ્યું. શ્રેણિસૂત્રક-કટિમેખલા આપી. કટકો આપ્યા અને બાહુના આભરણો આપ્યાં અને ત્યાર બાદ તેણે કહ્યું કે હું આપશ્રીનો યાવત્ દાક્ષિણાત્ય ઉદન્તપાલ છું. અહીં તે પ્રીતિદાન આપે છે. રાજા તે પ્રીતિદાનનો સ્વીકાર કરી લે છે

તો આ સંબંધમાં આગત સૂત્રપાઠ માગધતીર્થ કુમારના પ્રકરણમાં જે પ્રમાણે કહેવામાં આવેલ છે એજરીતે અહીં પણ તે સર્વકથન જાણી લેવું જાઇએ. એટલે કે વરદામતીર્થ કુમાર દેવ ભરતચક્રી માટે શિરોભૂષણાદિક ઉપહારના રૂપમાં આપે છે. તે ઉપહાર ભરતચક્રી સ્વીકાર કરી લે છે. ભરતચક્રી તે દેવનું સમ્માન આદિ કરીને વિસર્જન કરી દે છે. ત્યાર બાદ તે ત્યાંથી પોતાનો રથ પાછો વાળે છે અને પોતાના સ્કન્ધાવારમાં આવી જાય છે. ત્યાં આવીને તે મજ્જનશાળામાં જતો રહે છે. ત્યાં સ્નાન કરીને ભોજનશાળામાં આવીને તે ભોજનથી નિવૃત્ત થઈને શ્રેણિ-પ્રશ્રેણિ જનોને બોલાવે છે. ઈત્યાદિ સર્વકથન અહીં માગધતીર્થકુમાર દેવોના પ્રકરણ મુજબ જ છે. (जाव अट्ठाहियं महामहिमं करेंति) યાવત્ તે સર્વ શ્રેણિ-પ્રશ્રેણિ જનો વરદામતીર્થાધિપ દેવના વિજયોપલક્ષ્યમાં આઠ દિવસનો મહોત્સવ કરે છે. (करित्ता) અને મહોત્સવનું આયોજન સંપૂર્ણ કરીને પછી તેઓ પોતાના નરેશ ભરતચક્રીને (एयमाणत्तियं पच्चप्पिणंति) એ બાબતની જાણ કરે છે. (तएणं से दिव्वे चक्करयणे वरदामतित्थकुमारस्स देवस्स अट्ठाहियाए महामहिमाए निवत्ताए समाणीए आउहधरसा-

लाओ पडिणिक्खमइ) આ પ્રમાણે વરદામ તીર્થાધિપતિ દેવ કુમારના વિજયોપલક્ષ્યમાં પ્રારંભ કરવામાં આવેલ તે આઠ દિવસનો મહોત્સવ સમાપ્ત થયો ત્યારે તે દિવ્ય ચક્રરત્ન આયુધ ગૃહશાળામાંથી બહાર નીકળે છે. (पडिणिक्खमित्ता अंतलिक्खपडिवन्ने जाव पूरंते चेव अंबरतलं उत्तरपच्चत्थिमं दिसिं पभासतित्थाभिमुहे पयाए यावि होत्था) ત્યાંથી બાહર નીકળીને તે આકાશતલમાં યાવત્ સ્થિત રહીને જ દિવ્ય ત્રુટિત વાદ્યવિશેષના શબ્દ સન્નિનાદથી અમ્બર તલને સમ્પૂરિત કરતું ઉત્તર પાશ્ચાત્યદિશા તરફ એટલે કે વાયવ્ય દિશા તરફ આવેલા પ્રભાસતીર્થ તરફ ચાલવા લાગે છે. કેમકે અહીંથી ત્યાં પહોંચવાનો સીધો-સરલ રસ્તો એજ છે. જો વરદામતીર્થથી પશ્ચિમાગમનમાં સમુદ્ર-વેલા ઉપર થઈને પ્રભાસ-તીર્થ તરફ પ્રયાણ કરવામાં આવે તો એથી પ્રભાસતીર્થ પર્યાપ્ત દૂર થઈ પડે છે. આ પ્રભા-સતીર્થ જ્યાં સિન્ધુ નદી સમુદ્રમાં પ્રવેશે છે ત્યાં જ છે. (तएणं से भरहे राया तं दिव्वं चक्करणं जाव उत्तरपच्चत्थिमं दिसिं तहेव जाव पच्चत्थिमदिसाभिमुहे पभासतित्थेणं लवण-समुद्दं ओगाहेइ) ત્યાર બાદ તે ભરતચક્રી જ્યારે પોતાના દિવ્ય ચક્રરત્નને ઉત્તર પાશ્ચાત્યદિશા-વાયવી વિદિશા તરફ એટલે કે પ્રભાસતીર્થ તરફ પ્રમાણ કરતું જુવે છે ત્યારે પહેલાં કહ્યું છે તે પ્રમાણે જ તે સર્વકાર્ય સમ્પન્ન કરે છે અને પશ્ચિમ દિશા તરફ સન્મુખ થઈને તે પ્રભસતીર્થથી લવણ સમુદ્રમાં પ્રવેશ કરે છે (ओगाहित्ता जाव से रहवरस्स कुप्पराउल्ला) ત્યાં તે એટલે દૂર સુધી ગમન કરે છે કે જેથી તેના રથના કૂર્પરાકારવાળા અવયવો જ ભીના થઈ શકે છે. (जाव पीइदाणं से णवरं मालं मउडिं मुत्ताजालं हेमजालं कडगाणिअ अतुडिआणिअ आभरणाणि अ सरंच णामाहयंकं पभासतित्थोदगं च गिण्हइ) ત્યાં પહોં-ચીને તે પોતાના ઘોડાઓને થોભાવે છે અને રથને ઊભો રાખ્યો. રથ ઊભો રાખીને તરત જ તે પોતાના હાથમાં ધનુષ લે છે અને તે ધનુષ ઉપર બાણનું આરોગણ કરે છે અને ત્યાર બાદ બાણ લક્ષ્ય તરફ છોડે છે. તે બાણ પ્રભાસતીર્થાધિપદેવકુમારના ભવનમાં પડે છે. પોતાના ભવનમાં પડેલા બાણને જોઈને તે ક્રોધિત થઇ જાય છે. જ્યારે તેનો ક્રોધ શાંત થઈ જાય છે ત્યારે તે પોતાની ઋદ્ધિ મુજબ ભરતચક્રીની પાસે આવીને તેમનું શરણ સ્વીકારે છે અને એ ઉપલક્ષ્યમાં તે તેમના માટે પ્રીતિદાન આપે છે. એ પ્રીતિદાનમાં જેમ પહેલાં કહેવામાં આવ્યું છે બધું (से णवरं मालं मउडिं मुत्ताजालं हेमजालं कडगाणिय तुडियाणि य आभणाणि य सरंच) ઇત્યાદિ સૂત્ર વડે પ્રકટ કરવામાં આવેલ છે. પ્રીતિદાનમાં તેણે રત્નમાળા મુકુટ દિવ્ય મૌક્તિક કનકરાશિ કટક હસ્તાભરણ ત્રુટિક-બાહુ આભરણ નામાંકિત બાણ અને પ્રભાસતીર્થનું જળ એ સર્વવસ્તુઓ આપી. (गिण्हित्ता जाव पच्चत्थिमेणं पभास तित्थमेराए अहण्णं देवाणुप्पियाणं विसयवासी जाव पच्चस्थिमिल्ले अन्तवाले सेसं तहेव जाव अट्ठहिया निव्वत्ता) ભરતચક્રી એ એ પ્રીતિદાનનો સ્વીકાર કર્યો. પછી તેણે તેનું સમ્માન કર્યું તેનો સત્કાર કર્યો. અને પછી તેનું વિસર્જન કર્યું. ત્યાર બાદ ભરતચક્રી ત્યાંથી પોતાના રથને પાછો વાળીને જ્યાં સેનાનો પડાવ હતો ત્યાં આવ્યો ઇત્યાદિ સર્વ કથન જેવું માગ-ધતીર્થદેવના પ્રકરણમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે તેવું જ અત્રે જાણી લેવું જોઈએ. યાવત આઠ દિવસનો મહોત્સવ સમાપ્ત થયો. ॥૧૦॥

## સિન્ધુદેવી સાધનાધિકાર કથન

**'त एणं से दिव्वे चक्करयणे पभासतित्थकुमारस्स' इत्यादि सूत्र—॥११॥**

ટીકાર્થ–આ પ્રમાણે તે દિવ્ય ચક્રરત્ન પ્રભાસતીર્થકુમારના વિજયોપલક્ષ્યમાં આયોજિત આઠ દિવસનો મહોત્સવ સમાપ્ત થઈ ગયો ત્યારે (**आउहघरसालाओ पडिणिक्खमइ**) આયુધ ગૃહશાળામાંથી બહાર નીકળ્યું. (**पडिणिक्खमित्ता जाव पूरेंते चेव अंबरतलं सिंधूए महाणईए दाहिणिल्लेणं कूलेण पुरच्छिमं दिसिं सिंधु देवो भवणाभिमुहे पयाए यावि होत्था**) નીકળીને તે યાવત્ દિવ્ય ત્રુટિત નામક વાદ્યવિશેષના શબ્દ સન્નિનાદ વડે ગગનતલને સમ્પૂરિત કરતું સિન્ધુ મહાનદીના દક્ષિણ કુલથી પસાર થઈને પૂર્વ દિશામાં સિન્ધુ દેવી નાં ભવન તરફ ચાલ્યું. "પૂર્વ દિશામાં" આવું જે કથન છે તેનું તાત્પર્ય આ પ્રમાણે છે કે પશ્ચિમ દિગ્વર્તી પ્રભાસતીર્થ તરફથી આવતો ભરતચક્રી વૈતાઢ્યગિરિ કુમારદેવને વશ કરવાની ઈચ્છાથી તેના વાસભૂત મૂકુટ તરફ જવા અભિલાષા કરે છે. એથી પહેલાં પૂર્વ દિશા તરફ જ તેનું જવાનું થાય છે. એ દિગ્વિજય ભાગનું જ્ઞાન જંબૂદ્વીપના માનચિત્રથી સારી પેઠે થઈ જાય છે. સિન્ધુ દેવીના ઘર તરફ ચકરત્ન ચાલ્યું. આમ જે વર્ણન કરવામાં આવ્યું છે તો સિન્ધુ દેવીના ભવનનું કથન તો એજ સૂત્રમાં ઉત્તર ભરતાર્ધના મધ્યમ ખંડમાં સિંધુ કુંડમાં સિન્ધુદ્વીપમાં વર્ણવવામાં આવશે જ તો પછી અહીં તેનો સદ્ભાવ શા માટે કહ્યો છે ? ઉત્તરમહર્દ્ધિક દેવીઓના ભવનો મૂલસ્થાનથી અન્યત્ર પણ હોય છે. એથી આ કથન અહીં અયુક્ત નથી. જેમ સૌધર્માદિ ઈન્દ્રોની અગ્રમહીષિઓના વિમાનો સૌધર્માદિ દેવલોકમાં હોય છે છતાં એ નન્દીશ્વર દ્વીપમાં અથવા કુંડળદ્વીપમાં એમની રજધાનીઓ છે. અથવા એજ સિન્ધુદેવીની રાજધાની અસંખ્યાતમાં દ્વીપમાં છે અને સિદ્ધાવર્તન કૂટમાં આનુ પ્રાસાદાવતંસક છે. એજ રીતે સિન્ધુદ્વીપમાં સિન્ધુ દેવીના ભવનનો સદ્ભાવ છે છતાં એ એજ સૂત્રના બળથી અન્યત્ર પણ તેની સદ્ભાવના છે એવું જાણવામાં આવે છે. એવું હોય તો જ "**सिन्धूए देवीए भवणस्स अदूरसामंते**" ઈત્યાદિ વક્ષ્યમાણ સૂત્રપાઠ "**खंधावारे निवेसं करेइ** અહીં સુધીનો સંગત થઈ પડશે. નહીં તો તે પણ વિઘટિત થઈ જશે.

(**तएणं से भरहे राया तं दिव्वं चक्करयणं सिंधूए महाणईए दाहिणिल्लेणं कूलेणं पुरत्थिमं दिसिं सिंधुदेवीभवणाभिमुहे पयायं पासइ**) જયારે ભરત રાજાએ તે દિવ્ય ચક્રરત્નને સિંધુ મહાનદીના દક્ષિણ તટ ઉપર થઈને પૂર્વદિશામાં સિન્ધુ દેવીના ભવન તરફ જતું જોયું તો તે (**पसित्ता**) જોઈ ને (**हट्ठतुट्ठचित्त तहेव जाव जेणेव सिंधूए देवीए भवणं**

तेणेव उवागच्छइ) તે રાજા અતીવ આનંદિત તેમજ સંતુષ્ટ ચિત્તવાળો થયો. અહીં યાવત્ શબ્દથી "नन्दितः प्रीतिमनाः परमसौमस्यितः हर्षवशविसर्प्पद्हृदयः" એ પદોનો સંગ્રહ થયો છે. એ પદોની વ્યાખ્યા યથાસ્થાને કરવામાં આવેલ છે. એવા વિશેષણોથી વિશિષ્ટ તે ભરતચક્રી જ્યાં સિન્ધુ દેવીનું ભવન હતું-નિવાસસ્થાન હતું ત્યાં આવ્યો. (उवागच्छित्ता) ત્યાં આવીને (सिंधूए देवीए भवणस्स अदूरसामंते) તેણે સિન્ધુ દેવીના ભવનની પાસે જ યથોચિત સ્થાનમાં (दुवालसजोयणायामं णवजोयणवित्थिन्नं, वरणगरसरिच्छं विजय-खंधावारणिवेसं करेइ) પોતાનો ૧૨ યોજન લાંબો અને ૯ યોજન પહોળો શ્રેષ્ઠ નગર જેવો વિજય સ્કન્ધાવાર નિવેશ કર્યો-એટલે કે પડાવ નાખ્યો (जाव सिंधूदेवीए अट्ठमभत्तं पगिण्हइ) અહીં યાવત્ પદથી વર્દ્ધકિરત્નને બોલાવ્યો, પૌષધશાળાનુ નિર્માણ કરાવ્યું ઈત્યાદિ પૂર્વ વર્ણિત સર્વ કથન અધ્યાહૃત કરી લેવું જોઈએ. પૌષધશાળામાં બેસીને ભરત રાજાએ સિન્ધુદેવીને પોતાના વશમાં કરવા માટે ત્રણ ઉપવાસો કર્યા (पगिण्हित्ता पोसहसालाए पोसहिए बंभयारी जाव दब्भसंथारोवगए अट्ठमभत्तिए सिंधुदेविं मणसि करेमाणे चिट्ठइ) ત્રણ ઉપવાસ લઈને તે પૌષધ વ્રતવાળો એથી બ્રહ્મચારી ભરતચક્રી અઢી હાથ પ્રમાણ દર્ભા-સન ઉપર પૂર્વોક્ત મણિ સુવર્ણાદિ સર્વનો પરિત્યાગ કરીને બેસી ગયો અને સિન્ધુ દેવીનું મનમાં ધ્યાન કરવા લાગ્યો. (तएणं तस्स भरहस्स रण्णो अट्ठमभत्तंसि परिणममाणंसि सिंधूए देवीए आसणं चलइ) જ્યારે તે ભરત રાજાની અટ્ઠમ ભક્તની તપસ્યા સમાપ્ત થવા આવી કે તેજ સમયે સિન્ધુ દેવીનું આસન કંપાયમાન થયું. (तएणं सा सिन्धु देवी आसणं चलियं पासइ) સિંધુ દેવીએ જ્યારે પોતાનું આસન કંપિત થતું જોયું કે (पासित्ता ओहिं पउंजइ) તરત જ તેણે પોતાના અવધિજ્ઞાનને જોડયું એટલે કે તેણે પોતાના અવધિ-જ્ઞાનનો પ્રયોગ કર્યો. (पउंजित्ता भरहं रायं ओहिणा आभोएइ) અવધિજ્ઞાનનો પ્રયોગ કરીને તેણે તેના વડે ભરતરાજાને જોયો. (आभोइत्ता इमे एयारूवे अज्झत्थिए चिंतिए कप्पिए पत्थिए मणोगए संकप्पे समुप्पज्जित्था) રાજાને જોઈને તેના મનમાં આધ્યાત્મિક, ચિંતિત, પ્રાર્થિત મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો. સંકલ્પના એ ઉલ્લેખિત વિશેષણોની વ્યાખ્યા પહેલાં સ્પષ્ટ કરવામાં આવી છે. એ વિશેષણોનું તાત્પર્ય આ પ્રમાણે છે-કે જેમ બી ભૂમિમાં રહીને પહેલાં અંકુરના રૂપમાં ઉદ્ભવે છે તે જ પ્રમાણે એ સંકલ્પ પણ આત્મામાં અંકુરના રૂપમાં ઉદ્ભૂત થયો. એથી તે સંકલ્પને પ્રથમ અધ્યાત્મ પદથી અહીં વિશેષિત કરવામાં આવેલ છે. એ જ્યારે વારંવાર તેના સ્મરણમાં આવવા લાગ્યો ત્યારે એ દ્વિપત્રિત તે અંકુરની જેમ ચિંતિત પદથી વિશેષિત કરવામાં આવેલ છે. જ્યારે એ જ સંકલ્પ "એ મહાપુરુષનો હું એના અનુરૂપ સત્કાર કરીશ" એ જાતની વ્યવસ્થાયુક્ત થઈ ગયો ત્યારે તે સંકલ્પ કલ્પિત પદથી વિશેષિત કરવામાં આવેલ છે. આ પ્રમાણે કરવાથી જ મારું કામ ફલિત થઈ શકશે. આ રીતે એ સંકલ્પ ઈષ્ટ રૂપથી માન્ય થઈ ગયો ત્યારે તે પ્રાર્થિત પદથી વિશેષિત કરવામાં આવેલ છે. તેમજ એ વિચારરૂપ સંકલ્પને તેણે જ્યાં સુધી વચન દ્વારા બહાર પ્રગટ કર્યો નહીં ત્યાં સુધી તે મનોગત હોવાથી મનોગત નામથી સંબોધિત થયો. એથી જ તેને મનો-ગત પદથી વિશેષિત કરવામાં આવેલ છે. (उप्पण्णे खलु भो जंबुद्दीवे दीवे भरहे वासे भरहे णाम राया चाउरंतचक्कवट्टी तं जीयमेयं तीय पच्चुप्पण्णमणागयाणं सिंधूणं देवीणं भरहाणं राईणं उवत्थाणिअं करेत्तए) જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરતક્ષેત્રમાં ભરત નામે રાજા

ઉત્પન્ન થયો છે. અતીત અનાગત તેમજ વર્તમાન સિન્ધુદેવીઓનો એ કુલપરંપરાગત આચાર છે કે તેઓ તે ભરતના ચક્રવર્તિઓને નજરાણું પ્રદાન કરે. માટે (गच्छामिणं अहंपि भरहस्स रण्णो उवत्थाणियं करेमित्ति कट्टु कुंभट्ठ सहस्सरयणचित्तं णाणामणिकणग-रयणभत्तिचित्ताणि य दुवेकणगभद्दासणाणि य कडगाणि य तुडियाणि य जाव आभरणाणि य गेण्हइ) હું જાઉં અને હું પણ તે ભરત રાજાને નજરાણું પ્રદાન કરું આમ વિચાર કરીને તેણે ૧૦૦૮ કુંભો અને અનેક મણિઓ તેમજ કનક, રત્નની રચનાથી જેમાં અનેક ચિત્રો મંડિત છે એવા બે ઉભમ ભદ્રાસનો તેમજ કટક-હસ્તાભરણો અને ત્રુટિત-બાહુના આભરણો એ સર્વ આભૂષણો તેણે લીધાં. (गिण्हित्ता ताए उक्किट्ठाए जाव एवं वयासी) સર્વ આભૂષણોને લઇને તે ઉત્કૃષ્ટ વગેરે વિશેષણોવાળી ગતિથી ચાલતી-ચાલતી જ્યાં ભરત રાજા હતો, ત્યાં આવી. ગતિના ઉત્કૃષ્ટ વગેરે વિશેષણો યાવત્ પદથી ગૃહીત થયેલા છે તે આ પ્રમાણે છે-"त्वरया चपलया, चण्डया, रौद्रया, सिंहया, उद्धूतया, जयिन्या, छेकया, दिव्यया" ત્યાં આવીને તે આકાશ માર્ગમાં જ અવસ્થિત રહી. નીચે ઉતરી નહીં. ત્યાં ઊભી રહીને જ તેણે બન્ને હાથોની અંજલિ બતાવીને અને તે અંજલિને મસ્તક પર મૂકીને સર્વ પ્રથમ ભરત રાજાને જય-વિજય શબ્દોથી વધામણી આપી. વધામણી આપીને પછી તેણે આ પ્રમાણે કહ્યું- (अभिजिएणं देवाणुप्पिएहिं केवलकप्पे भरहे वासे अहण्णं देवाणुप्पियाणं विसयवासिणी अहण्णं देवाणुप्पियाणं आणत्तिकिंकरी तं पडिच्छन्तु णं देवाणुप्पिया ! मम इमं एयारूवं पीइदाणं तिकट्टु कुम्भट्ठसहस्सं रयणचित्तं णाणामणि कणग कडगाणि य जाव सोचेव गमो जाव पडिविसज्जेइ) આપ દેવાનુપ્રિયે કેવલકલ્પ-સંપૂર્ણ ભરતક્ષેત્ર જીતું લીધું છે. હું પણ આપ દેવાનુપ્રિયના દેશમાં જ રહેનારી છું. એથી આપ દેવાનુપ્રિયની જ હું આજ્ઞા કિંકરી છું-આજ્ઞાની સેવિકા છું. એથી આપ દેવાનુપ્રિય મારા વડે આપવામાં આવેલ આ પ્રીતિદાનને ગ્રહણ કરો. આ પ્રમાણે નિવેદન કરીને તેણે ૧૦૦૮ કુંભો તથા નાનામણિઓ, કનક તેમજ રત્નોથી જેમાં રચના થઈ રહી છે એવા બે કનક ભદ્રાસનો, બે કટકો તેમજ ત્રુટિતો ભરતચક્રીને અર્પણ કર્યા. અહીં મગધદેવના પ્રકરણમાં વર્ણિત સમસ્ત વિષય યાવત્ પદથી ગૃહીત થયેલો છે. આમ સિન્ધુ દેવી દ્વારા પ્રદત્ત સર્વ નજરાણું ભરતચક્રીએ ગ્રહણ કરી લીધું અને પછી સમ્માન અને સત્કાર સાથે તેણે સિધુંદેવીને વિસર્જિત કરી દીધી. અહીં એ વિશેષ કથન જાણવું જોઇએ કે ભરતચક્રીએ જે સિન્ધુદેવીને વશમાં કીધી તે બાણ નાપ્રયોગ વિના જ (तएणं से भरहे राया पोसहसालाओ पडिणिक्खमइ) ત્યાર બાદ ભરતચક્રી પૌષધશાળામાંથી બહાર આવ્યા. (पडिणिक्खमित्ता जेणेव मज्जणघरे तेणेव उवागच्छइ) અને બહાર આવીને જ્યાં સ્નાન ગૃહ હતું ત્યાં ગયા. (उवागच्छित्ता ण्हाए कयबलिकम्मे जाव जेणेव भोयणमंडवे तेणेव उवागच्छइ) ત્યાં જઇને તેમણે સ્નાન કર્યું અને સ્નાન કરીને બલિકર્મ કર્યું એટલે કે કાક વગેરે માટે અન્નનો ભાગ કર્યો. પછી તે ત્યાંથી ભોજન મંડપમાં આવ્યા. (उवागच्छित्ता भोयणमंडवंसि सुहासणवरगए अट्ठमभत्तं परियादियइ) ત્યાં

આવીને તે ભોજન મંડપમાં સુખાસન પૂર્વક બેસી ગયા અને બેસીને તેમને અષ્ટમ ભક્તની પારણા કરી. (**परियादियत्ता जाव सीहासणवरगए पुरत्थाभिमुहे णिसीयइ**) અષ્ટમ ભક્તની પારણા કરીને પછી તે યાવત પૂર્વદિશા તરફ મુખ કરીને સિંહાસન ઉપર બેસી ગયા. (**णिसीइत्ता अट्ठारस सेणिप्पसेणीओ सद्दावेइ**) સિંહાસન ઉપર બેસીને પછી તેમણે ૧૮ શ્રેણિ પ્રશ્રેણિજનોને બોલાવ્યા. (**सद्दावित्ता**) બોલાવીને (**जाव अट्ठाहियाए महामहिमाए तमाणत्तियं पच्चप्पिणंति**) યાવત્ તે શ્રેણિ-પ્રશ્રેણિજનોએ આઠ દિવસનો મહામહોત્સવ કર્યો. અને મહામહોત્સવ સમ્પન્ન થઈ જવાની સૂચના રાજાને આપી. ॥૧૧॥

## વૈતાઢ્યગિરિકુમારદેવ કે સાધને કા કથન

**''तएणं से दिव्वे चक्करयणे सिंधूए'' इत्यादि सूत्र ॥१२॥**

ટીકાર્થ— (**तएणं दिव्वे चक्करयणे**) ત્યાર બાદ તે દિવ્ય ચક્રરત્ન (**सिंधूए देवीए अट्ठाहियाए महामहिमाए णिवत्ताए समाणीए आउहघरसालाओ तहेव जाव उत्तरपुरत्थिमं दिसिं वेयद्ध-पव्वयाभिमुहे पयाए यावि होत्था**) સિન્ધુદેવીના વિજયોપલક્ષ્યમાં જે મહામહોત્સવ આયોજિત કરવામાં આવ્યો તે જ્યારે સમ્પન્ન થઈ ગયો ત્યારે તે પહેલાંની જેમ જ આયુધગૃહશાળામાંથી બહાર નીકળ્યો અને નીકળીને યાવત અનેક વાદ્ય વિશેષોના ધ્વનિ પ્રતિધ્વનિ રૂપ શબ્દો દ્વારા ગગનતલને સમ્પૂરિત કરતું ઉત્તર પૂર્વ દિશામાં-ઈશાન કોણમાં સ્થિત વૈતાઢ્ય પર્વતની તરફ ચાલ્યું. સિન્ધુ દેવીના ભવનથી વૈતાઢ્યસુર સાધન માટે વૈતાઢ્યસુરાવાસભૂત વૈતાઢ્યકૂટ તરફ પ્રયાણ કરતાં ચક્રરત્નને ઈશાનદિશામાં જ સરલતા થઈ. એથી જ તે આ માર્ગથી ગયું. (**त एणं से भरहे राया जाव जेणेव वेयद्धपव्वए जेणेव वेयद्धस्स पव्वयस्स दाहिणिल्ले णितंबे तेणेव उवागच्छइ**) ત્યારબાદ તે ભરતચક્રી યાવત્ જ્યાં વૈતાઢ્ય પર્વત હતો અને જ્યાં વૈતાઢ્ય પર્વતનો દાક્ષિણાત્ય દક્ષિણાર્દ્ધ ભરતનોપાર્શ્વવર્તી નિતમ્બ-મૂળભાગ હતો ત્યાં આવ્યો. અહીંયાં યાવત્ પદથી આ પાઠ ગૃહીત થયો છે-"**वैताढ्यपर्वताभिमुखं प्रयातं चक्ररत्नं पश्यति दृष्ट्वा, हृष्ट तुष्ट चित्तानन्दितः परमसौमनस्यितः भरतो राजा**"। (**उवागच्छित्ता वेयद्धस्स पव्वयस्स दाहिणिल्ले णितंबे दुवालस-जोयणायामं णवजोयणवित्थिन्नं वरणगरसरिच्छं विजयखंधावारनिवेसं करेइ**) ત્યાં આવીને તેણે વૈતાઢ્ય પર્વતના દાક્ષિણાત્ય નિતંબ પર દક્ષિણાર્દ્ધ ભરત પાર્શ્વવર્તી મૂળ ભાગ ઉપર ૧૨ યોજન જેટલી લંબાઈવાળો અને નવ યોજન પહોળાઈ વાળો શ્રેષ્ઠ નગર તુલ્ય વિશાળ સૈન્યનો પડાવ નાખ્યો. (**करित्ता जाव वेयद्धगिरिकुमारस्स देवस्स अट्ठमभत्तं पगिण्हइ**) પડાવ નાખીને યાવત તેણે વૈતાઢ્યગિરિ કુમાર દેવની સાધના માટે અષ્ટમભક્ત વ્રત ધારણ કર્યું.

(पगिण्हित्ता पोसहसालाए जाव अट्ठमभत्तिए वेयड्ढगिरिकुमारं देवं मणसिकरेमाणे २ चिट्ठइ) અષ્ટમભક્ત ધારણ કરીને પૌષધશાળામાં પૌષધવ્રતવાળા. એથી બ્રહ્મચારી તેમજ દર્ભના સંથારા ઉપર સમાસીન ૨ાા હાથ પ્રમાણ દર્ભાસન ઉપર સ્થિત. મણિમુક્તા આદિ અલંકારોથી વિહીન થયેલા એવા તે ભરતચક્રી પૂર્વમાં કહ્યાં મુજબ જ વૈતાઢયગિરિ કુમારદેવના ધ્યાનમાં એકચિત્ત થઈ ગયા. (तएणं तस्स भरहस्स रण्णो अट्ठमभत्तंसि परिणममाणंसि वेयड्ढगिरिकुमारस्स देवस्स आसणं चलइ) ત્યાર બાદ જ્યારે ભરતચક્રીનું અષ્ટમભક્ત વ્રત સમાપ્ત પ્રાયઃ જ હતું ત્યારે વૈતાઢ્યગિરિ કુમાર દેવનું આસન કંપાયમાન થયું. (एवं सिंधुगमो णेयव्वो) ત્યાર બાદ જે પ્રમાણે સિન્ધુ દેવીના પ્રકરણમાં કહેવામાં આવ્યું છે તે પ્રમાણે જ અહીં પણ સમજવું એટલે કે જેમ ભરતચક્રીએ સિન્ધુદેવીને વગર બાણે જ વશમાં કરી તેમજ તે વૈતાઢ્યગિરિ કુમાર દેવને પણ પોતાના વશમાં કર્યા. આ પ્રમાણે જ્યારે વૈતાઢ્ય-ગિરિ કુમાર દેવે પોતાનું આસન કંપિત થતું જોયું તો આ જોઈને તેણે પોતાના અવધિજ્ઞાનનો ઉપયોગ કર્યો. અવધિજ્ઞાનમાં તેણે ભરતચક્રી રાજાને તેના જ ધ્યાનમાં લીન જોયા. ત્યારે તે વૈતાઢ્યગિરિ કુમાર દેવના મનમાં એવો આધ્યાત્મિક, ચિન્તિત, કલ્પિત, પ્રાર્થિત, પુષ્પિત, મનોગત સંકલ્પ—વિચાર પ્રકટ થયો કે જંબુદ્વીપ નામક દ્વીપમાં, ભરતક્ષેત્રમાં ભરત નામે ચાતુરન્ત ચક્રવર્તી રાજા ઉત્પન્ન થયો છે. તો અતીત, અનાગત, વર્તમાન કાળના સર્વ વૈતાઢ્યગિરિ કુમાર દેવોનો વંશ પરંપરાથી એવો આચાર—વ્યવહાર ચાલતો આવે છે કે તે ચક્રવર્તિ એવા ભરત રાજાને નજરાણું આપે તો હું જાઉં અને તેને નજરાણું આપું આમ વિચાર કરીને (पीइदाणं आभिसेक्कं रयणालंकारं कडगाणिय तुडियाणिय वत्थाणिय आभरणाणि य गेण्हइ) તે વૈતાઢ્યગિરિ કુમાર દેવે રાજા પ્રીતિદાનમાં આપવા માટે અભિષેક યોગ્ય રાજપરિધેય—રત્નાલંકાર, મુકુટ, કટક, ત્રુટિ, વસ્ત્ર અને આભરણો લીધાં. (गिण्हित्ता ताए उक्किट्ठाए जाव अट्ठाहियं जाव पच्चप्पिणंति) અને તે સર્વ લઈ ને તે ઉત્કૃષ્ટ આદિ વિશેષણોવાળી ગતિથી ચાલીને જ્યાં ભરત નરેશ હતો ત્યાં આવ્યો, ઈત્યાદિ આગળનું સર્વ કથન—મહામહોત્સવ સમ્પન્ન કરવા તેમજ તે ઉત્સવની પૂર્ણથવાની ભરત નરેશને સૂચના આપવા સુધીનું અહીં જાણી લેવું જોઇએ. એ બધું કથન પહેલાં સ્પષ્ટ કરવામાં આવ્યું જ છે. એથી બધું ત્યાંથી જ જાણી લેવું જોઇએ. અહીં યાવત્ પદથી એજ વાત સ્પષ્ટ કરવામાં આવી છે.

### तमिस्रागुहाधिप कृतमालदेवसाधनवक्तव्यता

(तएणं से दिव्वे चक्करयणे अट्ठाहियाए महामहिमाए णिवत्ताए समाणीए जाव पच्चत्थिमं दिसिं तिमिसगुहाभिमुहे पयाए यावि होत्था) જ્યારે વૈતાઢ્યગિરિ કુમાર દેવના વિજયોપલક્ષ્યમાં ૮ દિવસનો મહામહોત્સવ સમ્પન્ન થઇ ચુકયો ત્યારે તે દિવ્ય ચક્રરત્ન પશ્ચિમ દિશામાં વર્તમાન તિમિસ્રાગુહાની તરફ પ્રસ્થિત થયું કેમકે વતાઢ્યગિરિ કુમારને સાધવાનું સ્થાન તમિસ્રા ગુહાની પશ્ચિમ દિશામાં છે. (तएणं से भरहे राया तं दिव्वं चक्करयणं

जाव पच्चत्थिमं दिसिं तिमिसगुहाभिमुहं पयातं पासइ) જ્યારે ભરત રાજાએ તે દિવ્ય ચક્રરત્નને યાવત્ પશ્ચિમ દિશામાં તમિસ્રા ગુહા તરફ જતું જોયું તો (पासित्ता) જોઇને તે (हट्ठ तुट्ठ चित्त जाव तिमिसगुहाए अदूरसामंते दुवालसजोयणायामं णवजोयणविच्छिण्णं जाव कयमालस्स देवस्स अट्ठमभत्तं पगिण्हइ) હર્ષિત તેમજ સંતોષિત ચિત્ત થયેલો યાવત્ તેણે તમિસ્રા ગુહાની પાસે જ તેનાથી વધારે દૂર પણ નહિ અને અધિક નિકટ પણ નહિ પણ સમુચિત સ્થાનમાં–૧૨ યોજન જેટલો લાંબો અને નવ યોજન પ્રમાણ પહોળા પોતાના વિશાળ સૈન્યનો પડાવ નાખ્યો. યાવત્ કૃતમાલદેવને સાધવા માટે તેણે અષ્ટમભક્તની તપસ્યા સ્વીકાર કરી અહીં યાવત્ શબ્દથી વર્દ્ધકિરત્નને બોલાવવો, પૌષધશાળાના નિર્માણ માટે તેને આદેશ આપવો વગેરે પૂર્વોક્ત સર્વ પ્રકરણ અધ્યાહૃત કરવું જોઈએ. (पगिण्हित्ता पोसहसालाए पोसहिए बंभयारी जाव कयमालगं देवं मणसि करेमाणे २ चिट्ठइ) આ પ્રમાણે પૌષધશાળામાં પૌષધવ્રતવાળો તેમજ બ્રહ્મચારી ભરત નરેશ યાવત્ કૃતમાલ દેવનું મનમાં ધ્યાન કરવા લાગ્યો, અહીં યાવત્ શબ્દથી "दर्भासनसंस्तारकोपगः उन्मुक्तमणिसुवर्णालङ्कारः" ઇત્યાદિ પૂર્વોક્ત સર્વ પાઠ સંગૃહીત થયો છે. (तएणं तस्स भरहस्स रण्णो अठमभत्तंसि परिणममाणंसि कयमालदेवस्स आसणं कंपइ) જ્યારે તે ભરત રાજાની અષ્ટમભક્ત તપસ્યા સમાપ્ત થવા આવી તે સમયે કૃતમાલદેવનું આસન કંપાયમાન થયું. (तहेव जाव वेयड्ढगिरि कुमारस्स) અહીં વૈતાઢ્યગિરિ કુમારદેવના પ્રકરણમાં જે પ્રમાણે કથન કહેવામાં આવ્યું છે, તે બધું અહીં સમજી લેવું જોઇએ. (णवरं पीइदाणं इत्थीरयणस्स तिलगचोद्दसं भंडालंकारं कडगाणि अ जाव आभरणाणि अ गेण्हइ) પ્રીતિદાનના કથનમાં અહીં તે કથન કરતાં અંતર છે. અને તે અંતર આ પ્રમાણે છે-પ્રીતિદાનમાં તેણે ભરત રાજાને આપવા માટે સ્ત્રીરત્નમાટે રત્નમય ૧૪ લલાટ-આભરણો જેમાં છે એવા અલંકાર ભાંડ–આભરણ કરંડક,–સ્ત્રી પુરુષ સાધારણ કટકો, યાવત્ આભરણો લીધાં. તે ૧૪ આભરણો આ પ્રમાણે છે-(हार १, द्धहार २, इग ३, कणय ४, रयण ५, मुत्तावली ६, उ केऊरे ७, । कडए ८, तुडिए ९, मुद्दा १०, कुंडल ११, उरसुत्त १२, चूलमणि १३, तिलयं १४) पगिण्हित्ता ताए उक्किट्ठाए जाव सक्कारेइ सम्माणेइ) એ સર્વ આભરણોને લઇને તે કૃતમાલદેવ તે દેવપ્રસિદ્ધ ઉત્કૃષ્ટ આદિ વિશેષણો-વાળી ગતિથી ચાલતો ચાલતો તે ભરત રાજા પાસે આવ્યો. ઇત્યાદિ સર્વકથન અહીં તે શ્રેણિ-પ્રશ્રેણિ જનો–અમે ૮ દિવસનો મહામહોત્સવ સમ્પન્ન કર્યો છે એવી સૂચના ભરતચક્રીને આપે છે. અહીં સુધી પહેલાંની જેમજ બધું કથન જાણી લેવું જોઇએ. ॥૧૨॥

'तएणं से भरहे राया कयमालस्स अट्ठाहियाए' इत्यादि-सूत्र-॥१२॥

ટીકાર્થ-કૃતમાલદેવને સાધ્યા પછી ભરત મહારાજાએ શ્રેણી પ્રશ્રેણી જનોને આઠ દિવસનો મહામહોત્સ આયોજિત કરવાની આજ્ઞા આપી. ભરત મહારાજાની આજ્ઞા મુજબ મહામહોત્સવ સમ્પૂર્ણ થઇ જવાની રાજાને ખબર આપી ત્યારે ભરત રાજાએ ( सुसेणं सेणावइं सद्दावेइ) સુષેણ નામક સેનાપતિને બોલાવ્યો. ( सद्दावित्ता एवं वयासी ) અને બોલાવીને તેને આ પ્રમાણે કહ્યું. ( गच्छाहिणं भो देवाणुप्पिया ! सिंधूए महाणइए पच्चत्थिमिल्लं णिक्खुडं ससिन्धुं सागरगिरिमेरागं समविसमणिक्खुडाणि अ ओअवेहि ) હે દેવાનુંપ્રિય ! તમે સિન્ધું મહાનદીના પશ્ચિમ દિગ્વર્તી ભરતક્ષેત્ર ખંડરૂપ નિષ્કુટ પ્રદેશને કે જે પૂર્વમાં અને દક્ષિણમાં સિન્ધુ મહાનદી વડે પશ્ચિમ દિશામાં પશ્ચિમ સમુદ્ર વડે અને ઉત્તર દિશામાં વૈતાઢ્ય નામક ગિરિ વડે વિભક્ત છે, તેમજ ત્યાંના બીજા સમ-વિષમ રૂપ અવાન્તર ક્ષેત્રોને અમારે અધિન કરો. અર્થાત્ ત્યાં જઈને તમે અમારી આજ્ઞાવર્તી તેમને બનાવો (ओअवेत्ता अग्गाइं वराइं रयणाइं पडिच्छाहि) અમારી આજ્ઞા વશવર્તી બનાવીને ત્યાંથી તમે નવીન રત્નોને દરેક પ્રકારની ઉત્કૃષ્ટતમ વસ્તુઓને ગ્રહણ કરો (पडिच्छित्ता ममेयमाणत्तियं पच्चप्पिणाहि) ગ્રહણ કરીને પછી આજ્ઞા પૂરી થવાની અમને સૂચના આપો. (त एणं सेणापई बलस्स णेआ भरहे वासंमि विस्सुअजसे महाबलपरक्कमे महप्पा ओअसी तेयलक्खणजुत्ते मिलक्खुभासाविसारए चित्तचारुभासी) આ પ્રમાણે ભરત દ્વારા આજ્ઞપ્ત થયેલો તે સેનાપતિ સુષેણ કે જેનો યશ ભરતક્ષેત્રમાં પ્રખ્યાત છે એના જેના પ્રતાપથી ભરતની સેના પરાક્રમશાલી માનવામાં આવે છે. જે સ્વયં તેજસ્વી છે, જેનો સ્વભાવ ઉદાત્ત છે. વિપુલ આશય વાળો છે. શરીર સંબંધી તેજથી તેમજ સત્યાદિ લક્ષણોથી જે સંપન્ન છે. મ્લેચ્છ ભાષાઓ ફારસી, અરબી વગેરે ભાષાઓનો જે વિશિષ્ટ જ્ઞાતા છે. એથી જ જે વિવિધ પ્રકારની ભાષાઓને સુંદર ઢંગથી બોલી શકે છે. (भरहे वासंमि णिक्खुडाणं निण्णाय दुग्गमाण य दुप्पवेसाणयविआणए अत्थसत्थ कुले रयण सेणावइ सुसेणे भरहेणं रण्णा एवंवुत्ते समाणे हट्ठ-तुट्ठ चित्तमाणंदिए जाव करयलपरिग्गहियं दसणहं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं सामी तहत्ति आणाए विणएणं वयणं पडिसुणेइ) જે ભરત ક્ષેત્રમાં અવાન્તર ક્ષેત્ર ખંડ રૂપ નિષ્કુટો કે જેમાં દરેક કોઇ પ્રવેશી શકે નહિ, એવાં ગંભીર સ્થાનો, દુર્ગમ સ્થાનો કે જેમાં પ્રવેશ કરવું અતીવ દુષ્કર કાર્ય છે. તેવા સ્થાનોનો વિજ્ઞાપક છે. વિશેષ રૂપથી જાણકાર છે. અસ્ત્ર શસ્ત્ર સંચાલનમાં બાણાદિ

રૂપ શસ્ત્ર તેમજ ખડગાદિ રૂપ શસ્ત્ર વડે પ્રહાર કરવામાં જે કુશળ છે અથવા અર્થશાસ્ત્રમાં નિપુણ છે, એથી જ તેને સેનાપતિરત્ન કહેવામાં આવેલ છે. એવા તે સેનાપતિરત્ન સુષેણને તે ભરતચક્રીએ જ્યારે પૂર્વોક્ત રૂપમાં કહ્યું ત્યારે તે પોતાના સ્વામીની વાતને સાંભળીને ખૂબજ હર્ષિત તેમજ સંતુષ્ટ ચિત્ત થયો અહીં પ્રયુક્ત થયેલ યાવત્ પદથી (नन्दितः प्रीतिमनाः परम सौमनस्यितः) એ પદોનું ગ્રહણ થયું છે. તે સેનાપતિએ બને હાથોના દશ નખો જેમાં સંયુક્ત થઈ જાય તેમ અંજલિના રૂપમાં બનાવીને અને તેને મસ્તકે ફેરવીને આ પ્રમાણે કહ્યું-હે સ્વામીન્ ! આપશ્રીની આજ્ઞા મારા માટે પ્રમાણ રૂપ છે આમ કહીને તેણે સ્વામીની આજ્ઞાના વચનો સવિનય સ્વીકારી લીધા (पडिसुणित्ता भरहस्स रण्णो अंतियाओ पडिणिक्खमइ) સ્વીકાર કરીને પછી તે ભરત રાજા પાસેથી જતો રહ્યો. (पडिणिक्खमित्ता जेणेव सए आवासे तेणेव उवागच्छइ) ત્યાંથી આવીને તે જ્યાં પોતાનું ઘર હતું ત્યાં આવ્યો. (उवागच्छित्ता कोडुंबिय पुरिसे सद्दावेइ) ત્યાં આવીને તે સુષેણે પોતાના કૌટુંબિક પુરુષોને બોલાવ્યા (सद्दावित्ता एवं वयासी) બોલાવીને પછી તે સુષેણે તેમને આ પ્રમાણે કહ્યું-खिप्पामेव भो देवाणुप्पिया ! आभिसेक्कं हत्थिरयणं पडिकप्पेह ) હે દેવાનુપ્રિયો ! તમે લોકો એકદમ શીઘ્ર અભિષેક યોગ્ય પ્રધાન હસ્તિને સુસજ્જિત કરો. ( हयगयरहपवर जाव चउरंगिणिं सेण्णं सण्णाहेह ) તેમજ હય, ગજ, રથ, પ્રવર પદાતિ જનોથી યુંકત એવી ચતુરંગીણી સેના સુસજ્જીત કરો (इतिकट्टु जेणेव मज्जणघरे तेणेव उवागच्छइ) પોતાના કૌટુંબિક પુરુષોને એવો આદેશ આપીને તે જ્યાં સ્નાન ગૃહ હતું ત્યાં આવી ગયો. (अणुपविसित्ता ण्हाए कयबलिकम्मे) ત્યાં આવીને તેણે સ્નાન કર્યું અને બલિકર્મ કર્યું કાક વગેરે માટે અન્નનું વિતરણ કર્યું ( कयकोउयमंगलपायच्छित्ते ) કૌતૂહલથી મંગળ અને દુસ્વપ્ન શાન્ત્યર્થ પ્રાયશ્ચિત કર્યું ( सन्नद्धबद्ध वम्मिय कवए ) શરીર પર આરોપણ કરીને વર્મિત લોખંડના મોટા મોટા તારોથી નિર્મિત કવચને કથા બન્ધનથી આબદ્ધ કર્યું એટલે કે એકદમ મજબૂતીથી કવચને બાંધ્યું ( उप्पीलिय सरासणपट्टिए ) ધનુષ્ય ઉપર ખૂબજ મજબૂતીથી પ્રત્યંચાનું આરોપણ કર્યું. ( पिणद्धगेविज्जबद्ध आविद्ध विमलवरचिंध पट्टे ) ગળામાં હાર ધારણ કર્યો મસ્તક ઉપર સારી રીતે ગાંઠ બાધીને વિમલવર ચિન્હ પટ્ટ - વીરાતિવીરતા સૂચક વસ્ત્ર વિશેષ બાંધ્યું ( गहियाउहप्पहरणे ) હાથમાં આયુધ અને પ્રહરણો લીધા આયુધ અને પ્રહરણમાં ક્ષેપ્યાક્ષેપ્યકૃત વિશેષતાજ છે, બીજી કોઇ વિશેષતા નથી, બાણ વગેરે ક્ષેપ્ય અને ખડગ વગેરે આક્ષેપ્ય છે. અથવા - પ્રહરણ માટે - શત્રુઓ ઉપર પ્રહાર કરવા માટે જેણે આયુધો ધારણ કર્યા છે. એવો પણ અર્થ (गृहीतायुधप्रहरणः) આ પદનો થઈ શકે છે. (अणेग गणणायक दंड नायग जाव सद्धिं संपरिवुडे) તે સમયે એ અનેક ગણ નાયકોથી-મલ્લાદિગણ મુખ્ય જનોથી, અનેક દંડ નાયકોથી, અનેક તન્ત્રપાલોથી, યાવત્ પદ ગૃહીત અનેક ઈશ્વરોથી, અનેક તલવરોથી, અનેક માડંબિકોથી, અનેકકૌટુંબિકોથી, અનેક મંત્રીઓથી અનેક મહામંત્રિઓથી, અનેક ગણકોથી, દૌવારિકોથી, અનેક અમાત્યોથી, અનેક ચેટોથી, અનેક પીઠમર્દકોથી, અનેક નગર નિગમના શ્રેષ્ઠિઓથી, અનેક સેનાપતિ-

એથી, અનેક સાર્થવાહોથી અને અનેક સંધિપાળોથી યુક્ત થઈ ગયો હતો. (**सकोरंट मल्लदामेणं छत्तेणं धरिज्जमाणेणं**) કોરંટ પુષ્પની માળાથી યુક્ત ઉપર તાણવામાં આવેલ છત્રથી એ સુશોભિત થઈ રહ્યો હતો. (**मंगल जयसद्दकयालोए**) એને જોતાં જ લોકો મંગલકારી જય-જય શબ્દોચ્ચાર કરવા લાગતા એવો સુષેણ સેનાપતિરત્ન (**मज्जणघराओ पडिणिक्खमइ**) સ્નાન ગૃહમાંથી બહાર નીકળ્યો. (**पडिणिक्खमित्ता जेणेव बाहिरिया उवट्ठाणसाला जेणेव अभिसेक्के हत्थिरयणे तेणेव उवागच्छइ**) બહાર નીકળીને એ ઉપસ્થાનશાળામાં આવ્યો. આવીને પછી એ જ્યાં આભિષેક્ય હસ્તિરત્ન હતું ત્યાં આવ્યો. (**उवागच्छित्ता आभिसेक्कं हत्थिरयणं दुरूढे**) ત્યાં જઈને એ આભિષેક્ય હસ્તિરત્ન ઉપર સવાર થઇ ગયો. (**त एणं से सुसेणे सेणावई हत्थिखंधवरगए सकोरंटमल्लदामेणं छत्तेणं धरिज्जमाणेण हयगयरहपवरजोहकलियाए चाउरंगिणीए सेणाए सद्धिं संपरिवुडे**) એના પછી તે સુષેણ સેનાપતિ હાથીના સ્કન્ધ ઉપર સારી રીતે બેઠેલો કોરંટ પુષ્પોની માળાથી વિરાજિત, ધ્રિયમાણ છત્રથી સુશોભિત થયેલો તેમજ-હય, ગજ, રથ, તેમજ પ્રવર યોદ્ધાઓથી યુક્ત તથા ચતુરંગિણી સેનાથી પરિવૃત્ત થયેલો. (**महयाभडचडगरपहगर वंदपरिक्खित्ते**) વિપુલ યોદ્ધાઓના વિસ્તૃતવૃન્દથી યુક્ત થયેલો, જ્યાં સિન્ધુ નદી હતી, ત્યાં આવ્યો. આ પ્રમાણે અહીં સંબંધ જાણી લેવો. જોઈએ સાથે ચાલનારી ચતુરંગિણી સેનાની (**उक्किट्ठसीहणाय बोलकलकलसद्देणं समुद्दरवभूयं पिव करेमाणे २ सव्विद्धीए सव्वज्जुईए सव्व बलेणं जाव णिग्घोसनाइएणं जेणेव सिन्धुमहाणइ तेणेव उवागच्छइ**) ઉત્કૃષ્ટ આનંદ ધ્વનિથી, સિંહનાદથી, અવ્યક્ત ધ્વનિથી તેમજ કલ-કલ શબ્દથી, જાણે કે સમુદ્ર જ ગર્જના કરી રહ્યો હોય, આ પ્રમાણે એ દિગ્મંડળને ક્ષુભિત કરતો પ્રયાણ કરી રહ્યો હતો આ પ્રમાણે પોતાની પૂર્ણ વિભૂતિથી તેમજ સર્વદ્યુતિથી તથા સર્વ બળથી યાવત્ વાદ્યવિશેષના શબ્દોથી યુક્ત થયેલો તે સુષેણ સેનાપતિરત્ન જ્યાં સિન્ધુ નદી હતી ત્યાં પહોંચ્યો. (**उवागच्छित्ता चम्मरयणं परामुसइ**) ત્યાં પહોંચીને તેણે ચર્મરત્નનો સ્પર્શ કર્યો. (**त एणं तं सिरिवच्छसरिसरूवं मुत्ततारद्धचंदचित्तं अयलमकंपं अभेज्जकवयं**) તે ચર્મરત્ન શ્રીવત્સ જેવા આકારવાળુ હતું માંગલિક સ્વસ્તિક વિશેષનું નામ શ્રીવત્સ છે. અહીં એવી આશંકા થઈ શકે તેમ છે કે જ્યારે તે ચર્મરત્ન શ્રીવત્સના જેવા આકારવાળું હતું તો શ્રીવત્સના તો ચારે ચાર પ્રાન્તો સમવિષમ હોય છે. તો પછી એ કિરાતકૃત વૃષ્ટિરૂપ ઉપદ્રવના નિવારણ માટે વિસ્તૃત કરવામાં આવેલ ગોલાકૃત છત્રની સાથે સંઘટના કેવી રીતે થઇ શકશે ? તો એ આશંકાનું સમાધાન આ પ્રમાણે છે કે તે ચર્મરત્ન સ્વતઃ તો શ્રીવત્સના આકાર જેવું છે. પણ દેવાધિષ્ઠિક હોવાથી એ યથાવસર ચિંતિત આકારવાળું થઇ જાય છે. એથી આ કથનમાં કોઈ અનુપપત્તિ જેવી વાત નથી. ચર્મરત્નમાં મુક્તાઓના તારકાઓ અને અર્દ્ધચન્દ્રના ચિત્રો બનેલા છે. એ અચલ અને અકમ્પ હોય છે. જો કે અચલ અને અકમ્પ બન્ને શબ્દો સમાનાર્થક છે એથી જ જ્યાં સમાનાર્થક બે શબ્દો આવે છે ત અતિશય સૂચક હોય છે. આ પ્રમાણે ભરતચક્રીની સંપૂર્ણ

સેના પણ જો તેને ચાલિત કરવા-કંપિત કરવા પ્રયત્ન કરે તો પણ ત સહે જ પણ કંપિત થઇ શકે નહિ. એ જ વાત અત્રે સૂચિત કરવામાં આવી છે જેમ વજ્ર પંજર દુર્ભેદ્ય હોય છે, તેમજ એ પણ દુર્ભેદ્ય હતું. (जंत सलिलासु सागरेसु य उत्तराणं) એના બળથી ચક્રવર્તીનું સમસ્ત કટક નદીઓને અને સાગરો ને, સમુદ્રોને પાર કરી જાય છે. એટલે કે નદીઓ અને સમુદ્રોને પાર કરવામાટે એ એક મહત્ત્વપૂર્ણ યંત્ર છે. (दिव्व चम्मरयणं सणसत्तरसाइं सव्वधण्णाइं जत्थ रोहंति एगदिवसेण वाविआइं) એ દેવકૃત પરિહાર્ય રૂપ હોય છે. દેવકૃત સ્તુતિ સમ્પન્ન હોય છે. અન્નજળ વગેરેથી એનો ઉપઘાત થઈ શકતો નથી. કેમકે એ એવી જ શક્તિથી સમ્પન્ન હોય છે. આમ એ સમસ્ત પ્રકારના ચર્મોમાં પ્રધાન હોવાથી ચર્મરત્ન કહેવામાં આવ્યું છે. એના વડે વપિત શણ અને ૧૭ પ્રકારના ધાન્યો એક દિવસમાં જ ઉત્પન્ન થઇ જાય છે-ફલિત થઇ જાય છે. શણ ધાન્યનું નામ શણ છે એવો સમ્પ્રદાય (રિવાજ) છે કે ગૃહપતિ રત્ન વડે એ ચર્મરત્ન ઉપર સૂર્યોદય સમયે ધાન્યો વપિત કરવામાં આવે છે અને સૂર્યાસ્ત થાય તે સમયે ધાન્યોની લણણી કરવામાં આવે છે

તે ૧૭ પ્રકારના ધાન્યો આ પ્રમાણે છે-"सालि १, जव २, वीहि ३, कुद्दव ४, रालय ५, तिल ६, मुग्ग ७, मास ८, चवल ९, त्रिणा १०। तूअरि ११, मसूरि १२, कुलत्था १३, गोंधुम १४, णिप्फाव १५, अयसि १६, सणा १७ ॥

સૂર્યોદય થાય કે તરત જ પ્રથમ પ્રહરમાં એ ધાન્યો વપિત કરવામાં આવે છે. બીજા પ્રહરમાં એમને પાણી વગેરેથી સિંચિત કરીને વર્દ્ધિત કરવામાં આવે છે. ત્રીજા પ્રહરમાં એ ધાન્યો પરિપકવ થઇ જાય છે. અને ચતુર્થ પ્રહરમાં એમની લલણી કરવામાં આવે છે. પછી સેના વિભાગમાં યથાસ્થાન ઠેક ઠેકાણે એ ધાન્યોને મોકલી આપવામાં આવે છે. શાલી ધાન્યનું નામ છે. યવ-જવનું નામ છે. વ્રીહિ એક પ્રકારનું ધાન્ય વિશેષ હોય છે. કોદ્રવ કોદરાનું નામ છે. આ ધાન્ય બુંદેલ ખંડ પ્રાન્તમાં બહુ જ થાય છે. તેમજ આદિવાસી લોકો એ ધાન્યને ખાવામાં ખૂબ જ ઉપયોગ કરે છે. રાત્રિ એ પણ એક પ્રકારનું અન્ન વિશેષ છે. પચવામાં એ બહુ જ હલકું હોય છે. આ ધાન્ય બીમારીમાં પથ્યના રૂપમાં પ્રયુક્ત થાયછે. તિલ જેને તલ કહીએ છીએ. તિલ પણ એક પ્રકારનું અન્ન છે. આ માંથી તેલ કાઢીન અને એનાથી લાડવા બનાવીને લોકો ખાય છે. મુદ્ગ-મગનું નામ છે. માસ-અડદનું નામ છે. ચવલ-ચોળાનું નામ છે. એ શેકીને પણ ખવાય છે. શેકવાથી એ સ્વાદિષ્ટ થઇ જાય છે.

લોકો આને રાંધીને અને તેમાં મીઠું-મસાલા મિશ્ર કરીને ખાય છે. ચણક-ચણાનું નામ છે. તુઅર-તુવેરને કહે છે. એ પણ ધાન્યવિશેષ છે. મસૂર પણ એક પ્રકારનું અન્ન વિશેષ છે. એની દાળ ગુલાબી રંગની થાય છે. તેમજ ખાવામાં એ સુપાચ્ય હોય છે. કુલત્થ નામ-કળથીનું છે. એ જંગલી ધાન્ય છે. વપિત કર્યા. વગર જ ચતુર્માસમાં એ ઉત્પન્ન થઇ જાય છે. ગોધૂમ-ઘઉંનું નામ છે. નિષ્પાવ એ પણ એક પ્રકારનું અન્ન વિશેષ છે. એનો આકાર સેમ-વાલોળનાબી જેવો હોય છે. ગુજરાતમાં એનો ભોજનમાં શાકના રૂપમાં બહુ જ પ્રયોગ જોવામાં આવે છે. અતસી આ પણ એક પ્રકારનું અન્ન વિશેષ છે. એ તલ જેવું અણીદાર અને ચપટું હોય છે. પણ તલ કરતાં મોટું હોય છે. આને ભાષામાં અલસી કહેવામાં આવે છે. શણ આ પણ એક પ્રકારનું ધાન્ય વિશેષ છે. કેટલાક સ્થાનોમાં ધાન્યોની સંખ્યા ૨૪ જેટલી પણ કહેવામાં આવી છે કેમકે લોકમાં ક્ષુદ્ર ધાન્યોની સંખ્યા વધારે છે. (**वासं णाउण-चक्कवट्टिणा परामुट्ठे दिव्वे चम्मरयणे दुवालसजोयणाइं तिरिअं पवित्थरइ**) વર્ષાનું આગમન જોઈને-જાણીને-ભરતચક્રી વડે સ્પૃષ્ટ થયેલું તે દિવ્ય ચર્મરત્ન કંઈક વધારે ૧૨ યોજન સુધી તિર્યક વિસ્તૃત થઈ ગયું. અત્રે એવી પણ આશંકા થઇ શકે કે ચક્રવર્તીનું સૈન્યતો ૧૨ યોજન જેટલા વિસ્તારવાળું હતું જ તો પછી તેટલા વિસ્તારવાળા સૈન્યને પણ એ

દિવ્ય ચર્મરત્નની અંદર સ્થાન આપવા માટે તેને પણ આટલું જ વિસ્તૃત કરવું જ જોઈએ તો એનો જવાબ આ પ્રમાણે છે કે એ જે ઉપર્યુક્ત પ્રમાણ જેટલું વિસ્તૃત થયું તે તો ચર્મ અને છત્રના અંતરાલને દૂર કરવા જ વિસ્તૃત થયું હતું. (**तत्थसहियाइं**) એ જ વાત એ સૂત્રપાઠ વડે પુષ્ટ કરવામા આવી છે. ઉત્તર ભારત ખંડવતી કિરાત દ્વારા કૃત મેઘના ઉપદ્રવને રોકવા માટે જ એ ૧૨ યોજન પ્રમાણથી કંઈક વધારે વિસ્તૃત થયું હતું. (**त एणं से दिव्वे चम्मरयणे सुसेणसेणावइणा परामुट्ठे समाणे खिप्पामेव णावाभूए जाए**) તે દિવ્ય ચર્મરત્ન સુષેણ સેનાપતિ વડે સ્પૃષ્ટ થતાં જ એકદમ નૌકા રૂપ થઈ ગયું. (**त एणं से सुसेणे सेणावई सखंधावारबलवाहणे णावाभूयं चम्मरयणं दुरुहइ**) એના પછી તે સુષેણ સેનાપતિ સ્કન્ધાવારના બળ (સેના અને વહન-હસ્ત્યાદિ ચતુરંગ તેમજ શિબિકાદિ રૂપ વાહનથી યુક્ત થયેલો નૌકા રૂપ તે ચર્મરત્ન ઉપર સવાર થઇ ગયો. (**दुरुहित्ता सिंधुमहाणइं विमलजलतुङ्गवीचिं णावाभूएणं चम्मरयणेणं सबलवाहणे ससेणे समुत्तिण्णे**) તે નૌકા ઉપર સવાર થઈને ભરતની આજ્ઞાનો પાલક તે જેમાં નિર્મળ જલના વિશાળ તરંગો ઉઠી રહ્યા છે એવી સિંધૂ મહાનદીને પોતાના બળ (સૈન્ય) અને વાહન સાથે પાર કરી ગયો. (**तओ महाणईमुत्तरित्तु सिन्धुं अप्पडिहयसासणे अ सेणावई कहिं चि गामागरणगरपव्वयाणि खेटकब्बडमडंबाणि पट्टणाणि सिंहलए बब्बरए अ सव्वं च अंगलोअं बलायालोअं च परमम्मंजवणद्दी पवरमणिरयणकणग कोसागारसमिद्धं**) સન્ધુ મહાનદી પાર કરીને જેની આજ્ઞા અખંડિત છે, એવો તે સેનાપતિ ક્યાંક ગ્રામ, નગર પર્વતોને ક્યાંક ખેટ-કર્બટ, મડંબોને ક્યાંક પટ્ટનોને તેમજ સિંહલકોને-સિંહલ દેશમાં ઉત્પન્ન થયેલા મનુષ્યોને, બર્બરોને-બર્બર દેશમાં ઉત્પન્ન થયેલા મનુષ્યોને, મ્લેચ્છ જાતીયલોકોના આશ્રયભૂત તેમજ પ્રવરમણિરત્ન તથા કનકના ભંડારો અતએવ પરમરમ્ય એવા અંગ લોકોને, બલાવ લોકને તેમજ યવનદ્વીપને (આરબક) આરબકોને-અરબદેશમાં નિવાસ કરનારા લોકોને

(**रोमकेअ**) રોમક દેશના નિવાસીઓને (**अलसंडविसय वासी अ**) અને અલસંડદેશ નિવાસીઓને તથા (**पिक्खुरे**) પિકખુરોને, (**कालमुहे**) કાલમુખોને (**जोणए अ**) જોનકોને—મ્લેચ્છ વિશેષકોને તથા (**उत्तरवेअड्ढसंखिआओ य म्लेच्छजाई बहुप्पगारा दाहिण अवरेण जाव सिंधु सागरं तोत्ति सव्वपवरकच्छं च ओअवेऊण**) ઉત્તર વૈતાઢ્યમાં સંશ્રિત–તેની તળેટીમાંમાં નિવાસ કરતી અનેક પ્રકારની મ્લેચ્છ જાતિઓને તેમજ નૈઋત્ય કોણુથી માંડીને સિંધુ નદી જ્યાં સાગરમાં મળે છે ત્યાં સુધીના સર્વ પ્રદેશને અને સર્વશ્રેષ્ઠ કચ્છ દેશને પોતાના વશમાં કરીને તે (**पडिणिअत्तो**) પાછો આવી ગયો. (**बहुसमरमणिज्जे अ भूमिभागे तस्स कच्छस्स सुहणिसण्णे**) અને આવીને તે સુષેણ સેનાપતિ કચ્છ દેશના અતીવ સમ રમણીય ભૂમિ ભાગમાં આવી ને સુખપૂર્વક રોકાઇ ગયો. (**ताहे ते जणवयाण णगराण पट्टणाण य जेअ तहिं समिआ पभूआ आगरपती अ मंडलपती अ पट्टणपती अ सव्वे-**

**घेत्तूण, पाहुडाइं आभरणाणि भूसणाणि, रयणाणि, वत्थाणि अ, महारिहाणि, अण्णं च जं वरिट्ठं रायारिहं जं च इच्छिअव्वं अ सेणावइस्स उवणेंति मत्थयकयंजलिपुडा**) ત્યારે જે જનપદોના, નગરોના, પટ્ટનોના ત્યાં ચક્રવર્તી અને સુષેણની અપેક્ષા અલ્પઋદ્ધિવાળા હોવાથી અજ્ઞાત સ્વામી હતા. (અહીં અલ્પાર્થમાં ‘ક’ પ્રત્યય થયો છે.) સુવર્ણાદિકોની ઉત્પત્તિના સ્થાનોના જે સ્વામીઓ હતા. મંડળપતિઓ હતા તેમજ પત્તનપતિઓ હતા તેઓ સર્વ બહુમૂલ્યવાન્ પ્રાભૃતો – ભેટોને લઇને બહુમૂલ્યવાન આભરણોને લઈને બહુમૂલ્યવાન ભૂષણો – ઉપાંગ પરિધિઓને લઇને, બહુમૂલ્યવાન રત્નાદિકોને લઇને; બહુમૂલ્યવાન્ વસ્ત્રોને લઇને તેમજ અન્ય કેટલાંક વરિષ્ઠ હસ્તિ, રથ વગેરે રાજાને ભેટમાં આપવા યોગ્ય વસ્તુઓને તેમજ ગમી જાય અને મેળવવાની ઇચ્છા થાય એવી યોગ્ય વસ્તુઓને લઈને સેનાપતિ સુષેણની પાસે આવ્યા અને બંને હાથ જોડીને સાથે લાવેલી વસ્તુઓ તેની સમક્ષ ભેટના રૂપમાં મૂકી. (**पुणरवि काऊण अंजलिं मत्थयंमि पणया तुब्भे अम्हेऽत्थ समिआ**) તેમજ પાછા વળતી વખતે તેમણે અંજલિ બનાવીને અને તેને મસ્તકે મૂકીને ખૂબજ નમ્ર પણે આ પ્રમાણે કહ્યું –કે આપશ્રી અમારા સ્વામી છો. (**देवयं व सरणागयामो**)·અમે દેવતાઓની જેમ આપના શરણે આવ્યા છીએ. (**तुब्भं विसयवासिणो त्ति विजयं जंपमाणा सेणावइणा जहारिहं ठविय पूइय विसज्जिया णियत्ता सगाणि णगराणि पट्टणाणि अणुपविट्ठा**) અમે આપશ્રીના દેશના જ રહેનારા છીએ. આપશ્રી જો કે અમારા દેશથી વિજાતિય છો છતાં એ આ દેશ આપશ્રીનો જ છે. આ પ્રમાણે વિનય સૂચક વચનો કહેનારા તેઓ સર્વને સેનાપતિ સુષેણે તેમના જ નગરાધિપત્યાદિ રૂપ પૂર્વ પ્રસ્થાપિત હોદ્દાઓ ઉપર યથાવત્ ચાલુ રાખીને તેમને વિસર્જિંત કરી દીધા. વિસર્જિંત કર્યા પહેલાં સેનાપતિ સુષેણે તેમને વસ્ત્રાદિ અર્પીને તેમનો સત્કાર કર્યો અને આદર પૂર્વક વચનો વડે તેમનુ સન્માન કર્યું હતું. આ પ્રમાણે પોત પોતાના સ્થાનો ઉપર જવા માટે સેનાપતિ વડે વિસર્જિંત કરવામાં આવેલા તે સર્વ અધિકારી વગેરે લોકો પોત પોતાના નગરો તેમજ પત્તનો તરફ જતા રહ્યા. તેઓ સર્વ જતા રહ્યા ત્યારબાદ સેનાપતિએ શું કર્યું એ

સંબંધમાં સૂત્રકાર કહે છે-(ताहे सेणावइसचिणओ घेत्तूण पाहुडाइं आभरणाणि भूसणाणि-य पुनरवि तं सिंधुणामधेज्जं उत्तिण्णो) વિનય સહિત જેણે પોતાના હૃદયની અંદર સ્વામિની ભકિત ધારણ કરી રાખી છે. એવા તે સુષેણ સેનાપતિએ ભેંટમાં પ્રાપ્ત કરેલા સર્વ પ્રાભૃતોને આભરણોને ભૂષણોને તેમજ રત્નોને લઈને તે સિંધૂ નદીને પાર કરી. (अणयसासण बले) એ સુષેણ સેનાપતિ અક્ષત શાસન તેમજ અક્ષત બળ સમ્પન્ન હતો. અહીં "अणह" આ શબ્દ દેશી શબ્દ છે. અને અક્ષતનો પર્યાયવાચી છે શાસન શબ્દનો અર્થ આજ્ઞા અને બળનો અર્થ સૈન્ય છે. આ પ્રમાણે અક્ષત શાસન અને બળ સમ્પન્ન થયેલા તે સુષેણ સેનાપતિએ (भरहस्स रण्णो णिवेएइ) જે ક્રમથી વિજય પ્રાપ્ત કર્યો હતો. તે ક્રમથી બધા સમાચારો વિગતવાર રાજાને કહ્યા.(णिवेइत्ता य अप्पिणित्ता य पाहुडाइं सक्कारिए अ सम्माणिए सहरिसं विसज्जिए) સર્વ સમાચારો કહીને અને ભેટમાં પ્રાપ્ત સર્વ વસ્તુઓ કહીને અને ભરત રાજાને આપી ને તથા તેમના વડે પ્રચુર દ્રવ્યાદિથી સત્કૃત થઈને બહુમાન સૂચક શબ્દોથી અને વસ્ત્રાદિકોથી સન્માનિત થઈને તે સુષેણ સેનાપતિ હર્ષસહિત રાજા પાસેથી વિસર્જિત થઈને (सगं पडमंडवमइगए) પોતાના મંડપમાં દિવ્ય પટકૃત મંડપમાં અથવા

પટમંડપથી ઉપલક્ષિત પ્રાસાદમાં આવી ગયો. (तएणं से सुसेणे सेणावइ ण्हाए कयवालकम्म कयकोउयमगलपायच्छित्ते) ત્યાં આવીને તે સુષેણ સેનાપતિએ સ્નાન કર્યું. બલિકર્મ કર્યું - કાક વગેરેને માટે અન્ન ભાગ અર્પિત કરીને કૌતુક મંગળ અને પ્રાયશ્ચિત કર્યા (जिमिय भुत्तुत्तरागए समाणे) ત્યારબાદ રાજવિધિ મુજબ ભોજન કર્યું ભોજન કરીને પછી તે ઉપવેશન સ્થાનમાં આવ્યો અહીં યાવત્ પદથી (आयंते चेक्खे परमसूई भूए) એ પદોનું ગ્રહણ થયું છે. ભોજન કર્યા પછી શુદ્ધ પણીથી હાથ મો ધોવાં તે આચાન્ત કહેવાય છે. શરીર ઉપર પડેલા ભોજનના સીત વગેરે દૂર કરવા તે ચોક્ષ કહેવાય છે. આ પ્રમાણે સર્વરીતે હાથ મો વગેરે સ્વચ્છ કરીને અને શરીર ઉપર પડેલા ભોજનના કણોને હટાવીને શરીરને એકદમ સ્વચ્છ બનાવી લેવું. તેનું નામ પરમ શુચીભૂત છે. એ પદત્રયની યોજના (भुत्तुत्तरागए समाणे) એ પદોની પૂર્વે કરવી અપેક્ષિત છે કેમ કે શિષ્ટ લોકમાં

આ જાતનો ક્રમ જોવામાં આવે છે. (सरस गोसीसचंदणाणुक्खितगायसरीरे) જ્યારે સુષેણ સેનાપતિ ભોજનાદિ કાર્યથી એકદમ નિશ્ચિન્ત થઇ ગયો-ત્યારે તેના શારીરિક અવયવો ઉપર સરસ ગોશીર્ષ ચંદન છાંટવામાં આવ્યું અહીં જે (गायसरीर) એ એકાર્થક વાચક બે શબ્દો પ્રયુકત થયા છે તો એમાં ગાત્ર શબ્દનો અર્થ શારીરિક અવયવો. છાતી વિગેરે જેના શરીરમાં છે. તે જ 'સરસ ગોશીર્ષ ચન્દનોક્ષિત ગાત્ર શરીર' છે. અહીં જે ચન્દનથી સિંચિત થયેલું એવું કહેવામા આવ્યું છે. તે આ વાતને પ્રકટ કરવા માટે કહેવામાં આવ્યું છે. કે તે ચંદનના સેચનથી સુષેણ સેનાપતિને જે માર્ગમાં ચાલવાથી શારીરિક શ્રમ જન્ય તાપ થયો તે ઉપશમિત થઇ જાય (उप्पिं पासायवरगए) ત્યાર બાદ તે સુષેણ સેનાપતિ પોતાના શ્રેષ્ઠ પ્રાસાદ માં ગયો ત્યાં તેણે પાંચ પ્રકારના મનુષ્ય સંબંધી કામ ભોગોને ભોગવ્યા એવો સબંધ અત્રે જાણવો (फुट्टमाणेहिं मुइंगमत्थएहिं बत्तिस-इबद्धेहिं णाडएहिं वरतरुणिसंपउत्तेहिं उवणच्चिज्जमाणे २ उवगिज्जमाणे २ उवला लिज्जमाणे महयाहयणट्टगीअवादित तंतितलतालतुडिअ घणमुइंग पडुप्पवाइयरवेण

इट्ठे सद्दफरिसरसरूवगंधे पंचविहे माणुस्सए काममोगे भुंजमाणे विहरइ) જે સમયે તે પોતાના શ્રેષ્ઠ પ્રાસાદ ઉપર પહોંચ્યો તે વખતે ત્યાં મૃદંગો વગાડવામાં આવી રહ્યાં હતાં તેના માટે ૩૨ પ્રકારના અભિનયોથી યુક્ત નાટકો વિવિધ પાત્રો વડે ભજવવામાં આવી રહ્યાં હતાં, એ નાટકોની કથા વસ્તુઓને વિવિધ પ્રકારના અભિનયોથી સુંદર તરુણ સ્ત્રીઓ તેમાં નૃત્ય કરી રહી હતી. તેને તે સેનાપતિ જોતો હતો. જે વાતને એ સેનાપતિ ઇચ્છતો તે મુજબ જ તે સ્ત્રિઓ નૃત્યાદિ ક્રિયાઓ વડે તેના મનને રંજિત કરતી હતી. નાટયમાં ગાવામાં આવતાં ગીતો મુજબ જ તે નાટકોમાં વાદ્યો વગાડવામાં આવી રહ્યાં હતાં, તંત્રી પણ વગાડવામાં આવી રહી હતી, તાલ પણ આપવામાં આવતો હતો. પટહો વગાડવામાં આવી રહયા હતા, વાદળો જેવો ગંભીરમૃદંગોમાંથી ધ્વનિ નીકળી રહ્યો હતો. એ સર્વ વાદિત્રો વગાડનાર વાદક કલાકારો પોતાની કળામાં બહુ જ દક્ષ હતા. તે સર્વ નાટકોમાં જે ગીત ગાવામાં આવતા હતા. તે સર્વે નાટકીય આખ્યાનકોથી સંબંધિત હતા. આ પ્રમાણે તે સુષેણ સેનાપતિ પોતાની ઇચ્છામુજબ પાંચ પ્રકારના શબ્દો સ્પર્શ, રસ, રૂપ અને ગંધથી સંબંધિત પાંચ પ્રકારના મનુષ્ય ભવમાં ભોગવવા યોગ્ય કામ ભોગો ભોગવવા લાગ્યો. ॥૧૩॥

## તમિસ્ત્રા ગુહા કે દ્વાર કો ઉદ્‌ઘાટન કરને કા નિરૂપણ

### તમિસ્રાગુહાદ્વારનુ ઉદ્‌ઘાટન–

'तएणं से भरहे राया अण्णया कयाई ઇત્યાદિ

ટીકાર્થ–(त एणं से भरहे राया अण्णया कयाइ) એક દિવસની વાત છે કે ભરત રાજાએ (सुसेणं सेणावइं सद्दावेइ) સુષેણ સેનાપતિને બોલાવ્યો. (सद्दावित्ता एवं वयासी) બોલાવીને તેને આ પ્રમાણે કહ્યું (गच्छणं खिप्पामेव भो देवाणुप्पिया ! तिमिसगुहाए दाहिणिल्लस्स दुवारस्स कवाडे विहाडेहि ) હે દેવાનુંપ્રિય ! તમે શીઘ્ર જાવો અને તમિસ્રાગુહાના દક્ષિણ ભાગના દ્વારના કમાડોને ઉદ્‌ઘાટિત કરો (विहाडित्ता) ઉદ્‌ઘાટિત કરીને (मम एयमाणत्तियं पच्चप्पिणाहि) પછી મને ખબર આપો. (त एणं से सुसेणे सेणावइ भरहेणं रण्णा एवं वुत्ते समाणे हट्ठ तुट्ठ चित्ताणंदिए जाव करयलपरिग्गहियं दसणहं सिरसावत्तं मत्थए अजलिं कट्टु जाव पडिसुणेइ) આ પ્રમાણે પોતાના સ્વામી ભરત રાજા વડે આજ્ઞપ્ત થયેલો તે સુષેણ સેનાપતિ હૃષ્ટ-તુષ્ટ તેમજ ચિત્તમાં આનંદિત થયો. યાવત્ પદથી 'प्रीतिमनाः परमसौमन स्यितः ' એ પદોનું ગ્રહણ થયું છે. તેણે તરતજ પોતાના બન્ને હાથોની આંગળીઓ એવી રીતે બનાવી કે જેથી આંગળીઓના દશેદશ નખો દરેકે દરેક નખની સાથે સંલગ્ન થઈ ગયા તે અંજલિને તેણે પોતાના મસ્તક ઉપર મૂકી અને યાવત્–હે સ્વામિન્ આપશ્રીએ મને જે આદેશ આપ્યો છે, હું તે આદેશનું યથાવત્ પાલન કરીશ આ પ્રમાણે કહીને તેણે પ્રભુની આજ્ઞા વિનયપૂર્વક સ્વીકારી લીધી (पडिसुणित्ता भरहस्स रण्णो अंतियाओ पडि-णिक्खमइ) પ્રભુની આજ્ઞા સ્વીકારીને પછી તે તરત જ બહાર આવી ગયો 'पडिणिक्खमित्ता जेणेव सएआवासे जेणेव पोसहसाला तेणेव उवागच्छइ) બહાર આવીને તે જ્યાં પોતાનો

આવાસ અને જ્યાં પૌષધશાળા હતી ત્યાં આવ્યો (उवागच्छित्ता दब्भसंथारगं संथरइ) ત્યાં આવીને તેણે રાા હાથ પ્રમાણે દર્ભાસન પાથર્યું (जाव कयमालस्स देवस्स अट्ठमभत्त पगिण्हइ) યાવત્ કૃતમાલ દેવને વશમાં કરવા માટે તેણે અષ્ટમ ભકતની તપસ્યા ધારણ કરી લીધી. અહીં યાવત્ પદથી વર્દ્ધકિરત્નને બોલાવવો, પૌષધશાળાના નિર્માણમાટે તેને આદેશ આપવો વગેરે સર્વ ઘટનાઓકે જેનાવિષે પહેલાં સ્પષ્ટ કરવામાં આવેલ છે. તે અત્રે પણ સમજવી. (पगिण्हित्ता पोसहसालाए पोसहिए बंभयारी जाव अट्ठमभत्तंसि परिणममाणंसि पोसहसालाओ पडिणिक्खमइ) અષ્ટમ ભકતની તપસ્યા ધારણ કરીને પૌષધશાળામાં પૌષધવૃત વાળો તે બ્રહ્મચારી યાવત્ મણિમુકતાદિ અલંકારોથી રહિત બનેલો તે મનમાં કૃતમાલદેવનું ધ્યાન કરવા લાગ્યો અહીં જે પ્રમાણે પૂર્વપ્રકરણમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે તે પ્રમાણેનુ કથન ગ્રહણ કરવું જોઈએ જ્યારે સુષેણ સેનાપતિની અષ્ટમભકત તપસ્યા સમાપ્ત થઈ ગઈ ત્યારે તે પૌપધશાળામાંથી બહાર નીકળ્યો. (पडिणिक्खमित्ता जेणेव मज्जणघरे तेणेव उवागच्छइ અને બહાર નીકળીને જ્યાં સ્નાન ગૃહ હતુ ત્યાં ગયો. (उवागच्छित्ता) ત્યાં જઈને (ण्हाए कयबलिकम्मे कयकोउयमंगलपायच्छित्ते) તેણે સ્નના કર્યું અનેપછી બલી કર્મ કર્યું એટલે કે કાક વગેરેને અન્ન વિતરિત કર્યું ત્યારબાદ કૌતુક મંગળ અને પ્રાશ્ચિત્ત વિધિ સમ્પન્ન કરી. એના પછી (सुद्धप्पावेसाइं वत्थाइं पवरपरिहिए) સભામાં પ્રવેશ કરવા યોગ્ય મંગલ કારક વસ્ત્રો પહેર્યા (अप्पमहग्घाभरणालंकियसरीरे धूव पुप्फगंधमल्ल हत्थगए मज्जणघराओ पडिणिक्खमइ) શરીરે ઉપર અલ્પ પણ બહુમૂલ્ય આભરણ ધારણ કર્યા હાથમાં ધૂપ પુષ્પ ગંધ તેમજ માળાઓ લીધી અને આ પ્રમાણે સુસજ્જીત થઈને તે સ્નાનગૃહમાંથી બહાર આવ્યો. (पडिणिक्खमित्ता जेणेव तिमिसगुहाए दाहिल्लस्स दुवारस्स कवाडा तेणेव पहारेत्थ गमणाए) બહાર આવી તે જ્યાં તિમિસ્રાગુહાના દક્ષિણ ભાગવર્તી દ્વારના કપાટો હતા તે તરફ રવાના થયો. (त एणं तस्स सुसेणस्स सेणावइस्स बहवे) તે સમયે તે સુષેણ સેનાપતિના અનેક (राइसर तलवर माडंबिय जाव सत्थवाहप्पभियओ अप्पेगइया उप्पलहत्थ गया जाव सुसेणं सेणावइं पिट्ठओ पिट्ठओ अणुगच्छंति રાજેશ્વરો, તલવારો, માંડલિકો યાવત્ સાર્થવાહ વગેરે લોકો જે સુષેણ સેનાપતિની પાછળ-પાછળ યાવત્ ઉત્પલો લઈને ચાલી રહ્યા હતા. અહીં પ્રથમ યાવત્ શબ્દથી ગણનાયકો, દંડ નાયકો, મંત્રીઓ, મહામંત્રીઓ વગેરેનું ગ્રહણ થયું છે એમાં કેટલાક લોકો તો પોત પોતાના હાથોમાં ઉત્પલો લઈને ચાલી રહ્યા હતા. તેમજ દ્વિતીય યાવત્ પદાનુસાર કેટલાક પોત પોતાના હાથોમાં પુષ્પો લઈને ચાલી રહ્યા હતા. કેટલાક પોતાના હાથોમાં નલિનો-કમળ વિશેષો-લઈને ચાલતા હતા. કેટલાક હાથોમાં સૌગંધિકો (કમલ વિશેષ) લઈને ચાલતા હતા કેટલાક હાથોમાં પુંડરિકો લઈને ચાલતા હતા. કેટલાક પોતાના હાથોમાં. સહસ્રદલ કમળો લઈને ચાલતા હતા. એ પદો ગ્રહણ થયા છે. (तएणं तस्स सुसेणस्स सेणावइस्स बहुइओ खुज्जाओ चिलाइयाओ जाव इंगिय चिंतिय पत्थिय विआणिआउ निउणकुसलाओ विणीयाओ

अप्पेगइयाओ कलसहत्थगयाओ जाव अणुगच्छंति ) સુષેણ સેનાપતિની પાછળ પાછળ ફકત રાજેશ્વર વગેરે જનમંડળી જ ચાલી રહી હતી એવુ નથી પણ તેની પાછળ ૧૮ પ્રકારની દાસીઓ પણ ચાલી રહી હતી. તેમનાં નામ આ પ્રમાણે છે. કેટલીક દાસીઓ ચિલાત દેશોદ્ભવા હતી, એથી તેમને ચિલાત કહેવામાં આવે છે, યાવત્ પદથી ગૃહીત કેટલીક દાસીઓ બર્બર દેશની હતી, એથી તેમને બર્બરી કહેવામાં આવી છે. કેટલીક દાસીઓ બકુશ દેશની હતી, એથી તેમને બકુશી કહેવામાં આવી છે. કેટલીક દાસીઓ જોનિક દેશની હતી એથી તેમને જોનકી કહેવામાં આવી છે. કેટલીક દાસીઓ પલ્હવ દેશની હતી એથી તેમને પલ્હવિકા કહેવામાં આવી છે. એ દાસીઓમાં કેટલીક દાસીઓ કુબ્જ વક્રજંઘાઓ વાળી હતી. કેટલીક વામન ઠીંગણા શરીરવાળી, કેટલીક દાસીઓ વડભિકા હતી, એ બધી દાસી-ઓમાંથી કંઈક કહ્યા પહેલાં જ નયનાદિની ચેષ્ટાઓથી, પ્રભુ વડે ચિંતિતમનમાં સંકલ્પિત કરવામાં આવેલા વિષયને તથા પ્રાર્થિત વિષયને જાણી લેતી હતી, એ દાસીઓ પોતાના કામમાં નિપુણ કુશળ—અત્યંત કુશળ હતી, એ દાસીઓ વિનીત અને આજ્ઞા કારિણી પણ હતી. એમાં કેટલીક દાસીઓના હાથોમાં ચન્દનના કળશો હતા અહીં યાવત્ પદથી પૂર્વો-ક્ત સર્વવિષય સંગૃહીત થયો છે. (त एणं से सुसेणे सेणावइ सव्विड्ढीए सव्वजुइए जाव णिग्घोसणाइए णं जेणेव तिमिस गुहाए दाहिणिल्लस्स दुवारस्स कवाडा तेणेव उवागच्छइ) આ પ્રમાણે તે સુષેણ સેનાપતિ પોતાની સમસ્ત ઋધ્ધિઅને સમસ્તદ્યુતિથી યુકત થયેલે યાવત્ વાદ્યોના ધ્વનિ સાથે જ્યાં તિમિસ્રા ગુહાના દક્ષિણ દ્વારના કમાડ હતા ત્યાં આવી પહોંચ્યા. ‘उवागच्छित्ता आलोए पणामं करेइ करित्ता लोमहत्थगं परामुसइ) ત્યાં આવીને તેણે તે કમા ડોને જોઈને પ્રણામ કર્યા પ્રણામ કરીને પછી તેણે લોમ હસ્તક પ્રમાર્જનિકા હાથમાં લીધી. ‘परामुसित्ता तिमिसगुहाए दाहीणिल्लस्स दुवारस्स कवाडे लोमहत्थेणं पमज्जइ) હાથમાં લઈને તેણે તિમિસ્ર ગુહાના દક્ષિણ દિગ્વર્તી દ્વારના કપાટોને સાફ કર્યા(पमज्जित्ता) સાફ કરીને ‘दिव्वाए उदगधाराए अब्भुक्खेइ) પછી તેણે તેમની ઉપર દિવ્ય ઉદક ધારા છોડી એટલે કે દિવ્ય ઉદકધારાના તેમની ઉપર છાંટા નાખ્યા (अब्भुक्खेत्ता सरसेणं गोसीसचंदणेणं पंचगुलि-तले चच्चए दलइ) ઉદક ધારાના છાંટા દઈને પછી તેણે સરસ ગોશીર્ષ ચન્દન થી ગોરોચર મિશ્રિત ચન્દનથી અનુલિપ્ત પંચાંગુલિતલ એટલે કે ગોશીર્ષ ચંદનના ત્યાં હાથના થાપાઓ લગાવ્યા. (अग्गेहिं वरेहिं गंधेहिय मल्लेहिय अच्चिणेइ) ત્યાર બાદ તે સુષેણ સેનાપતિએ કપાટોની અભિનવ શ્રેષ્ઠ ગન્ધોથી અને માળાઓથી પૂજા કરી ‘अच्चिणित्ता पुप्फारुहणं जाव वत्थारुहणंकरेइ ) પૂજા કરીને તેણે તેમની ઉપર પુષ્પોનું આરોહણ યાવત્ વસ્ત્રોનું આરોપણ કર્યું અહીંયા યાવત્પદથી (माल्यारोपणं वर्णारोपणं चुर्णारोपणं आभरणारोवणं करोति) આ પાઠ નો સંગ્રહ થયો છે. (करित्ता आसत्तौ सत्त विपुल वट्ट जाव करेइ ) એ સર્વ વસ્તુઓનું તેમની ઉપર આરોપણ કરીને પછી તેણે તેમની ઉપર એક વિસ્તૃત, તેમજ ગોળ ચંદરવો બાંધ્યો તે ચંદરવાની નીચેનો ભાગ ચાકચિકયથી (ચમકદાર) યુકત હતો. તેમજ જે રીતે તે ચંદરવાના સૌન્દર્યમાં અભિવૃદ્ધિ થાય તે રીતે તેને સુસજ્જિત કરવામાં આવ્યો હતો.

करित्ता अच्छेहिं सण्हेहिं रययामएहिं अच्छरसातंडुलेहिं तिमिस्स गुहाए दाहिणिल्लस्स दुवारस्स कवाडाणं पुरओ अट्ठट्ठमंगलए आलिहइ) ચંદરવાને કપાટોની ઉપર બાંધીને પછી તેણે સ્વચ્છ ઝીણા ચાંદીના ચોખાથી કે જે ચોખાઓમાં સ્વચ્છતાને લીધે પાંસે મૂકેલી વસ્તુંઓનું પ્રતિબિંબ પડી રહ્યું હતું તિમિસ્ર ગુહાના દક્ષિણ દ્વારવર્તી તે કપાટોની સામે આઠ આઠ મંગલ દ્રવ્યોનું આલેખન કર્યું એટલે કે પ્રત્યેક મંગળ દ્રવ્ય આઠ આઠ જેટલી સંખ્યામાં લખ્યા. (तं जहा) તે આઠ મંગળ દ્રવ્યો આ પ્રમાણે છે. (सोत्थिय-सिरिवच्छ जाव कयग्गहग्गहियकरयलपब्भट्ठ ? चंदप्पभवइरवेरुलिय विमलदंडं) સ્વસ્તિક, શ્રીવત્સ યાવત્ નંદ્યાવર્ત, વર્ધમાનક, ભદ્રાસન, કલશ; મત્સ્ય અને દર્પણ અહીં યાવત્ પદથી આ પાઠનો સંગ્રહ થયો છે, (आलिहित्ता काउरं करेइ, उवयारंत्ति किंते पाडलमल्लिय चंपग असोग पुण्णाग चूय मंजरीणवमल्लिय बकुल तिलगकणबीर कुंदकोज्जय कोरंटय पत्त दमणयवरसुरहि सुगंधगंधियस्स) આ પાઠનો અર્થ આ પ્રમાણે છે—એક એક-મંગળ દ્રવ્યને આઠ આઠ રૂપમાં લખીને તેણે તેમની ઉપર રંગ ભર્યો. રંગ ભરીને પછી તે તેણે તે સર્વનો આ પ્રમાણે ઉપચાર કર્યો. ગુલાબના પુષ્પો વેલાના પુષ્પો, ચંપકના પુષ્પો અશોકના પુષ્પો પુન્નાગના પુષ્પો, આમ્રની મંજરી, બકુલના કેશર; તિલકના પુષ્પો, કણેર ના પુષ્પો કુબ્જકના પુષ્પો, દમનક મરવાના પુષ્પો કે જેઓ અતીવ સુગંધિત હોય છે. તેમની ઉપર ચડાવ્યાં. ત્યારબાદ તેણે કચ ગ્રહની જેમ ગૃહિત પશ્ચાત કરતલથી પ્રભ્રષ્ટ દશાર્ધ વર્ણના પૂષ્પ નિકરનો ત્યાં જાનૂત્સેધ પ્રમાણે પરિમિત ઢગલો કર્યો. પછી જેમની દાંડી ચન્દ્રકાન્ત, વજ્ર તેમજ વૈડૂર્યથી નિર્મિત થયેલી છે તેમજ યાવત્ પદ ગૃહીત જેમાં કાંચન મણી

અને રત્નોથી વિવિધ પ્રકારનાં ચિત્રો તૈયાર કરવામાં આવ્યાં છે એવા ધૂપકટાહ-ધૂપદાનીને હાથમાં લઈને ખૂબજ સાવધાનીથી તે ધૂપ કટાહમાં ધૂપ સળગાવ્યો. (दहित्ता वामं जाणुं अंचेइ दाहिणं जाणुं धरणियलंसि निहट्टु करयलजाव मत्थए अंजलिं कट्टु कवाडाणं पणामं करेइ) ધૂપ સળગાવીને પછી તેણે પોતાના વામ ઘૂંટણુને જમીન ઉપર સ્થાપિત કર્યો. અને બંને હાથોની આ પ્રમાણે મુદ્રા બનાવી કે જેમાં દશે દશ આંગળીઓના નખો પરસ્પર ભેગા થઈ જાય એવી આંગળીની મુદ્રાબનાવીને તેણે તે અંજલીને મસ્તક ઉપર મૂકી અને બંને કપાટો નેપ્રણામ કર્યા. કેમકે નમનીય વસ્તુના ઉપચારમાં આદિ તેમજ અંતમાં તેને પ્રણામ કરવામાં આવે છે, એવો શિષ્ટાચાર છે. (करित्ता दंडरयणं परामुसइ) પ્રણામ કરીને તેણે દંડ રત્નને ઉઠાવ્યું (त एणं तं दंडरयणं पंचलइअवइरसारमइअं विणासणं सव्वसत्तुसेण्णाणं खंधावारे णरवइस्स गड्डदरि विसमपब्भारगिरिवरपवायाणं समीकरणं संतिकरं सुभकरं हितकरं रण्णोहिय इच्छिय मणोहरपूरगं दिव्वमप्पडिहयं दंडरयणं गहाय सत्तट्ठ पयाइं पच्चोसक्कइ) એ દંડના અવયવો પંચલતિકા-કતલિકા રૂપ હતા. એ દંડ રત્ન વજ્રના સારથી બનેલૂં હતું. સર્વ શત્રુઓ તેમજ તેમની સેનાઓને તે વિનષ્ટ કરનાર હતું રાજાના

સૈન્ય સમૂહને સન્નિવેશમાં પડાવમાં ખાડાઓને દરિઓને કંદરાઓને ઉંચા નીચા પર્વતોને યાત્રા કરતી વખતે રાજાઓની સેના જેમના ઉપરથી લપસી પડે એવા પાષાણોને એ સમ કરી નાખે છે. તેમજ એ શાંતિકર હોય છે. ઉપદ્રવોનું ઉપશમન કરે છે અહીં એવી શંકા થાય છે કે જો એ દંડરત્ન ઉપદ્રવોને શાંત કરી શકે એવી શકિત ધરાવતું હોય તો દંડરત્ન હોય તો પણ સગરના પુત્રોનું જ્વલન પ્રભનાગાધિપ વડે કરવામાં આવ્યુ તે વખતે ઉપદ્રવનું ઉપશમ કેમ થયું નહી તો આ શંકાનું સમાધાન આ પ્રમાણે છે કે આ દંડ રત્ન સોપક્રમ ઉપદ્રવો ને શાંત કરવા સમર્થ હોય છે અનુપક્રમ ઉપદ્રવોને શાંત કરવાની શકિત એમાં હોતી નથી. અને એથી જ વીરદેવ વિદ્યમાન હતો છતાં એ કુશિષ્ય મુકતતેજો લેશ્યાને સુનક્ષત્ર અને સર્વાનુમતી નામક બે અનગારે ને ભસ્મ કરી નાખ્યા. એ ચક્રરત્ન શુભકર-કલ્યાણ કર હોય છે. તેમજ હિતકર હોય છે (**रण्णो हिय इच्छिय मणोरह पूरगं**) ચક્રવર્તી ના હૃદયમાં વિદ્યમાન ઈચ્છિત મનોરથનું એ ચક્રરત્ન પૂરક હોય છે. કેમકે એ ચક્રરત્ન ગુફાના કપાટોને ઉદ્ઘાટિત કરવા વગેરે કાર્યો કરે છે. (**दिव्वं**) યક્ષસહસ્રોથી એ અધિષ્ઠિત હોવા બદલ દિવ્ય કહેવામાં આવે છે ( **अप्पडिहयं** ) એ ચક્રરત્ન કોઈ પણ સ્થાને પ્રતિઘાત દશાને પામતું નથી. એથી જ એને અપ્રિહત કહેવામાં આવે છે. આ પ્રમાણે એ પૂર્વોકત વિશેષણોથી યુકત ( **दंडरयणं गहाय** ) દંડરત્નને હાથનાં લઈ ને (**सत्तट्ठ पयाइं पच्चोसक्कइ** ) તે સુષેણ સેનાપતિ સાત આઠ ડગલાં પાછો ખસ્યો. અહીં જે પ્રતિહીષુ સુષેણ સેનાપતિને સાત આઠ ડગલાં પીછે હઠ કરવાનું લખ્યું છે તે તેના વડે દઢતર પ્રહાર પ્રકટ કરવા માટે કહેવામાં આવે છે (**पच्चोसक्कित्ता**) સાત આઠ ડગલા પાછો ખસીને '**तिमिस्स गुहाए दाहिणिल्लस्स दुवारस्स कवाडे दंडरयणेणं महया २ सद्देणं तिक्खुत्तो आउडेइ**) પછી તે સુષેણ સેનાપતિએ તિમિસ્ર ગુહાના દક્ષિણ દિગ્વર્તી દ્વારના કપાટોને દંડ રત્નથી જોર-જોરથી કે જેનાથી શબ્દ થાય એવી રીતે ત્રણ વાર તાડિત કર્યા. એટલે કે કમાડો ઉપર ત્રણ વાર જોર—જોરથી દંડરત્ન પછાડયો (**तएणं तिमिसगुहाए दाहिणिल्लस्स दुवारस्स कवाडा सुसेणसेणावइणा दंडरयणेणं महया २ सद्देणं तिखुत्तो आउडिया समाणा महया २ सद्देणं कोचारवं करेमाणा** ) આ પ્રમાણે તિમિસ્રા ગુફાના દક્ષિણ દિગ્વર્તી દ્વારના કમાડો કે જેમને સુષેણ સનાપતિએ ત્રણ વાર દંડ રત્નના જોર જોરથી શબ્દ થાય તેમ પ્રતાડિત કર્યા અને પ્રતાડિત થવાથી દીર્ઘતર અવાજ કરનારા ક્રૌંચ પક્ષિની જેમ અવાજ કરતા તથા (**सरसरस्स सगाइं २ ठाणाइं** ) સર સર આ પ્રમાણે શબ્દ કરતા પોતાના સ્થાનથી વિચલિત થઈ ગયા એટલે કે કમાડો પોતાના સ્થાન પરથી ખસી ગયા. (**तएणं से सुसेणे सेणावई तिमिसगुहाए दाहिणिल्लस्स दुवारस्स कवाडे विहाडेइ**) ત્યારબાદ તે સુષેણ સેનાપતિએ તિમિસ ગુફાના દક્ષિણ દિગ્વર્તી કમાડો;ને ઉદ્ઘાટન કર્યા જોકે આ સૂત્ર આવશ્યક ચૂર્ણિમાં અને વર્ધમાન સૂરીકૃતાદી ચારિત્રમાં ઉપલબ્ધ થતું નથી એથીજ અવ્ય-વહીત પૂર્વ સૂત્રમાં જ કપાટોદ્ઘાટન કહેવામાં આવ્યું છે. અને જો એ સૂત્ર અહીં

કહેવામાં આવ્યું છે. તે મુજબ (सगाइं सगाइं ठाणाइं) અહીં પંચમી વિભક્તિ સમજીને તે બન્નેકમાડો પોતાના સ્થાન પરથી થોડા ઉઘડી ગયા એમ સમજવુ આકારણથી અહીં પુનરૂક્તિ દોષ થતો નથી (विहाडेत्ता जेणेव भरहे राया तेणेव उवागच्छइ ) કમાડોને ઉદ્ઘાટિત કરીને પછી તે સુષેણ સેનાપતિ જ્યાં ભરત રાજા હતો ત્યાં ગયો (उवागच्छित्ता जाव भरतं रायं करयलपरिग्गहियं जएणं विजएणं वद्धावेइ ) ત્યાં જઈને તેણે યાવત્ ભરત રાજાને બન્ને હાથ જોડીને જય વિજય શબ્દ વડે વધામણી આપી (वद्धावेत्ता एवं वयासी) વધામણી આપીને તેમને આ પ્રમાણે નિવેદન કર્યું 'विहाडियाणं देवाणुप्पिया तिमिस गुहाए दाहिणिलस्स दुवारस्स कवाडाए जण्णं देवाणुप्पियाणं पियं णिवेएमो पियं मे भवउ) હે દેવાનુપ્રિય ! તિમિસ્ર ગુહાના દક્ષિણ દિગ્વર્તી દ્વારનાં કમાડો ઉદ્ઘાટિત થઈ ગયાં છે. હું દેવાનુપ્રિય ! આપશ્રીના પ્રિય અર્થને આપશ્રી સમક્ષ નિવેદન કરું છું એ આપશ્રી માટે ઈષ્ટ સમ્પાદક થાઓ 'णिवेएमो' માં જે બહુવચનનો પ્રયોગ કરવામાં આવેલ છે તે સમસ્ત

પરિકર સહિત સેનાપતિના નિવેદન કરવા માટે પ્રકટ કરવામાં આવેલ છે એટલે કે સમસ્ત પરિકર મળીને સેનાપતિના મુખથી એ શુભ સંવાદ પોતાના રાજા ભરતને નિવેદન કરે છે આમ સમજવું જોઈએ અથવા अस्मदोर्द्वयोश्च એ સૂત્રથી એકત્વ અથવા દ્વિત્વ વિવક્ષિત હોવા છતાંએ બહુવચન પ્રયુક્ત થઈ જાય છે. એ મુજબ અહીં બહુવચન પ્રયુક્ત થયેલ છે. (तएणं से भरहे राया सुसेणस्स सेणावइस्स अंतिए एयमट्ठं सोच्चा निसम्म हट्ठ तुट्ठ चित्तमाणंदिए जाव हियए सुसेणं सेणावइं सक्कारेइ सम्मानेइ) ત્યાર બાદ ભરત રાજાએ સુષેણ સેનાપતિના મુખથી સ્વાભિષ્ટ અર્થ સંપાદિત થવા સંબંધી વાત સાંભળી અને તે પછી તેવાત હૃદયમાં નિશ્ચિત કરીને તે રાજા હષ્ટ–તુષ્ટ ચિંતાનંદિત થયો યાવત્ તેનું હૃદય આનંદથી ઉછળવા લાગ્યું અને તેણે તેજ સમયે સુષેણ સેનાપતિનો બહુમૂલ્ય દ્રવ્ય આદિપ્રદાન કરીને સત્કાર કર્યો અને પ્રિયવચનોથી તેનું સન્માન કર્યું. ( सक्कारित्ता

सम्माणिता कोडुंबिय पुरिसे सद्दावेइ ) સત્કાર તેમજ સન્માન કરીને પછી તેણે કૌટુંબિક પુરુષોને બોલાવ્યા (सद्दाबित्ता एवं बयासो) બોલાવીને તે પુરુષોને તેણે આ પ્રમાણે કહ્યું (खिप्पामेव भो देवाणुप्पिया ! आभिसेक्कं हत्थिरयणं पडिकप्पेह) હે દેવાનુંપ્રિયો ! તમે બહું શીઘ્ર અભિષકય હસ્ત રત્નને અભિષક યોગ્ય પ્રધાન હસ્તીને સુસજ્જિત કરો. (हयगयरह पवर तहेव जाव अंजणगिरि कूडसण्णिभं गयवइं णरवई दुरूढे) ત્યાર બાદ હય, ગજ, રથ, પ્રવર યાવત્ અંજન ગિરિના કૂટ જેવા શ્રેષ્ટ હસ્તી ઉપર ભરતરાજા આરૂઢ થયો. ॥सू १४॥

હાથી ઉપર બેસીને ભરત રાજાએ જે કાર્ય કર્યું તેનું વર્ણન કરે છે.

ટીકાર્થ—(તે णं से भरहे राया मणिरयणं इत्यादि) सू. १५

(त एणं से भरहे राया मणिरयणं परामुसइ) જ્યારે ભરત રાજા ગજ શ્રેષ્ઠ હસ્તી રત્ન પર આરૂઢ થઇ ગયો ત્યાર બાદ તેણે મણિરત્નનો સ્પર્શ કર્યો. એ મણિરત્ન (तोतं चउरंगुलप्पमाणमित्तं च अणग्घं तंसियं छलंसं अणोवमज्जुइं दिव्वं मणिरयणपतिसमं वेरुलियं सव्वभूयकंत) તોત હતું 'તોત' પદનો અર્થ સમ્પ્રદાય ગમ્ય છે. તેમજ પ્રમાણમાં એ મણિરત્ન ચાર અંગુલ જેટલું હતું અટલે કે એ ચાર અંગુલ જેટલું લાંબુ અને બે અંગુલ પ્રમાણ મોટું હતું કેમકે 'चउरंगुलो दुअंगुल पिहुलोयमणी, આ પ્રમાણે કહેવામાં આવ્યું છે. એ મણિરત્ન અનર્ધ્ય હતું. એની કીમત થઈ શકે તેમ ન હતુ અર્થાત્ અમુલ્ય હતું એની કોઇપણરીતે કિંમત થઇજશકતીનહતી આકારમાં એ ત્રિકોણ હતું પણ એ ષટ્પેલા હતું લોકમાં પણ વૈડૂર્યમણિ મૃદંગાકાર રૂપમાં પ્રસિદ્ધ છે જ એથી જ વચ્ચેથી ઉન્નત વૃત્ત હોવાથી બન્ને તરફથી ત્રણુત્રણ કોટીનો સદભાવ સ્વભાવતઃ આવી જાય છે. અત્રે એવી આશંકા થઇ શકે તેમ છે. કે જ્યારે એ ષટ્પેલા કહેવામા આવેલ છે. તો પછી આને ત્રણ ખુણાવાળું શા કારણથી કહેવામાં આવેલ છે? તો આ શંકાનો જવાબ આ પ્રમાણે છે કે બંન્ને તરફ ષટપેલતાની સદ્ભાવના થઇ ન જાય તેના માટે જ 'त्र्यक्ष' પદનું કથન અત્રે સ્વતંત્ર રૂપમાં કરવામાં આવેલ છે. એટલે કે આ ત્રણ ખૂણીયું હતું છતાં ષટ્પેલા હતું આ રત્નની દ્યુતિ અનુપમ હતી. એ દિવ્ય હતું મણિ તેમજ રત્નોમાં એ સર્દોત્કૃષ્ટ હોવા બદલ પતિસમ હતું. એ વૈડૂર્ય જાતિનું હતું એ સર્વ ભૂતકાન્ત હતું સમસ્ત પ્રાણીઓની ચાહના યોગ્ય હતું (जेणय मुद्धागएणं दुक्खं न किंचि जाव हवइ आरोग्गेअ सव्वकालंतिरिच्छिय देवमाणुसकया य सव्वे ण करेंति तस्स दुक्खं) એ રત્નને મસ્તક ઉપર ધારણ કરવાથી ધારણ કર્તા ને કોઇ પણ જાતની તકલીફ કે ચિંતા થતી નથી. અટલે કે એને ધારણ કરતાં જ ધારણ કરનારના સર્વ દુઃખો નાશ પામે છે. ધારણ કરનાર સદાકાળ નિરોગી રહે છે. એ મણિ રત્નને ધારણ કરનાર ઉપર કોઇ પણ સમયે તિર્યંચ. દેવ અને મનુષ્યકૃત ઉપસર્ગોની અસર થતી નથી (संगामे वि असत्थवज्झो होइ णरो मणिवरं धरेंतो ठिअजोव्वणकेस अवट्ठियणहो हवइअ सव्वभयविप्पमुक्को) સંગ્રામમાં પણ ભયંકરમાં ભયંકર યુદ્ધ માં પણ એ રત્નને ધારણ કરના મનુષ્ય શસ્ત્ર વડે પણ વધ્ય થઈ શકતો નથી. ધારણ કરનારનું યૌવન સદા કાળ સ્થિર રહે છે. તેના નખ અને વાળ વધતા નથી તે સર્વ પ્રકારના ભયોથી મુકત રહે છે. (तं मणिरयणं गहाय से णरवई हत्थिरयणस्स दाहिणिल्लाए कुंभीए णिक्खिवइ) આ પ્રમાણે તે પૂર્વોકત વિશેષણો વાળા મણિરત્નને લઇને તે નરપતિએ હસ્તી રત્નના દક્ષિણ તરફના કુંભ સ્થળમાં બાંધી દીધું (तएणं से भरहाहिवे णरिंदे हारोत्थए सुकयरइयवच्छे

जाव अमरवइ सण्णिभाए इड्ढीए पहिअकित्ती मणिरयणकउज्जोए चक्करयणदेसिय मग्गे अणेगरायसहस्साणुयायमग्गे महया उक्किट्ठसीहणाय बोलकलकलरवेणं समुद्दरवभूयं) पिव करेमाणे २ जेणेव तिमिसगुहाए दाहिणिल्ले दुवारे तेणेव उवागच्छइ ) ગ્રીવામાં જેણે મુક્તાદિનો હાર ધારણ કર્યો છે તેમજ ૬૪ લડીના હારથી જેનું વક્ષસ્થળ પ્રમોદજનક થઈ રહ્યું છે. યાવત્ અમરપતિ જેવી ઋધ્ધિથી જેની કીર્તિ વિખ્યાત થઇ રહી છે. આભરણાદિ-કાંતિથી જેની ચારે બાજુએ પ્રકાશ વ્યાપ્ત થાય છે. જેનો ગન્તવ્ય માર્ગ ચક્ર નિર્દિષ્ટ કરી રહેલ છે જેની પાછળ પાછળ હજારો રાજાઓ ચાલી રહ્યા છે જેના સૈન્યના પ્રયાણથી સમુદ્ર તેમજ સિંહનાદ જેવા અવાજથી દિગ્ મંડળ વ્યાપ્ત થઈ રહ્યું છે એવો તે ભરત રાજા જ્યાં તિમિસ્રા ગુહાનું દક્ષિણ દિગ્વર્તીય દ્વાર હતું ત્યાં આવ્યો. ( उवागच्छित्ता तिमिस-गुहं दाहिणिल्लेणं दुवारेणं अईइ ससिव्व मेहंधयारनिवहं ) ત્યાં આવીને તે જેમ ચન્દ્ર મેઘજનિત અંધકારમાં પ્રવેશે છે તેમજ તે તિમિસ્રા ગુહામાં દક્ષિણ દ્વારથી પ્રવિષ્ટ થયો. ( तएणं भरहे राया छत्तलं दुवालसंसियं अट्ठकण्णियं अहिगरणिसंठिअं अट्ठसोवण्णियं कागणिरयणं परामुसइ ) ત્યાર બાદ ભરત રાજાએ ૬ તલ વાળા ચાર દિશાઓના ચાર તલ અને ઉપર નીચેના બે તલ, આ પ્રમાણે ૬ તલ વાળા ૧૨ કોટીવાળા આઠ ખુણ વાળા અધિકરણી-સુવર્ણકાર લોખંડની બનેલી જે પીંડી ઉપર મૂકીને સુવર્ણ-ચાંદી વગેરેને હથોડીથી કૂટે પીટે છે. તે પિંડી જેવા આકારવાળા એટલે કે (એરણ જેવા) આઠ સુવર્ણનું જેટલું વજન હોય છે. તેટલા વજન વાળા એવા કાકણી રત્નને 'ઉઠાવ્યું' (तएणं तं चउरं-गुलप्पमाणमित्तं अट्ठ सुवण्णं च विसहरणं अउलं चउरंससंठाणसंठिअं समतलं माणुम्माणजोगा जतो लोगे चरंति) એ રત્નની જે ૧૨ અશ્રીઓ-કોટીઓ હતી. તે દરેકે ૪-૪ અંગુલ જેટલી હતી. આ પ્રમાણે એની લંબાઈ અને પહોળાઈ ચાર ચાર અંગુલ પ્રમાણ હોવાથી એ કાકણી રત્ન સમચતુરસ્ર કહેવામાં આવેલ છે. એનું વજન આઠ સુવર્ણ સોનૈયાના વજન જેટલું હતું તેમજ એ જંગમાદિ નખ-દાંતોના વિષને દૂર કરનાર હતું એના જેવું બીજું કોઈ રત્ન હતું જ નહી. એ સમતલવાળું હતુ. એ રત્નથી જ જગતમાં તે વખતે માન અને ઉન્માનના વ્યવહારો સમ્પન્ન થતા હતા. ( सव्वजणपण्णवगा) જે જન-તાને માન્ય હતા ( णइव चंदो णइव तत्थ सूरे, ण इव अग्गी ण इव तत्थ मणिणो तिमिरं णासेंति अंधयारे तत्थ तयं दिव्वं भावजुत्तं दुवालसजोयणाइं तस्स लेसाउ विवद्धंति तिमिरणिगरपडिसेहियाओ ) જે ગિરિગુહાના અંધકારને ચન્દ્ર સૂર્ય અગ્નિ કે અન્ય બીજા મણિઓના પ્રકાશ નષ્ટ કરી શકતા નહી. એ અંધકારને એ પ્રભાવશાળી

કાંકિણી રત્ન નષ્ટ કરતું હતું એ કાકણી રત્નની પ્રભા ૧૨ યોજન પ્રમાણ વિસ્તારવાળા ક્ષેત્રને પ્રકાશિત કરતી હતી. (रत्तिं च सव्वकालं खंधावारे करेइ आलोअं दिवसभूअं जस्स पभावेण चक्कवट्टी तिमिसगुहं अतीति सेण्णसहिए बितियमद्धभरहं) એ રત્ન ચક્રવર્તીના સૈન્યમાં રાત્રીમાં દિવસ જેટલો જ પ્રકાશ આપતુ હતું ઉત્તર ભારતને વશમાં કરવા માટે એના પ્રકાશમાંજ ચક્રવર્તી તમિસ્ત્ર ગુહામાં સૈન્યસહિત પ્રવેશ કરે છે रायवरे काकणिं गहाय तिमिसगुहाए पुरत्थिमिल्लपच्चत्थिमिल्लेसुं कडएसुं जोयणंतरियाइं पंचधणुसयविक्खंभाइं) એવા પૂર્વોકત વિશેષણો વાળા કાંકણી રતને લઈને ચક્રવતી તિમિસ્ત્ર ગુહાના પૂર્વ અને પશ્ચિમ દિગ્વર્તી કમાડોની દિવાલમાં એક એક અન્તરાલને અને ૫૦૦ ધનુષ્યનો વિસ્તારને ત્યજીને (जोयणुज्जयकराइं चक्कणेमी संठियाइं चंदमंडलपडिणिकासाइं एगूणपण्णं मंडलाइं आलिहमाणे २) ૪૯ મંડળો લખ્યા- મંડળો બનાવ્યા. એમંડલો એક-એક યોજન જેટલી ભૂમીને પ્રકાશિત કરે છે. એ મંડળોનો આકાર ચક્રનેમિ જેવો તેમજ ભાસ્વર હોવાથી ચન્દ્રમંડળ જેવો હતો. આ જાતના મંડળોનું આલેખન કરતો કરતો તે ભરતચક્રી (अणुपविसइ) ગુહામા પ્રવિષ્ટ થયો. (त एणं सा तिमिसगुहा भरहेण रण्णा तेहिं जोयणंतरिएहिं जाव जोयणुज्जोयकरेहिं एगूणपण्णाए मंडलेहिं आलिहिज्जमाणेहिं आलिहिज्जमाणेहिं खिप्पामेव आलोअभूया उज्जोयभूया जाया यावि होत्था) આ પ્રમાણે તે તિમિસ્ત્ર ગુહા એક યોજનના અંતરાલથી બનાવવામાં આવેલા ચાવન એક યોજન સુધી પ્રકાશ પાથરનાર તે ૪૯ મંડળોથી આલોકિત થઈ ગઈ. અને જાણે કે તેમાં દિવસનો પ્રકાશ થઈ ગયો હોય તેમ પ્રકાશિત થઈ ગઈ કેમકે કાકિણીરત્ન સુવર્ણમય હોય છે. એથી એ મંડળો જેને રત્નવડે લખવામાં આવ્યાં હતાં તે વૃત્ત અને હિરણ્ય રેખા રૂપ હતા. એ મંડળો કંઈ કંઈ ગુહાના દ્વાર વગેરે ઉપર લખવામાં આવ્યાં એનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે. પાશ્ચાત્ય પાંથજનોનેપ્રકાશ આપવા માટે દક્ષિણ દ્વારમાં પૂર્વદિકકપાટમાં પ્રથમ યોજનને ત્યજીને પ્રથમ મંડળ તેણે લખ્યું ત્યારબાદ ગોમૂત્રીકાન્યાયથી અર્થાત્ ચાલતા બળદના સૂત્રના જેવા આકારથી ઉત્તરદિશામાં પશ્ચિમ દિકકપાટતોહુકમાં તેણે તૃતીય યોજનના પ્રારંભમાં દ્વિતીય મંડળ લખ્યું એ ન્યાય મુજબ તેણે પૂર્વદિકકપાટ તોહુકમાં ચતુર્થ યોજનના પ્રારંભમાં તૃતીય મંડળ લખ્યું ત્યારબાદ પશ્ચિમ દિગ્મિત્તિમાં પાંચમા યોજનના પ્રારંભમાં તેણે ચતુર્થ મંડળ લખ્યું ત્યારબાદ પૂર્વ દિગ્ભિત્તિમાં ૬ ઠા યોજનના પ્રારંભમાં પાંચમું મંડળ લખ્યું ત્યારબાદ પશ્ચિમ દિગ્ભિત્તિમાં સાતમા યોજનના પ્રારંભમાં ૬ઠું મંડળ લખ્યું. ત્યારબાદ પૂર્વદિગ્ભિત્તિમાં આઠમા યોજનના પ્રારંભમાં સાતમું મંડળ લખ્યું આ પ્રમાણે લખતાં લખતાં તેણે ઉત્તર દિગ્દ્વારના પશ્ચિમ દિગ્કકપાટમાં પ્રથમ યોજનમાંના પ્રારંભમાં ૪૮મું મંડળ લખ્યુઃ અને ૪૩મું મંડળ તેણે ઉત્તરદિગ્ના પૂર્વદિકકપાટમાં દ્વિતીય યોજનના પ્રારંભમાં લખ્યું આ પ્રમાણે એક ભિત્તિમાં ૨૫ મંડળ અને બીજી ભિત્તિમાં ૨૪ મંડળો લખવામાં આવ્યાં આમ બંનેનો સરવાળો ૪૯ મંડળો થઈ જાય છે. એ મંડળો ગુફામાં વક્રાકારમાં ૧૨ યોજન સુધી અને ૮ યોજન સુધી ઊંચે તથા નીચે પ્રકાશ પાથરે છે. કેમ

કે ગુફાનો વિસ્તાર અને તેની ઉચ્ચતા ક્રમથી આટલી જ છે. એ મંડળો આગળ અને પાછળ એક યોજન સુધી પ્રકાશ પાથરે છે,

શંકા :- જો ચક્રવર્તી તિમિસ્ત્ર ગુફામાં ગોમૂત્રિકાના અર્થાત્ (ચાલતા બળદના મુતરનો જેવો આકાર થાય છે તેવા) આકારમાં ૪૯ મંડળો લખે છે તો પછી એમને એક-એક યોજનના અંતરથી લખવાની જે વાત કહેવામાં આવી છે, તે બરાબર બંધ બેસતી નથી. જો એક ભિત્તિગત મંડળની અપેક્ષાએ યોજનાન્તરિતા માનવામાં આવે તો પછી આ પ્રમાણે યોજન દ્વયથી અન્તરિતતાની આપત્તિ આવે છે. જો આ પ્રમાણે માનવામાં આવે નહિ તો પછી મંડળમાં એક ભિત્તિગતતાનો પ્રસંગ પ્રાપ્ત થશે ? આ પ્રમાણે થાય તો ગોમૂત્રિકાના આકારની સંભાવના જ શકય નથી અને જો અન્યભિત્તિગત્ત મંડળની અપેક્ષા ગોમૂત્રિકાનો આકાર કહેવામાં આવે તો પછી તિર્યક્‌માં ૧૨ યોજનથી અધિકની અન્તરિતતા થઈ જાય છે.

ઉત્તર :- એ ભરત ચક્રવર્તી પૂર્વદિગ્ગતભિત્તિમાં પ્રથમ મંડળ લખે છે. ત્યાર બાદ તેના સંમુખ પ્રદેશની અપેક્ષાએ એક યોજન વિસ્તાર છોડીને દ્વિતીય મંડળ આલેખે છે પછી તેની સામેના પ્રદેશમાં એક યોજન વિસ્તાર ત્યજીને પૂર્વભિત્તિમાં તૃતીય મંડળ લખે છે ઇત્યાદિ ક્રમથી મંડળો આલેખવાથી ગોમૂત્રિકાના આકારના અને એક યોજન જેટલી અંતરિતતાવાળા થઇ જાય છે. ૫૦ યોજન જેટલી લંબાઇવાળી ગુનામાં જે ૪૯ મંડળો લખવાની વાત કહેવામાં આવી છે તે સારી રીતે સમજમાં આવી જાય એ હેતુથી સૂત્રકારે આ પ્રમાણે પાંચ મંડળોની સ્થાપના સંસ્કૃત ટીકામાં કરીને સમજાવવા પ્રયત્ન કર્યો છે. આ રીતે ષટ્ કોષ્ટક પરિકલ્પિત ષટ્ યોજનવાળા ક્ષેત્રમાં એક પક્ષમાં ત્રણ અને અન્યત્ર બે મંડળો લખવામાં આવે છે બન્નેનો સરવાળો પાંચ થઇ જાય છે. આ પ્રમાણે ગોમૂત્રિકાના આકારવાળા મંડળની રચના ક્રમથી ૫૦ યોજન પ્રમાણવાળી ગુફામાં ૪૯ મંડળોની સ્થાપના આપ મેળે જ સમજી લેવી જોઈએ. (तएणं सा तिमिसगुहा भरहेणं रण्णा तेहिं जोयणंतरिएहिं जाव जोयणुज्जोय-करेहिं एगूणवण्णाए मण्डलेहिं आलिहिज्जमाणेहिं र खिप्पामेव आलोगभूया उज्जोयभूया दिवसभूया जाया यावि होत्था) એક-એક યોજનના અંતરાલથી યાવત્ એક-એક યોજન સુધી પ્રકાશ પાથરનારા એ ૪૯ મંડળોને આ પ્રમાણે લખવાથી તે તિમિસ્ત્ર ગુફા અતીવ શીઘ્ર આલોક ભૂત થઈ ગઈ. અને દિવસના જેવી થઈ પ્રકાશિત થઈ ગઈ અહીં 'અપિ' શબ્દ સંભાવનાના અર્થમાં પ્રયુક્ત થયેલ છે. એનાથી આમ સમજાવવામાં આવ્યું છે કે તે ગુફા મંડળ પ્રકાશથી પરિપૂર્ણ થાય નહિ પણ એવી સંભાવના છે કે તે મંડળોના પ્રકાશથી પરિપૂર્ણ હોય એવી થઈ ગઇ. આ રીતે આ લોકાદિ પદોના સંબંધમાં પણ જાણી લેવું જોઈએ. ॥ સૂત્ર-૧૫ ॥

## ઉમ્મગ્ન નિમગ્નનામ કી મહાનદી કે જલાશયકા નિરૂપણ
## ઈવં ઉત્તરાર્ધભરત જિતનેકા નિરૂપણ

ગુફામાં (વર્ધમાન ઉન્મગ્ના અને નિમગ્ના નદીઓના સ્વરૂપનું કથન :–

ટીકાર્થ—(तीसेणं तीमिसगुहाए बहुमज्झदेसभाए) તે તિમિસ્ર ગુફાના બહુ મધ્ય દેશમાં (उमग्ग णिमग्गजलाओ णामं दुवे महाणईओ पण्णत्ताओ) ઉન્મગ્ના અને નિમગ્ના નામે બે મહાનદીઓ છે. એ બે નદીઓ દક્ષિણ દ્વારના તોડકથી ૨૧ યોજન આગળ અને ઉત્તર દ્વારના તોડકથી ૨૧ યોજન પહેલાં છે. (जाओणं तिमिसगुहाए पुरच्छिमिल्लाओ भित्तिकडगाओ पवूढाओ समाणीओ पच्चत्थिमेणं सिंधुमहाणई समप्पेंति) તિમિસ્ર ગુફાના પૌરસ્ત્યભિત્તિ કટકથી–ભિત્તિ પ્રદેશથી નીકળીને એ નદીઓ પાશ્ચાત્ય ભિત્તિ પ્રદેશમાં થઇ તે સિંધુ મહાનદીમાં પ્રવેશ કરે છે. (से केणट्ठेणं भंते ! एवं वुच्चइ उन्मग्गणिमग्गजलाओ महाणईओ) હે ભદન્ત ! એ નદીઓના ઉન્મગ્ના અને નિમગ્ના એવા નામો શા કારણથી પડયા છે ? એના જવાબમાં પ્રભુ કહે છે. (गोयमा ! जण्णं उम्मग्गजलाए महाणइए तणंवा पत्तंवा कट्ठंवा सक्करंवा आसे धा हत्थी वा जोहे वा मणुस्से वा पक्खिवइ) હે ગૌતમ ઉન્મગ્ન મહાનદીમાં તૃણ, પત્ર, કાષ્ઠ, પત્થરના કકડા, અશ્વ, હાથી, યોદ્ધા અથવા સામાન્ય કોઈ પણ મનુષ્ય નાખવામાં આવે તો તે ઉન્મગ્ના નદી તેમને આમ–તેમ ફેરવી તે એકાંત જળ પ્રદેશમાં–દૂર કોઈ સ્થળમાં–નિર્જળ પ્રદેશમાં નાખી દે છે. તૂંબી ફળ જેમ પાણીમાં તરતું તરતું કિનારે પહોંચી જાય છે, તેમજ એ નદીમાં પડેલી દરેકે દરેક વસ્તુ તરતી–તરતી કિનારે પહોંચી જાય છે. એથી જ હે ગૌતમ ! એ નદીનું નામ ઉન્મગ્ના કહેવામાં આવ્યું છે. (जण्णं णिमग्गजलाए महाणईए तणं वा पत्तं वा कट्ठं वा सक्करं वा जाव मणुस्सेवा पक्खिवइ) જે કારણથી નિમગ્ના મહા-નદીમાં તૃણ પત્ર, કાષ્ઠ, પથ્થરના નાના–નાના કકડા અશ્વ, હાથી યોદ્ધા અથવા સામાન્ય કોઇપણ મનુષ્ય નાખવામાંઆવે તો નિમગ્ના નામક મહાનદી ત્રણ વખત તેમને આમ–તેમ ફેરવીને પોતાની અંદર જ સમાવી લે છે. એથી જ એ મહાનદીનુ નામ નિમગ્ના કહેવામાં આવ્યું છે. એ જ વાત (से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ उम्मग्गणिमग्गजलाओ महाणईओ) એ પાઠ વડે વ્યક્ત કરવામાં આવી છે. પૂર્વમાં 'कृद्–बहुलम्' સૂત્રથી અપાદાનમાં અને અહીં અધિકરણમાં 'क्त' પ્રત્યય થયેલ છે. એ બન્ને નદીઓ ત્રણ યોજન જેટલી વિસ્તારવાળી છે. ગુફાના આયામ અને વિસ્તાર જેવા જ એમના વિસ્તાર અને આયામ છે. તેમજ એ મહાનદીઓ બે યોજન જેટલા અંતરવાળી છે. ગુફાના મધ્ય દેશમાં એ મહાનદીઓ છે. એમની સ્થાપના આ પ્રમાણે છે— ॥ ૪ ૧૭ । ૩ । ૨ । ૩ ૧૭ ૪ ॥ જ્યારે ભરતરાજાએ બન્ને નદીઓને ॥ ૪ ૧૭ દૂરાવગાહ જાણી ત્યારે તેણે શું કર્યું. એ વાતને સૂત્રકાર સ્પષ્ટ કરતાં કહે છે કે (तएणं से भरहे राया चक्करयणदेसि-यमग्गे अणेगरायवरसहस्साणुयायमग्गे) ચક્રરત્નથી જેને માર્ગ બતાવવામાં આવી રહ્યો છે અને જેની પાછળ–પાછળ હજારો રાજા–મહારાજાઓ ચાલી રહ્યા છે, એવો તે ભરત

રાજા (महया उक्किट्ठ सीहणाय जाव करेमाणे २ सिंधूए महाणईए पुरच्छिमिल्लेणं कूडेणं जेणे व उम्मग्ग जला महाणई तेणेव उवागच्छइ) સેના તેમજ રાજા મહારાજાઓની તીવ્ર ચાલથી થતા સિંહનાદ જેવા અવ્યક્ત ધ્વનિથી તથા કલરવથી સમુદ્રની જેવા ધ્વનિને પ્રાપ્ત થયેલ ન હોય એવી ગુફાને મુખરિત-ધ્વનિત કરતો તે રાજા સિંધુ મહાનદીના પૂર્વ તટ ઉપર કે જ્યાં ઉન્મગ્ના નદી હતી ત્યાં આવ્યો. (उवागच्छित्ता वद्धइरयणं सद्दावेइ) ત્યાં આવીને તેણે વર્દ્ધકિરત્નને (સુથાર) બોલાવ્યો તમિસ્રા ગુફાના અધો ભાગમાં તમિસ્રાના પૂર્વકટકની અવધિ કરી ને જ સિંધુ મહાનદી વહે છે. તેમજ ઉન્મગ્ના મહાનદી પણ તમિસ્રાના પૂર્વતટથી નીકળી છે. એથી બન્ને નદીઓનો અત્રે સમાગમ થઇ જાય છે. (सद्दावित्ता एवं वयासी) વર્દ્ધકિરત્નને બોલાવીને તે રાજાએ તેને આ પ્રમાણે કહ્યું-(खिप्पामेव भो देवाणुप्पिया! उम्मग्गणिमग्गजलासु महाणईसु अणेगखंभसयसण्णिविट्ठे अयलमकंपे अमेज्जकवए सालंवणबाहाए सव्वरयणामए सुहसंकमे करेह) હે દેવાનુપ્રિય! તમે શીઘ્ર ઉન્મગ્ના અને નિમગ્ના નદીની ઉપર અનેક હજારો સ્તંભોવાળા અચલ અકંપ તેમજ દૃઢ કવચની જેમ અભેદ્ય એવા બે પુલો તૈયાર કરો એ પુલોના ઉભયપાર્શ્વોમાં આલંબનો હોય કે જેથી તેમની ઉપર થઇને પસાર થનાર કોઈપણ તે મહાનદીઓમાં પડે નહિ. (सव्वरयणामए) એ બન્ને પુલો સર્વાત્મના રત્નમય હોય અથવા સર્વ જાતિના રત્નો દ્વારા નિર્મિત હોય કે જેથી તેમની ઉપરથી સુખ પૂર્વક ગમન-આગમન થઈ શકે. (करेत्ता मम एयमाणत्तियं खिप्पामेव पच्चप्पिणाहि) એવા બન્ને પુલો જ્યારે તૈયાર થઇ જાય ત્યારે તરત જ અમને સૂચના આપો. (तएणं से वद्धइरयणे भरहेणं रण्णा एवं वुत्ते समाणे हट्ट तुट्ठचित्तमाणंदिए जाव विणएणं पडिसुणेइ) વર્દ્ધકિરત્ને (સુથારે) જ્યારે પોતાના સ્વામીની આજ્ઞા સાંભળી તો તે અતીવ હર્ષિત તેમજ ચિત્તમાં આનંદિત થયો. યાવત્ અતીવ વિનમ્રતાથી તેણે પોતાના સ્વામીની આજ્ઞા સ્વીકારી લીધી. (पडिसुणित्ता खिप्पामे उमग्गणिमग्गजलासु महाणईसु अणेणखंभसयसण्णिविट्ठे जाव सुहयंकमे करेइ) ભરત રાજાની આજ્ઞા સ્વીકારીને તેણે તરત જ ઉન્મગ્ના અને નિમગ્ના નદીની ઉપર હજારો સ્તંભો વગેરેથી પૂર્વોક્ત વિશેષણથી યુક્ત એવા બે રમણીય પુલો બનાવ્યા. (करित्ता जेणेव भरहे राया तेणेव उवागच्छइ) એ પુલો બનાવીને પછી તે જ્યાં ભરત રાજા વિદ્યમાન હતા ત્યાં આવ્યો (उवागच्छित्ता) આવીને (जाव पयमाणत्तियं पच्चप्पिणइ) તેણે બે પુલો આજ્ઞા મુજબ જ તૈયાર થઈ ગયા છે, એવી ભરત રાજાને સૂચના આપી અહીં એવી આશંકા કરવી યોગ્ય નથી કે ઉન્મગ્ના નદી તો સ્વભાવે જ એવી છે કે જે વસ્તુ તેમાં પડી જાય છે, તે તેની ઉપર જ રહે છે, ડૂબતી નથી. તો પછી પુલ બનાવવા માટે નાખવામાં આવેલી વસ્તુઓ તેમાં નીચે સુધી કેવી રીતે પહોંચી અને ત્યાં કેવી રીતે સ્થિર થઈને જામી ગઈ. એ પુલો વર્દ્ધકિરત્ન બનાવે છે. એથી તેની શક્તિ અચિંત્ય હોવાથી તેઓ ત્યાં સુસ્થિર જ રહે છે અ.ત તેમની ઉપર થઈને લોકો પાર ઉતરતા રહે છે. તેમજ ચક્રવર્તીના જીવનકાળ સુધી ગુફા ખુલ્લી જ રહે છે. તેમાં તે સર્વે મંડળો તેના જીવનકાળ સુધી યથાવત્

પ્રકાશ પાથરતા રહે છે. જ્યારે ચક્રવર્તી દિવંગત થઇ જાય છે. અથવા સંયમ ગૃહીત કરી લે છે ત્યારે તે ૬ માસ સુધી સુરક્ષિત રહે છે. એવો સારોદ્ધાર વૃત્તિનો અભિપ્રાય છે. તથા 'ત્રિષષ્ઠિયા ચરિત્રમાં તો—

उद्घाटितं गुहाद्वारं गुहान्तर्मण्डलानि च। तावत् तान्यपि तिष्ठन्ति यावज्जीवति चक्रभृत् આમ કહ્યું છે. (त एणं से भरहे राया सखंधावारबले उम्मग्गणिमग्गजलाओ महाणइओ तेहिं अणेगखंभसयसण्णिविट्ठेहिं जाव सुहसंकमेहिं उत्तरइ) ત્યાર બાદ ભરત રાજા પોતાના સંપૂર્ણ સૈન્યની સાથે ઉન્મગ્ના અને નિમગ્ના નદીઓને તેમના અનેક સ્તંભોવાળા પુલો ઉપર થઇને આનંદપૂર્વક પાર કરી ગયો. અહીં યાવત્ શબ્દથી પુલોના જે વિશેષણોઉપર કહેવામાં આવ્યા છે. તે ગૃહીત થયા છે. (त एणं तीसेणं तिमिसगुहाए उत्तरिलस्स दुवारस्स कवाडा सयमेव महयार कोंचारवं करेमाणा सरसरस्सरगाइं ठाणाइं पच्चोसक्कित्था ) બન્ને નદીઓને પાર કરીને પછી ગુહાની સમીપ આવ્યા ત્યાર તે તિમિસ્ર ગુફાના ઉત્તર દિશાના દ્વારના કમાડો જોર-જોરથી ક્રૌંચ પક્ષી જેવા સર-સર ધ્વનિ કરતા કરતા પોતાની મેળે જ પોતાના સ્થાન પરથી સરકી ગયા એટલે કે ખુલી ગયા. ॥ ૧૬ ॥

टीकार्थ—(तेणं कालेण तेणं समएणं) તે કાળમાં અને તે સમયમાં (उतरड्ढभरहे वासे) ઉત્તરાર્ધ ભરત ક્ષેત્રમાં (बहवे आवाडा णामं चिलाया परिवसंति) અનેક આપાત નામક કિરાતો રહેતા હતા. (अड्ढा दित्ता वित्ता विच्छिण्ण विउलभवण सयणासणजाणवाहणाइन्ना) એ કિરાત લોકો અનેક વિસ્તીર્ણ ભવનોવાળા હતા. અનેક વિસ્તૃત શયનો અને આસનોવાળા હતા મોટા રથોના એઓ અધિપતિ હતા. અને અનેક ઉત્તમોત્તમ જાતિના મોટા-મોટા ઘોડાઓ એમની પાસે હતા. (बहुधणं बहुजायरूवरयया) ગણિમ, ધરિમ. મેય અને પરિચ્છેદના ભેદથી ચાર પ્રકારના ધનથી તેઓ યુક્ત હતા શ્રેષ્ઠ સુવર્ણ તેમજ ચાંદીના એ માલિક હતા. (आओगपओगसंपउत्ता) આયોગમાં ધનસંપત્તિ વગેરેની વૃદ્ધિમાં તેમજ અનેક કળા-ઓમાં એ લોકો વિશેષ પટુ હતા (विछड्डिय पउरभत्तपाणा) એમને ત્યાં એટલા બધાં લોકો ભોજન કરતા હતા કે તેમના ઉચ્છિષ્ટમાં પ્રચુર માત્રામાં ભકતપાન વધતું હતું. (बहुदासीदासगोमहिसगवेलगप्पभूया बहुजणस्स अपरिभूया) એમની પાસે ઘેર કામ કરનારાઓમાં અનેક દાસો તેમજ અનેક દાસીઓ હતી. અનેક ગાયો, મહીષીઓ એટલે ભેંસો હતી. અને ઘેટાઓ હતા. અનેક લોકો મળીને પણ એમને હરાવી શકતા નહોતા. એવા એ લોકો બળવાળા હતા. (सूरा वीरा विक्कंता विच्छिण्णविउलबलवाहणा) એઓ પ્રતિજ્ઞાત અર્થને નિર્વાહ કરવા માટે શૂર હતા. દાન કરવામાં અથવા સંગ્રામમાં એ લોકો વીર હતા. વિક્રાંત ભૂમંડળ પર આક્રમણ કરવામાં એઓ સમર્થ હતા. એમની સેના અને ગવાદિ રૂપ બલવાહન દુઃખથી અનાકુળ હોવાથી અતિવિપુલ હતા. (बहुसु समर संपराएसु

लक्खक्खा याविहोत्था) સમરૂપ યુદ્ધોમાં-અતિ ભયાનક સંગ્રામોમાં, એમના હાથો પોતાના લક્ષ્ય પરથી કદાપિ વિચલિત થતા નહિ. વલ્ગન વગેરે સાધારણ યુદ્ધોમાં કેટલાક લોકો લબ્ધ લક્ષ્યવાળા હોય છે, પરંતુ આ આપાત કિરાતો તો ભયંકરમાં ભયકંર એટલે કે મહાભયંકર યુદ્ધોમાં પણ લક્ષ્ય વેધન કરવામાં પણ શક્તિ શાળી હતા. એટલે કે હસ્તલાઘવવાળા હતા. (**तएणं तेसिमावाडचिलायाणं अण्णया कयाई विसयंसि बहूइं उप्पाइयसयाइं पाउब्भवित्था**) એક વખતની વાત છે કે તે આપાત કિરાતોના દેશમાં ચક્રવર્તિના આગમન પહેલાં હજારો અશુભસૂચક નિમિત્તો પ્રકટ થવા લાગ્યા. (**तं जहा**) જે આ પ્રમાણે છે-(**अकाले गज्जियं, अकाले विज्जुया, अकाले पायवा पुप्फंति अभिक्खणं २ आगासे देवयाओ णच्चंति**) અકાલ માં-વર્ષાકાળ વિના જ મેઘગર્જના થવી અકાળમાં વિજ-

ળીઓ ચમકવી અકાળમાં વૃક્ષો પુષ્પિત થવા, આકાળમા વારંવાર ભૂત-પ્રેતાનું નર્તન થવું (**तएणं ते आवाडचिलाया विसयंति बहुइं उप्पायसयाइं पाउब्भूयाइं**) જ્યારે તે આપાત કિરાતોએ પોતાના દેશમાં એ અનેક જાતના અશુભ સૂચક ઉત્પાતો થતા જોયા તો (**पासित्ता अण्णमण्णं सद्दावेंति, सद्दावित्ता एवं वयासी**) જોઈને તેમણે એક બીજાને બોલાવ્યા અને બોલાવીને પરસ્પર એવી રીતે કહેવા લાગ્યા કે (**एवं खलु देवाणुप्पिया ! अहं विसयंसि बहूइं उप्पायसयाइं पाउब्भूयाइं**) હે દેવાનુપ્રિયો ! જુઓ, અમારા દેશમાં અનેક સૈંકડો ઉત્પાતો પ્રકટ થયા છે. (**तं जहा**) જેમકે-(**अकाले गज्जियं, अकाले विज्जुया, अकाले पायवापुप्फंति, अभिक्खणं २ आगासे देवयाओ नच्चंति**) અકાળમાં મેઘોની ગર્જના થાય છે, અકાળમાં વીજળીઓ ચમકે છે. અકાળમાં વૃક્ષો પુષ્પિત થાય છે અને વારં-વાર આકાશ માં ભૂતાદિ દેવો નાચે છે. (**तं ण णज्जइ णं देवाणुप्पिया ! अम्हं विसयस्स के मन्ने उवद्दवे भविस्सईत्ति कट्टु ओहयमणसंकप्पा चिंतासोगसागरं पविट्ठा करयलपल्हत्थमुहा अट्टज्झाणोवगया भूमि-**

**गयदिट्ठिया झियायंति**) તો હે દેવાનુપ્રિયો કંઈ પણ ખબર નથી પડતી કે અમારા દેશમાં કઇ જાતનો ઉપદ્રવ થવાનો છે. આ પ્રમાણે કહીને તેઓ સર્વે અપહૃત મનઃ સંકલ્પવાળા થઈ ને વિમનસ્ક બની ગયા. અને રાજ્ય ભ્રંશ અને ધનાપહાર આદિની ચિંતા થી આકુલિત થઈને શોક સાગરમાં નિમગ્ન થઇ ગયા. તેમજ આર્તધ્યાન થી યુક્ત થઈ ને તેઓ પોત પોતાની હથેળીઓ ઉપર મોં રાખીને બેસી ગયા અને નીચેની તરફ દૃષ્ટિ રાખીને વિચાર કરવા લાગ્યા કે હવે અમારે શું કરવું જોઈએ. (**तएणं से भरहे राया चक्करयणदेसियमग्गे जाव समुद्दरवभूयंपिव करेमाणे २ तिमिसगुहाओ उत्तरिल्लेणं दारेणं णीति ससिव्व मेहंधयारनिवहा**) ત્યાર બાદ તે ભરત રાજા કે જેનો આગળનો માર્ગ ચક્રરત્ન નિર્દિષ્ટ કરતું જાય છે યાવત્ જેની પાછળ પાછળ હજારો રાજાઓ ચાલી રહ્યા છે.-જોર- જોરથી સિંહ નાદ જેવા અવ્યક્ત ધ્વનિથી તેમજ કલ કલના શબ્દથી ગુફાને સમુદ્રજેવા શબ્દથી

વ્યાપ્ત કરતો તે તમિસ્રા ગુફાના ઉત્તર દિશાના દ્વારથી મેઘકૃત અંધકારના સમૂહમાંથી ચન્દ્રમાની જેમ નીકળ્યો. (तएणं ते आवाडचिलाया भरहस्स रण्णो अग्गाणीयं एज्जमाणं पासंति) તે આપાત કિરાતોએ ભરત રાજાની અગ્રાનીકને સૈન્યઅગ્રિભાગ ને- આવતો જોયો. (पासित्ता आसुरत्ता रुट्ठा चंडक्किया कुविया मिसिमिसेमाणा अण्णमण्णं सद्दावेंति) જોઈને તેઓ તરતજ ક્રુદ્ધ થઈ ગયા, રુષ્ટ તોષરહિત થઇ ગયા રોષથી યુક્ત થઈ ગયા. અને ક્રોધારિષ્ટ થઇને લાલ પીળા થઈ ગયા. એવી સ્થિતિમાં તેમણે એક બીજાને બોલાવ્યા અને (सद्दावित्ता एवं वयासी) બોલાવીને પરસ્પર આ પ્રમાણે કહ્યું (एसणं देवाणुप्पिया ! केई अपत्थियपत्थिए दुरंतपंतलक्खणे हीणपुण्णचाउद्दसे हिरि सिरिपरिवज्जिए जेणं अम्हे विसयस्स उवरिं वीरिएणं हव्व मागच्छइ) હે દેવાનુપ્રિયો એ અજ્ઞાતનામ ધારી કોઇ પુરુષ કે જે પોતાના મૃત્યુને આમંત્રી રહેલ છે દુરંત પ્રાન્ત લક્ષણો વાળો છે અને જેનો જન્મ હીન પુણ્યવાળી કૃષ્ણ પક્ષની ચતુર્દશી ના દિવસે થયેલ છે તથા જે લજ્જા અને લક્ષ્મી થી હીન છે- અમારા દેશ ઉપર પોતાની શક્તિ વડે આક્રમણ કરવા આવી રહ્યો છે. (तं तहाणं घत्तामो देवाणुप्पिया ! जहाणं एस अम्हं बिसयस्स उवरिं वीरिएणं णो हव्वमागच्छइ) હે દેવાનુપ્રિયો ! એ અજ્ઞાત નામવાળો કોઇ માણસ પોતાના મૃત્યુની ચાહના કરી રહ્યો છે. એ દુરંત પ્રાન્ત લક્ષણો વાળો છે. એનોજન્મ હીન પુણ્યવાળી કૃષ્ણ પક્ષની ચતુર્દશીના દિવસે થયેલ છે. તેમજ એ લજ્જા અને લક્ષ્મી થી રહિત થઇ ગયો છે. એ અમારા દેશ ઉપર પોતાની શક્તિ વડે આક્રમણ કરવા આવી રહ્યા છે. (तं तहाणं घत्तामो देवाणुप्पिया ! जहाणं एस अम्हं विसयस्स उवरिं वीरिएणं णो हव्वमागच्छइ) તો અમે આવું કરીએ કે જેથી એની સેના દિશાઓ માં અદૃશ્ય થઇ જાય એટલે કે એની સેના આમ- તેમ નાસી જાય તેથી એ અમારા દેશ ઉપર આક્રમણ કરી શકે નહિ (त्ति कट्टु अण्णमण्णस्स अंतिए एयमट्ठं पडिसुणेंति) આ પ્રમાણે વિચાર કરીને તેમણે કર્તવ્યાર્થનો નિશ્ચય કરી લીધો. (पडिसुणित्ता सण्णद्धबद्धवम्मियकवया उप्पीलियसरासणपट्टिया पिणद्ध, गेविज्जा बद्धियाविद्ध विमलवरचिंधपट्टा) અને કર્તવ્યાર્થનો નિશ્ચય કરીને તેઓ સર્વે કવચો પહેરીને તૈયાર થઇ ગયા અને પોતપોતાના હાથોમાં તેમણે જ્યાનું આરોપણ

કરીને ધનુષો હાથમાં લીધા ગ્રીવામાં ગ્રીવારક્ષક ગ્રૈવેયક પહેરી લીધું વીરાતિવીરતા સૂચક વિમલવર ચિહ્ન પટ મસ્તક પર ધારણ કર્યું (गहियाउहप्पहरणा) તેમણે પોતાના હાથોમાં આયુધો અને પ્રહરણો લીધાં આ પ્રમાણે યોદ્ધાઓના વેષમાં સુસજ્જ થઇને તેઓ (जेणेव भरहस्स रण्णो अग्गाणीयं तेणेव उवागच्छंति) જ્યાં ભરત રાજાનો સૈન્યાગ્રભાગ હતો ત્યાં પહોંચ્યા. (उवागच्छित्ता भरहस्स रण्णो अग्गाणीएण सद्धिं संपलग्गा यावि होत्था) ત્યાં પહોંચીને તેમણે ભરતરાજાના અગ્રાનીક સાથે યુદ્ધ કરવાની શરૂઆત કરી. (त एणं ते आपातचिलाया भरहस्स रण्णो अग्गाणीयं हयमहियपवरवीरघाइय विवडिय चिंधद्धय पडागं किच्छप्पाणोवगयं दिसोदिसं पडिसेहिंति ) તે યુદ્ધમાં તેમણે ભરતનરેશની અગ્રાનીકના કેટલાક શ્રેષ્ઠ વીરોને મારી નાખ્યા. કેટલાક વીર યોદ્ધાઓ ઘવાયા અને કેટલાક વીર યોદ્ધાઓને આઘાત યુક્ત કરી દીધા તેમજ તેમની પ્રધાન ગરુડ ચિહ્નવાળી ધ્વજાઓ અને તેનાથી ભિન્ન સામાન્ય ધ્વજાઓને નષ્ટ કરી દીધી. એથી તેમનામાંથી શેષ સૈનિકો કથ કથમપિ પ્રાણ બચાવીને ત્યાંથી પલાયન થઈ ગયા અને બીજી તરફ જતા રહ્યા. ॥૧૭॥

ભરત સૈન્યમાં શું થયું ? તે સંબંધમાં કથન :

**'त एणं से सेणाबलस्स णेया वेढो जाव भरहस्स' इत्यादि—सूत्र—१८ ॥**

**टीकार्थ-( त एणं से सेणाबलस्स णेया )** જ્યારે સેનારૂપ બળના નેતા સુષેણ સેનાપતિએ **( भरहस्स रण्णो )** ભરત રાજાના **( अग्गाणीयं आवाडचिलाएहिं हयमहियपवरवीरघाइय जाव दिसो दिसिं पडिसेहिअं पासइ)** અગ્રાનીકને આપાત કિરાતો વડે હતમથિત પ્રવર વીર યુક્ત કે જેમાં અનેક યોદ્ધાઓ હણાયા છે તેમજ અનેક યોદ્ધાઓ ઘવાયા છે- તેમ જોયું. અહીં યાવત્ પદથી ("विवडियचिंधद्धयपडागं किच्छप्पाणोवगयं") એ પૂર્વોક્ત વિશેષણોનું ગ્રહણ થયું છે. તો ( पासित्ता ) જોઇને તે ( आसुरत्ते, रुट्ठे, चंडक्किए, कुविए, मिसमिसेमाणे कमलामेलं आसरहं दुरूहइ ) તે એકદમ ક્રુદ્ધ થઈ ગયો. તેને થોડો પણ સંતોષ રહ્યો નહિ. તેના સ્વભાવમાં રોષ ભરાઈ ગયો. આ પ્રમાણે તે કુપિત અને કોપના અતિશય આવેશથી પ્રજ્વલિત થતો કમલામેલ નામક અશ્વરત્ન ઉપર સવાર થયો. તે અશ્વરત્નનું વર્ણન આ પ્રમાણે છે- (असीइ मंगुलमूसिअं ) એ શ્રેષ્ઠ અશ્વ ૮૦ એસી અંગુલ ઊંચો હતો. એક યવનું જેટલું પ્રમાણ હોય છે, તેટલા પ્રમાણવાળો એક, અંગુલ હોય છે. એવો વાચસ્પતિનો મત છે. અંગ શબ્દને 'उल' પ્રત્યય કરવાથી અંગુલ શબ્દની નિષ્પત્તિ થાય છે. એ એક પ્રકારનું માપ વિશેષ છે. ( णवणउइमंगुलपरिणाहं ) એ અશ્વરત્નની મધ્ય પરિધિ ૯૯ નવ્વાણુ અંગુલ પ્રમાણવાળી હતી ( अट्ठसयमंगुलमायतं ) ૧૦૮ એક સો આઠ અંગુલ જેટલી એમની લંબાઈ હતી. અહીં સર્વત્ર મકાર અલાક્ષણિક છે. ઘોડાઓની ઊંચાઈનું પ્રમાણ ખરીથી કાન સુધી માપવામાં આવે છે. પરિણાહ—વિશાલતા-પૃષ્ઠભાગથી માંડીને ઉદર સુધી માપવામાં આવે છે તેમ જ આયામ-મુખથી માંડીને પૂંછના મૂળ સુધી માપવામાં આવે છે. પરાસરે આ પ્રમાણે જ કહ્યું છે—

**मुखादापेचकं दैर्घ्यं पृष्ठपार्श्वोदरान्तरात् । आनाह उच्छ्रयः पादाद् विज्ञेयो यावदासनम् ॥**

(बत्तीस मंगुलमूसियसिरं ) ૩૨ બત્રીસ અંગુલ પ્રમાણ એ અશ્વરત્નનું મસ્તક હતુ. (चउरंगुलकन्नागं ) ચાર અંગુલ પ્રમાણ એના કર્ણ ( કાન ) હતા. નાના કાન શ્રેષ્ઠ ઘોડાના લક્ષણ મનાય છે. એનાથી જ ઘોડાનું યૌવન સ્થિર રહે છે, આમ કહેવાય છે. અહીં યોજનાની ક્રમ પ્રધાનતા લઇને પહેલાં કર્ણ (કાન)નું વિશેષણ અને ત્યાર બાદ શિરનું વિશેષણ જાણવું જોઈએ. કેમકે ઘોડાના બન્ને કાનો શિરની અપેક્ષાએ ઊંચા હોય છે. ( बीसइ अंगुलबाहागं ) એની બાહા- ( શિરોભાગના અધોવર્તી અને બન્ને જાનુઓના ઉપરનો ચરણોનો પ્રથમ ભાગ-ગ્રીવાની નીચેનો ભાગ) ૨૦ વીસ અંગુલ પ્રમાણ હતી. ( चउरंगुल जाणूकं सोलस अंगुलजंघागं ) ચાર અંગુલ પ્રમાણ એનો જાનુભાગ હતો—એટલે કે બાહુ અને જંઘાના સંધિ રૂપ અવયવ હતો. ૧૬ સોળ અંગુલ પ્રમાણ એની જંઘા હતી-એટલે કે જાનુની નીચેનો ખુર સુધીનો અવયવ રૂપ ભાગ હતો. ( चउरंगुलमूसियखुरं ) ચાર અંગુલ ઉંચી એની ખરીઓ હતી ( मुत्तोलीसं वत्तवलियमज्झं ) મુક્તોલી—નીચે—ઉપરમાં સંકીર્ણ તથા મધ્યમાં કંઈક વિશાળ એવી કોષ્ઠિકા જેવો એનો સારીરીતે ગોળ તેમ જ વલિત-વલન સ્વભાવનો, નહિ કે

સ્તબ્ધ સ્વભાવનો-એનો મધ્યભાગ હતો. (ईसिं अंगुलपणयपट्ठं संणयपट्ठं सुजायपट्ठं पसत्थपट्ठं विसिट्ठपट्ठं) જ્યારે આરોહક એની ઉપર બેસતા ત્યારે એનો પૃષ્ઠભાગ કંઈક અંગુલ પ્રમાણ જેટલો નમ્ર થઈ જતો હતો. તે પૃષ્ઠ ભાગ એ અશ્વનો નીચે-નીચેના-ક્રમથી નત હતો, સંગત હતો, દેહ પ્રમાણાનુરૂપ હતો, સુજાત હતો-જન્મ દોષથી રહિત હતો, પ્રશસ્ત હતો, શાલિહોત્રના લક્ષણ મુજબ હતો, વધારે શું કહીએ તે અશ્વનો પૃષ્ઠભાગ એક વિશિષ્ઠ પ્રકારનો જ હતો. (एणु जाणुण्णय वित्थय थद्धपट्ठं वित्त लयकसणिवाय अंकेल्लणपहारपरिवज्जिअंगं) તે અશ્વનો પૃષ્ઠભાગ હરિણીની જંઘાઓની જેમ ઉન્નત હતો અને બન્ને પાર્શ્વભાગોમાં વિસ્તૃત હતો તેમ જ ચરમ ભાગમાં સ્તબ્ધ હતો, સુદૃઢ હતો. એ અશ્વનું શરીર વેત્ર, લતા કે કશા (કોડા) એ સર્વના આઘાતોથી તેમજ એ જાતના બીજા તર્જનક વિશેષો હોય છે. તેમના આઘાતોથી પરિવર્જિત હતું. કેમકે એની ચાલ, એની ઉપર સવાર થયેલા ચક્રવર્તીના મન મુજબ જ થતી હતી. (तवणिज्जथासगाहिलाणं) એના મુખની જે લગામ હતી તે સુવર્ણ નિર્મિત સ્થાસકોથી દર્પણાકારના અલંકારોથી યુક્ત હતી. (वरकणव सुफुल्लथासगविचित्तरयणरज्जुपासं) એની તંગ રૂપ જે રાશહતી તે રત્નમય હતી તેમજ વર કનકમય સુંદર પુષ્પોથી તથા સ્થાસકોથી અલંકાર વિશેષોથી વિચિત્ર હતી. (कंचणमणिकणगपयरगणाणाविह घंटियाजालमुत्तियाजालेहिं परिमंडियेणं पट्ठेण सोभमाणेण सोभमाणं) કાંચન યુત મણિમય અને ફકત કનકમય એવાં પત્રકોના અનેક આભુષણો મધ્યમાં જેમનામાં જડિત છે, એવા અનેક પ્રકારના ઘંટિકા જાલોથી તેમજ મૌક્તિક જાલોથી પરિમંડિત સુંદર પૃષ્ઠથી જે સુશોભિત છે. (कक्केयण इंदणीलमरगयमसारगल्लमुह मंडणरइअं) કર્કેતન-ઈન્દ્રનીલમણિ મરકતમણિ તેમજ મસારગલ્લ એ સર્વેથી જેનુ મુખ મંડળ સજ્જિત કરવામાં આવેલ છે અથવા એ પૂર્વોક્ત સ્થાપિતકર્કેતનાદિ રત્નોમાં જેના અનેક મુખમંડલો પ્રતિબિંબિત થઈ રહ્યા છે, એથી તે અતીવ સોહામણો લાગી રહ્યો છે. (आविद्धमाणिक्कसुत्तगविभूसियं) જેમાં માણિક્ય જડિત છે, એવા સૂત્રક અશ્વમુખ ભૂષણ વિશેષ- થી જે વિભૂષિત છે. (कणगामय पउमसुकयतिलकं) કનકમય પદ્મથી જેના મુખ ઉપર સારી રીતે તિલક કરવામાં આવેલ છે. (देवमइविकप्पियं) દેવોએ પોતાની બુદ્ધિની કુશલતાથી જેની રચના કરી છે. (सुरवरिंदवाहणजोग्गा वयं सुरूवं दूइज्जमाण पंच चारु चामरामेलगं धरेंतं) સુરેન્દ્ર - ઈન્દ્રનો જે વાહનભૂત અશ્વ છે, જેનું નામ ઉચ્ચૈઃ શ્રવા છે- તેની જે યોગ્યા- મંડળાકાર રૂપ ભ્રમણ- ગોળાકાર ભ્રમણ રૂપ ગમન- તે ગમનને એ પ્રાપ્ત કરનાર છે. એટલે કે એ અશ્વની ચાલ ઇન્દ્રના અશ્વ જેવી છે. એ અશ્વ અતીવ સુંદર છે. સુંદર રૂપવાળો છે. પાંચ સ્થાનોમાં-ગળામાં, ભાલમાં,મૌલિમાં અને બન્ને કાનોમા નિવેશિત હાલતા પાંચ સુંદર ચામરોના મિલાપને જે મસ્તક ઉપર ધારણ કરે છે. અહીં મૂળમાં

ચામર શબ્દને જે સ્રીલિંગ વાચક કહેવામાં આવેલ છે, તે તત્કાલીન સમયમાં એની એવી જ પ્રસિદ્ધિ હતી. એથી આમ કહેવામાં આવેલ છે. અથવા ગૌડના મત પ્રમાણે ચામર શબ્દ આબન્ત શબ્દ છે. એથી જ એને અહીં આબન્ત કહેવામાં આવેલ છે. (अणब्भवाहं) એ શ્રેષ્ઠ અશ્વ અનભ્રંચારી હતો. ઈન્દ્રનો ઉંચ્ચૈઃ શ્રવા નામક અશ્વ અભ્રંચારી હોય છે પરંતુ એ અશ્વ આકાશચારી ન હતો. अमेलणयणं कोकासियबहलपत्तलच्छं, सयावरणणवकणगतवियतवणिज्जतालुजीहासयं ) એની બન્ને આંખો અસંકુચિત હતી. એથી તે વિકસિત હતી. બહલ- દૃઢ હતી અને પત્રલ- પક્ષ્મવતી હતી. દંશ મશકાદિ ના નિવારણ માટે અથવા શોભા માટે એના પ્રચ્છાદન પટમાં નવીન સ્વર્ણના તારો ગ્રથિત હતા. એટલે કે જે પ્રચ્છાદન પટ હતું તે સ્વર્ણના તંતુઓથી નિર્મિત હતું. તેમજ એના મુખના તાલુ અને જિહ્વા એ બન્ને તાપિત રક્ત સુવર્ણની જેમ અરુણ હતાં. (सिरियाभिसेअघोणं) લક્ષ્મીના અભિષેકનું શારીરિક લક્ષણ એની નાસિકા ઉપર હતું. (पोक्खरपत्तमिवसलिलबिंदुजुयं) જેમ કમલપત્ર સલિલ બિંદુઓથી યુક્ત હોય છે તેમજ એના શરીરનો દરેકે દરેક અવયવ લાવણ્યના બિંદુઓથી- કણોથી યુક્ત હતો. સલિલ શબ્દથી અહીં અશ્વરત્નના પક્ષમાં પાનીય- લાવણ્ય ગૃહીત થયેલ છે. લોકમાં પણ "अस्य मुखे पानीयं" આ જાતનો વ્યવહાર જોવામાં આવે છે. (अचंचलं) સ્વામીના કાર્યમાં એ અશ્વ ચાંચલ્ય રહિત હતો, સ્થિર હતો (चंचलसरीरं) પરંતુ જાતિ સ્વભાવથી જ એ અશ્વનું શરીર ચાંચલ્ય યુક્ત હતું (चोक्खचरग परिव्वायगोविव हिलीयमाणं २ खुरचलणचच्चपुडेहिं धरणिअलं अभिहणमाणं २ दोविय चलणे जमगसमगं) જેમ ચોખા- સ્નાનાદિથી શુદ્ધ શરીર વાળો- ચરક- સંન્યાસી મસ્કરી અશુચિ પદાર્થના સંસર્ગની આશંકાથી એટલેકે અપવિત્ર પદાર્થનો સંસર્ગ મને ન થાય- આમ પોતાની જાતને સુરક્ષિત રાખે છે. કુત્સિત સ્થાનોથી પોતાની જાતને દૂર રાખે છે તેમજ એ અશ્વરત્ન પણ ઉંચા-નીચા અથવા કુત્સિત- અપવિત્ર સ્થાનોને ત્યજીને જે પવિત્ર સ્થાન અને સુગમ્ય સ્થાન માર્ગો હોય છે તે માર્ગોને અવલંબીને જ ચાલે છે.

ચાલતાં-ચાલતાં એ પોતાના ખુરોથી પુરોવર્તી ભૂમિને તાડિત કરતો-કરતો એટલે કે ભૂમિને ક્ષુબ્ધ કરતો-કરતો ચાલે છે. ઉક્તંચ—"यः खुरैः खनेत्पृथिवीमश्वो लोकोत्तरः स्मृतः" જ્યારે એ અશ્વ પોતાના ઉપર આરૂઢ પુરુષ વડે નચાવવામા આવે છે ત્યારે એ પોતાના આગળના બે પગોને એકી સાથે ઉપર ઉઠાવે છે તો તે વખતે આમ પ્રતીત થાય છે કે જાણે કે એના એ બન્ને પગો એકી સાથે જ ( गुहाओ विणिग्गमंतं व ) એના મુખમાંથી નીકળી ન રહ્યા હોય ! (सिग्घाए मुणालतंतु उदगमविणिस्साए पक्कमंतं ) એની ગતિ આટલી બધી લાઘવ વિશેષ યુક્ત હોય છે કે મૃણાલ તંતુ અને પાણી એઓ બન્ને પણ એની ચાલમાં સહાયભૂત થતા હતા. તાત્પર્ય આ પ્રમાણે છે કે એ સ્થળની જેમ પાણી ઉપર પણ ચાલી શકતો હતો, અને કમળનાલની ઉપર પણ ચાલી શકતો હતો. તે ચાલતી વખતે

પાણીમાં પણ ડૂબતો ન હતો અને કમળનાલ તંતુ તેની ગતિથી છિન્નવિછિન્ન પણ થતા ન હોતા. (**जाइ कुलरूवपच्चयपसत्थ बारसावत्तग विसुद्धलक्खणं सुकुलप्पसूअं, मेहाविभद्दयविणीअं, अणुय तणुय सुकुमाल लोमनिद्धच्छवि**) જાતિ—માતૃપક્ષ–કુળ, પિતૃપક્ષ અને રૂપ–સુંદરાકાર સંસ્થાન–એ સર્વનો જેમનાથી વિશ્વાસ થાય છે, એવા જે પ્રશસ્ત દ્વાદશ આવર્તો છે તેમનાથી એ યુક્ત હતો. તેમજ અશ્વશાસ્ત્ર પ્રસિદ્ધ વિશુદ્ધ લક્ષણોથી એ સહિત હતો અને એ સુકુળ–પ્રસૂત હતો. વરાહ–ઉક્ત દ્વાદશ આવર્ત્તો આ પ્રમાણે છે--

**ये प्रपाण गलकर्णसंस्थिताः पृष्ठ मध्य नयनोपरिस्थिताः ।**

**ओष्ठसक्थि भुजकुक्षि पार्श्वगास्ते ललाटसहिताः सुशोभनाः ॥१॥**

પ્રપાણ—ઉપરના ઓષ્ઠતલનું નામ છે. તો એ પ્રપાણ ગલ-કંઠની ઉપર જે આવર્ત હોય છે, તેનું નામ દેવમણિ છે અને એ આવર્ત્ત અશ્વની શ્રેષ્ઠતા (મહત્તા)નું લક્ષણ માનવામાં આવે છે. આ પ્રમાણે બન્ને કાનોની ઉપર પૃષ્ઠ ભાગની ઉપર તેમજ પૃષ્ઠના મધ્યમાં બન્ને આંખોની ઉપર, બન્ને ઓષ્ઠોની ઉપર, પાછળના બન્ને પગોના ઘૂંટણ ઉપર, આગળના પગોના ઘૂંટણ ઉપર, કુક્ષિની ઉપર, ડાબી અને જમણી તરફ તેમજ લલાટની ઉપર એ આવર્તો હોય છે. એ કર્ણ–નયન વગેરે ૧૨ સ્થાનો છે. એ બધાની ઉપર એ ૧૨ આવર્તો ચિહ્ન વિશેષો હોય છે–એવું કહેવામાં આવે છે. એ અશ્વરત્ન મેધાવી હતા સ્વામીના પગના સંકેત માત્રથી સ્વામીના ભાવને એ સમજી જતો હતો. એ ભદ્રક હતો. એ અદુષ્ટ હતો. એ વિનીત હતો. પોતાના માલિકના ઈષ્ટ અર્થનો સમ્પાદક હોવાથી એ નમ્ર હતો. એના શરીરની ઉપર જે રોમરાજિ હતી, તે ખૂબ જ સૂક્ષ્મ અને સુકુમાર હતા. તેમ જ સ્નિગ્ધ હતી. (**सुजाय अमरमणपवनगरुलजइण चवलसिग्घगामि**) એ સુંદર ચાલ ચાલતો હતો પોતાના વેગની અધિકતાથી એ અમર–દેવ, મન, પવન અને ગરુડના ગમન વેગને પણ જીતી લેતો હતો. આમ એ ચપળ અને શીઘ્રગામી હતો. (**इसिमिव खंतिखमए, सुसिसमिव, पच्चक्खया विणीयं, उदग,हुतवह, पासाण, पंसु, कद्दम ससक्करसवालुइल्लतडकडग विसम पब्भारगिरिदरीसु लंघणपिल्लणणित्थारणासमत्थं** ) ક્રોધના અભાવરૂપ ક્ષમાથી એ ઋષિવત્ હતો. એ કોઈને પણ લાત નહિ મારતો હતો અને મુખથી પણ કોઇને કરડતો ન હતો. તેમ જ પૂછથી પણ કોઈને એ મારતો ન હતો. સુશિષ્યની જેમ એ પ્રત્યક્ષમાં વિનીત હતો. "**पच्चक्खया**" માં જે "**प्रत्यक्षता विनीतं**" છાયા કરવાથી '**ता**' પ્રત્યય લગાડવામાં આવેલ છે. તે પ્રાકૃતશૈલીના આધારે કરવામાં આવેલ છે. ઉદક-પાણી, હુતવહ–અગ્નિ પાષાણ–પત્થર, પાંસુ–રેણુ, કર્દમ-કાદવ, લઘુપલ ખંડ સહિત સ્થાન, બહુ જ અધિક રેતાળ મેદાન, તટ–નદી તટ, કટક–ગિરિનિંતબ, વિષમ પ્રાગ્ભારવાળું ઊંચુ–નીચું સ્થાન, ગિરિ કંદરા, એ સર્વે પ્રદેશોને અનાયાસ ઓળંગવા અને પોતાની ઉપર સવાર થયેલ માણસની પ્રેરણા મુજબ તે સ્થાનો સુધી પહોંચવું તે સ્થાનોને પાર કરવા વગેરે ક્રિયાઓમાં એ અશ્વ સમર્થ

હતો. (अचंडपाडियं दंडपाति अणंसुपातिं अकाल तालु च कालहेसिं जियनिद्दं गवेसगं) એ અચંડપાતી હતો–દંડપાતી હતો, એટલે કે એ વગર વિચાર કર્યે જ પ્રતિપક્ષીની સેના ઉપર દંડની જેમ આક્રમણ કરવાના સ્વભાવવાળો હતો એ અનશ્રુપાતી હતો. દુર્દાંત શત્રુ-સેનાને જોઈને પણ એ કદાપિ રડતો ન હતો. અથવા માર્ગાદિચલન જન્ય શ્રમથી પીડિત થઈને એ કદાપિ વ્યાકુળ થઈને રડતો ન હતો. એનો તાલુભાગ કૃષ્ણતાથી વર્જિત હતો. એ સમયાનુસાર જ હણહણાટ કરતો હતો. એટલે કે અસમયમાં એ હણ હણાહટ નહિ કરતો હતો. અથવા કાલમાં અરાજકોના રાજનિર્ણયાર્થક અધિવાસનાદિકના સમયમાં એ અશુભ સૂચક શબ્દ કરતો હતો. (जियनिद्दं गवेसगं) એ નિદ્રાવિજિત નહોતો. પણ એણે જ નિદ્રાને આલસ્યને પોતાના વશમાં કરી લીધાં હતાં. એટલે કે આલસ્યાદિ રહિત હતો. એ ગવેષક હતો. મૂત્ર પુરીષના ઉત્સર્ગ સમયે એ ઉચિત અને અનુચિત સ્થાનની શોધ કરનાર હતો. 'जितनिद्दं' નો અર્થ એણે નિદ્રા જીતી લીધી હતી એટલે કે આને નિદ્રા નહિ આવતી હતી, એવો જ અર્થ માની લેવામાં આવે તો—

**सदैवनिद्रावशगा निद्राच्छेदस्य संभवः । जायते संगरे प्राप्ते कर्करस्य च भक्षणे ॥**

આમ એ હયશાસ્ત્રથી વિરુદ્ધ દેખાય છે. અથવા જિતનિદ્રત્વ ભાવ એવો પણ સંભવી શકે કે સમર ના અવસરની પ્રાપ્તિના સમયમાં અશ્વરત્ન હોવાથી એ અલ્પનિદ્રા લેતો હતો. (जित परिसहे) શીત, આતપ વગેરે જન્ય કલેશોને એ તુચ્છ સમજતો હતો. (जच्च जातीयं) એ શુદ્ધ માતૃપક્ષનો હતો. (मल्लिहाणि सुगपत्त सुवण्णकोमलं मणोभिरामं) મોગરાના પુષ્પ જેવી એની નાસિકા હતી. એટલે કે શ્લેષ્મા–નાકના મલ આદિથી એની નાસિકા રહિત હતી. શુકના પાંખ જેવો એનો સોહામણો વર્ણ હતો. એ શરીરથી સુકોમળ હતો–તેમજ એ મનોભિરામ એટલે કે અતિ સુંદર હતો. એવા (कमलामेलं णामेणं आस रयणं सेणावइ कमेण समभिरूढे) કમલામેલક નામક અશ્વરત્ન ઉપર તે સુષેણ સેનાપતિ સવાર થયો.

ખડ્ગરત્નનું વર્ણન—

(कुवलयदलसामलं रयणिकरमंडलनिभं) ઘોડા ઉપર સવાર થઇ ને સુષેણ સેનાપતિ નરપતિના હાથમાંથી અસિરત્નને લઈને જ્યાં આપાતકિરાતો હતા ત્યાં આવ્યો. અત્રે એવો સંબંધ જાણી લેવો જોઈએ. જે અસિરત્નને સુષેણ સેનાપતિએ નરપતિના હાથમાંથી લીધું તે અસિરત્ન નીલોત્પલદલના જેવું શ્યામ હતું તેમજ જ્યારે તે ફેરવવામાં આવતું ત્યારે તે પોતાના વર્તુલિત તેજથી તે ચંદ્રમંડલના આકારની જેમ લાગતું હતું. (सत्तुजण-विणासणं) એ અસિરત્ન શત્રુજનનુ વિઘાતકહતું. (कणगरयणदंडं) એની મુંઠ કનકરત્નની બનેલી હતી. (णवमालियपुप्फसुरहिगंधि) નવમલ્લિકાના પુષ્પ જેવી એની–સુરભિસુવાસ હતી. (णाणामणिलयभत्तिचित्तं च) એમાં અનેક મણિઓથી નિર્મિત લતાઓના ચિત્રો બનેલા હતાં. એથી એ સર્વને આશ્ચર્ય ચકિત કરતું હતું. (पहोत भिसिभिसितं तिक्ख-धारं) એની ધાર શાણ ઉપર તેજ કરવામાં આવી હતી એથી એ ઘણી તીક્ષ્ણ અને ચમકદાર હતી. કેમકે શાણની રગડથી કિટ્ટિમા સાફ થઈ ગઈ હતી. એવું (दिव्वं खग्गरयणं)

તે દિવ્ય અસિરત્ન હતું. (**लोगे अणोवमाणं**) સંસારમાં એ અનુપમેય માનવામાં આવેલ છે કેમકે એના જેવા અન્ય કોઈ પદાર્થ છે જ નહિ. (**तं च पुणो वंसरुक्खसिंगट्ठिदंत कालायसविपुललोहदंडकवरवइरभेदकं**) એ વંશ-વાંસ, રૂકખ-વૃક્ષ, શ્રૃંગ-મહિષાદિકોના શિંગ, અસ્થિ-હાથી વગેરેના દાંત, કાલાયસ-ઇસ્પાત જેવું લોખંડ અને વરવજા એ સર્વેનું ભેદન કરે છે. વજાના કથનથી અત્રે આ વાત સ્પષ્ટ કરવામાં આવી છે કે એ દુર્ભેદ્ય પદાર્થોને પણ ભેદી શકે છે. અને બીજું તો શું (**जाव सव्वत्थ अप्पडिहयं**) યાવત્ એ સર્વત્ર અપ્રતિહત હોય છે. આ પ્રમાણે દુર્ભેદ્યવસ્તુના ભેદનમાં પણ એની શક્તિ જ્યારે અમોઘ હોય છે તો (**किं पुण देहेसु जंगमाणं**) પછી જંગમ જીવો ના દેહોને વિદીર્ણ કરવામાં તો વાત જ શી કહેવી. એ તો તેમને સહેજમાંજ કાપી નાખે છે અહીં યાવત્ પદ સંગ્રાહક નથી પણ ભેદક શક્તિની પ્રકર્ષતાની અવધિ સૂચવે છે. (**पण्णासंगुलदीहो सोलसअंगुलाइं विच्छिण्णो**) એ અસિરત્ન ૫૦ પચાસ અંગુલ લાંબુ હોય છે. અને ૧૬ અંગુલ જેટલું પહોળું હોય છે. (**अद्धंगुलसेणोका**) તથા અર્ધા અંગુલ જેટલી એની જાડાઈ હોય છે (**जेट्ठ-प्पमाणो असी भणिओ**) આ પ્રમાણે એ પ્રમાણ ઉત્કૃષ્ટ રૂપથી અસિ-તલવારત્નના સંબંધમાં કહેવામાં આવેલ છે. એવા (**असिरयणं णरवइस्स हत्थाओ तं गहिऊण जेणेव आवाड चिलाया तेणेव उवागच्छइ**) એ અસિરત્નને નરપતિના હાથમાંથી લઇને તે સુષેણ સેનાપતિ જ્યાં આપાત કિરાતો હતા ત્યાં ગયો. આ પ્રમાણે અમે પહેલા સ્પષ્ટ કર્યું જ છે. (**उवागच्छित्ता आवाडचिलाएहिं सद्धिं संपलग्गो यावि होत्था**) ત્યાં જઇને તેણે આપાત કિરાતો સાથે યુદ્ધનો આરંભ કર્યો. (**तएणं से सुसेणे सेणावई ते आवाडचिलाए हयमहियपवरवीरघाइअ जाव दिसो दिसिं पडिसेहेइ**) યુદ્ધ આરંભ થયા બાદ તે સુષેણ સેનાપતિએ તે આપાત કિરાતોને-કે જેમના અનેક પ્રવરવીર યોદ્ધાઓ હત-મથિત અને ઘાતિત થઈ ગયા છે, તેમજ જેમની ગરુડ વગેરેના ચિહ્નવાળી ધ્વજાઓ અને પતાકાઓ પૃથ્વી ઉપર પડી ગયાં છે અને જેમણે બહુ જ મુશ્કેલીથી પોતાના પ્રાણોની સ્વરક્ષા કરી છે-એક દિશામાંથી બીજી દિશામાં નસાડી મૂકયા-આમ-તેમ તગડી મૂકયા. ॥ સૂત્ર ૧૮ ॥

## આપાતચિલાતકે દેવોં કે ઉપાસના કા નિરૂપણ

(**तएणं ते आवाडचिलाया सुसेणसेणावइणा —इत्यादि ॥ सूत्र १९ ॥**)

ટીકાર્થ-(**त एणं ते आवाडचिलाया**) ત્યાર બાદ તે આપાત કિરાતો કે જેઓ-(**सुसेण सेणा-वइणा हयमहिया जाव पडिसेहिया समाणा**) સુષેણ સેનાપતિ ઘણાજ હત, મથિત, ઘાતિત પ્રવર યોધાઓ વાળા થઈ ચુકયા હતા અને યુદ્ધ સ્થળ છોડીને પોતાના પ્રાણોની રક્ષા માટે નાસી ગયા હતા, એવા તેઓ (**भीआ, तत्था, वहिया, उव्विग्गा, संजायभया, अत्थामा, अबला, अवीरिया, अपुरिसक्कारपरक्कमा, अधारणिज्जमिति कट्टु अणेगाइं जोयणाइं अवक्कमंति**) ભયત્રસ્ત થઇ ગયા હતા. પ્રબળ આઘાતાથી વ્યાપ્ત થઈ જવાથી. સેનાપતિના પ્રબળ પરા-ક્રમને જોવા થી-ત્રસ્ત થઇ ગયા હતા. કાતર થઈ ગયા હતા. પ્રત્યંગમાં ઘાનાપ્રહારો વ્યાપ્ત હતા તેથી તેઓ પ્રહારો દ્વારા વ્યથિત થઈ ચૂકયા હતા. હવે અમે એની સાથે યુદ્ધ નહિ કરીએ આ જાતના નિશ્ચયવાળા થઇ જવાથી તેઓ ઉદ્વિગ્ન બની ગયા હતા, તેમજ ભાવિ-

સન્તાનકૃત વિજયાશાથી રહિત થઇ ચૂક્યા હતા તેથી તેમનામાં સંપૂર્ણપણે ભય વ્યાપ્ત થઇ ચૂક્યો હતો. એવું સામર્થ્ય હવે તેમનામાં રહ્યુ જ ન હતું કે જેથી બીજી વખત તેની સામે તેઓ માથુ ઊંચુ કરી શકે. તેમની શારીરિક શક્તિ સંપૂર્ણપણે નાશ પામી હતી, એથી તેમનામથી આત્મસમુત્પન્ન ઉલ્લાસ સમાપ્ત થઈ ચૂક્યો હતો. સર્વસાધનોથી વર્જિત થઈ જવાથી તેઓ પુરુષકાર અને પરાક્રમથી સાવ રહિત થઇ ચૂક્યા હતા. પરબળ સામે લડવું હવે સર્વથા અશકય છે એ વિચારથી તેઓ અનેક યોજનો સુધી દૂર નાસી ગયા હતા. (अवक्कमित्ता एगयओ मिलायंति) નાસીને પછી તેઓ એક સ્થાને એકત્ર થઇ ગયા. (मिलाएत्ता जेणेव सिंधु महाणइ तेणेव उवागच्छंति) અને એકત્ર થઇને પછી તેઓ સર્વે જયાં સિન્ધુ મહાનદી હતી ત્યાં આવ્યા. (उवागच्छित्ता वालुआसंथारए संथरेंति) ત્યાં પહોંચીને તેમણે વાલુકામય સંસ્તારકો બનાવ્યાં. (संथरित्ता वालुया संथारए दुरूहंति) વાલુકામય સંસ્તારકોને બતાવીને પછી તેઓ સર્વે પોતપોતાના વાલુકામય સંસ્તારકો ઉપર બેસી ગયા. (दुरूहित्ता अट्ठमभत्ताइं पगिण्हंति) બેસીને ત્યાં તેમણે અષ્ટમ ભક્તની તપસ્યા ધારણ કરી. (पगिण्हित्ता वालुयासंथारोवगया उत्ताणगा अवसणा अट्ठमभत्तिया जे तेसिं कुलदेवया मेहमुहाणामं णागकुमारा देवा ते मणसा करेमाणा २ चिट्ठंति) તે અષ્ટમભક્તની તપસ્યા ધારણ કરતા અને વાલુકામય સંથારા ઉપર બેઠેલા તેઓ નગ્ન થઈને ઉપરની તરફ મોં કરીને ત્રણ દિવસ સુધી અનાહાર અવસ્થામાં રહ્યા. અને તે તપસ્યામાં તેમણે જે તેમના મેઘમુખનામે કુળ દેવતા હતા તેમનું ધ્યાન કર્યું. (तएणं तेसिमावाडचिलायाणं अट्ठमभत्तंसि परिणममाणंसि मेहमुहाणं णागकुमाराणं देवाणं आसणाइं चलंति) જયારે તે આપાત કિરાતોની અષ્ટમભક્તની તપસ્યા સમાપ્ત થઇ જવા આવી ત્યારે તે મેઘમુખનામક નાગકુમાર દેવોના આસનો કંપાયમાન થયાં (तएणं ते मेहमुहाणागकुमारा देवा आसणाइं चलिआइं पासंति) જયારે તે મેઘમુખ નામક દેવોએ પોત-પોતાના આસનો વિકંપિત થતાં જોયા તો (पासित्ता) જોઈને તેમણે (ओहिं पउंजंति) પોત પોતાનું અવધિજ્ઞાન સંપ્રયુક્ત કર્યું. (पउंजित्ता आवाडचिलाए ओहिणा आभोएंति) અવધિજ્ઞાનને ઉપયુક્ત કરીને તે મેઘમુખનામક નાગકુમાર દેવોએ પોતપોતાના અવધિજ્ઞાનથી આપાતાકરાતા ને જોયા. (आभोइत्ता अण्णमण्णं सद्दावेंति) જોઈને તેમણે પછી પરસ્પર એક-બીજાને બોલાવ્યા. (सद्दावित्ता एवं वयासी) બોલાવીને તેમણે પરસ્પર આ પ્રમાણે વાતો કરી. (एवं खलु देवाणुप्पिया! जम्बुद्दीवे दीवे उत्तरद्धभरहेवासे आवाडचिलाया सिंधूए महाणईए वालुया संथारोवगया उत्ताणगा अवसणा अट्ठमभत्तिया अम्हे कुलदेवए मेहमुहेणागकुमारे देवे मणसी करेमाणा २ चिट्ठंति) હે દેવાનુપ્રિયો ! સાંભળો, જંબૂદ્વીપ નામક દ્વીપમાં ઉત્તરાર્દ્ધ ભરતક્ષેત્રમાં આપાતકિરાતોસિંધુ મહાનદીની ઉપર વાલુકા નિર્મિત સંસ્તારકો ઉપર અષ્ટમભક્તની તપસ્યા કરતા બેઠા છે. તેમણે વસ્ત્રોનો સાવ ત્યાગ કર્યો છે અને આકાશ તરફ મોં કરીને પોતાના કુળ દેવતા એટલેકે આપણા સર્વનું ધ્યાન કરી રહ્યા છે. (तं सेयं खलु देवाणुप्पिया ! अम्हं आवाडचियाणं अंतिए पाउब्भवित्तए त्तिकट्टु अण्णमण्णस्स अंतिए एयमट्ठ पडिसुणेंति) એટલા માટે હે દેવાનુપ્રિયો ! આ સ્થિતિમાં આપણા સર્વનું આ કર્તવ્ય છે કે હવે અમે

સર્વે તે આપાતકિરાતો પાસે જઇએ આ પ્રમાણે પરસ્પર વિચાર કરીને તેમણે તેમની પાસે જવાનો નિશ્ચય કરી લીધો (**पडिसुणेत्ता ताए उक्किट्ठाए तुरियाए जाव वोइवयमाणा २ जेणेव जंबुद्दीवे दीवे उत्तरद्धभरहे वासे जेणेव सिंधू महाणई जेणेव आवाडचिलाया तेणेव उवागच्छंति**) આ પ્રમાણે નિશ્ચય કરીને પછી તેઓ સર્વે ઉત્કૃષ્ટ ત્વરિત યાવત્ દિવ્ય દેવ-ગતિથી ચાલતા-ચાલતા જ્યાં જંબૂદ્વીપ હતો અને તેમાં પણ જ્યાં ઉત્તરાર્દ્ધ ભરતક્ષેત્રહતું અને તેમાં પણ જ્યાં સિંધુ નામક મહાનદી હતી ત્યાં આવ્યા. (**उवागच्छित्ता अन्तलिक्ख पडिवन्ना सखिंखिणियाइं पंचवण्णाइं वत्थाइं पवरपरिहिया ते आवाडचिलाए एवं वयासी** ત્યાં પહોંચીને તેઓ નીચે નહિ ઉતરતા આકાશમાં જ સ્થિર રહ્યા. અને ત્યાંથી જ તેમણે કે જેમણે ક્ષુદ્રઘંટિકાઓથી યુક્ત શ્રેષ્ઠવસ્ત્રોને સારી રીતે પોતાનાં શરીર ઉપર ધારણ કરી રાખ્યા છે એવા નાગકુમારદેવોએ તે આપાત કિરાતો ને આ પ્રમાણે કહ્યું —(**हं भो ! आवाडचिलाया जण्णं तुब्भे देवाणुप्पिया बालुयासंथारोवगया उत्ताणगा अवसणा अट्ठमभत्तिया अम्हे कुलदेवए मेहमुहे णागकुमारे देवे मणसी करेमाणा २ चिट्ठह**) હે આપાતકિરાતો ! કે જેઓ દેવાનુપ્રિય તમે વાલુકા નિર્મિત સંથારાઓ ઉપર આસીન થઇને નગ્ન અવસ્થામાં આકાશ તરફ મોં કરીને અઠ્ઠમભક્તની તપસ્યા કરી રહ્યા છો અને પોતાના કુલદેવતા મેઘમુખનામક નાગકુમાર દેવોનું મનમાં ધ્યાન કરી રહ્યા છો. (**त एणं अम्हे मेहमुहा णागकुमारा देवा तुब्भं कुलदेवया तुब्भं अंतिअण्णं पाउब्भूया**) તો અમે તમારા કુલદેવતા મેઘમુખ નામક નાગકુમાર દેવો તમારી સામે પ્રકટ થયા છીએ (**तं वदह णं देवाणुप्पिया ! किंकरेमो केव मे मणसाइए ?**) તો હે દેવાનુપ્રિયો ! બોલો, અમે તમારા માટે શું કરીએ. તમારો મનોરથ શો છે ? તમારી અભિલાષા અમારી સમક્ષ પ્રકટ કરો. (**तएणं ते आवाडचिलावा मेहमुहाणं नागकुमाराणं देवाणं अंतिए एयमट्ठं सोच्चा णिसम्म हट्ठ तुट्ठचित्तमाणंदिया जाव हियया उट्ठाए उट्ठेंत्ति**) આ પ્રમાણેનું કથન આપાત કિરાતોએ મેઘમુખ નામક નાગકુમાર દેવોના મુખની સાંભળીને અને તે સંબંધમાં સારી રીતે નિશ્ચય કરીને તેઓ

સર્વે અતીવ હર્ષિત તેમજ સંતુષ્ટ થયા યાવત તેમનાં હૃદયો હર્ષાવેશથી ઉછળવા લાગ્યાં અહીં યાવત્ પદથી (**परमसौमनस्यिताः सन्तः**) એ પદોનું ગ્રહણ થયું છે. તેઓ સર્વે ઊભા થયા. (**उट्ठित्ता जेणेव मेहमुहा णागकुमारा देवा तेणेव उवागच्छंति**) અને ઊભાથઇને પછી તેઓ જ્યાં મેઘમુખ નામક નાગકુમારો હતા ત્યાં આવ્યા. (**उवागच्छिता करयलपरिग्गहीयं जाव मत्थए अंजलिं कट्टु मेहमुहे णागकुमारे देवे जएणं विजएणं वद्धावेंति**) ત્યાં પહોચી ને તેમણે બન્ને હાથોની અંજલિ બનાવીને યાવત તે અંજલિ ને મસ્તક ઉપર મૂકીને તે મેઘમુખનાગકુમાર દેવોને જય-વિજય શબ્દોથી વધામણી આપી. (**वद्धावित्ता एवं वयासी**) અને વધામણી આપીને તેમણે તે દેવોને આ પ્રમાણે કહ્યું- (**एसणं देवाणुप्पिए केइ अपत्थियपत्थिए दुरंतपंतलक्खणे जाव हिरिसिरिपरिवज्जिए जेणं अम्हं विसयस्स उवरिं वीरिएणं हव्वमागच्छइ**) હે દેવાનુપ્રિય ! એ કોણ છે ? કે જે અમારા વતન ઉપર બલાત્ આક્રમણ કરીને વગર મૃત્યુએ પોતાના મૃત્યુને આમંત્રણ આપી રહ્યા છે. એમ

લાગે છે કે એનો જન્મ હીન પુણ્ય ચતુર્દશીના દિવસે થયેલો છે. એ શુભલક્ષણોથી હીન છે. ફક્ત દુષ્ટાવસાનવાળા તુચ્છ લક્ષણોથી જ એ યુક્ત પ્રતીત થાય છે. એ નિર્લજ્જ છે. તેમજ શ્રી–શોભા–થી રહિત છે. જેના જન્મ સમયમાં ચતુર્દશી તિથિ પુણ્યકારક અને શુભ હોય છે તે અતિ ભાગ્યવાન હોય છે. અતિ ભાગ્યશાલીના જન્મ સમયે એવી ચતુર્દશી હોય છે. એવા અર્થ વાચક એ શબ્દ જયારે ક્રોધાવેગ વધી જાય છે ત્યારે વ્યંગ્ય માંકહેવામાં આવે છે. (**तं तहाणं घत्तेह देवाणुप्पिया ! जहाणं एस अम्हं विसयस्स उवरिं वीरिएणं णो हव्व मागच्छइ**) એથી હે દેવાનુપ્રિય ! આને તમે એવી રીતે દૂર નસાડી મૂકો કે જેથી એ અમારા વતન ઉપર ફરીથી બલાત્ આક્રમણ કરી શકે નહી. (**त एणं ते मेहमुहा णागकुमारा देवा ते आवाडचिलाए एवं वयासी–एसणं भो देवाणुप्पिया ! भरहे णामं राया चाउरंतचक्कवट्टी महिड्ढिए महज्जुइए जाव महासोक्खे, णो खलु एस सक्को केणइ देवेण वा दाणवेण वा किण्णरेण वा किंपुरिसेण वाएमहोरगेण वा गंधव्वेण वा सत्थप्पओगेण वा मंतप्पओगेण वा उद्दवित्तए पडिसेहित्तए वा**) તે આપાત કિરાતોના મુખથી આ પ્રમાણે વાત સાંભળીને તે મેઘમુખ નામક નાગકુમાર દેવોએ તેમને આ પ્રમાણે કહ્યું

હે દેવાનુપ્રિયો ! એ ભરત નામે રાજા છે. એ પૂર્વ અપર અને દક્ષિણ એ ત્રણે સમુદ્રાને અને ચતુર્થ હિમવાન ને એ ચાર સીમા રૂપ અન્તોને વશમાં કરનાર છે. એથી એને ચાતુરન્ત ચક્રવર્તી કહેવામાં આવેલ છે. એની નિધાન આદિ રૂપ ઋદ્ધિ અતીવ વિપુળ છે. આભરણાદિકોની કાંતિથી એ સર્વદા પ્રકાશિત રહે છે. યાવત્ એ મહાસૌખ્યભોક્તા છે. અહીં યાવત્ પદથી '**महाबले, महाजसे**' એ પદોનું ગ્રહણ થયું છે એ કોઈ પણ દેવ વડે કે કોઈ પણ કિન્નર વડે કે કોઈ પણ કિંપુરુષ વડે કે કોઈ પણ મહોરગ વડે કે કોઈ પણ ગન્ધર્વ વડે, શસ્ત્રપ્રયોગથી કે અગ્નિપ્રયોગથી તેમજ મંત્રપ્રયોગ થી ઉપદ્રવિત થઈ શકતો નથી. તથા એને અહીંથી પાછાપણ ફેરવી શકાતા નથી ''**शस्त्रेभ्योऽग्निस्तस्मान्मंत्रोबलाधिकः**'' એ કથન મુજબ ઉત્તરોત્તર બલાધિકય પ્રકટ કરવામાટે 'શસ્ત્ર પ્રયોગથી કે અગ્નિ પ્રયોગ થી કે મંત્ર પ્રયોગથી 'આ પ્રમાણે કહેવામાં આવ્યું છે. અહીં સર્વત્ર **वा** શબ્દ સમુચ્ચયાર્થક છે. (**तहावि णं तुब्भं पियट्ठयाए भरहस्स रण्णो उवसग्गं करेमोत्ति कट्टु तेसिं आवाडचिलायाणं अंतियाओ अवक्कमंति**) છતાંએ અમે તમારી પ્રીતિને વશ થઈને ભરતરાજાને ઉપસર્ગાન્વિત કરીશું. આમ કહીને તે મેઘમુખ નામક નાગકુમાર દેવો તે આપાતકિરાતોની પાસેથી જતા રહ્યા. (**अवक्कमित्ता वेउव्वियसमुग्घाएणं समोहणंति**) ત્યાં જઈને તેમણે વૈક્રિય સમુદ્ઘાત વડે પોતાના આત્મ પ્રદેશોને શરીરમાં થી બહાર કાઢયા (**समोहणित्ता मेहाणीअं विउव्वंति**) શરીરમાંથી બહાર કાઢીને પ્રસૃત કરેલા તે આત્મ પ્રદેશો વડે ગૃહીત પુદ્ગલોથી તેમણે અભ્રપટલની વિકુર્વણા કરી (**विउव्वित्ता जेणेव भरहस्स रण्णो विजयखंधावारनिवेसे तेणेव उवागच्छंति**) અભ્રપટલની વિકુર્વણા કરીને પછી તેઓ જ્યાં ભરતનરેશનો સ્કન્ધાવાર નિવેશ હતો ત્યાં પહોંચ્યા. (**उवागच्छित्ता उप्पिं विजयक्खंधावारनिवेसस्स खिप्पामेव पतणुतणायंति खिप्पामेव विज्जुयायंति**) ત્યાં જઈને વિજય સ્કન્ધાવારના નિવેશની ઉપર ધીમેધીમે ગર્જના કરવા લાગ્યા. અને શીઘ્રતાથી ચમકવા લાગ્યા. વિદ્યુત્ની જેમ આચરણ કરવા

લાગ્યા. (**विज्जुयायित्ता खिप्पामेव जुगमुसलमुट्ठिप्पमाणमेत्ताहिं धाराहिं ओघमेघं सत्तरत्त वासं वासिउं पवत्तायाविहोत्था**) પછી તેઓ વિદ્યુતો ચમકાવી ને એકદમ શીઘ્રતાથી યુગ-મુસલ, તેમજ મુષ્ટિ પ્રમાણ પરિમિત ધારાઓથી સાત-દિવસ રાત સુધી પુષ્કલ પ્રમાણથી સંવર્તક મેઘાદિકોને વરસાવતા રહ્યા. ॥૧૯॥

## વર્ષા હો જાને કે બાદ ભરતમહારાજા કે કાર્ય કા વર્ણન

### એ સમયે ભરત નરેશે શું કર્યું-એ સંબંધમાં કથન

**ટીકાર્થ**—(**तएणं से भरहे राया उप्पि विजयक्खंधावारस्स जुगमुसलमुट्ठिप्पमाणमेत्ताहिं धाराहिं आघमेघं सत्तरत्तं वासं वासमाणं पासइ**) જ્યારે ભરતરાજા એ પોતાના વિજય સ્કન્ધાવાર-ના નિવેશ ઉપર, મુશલ તેમજ મુષ્ટિ પ્રમાણ પરિમિત ધારાઓથી પુષ્કલ સંવર્તક અધિકારમાં કથિત વૃષ્ટિ મુજબ સાત-દિવસ રાત સુધી વરસતા મેઘો ને જોયા તો (**पासित्ता चम्मरयणं परामुसइ**) જોઈને તેણે ચર્મરત્નને ઉપાડયું. (**त एणं तं सिरिवच्छसरिसरूवं वेढो भाणियव्वो०**) એ ચર્મરત્નનું રૂપ શ્રીવત્સ જેવું હોય છે. એના વેષ્ટક વિષે પહેલાં જે પ્રમાણે વર્ણન કરવામાં આવ્યું છે તે પ્રમાણે જ અહીં સમજી લેવું જોઈએ. યાવત્ તેણે તે ચર્મ રત્નને કંઈક અધિક ૧૨ બાર યોજન સુધી ત્રાંસાં રૂપમાં વિસ્તૃત કરી દીધું (**तएणं से भरहे राया सखंधावारबले चम्मरयणं दुरूहइ दुरुहिता दिव्वं छत्तरयणं परामुसइ**) ત્યારબાદ ભરતરાજા પોતાના સ્કન્ધાવાર રૂપ બલ સહિત તે ચર્મરત્ન ઉપર ચઢી ગયા અને ચઢીને પછી તેણે ચર્મરત્નને ઉઠાવ્યું. (**तएणं णवणउइसहस्सकंचणसलागपरिमंडियं महरिहं अउज्झं णिव्वणसुपसत्थ विसिट्ठलट्ठकंचणसुपुट्ठदंडं**) એ છત્રરત્ન ૯૯ નવ્વાણુ હજાર કાંચન શલાકાઓથી પરિમંડિત હતું બહુ મુલ્યવાન હતું, એને જોયા બાદ વિપક્ષના ભટોના શસ્ત્રો ઉઠતા નથી. એવું એ અયોધ્ય હતું, નિર્વણ હતુ છિદ્રાદિ દોષોથી એ રહિત હતું સમસ્ત લક્ષણોથી યુક્ત હોવા બદલ એ સુપ્રશસ્ત હતું. વિશિષ્ટ લષ્ટ મનોહર હતું અથવા આટલું વિશાલ છત્ર દુર્વહ થઇ જવાથી એક દંડ દ્વારા ધારણ યોગ્ય ન હોતું. એથી એ અનેક દંડવાળુ હોવાથી એ વિશિષ્ટ લષ્ટ હતું. એમાં જે દંડો હતા તે અતિભારને ખમી શકતા હોવાથી અતિ સુપુષ્ટ હતા. અને સુવર્ણ નિર્મિત હતા. (**मिउरायययवट्ट लट्ठ अरविंदकण्णि असमाणरूवं**) એ છત્ર ઉન્નત અને ગોળ હતું. એથી એનો આકાર ચાંદીથી નિર્મિત મૃદુગોળ કમળની કર્ણિકા જેવો હતો. (**वत्थिपएसे अ पंजरविराइअं**) એ વાસ્તપ્રદેશમાં જેમાં દંડ પરોવવામાં આવે છે. તે વસ્તિ પ્રદેશમાં અનેક શલાકાઓથી યુક્ત હોવાથી પાંજરા જેવું લાગતું હતું (**विविहभत्तिचित्तं**) એ છત્રમાં અનેક પ્રકારના ચિત્રોની રચના કરવામાં આવી હતી. એથી એ અતીવ સોહામણું લાગતું હતું. (**मणिमुत्तपवाल तत्त तवणिज्जपंचवण्णियधोयरयणरूवरइयं**) એમાં પૂર્ણ કળશાદિ રૂપ મંગળ વસ્તુઓના જે આકારો બનેલા છે તે ચન્દ્રકાંત વગેરે મણિઓથી મુક્તાઓથી, પ્રવાલોથી તપ્ત સંચામાંથી બહાર કાઢેલા

સુવર્ણથી તેમજ શુકૂલનીલ આદિ પાંચ વર્ણોથી તેમજશાણ ઉપર ઘસીને દીપ્તિશાલી બનાવેલા રત્નોથી બનાવેલા હતા. (रयण मरीई समोप्पणाकप्पकार मणुरंजिएल्लिअं) એમાં રત્નોની કિરણોની રચના કરવામાં કુશળ પુરુષોથી સ્થાન-સ્થાન ઉપર ક્રમશઃ રંગભરેલો હતો. (रायलच्छिचिंध अज्जुणसुवण्णपंडुरपच्चत्थुयपट्ठदेसभागं) રાજલક્ષ્મીના એની ઉપર ચિહ્નો અંકિત હતાં. અર્જુન નામક પાંડુર સ્વર્ણથી એનો પૃષ્ઠ ભાગ સમાચ્છાદિત હતો. (तहेव तवणिज्जपट्टधम्मंतपरिगयं) આ પ્રમાણે એ ચારે ચાર ખૂણાઓમાં રકત-સુવર્ણ પટ્ટથી નિયોજિત કરવામાં આવેલુ હતુ. (अहिय सस्सिरीयं) એથી એ અતીવ સૌન્દર્ય યુકત બનેલું હતું. (सारयरयणिअरविमलपडिपुण्णचंदमण्डलसमाणरूवं) શરત્કાલીન વિમલ પ્રતિપૂર્ણ ચન્દ્રમંડળ જેવું એનું રૂપ હતું (णरिंदवामप्पमाणपगइवित्थडं) એનો સ્વાભાવિક વિસ્તાર નરેન્દ્રભરત વડે પ્રસૃત બન્ને હાથોની બરાબર હતો. સાધિક દ્વાદશયોજનનુ જે પ્રમાણ છત્રરત્ન વિષેકથન કરવામાં આવેલ છે તે કારણ ઉપસ્થિત થતાં જ એ આટલું બધું વિસ્તૃત થઈ જાય છે. એ અપેક્ષાએ કહેવામાં આવેલ છે. (कुमुदसंडधवलं रण्णो संचारिमं विमाणं सूरातववायवुट्ठिदोसण्णं य खयकरं तवगुणेहिलद्धं अहयं वहुगुणदाणं उऊण विवरीय सुहकयच्छायं) કુમુદવન જેવું એ ધવલ હતું. રાજા ભરતનું એ સંચરણશીલ વિમાનસ્વરૂપ હતું. સૂર્યતાપ, વાત અને વૃષ્ટિના દોષોનું એ વિનાશ કરનાર હતું અથવા સૂર્યતાપ, વાત અને વૃષ્ટિને તેમજ વિષાદિજન્ય દોષોને એ વિનષ્ટ કરનાર હતું. કેમકે એની છાયામાં આશ્રિત થયેલાં પ્રાણીઓના વિષાદિ જન્ય સર્વદોષો શાન્ત થઈ જાય છે તેઓ સ્વલ્પમાત્રામાં પણ પોતાનો પ્રભાવ બતાવી શકતા નથી, ભરતે એને પૂર્વજન્મમાં આચરિત કરવામાં આવેલા તપોગુણના પ્રભાવથી ઉપલબ્ધ કરેલું છે. પોતાની જાતને વિશિષ્ટ યોદ્ધામાનનાર કોઈ પણ રણવીર આને રણમાં ખંડિત કરી શકતો નથી. સૂત્રકારે એજ વાત 'अहत' પદ વડે પ્રકટ કરી છે. અનેક ઐશ્વર્ય વગેરે ગુણોને એ આપનારૂં છે. એને ધારણ કરનારને શીતકાળમાં ઉષ્ણ ઋતુની જેમ અને ઉષ્ણ ઋતુમાં શીત ઋતુની જેમ સુખ પ્રાપ્ત થાય છે, (छत्तरयणं पहाणं सुदुल्लहं अप्पपुण्णाणं) એવું એ પ્રધાન છત્રરત્ન અલ્પ પુણ્યોદય વાળા જીવાત્માઓને પ્રાપ્ત થતું નથી. (पमाणराईण तव गुणाण फलेगदेसभागं वमाणवासे वि दुलहतरं वग्घारियमल्लदामकलावं सारय धवलब्भरयणिगरप्पगासं दिव्वं छत्तरयणं महिवइस्स धरणिअलपण्णइंदो) પોત-પોતાના કાળ મુજબ શરીર પ્રમાણોપેત રાજાઓના તપોગુણોનુ એ એક જાતનું ફળ માનવામાં આવે છે. કહેવાનું તાત્પર્ય આ પ્રમાણ છે કે ચક્રના અધિપતિઓ વડે જે પૂર્વમાં તપસ્યાઓ આચરવામાં આવે છે, તેમનું ફળ નવનિધિ અને ચતુર્દશ રત્નાદિકના, રૂપમાં વિભક્ત થઈ જાય છે. એટલે કે ચક્રવર્તીઓને નવનિધિઓ અને ચતુર્દશ રત્નો પ્રાપ્ત થાય છે તે રત્નોમાં એ છત્રને પણ એક રત્ન-માનવામાં આવે

છે. એવું એ છત્રરત્ન વિમાનોમાં વાસ કરનારા દેવોને પણ અત્યંત દુર્લભ કહેવામાં આવેલ છે. કેમકે દેવોને ચક્રવર્તિત્વપદની પ્રાપ્તિ થતી નથી ત્યાં એ છત્રરત્ન પુષ્પમાળાઓથી યુક્ત રહે છે એટલે કે એની ઉપર ચોમેર લાંબી-લાંબી પુષ્પોની માળાઓ લટકતી રહે છે એનો ઉદ્યોત શરત્ કાલિક ધવલ મેઘો જેવો તથા શરત્ કાલિક ચન્દ્ર જેવો હોય છે, એવું એ પૂર્વોક્ત વિશેષણોવાળું મહીપતિ ભરતનું છત્રરત્ન એવું લાગતું હતુ કે જાણે એ ધરણિતલનું પૂર્ણ ચંદ્રમંડળ જ ન હોય. એ છત્રરત્નની રક્ષા કરનારા એક હજાર દેવો હોય છે, **(तएणं से दिव्वे छत्तरयणे भरहेण रण्णा परामुट्ठे समाणे खिप्पामेव दुवालसजोयणाइं पवित्थरइ साहियाइं तिरियं)** ભરત રાજાએ એ છત્રનો સ્પર્શ કર્યો કે તરત જ એ કંઈક વધારે ૧૨ યોજન સુધી વક્રાકારમાં વિસ્તૃત થઈ ગયું-ઉપર આચ્છાદિત થઇ ગયું ॥૨૦॥

## ભરતમહારાજકે સૈન્ય કી સ્થિતિ કા વર્ણન

છત્રરત્ન વિસ્તૃત થયું ત્યાર બાદ ભરતે શું કર્યું-તે વિશે વર્ણન-

**'तएणं से भरहे राया छत्तरयणं खंधावारस्सुवरिं ठवेइ'** इत्यादि સૂત્ર-૨૧॥

ટીકાર્થ—**(तएणं से भरहे राया छत्तरयणं खंधावारस्सुवरिं ठवेइ)** આ પ્રમાણે ભરતરાજાએ જ્યારે પોતાના સ્કંધાવારની ઉપર છત્રરત્ન તાણી લીધું ત્યારે તેણે **(मणिरयणं परामुसइ)** મણિરત્ન ને ઉઠાવ્યું. **(वेढो जाव छत्तरयणस्स वत्थिभागंसि ठवेइ)** એ મણિરત્ન વિશે અહીં સંપૂર્ણ વર્ણક પાઠ **'तोतं चउरंगुलप्पमाणं'** અહીં સુધી જેમ કહેવામાં આવ્યું છે, તેવું જ સમજવું જોઇએ તે મણિરત્નને ઉઠાવીને તેણે તે મણિરત્નના વસ્તિભાગમાં-શલાકાઓના મધ્યમાં મૂકી દીધું, કેમકે ચર્મરત્ન અને છત્રરત્નને પરસ્પર મળવાથી તે સમયે સૂર્ય અને ચન્દ્રનો પ્રકાશ રોકાઇ ગયો હતો. એથી સૈન્યમાં અહર્નિંશ પ્રકાશ કાયમ રહે તે માટે તેણે મણિરત્નને છત્રરત્નની શલાકાઓના મધ્યભાગમાં મૂકી દીધું હતું. **(तस्स य अणति वरं चारूरूवं सिलणिहि अत्थमंत मेत्तसालि जव गोहूम मुग्ग मास तिलकुलत्थ सट्ठिग निप्फावचणगकोद्दव कोत्थुंभरिकंगुवरगरालग अणेगधण्णावरण हारिअगअल्लग मूलगाहलिद्दलाउअतउस तुंब कालिंग कविट्ठ अंबअंबिलिअ सव्वणिप्फायए)** હવે સૂત્રકાર ચક્રવર્તીના સૈન્યની ભોજનાદિ વિધિની વ્યવસ્થા કરનાર ગૃહપતિ રત્નના સંબંધમાં અહીંથી કથન પ્રારંભ કરે છે. એ કથનમાં આ પ્રમાણે કહેવામાં આવ્યું છે કે ચક્રવર્તીની પાસે એક ગૃહપતિરત્ન હોય છે અને એ રત્નજ ચક્રવર્તીના વિશાળ સૈન્ય માટે ભોજનાદિની સુવ્યવસ્થિત રીતે વ્યવસ્થા કરે છે. એ ગૃહપતિરત્ન અનતિવર હોય છે એના જેવું બીજું કોઈ પણ શ્રેષ્ઠ હોતુ નથી એટલે કે એ રત્ન સર્વોત્કૃષ્ટ હોય છે તેમજ એ રૂપમાં પણ અતીવ સુંદર હોય છે. એ એટલી જાતના અન્નોને પકાવે છે-ઉત્પન્ન કરે છે. જેમકે-**'सिलाणिंहि'** વગેરે એ બધાં અન્નો વિષે એ સૂત્રમાંજ પહેલાં ચર્ચા કરવામાં આવી છે. એ આ પ્રમાણે રત્નની એ વિશેષતા છે કે સવારે એ ચર્મરત્ન ઉપર અન્ન વાવવામાં આવે છે અને સંધ્યાકાળે તેની લલણી કરવામાં આવે છે અને તે ભોજન યોગ્ય થઈ જાય છે. **'सिलाणिहि अत्थमंतमेत्तसालि''** અહીં શિલા પદથી ચર્મરત્ન ગૃહીત થયેલું છે. કેમકે અતિસ્થિર હોવા બદલ અ શિલા જેવી એક શિલા માની લેવામાં આવી છે. એ ચર્મરત્ન ઉપર જ બી વાવવામાં આવે છે. જેમ લોકમાં ભૂમિ વગેરે ને ખેડીને બી વાવવામાં આવે છે, એવું કંઇ પણ અહીં કરવામાં આવતું નથી. એની ઉપર તો બી નાખ્યું કે આટલાથી

જ સંધ્યાકાળ સુધી તે પાકીને તૈયાર થઇ ગયું અને પછી તે ભોજન માટે યોગ્ય થઇ ગયુ એ પ્રમાણેનું એ સર્વકાર્ય ગૃહપતિ રત્નનેજ આધીન હોય છે. એ જ વાત-

चर्मरत्ने च सुक्षेत्र इवोत्पत्ति दिवामुखे । सायं धान्यान्यजायन्तं गृहिरत्न प्रभावतः ॥

એ શ્લોક વડે આચાર્ય હેમચન્દ્રે પ્રકટ કરી છે. એ ગૃહપતિરત્ન એ ચર્મરત્ન ઉપર પ્રથમ પ્રહરમાં શાલિ વગેરે બીજોનું વપન કરે છે. બીજા પ્રહરમાં તેમને પાણીથી સિંચિત કરે છે. ત્રીજા પ્રહરમાં તેમને પકવે છે અને ચતુર્થ પ્રહરમાં નિષ્પાદિત તે અન્નાદિ સામગ્રીને ઉપભોગ માટે સર્વત્ર સેનામાં મોકલી આપે છે. જે અન્ન ને એ ગૃહપતિરત્ન નિષ્પાદિત કરીને મોકલે છે, તે અન્નોના નામો આ પ્રમાણે છે-શાલિ ધાન્ય-જેમાંથી ચોખા તૈયાર થાય છે. યવ-જવ, ગોધૂમ-ઘઉં, મુદ્ગ-મૂંગ, માષ-અડદ, તિલ-તલ, કુલત્થ-કલથી, ષષ્ટિક ૬૦ અહોરાતમાં પાકીને તૈયાર થનાર તન્દુલ, નિષ્પાવ-ધાન્ય વિશેષ, વલ્લચણક-ચણા, કેદ્રવ આદિવાસી લોકોનુ અન્ન-કોદો, કુસ્તુંભરી-ધાન્યવિશેષ કુંગુ-કાંગ વરગસ્તિ-વરકુ. શલક-અલ્પશિરસ્ક ઉપલક્ષણથી મસૂર વગેરે અનેક ધાન્યવિશેષો વરણ-વનસ્પતિ વિશેષ, પત્રશાક આદિ રૂપ હરિતકાય, આર્દ્રક-આદુ, મૂલક-મૂળા હરિદ્રા-હલદર, આલાબુક-તૂમડી, કાકડી, ત્રપુષ, તુંબક-તૂંમડા, લિંગ-માતુલિંગ, કપિત્ય-કૈંથ, આમ્ર-આમ, અંબલિક આમલીકે આમળા વગેરે એ સર્વ પદાર્થોને કન્દમૂળ શાકોને, પત્રશાકોને, ફળશાકોને અને અનાજોને એ ગૃહપતિરત્ન ઉત્પન્ન કરે છે. એ ગૃહપતિરત્ન ને બીજા શબ્દોમાં ગાથાપતિરત્ન અને કૌટુંબિકરત્ન પણ કહેવામાં આવે છે. અહીં એવી શંકા થઈ શકે કે જ્યારે એ ગૃહપતિરત્ન અતીવ શીઘ્ર રૂપમા મંત્રશક્તિના બળે ધાન્ય આદિ નિષ્પન્ન કરીલે છે તો પછી ચર્મરત્ન ઉપર વપિત કરવાની શી આવશ્યકતા છે. તે તો વગર ચર્મરત્ને પણ બી ઉત્પન્ન કરીને પકવી શકે તેમ છે. કેમકે એવી જ તેનામાં દિવ્ય શક્તિ છે. એનો જવાબ આ પ્રમાણે છે કે કાર્યનો જે જનક હોય છે, તે બીજા કારણ કલાપોની સંઘટનાપૂર્વક જ વિવાક્ષત કાર્યોત્પાદક હોય છે. જો આ પ્રમાણે માનવામાં આવે નહિ તો સૂર્યપાક રસવતી બનાવનારા નલાદિક સૂર્યવિધાના-પ્રભાવથી રસવતીને પકવે છે છતાં એ તન્દુલ-સૂપ-દાળ વગેરે સામગ્રીની અપેક્ષાવાળા કેમ થયા. એથી આમ માનવું જોઇએ કે ચર્મરત્નાદિકની વિદ્યમાનતા તો ગૌણ કારણે હતા અને ગાથાપતિ પ્રધાન કારણ હતા. પ્રધાન કારણ અપ્રધાન એટલે કે ગૌણ કારણ નો તિરસ્કાર (અનાદર) કરી શકે નહીં. પણ તેમની સહાયતાના બળેજ પોતાનું કામ કરે છે. એ ગાથાપતિ ચર્મરત્નના એક દેશમાજ બીજવપન કરે છે પણ એટલા માત્રથી જ સકલ કાર્યની સિદ્ધિ થઇ જાય છે. એ ગાથા પતિરત્ન-(सुकुसले) એથી જ પોતાના કાર્યમાં અતીવ નિપુણ કહેવામાં આવેલ છે. (गाहावइरयणे त्ति सव्वजणवीस्सुअगुणे) એવું સર્વજનો માં સુપ્રસિદ્ધ છે. ગુણ જેના છે એવો એ ગાથાપતિ હોય છે. એ પૂર્વોક્ત વિશેષણોથી વિશિષ્ટ એ ગાથાપતિરત્ને તે અવસરે જે કંઈ કર્યું તેને (तएणं से गाहावइरयणे) ઈત્યાદિ સૂત્ર વડે સૂત્રકારે પ્રકટ કરેલ છે. એમાં એ પ્રકટ કરવામાં આવેલ છે કે જ્યારે ચર્મરત્ન અને છત્રરત્ન એ બન્ને રત્નોનું મિલાન થઇ ગયું ત્યારે તે ગૃહપતિરત્ને ભરત રાજા માટે તે જ દિવસેવાવેલ અને તે જ દિવસે પકવીને તૈયાર થયેલા તેમજ લલણી

કરવામાં આવેલા, નિર્બુસ કરવામાં આવેલા સકલ ધાન્યોના હજારો કુંભો અર્પણ કરી દીધાં. કુંભ એ એક પ્રકારનું માપ છે. 'અનુયોગ દ્વાર' સૂત્રમાં એ માપની પરિભાષા આ પ્રમાણે કરવામાં આવી છે ''दो असईओ पसइओ दो पसइओ सेईआ चत्तारि सेईआओ कुडओ चत्तारि कुडया पत्थो, चत्तारि पत्थया आढयं, चत्तारि आढया दोणो सट्ठि आढयाइं जहण्णए कुंभे असीति आढयाइं मज्झिमए कुंभे आढयसयं उक्कोसए कुंभेति ''આનું તાત્પર્ય આ પ્રમાણે છે કે હાથની હથેળી ને નીચી કરીને જે મૂઠી વાળવામાં આવે છે, તેનું નામ 'અસતિ છે. એ 'અસતિ'માં જેટલું ધાન્ય સમાય છે, તેને જ અહીં અશતિ કહેવામાં આવેલ છે. બે અશતિઓની એક પ્રસૃતિ થાય છે. એનો આકર નાવના જેવો હોય છે. હથેલી સીધી કરીને પહોળી કરીએ તો તે નાવના આકાર જેવી થઇ જાય છે. એનું જ નામ એક પ્રસૃતિ છે. એ પ્રસૃતિમાં જેટલું અનાજ છે, તેટલું અનાજ એક પ્રસૃતિ પ્રમાણ કહેવામાં આવે છે. બે પ્રસૃતિઓની એક સેતિકા હોય છે. આ મગધ દેશ પ્રસિદ્ધ તોલ વિશેષનું નામ છે. એ તોલ અહીં પ્રસિદ્ધ નથી. ચાર સેતિકાઓ નો એક કુડવ હોય છે. ચાર કુડવોનો એક-પ્રસ્થ હોય છે. ચાર પ્રસ્થોનો એક આઢક હોય છે. ચાર આઢકો નો એક દ્રોણ હોય છે. ૬૦

સાઠ આઢકોનું એક જઘન્ય-પ્રમાણ કુંભ હોય છે. ૮૦ આઠ કોનોએક મધ્યમ કુંભ હોય છે. ૧૦૦ આઢકોનો એક ઉત્કૃષ્ટ કુંભ હોય છે. 'सव्व धण्णाणं'' એવું કથન ઉપલક્ષણ. ૩૫ છે. એનાથી આમ સૂચિત કરવામાં આવે છે કે ભોજન માટે સૈન્ય ને બીજી પણ જે વસ્તુઓ જોઈતી હતી તે વસ્તુઓને એ આપતું હતું (तएणं से भरहे राया चम्मरयणसमारूढे छत्त रयण समोच्छण्णे मणिरयणकउज्जोए समुग्गयभूएण सुहं सुहेणं सत्तरत्तं परिवसइ) આ પ્રમાણે તે ભરત નરેશ તે વર્ષાના સમયમાં ચર્મરત્ન ઉપર બેઠેલો અને છત્રરત્નથી સુરક્ષિત થયેલો મણિરત્ન દ્વારા પ્રદત્ત ઉદ્યોતમાં સુખપૂર્વક સાત-દિવસ રાત્રિ સુધી રહ્યો. (ण वि से खुहाणविलिअं णेव भयं णेव विज्जए दुक्खं भरहाहिवस्स रण्णो खंधावारस्स वि तहेव) આટલા સમય સુધી ભરતને ન બુભુક્ષા એ સતાવ્યો, ન દીનતાએ સતાવ્યો; ન ભયે સતાવ્યો અને ન દુઃખે સતાવ્યો. અને એ પ્રમાણે ભરતની સેનાની પણ સ્થિતિ રહી. આ પ્રમાણે સાત દિવસ સુધી ભરત ત્યાં આનંદ પૂર્વક પોતાના સ્કન્ધાવારની સાથે રહ્યો ॥૨૧॥

## સાતરાત્રિ કે બાદકા વૃત્તાંત વર્ણન

'तएणं तस्स भरहस्स रण्णो सत्तरत्तंसि परिणममाणंसि' इत्यादि सूत्र-२२॥

ટીકાર્થ-(त एणं तस्स भरहस्स रण्णो) જ્યારે ભરત રાજાને ત્યાં રહેતાં-રહેતાં (सत्त-रत्तंसि परिणममाणंसि) સાત દિવસ-અને રત્રિઓ પૂરી થઈ. ત્યારે-(इमेयारूवे अज्झ-त्थिए चिंतिए कप्पिए पत्थिए मणोगए संकप्पे समुप्पज्जित्था) તને એવો મનોગત સંકલ્પ

ઉદ્ભવ્યો-અહીં સંકલ્પના "આધ્યાત્મિક, ચિન્તિત, કલ્પિત, પ્રાર્થિત એ વિશેષણે સંગૃહીત થયાં છે. એમની વ્યાખ્યા આ ગ્રંથમાં અનેક સ્થાને કરવામાં આવી છે. એથી જિજ્ઞાસુ જનોએ ત્યાંથી એ વિશે જાણી લેવું (केस णं भो ! अपत्थियपत्थिए दुरंतपंतलक्खणे जाव परिवज्जिए जे णं मम इमाए एयाणुरूवाए जाव अभिसमण्णागयाए उप्पिं विजयखंधावारस्स जुगमुसलमुट्ठि जाव वासं वासइ) અરે ! એ કોણ પોતાની અકાળ મૃત્યુની ઇચ્છા કરનાર તેમજ દુરંત પ્રાન્ત લક્ષણો વાળો યાવત્ નિર્લજ્જ શોભા હીન માણસ છે કે જે મારી આ કુલ પરંપરાગત દિવ્ય દેવર્ધિને-દેવો જેવી ઋદ્ધિ હોવા છતાંએ, દિવ્ય દેવદ્યુતિ તેમજ દિવ્ય દેવાનુભાવ હોવા છતાં એ, મારી સેના ઉપર યુગ; મુસળ તેમજ મુષ્ટિ પ્રમાણ જળધારાઓથી યાવત્ વૃષ્ટિ કરી રહેલ છે 'त एणं तस्स भरहस्स रण्णो इमेयारूवे अज्झत्थियं चिंतियं कप्पियं पत्थियं मणोगयं संकप्पं समुप्पण्णं जाणित्ता सोलसदेवसहस्सा सण्णज्झिउं पवत्ता यावि होत्था) આ જાતના આધ્યાત્મક શિંતિત પ્રાર્થિત મનોગત ઉદ્ભુત થયેલા ભરત નરેશના સંકલ્પ ને જાણી ને ૧૬ હજાર દેવો-૧૪ રત્નોના ૧૪ હજાર અને તેમના શરીરના રક્ષક બે હજાર આ પ્રમાણે મળીને ૧૬ હજાર દેવો સંગ્રામ કરવા ઉદ્યત થઈ ગયા. (तएणं ते देवा सण्णद्धबद्धवम्मियकवया जाव गहिआउहप्पहरणा जेणेव ते मेहमुहा णागकुमारा देवा तेणेव उवागच्छंति ) ત્યારે તે દેવો સન્નદ્ધ બદ્ધ-વર્મિત કવચ યાવત્-ગૃહીત આયુધ પ્રહરણ વાળા થઈ ને જ્યાં તે મેઘમુખ નામે નાગ કુમાર દેવો હતા ત્યાં પહોંચ્યા. "सणद्धवद्धगहिआउहप्पहरणा" એ પદોની વ્યાખ્યા પાછળ અનેક સ્થાને કરવામાં આવી છે. એથી જિજ્ઞાસુજનોએ ત્યાંથી જાણી લેવું અહીં યાવત્ પદથી "उत्पीडितशरासनपट्टिकाः पिनद्धग्रैवेयबद्धाविद्धविमलवरचिन्हपट्टाश्च" એ પદોનો સંગ્રહ થયો છે. એ પદોની વ્યાખ્યા પણ યથાસ્થાને કરવામાં આવી છે. જિજ્ઞાસુજનોએ ત્યાંથી જાણી લેવું (उवागच्छित्ता) ત્યાં પહોંચીને (मेहमुहे णागकुमारे देवे एवं वयासी ) તેમણે મેઘમુખ નામક નાગકુમાર દેવો ને આ પ્રમાણે કહ્યું—( हं भो ! मेह मुहा णागकुमारा देवा ! अपत्थियपत्थगा जाव परिवज्जिया किण्णं तुब्भि ण जाणह भरहं रायं चाउरंतचक्कवट्टिं महिड्ढियं जाव उद्दवित्तएवा पडिसेहित्तएवा तहावि णं तुब्भे भरहस्स रण्णो विजयखंधावारस्स उप्पिं जुगमुसलमुट्ठिप्पमाणमित्ताहिं धाराहिं ओघमेघं सत्तरत्तं वासं वासह) હે મેઘમુખ નીમક નાગકુમાર દેવો ! અમને ખબર છે કે તમે હવે અલ્પકાળમાં જ મરણ પામશો. તમારા સર્વના આ લક્ષણો અભીષ્ટાર્થક સાધન નથી આમ સર્વથા તુચ્છ છે. તમારો જન્મ હીન-પુણ્ય ચતુર્દશીના દિવસે થયેલો પ્રતીત થાય

છે. તમે સર્વે નિર્લજજ છો અને શોભાથી તિરસ્કૃત થયેલા છો. શું તમે-ચાતુરન્ત ચક્રવર્તી ભરત રાજાને જાણતા નથી. તમને ખબર નથી કે તે ભરત નૃપતિ આસમુદ્રાન્ત કર ગ્રાહી છે. તે મહતી ઋદ્ધિવાન્ છે યાવત્ તે મહાદ્યુતિવાન્ મહા પ્રભાવવાન અને મહાસૌખ્ય ભોક્તા છે. કોઇ પણ દેવ, દાનવ વગેરેમાં એવી શક્તિ છે જ નહિ કે જે શસ્ત્રાદિકો વડે તેને ઉપદ્રવ યુક્ત કરી શકે. અથવા તો તેને અહીંથી પાછા હઠાવી શકે. આ પ્રમાણે આ જગતમાં અજેય તે ભરત રાજા ને જાણવા છતાંએ તમે તે રાજાની સેના ઉપર યુગ, મુસલ તેમજ મુષ્ટિ પ્રમાણ જેવી જળધારાઓથી પુષ્કળ સંવર્તક મેઘની જેમ સાત-દિવસ રાત્રિથી વૃષ્ટિ વરસાવી રહ્યા છો. (तं एवमविगते इत्तो खिप्पामेव अवक्कमह, अहव णं अज्ज, पासह चित्तंजीवलोगं ) તમે આ કામ વગર વિચાર્યે જ કર્યું છે. અમે તમને કેટલા પ્રમાણ માં તિરસ્કૃત કરીએ. હવે તમારી ભલાઈ એમાં જ છે કે તમે સર્વે આ સ્થાનથી પોતાના અપરાધની પશ્ચાત્તાપ પૂર્વક ક્ષમાયાચના કરતાં યથાશીઘ્ર અહીંથી પલાયન થઈ જાઓ. જો તમે અહીંથી જશો નહીં તો હમણાં જ સર્વે ભિન્ન જીવ લોકને-એટલે કે વર્તમાન ભવમાંથી અન્ય ભવને-અકાલ મૃત્યુ ને પામશો. (तएणं ते मेहमुहा णागकुमारा देवा तेहिं देवेहिं एवं वुत्ता समाणा भीया तत्था वहिया संजायभया मेघानोकं परिसाहरंति ) આ પ્રમાણે તે ૧૬ હજાર દેવો વડે ધિક્કૃત થયેલા તે મેઘમુખ નામક નાગકુમાર દેવો અતીવ ભય સંત્રસ્ત થઈ ગયા, વ્યથિત કે વધિત થઈ ગયા, અને સંજાતભય વાળા બની ગયા. એથી તેજ ક્ષણે તેમણે ઘન ઘટાઓને અપહૃત કરી લીધી. ( परिसाहरित्ता जेणेव आवाडचिलाया तेणेव उवागच्छंति) અપહૃત કરીને પછી તેઓ જયાં આપાત કિરાતો હતા ત્યાં ગયા. ( उवागच्छित्ता आवाडचिलाए एवं वयासी ) ત્યાં જઈ ને તેમણે આપાત કિરાતોને આ પ્રમાણે કહ્યું. (एसणं देवाणुप्पिया ! भरहे राया महढ्ढिए जाव णो खलु एस सक्का केणइ देवेण वा जाव अग्गिप्पओगेण वा जाव उद्दवित्तए वा पडिसोहित्तए वा तहाविअ णं ते अम्हेहिं देवाणुप्पिया ! तुब्भं पिअट्ठयाए भरहस्स रण्णो उवसग्गे कए ) હે દેવાનુપ્રિયો ! એ ભરત રાજા છે. એ મહર્દ્ધિક છે યાવત્ મહાસૌખ્ય સમ્પન્ન છે, એ ચાતુરન્ત ચક્રવર્તી છે. એ કોઈ પણ દેવ વડે યાવત્ કોઇ પણ દાનવ વડે અથવા કોઈ પણ કિન્નર વડે અથવા કોઈ પણ કિંપુરૂષ વડે કે કોઇ પણ મહોરગ વડે કે કોઇ પણ ગંધર્વ વડે કોઇ પણ શસ્ત્ર પ્રયોગ થી કે અગ્નિ પ્રયોગથી યાવત મન્ત્ર પ્રયોગથી એ ઉપદ્રવિત કરવામાં આવી શકતો નથી તેમજ એ નરેશને તમારા દેશ પરથી આક્રમણ કરતાં હઠાવી પણ શકાય નહિ અસાધ્ય હોવા છતાંએ અમે એ ભરત નરેશ ઉપર ઉપદ્રવ કર્યો છે, તે માત્ર તમારી પ્રીતિ ને લઇ ને જ. 'तं गच्छह णं तुब्भे देवाणुप्पिया । ण्हाया कयबालिकम्मा कयकोउयमंगलपायच्छित्ता उल्लपडसाडगा ओचूलगणिअच्छा अग्गाइं वराइं रयणाइं गहाय पंजलिउडा पायवडिया भरतं रायाणं सरणं उवेह ) તો હવે હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને સ્નાન કરો, બલિકર્મ સમ્પન્ન કરો તેમજ કૌતુક મંગળ પ્રાયશ્ચિત કરો. એ સર્વ સમ્પન્ન કરીને પછી તમે બધા ભીના ધોતી-દુપટ્ટા પહેરીને જ એટલે કે જે ધોતી-દુપટ્ટાઓના પ્રાન્ત ભાગોમાં થી પાણી જમીન ઉપર ટપકી રહ્યું હોય એવી

સ્થિતિમાં જ, બહુમૂલ્ય શ્રેષ્ઠ રત્નોને લઇ ને તેમજ હાથ જોડીને ભરત રાજાની શરણમાં જાઓ. ત્યાં જઇને તમે સર્વ તેના પગોમાં પડી જાઓ. (**पणिवइयवच्छला खलु उत्तम-पुरिसा णत्थि मे भरहस्स रण्णो**) જે ઉત્તમ પુરુષો હોય છે, તે પ્રણિપતિત વત્સલ હોય છે. તેમની સામે જેઓ નમ્ર થઇ ને જાય છે તેઓ તેમના અનુરાગ ને મેળવે છે. એથી તમે સર્વ ભરત નરેશ ની પાસે જાવો હવે ત્યાં કોઇ ભય તમને નથી. આ પ્રમાણે આપાત કિરાતોને સમજાવીને તે દેવો જે દિશામાંથી આવ્યા હતા, તે દિશા તરફ જ જતા રહ્યા. હવે જેમની ઇચ્છા ઉપર પાણી ફરી વળ્યું છે એવા તે મ્લેચ્છ આપાતકિરાતો એ જે કંઇ કર્યું તે આ પ્રમાણે છે. (**तए णं ते आवाडचिलाया मेहमुहेहिं नागकुमारेहिं देवेहिं एवं वुता समाणा उट्ठाए उट्ठेंति**) હવે મેઘમુખ નામક નાગકુમારો વડે પૂર્વોક્ત પ્રકારથી સમજાવવામાં આવેલા તે આપાત કિરાતો પોતાની મેળે ઉભા થયા. (**उट्ठित्ता ण्हाया कयबलिकम्मा कयकोउयमंगलपायच्छित्ता उल्लपडसाडगा ओचुलगणियच्छा अग्गाइं वराइं रयणाइं गहाय जेणेव भरहे राया तेणेव उवागच्छंति**) અને ઉભા થઇ ને તેમણે સ્નાન કર્યું. બલિકર્મ કર્યું અને કૌતુક મંગળ, પ્રાયશ્ચિત્ત કર્યા અને પછી તેઓ સર્વે જેમના અગ્રભાગોથી પાણી ટપકી રહ્યું છે એવાં અધોવસ્ત્ર પહેરીને જ, બહુ મૂલ્ય શ્રેષ્ઠ રત્નોને લઈ ને જ્યાં ભરત નરેશ હતો, ત્યાં આવ્યા. (**उवागच्छित्ता करयलपरिग्गहियं जाव मत्थए अंजलिं कट्टु भरहं रायं जएणं विजएणं वद्धाविंति**) ત્યાં પહોંચીને તેમણે બન્ને હાથ જોડી ને અને તે હાથોની અંજલિને મસ્તક ઉપર ફેરવી ને જય વિજય શબ્દો વડે તેને વધામણિ આપી, (**वद्धावित्ता अग्गाइं वराइं रयणाइं उवणेंति**) અને વધામણી આપીને તેમણે બહુમૂલ્ય શ્રેષ્ઠ રત્નો ભેટના રૂપમાં તેની સમક્ષ મૂકી દીધાં. (**उवणित्ता एवं वयासी**) ભેટના રૂપમાં રત્નો મૂકી ને પછી તેમણે આ પ્રમાણે કહ્યું- (**वसुहर! गुणहर! जयहर हिरि सिरि धी कित्तिधारक ! णरिंद-लक्खणसहस्सधारक ! रायमिंडणे चिरं धारे**) હે વસુધર-ષટ્ખંડ વર્તિ દ્રવ્યપતે ! અથવા હે તેજોધર ! હે ગુણધર ! ઔદાર્યશૌર્યાદિ ગુણ ધારક ! હે જયધર ! શત્રુ ઓવડે અધર્ષણીય ! શત્રુ વિજય કારક ! હે હ્રી, શ્રી-લક્ષ્મી, ધૃતિ સંતોષ, કીર્તિ યશના ધારક ! હે નરેન્દ્ર લક્ષણ સહસ્ર ધારક! અથવા-હે નરેન્દ્ર-નર સ્વામિન્ ! હે લક્ષણ સહસ્ત્ર ધારક-વિદ્યા, ધન, વગેરેની હજારો રેખાઓ ચિન્હોને ધારણા કરનાર ! આપશ્રી અમારા એ રાજ્યનું ચિરકાળ સુધી પાલન કરો, આપશ્રી અમારા દેશના ચિરકાળ સુધી અધિપતિ બનો. ।।૧।।

**"हयवइ गयवइ णरवइ णवणिहिवइ भरहवासपढमवई ।**
**बत्तीस जणवय सहस्सरायसामी चिरं जीव ।।२।।**
**पढमणरीसर इसर हिअइसर महिलिया सहस्साणं ।**
**देवसय साहसीसर चोद्दहरयणीसर जसंसी ।।३।।**
**सागर गिरि मेररां उतरवाईण मभिजिअं तुमए ।**
**ता अम्हे देवाणुप्पियस्स विसप परिवसामो ।।४।।**

હે હયપતે ! હે ગજપતે ! હે નરપતે ! હે નવનિધિપતે ! હે ભરત ક્ષેત્ર પ્રથમપતે ! હે દ્વાત્રિંશજજન પદ સહસ્ત્ર નરપતિ સ્વામિન્ ! આપશ્રી ચિરકાળ સુધી આ ધરાધામ

ઉપર જીવિત રહો. ॥૨॥ હે પ્રથમ નરેશ્વર ! હે ઈશ્વર ઐશ્વર્યધર ! હે ચતુષ્ષષ્ઠી સહસ્ત્ર નારી હૃદયેશ્વર ! હે રત્નાધિષ્ઠાયક, માગધતીર્થાધિપાદિ દેવલક્ષેશ્વર ! હે ચતુર્દશ રત્નાધિપતે હે યશસ્વિન્ ॥૩॥ આપશ્રીએ પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ સમુદ્ર સુધીના તેમજ ક્ષુદ્ર હિમાચલ સુધીના ઉત્તરાર્દ્ધ-દક્ષિણાર્દ્ધ ભરતને-પરિપૂર્ણ ભરત ક્ષેત્ર ને-ભાવીમાં ભૂતવદુપચારની અપેક્ષાએ પોતાના વશમાં કરી લીધુ છે. એથી હવે અમે સર્વે આપ દેવાનુપ્રિયના જ દેશવાસી થઇ ગયા છીએ. અમે આપશ્રીની પ્રજા થઈ ગયા છીએ. ॥૪॥ (अहोणं देवाणुप्पियाणं इड्ढी जुइ जसे बले वीरिए पुरिसक्कारपरक्कमे दिव्वे देवाणुभावे लद्धे पत्ते अभिसमण्णागए ) અહીં 'અહો' એ શબ્દ આશ્ચર્ય અર્થમાં પ્રયુક્ત થયેલ છે. આપ દેવાનુપ્રિયની ઋદ્ધિ-સમ્પત્, દ્યુતિ, પ્રભા-યશ-કીર્તિ, બળ, શારીરિક શક્તિ, વીર્ય-આત્મશક્તિ, પુરૂષકાર-પૌરૂષ અને પરાક્રમ વિક્રમ એ સર્વે અતીવ આશ્ચર્ય કારક છે. કેમકે આપશ્રીની સર્વોત્કૃષ્ટ દેવના જેવી દ્યુતિ છે, સર્વોત્કૃષ્ટ દેવના જેવો આપશ્રીનો પ્રભાવ છે. એ બધું આપશ્રીએ દેવધર્મના પ્રસાદ થી જ મેળવ્યું છે, પ્રાપ્ત કર્યું છે અને અભિસમન્વાગત કર્યું છે. 'બીજાઓના મુખથી ગુણાતિશયની વાત સાંભળવાથી આશ્ચર્ય થાય છે પણ જ્યારે તે ગુણોના આગાર ને આંખો થી જોઈ એ ત્યારે અસીમ આશ્ચર્ય થાય છે. (तं दिट्ठा णं देवाणुप्पियाणं इड्ढी एवं चेव जाव अभिसमण्णागए, तं खामेमु णं देवाणुप्पिया ! खमंतु णं देवाणुप्पिया ! खंतुमरहंतु णं देवाणुप्पिया ! ) અમે સર્વે લોકોએ આપ દેવાનુપ્રિયની ઋદ્ધિ સ્વ ચક્ષુઓથી જોઈ લીધી છે. એ પ્રમાણે તમારા યશ બળ અને વીર્ય પણ અમે જોઈ લીધાં છે. અહીં યાવત્ પદથી "इड्ढी जसे बले" એ પદોનો સંગ્રહ થયો છે. એથી હે દેવાનુપ્રિય ! અમારા થયેલ અપરાધ બદલ અમે સર્વ આપ શ્રી પાંસેથી ક્ષમા યાચીએ છીએ. અમને ભારે પશ્ચાત્તાપ થઇ રહ્યો છે. અમારી બાળ-ચેષ્ટાઓને આપ દેવાનુપ્રિય ક્ષમા કરો. આપ દેવાનુપ્રિય ! અમને ક્ષમા કરવા યોગ્ય છો. કેમકે આપ શ્રી મહાન્ સદાશય સમ્પન્ન છો. ( णाइ भुज्जो २ एवं करणयाए त्तिकट्टु पंजलिउडा पायवडिया भरहं रायं सरणं उविंति) હવે પછી ભવિષ્યમાં અમે આમ નહિ કરીએ આ પ્રમાણે કહીને તે આપાતકિરાતોએ બન્ને હાથોને જોડીને અંજલિ બનાવી અને પછી તેઓ સર્વ ભરત રાજાના ચરણોમાં પડી ગયા. આમ તેમણે નરેશ ભરતનું શરણ પ્રાપ્ત કર્યું. (तए णं भरहे राया तेसिं आवाडचिलायाणं अग्गाइं वराइं रयणाणि पडिच्छंति, पडिच्छित्ता ते आवाडचिलाए एवं वयासी) તે ભરત રાજાએ તે આપાત કિરાતોના ભેંટ સ્વરૂપ મૂકેલાં-અગ્રય-બહુમૂલ્ય અને શ્રેષ્ઠ રત્નોને સ્વીકારી લીધાં અને સ્વીકાર કરીને પછી તેણે તે આપાત કિરાતોને આ પ્રમાણે કહ્યું—(गच्छह णं भो तुब्भे ममं बाहुच्छाया परिग्गहिया णिब्भया णिरुव्विग्गा सुहं सुहेण परिवसह) હે દેવાનુપ્રિયો ! હવે તમે સર્વ પોત-પોતાના સ્થાને પ્રયાણ કરો. તમે બધા મારી બાહુ છાયાથી પરિગૃહીત થઇ ચૂકયા છો. હવે નિર્ભય થઇને તેમ જ ઉદ્વેગ રહિત થઇને સુખપૂર્વક રહો.

(णत्थि मे कत्तो वि भयमत्थि त्ति कट्टु सक्कारेइ, सम्माणेइ) तमने हवे कोइने। पण भय नथी. आम कहीने भरत राजाએ तेमने सत्कृत अने सम्मानित कर्या. (सक्कारित्ता सम्माणित्ता पडिविसज्जेइ) सत्कृत અને સન્માનિત કરીને પછી તેણે તેમને પોતપોતાના સ્થાને જવાને। આદેશ આપ્યો. (तएणं से भरहे राया सुसेणं सेणावइं सद्दावेइ) ત્યાર બાદ ભરત રાજાએ સુષેણ સેનાપતિ ને બોલાવી ને આ પ્રમાણે કહ્યું-(गच्छाहि णं भो देवाणुप्पिया ! दोच्चंपि सिंधूए महाणईए पच्चित्थिमं णिक्खुडं ससिन्धुसागरमेरागं समविसमणिक्खुडाणि अ ओअवेहि) હે દેવાનુપ્રિય ! હવે તમે પૂર્વસાધિત નિષ્કુટની અપેક્ષા દ્વિતીય સિન્ધુ મહાનદીના પશ્ચિમભાગવર્તી કોણમાં સ્થિત ભરતક્ષેત્રમાં જાઓ. એ ક્ષેત્ર સિંધુ નદી પશ્ચિમ દિગ્વર્તી સમુદ્ર તથા ઉત્તરમાં ક્ષુલ્લ હિમવંત ગિરિ અને દક્ષિણમાં વૈતાઢય ગિરિ એમનાથી સંવિભક્ત થયેલ છે. અને ત્યાં સમભૂમિ ભાગવર્તી તેમજ દુર્ગભૂમિ ભાગવર્તી જે અવાન્તર ક્ષેત્ર ખંડરૂપ નિષ્કુટ છે ત્યાં વિજય પ્રાપ્ત કરી અમારી આજ્ઞા ત્યાં સ્થાપિત કરો. (ओअवेत्ता अग्गाइं वराइं रयणाइं पडिच्छाहि) આમ કરીને બહુમૂલ્ય શ્રેષ્ઠ રત્નોને-પોતપોતાની જાતિમાં શ્રેષ્ઠ-ઉત્કૃષ્ટ વસ્તુઓને ભેટ રૂપમાં સ્વીકાર કરો. (पडिच्छित्ता मम एयमाणत्तियं खिप्पामेव पच्चप्पिणाहि) સ્વીકાર કરીને મારી આ આજ્ઞાનું પાલન પૂર્ણરીતે કરીને પછી અમને સૂચના આપો. (जहा दाहिणिल्लस्स-ओअवणं तहा सव्वं भाणियव्वं जाव पच्चणुभवमाणा विहरंति) જેવું દાક્ષિણાત્ય-દક્ષિણદિગ્વર્તી સિન્ધુ નદી નિષ્કુટના વિજય-પ્રકરણ "यावत् पच्चणुभवमाणा विहरंति" એ સૂત્રપાઠ સુધી કહેવામાં આવેલ છે. તેવું જ બધું પ્રકરણ અત્રે પણ સમજવું જોઈએ. ॥૨૨॥

## ઉત્તરદિશાકે નિષ્કુટજિતનેકા એવં ઋષભકુટ કો જિતનેકા વર્ણન

'तएणं से दिव्वे चक्करयणे अण्णया कयाइ ' इत्यादि सूत्र-॥२३॥

ટીકાર્થ-આ પ્રમાણે ઉત્તર દિગ્વર્તી નિષ્કુટો ઉપર વિજય મેળવ્યા બાદ (से दिव्वे चक्करयणे) તે દિવ્ય ચક્ર રત્ન (अण्णया कयाइ) કોઇ એક વખતે (आउहघरसालाओ) આયુધ ગૃહ શાળામાંથી (पडिणिक्खमइ) બહાર નીકળ્યું અને (पडिणिक्खमित्ता अंतलिक्ख पडिवन्ने जाव उत्तरपुरच्छिमं दिसिं चुल्लहिमवंतपव्वयभिमुहे पयाए यावि होत्था ) બહાર નીકળીને તે આકાશ પ્રદેશથી જ એટલે કે અદ્ધર રહીને જ યાવત્ ઉત્તર-પૂર્વ દિશામાં-ઈશાન વિદિશામાં-ક્ષુદ્ર હિમવત્ પર્વતની તરફ ચાલ્યું. અહીં યાવત્ પદથી-"जक्खसहस्स संपरिबुडे दिव्वतुडियसद्दसण्णिणाएणं पूरेंते चेव अंबरतलं" એ પદોનો સંગ્રહ થયો છે. (तएणं से भरहे राया तं दिव्वं चक्करयणं जाव चुल्लहिमवंतवासहरपव्वयस्स अदूरसामंते दुवालसजोयणायामं जाव चुल्लहिमवंतगिरिकुमारस्स देवस्स अट्ठमभत्तं पगिण्हइ) ક્ષુદ્ર હિમવંત પર્વત તરફ પ્રયાણ કરતાં તે દિવ્યચક્રરત્નને જોઈને ભરત રાજાએ કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા અને તેમને આજ્ઞા આપી-તમે હસ્તિરત્નને તૈયાર કરો સેના તૈયાર કરો,

માર્ગવંત પુરના, નગરના તેમજ દેશના અધિપતિઓને વશમાં કરો, તે અધિપતિઓ ભેંટ સ્વરૂપે જે કંઇ આપે તે સ્વીકાર કરો, ચક્ર-રત્નની પાછળ-પાછળ ચાલો, એક યોજનના અન્તરથી તમે પડાવ નાખો'' ઇત્યાદિ રૂપમાં અત્રે બધું કથન જેમ પહેલાં કહેવામાં આવ્યું છે તેવું સમજવું જોઈએ. એજ વાત અહીં પ્રયુક્ત પ્રથમ 'यावत्' પદ દ્વારા પ્રકટ કરવામાં આવી છે. ચક્રવર્તી ભરત રાજાએ ક્ષુદ્ર હિમવત્પર્વતના અદૂર સામંત સ્થાનમાં અર્થાત્ તેની પાસે ૧૨ યોજન જેટલી લંબાઈવાળા અને ૯ યોજન જેટલો પહોળાઇ વાળા પોતાના કટકનો પડાવ નાખ્યો. અહીં આવેલા આગત પદથી-''નવ યોજન વિસ્તીર્ણં વગેરે '' પૂર્વોક્ત વિશેષણોનું ગ્રહણ થયું છે. ત્યાર બાદ તેણે પોતાના વર્દ્ધકિરત્ન ને બોલાવ્યો અને તેને પૌષધશાળાનું નિર્માણ કરવા માટે કહ્યું. વર્દ્ધકિરત્ને આજ્ઞા મુજબ તરત જ પૌષધ શાળા બનાવી આપી. તેમાં સ્થિત થઈને ભરત નરેશે પૌષધ વ્રત કર્યું. ઇત્યાદિ બધું કથન જાણી લેવું જોઈએ, આ પ્રમાણે સર્વકાર્યો પૂરા થઈ ગયા પછી ભરત રાજાએ પૌષધશાળામાં બેસીને ક્ષુદ્ર હિમવદ્ ગિરિ કુમાર દેવને સાધવા માટે અષ્ટમ ભક્તની તપસ્યા પ્રારંભ કરી. ( तहेव जहा मागहतित्थस्स जाव समुद्दरवभूयंपिव करेमाणे २ उत्तरदिसाभिमुहे जेणेव चुल्लहिमवंतवासहरपव्वए तेणेव उवागच्छइ) અહીં પ્રયુક્ત ''तथैव' પદ વડે ''અષ્ટમ ભક્તના દિવસોમાં જાગરણ કરવું, પછી તેનું સમાપન કરવું, કૌટુંબિક પુરુષોને બોલાવી ને તેમને આજ્ઞા આપવી, સેના સુસજ્જ કરાવવી, અશ્વરથની તૈયારી કરીને તેને ઉપસ્થિત કરવાની આજ્ઞા આપવી, સ્નાન કરવું, અશ્વરથ ઉપર સવારી કરવી, ચક્રરત્ન દ્વારા પ્રદર્શિત માર્ગ ઉપર ગમન કરવું ''ઇત્યાદિ સર્વ કાર્યો સમ્પન્ન કર્યાં આમ સમજવું ભરત નરેશે પહેલાં કહ્યાં મુજબ જ એ સર્વ કાર્યો ને સમ્પન્ન કર્યા એવું ''तथैव' શબ્દનું તાત્પર્ય છે.

યાવત્ સૈન્ય સમુત્થ કલ-કલ નિનાદથી જાણેકે પૃથ્વીમંડળ ઉપર સમુદ્ર ગર્જન જ આવી ને વ્યાપ્ત થઈ ન ગયું હોય આ પ્રમાણે પૃથ્વીમંડળ ને પોતાના સૈન્ય સંચારણથી મુખરિત કરતો તે ભરત નરેશ ઉત્તર દિશા તરફ પ્રયાણ કરતો જ્યાં ક્ષુદ્ર હિમવાત્ પર્વત હતો ત્યાં પહોંચ્યો. (उवागच्छित्ता चुल्लहिमवंतवासहरपव्वयं तिक्खुत्तो रहसिरेणं फुसइ) અશ્વરથની ગતિ તીવ્ર હતી તેથી ક્ષુદ્રહિમવત્ પર્વત થી તે અશ્વરથનો શિરોભાગ ત્રણ વાર અથડાયો. (फुसित्ता तुरए णिगिण्हइ) અશ્વરથનો અગ્ર ભાગ જ્યારે ક્ષુદ્ર હિમવત્પર્વતને ત્રણ વાર અથડાયો ત્યારે તેણે વેગથી ચાલતા ચારે ઘોડાઓને રોકયા. (णिगिण्हित्ता तहेव

जाव आयतकण्णायतं च काऊण उसुमुदारं इमाणि वयणाणि तत्थ भणीअ से णरवई जाव सव्व मेते विसयवासीत्ति कट्टु उद्धं वेहासं उसुं णिसिरइ परिगरणिगरिअमज्झे जाव ) ચારે ઘોડાઓને થંભાવીને માગધતીર્થાધિકારમાં કહ્યા મુજબ તેણે પોતાના ધનુષ ને હાથમાં લીધું. બાણ હાથમાં લીધુ, બાણ ને ધનુષ ઉપર સ્થાપિત કર્યું અને પછી ધનુષ ઉપર આરોપિત કરીને તે ઉદાર ઉદ્ભટ ધનુષ કાન સુધી ખેંચી ને પછી તેણે આ પ્રમાણે કહ્યું–'हंदि सुणंतो भवंतो'' એ વચનો પૂર્વોક્ત એ બે ગાથાઓમાં પ્રકટ કરવામાં આવેલ છે. તો એ જ વચનો–'આપ સર્વ મારા દેશવાસી છો. અહીં પણ સમજવાં જોઈએ. એ વચનોની વ્યાખ્યા તૃતીય વક્ષસ્કાર'માં ૬ ઠા સૂત્રમાં કહેવામાં આવી છે તો જિજ્ઞાસુઓ ત્યાંથી જ જાણવા યત્ન કરે. આમ કહીને તેણે પોતાના બાણને ઉપર આકાશમાં છોડયું કેમકે ત્યાંજ ક્ષુદ્ર હિમવદ્ ગિરિ કુમારનો આવાસ હતો.

'परिगरणिगरिअमज्झो जावत्ति'' અહીં યાવત્ પદથી ''બાણ મોક્ષ પ્રકરણમાં કથિત પરિપૂર્ણ ગાથાદ્વય કહેવી જોઈએ–

तथा च–परिगरणिगरिअमज्झो वाउद्धुअ सोममाणकोसेज्जो ।
चित्तेण सोभए धणुवरेण इंदोव्व पच्चक्खं ॥१॥
तं चंचलायमाणं-पंचमिचंदोवमं महाचावं ।
छज्जइ वामे हत्थे नरवइणो तंमि विजयंमि ॥२॥

બાણ છોડતી વખતે ભરત નરેશ કેવો સુશોભિત થયો, એજ વાત એ ઉપર્યુક્ત ગાથા દ્વયમાં પ્રકટ કરવામાં આવી છે. જે સમયે ભરત રાજાએ બાણ છોડયું તે સમયે તેણે મલ્લ (પહેલવાન) ની જેમ પોતાની કચ્છા ને સારી રીતે બાંધી લીધી. કમર ને પણ સારી રીતે કસીને બાંધી લીધી તેણે કૌશેય વસ્ત્ર ધારણ કરેલું હતું. તે વસ્ત્ર સમુદ્રમાંથી પ્રવાહિત થતા વાયુંથી મંદ-મંદ રૂપે. કંપિત થઈ રહ્યું હતું. એથી ધનુષધારી તે રાજા, એમ લાગતો હતો કે જાણે સાક્ષાત્ ઇન્દ્ર જ ત્યાં ઉપસ્થિત થયો ન હોય શેષ ગાથોક્ત પદોની વ્યાખ્યા સુગમ છે. (तएणं से सरे भरहेणं रण्णा उड्ढं वेहासं णिसट्ठे समाणे खिप्पामेव बावत्तरिं जोयणाइं गंता चुल्लहिमवंतगिरिकुमारस्स देवस्स मेराए णिवइए ) ઉપર આકાશમાં ભરત રાજા વડે મુક્ત તે બાણ શીઘ્ર ૭૨ યોજન સુધી જઈને ક્ષુદ્ર હિમવન્તકુમાર દેવના સ્થાનની સીમાં માં પડ્યું. (तए णं से चुल्लहिमवंतगिरिकुमारे देवे मेरा ए सरं णिवडियं पासइ) જ્યારે તે ક્ષુદ્ર હિમવન્ત ગિરિ કુમારે બાણ ને પોતાની સીમામાં પડેલું જોયું તો (पासित्ता आसुरत्ते रूट्ठे जाव पीईदाणं सव्वोसहिं च मालं गोसीसचंदणं कडगाणि जाव दहोदगं च गेण्हइ) જોઇ ને તે એકદમ ક્રોધથી રાતો ચોળ થઇ ગયો. રુષ્ટ થઇ ગયો. યાવત્ શબ્દ થી અહીં આ પ્રમાણે પાઠ સંગૃહીત થયો છે–'તેની ભૃકુટી વક્ર થઈ ગઈ. તેણે બાણ ચલાવનારનો તિરસ્કાર કર્યો. અને ભરત નામાંકિત તે બાણને તેણે ઉપાડયું. તથા તે બાણ ઉપર લખેલા નામને તેણે વાચ્યું'. ઈત્યાદિ પૂર્વોક્ત પાઠ અત્રે ગૃહીત થયો છે. ત્યારબાદ તેણે ભરતરાજા ને ભેંટ માં અર્પિત કરવા માટે સર્વૌષધિઓને ફળપાકાન્ત વનસ્પતિ વિશેષોને કે જે રાજ્યાભિષેકાદિ વિધિઓ માટે આવશ્યક હોય છે. કલ્પવૃક્ષના પુષ્પોની માળાને, ગોશીર્ષ ચન્દનને, કટકોને, યાવત્ પદથી સંગૃહીત ત્રુટિતોને– બાહુઓના આભરણોને વસ્ત્રોને, ભરતનામાંકિત

બાણુ ને તથા પદ્મહ્રદના જળ ને સાથે લીધાં. (गिण्हित्ता ताए उक्किट्ठाए जाव उत्तरेण चुल्लहिमवंतगिरिमेराए अहण्णं देवाणुप्पियाणं विसयवासी जाव अहण्णं देवाणुप्पियाणं उत्तरिल्ले अंतवाले जाव पडिविसज्जइ) અને લઇ ને તે પોતાની સુપ્રસિદ્ધ દેવ ગતિથી ભરત રાજા પાસે જવા રવાના થયો. ત્યા પહોંચીને તેણે તે રાજાને આ પ્રમાણે વિનંતિ કરી કે હે દેવાનુપ્રિય! ઉત્તર દિશામાં ક્ષુદ્ર હિમવંત પર્વતની સીમામાં સ્થિત તેમજ આપ શ્રીના અધીનસ્થ દેશનો હું નિવાસી છું. અહીં યાવત્ પદથી "अहं खलु देवानुप्रियाणां किंकरः" આ પાઠ સંગૃહિત થયો છે. હું આપ દેવાનુપ્રિયનો ઉત્તર દિશા તરફનો દિક્પાલ છું અહી યાવત્ પદથી "प्रीतिदानमुपनयति, तद् भरतः प्रतीच्छति, देवं सत्कारयति, सम्मानयति' એ પદોનો સંગ્રહ થયો છે. સત્કાર તથા સન્માન કરીને તે ભરતેન્દ્ર. રાજા તેને વિસર્જિત કરી દે છે. પોતાના ભવનમાં જવાની તેને આજ્ઞા આપે છે. ॥સૂત્ર-૨૩॥

## ભરત મહારાજાનું ઋષભકૂટ તરફ પ્રયાણ

**तएणं से भरहे राया तुरए-णिगिण्हइ "इत्यादि ॥सू२४**

ટીકાર્થ—(तएणं) હિમવંતની સાધના કર્યા બાદ (से भरहे राया तुरए णिगिण्हइ) તે ભરત મહારાજાએ ઘોડાઓ ને ઊભા રાખ્યા. દક્ષિણ પાર્શ્વસ્થ ઘોડાઓને ખેંચ્યા અને વામ-પાર્શ્વસ્થ ઘોડાઓને આગળ કર્યા. આ પ્રમાણે કરીને તેણે (रहं परावत्तेइ) રથને પાછો ફેરવ્યો (परावत्तित्ता जेणेव उसहकूडे तेणेव उवागच्छइ) રથને પાછો ફેરવીને તે ભરત નરેશ જ્યાં ઋષભકૂટ હતો ત્યાં ગયો. (उवागच्छित्ता उसहकूडं पव्वयं तिक्खुतो रहसिरेणं फुसइ) ત્યાં પહોંચીને તેણે ઋષભકૂટ પર્વતનો રથના અગ્ર ભાગથી ત્રણ વખત સ્પર્શ કર્યો (फुसित्ता तुरए णिगिण्हइ) ત્રણ વખત સ્પર્શ કરીને પછી તેણે ઘોડાઓને ઊભા રાખ્યા. (णिगिण्हित्ता रहं ठवेइ) ઘોડાઓને રોકીને તેણ રથ ઊભો રાખ્યો. (ठवित्ता छत्तलं दुवालसंसिअं अट्ठकण्णिअं अहिगरणिसंठिअं सोवण्णियं कागणिरयणं परामुसइ) રથ ઊભો રાખીને તેણે કાકણી રત્નને હાથમાં લીધું. એ કાકણી રત્ન ૬ તલ વાળું હોય છે. ચાર દિશાઓમાં ૪ તલ અને ઉપર-નીચે એક-એક તળ. આ પ્રમાણે સર્વ મળીને એ રત્નને ૬ છ તળ હોય છે. એ રત્નમાં ૧૨ કોટિઓ હોય છે. એ કોટિઓ એક પ્રકારના આકાર વિશેષ રૂપ હોય છે એ રત્નને આઠ ખૂણાઓ હોય છે. ત્યાં ત્રણ કોટિઓ મલે છે. એ આઠ ખૂણાઓનાં રૂપમાં જે કર્ણિકાઓ હોય છે, તેમની નીચે અને ઉપર પ્રત્યેક માં ૪, ૪ ખૂણાઓ હોય છે. એ કાકણી રત્નનું સંસ્થાન અધિકરણી જેવું હોય છે. જેને એરણ કહેવામાં આવે છે. સુવર્ણકાર એની ઊંપર સુવર્ણ ચાંદીના આભૂષણો કૂટી-કૂટીને તૈયાર કરે છે. એ સમચતુરસ્ત્ર હોય છે. એથી જ એ રત્નને એરણજેવું કહેવામાં આવ્યું છે. (सोवण्णियं) એ અષ્ટ સુવર્ણમય હોય છે. એ અષ્ટ સુવર્ણો આ પ્રમાણે નિષ્પન્ન હોય છે. ચાર મધુર તૃણ ફુપોનું એક શ્વેત સરસવ હોય છે. ૧૬ શ્વેત સરસવનું વજન એક અડદ બરાબર હોય છે. બે અડદોની બરાબર વજનવાળી એક ગુંજા-રત્તિ હોય છે. ૧૬ રતિઓનુ એક સુવર્ણ હોય છે. એવા આઠસુવર્ણની બરાબર એનું વજન હોય છે (परामुसित्ता) આ જાતના વિશેષણોથી વિશિષ્ટ કાકણી રત્નને લઈને (उसभकूडस्स पव्वयस्स पुरत्थिमिल्लंसि कडगंसि णामगं आउडेइ) તેણે ઋષભકૂટ પર્વતના પૂર્વભાગવતી કટક ઉંપર મધ્ય ભાગમાં-પોતાનું નામ લખ્યું-

"नामकं" માં સ્વાર્થ માં 'क' પ્રત્યય લગાડવામાં આવેલ છે, પોતાનું નામ તે ભરત નરેશે કેવી રીતે લખ્યું. આને પ્રકટ કરવા માટે આ બે ગાથાઓ છે—

ओसप्पिणी इमीसे तइआए समाइ पच्छिमे भाए ।
अहमंसि चक्कवट्टी भरहो इ अ नामधिज्जेणं ॥१॥
अहमंसि पढमराया अहयं भरहाहिवो णरवरिंदो ।
णत्थिमहं पडिसत्तु जिअं मए भारहं वासं ॥२॥

એ ગાથાઓનો અર્થ આ પ્રમાણે છે– એ અવસર્પિણી કાળના તૃતીય આરકના પશ્ચિમ-ભાગમાં– તૃતીય ભાગમાં– હું ભરત નામે ચક્રવર્તી થયો છું. ॥૧॥ અને હું જ અહીં ભરતક્ષેત્રમાં કર્મભૂમિના પ્રારંભમાં સર્વપ્રથમ રાજા થયો છું, અહીં પ્રથમ શબ્દ પ્રધાનનો પર્યાય વાચક છે. એટલે કે પ્રથમ શબ્દનો અર્થ પ્રધાન અથવા મુખ્ય થાય છે. સામન્ત વગેરેમાં હું ઈન્દ્ર જેવો છું, મારો કોઈ શત્રુ નથી, ષટ્ ખંડ મંડિત આ ભરતક્ષેત્રમાં મારૂં અખંડ સામ્રાજ્ય સ્થપાઈ ચૂકયું છે. (इति कट्टु णामगं आउडेइ) આ પ્રમાણે તેણે પરિચયાત્મક પોતાનું નામ લખ્યું. (णामगं आउडित्ता रहं परावत्तेइ) નામ લખીને પછી તેણે ત્યાંથી પોતાના રથને પાછો વાળ્યો. (परावत्तित्ता जेणेव विजयखंधावारणिवेसे जेणेव बाहिरिया उवट्ठाणसाला तेणेव उवागच्छइ) રથને પાછો વાળીને પછી તે જ્યાં વિજય સ્કંધાવારનો પડાવ હતો અને તેમાં પણ જ્યાં બાહ્ય ઉપસ્થાન શાળા હતી ત્યાં આવ્યો. (उवागच्छित्ता जाव चुल्लहिमवंतगिरिकुमारस्स देवस्स अट्ठाहियाए महामहिमाए णिवत्ताए समाणीए आउहघरसालाओ पडिणिक्खमइ) ત્યાં આવીને તેણે યાવત્ ક્ષુદ્ર હિમવંત ગિરિકુમાર નામક દેવના વિજયોપલક્ષ્યમાં આઠ દિવસ સુધી મહામહોત્સવ ઉજવ્યો. જ્યારે આઠ દિવસનો મહામહોત્સવ સમાપ્ત થઈ ગયો ત્યારે તે ચક્રરત્ન આયુધ શાળામાંથી બહાર નીકળ્યું અહીં જે 'यावत्' શબ્દોનો પ્રયોગ કરવામાં આવેલ છે, તેનાથી 'तुरगान् निगृह्णाति रथं स्थापयति, ततः प्रत्यवरोहति, मज्जनगृहं प्रविशति, स्नाति, मज्जनगृहात्प्रतिनिष्क्रामति, भुङ्क्ते, बाह्योपस्थानशालायां सिंहासने उपविशति, श्रेणीप्रश्रेणिं शब्दयति, क्षुद्रहिमवद् गिरिकुमारस्य देवस्य अष्टाहिकाकरणं अष्टदिनपर्यन्तं सन्दिशति, ताश्च कुर्वन्ति, आज्ञप्तिकांच प्रत्यर्पयन्ति" એ પાઠ સંગૃહીત થયો છે. એ પદોની વ્યાખ્યા પહેલાં યથાસ્થાને સ્પષ્ટ કરવામાં આવી છે. એથી જિજ્ઞાસુઓએ ત્યાંથી જાણી લેવું જોઈએ. (पडिणिक्खमित्ता जाव दाहिणिं दिसिं वेयद्धपव्वयाभिमुहे पयाए यावि होत्था) આયુધગૃહશાળામાંથી બહાર નીકળીને તે ચક્રરત્ન દક્ષિણ દિશા તરફ વૈતાઢય પર્વતની તરફ રવાના થયું ॥૨૪॥

**'तएणं से भरहे राया तं दिव्वं चक्करयणं' ॥ इत्यादि सूत्र. २५ ॥**

ટીકાર્થ-(**तए णं से भरहे राया तं दिव्वं चक्करयणं जाव वेयद्धस्स पव्वयस्स उत्तरिल्ले णितंबे तेणेव उवागच्छइ**) ત્યાર બાદ જયારે ભરત રાજાએ તે દિવ્ય ચક્રરત્નને યાવત્ દક્ષિણ દિશામાં વૈતાઢય ગિરિ તરફ જતું જોયું તો જોઈને તે બહુ જ હૃષ્ટ તેમજ તુષ્ટ ચિત્ત-વાળો થયો. ત્યાર બાદ જ્યાં વૈતાઢય પર્વતનો ઉત્તર દિશા તરફ નો નિતંબ હતો-અધો ભાગ હતો, ત્યાં તે આવ્યો.(**उवागच्छित्ता वेयद्धस्स पव्वयस्स उत्तरिल्ले णितंबे दुवालसजोयणायामं जाव पोसहसालं अणुपविसइ**) ત્યાં આવીને તેણે વૈતાઢય પર્વતના ઉતર દિગ્વર્તી નિતંબ ઉપર ગિરિ સમીપ-અધઃ પ્રાન્ત માં-દ્વાદશયોજન જેટલી લંબાઈ વાળા અને નવયોજન પ્રમાણ વાળા શ્રેષ્ટ નગર જેવા પોતાના સ્કન્ધાવાર નો પડાવ નાખ્યો પછી પૌષધશાળામાં શ્રીમહારાજ ભરત નરેશે પ્રવેશ કર્યો. અહીં જે યાવત્ શબ્દ આવેલ છે તેનાથી એ પાઠમાં પૌષધ અંગેના જેટલાં વિશેષણો પહેલાં કહેવામાં આવ્યાં છે તે બધા અહીં પણ ગ્રહણ કરવાં જોઈએ. "**णमि विणमिणं विज्जाहरराईणं अट्ठमभत्तं पगिण्हइ**" પૌષધશાળામાં પ્રવિષ્ટ થઈને તે ભરત રાજાએ શ્રીઋષભ દેવસ્વામીના મહાસામન્ત કચ્છના પુત્ર તેમજ વિદ્યાધરોના રાજા એવા નમિ અને વિનમિને પોતાના વશમાં કરવા માટે અષ્ટમભકતની તપસ્યા ધારણ કરી. (**पगिण्हित्ता पोसहसालाए जाव णमिविणमि विज्जाहररायाणो मणसी करेमाणे २ चिट्ठइ**) અષ્ટમભકતની તપસ્યા ધારણ કરીને પૌષધશાળામાં યાવત પદ ગૃહીત તે ભરત રાજા કુશના આસન ઉપર ઉપવિષ્ટ થઈ ગયા સમસ્ત ભૂષણ અને અલંકારોનો તેમણે પરિત્યાગ કર્યો. તેઓ બ્રહ્મચારી બની ગયા ઇત્યાદિ પૂર્વોકત સમસ્ત વિશેષણોથી વિશિષ્ટ થયેલા તે ભરત રાજાએ નમિ- વિનમિ રાજાઓને કે જેઓ વિદ્યાધરોના સ્વામી હતા તેમનેકેવી રીતે વશમાં કરી શકાય? કેમ કે તેમની ઉપર બાણ વગેરે શસ્ત્રોનો પ્રયોગ કરી તેમને હણવા, તે ક્ષત્રિયોચિત ધર્મ નથી એથી સિન્ધુ વગેરે દેવીઓની જેમજ એ બન્ને ને પોતાની વશમાં કરવા માટે જે સાધનોનો ઉપયોગ થઇ શકે તેમાં પ્રવૃત્ત થયા. (**तए णं तस्स भरहस्स रण्णो अट्ठमभत्तंसि परिणममाणंसि णमि विणमी विज्जाहररायाणो दिव्वाए मईए चोइयमई अण्णमण्णस्स अंतिअं पाउब्भवंति**) શ્રીભરત મહારાજાની અષ્ટમ ભકત ની તપસ્યા જયારે પૂરી. થવા આવી ત્યારે નમિ અને વિનમિ બન્ને વિદ્યાધર રાજાઓ દિવ્યાનુભાવજનિત હોવાથી દિવ્ય એવા પોતાના જ્ઞાન વડે પ્રેરિત થઈને પરસ્પર એક- બીજાની પાસે આવ્યા. અહીં દિવ્ય જ્ઞાનથી ભરતરાજાના મનની વાત જાણવા અંગેનો જો ઉલ્લેખ કરવામાં આવે છે તો તેમને અવધિજ્ઞાનતો હતું નહિ છતાંએ જે તેમણે તેના મનની વાત જાણી લીધી તે સૌધર્મેશાનની દેવીઓ જેમ મનઃ પ્રવિચારિ દેવોના દિવ્યા-નુભાવથી કામાનુકૂત મનો વિજ્ઞાનવાળી હોય છે, તે પ્રમાણે જ એમણે પણ દિવ્યાનુભાવથી ભરતના મનનો ભાવ જાણી લીધો. આમ સમજી લેવું જોઈએ જો આ પ્રમાણે માનવામાં આવે નહીં તો પછી પોતાના વિમાનની ચૂલિકાથી ધ્વજામાન જાણનાર અવધિજ્ઞાનવાળી તે દેવીઓમાં તેમના રિરંસાજ્ઞાનના અભાવથી સુરતાનુકૂલ કામચેષ્ટા પ્રત્યે ઉન્મુખતા સંભવી શકે તેમ નથી. (**पाउब्भवित्ता एवं वयासी**) આ પ્રમાણે તેઓ બન્ને પાસે આવીને

વિચાર કરવા લગ્યા. (उप्पण्णे खलु भो देवाणुप्पिया! जंबुद्दिवे दीवे भरहे वासे भरहे गाया, चाउरंतचक्कवट्टी तं जीअमेअं) હે દેવાનુપ્રિય! જંબૂદ્વીપ નામક દ્વીપમાં ભરતક્ષેત્રમાં ચાતુરન્ત ચક્રવર્તી ભરત નામે રાજા ઉત્પન્ન થયા છે તો આપણો એ આચાર છે (तीअपच्चुप्पण्ण-मणागयाणं विज्जाहरराईणं चक्कवट्टीणं उवत्थाणिअं करेत्तए) અતીત, વર્તમાન અને અનાગત વિદ્યાધર રાજાઓનો કે તેઓ ચક્રવર્તીઓ માટે ભેટ રૂપમાં રત્નાદિક પ્રદાન કરે (तं गच्छामो देवाणुप्पिया! अम्हेवि भरहस्स रण्णो उवत्थाणियं करेमो) તો હે દેવાનુ-પ્રિય, ચાલો, અમે લોકો પણ ભરત મહારાજા માટે ભેટ અર્પિએ. (इति कट्टु) આ પ્રમાણે પરસ્પર વિચારવિનિમય કરીને (विणमी) ઉત્તર શ્રેણીના અધિપતિ વિનમીએ સુભદ્રા નામક સ્ત્રીરત્ન પ્રદાન કર્યું અને દક્ષિણ શ્રેણીના અધિપતિ નમિએ રત્નના કટક અને ત્રુટિકો પ્રદાન કર્યા એવો અર્થ અહીં લગાડવો જોઈએ. (णाऊणं चक्कवट्टिं दिव्वाए मईए चोइ अमइ) કેમકે વિનમિએ એ વાત પોતાના દિવ્યાનુભાવ જનિત જ્ઞાનથી જાણી લીધી કે ભરત નામક ચક્રવર્તી રાજા ઉત્પન્ન થયો છે. અને તેને વિદ્યાધર રાજા ભેટ આપે છે. એથી જ તેણે ચક્રવર્તી માટે સ્ત્રી-રત્ન આપ્યું હવે જે સ્ત્રી-રત્ન ચક્રવર્તી માટે ભેટ સ્વરૂપમાં વિનમિએ અર્પિત કર્યું તે સ્ત્રીરત્ન કેવું હતું, તે વાતને સૂત્રકાર આ પ્રમાણે પ્રગટ કરે છે- (माणुम्माणप्पमाणजुत्तं तेअस्सिं रूवलक्खणजुत्तं ठियजुव्वणकेसवट्टियणहं सव्व रोगणासणिं बलकरिं, इच्छिअ सीउण्हफासजुत्तं) કે તે સુભદ્રા નામક સ્ત્રી-રત્ન માન ઉન્માન અને પ્રમાણથી યુક્ત હતું. તાત્પર્ય આમ છે કે સાર પુદ્ગલોથી ઉપચિત પુરુષનું જેટલું પ્રમાણ હોય છે તેના કરતાં પણ કંઇક વધારે પ્રમાણવાળી એક મોટી કુંડિકામાં પાણી ભરો અને તેમાં તે પુરૂષને પ્રવિષ્ટ કરાવો તે પ્રવિષ્ટ થાય અને તેની અંદરથી ત્રિટંક સૌવ-ર્ણિક ગણનાની અપેક્ષાએ જે ૩૨ શેર જેટલું પાણી બહાર નીકળી આવે તો તે પુરૂષ ને માનોપેત માનવામાં આવે છે. અને તે જ સાર પુદ્ગલોપચિત પુરૂષ ને ત્રાજવા ઉપર તોલવા માં આવે તો તેનું વજન ૧ હજાર પલ પ્રમાણ જેટલું થાય તો તેને ઉન્માનોપેત કહેવામાં

આવે છે. તેમને જે પુરૂષનો જેટલા પ્રમાણવાલો અંગુલ હોય છે, તે અંગુલથી ૧૨ અંગુલ જેટલું જેનું મુખ હોય છે તેને મુખપ્રમાણ માનવામાં આવે છે. એવા મુખપ્રમાણથી જે પુરુષ ૯ મુખ જેટલો હોય છે એટલે કે ૧૦૮ અંગુલ જેટલો ઊંચો હોય છે, તેને પ્રમાણોપેત કહેવામાં આવે છે. એવા માન, ઉન્માન અને પ્રમાણથી યુક્ત તે સુભદ્રા નામક સ્ત્રી-રત્ન હતું. તેમજ તે સુભદ્રા સ્ત્રી-તેજસ્વી હતું તે વિલક્ષણ તેજથી સમ્પન્ન હતું. આકારે તે સુભદ્રા સ્ત્રી-રત્ન સુન્દર હતું. છત્રાદિ પ્રશસ્ત લક્ષણોથી તે યુક્ત હતું. સ્થિર યૌવનવાળું હતું. વાળની જેમ એના નખો અવર્ધિષ્ણુ હતાં એના સ્પર્શમાત્રથી જ સમસ્ત રોગો નાશ પામતા હતા. તે બળબુદ્ધિ કરનાર હતું, બીજી સ્ત્રીઓની જેમ તે સુભદ્રા પોતાના ઉપભોકતા પુરુષના બળને ક્ષય કરનાર ન હોતી. શીત કાળમાં તે સુભદ્રારત્ન ઉષ્ણ સ્પર્શવાળું રહેતું હતું અને ઉષ્ણકાળમાં એ શીતસ્પર્શ વાળું થઇ જતું હતું. તેમજ મધ્યમ ઋતુમાં એ મધ્યમ સ્પર્શ

વાળું થઇ જતું. હતું. એ સુભદ્રા સ્ત્રી રત્ન મધ્યમાં-કટિ ભાગમાં ઉદરમાં અને શરીરમાં એ ત્રણ સ્થાનો માં કૃશ હતું. ત્રણ સ્થાનોમાં-નેત્રના પ્રાન્ત ભાગોમાં, અધરોષ્ઠમાં તેમજ યોનિસ્થાનમાં એ લાલ હતું. તે ત્રિવલિ યુક્ત હતું. ત્રણ સ્થાનોમાં-સ્તન. જઘન અને યોનિ રૂપ સ્થાનોમાં તે ઉન્નત હતું. ત્રણ સ્થાનોમાં નાભિમાં સત્વમાં અને સ્વરમાં એ ગંભીર હતું. ત્રણ સ્થાનોમાં-રોમરાજિ, ચુચુક અને કનીનિકામાં એ કૃષ્ણવર્ણોપેત હતું, ત્રણ સ્થાનોમાં દન્ત, સ્મિત અને ચક્ષુ રૂપ સ્થાનોમાં એ શ્વેતવર્ણોપેત હતું. ત્રણ સ્થાનોમાં વેણી, બાહુલતા અને લોચન રૂપ સ્થાનોમાં એ લંબાઇ યુક્ત હતું. તેમજ ત્રણ સ્થાનો માં શ્રોણિચક્ર જઘન સ્થલી અને નિતંબ એ સ્થાનોમાં એ પહોળાઇયુક્ત હતું. એ સર્વે વિશેષણોનું કથન પ્રકટ કરનારી ગાથા આ પ્રમાણે છે—

"तिसु तणुअं तिसु तंबं तिवलीग ति उण्णयं तिगंभीरं ।

तिसु कालं तिसु सेअं ति आयतं तिसुय विच्छिण्णं ॥१॥

(समसरीरं) સમચતુસ્રત્ર સંસ્થાન વાળું હોવાથી એ સુભદ્રારત્ન સમશરીર વાળું હતું. (भरहे वासंमि सव्व महिलप्पहाणं) ભરત ક્ષેત્રમાં એ રત્ન સમસ્ત મહિલાઓની વચ્ચે પ્રધાન રત્ન હતું. (सुंदरथणजघनवरकरचलण णयणसिरसिजदसण जणहिअयरमण मणहरिं) એના સ્તનો, જઘન અને કરદ્વય એ સર્વે સુંદર હતા. બન્ને ચરણો ખૂબજ મનોજ્ઞ હતા. બન્ને નેત્રો અતીવ આકર્ષક હતા. મસ્તકના વાળ અને દંત પંક્તિ દૃષ્ટ પુરુષના ચિત્તને આનંદ આપનારાં હતાં. આ પ્રમાણે એ સુભદ્રારત્ન અતીવ મનોહર હતું (सिंगारागार जाव जुत्तोवयारकुसलं) એનો સુંદર વેષ પ્રથમ રસ રૂપ શ્રૃંગારનું ઘર હતું યાવત્ સંગત લોક વ્યવહારમાં એ સુભદ્રારત્ન અતીવ કુશળતા પૂર્ણ હતું. અહીં યાવત્ પદથી "चारुवेषां, संगतगतहसितभणित, चेष्टितविलाससललितसंलापनिपुणाम् ) એ પદોનુ ગ્રહણ થયું છે. પદોની વ્યાખ્યા આ પ્રમાણે છે-એ સુભદ્રાસ્ત્રીરત્ન નું ગમન, હાસ્ય, મુસકાન, બોલવું, આ વાણી, ચેષ્ટિત, નેત્ર-ચેષ્ટા અને પ્રસન્નતાપૂર્વક કરવામાં આવેલા આલાપો એ સર્વે અદ્ભુત હતાં. એટલે કે એ સુભદ્રારત્ન એ સર્વે ગમનાદિક રૂપ કાર્યોમાં અતીવ ઉત્તમતા યુક્ત હતું

(अमरवहूणं सुरूवं रूवेणं अणुहरंतीं सुभद्दं भद्दंमि जोव्वणे वट्टमाणिं इत्थीरयणं, णमीय रयणाणि य कडगाणि य तुडियाणि य गेण्हइ) એ સુભદ્રાસ્ત્રીરત્ન રૂપમાં દેવાંગનાઓના સૌંદર્યનું અનુકરણ કરનાર હતું. એવા વિશેષણોથી વિશિષ્ટ તેમજ ભદ્ર-કલ્યાણકારી યૌવનમાં સ્થિત એવાસ્ત્રી-રત્નરૂપ સુભદ્રારત્નને વિનમિએ સાથે લીધું અને નમિએ અનેક રત્નોને, કટકોને અને ત્રુટિકોને લીધાં. (गिण्हित्ता जेणेव भरहे राया तेणेव उवागच्छइ) એ સર્વને લઈને પછી તેઓ જ્યાં ભરત રાજા હતા ત્યાં ગયા. (ताए उक्किट्ठाए तुरियाए जाव उद्धूयाए विज्जाहरगईए) જતિ વખતે તેઓ એ સાધારણ ગતિથી ગમન કર્યું નહિ પણ ઉત્કૃષ્ટ ગતિથી ગમન કર્યું તે તેમની ઉત્કૃષ્ટ ગતિ પણ એવી હતી કે જેમાં ત્વરા હતી, શીઘ્રતા હતી. એથી તેમણે માર્ગમાં કોઈ પણ સ્થાને વિશ્રામ લીધો નહિ. ત્વરા યુક્ત હોવા છતાંએ તે એવી નહોતી કે જેમાં અનુદ્ધતતા હોય પણ ઉદ્ધુતતાથી છલંગથી-તે યુક્ત હતી. આ પ્રમાણે જેવી વિદ્યાધરોની ગતિ હોય છે, એવી જ ગતિથી ચાલીને તેઓ ભરતરાજાની પાસે ગયા. અહીં યાવત્ પદથી "चपलया चण्डया, रोद्दया, सिंहया, जयिन्या" એ વિશેષણોનુ

ગ્રહણ થયું છે. (**उवागच्छित्ता अंतलिक्खपडिवन्ना सखिंखिणीयाइं जाव जएणं विजएणं वद्धावेंति**) ત્યાં પહોંચીને તેઓ નીચે ઉતર્યા નહીં પણ આકાશમાં જ સ્થિર રહ્યા. જે વસ્ત્રોને તેમણે તે વખતે ધારણ કરેલાં હતાં, તે વસ્ત્રો ક્ષુદ્રઘંટિકાઓથી યુક્ત હતાં. અને પાંચ વર્ણોથી-શુક્લ, નીલ, પીત-રક્ત અને હરિત એ પાંચ પ્રકારના રંગોથી રંગેલા હતાં. એથી એ વસ્ત્રો શ્રેષ્ઠ હતાં. આકાશમ સ્થિર રહીને જ એ વિનમિ અને નમિએ ભરત મહારાજાને જય-વિજય શબ્દોથી વધામણી આવી. (**वद्धावित्ता एवं वयासी**) અને વધામણી આપી ને પછી આ પ્રમાણે કહ્યું. (**अभिजिएणं देवाणुप्पिया ! जाव अम्हे देवाणुप्पियाणं आणत्ति-किंकरा इति कट्टु तं पडिच्छंतु णं देवाणुप्पिया ! अम्हं इमं जाव विणमी इत्थीरयणं णमी रयणाणि समप्पेइ**) હે દેવાનુપ્રિય ! આપશ્રીએ વિજય પ્રાપ્ત કર્યો છે. અહીં આવેલા યાવત્ પદથી માગધ ગમની વક્તવ્યતા પ્રકટ કરવામાં આવી છે, એથી માગધ પ્રકરણમાં જે કહેવામાં આવ્યું છે તે બધું અહીં કહેવું જોઈએ. આ પ્રમાણે અમે આપશ્રીના આજ્ઞપ્તિ કિંકરો આજ્ઞા પાલકો છીએ. આ પ્રમાણે કહીને પછી તેમણે આ પ્રમાણે કહ્યુ કે હે દેવાનુપ્રિય ! આપશ્રી અમારી આ ભેટને સ્વીકારો. આ પ્રમાણે કહીને વિનમિએ સ્ત્રી-રત્ન અને નમિએ રત્નાદિકો. ભરત રાજા ને ભેટમાં આપ્યાં. (**नवरं उत्तरेणं चुल्लहिमवंतमेराए अम्हे देवाणुप्पिया णं विसयवासिणोत्ति**) ભેટ આપવાની સાથે-સાથે તેમણે "અમે બન્ને ક્ષુદ્રહિમવત્પર્વતની સીમામાં આવેલા ઉત્તર શ્રેણિના અધિપતિ વિનમિ અને નમિ વિદ્યાધરાધિપતિ ઓછીએ અને હવે અમે આપશ્રીના દેશના જ નિવાસીઓ થઇ ગયા છીએ "આ પ્રમાણે પોતાની ઓળખાણ આપી. (**तएणं से भरहे राया जाव पडिविसज्जेइ**) આ પ્રમાણે તેમના વડે ભેટમાં પ્રદત્ત સ્ત્રીરત્ન તેમજ રત્નાદિક ને સ્વીકારી ને ભરત મહારાજાએ તેઓ બન્નેનો સત્કાર કર્યો અને તેઓ બન્નેનું સન્માન કર્યું. ત્યાર બાદ બન્નેને પોત-પોતાના સ્થાને જવાનો રાજા એ આદેશ આપ્યો. (**पडिविसज्जित्ता पोसहसालाओ पडिणिक्खमई**) આ પ્રમાણે તેઓ બન્નેને વિસર્જિતકકરીને ભરત રાજા પૌષધ શાળા માંથી બહાર નીકળ્યો. (**पडि-णिक्खमित्ता मज्जणघरं अणुप्पविसइ**) બહાર નીકળી ને તે રાજા સ્નાન ઘરમાં ગયો. (**अणुप-विसित्ता भोयणमंडवे जाव णामि विनिमीणं विज्जाहरराईणं अट्ठाहिय महामहिमा**) ત્યાં પહોંચીને તેમણે સ્નાન કર્યું અહીં સ્નાનવિધિનું સંપૂર્ણ રૂપમાં વર્ણન કરવું જોઈએ. પછી તે ત્યાંથી ભોજન મંડપમાં ગયા. ત્યાં તેમણે પારણા કર્યા. અહીં યાવત્ શબ્દથી એ કથન સંગૃહીત થયેલ છે. કે પછી તેમણે શ્રેણી-પ્રશ્રેણી જનોને બોલાવ્યા અને આઠ દિવસ સુધી સતત મહામહોત્સવ કરવાની તેમને આજ્ઞા આપી. તેમણે ભરત મહારાજાની આજ્ઞાથી નમિ-વિનમિ વિદ્યાધર રાજાઓ ઉપર વિજય મેળવ્યો. તે વિજયોપલક્ષ્યમા આઠ દિવસ સુધી ઠાઠ માઠથી મહોત્સવ કર્યો અને તે મહોત્સવ પૂર્ણ રૂપે સંપાદિત થયો છે એની સૂચના રાજાને આપી (**तएणं से दिव्वे चक्करयणे आउहघरसालाओ पडिणिक्खमई**) ત્યાર બાદ તે ચક્રરત્ન આયુધગૃહ શાળામાંથી બહાર નીકળ્યું. (**जाव उत्तरपुरत्थिमं दिसिं गंगा देवी भवणाभिमुहे पयाए यावि होत्था**) અને યાવત્ તે ઈશાન દિશામાં ગંગા દેવીના ભવનની તરફ રવાના થયું કેમકે વૈતાઢ્યથી ગંગાદેવીના ભવન તરફ જનારાને ઈશાન દિશામાં જવું એ વધારે સરલ પડે છે. (**सच्चेव सव्वा सिंधु वत्तव्वया जाव नवरं कुंभट्ठसहस्सं रयणचित्तं णाणामणिकणगरयण भत्ति चित्ताणि य दुवे कणगसीहासणाइं सेसं तं चेव**)

जाव महिमत्ति) પૂર્વોક્ત સિંધુ પ્રકરણમાં જે વક્તવ્યતા કહેવામાં આવી છે તે અહીં કહેવી જોઈએ. પણ અહી સિંધુના સ્થાને ગંગાપદ લગાડી ને અભિલાપ કરવો જોઇએ. એ વક્તવ્યતા આ જ ગ્રન્થમાં તૃતીય વક્ષસ્કારમાં ૧૧ માં સૂત્રમાં વિશેષ રૂપ માંથી પ્રીતિ દાન સુધી કહેવામાં આવી છે. તો પ્રીતિદાન સુધીની વક્તવ્યતા અહીં પણ જાણી લેવી જોઇએ. તે વક્તવ્યતા અને આ વક્તવ્યતામાં અંતર આ પ્રમાણે છે કે ગંગાદેવીએ ભરત નરેશ માટે ભેટમાં ૧૦૦૮ કુંભો કે જેઓ રત્નોથી વિચિત્ર પ્રતીત થતા હતા, આવ્યા તેમજ અનેક મણિઓ થી, કનક તથા રત્નોથી જેમનામાં રચના થઈ રહી છે, એવા બે કનક સિંહાસનો આવ્યાં. શેષ સર્વ કથન પ્રાભૃત (ભેટ) સ્વીકાર કરવી, સન્માન કરવું વગેરે છે તે સર્વ આઠ દિવસ મહોત્સવ સુધીનું કથન પહેલાં પ્રકટ કરવામાં આવ્યું છે અહીં પણ તે પ્રમાણે જ સમજી લેવું જોઇએ. ॥સૂત્ર૨૫॥

## ભરત મહારાજા કે દિગ્યાત્રા તથા દક્ષિણાર્ધ મેં ભરત કે કાર્યકા વર્ણન

'तएणं से दिव्वे चक्करयणे गंगाए देवीए अट्ठाहियाए !' इत्यादि-सूत्र, २६॥

टीकार्थ-(तएणं से दिव्वे चक्करयणे गंगाए देवीए अट्ठाहियाए महामहिमाए निव्वत्ताए समाणीए) જ્યારે ગંગાદેવીના વિજયોપલક્ષ્યમાં આયોજિત આઠ દિવસ ને મહોત્સવ સમાપ્ત થઈ ચૂકયો ત્યારે તે દિવ્ય ચક્રરત્ન 'आउहघरसालाओ' આયુધઘરશાળા માંથી (पडिणिक्खमइ) બહાર નીકળ્યું. અને (पडिणिक्खमित्ता जाव गंगा महाणईए पच्चत्थिमिल्लेणं कूलेणं दाहिणदिसिं खंडप्पवाय गुहाभिमुखे पयाए यावि होत्था) નીકળીને તે યાવત્ ગંગા મહાનદીના પશ્ચિમ કૂલ પર થઇ ને દક્ષિણ દિશામાં ખંડ પ્રપાત ગુહા તરફ ચાલવા લાગ્યું. અહીં યાવત્ શબ્દથી અન્તરિક્ષ પ્રતિપન્ન યક્ષ સહસ્ર પરિવૃત વગેરે પાઠ ગૃહીત થયેલ છે. (तएणं से भरहे राया जाव जेणेव खंडप्पवायगुहा तेणेव उवागच्छइ) જ્યારે ભરત રાજાએ ચક્રરત્નને ખંડ પ્રપાત ગુહા તરફ જતું જોયું તો તે પણ જ્યાં ખંડ પ્રપાત નામક ગુફા હતી તે તરફ પહોંચ્યો. અહીં યાવત્ પાઠથી ''पश्यति दृष्ट्वा हृष्टतुष्टचित्तानन्दितः प्रीतिमनाः परमसौमनस्यितः हर्षवशविसर्पद्हृदयः'' એ પાઠ તૃતીય વક્ષસ્કારમાં જેમ કહેવામાં આવેલ છે, તે પ્રમાણે અત્રે પણ સંગૃહીત થયો છે. (उवागच्छित्ता सव्वा कयमालगवत्तव्वया णेयव्वा णवरि णट्टमालगे देवे पीइदाणं से अलंकारियभंडं कडगाणिय सेसं सव्वं तहेव अट्ठाहिया महामहिमा) ત્યાં પહોંચી ને તેણે જે કાર્યો ત્યાં કર્યાં તે વિષે કૃતમાલક દેવની વક્તવ્યતામાં જેમ વર્ણવવામાં આવેલ છે તેમ અહીં પણ જાણી લેવું જોઇએ. કૃતમાલક દેવ તમિસ્રા ગુહાનો અધિપાત દેવ છે. તે વક્તવ્યતામાં અને આ વક્તવ્યતામાં તફાવત આટલો જ છે કે નાટયમાલક દેવે ભરત મહારાજા માટે પ્રીતિદાનમાં આભરણો થી પૂરિત ભાજન અને કટકો આપ્યાં. એના સિવાયનું શેષ બધું કથન સત્કાર, સન્માન વગેરે કરવા અંગેનું કૃતમાલક દેવની જેમ જ આઠ દિવસ સુધી મહામહોત્સવ કરવા સુધીનું છે. (तएणं से भरहे राया णट्टमालगस्स देवस्स अट्ठाहिआए महिमाए णिव्वत्ताए समाणीए सुसेणं सेणावइं सद्दावेइ) જ્યારે નટ્ય માલક દેવના વિજયોપલક્ષ્યમાં આયોજિત આઠ દિવસ સુધીનો મહોત્સવ સંપૂર્ણ થઈ ચૂકયો ત્યારે ભરત રાજાએ પોતાના સુષેણ નામક સેનાપતિ ને બોલાવ્યો. (सद्दावित्ता जाव सिंधुगमो णेदव्वो) બોલાવી ને તેણે જે કંઈ તે સેનાપતિ ને કહ્યુ તે

બધું સિંધુ નદીના પ્રકરણમાં જેમ કહેવામાં આવ્યું છે તેવું જ અત્રે પણ સમજવું પણ અહીં સિન્ધુ નદીના સ્થાને ગંગા શબ્દ જોડવો પડશે. જેમ કે-"गच्छाहि णं भो देवाणुप्पिया !" હે દેવાનુપ્રિય ! સુષેણ તમે જાઓ અને ગંગા મહાનદીના (पुरत्थिमिल्लं णिक्खुडं सगंगासागरगिरिमेरागं समविसमणिक्खुडाणिय ओअवेहि) પૂર્વ દિગ્વર્તી નિષ્કુટ-ભરત ક્ષેત્રને કે જે પશ્ચિમમાં ગંગામહાનદીથી પૂર્વમાં સમુદ્રથી, દક્ષિણમાં વૈતાઢ્ય ગિરિથી અને ઉત્તરમાં ક્ષુદ્ર હિમવત્ પર્વતથી વિભક્ત થયેલ છે. તેને સાધો અને તેના સમ-વિષમ રૂપ જે અવાન્તર ક્ષેત્ર-ખંડ છે, તેમને સાધો, પોતાના વશમાં કરો અને તેમને વશમાં કરીને ત્યાંથી પ્રાપ્ત પોત-પોતાની જાતિમાં ઉત્કૃષ્ટ હોય તેવી વસ્તુઓને પ્રીતિદાનમાં પ્રાપ્ત કરો. (तएणं से सेणावई जेणेव गंगा महाणईते णेव उवागच्छई) આ પ્રમાણે ભરત રાજા વડે આજ્ઞપ્ત થયેલો તે સુષેણ સેનાપતિ જ્યાં ગંગા મહાનદી હતી ત્યાં ગયો. (उवागच्छित्ता दोच्चंपि सक्खंधावारबले गंगा महाणई विमलजलतुंगवीइं णावाभूएणं चम्मरयणेण उत्तरइ) ત્યાં જઈને તેણે પોતાના સ્કંધાવાર રૂપ બલસહિત સુસજ્જ થઈને-જેમાં વિમલ જળની વિશાળ તરંગો લહેરાઈ રહી છે એવી તે ગંગા મહાનદીને નૌકાભૂત થયેલા તે ચર્મરત્ન વડે પાર કરી. (उत्तरित्ता जेणेव भरहस्स रण्णो विजयखंधावारणिवेसे जेणेव बाहिरिया उवट्ठाणसाला तेणेव उवागच्छइ) પાર કરીને પછી તે જ્યાં ભરત રાજાનો વિજય સ્કંધાવાર-પડાવ-હતો અને જ્યાં બાહ્ય ઉપસ્થાન શાળા હતી ત્યાં આવ્યો. (उवागच्छित्ता अभिसेक्काओ हत्थिरयणाओ पच्चोरुहइ) ત્યાં આવીને તે આભિષેક્ય-અભિષેક યોગ્ય-પ્રધાન હસ્તિરત્ન ઉપરથી નીચે ઉતર્યા. (पच्चोरुहित्ता अग्गाइं वराइं रयणाणि गहाय जेणेव भरहे राया तेणेव उवागच्छइ) નીચે ઉતરીને તે શ્રેષ્ઠ રત્નોને લઈ ને જ્યાં ભરત મહારાજા હતા ત્યાં આવ્યો. (उवागच्छित्ता करयलपरिग्गहियं जाव अंजलिं कट्टु भरहं रायं जएणं विजएणं वद्धावेइ) ત્યાં આવીને તેણે બન્ને હાથો ને જોડી ને અને તેમને અંજલિ રૂપમાં બનાવીને ભરત મહારાજાને જય-વિજય શબ્દો વડે વધામણી આપી. (वद्धावित्ता अग्गाइं वराइं रयणाइं उवणेइ) વધામણી આપી ને પછી તેણે તે ભરત મહારાજાને શ્રેષ્ઠ રત્નો અર્પિત કર્યા-રાજાની સામે શ્રેષ્ઠ રત્નો મૂક્યાં. (तएणं से भरहे राया सुसेणस्स सेणावइस्स अग्गाइं वराइं रयणाइं पडिच्छइ) ભરત નરેશે તે સુષેણ સેનાપતિ વડે પ્રદત્ત રત્નોનો સ્વીકાર કર્યો. (पडिच्छित्ता सुसेणं सेणावइं सक्कारेइ सम्माणेइ) સ્વીકાર કરીને પછી તેણે સુષેણ સેનાપતિનો સત્કાર કર્યો અને સન્માન કર્યું. (सक्कारित्ता सम्माणित्ता पडिविसज्जेइ) સત્કાર અને સન્માન કરીને પછી ભરત નરેશેતે સુષેણ સેનાપતિ ને આદરપૂર્વકવિસર્જિત કર્યા. (तएणं से सुसेणे सेणावइं भरहस्स रण्णो सेसंपि तहेव जाव विहरइ) ત્યાર બાદ ભરત નરેશ પાસેથી પોતાના આવાસ-સ્થાન ઉપર આવી ને સુષેણ સેના-પતિએ સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, કૌતુક મંગળ, પ્રાયશ્ચિત્ત કર્યા. યાવત્ તે પોતાના શ્રેષ્ઠ પ્રાસાદમાં પહોંચીને ઈચ્છાનુસાર શબ્દ, સ્પર્શ, રસ રૂપ અને ગંધ વિષયક પાંચ પ્રકારના

કામ ભોગો ભોગવવા લાગ્યો. શબ્દ અને રૂપ એ કામો માનવામાં આવ્યા છે. અને સ્પર્શ, રસ, ગન્ધ એ ભોગો માનવામાં આવ્યા છે (तएणं से भरहे राया अण्णया कयाइ सुसेणं सेणावइरयणं सद्दावेइ) ગંગાના નિષ્કુટને જીત્યા પછી કોઈ એક વખતે ભરત મહારાજાએ સુષેણ સેનાપતિને બોલાવ્યો.(सद्दावित्ता एवं वयासी) બોલાવીને તેને આ પ્રમાણે કહ્યું-गच्छ णं भो देवाणुप्पिया ! खंडप्पवायगुहाए उत्तरिल्लस्स दुवारस्स कवाडे विहाडेइ) હે દેવાનુપ્રિય ! તમે ત્વરાથીજાઓ અને ખંડપ્રપાત ગુહાના ઉત્તર દિગ્વર્તી દ્વારના કમાડો ખોલો. (जहा तिमिस गुहाए तहो भाणियव्वं जाव पियं मे भवउ) જેવું કથન તમિસ્રા ગુફાના સંબંધ માં કહેવામાં આવ્યું છે, તેવું જ કથન અત્રે ખંડપ્રપાત ગુફાના સંબંધમાં પણ તમારું કલ્યાણ થાઓ અહીં સુધી સમજી લેવું જોઇએ. તમિસ્રા ગુફાના સંબંધમાં કથન આજ વક્ષસ્કારના ૧૪ મા સૂત્રમાં કરવામાં આવેલ છે. તો ત્યાંથી એ વિષય જાણી શકાય તેમ છે. (सेसं तहेव जाव भरहो उत्तरिल्लेणं दुवारेणं अईइ ससिव्व मेहंधयारनिवहं) આના પછીનું કથન પૂર્વોક્ત જેવું જ છે. યાવત્ જેમ ચન્દ્ર મેઘાવૃત્ત અંધકારમાં પ્રવેશે છે તેમજ તે ભરત મહારાજાએ ઉત્તર દ્વારથી તમિસ્રાગુફામાં પ્રવેશ કર્યો. (तहेव पविसंतो मंडलाइं आलिहइ ) ભરત મહારાજાએ જેમ ખંડ પ્રપાત ગુફામાં પ્રવેશ કર્યો તેમ જ સુષેણ સેનાપતિએ પણ ત્યાં પ્રવિષ્ટ થઈ ને ૪૯ મંડલો લખ્યા. અહીં ગુફાના કમાડો ખોલવાથી માંડીને ૪૯ મંડલો લખવા સુધી જેટલું વર્ણન છે, તે બધું જેવું તમિસ્રા ગુફાના પ્રકરણમાં કરવામાં આવેલું છે તેવું જ છે. (तीसेणं खंडप्पवाय-गुहाए बहुमज्झदेसभाए जाव उम्मग्गणिमग्गजलाओ णामं दुवे महाणइओ तहेव णवरं पच्च-त्थिमिल्लाओ कडगाओ पवूढाओ समाणीओ पुरत्थिमेणं गंगं महाणइं समप्पेंति) તે ખંડ પ્રપાત ગુફાના બહુ મધ્ય દેશ ભાગમાં યાવત્-બરાબર એ જ સ્થાન પર ઉન્મગ્ના અને નિમગ્ના નામક બે મહાનદીઓ વહે છે. એ નદીઓનું સ્વરૂપ તમિસ્રા ગુફાની એ જ નામની નદીઓ જેવું જ છે. ૧૬ માં સૂત્રમાં આજ વક્ષસ્કારના વર્ણનમાં એ કથન કહેવામાં આવેલ છે. પણ તે વર્ણનથી આ વર્ણનમાં જે વિશેષતા છે, તે આ પ્રમાણે છે.—ખંડપ્રપાત ગુફાના પશ્ચિમ ભાગમાં જે કટક છે, તે કટકથી એ બન્ને નદીઓ નીકળી છે. અને પૂર્વ દિશા તરફથી એ બન્ને નદીઓ ગંગા નામક મહાનદી માં મળી છે. (सेसं तहेव णवरं पच्चत्थि-मिल्लेणं कूलेणं गंगाए संकमवत्तव्वया तहेवंति) એ બન્ને નદીઓના આયામ-વિસ્તાર, ઉદ્વેધ-અન્તર વગેરે સર્વ કથન તમિસ્રા ગુહાગત પૂર્વોક્ત નદી દ્વય જેવું જ છે. અહીંની બન્ને નદીઓનો પ્રવેશ ગંગાના પશ્ચિમ તટમાં થયેલ છે. એટલે કે તમિસ્રા ગુફાની એ બન્ને નદી-ઓનો પ્રવેશ સિન્ધુનદીઓમાં થયેલ છે. અને અહીંની બન્ને નદીઓનો પ્રવેશ ગંગા નદીમાં થયેલો છે. શેષ સેતુ વગેરે બનાવવા સંબંધી સર્વ કથન પહેલાં જેવું જ અત્રે પણ સમ-જવું. (तए णं खंडप्पवायगुहाए दाहिणिल्लस्स दुवारस्स कवाडा सयमेव महया २ कोंचारवं करेमाणा २ सरसरस्सगाइं ठाणाइं पच्चासक्कित्था)ખંડપ્રપાત ગુફાના દક્ષિણ દ્વારના કમાડો ક્રૌંચ-પક્ષીના શબ્દ જેવા શબ્દ કરતાં પોતાની મેળે જ સેનાપતિના દંડરત્નના પ્રહાર વિના જ પોતાના સ્થાન ઉપર થી ખસી ગયા. (तएणं से भरहे राया चक्करयणदेसियमग्गे जाव

खंडगप्पवायगुहाओ दक्खिणिल्लेणं दारेणं णीणेइ ससिव्व मेहंधयारनिवहाओ) ત્યારબાદ ચક્ર રત્ન જેને ગન્તવ્ય માર્ગ પ્રકટ કરી રહ્યું છે. એવોતે ભરત નરેશ યાવત્ ખંડ પ્રપાત ગુફાના દક્ષિણ દ્વારથી પસાર થઈ ને ચન્દ્રની જેમ અંધકાર સમૂહ માંથી નીકળ્યો. અહીં યાવત્ પદનાપાઠથી "अनेक राजवरसहस्रानुयातमार्गः" ઈત્યાદિ વિશેષણો વડે "महासमुद्ररत्न भूतामिव" એ વિશેષણ સુધી વર્ણન પહેલાં તમિસ્રા ગુફાના પ્રકરણમાં કરવામાં આવેલ છે, તેવું જ સર્વ વર્ણન અહીં પણ કરી લેવું જોઈએ. આમ સૂચિત કરવામાં આવે છે અત્રે એવી આશંકા થાય છે કે ચક્રવર્તીઓનો જે તમિસ્રા ગુફામાં પ્રવેશ અને ખંડપ્રપાત ગુફામાંથી નિર્ગમ હોય છે, એનું કારણ શું છે? એવું કેમ થતું નથી કે ખંડપ્રપાત ગુફામાંથી તેમનો પ્રવેશ થાય અને તમિસ્રા ગુફામાંથી તેમનું નિર્ગમન થાય કેમ કે પ્રવેશ અને નિર્ગમન રૂપ કાર્યોની ઉભયત્ર તુલ્યતા છે. તો આ શંકાનું સમાધાન આ પ્રમાણે છે કે એવું જે કહેવામાં આવ્યું છે તો તેમાં એ કારણ છે કે આ પ્રમાણે પ્રવેશ અને નિર્ગમન જે કરે છે. તે ચક્રી પ્રશસ્ત ફળવાન્ થાય છે. બીજી વાત એ છે કે ખંડપ્રપાત ગુફાથી પ્રવિષ્ટ થઈએ તો ઋષભકૂટ આસન્ન પડે છે તો તેની ઉપર ચતુર્દિક્ પર્યન્ત સાધ્ય વગર નામન્યાસ એટલે કે-નામ લખવું પણ શક્ય હોતું નથી. ॥સૂત્ર-૨૬॥

(तए णं से भरहे राया गंगाए महाणईए) इत्यादि-'સૂત્ર-૨૭'

ટીકાર્થ-(तए णं से भरहे राया गंगाए महाणईए पच्चत्थिमिल्ले कूले दुवालसजोयणायामं णवजोयणविच्छिण्णं जाव विजयक्खंधावारणिवेसं करेइ) ગુફામાંથી નીકળ્યા બાદ ભરતરાજાએ ગંગા મહાનદીના પશ્ચિમ દિગ્વર્તી તટ પર બાર યોજન પ્રમાણ લાંબી અને ૯ યોજન પ્રમાણ પહોળી એથીજ એક સુંદર નગર જેવી સુશોભિત દેખાતી વિજય સેનાનો નિવાસ પડાવ નાખ્યો. (अवसिट्ठं तं चेव जाव निहिरयणाणं अट्ठमभत्तं पगिण्हइ) અહીંથી આગલનું બધું કથન જેમ માગધદેવના સાધન પ્રકરણમાં સ્પષ્ટ કરવામાં આવેલ છે, તેવુંજ પૌષધશાળામાં દર્ભના આસન ઉપર બેસવા સુધીનું અહીં જાણી લેવું જોઈએ માગધ દેવને સાધન કરવા અંગેનુ પ્રકરણ આજ તૃતીય વક્ષસ્કારના સપ્તમ સૂત્રમાં સ્પષ્ટકરવામાં આવેલું છે. આ પ્રમાણે સર્વ કથન પૂર્વોક્ત રૂપમાં સંપન્ન કરીને ભરત મહારાજાએ ૯ નિધિઓ અને ૧૪ રત્નોને સાધવા માટે અષ્ટમ ભક્તની તપસ્યા ધારણકરી. (तएणं से भरहे राया

पोसहसालाए जाव-निहिरयणे मणसि करेमाणे २ चिट्ठइ) ते અષ્ટમભક્ત(તેલા) તપસ્યામાં તે ભરત નરેશે ૯ નિધિઓનું અને ૧૪ રત્નોનું પોતાના મનમાં ધ્યાન શરૂકર્યું આજ અહી યાવત પદથી-पौषधिकः "આ પદથી માંડીને एकः 'अद्वितीयः" પદ સુધીના પદ સમૂહો ગૃહીત થયા છે. (तस्स अपरिमियरत्तरयणाधुवमक्खयमव्वया सदेवा लोकोपचयंकरा उवगया णव णिहिओ लोगविस्सुयजसा ) તે ભરત મહારાજાની પાસે અપરિમિત રક્તવર્ણના, કૃષ્ણ-વર્ણના, નીલવર્ણના, પીતવર્ણના, શુક્લ વર્ણના અને હરિત વર્ણના વગેરે અનેક વર્ણના રત્નોવાળી તેમજ જેમનો યશ લોકમાં વ્યાપ્ત થઈ રહ્યો છે એવા ૯ નિધિઓ પોત-પોતાના અધિષ્ઠાપક દેવો સહિત ઉપસ્થિત થયા. અહીં અનેક વર્ણોવાળા રત્નો જેમાં રહે છે, આમ જે કહેવામાં આવ્યું છે તે તેમના મતની અપેક્ષાએ કહેવામાં આવેલ છે. જે આ પ્રમાણે માને છે કે નવ નિધિઓમાં એ વક્ષ્યમાણપદાર્થો સાક્ષાત્ ઉત્પન્ન થાય છે. શાશ્વતિ કલ્પ પુસ્તક વગેરે પુસ્તકોમાં વિશ્વની સ્થિતિ પ્રકટ કરવામાં આવી છે. કેટલાકના મત મુજબ કલ્પ પુસ્તક પ્રતિપાદ્ય પદાર્થ સાક્ષાત્ એ નિધિઓમાં ઉત્પન્ન થાય છે તેમજ એઓ

ધ્રુવ છે. કેમ કે તથાવિધ પુસ્તક વૈશિષ્ટ્ય રૂપ સ્વરૂપ એમનું નાશ પામતું નથી અવયવી દ્રવ્યની અવિનાશિતાને લઈને એઓ અક્ષય છે. તદારંભક પ્રદેશોની અવિનાશિતાને લઈને એઓ અવ્યય છે. પ્રદેશોની અપરિહીનતાના સંબંધમાં યુક્તિ સિદ્ધાન્ત મુજબ પદ્મવરવેદિ-કાની વ્યાખ્યા કરતી વખતે કહેવામાં આવી છે. એથી જિજ્ઞાસુઓ ત્યાંથી જ જાણવા પ્રય-ત્ન કરે. "धुवमक्खयं" માં મકારનો પ્રયોગ અલાક્ષણિક છે. 'लोकोपचयङ्कर" પદની નિ-ષ્પત્તિ "तीर्थंकर" પદની નિષ્પત્તિની જેમજ જાણવી જોઈએ. અથવા આર્ષ હોવાથી અહીં અનુસ્વાર કરવામાં આવેલ છે. વૃત્તિકલ્પક કલ્પપુસ્તકના પ્રતિપાદનથી એ લોકો માટે પુષ્ટિ કારક હોય છે. તે નવ નિધિઓ ના નામો આ પ્રમાણે છે-नेसप्पे-पंडुअए-२, पिंगलए-३, सव्वरयण-४, महपउमे-५, कालेय-६, महाकाले-७, माणवगे महानिही-८, संखे ॥९॥१॥ (૧) નૈસર્પનિધિ-એ નિધિનૈસર્પનામક દેવથી અધિષ્ઠિત હોય છે. (૨) પાંડુનિધિ-એ નિધિ પાણ્ડુક નામના દેવથી અધિષ્ઠિત હોય છે. (૩) પિંગલક નિધિ- એ પિંગલક નામક દેવથી અધિષ્ઠિત હોય છે. (૪) સર્વરત્નનિધિ-એ સર્વરત્નનામક દેવથી અધિષ્ઠિત હોય છે. (૫) મહાપદ્મનિધિ-એ મહાપદ્મનામક દેવથી અધિષ્ઠિત હોય છે. (૬) કાલનિધિ-એ કાલ નામક દેવથી અધિષ્ઠિત હોય છે. (૭) મહાકાલ નિધિ-એ મહાકાલ નામક દેવથી અધિષ્ઠિત હોય છે. (૮) માણવકનિધિ- એ માણવક નામક દેવથી અધિષ્ઠિત હોય છે. અને (૯) શંખનિધિ એ શંખ નામક દેવથી અધિષ્ઠિત હોય છે.

णेसप्पंमि णिवेसा गामागरणगर पट्टणाणं च । दोणमुह मडंबाणं खंधावारावण गिहाणं ॥१॥

નૈસર્પ નામક નિધિમાં ગ્રામ આકર, નગર, પટ્ટણ, દ્રોણમુખ, મડંબ, સ્કન્ધાવાર, આપણ અને ભવન એમની સ્થાપના વિધિ રહે છે વૃત્તિ-વાડ-થી જે આવેષ્ટિત હોય છે, તેને ગ્રામ કહેવામાં આવે છે. જ્યાં સુવર્ણરત્ન વગેરેની ઉત્પત્તિ હોય છે, તેનું નામ આકર છે. અઢાર પ્રકારના કરોથી જે રહિત હોય છે. તે નગર કહેવાય છે. સમસ્ત વસ્તુઓની પ્રાપ્તિનું જે સ્થાન છે. તે પત્તન કહેવાય છે. અથવા બળદ ગાડી વડે કે નાવો વડે જ્યાં જઈ શકાય છે તેનું નામ પટ્ટણ છે. અથવા જ લયાન દ્વારાજ જ્યાં જઈ શકાય છે તે પત્તન છે-

ઉક્તં ચ-पत्तनं शकटैर्गम्यं घोटकै नौभिरेव च। नौभिरेवच यद्गम्यं पट्टनं तत्प्रचक्षते ॥१॥

જળમાર્ગથી અને સ્થલ માર્ગથી પણ જ્યાં જઈ શકાય છે, તે દ્રોણ મુખ છે. જ્યાં અઢી ગાઉ સુધી બીજા ગ્રામો હોતા નથી. તેનું નામ મડંબ છે. સ્કંધાવાર નામ કટકનું છે. જેને હિન્દી ભાષામાં 'छावनी' કહે છે. આપણ બજારનું નામ છે અને ગૃહ ભવનનું નામ છે. ઉપલક્ષણથી અહીં ખેટ, કર્બટ વગેરે સ્થાનો નું પણ ગ્રહણ થયું છે. ધૂલિકાના પ્રાકાર-કોટ-થી પરિવેષ્ટિત થયેલા સ્થાનનું નામ ખેટ છે. નદી અને પર્વત થી વેષ્ટિત સ્થાનનું નામ નગર છે. ક્ષુદ્ર પ્રાકારથી પરિવેષ્ટિત થયેલા કુત્સિત નગરનું નામ કર્બટ છે. એ સર્વની સ્થાપના કરવાની વિધિઓ નૈસર્પનામક નિધિમાં હોય છે.

गणियस्स य उप्पत्ती माणुम्माणस्स जं पमाणं च ।
घण्णस्स य बीआणय उप्पत्ती पंडुए भणिया ॥२॥

સંખ્યા પ્રધાન હોવાથી વ્યવહર્તવ્ય દીનાર વગેરેનું અથવા નારિકેલ વગેરેનું તેમજ પરીક્ષ્ય મૌક્તિકાદિનું કથન તેમજ માન-સેતિકા આદિ રૂપ તોલનું તેમજ એ તોલના વિષયભૂત પદાર્થનું ઉન્માન, તુલા કર્ષ-તોલા એમનું અને એમના વડે જે તોલવામાં આવે છે એવા જે પદાર્થો છે તેમનું તથા ધાન્ય શાલિ વગેરે અને બીજનું આ પ્રમાણે એ સર્વની માપવા-તોલવાની વિધિનુ પરિમાણ બીજા નિધિમાં રહે છે. એટલે કે કઈ વસ્તુ કેટલી, છે, કેટલા વજનવાળી છે, વગેરેનો હિસાબ-કિતાબ એ નિધિકરે છે. તૃતીયનિધિ-

सव्वा आभरणविही पुरिसाणं जा य होइ महिलाणं ।
आसाण य हत्थीण य पिंगलणिहिंमि सा भणिया ॥३॥

સર્વ પ્રકારના પુરુષોનાસ્ત્રીઓના, ઘોડાઓના અને હાથીઓના આભરણોની વિધિ એ ત્રીજી પિંગલ નિધિમાં રહેલી છે.

ચતુર્થનિધિ- रयणाइं सव्वरयणे चउद्दस वि वराइं चक्कवट्टिस्स। उप्पज्जंते एगिंदियाइं, पंचिंदियाइं च ॥४॥

સર્વ રત્ન નામક નાધમાં ચતુર્દશરત્નો કે જે ચક્રવર્તીને પ્રાપ્ત હોય છે. તે ઉત્પન્ન થાય એ ૧૪ રત્નોમાં સાત રત્નો-ચક્રરત્ન, દંડરત્ન, અસિરત્ન, છત્રરત્ન, ચર્મરત્ન, મણિરત્ન અને કાકણી રત્ન એ બધા રત્નો એકેન્દ્રિય હોય છે. અને એમના, સિવાય સેનાપતિ ગાથાપતિ, વર્ધ્ધકી પુરોહિત, અશ્વ, હસ્તિ અને સ્ત્રી એ સાત રત્નો પંચેન્દ્રિય હોય છે.

पंचमी निधि-वत्थाणय उप्पत्ती णिप्फत्ती चेव सव्वभत्तीणं ।
रंगाण य धोव्वाण य सव्वा एसा महापउमे ॥५॥

એ મહાપદ્મનામક પાંચમી નિધિમાં સર્વ પ્રકારના વસ્ત્રોની ઉત્પત્તિ તેમજ વસ્ત્રગત સમસ્ત રચનાઓની રંગોની અને વસ્ત્રોવિગેરેને ધોવાની વિધિ નિષ્પન્ન હોય છે. કેમ કે એ મહાપદ્મનિધિ શુકલ-રક્ત વગેરે ગુણોથી યુક્ત હોય છે. એથી આ નિધિ વસ્ત્રોને ભિન્ન-ભિન્ન પ્રકારના રંગોથી રંગવા તેમજ તેમને પ્રક્ષાલિત કરવાં ૮૪ લાખહાથીઓના અને ઘોડાઓના તથા ૯૬ કરોડ મનુષ્યોના વસ્ત્રોને બનાવીને તેમને અર્પવાં, એ બધુ કામ એ નિધિનું છે.

છટ્ઠીનિધિ--काले कालण्णाणं सव्वपुराणं च तिसु वि वंसेसु ॥
सिप्पसयं कम्माणिय तिण्णि पयाए हियकराणि ॥६॥

એ કાલ નામક છટ્ઠી નિધિમાં સમસ્ત જ્યોતિઃ-શાસ્ત્રાનુબન્ધી જ્ઞાન તીર્થંકર ભગવાનનો વંશ, ચક્રવતી વંશ અને બલદેવ-વાસુદેવ એ ત્રણ વંશોમાં જે શુભાશુભ થઇ ચૂકયુ છે થવાનુછે.

થઇ રહયુ છે તે બધુ રહે છે તાત્પર્ય આ પ્રમાણે છે એ નિધિથી સમસ્ત શુભ-અશુભ જાણવામાં આવે છે. શિલ્પશત ઘટ-લોહ, ચિત્ર, વસ્ત્ર તેમજ નાપિત એ પાંચ શિલ્પોના દરેકે દરેક શિલ્પના-૨૦-૨૦ ભેદો છે આ પ્રમાણે એ શિલ્પશત તેમજ કૃષિ, વાણિજય વગેરે ત્રણ કર્મ કે જે ઉત્તમ મધ્યમ અને જઘન્યના ભેદથી ત્રણ પ્રકારના છે. અને જેમનાથી પ્રજાઓ-નો નિર્વાહ થાય છે, તેમનો અભ્યુદય થાય છે-જાણવામાં આવે છે.

सत्तमनिधि-लोहस्स य उप्पत्ती होइ महाकालि आगराणंच ।
रुप्पस्स सुवण्णस्स य मणिमुत्तसिलप्पवालाणं ॥८॥

એ મહાકાલ નામક નિધિમાં અનેક પ્રકારના લોખંડની ઉત્પત્તિ બતાવવામાં આવી છે. તેમ ચાંદી, સોનામણિ, મુક્તાશિલા સ્ફટિક વગેરે તેમજ પ્રવાલ-મૂંગા વગેરેની ખાણોની ઉત્પત્તિ બતાવવામાં આવી છે,

अष्टमनिधि-जोहाण य उप्पत्ती आवरणाणं च पहरणाणं च ।
सव्वा य जुद्धणीई माणवगे दंडणीइ य ॥८॥

એ માણવક નામક આઠમી નિધિમાં યોદ્ધાઓની, કાયરોની-આવરણોની શરીર રક્ષક કવચાદિ વસ્તુઓની સમસ્ત પ્રકારના પ્રહરણો શસ્ત્રો ની યુદ્ધનીતિ ગરુડ, શકટ, ચક્ર-બ્યૂહ વગેરે રૂપમાં રચનાવાળા યુદ્ધોની નીતિની તેમજ સામ, દામ દન્ડ અને ભેદ એ ચાર પ્રકારની નીતિઓની ઉત્પત્તિ કહેવામાં આવે છે એટલે કે એ નિધિથી એ સમસ્ત વસ્તુઓની ઉત્પત્તિનુ જ્ઞાન ચક્રવર્તીને પ્રાપ્ત થાય છે.

नवमी निधि-णट्टविही णाडगविही कव्वस्स य चउव्विहस्स उप्पत्ती ।
संखे महाणिहिम्मि तुडिअंगाणं च सव्वेसिं ॥९॥

એ શંખ નામક નિધિમાં નાટયનિધિની ૩૨ સહસ્ત્ર નાટકાભિનય રૂપ અંગ સંચાલન કરવાના પ્રકરોની નાટયનિધિ ૩૨ પ્રકારના નૃત્ય-ગીતવાદ્યોની અભિનય વસ્તુથી સંબદ્ધ પ્રદર્શનના પ્રકારની તેમજ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ પુરુષાર્થોનુ પ્રતિપાદન કરનારા ગ્રન્થોની અથવા સંસ્કૃત, પ્રાકૃત અપભ્રંશ અને સંકીર્ણ એ ચાર પ્રકારની ભાષાઓમાં નિબદ્ધ ગ્રન્થોની અથવા ગદ્ય-પદ્ય ગેય, અને ચૌર્ણ પદો થી બદ્ધ ગ્રન્થ-એમની અને સમસ્ત પ્રકારના ત્રુટિતાંગોની નિષ્પત્તિ હોય છે. એમાં જે ધર્માર્થાદિ પુરૂષાર્થ ચતુષ્ટયથી નિબદ્ધ ચતુર્વિધ કાવ્યો છે તે તો પ્રસિદ્ધ છેજ તેમજ દ્વિતીય પ્રકારના ચતુર્વિધ કાવ્યો પણ કે જે સંસ્કૃત, પ્રકૃત ભાષાઓમાં નિબદ્ધ થયેલાં છે, પ્રસિદ્ધ છે. અપભ્રંશ કાવ્ય તે છે કે જે ભિન્ન ભિન્ન દેશોની ભાષાઓમાં નિબદ્ધ હોય છે. તથા શૌરસેની વગેરે ભાષાઓમાં જે કાવ્યો નિબદ્ધ હોય છે તે સંકીર્ણ ભાષા નિબદ્ધ કાવ્ય છે. તૃતીય ચતુષ્કમા જે કાવ્ય શાસ્ત્ર પતિજ્ઞા-ધ્યયનની જેમ છન્દોરચનાથી નિબદ્ધ હોતુંનથી તે પદ્ય કાવ્ય છે. નિષાધ, ઋષભ, ગાંધાર, ષડ્જ, મધ્યમ અને ધૈવત એ સ્વરોમાં નિબદ્ધ હોય છે. અને એમના અનુરૂપજ તન્ત્રીલય વગેરેથી સમન્વિત થઈને ગાવાલાયક હોય તે ગેયકાવ્ય કહેવાય છે. જે કાવ્ય બ્રહ્મચર્યાધ્યયન પદની જેમ બાહુલક બહુલ હોય છે. ગમ પાઠ બહુલ હોય છે. નિપાત

બહુલ હોય છે. નિપાત અવ્યય બહુલ હોય છે. તે ચૌર્ણ કાવ્ય છે એ આઠમી શંખ નિધિમાં સર્વ પ્રકારના વાદ્યોની ઉત્પત્તિ હોય છે જ જ્યારે ચક્રવર્તી વિજય પ્રાપ્તકરવા નીકળે છે ત્યારે ગંગામુખવાસી એ નવ નિધિઓ ચક્રવર્તીના ભાગ્યોદયથી પાતાળ માર્ગથી આવીને ચક્રવર્તીના માર્ગમાં પડનારા ગ્રામોમાં આવીને વસી જાય છે. અને જ્યારે ચક્રવર્તીને કોઈ પણ કાર્યની સિદ્ધિ મેળવવી હોય છે કોઈ કામ આવી જાય છે-ત્યારે એ સિદ્ધિઓ ચક્રવર્તી પાસે આવી જાય છે.

**चक्कट्ठ पइट्ठाणा अट्ठुस्सेहा य णव य विक्खंभा। बारहदीहा मंजूस संठिया जाणहवीमुहे॥१०**

એમાંથી દરેક નિધિનું અવસ્થાન આઠ-આઠ ચક્રની ઉપર રહે છે. જ્યાં જ્યાં એ નિધિઓ લઈજવામાં આવે છે ત્યાં-ત્યાં તેઓ આઠચક્રો ની ઉપર પ્રતિષ્ઠિત થઈનેજ જાય છે. એમની ઉંચાઈ (ઉત્સેધ) આઠ આઠ યોજન જેટલી હોય છે, એમનો વિસ્તાર ૯ યોજન જેટલો હોય છે. ૧૨ યોજન જેટલી એમની લંબાઈ હોય છે. તેમજ એમનો આકાર મંજૂષા (પેટી) જેવો હોય છે. જ્યાંથી ગંગા સમુદ્રમાં પ્રવેશ કરે છે ત્યાં એ નવ-નિધિઓ રહે છે.

**वेरुलियमणिकवाडा कणगमया विविहरयणपडिपुण्णा।**
**ससिसूरचक्कलक्खण अणुसमवयणोववत्तीया ।११॥**

એમના કમાડો વૈડૂર્યમણિના બનેલા હોય છે. એ સ્વર્ણમય હોય છે. અનેક રત્નોથી એ પ્રતિપૂર્ણ હોય છે. એમનામાં જે ચિહ્નો હોય છે તે શશી, સૂર્ય અને ચક્રાકાર હોય છે. એમના દ્વારોની રચના અનુરૂપ અને સમ-અવિષમ હોય છે.

**पलिओवमट्ठिईया णिहिसरणामाय तत्थखलु देवा।**
**जेसिते आवासा अक्किज्जा आहिवच्चा य ।१२।**

પ્રત્યેક નિધિના રક્ષક દેવની સ્થિતિ એક પલ્યોપમ જેટલી હોય છે. જે નામ નિધિનું છે તે જ નામ થી તેના રક્ષક દેવોપણ સંબોધાય છે. એ દેવો તે નિધિઓના સહારે જ રહે છે, એથી એ નિધિઓ તેમના આવાસ રૂપ હોય છે. આધિપત્ય મેળવવાની ઇચ્છાથી કોઈપણ એમને ખરીદી શકતું નથી એ તો માત્ર ભાગ્યશાળી ચક્રવર્તીઓને પૂર્વચરિત પુણ્ય પ્રભાવથી જ પ્રાપ્ત થાય છે ॥૧૨॥

**एए णवणिहिरयणा पभूयधणरयणसमिद्धा।**
**जेव समुवगच्छंति भरहाविव चक्कवट्टीणं ॥१३॥**

એ નવનિધિઓના પ્રભાવથી એમના અધિપતિને અપરિમિત ધન-રત્નાદિ રૂપ સમૃદ્ધિનું સંચયન થતું રહે છે. કેમકે એ નિધિઓ જાતે અપારધન-રત્નાદિ સંચયથી સમૃદ્ધ હોય છે. એ ભરતક્ષેત્રનાં ૬ ખંડો ઉપર વિજય મેળવ નારા ચક્રવર્તીઓના વશમાં જ રહે છે. આ પ્રમાણે વાસુદેવપણ અર્ધચક્રી હોય છે, પણ એ તેમના વશમાં રહેતી નથી. કેમકે એઓતો પૂર્ણ-ચક્રવર્તીરાજાના વશમાં જ રહે છે. (**तएणं से भरहे राया अट्ठमभत्तंसि परिणममाणंसि पोसहसालाओ पडिणिक्खमइ**) જ્યારે ભરતનરેશની અઠ્ઠમભક્તની તપસ્યા પરિપૂર્ણ થઈ ગઇ ત્યારે તે પૌષધશાળામાંથી બહાર નીકળ્યા (**एवं मज्जनघरप्पवेसो जाव सेणिप्पसेणी सद्दावेइ ण्हाया जाव णिहिरयणाणं अट्ठाहियं महामहिमं करेइ**) અને નીકળીને સ્નાન-ઘરમાં ગયા. ત્યાં તેણે સારીરીતે સ્નાન કર્યું પછી ત્યાંથી નીકળી ને તે ભોજનશાળામાં ગયા ઇત્યાદિ રૂપથી બધું કથનપૂર્વોક્ત જેવું જ અહીં પણ અધ્યાહૃત કરી લેવું જોઈએ, ત્યારબાદ

તેણે શ્રેણી-પ્રશ્રેણીજનોને બોલાવ્યા અને નિધિરત્નોની વશ્યતાના ઉપલક્ષ્યમાં આઠ દિવસ સુધી ઉત્સવ કરવાનો તેમને આદેશ આપ્યો. જ્યારે તે મહોત્સવ સમ્પન્ન થઇ ગયો. ત્યારે તેણે સુષેણ સેનાપતિ રત્નને બોલાવ્યો અને તેને આ પ્રમાણે કહ્યું (गच्छण्णं भो देवाणुप्पिया गंगामहाणईए पुरत्थिमिल्लं णिक्खुडं दुच्चंपि सगंगासागरगिरिमेरागं समविसमणिक्खुडाणि य ओअवेहि ओअवेत्ता एयमाणत्तियं पच्चप्पिणाहि) હે દેવાણુપ્રિય સુષેણ સેનાપતે તમે ગંગા નદીના પૂર્વભાગવર્તી ભરતક્ષેત્ર ખંડરૂપ નિષ્કુટ પ્રદેશમાં-કે જે પશ્ચિમ દિશામાં ગંગાથી, પૂર્વદિશામાં બે સાગરોથી, અને ઉત્તર દિશામાં ગિરિ વૈતાઢ્યથી, વિભક્ત થયેલ છે-જાવો. તથા ત્યાંના જે સમ-વિષમ અવાન્તર ક્ષેત્ર રૂપ નિષ્કુટ પ્રદેશો છે તે પ્રદેશોને તમે પોતાના વશમાં કરો. ત્યાં તમે પોતાની આજ્ઞા પ્રચલિત કરો- અને એ બધું સમ્પન્ન કરી તમે અમને સૂચના આપો. (तएणं से सुसेणे तं चेव पुव्ववण्णियं भाणियव्वं ) આ પ્રકારની આજ્ઞા જ્યારે ભરત રાજાએ પોતાના સુષેણ સેનાપતિને આપી ત્યારે તે સુષેણ સેનાપતિએ તે નિષ્કુટ પ્રદેશને પોતાના વશમાં કરી લીધો, વગેરે જે વર્ણન પહેલાં કરવામાં આવ્યું છે. તેવું જ બધું વર્ણન અહીં પણ સમજવું જોઈએ ત્યારબાદ તે સુષેણ સેનાપતિએ એ વાતની ભરત રાજાને સૂચના આપી. ભરત નરેશે તે સુષેણ સેનાપતિનો સત્કાર અને તેનું સન્માન કર્યું અને ત્યારબાદ તેને જવાની આજ્ઞા આપી. (जाव भोगभोगाइं भुंजमाणे विहरइ ) યાવત્ પદથી અહીં 'તે સુષેણ સેનાપતિ એ ઘેર પહોંચીને સ્નાન કર્યું વગેરે રૂપમાં પાઠ પહેલાં વર્ણવવામાં આવેલ છે તે અહીં સંગૃહીત થયો છે. આ પ્રમાણે તે પોતાના શ્રેષ્ઠ પ્રાસાદમાં રહેતો અનેક ભોગોને ભોગવવા લાગ્યો. ( तएणं से दिव्वे चक्करयणे अन्नया कयाइ आउहघरसालाओ पडिणिक्खमइ ) ગંગાનદી ના દક્ષિણ નિષ્કુટ-પ્રદેશોને જ્યારે જીતી લીધા ત્યાર બાદ તે દિવ્ય ચક્રરત્ન કોઈ સમયે આયુધગૃહશાળામાંથી બહાર નીકળ્યું અને ( पडिणिक्खमित्ता ) નીકળીને ( अंतलिक्खपडिवण्णे जक्खसहस्ससंपरिवुडे दिव्वतुडिय जाव आपूरेंते चेव विजयक्खंधावारनिवेसं मज्झं मज्झेणं निगच्छइ दाहिणपच्चत्थिमं दिसिं विणीयं रायहाणिं अभिमुहे पयाए यावि होत्था ) આકાશમાર્ગથી પ્રયાણ કરતું તે ચક્રરત્ન કે જે એક સહસ્ર યક્ષોથી સુરક્ષિત હતું-દિવ્ય-ત્રુટિત યાવત્ રવથી આકાશ મંડળ ને વ્યાપ્ત કરતું વિજય સ્કંધાવાર નિવેશની ઠીક મધ્યમાંથી પસાર થઇ ને નીકળ્યું. અને નૈઋત્ય દિશા તરફ વિનીતા નામક રાજધાની છે, તે તરફ રવાના થયું ( तएणं से भरहे राया जाव पासइ ભરત નરેશે વિનીતા રાજધાની તરફ ચક્રરત્નને જતુ જોયું તો ( पासित्ता हट्ठ-तुट्ठ जाव कोडुंबिय पुरिसे सद्दावेइ ) જોઇને તેઓ પરમ હર્ષિત થયા તેમણે તરતજ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા ( सद्दावित्ता एवं वयासी ) અને બોલાવીને તેમને તે ભરત નરેશે આ પ્રમાણે કહ્યું -(खिप्पामेव भो देवाणुप्पिआ आभिसेक्कं हत्थीरयणं जाव पच्चप्पिणंति) હે દેવાનુપ્રિયો તમે શીઘ્ર આભિષેક્ય હસ્તીરત્નને તેમજ સેનાને સુસજ્જિત કરો, યાવત્ ભરત નરેશ વડે આજ્ઞપ્ત થયેલા તે કૌટુંબિક પુરુષોએ આભિષેક્ય હસ્તિ-રત્ન તેમજ સેનાને સુસજ્જિત કરી ત્યારબાદ ભરત નરેશની પાસે તેમની આજ્ઞા પૂરી થઈ ચૂકી છે, તે અંગે ની સૂચના મોકલી ॥ સૂત્ર ૨૭ ॥

ટીકાર્થ-**तएणं से भरहे राया अज्जिअरज्जो णिज्जियसत्तू)** ત્યારબાદ જે ભરત રાજાએ પોતાના બાહુબળથી રાજ્યોપાર્જિત કર્યું છે અને શત્રુઓન જેણે પરાસ્ત કર્યા છે અને પોતાન વશમાં કર્યા છે, એવા તે ભરત મહા રાજાએ. **(चक्करयणप्पहाणे)** કે જેના સમસ્ત રત્નોમાં એક ચક્રરત્નની પ્રધાનતા છે. **(णवणिहिवइ)** તથા જે નવનિધિઓનો અધિપતિ થઇ ચૂકયો છે, **( समिद्धकोसे )** કોશ ભાણ્ડાગાર જેનો પર્યાપ્ત-સમ્પન્ન છે. **(बत्तीसरायवर सहस्साणुयायमग्गे)** ૩૨ હજાર મુકુટ બદ્ધ રાજવંશીરાજા જેની પાછળ-પાછળ ચાલે છે. **(सट्ठीए वरिस सहस्सेहिं केवलकप्पं भरहं वासं ओअवेइ)** ૬૦ હજાર વર્ષ સુધી વિજય યાત્રા કરીને સંપૂર્ણ એ ભરતક્ષેત્ર ને પોતાના વશમાં કર્યું. **( ओअवेत्ता कोडुंबियपुरिसे सद्दावेइ)** આ પ્રમાણે સંપૂર્ણ ભારતને સાધીને-પોતાના વશમા કરીને ભરત રાજાએ પોતાના કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. **( सद्दावित्ता एवं वयासी )** અને બોલાવીને તે કૌટુંબિક પુરુષોને તે રાજાએ આ પ્રમાણે કહ્યું. **(खिप्पामेव भो देवाणुप्पिया आभिसेक्कं हत्थिरयणं हयगयरह तहेव अंजणगिरिकूडसण्णिभं गयवइं णरवई दुरूढे)** હે દેવાનુપ્રિયો તમે યથાશીઘ્ર આભિષેકય હસ્તિ રત્ન ને અને હય ગજ રથ તેમજ પ્રબલ સૈન્યને સુસજ્જ કરો. ઇત્યાદિરૂપમાં અહીં પહેલાંની જેમજ સ્નાનવિધિ, સૈન્યોપસ્થિતિ તેમજ હસ્તિરત્નોપસ્થિતિ જાણી લેવી જોઇએ. ભરત મહા રાજા અંજન ગિરિના શિખર જેવા ગજરત્ન ઉપર આરૂઢ થઈ ગયા. અહીં હસ્તિરત્નને જે અંજન ગિરિના કૂટ જેવું કહેવામાં આવ્યું છે, તેનું કારણ હસ્તિરત્નની કૃષ્ણતા અને ઉંચાઇને લઈને કહેલ છે. **( तएणं तस्स भरहस्स रण्णो आभिसेक्कं हत्थिरयण दुरूढस्स समाणस्स इमे अट्ठट्ठमंगलगा पुरओ अहाणुपुव्वीए संपट्ठिया )**જ્યારે હસ્તિરત્ન ઉપર સમારૂઢ થયેલા ભરત મહા રાજા ચાલવા પ્રસ્તુત થયા તો તેમની આગળ આઠ-આઠની સંખ્યામાં આઠ મંગળ દ્રવ્યો સર્વપ્રથમ પ્રસ્થિત થયાં. **(तं जहा)** તે આઠ મંગલ-દ્રવ્યો ના નામો આ પ્રમાણે છે-**(सोत्थिय सिरिवच्छ जाव दप्पणे )** સ્વસ્તિક, શ્રીવત્સયાવત્ નન્દિકાવર્ત્ત વર્દ્ધમાનક, ભદ્રાસન, મત્સ્ય કળશ અને દર્પણ **(तयणंतरं च णं पुण्णकलसभिंगार दिव्वा य छत्तपडागा जाव संपट्ठिया )** ત્યારબાદ પૂર્ણ કળશ જળ સંપૂરિત કળશ ભૃંગાર ઝારી તેમજ દિવ્ય પ્રધાન છત્રયુકત પતાકાઓ યાવત્ પ્રસ્થિત થઇ અહીં યાવત્ પદથી **(सचामरा दंसणरइय आलोय-दरिसणिज्जा वाउद्धूय विजयवेजयंति अब्भुसिया गगणतलमणुलिहंति पुरओ अहाणुपुव्वीए"** એ પાઠનો સંગ્રહ થયો છે. **(तयणंतरंच वेरुलिय भिसंत विमल दंड जाव अहाणुपुव्वीए संपट्ठियं)** ત્યાર બાદ વૈડૂર્યમણિ નિર્મિત વિમલ દંડયુક્ત છત્ર પ્રસ્થિત થયું. અહીં યાવત્ પદથી "**( पलंबकोरंटमल्लदामोवसोहियं चंदमंडलनिभं समूसियं विमलं आयवत्तं पवरं सीहासणं च मणिरयणपायपीढं सपाउआजोगसमाउत्तं बहुकिंकरकम्मकरपुरिस पायत्तपरिक्खित्तं पुरओ अहाणुपुव्वीए संपट्ठियंत्ति )** એ પાઠનો સંગ્રહ થયો છે. એ પાઠગત પદોની વ્યાખ્યા આ પ્રમાણે છે. જે છત્ર પ્રસ્થિત થયું તે કોરંટ પુષ્પોની લાંબી-લાંબી માળાઓથી સુશોભિત હતું, તે ચન્દ્રમંડલ જેવું ઉજ્જવળ હતું તેમજ તે બંધ નહોતું પ્રસ્ફુટિત હતું અને ઉંચું હતું અને આગન્તુક મેલથી એ રહિત હતું, એથી એ વિમળ હતું. ત્યાર બાદ સિંહાસન પ્રસ્થિત થયું એ સિંહાસન મણિરત્ન નિર્મિત પાદપીઠ

થી યુક્ત હતું એની ઉપર જ પગ મૂકી ને રાજા તે સિંહાસન ઉપર આરૂઢ થતો હતો. એ સિંહાસન પાદુકાયોગ થી પણ સમાયુક્ત હતું એટલે કે ખડાઉ મૂકવાના સ્થાનદ્વય યુક્ત હતું અને કિંકરો, કર્મકરો તેમજ પદાતીઓના સમૂહોથી પરિક્ષિપ્ત હતું ચોમેર એ સર્વથી વ્યાપ્ત હતું (**तयणंतरं च णं सत्त एगिंदियरयणा पुरओ अहाणुपुव्वीए संपत्थिया**) ત્યાર બાદ સાત એકેન્દ્રિયરત્ન -ચક્રરત્ન, છત્રરત્ન, ચર્મરત્ન, દંડરત્ન, અસિરત્ન મણિરત્ન, અને કાકણી રત્ન એ સર્વરત્નો યથાનુપૂર્વી ચાલ્યાં-(**तयणंतरं च णं णव महाणिहिओ पुरओ अहाणुपुव्वीए संपट्ठिया**) ત્યારબાદ પાતાળ માર્ગથી થઇને નવ મહાનિધિઓ પ્રસ્થિત થયા. નિધિઓમાં એજ નિધિત્વ છે કે તેઓ ભૂમિની નીચે રહે છે. જો એ નિધિઓ ચક્રવર્તીની સાથે ઉપર થઈને બધાં જઈ શકે એવી રીતે ચાલે તો તેમનું નિધિત્વજ સમાપ્ત થઇ જશે. એથી ચક્રવર્તીને લક્ષ્ય કરીને તેઓ અંદર જ ચાલે છે. એ નિધિઓના નામો-નૈસર્પ, પાંડુક યાવત્ શંખ છે. અહીં યાવત્ પદથી અવશિષ્ટ નિધિયો સંગૃહીત થયા છે એ અવશિષ્ટ નિધિઓ ના નામો આ પ્રમાણે છે. પિંગલક, સર્વરત્ન, મહાપદ્મ કાળ, મહાકાળ, માણવક અને શંખ એના સંબધમાં હમણાંજ પહેલાં સ્પષ્ટતા કરવામાં આવી છે. (**तयणतरं च सोलस देवसहस्सा पुरओ अहाणुपुव्वीए संपट्ठिया**) ત્યારબાદ સોળ હજાર, દેવો ચતુર્દશરત્નોના ૧૪ હજાર દેવો અને ચક્રવર્તી-શરીરના રક્ષક બે હજાર દેવો આમ બધા મળીને ૧૬ હજાર જેટલા દેવો યથાનુપૂર્વી ચાલ્યા. (**तयणंतरं च णं बत्तीसं रायवर-सहस्सा अहाणुपुव्वीए संपट्ठिया**) ત્યાર બાદ ૩૨ હજાર મુકુટ બદ્ધ રાજાઓ ચાલ્યાં (**तयणंतरं च णं सेणावइरयणे पुरओ अहाणुपुव्वीए संपट्ठिया**) ત્યારબાદ સેનાપતિ રત્ન પ્રસ્થિત થયું. (**एवं गाहावइरयणे वड्ढइरयणे पुरोहियरयणे**) ત્યારબાદ ગાથાપતિરત્ન એનાં પછી વર્દ્ધકિરત્ન, એના પછી પુરોહિતરત્ન એ ત્રણ રત્નો ચાલ્યા. એ પુરોહિતરત્ન શાંતિ કર્મકારક હોય છે. સંગ્રામમાં પ્રહાર આદિથી પીડિત થયેલા સૈનિકોની મણિરત્નના જળના છાંટાથી એ રત્ન વેદનાને શાન્ત કરે છે. હસ્તિરત્ન અને અશ્વરત્ન, સેનાની સાથે જ ચાલ્યાં એથી એમના ગમનનું કથન અત્રે કરવામાં આવ્યું નથી. (**तयणंतरं च इत्थिरयणे पुरओ अहाणुपुव्वीए**) ત્યાર બાદ સ્ત્રી રત્ન ચાલ્યું. (**तयणंतरं च बत्तीसं उडुकल्लाणिया सहस्सा पुरओ अहा०**) ત્યાર બાદ ૩૨ હજાર ઋતુકલ્યાણકારિણિઓ-રાજકુલોત્પન્ન કન્યાઓ ચાલી. જેમનો સ્પર્શ ઋતુ વિપરીત-શીતકાળમાં ઉષ્ણ સ્પર્શરૂપ અને ઉષ્ણ કાળમાં શીત સ્પર્શરૂપ થઇ જાય છે-ચાલી. એ સર્વકન્યાઓમાં એ ગુણજન્માન્તરોપચિત-પ્રકૃષ્ટ પુણ્ય પ્રકૃતિના મહિમાથી જેમ રાજકુળમાં ઉત્પત્તિ થઈ છે. તેમજ ઉત્પન્ન થઈ જાય છે, (**तयणंतरं च बत्तीसं जणवयकल्लाणिया सहस्सा पुरओ अहाणुपुव्वीए संपट्ठिया**) ત્યારબાદ ૩૨ હજાર જનપદ કલ્યાણ કારિણીઓ ચાલી. ચક્રવર્ત્તીને ૬૪ હજાર સ્ત્રીઓ હોય છે. તેમાં એ ૩૨ હજાર પણ હોય છે. એમની સાથે જનપદના અગ્રણિજનોની-મુખિયાજનોની-એટલી જ કન્યાઓ બીજા સાથે રહે છે. એથી જ એમને જનકલ્યાણ કારિણીઓ કહેવામાં

આવેલ છે. (तयणंतरं च णं बत्तीसं बत्तीसइबद्धा णाडग सहस्सा पुरओ अहा० संपट्ठिया) ત્યાર બાદ ૩૨-૩૨ પાત્રોથી આ બદ્ધ ૩૨ હજાર નાટકો ચાલ્યા. એ ૩૨ હજાર રાજાઓ વડે પોતાની કન્યાઓના પાણિગ્રહણમહોત્સવમાં કરમોચનના સમયમાં ચક્રવર્ત્તીને એક-એક નાટક આપવામાં આવે છે. આમ એ ૩૨ હજાર થાય છે. (तयणंतरं च णं तिन्निसट्ठा सूपसया पुरओ अहाणुपुव्वीए संपट्ठिया) એ નાટકો પછી ૩૬૦ સૂપકારો-પાચકજનો-પ્રસ્થિત થયા. (तयणंतरं च णं अट्ठारस सेणिप्पसेणीओ संपट्ठिया) ત્યાર બાદ ૧૮ શ્રેણિ-પ્રશ્રેણિજનો પ્રસ્થિત થયા. ૧૮ પ્રશ્રેણિઓ આ પ્રમાણ છે-कुंभकार१, पट्टइल्ला-२, सुवण्णकाराय ३. सूवकाराय-४, गंधव्वा-५, कासवगा ६, मालाकाराय-७, कच्छकरा-८, ॥१॥

तंबोलिया९, य एए नवप्पयाराय नारुआ भणिया ।

अहणं णवप्पयारे कारुअवण्णे पवक्खामि ॥ २ ॥

चम्मयरू १, जंत पीलगर गंच्छिअ३, छिंपाय ४, कंसकारे ५ य सीवग ६, गुआर ७, भिल्ला ८, धीवर ९, वण्णाइ अट्ठदस ॥ ३ ॥

કુંભકાર-૧, કુંભાર માટીના વાસણો બનાવનાર, પટેલ-૨, ગામનો મુખી, સુવર્ણકાર -૩ સોની, સૂપકાર-રસોઈ યો ૪, ગંધર્વ-૫, ગાયક, કાશ્યપક નાપિત-નાઇ-વાળ બનાવનાર વાળંદ ૬ માલાકાર-માળી-૭, કચ્છકર-૮ અને તાંબૂલિક-પાન વિક્રેતા તંબોળી, એ નવ પ્રકારના નારુકે કહેવામાં આવ્યા છે તેમજ ચર્મકાર-ચમાર જોડા બનાવનાર-મોચી ૧, યન્ત્ર પીલક૧,-તેલીર, ગ્રન્થિંક૩, છિંપક-છીપા-૪, કંશકર-તમેરા૫, સીવક-દર્જી ૬, ગોપાલ-ગ્વાલ ભરવાડ ૭, ભિલ્લ-ભીલ ૮ અને ધીવર-મચ્છીમાર એ ૯ પ્રકારના નારુકો કહેવામાં આવ્યા છે.

( तयणंतरं च णं चउरासोइं आससयसहस्सा परओ अहाणुपुव्वीए संपट्ठिया ) ત્યરબાદ ૮૪ લાખ ઘોડાઓ પ્રસ્થિત થયા. ( तयणंतरं च णं छण्णउई मणुस्स कोडीओ पुरओ अहाणुपुव्वीए संपट्ठिया ) ત્યારબાદ ૯૬ કરોડ જેટલી માનવ મેદિની પદાતી ઓની ચાલી. ( तयणंतरं च णं बहवे राइसरतलवर जाव सत्थवाहप्पभिइओ पुरओ अहाणु-पुव्वीए संपट्ठिया) એ જનસમૂહ પછી અનેક રાજાઓ-માંડલિકજનો, ઈશ્વરયુવરાજ તલવર, નગર રક્ષક યાવત્ સાર્થવાહ વગેરે લોકો ચાલ્યા. અહીં યાવત્ પદથી માડંબિક કૌટુંબિક, મન્ત્રીઓ, મહામન્ત્રોઓ ગણકો-જ્યોતિષીઓ દૌવારિકો અમાત્યો ચેટો-પીઠમર્દો, અંગ-રક્ષકો, નગરનિગમના શ્રેષ્ઠિજનો, સેનાપતિઓ એ સર્વનું ગ્રહણ થયું છે. જે ગ્રામની આસ-પાસ અઢી ગાઉ સુધી અન્ય ગ્રામ હોય નહિ તેનું નામ મડંબ છે. એ મડંબ વિશેષ નો જે અધિપતિ હોય છે. તે માડંબિક કહેવાય છે. કૌટુંબિકજન, માતા-પિતા વગેરે ને કૌટુંબિકો કહેવામાં આવ્યા છે. મંત્રી, મહામંત્રી પ્રધાન એ એ ભિન્ન પદ. મજબ હોય છે. ગણક નામ જ્યોતિર્વિદનું છે, જેને હિન્દી ભાષામાં જ્યોતિષી કહેવામાં આવે છે દ્વારપાળ નું નામ દૌવારિક છે. રાજ્યના જે અધિષ્ઠાપકો હોય છે તેને અમાત્યો કહેવામાં આવે છે. દાસી-દાસ વગેરેને ચેટ કહેવામાં આવે છે, પીઠમર્દ અંગરક્ષક ને કહે છે. જેને અંગ્રેજી-ભાષામાં બોડીગાર્ડ કહેવામાં આવે છે. અથવા જેઓ સમાનવયના હોય છે તેઓનેપીઠમર્દ

કહેવામાં આવે છે. નિગમ નામ વણિક જનોનું છે શેષ શબ્દોનો અર્થ સ્પષ્ટ જ છે, અહીં પ્રભૃતિ શબ્દથી દૂતસન્ધિપાલક નું ગ્રહણ થયું છે, દૂતો-રાજાના સંદેશવાહકો હોય છે. તેમજ સન્ધિપાલ રાજ્યની સન્ધિના રક્ષક હોય છે. ( **तयणंतरं च णं बहवे असिग्गाहा लट्ठिग्गाहा, कुंतग्गाहा चावग्गाहा चामरग्गाहा, पासग्गाहा, फलगग्गाहा, परसुग्गाहा, पोत्थयग्गाहा, वीणग्गाहा, कूअग्गाहा, हडप्फग्गाहा, दीविअग्गाहा, सएहिं सएहिं, रूवेहिं, एवं वेसेहिं चिंधेहि, निआएहिं सएहि २ वत्थेहिं पुरओ अहाणुपुव्वीए संपत्थिया** ) ત્યાર બાદ અનેક અસિ તલવાર ગ્રાહીજનો, અનેક યષ્ટિ-(લાકડી) ગ્રાહીજનો, અનેક મલ્લધારી જનો અનેક ધનુધીરીજનો, અનેક ધ્વજોપકરણધારીજનો અનેક ફલક ગ્રાહીજનો, અનેક પરશુગ્રાહી જનો, અનેક શુભાશુભ પરિજ્ઞાનને જાણવામાટે પુસ્તકોને લઈ ને ચાલનારાજનો, અનેક વીણાધારીજનો અનેક તેલ આદિના કુતુપો લઈ ને ચાલનારા જનો અનેક સોપારી વગેરેરૂપ પાનની સામગ્રી ભરીને ડબ્બાઓ લઇને ચાલનાર જનો તેમજ અનેક દીવાઓ ને લઇ ને ચાલનારા જનો કે જેઓ પોત-પોતાના કાર્ય ને અનુરૂપ વેશભૂષાથી સુસજ્જ હતા અને પોતાના નિયોગ માં અશૂન્ય હતા-ચાલ્યા. ( **तयणंतरं च बहवे दंडिणो मुंडिणो, सिहंडिणो, जडिणो पिच्छिणो, हासकारगा, खेड्डकारगा, दवकारगा, चाडुकारगा, कंदप्पिआ, कुक्कुइआ मोहरिआ, गायंताय दीवंताय (वायंताय) नच्चंताय, हसंताय, कीलंताय, सासेंताय, सावेंताय, जावेंताय, रावेंताय सोभेंताय सोभावेंताय आलोयंताय, जयजयसद्दं च पउंजमाणा, पुरओ अहाणुपुव्वीए संपट्ठिया**) ત્યારબાદ અનેક દંડધારી જનો, અનેક મુંડીજનો-જે ના મસ્તક-ના વાળો મુંડિત કરવામાં આવ્યા છે એવાલોકો, અનેક શિખંડીઓ-જેનાં મસ્તક ઉપર એકજ ચોટલી છે એવ લોકો, અનેક જટાધારી જનો, અનેક મયૂર વગેરેના પિચ્છોને ધારણ કરનારા લોકો અનેક હસાવનારા લોકો અનેક દ્યૂત આદિ માં પ્રવૃત્તિ કરનારા લોકો અર્થાત ખેડૂડકારક જનો અનેક દ્રવકારક ક્રીડા વગેરેમાં પ્રવૃત્તિ કરનારા લોકો, અનેક ચાટુકારી ખુશામદ કરનારા લોકો અનેક કામકથા કરનારા, લોકો

અનેક કૌત્કુચ્ય-કાયાની કુચેષ્ઠા કરનારા-ભાંડજનો, અનેક વાચાલ જનો, અસંબદ્ધ પ્રલાપીજનો, ગાતા-ગાતાં ભિન્ન પ્રકારની ક્રીડાઓ કરતા, અનેક વાદ્યો વગાડતા, નૃત્ય કરતા, હસતા, અક્ષ વગેરે દ્વારા રમતા, પ્રમોદકારી ક્રીડાઓ કરતા બીજાઓને સંગીત વગેરે કલાઓ શીખવતા, મનોભિરોચક વચનો સંભળાવતા. બીજાઓના માટે મધુર શબ્દો બોલતા પોતેકહેલા વચનોને અનુવાદિત કરતા મનોજ્ઞવેષ વગેરેથી પોતાની જાતને અને બીજાઓને સુસજ્જિત કરતા, રાજાઓના પણ રાજા પુણ્યશાળી ભરતચક્રીના દર્શન કરતા તથા જય જય શબ્દોને ઉચ્ચારતા પ્રસ્થિત થયા. ( **एवं उववाइयगमेणं जाव तस्स रण्णो पुरओ महआसा आसधरा उभओ पासिं णागा णागधरा पिट्ठओ रहा रहसंगेल्ली अहाणुपुव्वीए संपट्ठिया** ) આ પ્રમાણે પ્રથમ ઉપાંગ ઔપપાતિક સૂત્ર ના પાઠ મુજબ અહીં "તે ભરત રાજાની આગળ મોટા-મોટા ઘોડાઓ, અશ્વધારક પુરુષો, બન્ને તરફ હાથીઓ હસ્તિધારક-પુરુષો પાછળ રથ અને અનેક રથોના સમૂહો ચાલ્યાં. એ પાઠ સુધીનું કથન અપેક્ષિત છે.

અહીં યાવત્ પદથી સવર્ણક સેનાંગોનું ગ્રહણ થયું છે.

**(तयणंतरं च णं तरमल्लिहायणाणं हरिमेला मउलमल्लिअच्छाणं चंचुच्चियललिअ पुलिअचलचवलचंचल ईण लंघणवग्गणधावणधोवणतिवइ तइण सिक्खियगईणं ललंतला- मगललायवरभूसराणं मुहमंडगओचूलग थासग अहिलाण चामरगंडपरि-मंडियकडीणं किंकर वरतरुण पडिग्गहिया अट्ठसयं वरतुरगाणं पुरओ अहाणुपुव्वीए संपट्ठियं)** ત્યારબાદ તરમલ્લિહાયના-વેગધારણ કરનાર છે વર્ષ જેના એવા નવીન, તરુણ તથા હરિમેલા નામક વનસ્પતિ વિશેષનીશુદ્ધ કલિકા જેવી અને મોઘરાના પુષ્પ જેવી શુભ્ર આંખોવાળા તથા વાયુની જેમ શીઘ્રગામી હોવાથી પુલિત ગતિથી ચાલ ચાલ રા, ટાપોનું આસ્ફોટન કરતા ચાલનારાં, વિલાસ યુક્ત ગતિવાળા, લંઘન ક્રિયામાં-ખાડા આદિને ઓળંગવામાં શિક્ષિત થયેલા, કૂદવાની ક્રિયામાં શિક્ષિત ધાવન ક્રિયામાં શિક્ષિત, ભૂમિમાં ત્રણ પગ ઉપર ઉભા રહેવાની ક્રિયામાં શિક્ષિત તેમજ બીજાઓની ગતિઓને પરાસ્ત કરનારી ગતિ વાળા, ગ્રીવાઓમાં ઝૂલતા રમ્ય શ્રેષ્ઠ આભૂષણો વાળા, મુખના આભૂષણોથી, અવચૂલીના લાંબા-લાંબા ગુચ્છાઓથી, સ્થાસકોથી-દર્પણ જેવા અશ્વાલંકારોથી અહિ- લાણ-લગામોથી યુક્ત તથા ચામર દંડોથી સુશોભિત કટિ પ્રદેશ વાળા કિંકર ભૂત શ્રેષ્ઠ યુવા પુરુષોએ જેમને પકડી રાખ્યા છે એવા ૧૦૮ ઘોડાઓ પ્રસ્થિત થયા. આ ૧૦૮ પદ ઉપલક્ષણ રૂપ છે. એ પદથી અત્રે ૮૪ લાખ ઘોડાઓનો સંગ્રહ થયો છે. **(तयणतरं च णं ईसिदंताणं ईसिमत्ताणं ईसितुंगाणं ईसिउच्छंग उन्नविसाल धवल दंताणं कंचण कोसीपविट्ठदंताणं कंचणमणिरयणभूसियाणं वरपुरिसारोहणसंपउत्ताणं गयाणं अट्ठसयं पुरओ अहाणुपुव्वीए संपत्थियंत्ति)** ત્યારબાદ હાથીઓનો સમૂહ પ્રસ્થિત થયો. એ હાથીઓકે જેમના દાંતો હજી પૂર્ણ રૂપમાં બહાર પણ નીકળ્યા નહોતા, પણ થોડા-થોડા દાંતો જેમના બહાર નીકળ્યા છે એવા હતા, એથી એ હાથીઓ પૂર્ણ રૂપમાં યુવાવસ્થા સમ્પન્ન થયા ન હોતા. યુવાવસ્થા તરફ એ હાથીઓ વધી રહ્યાહતા. પૂરે-પૂરી ઉંચાઈ પણ એ હાથીઓની હજી પ્રકટ થઈ ન હોતી, એ હાથીઓનો પૃષ્ઠભાગ પણ હજી સંપૂર્ણરૂપમાં ઊંચો થયો ન હતો, એવા એ ઇષદ્ ઉન્નત પૃષ્ટ દેશમાં જેમનો મેરુદંડ થોડો-થોડો ઉંચો હતો. તથા અધો ભાગમાં ઊદર ઉપર પર્યાયરૂપ અવયવ વિશેષો વિશાળ હતા એ હાથીઓના દાંતો એકદમ શુભ્ર હતા. એ દાંતો સુવર્ણ નિર્મિત પત્રથી આવૃત્ત હતા એ હાથીઓ સુવ- ર્ણોથી, ચન્દ્રકાંત વગેરે મણિઓથી તેમજ બહુમૂલ્ય રત્નવિશેષો થી શોભિત હતા, એમની ઉપર અશ્વ સંચાલન ક્રિયામાં પટુતર લોકો કરતાં પણ વિશેષ પટુ એવા વિષાદી જનો બેઠા હતા. એવા એ હાથીઓ ૧૦૮ હતા. **(तयणंतरं चणं सछत्ताणं सज्झयाणं सघंटाणं सपडागाणं, सतोरणवराणं, सणंदिघोसाणं सखिंखिणीजालपरिक्खित्ताणं हिमवंतकंदु- रतरणिव्वायसंवद्धिय चित्तग्गितिणिसकणगमणिजुत्तदारुगाणं)** ત્યારબાદ રથો સંપ્રસ્થિત થયા. એ રથો છત્રો સહિત હતા. ધ્વજાઓ સહિત હતા, ઘંટાઓ સહિત હતા, પતાકાઓ- લઘુધ્વજાઓ-સહિત હતા. તોરણોથીયુક્તહતા દ્વારના અવયવ વિશેષનું નામ તોરણ છે. જેને હિન્દી ભાષામાં **'महेराब'** કહેવામાં આવે છે. નન્દિઘોષથી સમન્વિત હતા. એકી સાથે જે બાર પ્રકારના વાદ્યો વગાડવામાં આવે અને તેમાથીજે ધ્વનિ નીકળે છે તેનું નામ નંદિઘોષ છે. નાની-નાની ઘંટડીઓનો સમૂહ ક્રમશઃ એમની ઉપર આસ્તૃત હતો. એમની અંદર જે ફલક વિશેષ પ્રકારના પાટિયાઓલગાડવામાં આવ્યા હતા-તે ક્ષુદ્ર હિમવદ્ ગરિની નિર્વાત

કંદરાના મધ્યમાં-અંદર સંવર્દ્ધિત થયેલા વિવિધ તિનિશ વૃક્ષોના બનાવેલા હતા. તેમજ કનક અને મણિઓ થી એ જડિત હતા. (**कालायस सुकयणेमिजंतकम्माणं सुसिलिट्ठ-वत्तमंडलधुराणं आइण्णवरतुरगसुसंपउत्ताणं** કાલાયસ-લોખંડ વિશેષ થી સુરચિત ચક્ર પરિધિની ઉપર વિદ્યમાન મન્ત્રની ગતિ ક્રિયા થી એઓ યુક્ત હતા. એ રથોની ધુરા સુશ્લિષ્ટ, સુસંગત તેમજ ગોળ- મંડલવાળી હતી પોતાના વેગથી યુક્ત એવા શ્રેષ્ઠ ઘોડાઓ એ રથોમાં જોતરેલા હતા. (**कुसलनरच्छेकसारथि सुसंपग्गहियाणं**)કુશલ સારથિયો વડે કે જેઓ રથ સંચાલક મનુષ્યોમાં શ્રેષ્ઠ માનવામાં આવતા હતા એ રથો સંચાલિત થઈ રહ્યા હતા. (**बत्तीसतोणपरिमंडियाणं सकंकडवडेंसगाणं सचावसरपहरणावरणभरिअजुद्ध-सज्जाणं अट्ठसयं रहाणं पुरओ अहाणुपुव्वीए संपट्ठियं**) ૩૨ બત્રીશ બાણોને મૂકવાના સ્થાન ભૂત તાણો થી તૂણીરોથી એ રથોથી મંડિત હતા. એ રથો સકંકટ, કવચ અને અવતંસક શિરસ્ત્રાણભૂત આવરણ વિશેષો થી અલંકૃત હતા. ધનુષ, બાણ પ્રહરણ અને આયુધ એ રથો માં સ્થાન સ્થાન ઉપર મૂકવામાં અવ્યાહતા. એથી એવી પ્રતીતી થતી હતી કે જાણે એ રથો યુદ્ધ માટે જ સુવજ્જિત કરવામાં આવ્યા ન હોય! એ રથો ૧૦૮ હતા.

(**तयणंतरं चणं असिसत्तिकुंततोमरसूल, लउड, भिंडियाल धणुपाणिसज्जं पाइत्ताणीयं पुरओ अहणुपुव्वीए संपत्थियं**) ત્યારબાદ આગળ આગળ પદાત્યનીક પદાતિ સેનાનો સમૂહ ચાલ્યો. એ પદાતિ સેનાના દરેક દરેક સૈનિકના હાથમાં અસિ તલવાર, શક્તિ-ત્રિશૂલ, કુંત-ભલો, તોમર બાણ વિશેષ, શૂલ, લગુડ-લાકડી, ભિંદિપાલ શસ્ત્ર વિશેષ તેમ જ ધનુષ એ બધાં અસ્ત્ર-શસ્ત્રો હતાં (**तएणं से भरहाहिवे णरिंदे हारोत्थयसुकय रइय-वच्छे जाव अमर वइ सण्णिभाए इद्धीए पहियकित्ती चक्करयणदेसियमग्गे, अणेगरायवर सहस्साणुयायमग्गे जाव समुद्दबभू यंपिवकरेमाणे २ सव्विद्धीए सवज्जुईए जाव णिग्घोस-णाइयरवेणं गामागर णगरखेड कव्वडमडंब जाव जोयणंतरियाहिं वसहिहिं वसमाणे २ जेणेव विणीया रायहाणी तेणेव उवागच्छइ**) આ જાતના ઠાઠ-માઠ થી ચાલનારા ભરત રાજાનુ વક્ષસ્થલ મુક્તાહાર થી સમલંકૃત હતુ. એથી દર્શકો માટે તે આહલદક બની ગયું હતુ યાવત્ કુંડલની કાંતિ થી મુખની આભાદ્વિગુણિત થઇ ને બહાર પ્રસરી રહી હતી. અતીવ સુદર ઢંગ થી એ રાજાએ અધોવસ્ત્ર અને ઉત્તરીય વસ્ત્રો ધારણ કરેલા હતા એ નૃપતિ અમર પતિ (ઇન્દ્ર) જેવી ઋદ્ધિ થી યુક્ત હતા. એમનો યશ ચોમેર દિશાઓ માં પ્રખ્યાત થઇ ચૂક્યો હતો. વિનીતા રાજધાની તરફ જતું અને નિષ્કંટક માર્ગ બતાવનારૂં ચક્રરત્ન એમની આગળ-આગળ ચાલી રહ્યુ હતું અનેક શ્રેષ્ઠ રાજાઓ નો સમૂહ એમની પાછળ-પાછલ ચાલી રહ્યો હતો પોતાની સેના વગેરે થી ઉત્થિત શબ્દો થી તે સમયે ભૂમંડલને જાણે સમુદ્રના તોફાન થી ઘોર શબ્દ થયોન હોય, આમ બતાવતો તે નૃપ ભરત ચાલી

રહ્યો હતો. તેમજ હસ્તિ અશ્વઆદિ રૂપ પોતાની સમ્પત્તિ થી, મણિ મુકુટાદિની દ્યુતિ થી તેમજ શારિરીક કાંતિ થી દિગ્મંડલ ને આશ્ચર્ય ચકિત બનાવ તો ચાલી રહયો હતો. તેની સાથે અનેક પ્રકારના વાદ્યો વગાડનારાઓ વાદ્યો વગાડતા ચાલી રહ્યા હતા. આ પ્રમાણે તે ભરત રાજા ગ્રામ, આકર, નગર, ખેડ, કર્બડ, વગેરે સ્થાનોમાં ચાર-ચાર ગાઉના અંતર થી પોતાની સેનાનો પડાવ નાખતો નાખતો અને ત્યાંના નિવાસીઓ દ્વારા પ્રદત્ત પ્રીતિદાનને સ્વીકારતો સ્વીકારતો જ્યાં વિનીતા નામે રાજધાની હતી ત્યાં પહોંચ્યો ગ્રામ, આકર વગેરે પદોની વ્યાખ્યા આ પ્રકરણમાં જ ૨૬માં સૂત્રમાં હમણાં જ કરવામાં આવી છે તો જિજ્ઞાસુ જનો ત્યાંથી જાણી લે. (उवागच्छित्ता विणीयाए अदूरसामंते दुवालसजोयणायामं णवजोयणवित्थिन्नं जाव खंधावारनिवेसं करेइ) વિનીતા રાજધાની પાસે પહોંચીને તે રાજા એ પોતાની સેનાનો ૪૮ ગાઉ લાંબો અને ૩૬ ગાઉ પહેળો પડાવ નાખ્યો. એ પડાવ વિનીતા નગરીની પાસે જ હતો એ પડાવ દર્શકજનોને એક શ્રેષ્ઠ નગર જેવોજ પ્રતીત થતો હતો (करित्ता वड्ढइरयणं सद्दावेइ) સેનાનો પડાવ નાખીને પછી ભરત નરેશે પોતાના વર્દ્ધકિરત્નને બોલાવ્યો. (सद्दावित्ता जाव पोसहसालं अणुपविसइ) અને બોલાવીને તેને પૌષધશાલા નિર્માણ કરવાની આજ્ઞા આપી. આજ્ઞા મુજબ તે વર્દ્ધકીરત્ને પૌષધશાલા બનાવી અને પછી પૌષધશાલા નિર્મિત થઈ ગઈ છે એવી સૂચના ભરત નરેશ પાસે પહોંચાડી. ભરતનરેશ તે પૌષધશાલામાં જતો રહ્યો. (अणुपविसित्ता विणीयाए रायहाणीए अट्ठमभत्तं पगिण्हइ) ત્યાં પહોંચીને ભરત નરેશે વિનીતા નગરીના અધિષ્ઠાયક દેવને વશમાકરવા માટે અષ્ટમ ભક્તની તપસ્યા ધારણ કરી. (पगिण्हित्ता जाव अट्ठमभत्तं पडिजागरमाणे पडिजागरमाणे विहरइ) અને ધારણ કરીને યાવત્ તે તેમાં સારી રીતે સાવધાન થઈ ગયો અત્રે એવી આશંકા ઉદ્ભવી શકે તેમ છે કે, અહીં જે ભરત નરેશે અઠ્ઠમ ભક્તની તપસ્યા ધારણ કરી તે તો એક રીતે અનર્થક જેવી જ પ્રતીત થાય છે, કેમકે વિનીતા રાજધાની તો પહેલે થી જ તેમના સર્વાધિકારમાં હતીજ તો આ શંકાનું સમાધાન આ પ્રમાણે છે કે વગર કાંઈ પણ જાતના ઉપદ્રવે ત્યાં પોતાના વાસ રહે તથા પ્રજા સુખશાંત્તિ પૂર્વક રહી શકે-એટલા માટે આ તપસ્યા તેમણે ધારણ કરી. એથી આ તપસ્યા સાર્થક જ કહેવાય, નિરર્થક નહી ॥૨૮॥

**અપની રાજધાની મેં આયે હુએ ભરત મહારાજા કે કાર્ય કા નિરૂપણ**

## રાજધાનીમાં ભરતનું કર્તવ્ય

**(तएणं से भरहे राया अट्ठमभत्तंसि परिणममाणंसि) इत्यादि सूत्र --२९॥**

ટીકાર્થ-(तएणं से भरहे राया) ત્યાર બાદ તે ભરત રાજા (अट्ठमभत्तंसि परिणममाणंसि) અષ્ટમ ભક્તની તપસ્યા પૂરી થઈ તે પછી (पोसहसालाओ पडिणिक्खमइ) પૌષધશાલામાંથી બહાર નીકળ્યો (पडिणिक्खमित्ता) અને બહાર નીકળીને (कोडुंबियपुरिसे सद्दावेइ) તેણે

પોતાના કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા.(**सद्दावित्ता एवं वयासी**)બોલાવીને તેમને આ પ્રમાણેકહ્યું હે દેવાનુપ્રિયો તમે આભિષેક્ય હસ્તિરત્ન ને સજ્જિત કરો વગેરે સર્વકથન પહેલાં મુજબ જ અત્રે પણ સમજવું. અહીં મજ્જન ગૃહમાં પ્રવેશ તથા સ્નાન કરવા સુધીનો પાઠ સંગૃહીત થયેલો છે, એવું સમજવું ત્યારબાદ તે(**अंजनगिरीकूडसण्णिमं गयवइं णरवई दूरूढे**)નરપતિ ભરત તે અંજન ગિરિ સદૃશ ગજપતિ ઉપર આરૂઢ થઈ ગયા. (**तं चेव सव्वं जहा हेट्ठा**)અહીં હવે બધું વર્ણન જેવું વિનીતા રાજધાની થી નિકળતી વખતે-વિજય મેળવવા માટે પહેલાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે. તેવું જ તે બધું કથન અહીં પ્રવેશકરતી વખતે પણ પૂર્વકથન પ્રમાણે યથાર્થ સમજીલેવું જોઈએ (**णवरं णव महाणिहिओ चत्तारि सेणाओ ण पविसंति सेसो सो चेव गमो जाव णिग्घोसणाइएणं विणीयाए रायहाणीए मज्झं मज्झेणं जेणेव सए गिहे जेणेव भवणवरवडिंसगपडिदुवारे तेणेव पहारेत्थ गमणाए**)પણ પ્રવેશ કરતી વખતે આટલી વાત વિશેષ થઈ કે વિનીતા રાજધાનીમાં મહા નિધિઓએ પ્રવેશ કર્યો નહીં. કેમકે એક-એક મહાનિધિનું પ્રમાણ વિનીતા રાજધાનીની બરાબર હતું એથી તેમને ત્યાં સ્થાન મલે જ કેવીરીતે આ પ્રમાણે ચાર પ્રકારની સેના પણ તેમાં પ્રવિષ્ટ થઈ નથી. શેષ બધું કથન અહિં પૂર્વ પાઠવત્ સમજવું જોઇએ આ પ્રમાણે પૂર્વોક્ત કે જે ગડ ગડાહટધ્વનિ સાથે તે ભરત નરેશ વિનીતા રાજધાની વચ્ચે થઇ ને જયાં પોતાનું ભવન હતું રાજ ભવન હતું. અને તેમાં પણ જ્યાં પ્રાસાદાવતંસકદ્વાર હતું તે તરફ રવાના થયો. ભરત ચક્રવર્તીએ જ્યારે પ્રવેશ દ્વારમાં પ્રવેશમેળવ્યો તે વખતે આભિયોગિક દેવોએ શુ. કર્યું ? એ વાતને પ્રકટ કરવા માટે સૂત્રકાર કહે છે- (**तएणं तस्स भरहस्स रण्णो विणीयं रायहाणिं मज्झं मज्झेणं अणुपविसमाणस्स अप्पेगइया देवा विणीयं रायहाणिं सब्भंतरबाहिरियं आसियसम्मज्जियावलित्तं करेंति**)જ્યારે ભરત રાજા વિનીતા રાજધાનીમાં પ્રવેશ કરવા માટે તે રાજધાનીના ઠીક મધ્યમાં આવેલા માર્ગ ઉપર થઈને જઈ રહ્યો હતો તે સમયે કેટલાક આજ્ઞાકારી વ્યંતર રૂપ દેવો, આભિયોગિક દેવોએ તે વિનીતા રાજધાનીને અંદર અને બહાર જલ સિંચિત કરી તરબોળ કરી દીધી હતી. કચરાને સાવરણીથી સાફ કર્યો અને ગોમયાદિથી લિપ્ત કરીને રાજ ધાનીને સ્વચ્છ બનાવી દીધી હતી. આ પ્રમાણે તે રાજધાનીને તે દેવોએ સાફ કરી નાખી હતી કે કોઈ પણ સ્થાને કચરો દેખાતો ન હતો, તે દેવોએ ગોમયાદિથી લીપીને જમીનને એવી રીતે પરિષ્કૃત કરી નાખી. હતી કે જેથી તેમાં કોઇ પણ સ્થાને ગર્તવગેરેના ચિહ્નો પણ દેખાતા નહોતા. તેમજ(**अप्पेगइया मंचाइ मंचकलियं करेंति**)કેટલાક આભિયોગિક દેવોએ તે વિનીતા રાજધાનીને મંચાતિમંચોથી યુક્ત બનાવી દીધી હતી. જેથી પોતાના પ્રિય નરેશના દર્શન માટે ઉપસ્થિત થયેલી જન મંડલી એ મંચો ઉપર બેસી ને વિશ્રામ લઈ શકે. (**एवं सेसेसु वि पएसु**) આ પ્રમાણે જ ત્રિક ચતુષ્ક ચત્વર અને મહાપથ સહિત રાજધાનીના સમસ્ત રસ્તાઓમાં સ્વચ્છતા વગેરેનું કામ સંપન્ન કરીને આભિયોગિક દેવોએ તે સ્થાનો ઉપર પણ મંચાતિમંચો બનાવી દીધા. (**अप्पेगइया णाणाविहरागवसणुस्सिय धयपडागामंडियभूमियं, अप्पेगइया लाउल्लोइयमहियं करेंति**) કેટલાક દેવોએ તે રાજધાનીને અનેક રંગોના વસ્ત્રોથી નિર્મિત ઊંચી ઊંચી ધ્વજાઓથી અને પતાકાઓથી વિભૂષિત ભૂમિવાળી બનાવી દીધી. તેમજ કેટલાક દેવોએ સ્થાન સ્થાન ઉપર ચંદરવાઓ તાણીને તે ભૂમિને સુસજ્જિત કરી

દીધી. અથવા લીપીને અને પછી ચુનાથી ધોળી ને પ્રાસાદાદિકોની ભીતોને અતિ પ્રશસ્ત કરી દીધી. (अप्पेगइया जाव गंधवट्टिभूयं करेंति) કેટલાક દેવોએ તે ભૂમિને ગંધની વતીં જેવી બનાવી દીધી. અહીંજે યાવત્ પદ આવેલ છે તેનાથી–"गोसीससरसरत्तचंदन कलसं,चंदणघडसुकय जाव गंधद्धूयाभिरामं सुगंधवरगंधियं" એ પાઠનો સંગ્રહ થયો છે. એ પાઠનો અર્થ આ પ્રમાણે છે કે શોભા માટે ગોશીર્ષ ચન્દન થી ઉપલિપ્ત સરસરકત ચંદનના કળશો રાજદ્વાર ઊપર કેટલાક દેવોએ મૂકી દીધાહતા સ્થાન–સ્થાન ઊપર દેવો એ ચંદનના કળશોને તારણોના આકારમાં સુસજ્જ કરીને સ્થાપિત કરી દીધા હતા. એવી એ સુગંધિત પદાર્થો થી એ વિનીતા નગરી ગન્ધની વર્તિકા જેવી બની ગઈ હતી. (अप्पे गइया हिरण्णवासं वासिंति, सुवण्णरयणवइरआभरणवासं वासिंति) કેટલાક દેવોએ તે વિનીતા નગરીમાં રજત ચાંદીની વર્ષા કરી. કેટલાક દેવે એ સુવર્ણ, રત્ન વજ્ર, અને આભરણોની વર્ષા કરી, અઢાર લડીવાલા હારોની, નવ લડીવાલા હારોની, અને ત્રણ લડી-

વાલા હારોની, તથા અન્ય પણ આભરણોની–આભૂષણોની વર્ષા કરી. (तएणं तस्स भरहस्स रण्णो विणीयं रायहाणिं मज्झं मज्झेण अणुप्पविसमाणस्स सिंघाडग जाव महापहेसु) જ્યારે ભરત રાજાએ વિનીતા રાજધાનીના મધ્યમાર્ગમા પ્રવેશ કર્યો ત્યારે ત્યાંના ત્રિક, ચતુષ્ક વગેરે મહાપથના માર્ગોમાં (बहवे अत्थत्थिया भोगत्थिया कामत्थिया लाभत्थिया, इड्ढिसिया किब्बिसिया कारोडिया) અનેક અર્થાભિલાષી જનોએ, અનેક ભોગાભિલાષી જનોએ અનેક કામાર્થી જનોએ, અનેક લાભાર્થી જનોએ, અનેક ગવાદિની સંપત્તિ મેળવવાનિ અભિલાષા રાખનારા જનોએ, અનેક કિલ્બિષિક–ભાંડઆદિ જનોએ, અનેક કારોટિક તાંબૂલ સમુદ્ગવાહક જનોએ (कारवाहिया) અનેક કારવાહિક-રાજદેય દ્રવ્ય આપ્યું નથી– એવા જનોએ, અનેક (संखिया) શાંખિક શંખ વગાડનારાં જનોએ, અનેક (चक्किया) ચાક્રિક ભિક્ષુક જનોએ, અનેક (णंगलिया) લાંગલિકોએ અવલંબન ભૂત કાષ્ઠના જેવા અસ્ત્રધારણ કરનારા સુભટોએ, (मुहमंगलिया) અનેક મુખમાંગલિકોએ ચારણા

દિકોએ, (पूसमाणया) અનેક શકુન શાસ્ત્રજ્ઞોએ, (वद्धमाणया) અનેક વર્દ્ધમાનકોએ મંગલ ઘટધારકોએ, (लंखमंखमाइया) વંશાદિ ઉપર જે ખેલ બનાવે છે એવા અનેક નરોએ, અનેક લોકોએ-ચિત્રફળકોને હાથમાં લઈને ભિક્ષા માગનારાભિક્ષુકોએ અને અનેક માયાવીઓએ ઈન્દ્રજાલકોએ–જાદૂગરોએ(ताहिं ओरालाहिं इट्ठाहिं)તે ઉદાર, ઈષ્ટ(कंताहिं) કાંત, મનોહર (पियाहिं) પ્રીતિયુક્ત (मणुन्नाहिं) મનોહર (मनोमाहिं) તેમજ વારંવાર યાદ કરવાયોગ્ય એવી (वग्गूहिं) વાણીઓ વડે–વચનો વડે કે જે (सिवाहिं) કલ્યાણ યુક્ત હતી (धण्णाहिं) પ્રશંસા યુક્ત હતી, (मंगलाहिं) મંગલયુક્ત હતી (सस्सिरीयाहिं) લાલિત્ય, ઔદાર્ય, આદિ ગુણોથી સુશોભિત હતી. (हिययपल्हायणिज्जाहिं) તેમજ હૃદયને પ્રમુદિત કરનારી હતી. (अणुवरयं) વગર વિરામ લીધાં જ સતત (अभिणंदंताय अभिथुणंताय जय जयणंदा जय जय भद्दा) અભિનન્દન કરતાં, અભિષ્ટુતિ-સ્તુતિ કરતાં આ પ્રમાણે કહ્યું હેનન્દ ! આનંદ

સ્વરૂપ ભરત ચક્રવર્તી ! તમારો જય થાઓ, તમે અજીત શત્રુઓ ઉપર વિજય મેળવો. હે ભદ્ર, કલ્યાણ સ્વરૂપ ભરત ! તમારો વારંવાર જય થાઓ. (भद्दंते) તમારું કલ્યાણ થાઓ. (अजियं जिणाहि) જેને બીજો વીર હરાવી શકે નહિ એવા શત્રુ ને તમે પરાસ્ત કરો. (जियं पालयाहि) જેવો તમારી આજ્ઞાનું પાલનકરેછે તેમની તમે રક્ષા કરો. (जियमज्झे वसाहि)જે વ્યક્તિઓને આપે જીતી લીધેલ છે તેમની વચ્ચે તમે રહો એટલેકે પરિજનોથી તમે સર્વદા પરિવૃત્ત રહો. (इंदोविव देवाणं) વૈમાનિક દેવોમાં તમે ઈન્દ્રની જેમ (चंदोविव ताराणं) તારાઓની વચ્ચે ચન્દ્રની જેમ, (चमरोविव असुराणं) અસુરોની વચ્ચે અસુરેન્દ્ર અસુરરાજ ચમરની જેમ(धरणो विव नागाणं) નાગકુમારો ની વચ્ચે ધરણ નામક નાગકુમારની જેમ (बहूइं पुव्वसयसहस्साइं) અનેક લાખ પૂર્વ સુધી (बहूईओ कोडाकोडीओ) અનેક કોટા કોટી પૂર્વ સુધી (विणीयाए रायहाणीए) વિનીતા રાજધાની ની પ્રજાનું પાલન કરતાં (चुल्लहिमवंतगिरिसागरमेरागस्स य केवलकप्पस्स भरहस्स वासस्स गामागरणगरखेडकव्वडमडंबदोणमुहपट्टणासमसण्णिवेसेसु) ઉત્તર દિશામાં ક્ષુદ્ર હિમવત્પર્વત અને ત્રણ દિશાઓમાં ત્રણ સાગરો વડે જેની સીમા નિશ્ચિત કરવામાં આવી છે, એવા એ કેવલકલ્પ-સંપૂર્ણ ભરતક્ષેત્રના ગ્રામ, આકર, નગર, ખેટ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પત્તન અને સન્નિવેશ એ સર્વસ્થાનોમાં (सम्मं) સારીરીતે (पयापालणोवज्जियलद्धजसे महया जाव आहेवच्चं पोरेवच्चं जाव विहरइ) પ્રજાના પાલનથી સમુપાર્જિત તેમજ પોતાના ભુજ પરાક્રમથી પ્રાપ્ત યશથી સમન્વિત થયેલા ચતુર વાદ્ય વગાડનારાઓના હાથોથી જોર-જોરથી જેમાં સર્વ પ્રકારના વાદ્યો વગાડવામાં આવી રહ્યાં છે,એવા વિવિધ નાટકોને તેમજ ગીતોને જોતા, સાંભળતા વિપુલ ભોગ ભોગોને ભોગવતા 'ભોગ' પદની વ્યાખ્યા પૂર્વે કરવામાં આવી છે. ગ્રામ આકર આદિ સ્થાનોનું સ્વરૂપ પણ પૂર્વ પ્રકરણમાં સ્પષ્ટ કરવામાં આવેલ છે. તેમજ "महया जाव" થી ગૃહીત 'नाटयगीतवादित तन्त्रीतल०" પદોની વ્યાખ્યા પણ કેટલાક સ્થળોમાં કરવામાં આવી છે. એથી ત્યાંથીજ એ સંબંધમાં જાણી લેવું જોઇએ. દરેક સ્થાને એની વ્યાખ્યા લખવાથી ગ્રંથનું કલેવર વિસ્તૃત થઇ જાય તેવા ભયની સંભાવના રહે છે. અહીં મૃદંગનું ગ્રહણ વાદ્યોમાં પ્રધાન હોવાથી કરવામાં આવેલ છે. અને પોતાના સામ્રાજ્યની અંદર મનુષ્યોનું આધિપત્ય, પૌરપત્ય યાવત્ કરતાં આનંદ પૂર્વક પોતાના સમયનો સદુપયોગ કરો. અહીં યાવત્ શબ્દથી "सामित्तं, भट्टित्तं, महत्तरगत्तं आणाईसरसेणावच्चं कारेमाणे" એ પદોનો સંગ્રહ થયો છે. (त्ति कट्टु जय-जयसद्दं पउंजंति) આ પ્રમાણે કહીને તેઓ સર્વ ફરીથી 'આપનો જય થાઓ, જય થાઓ" આ પ્રમાણે જય-જય શબ્દને ઉચ્ચારવા લાગ્યા. (तएणं से भरहे राया णयणमालासहस्सेहिं अभिथुव्वमाणे २) વારંવર હજરો વચનમાલાઓથી સ્તુતિ કરતા (हिययमाला सहस्सेहि विच्छिज्जमाणे २) આ પ્રમાણે તે ભરત રાજા હજારો નેત્ર

પંક્તિઓ વડે વારંવાર દશ્યમાન થતા (**वयणमालासहस्सेहिं अभिथुव्वमाणे २**) વારવાર હજારો વચનાવળીઓ થી સંસ્તૂયમાનથતા, (**हियमाला सहस्सेहिं उणंं दिज्जमाणे २**) હજારો દર્શકજનોના હૃદયોમાં સંપૂર્ણ પણે પોતાનું સ્થાન બનાવતા, (**मणोरहमाला सहस्सेहि विच्छिप्पमाणे**) પ્રજાના હજારો મનોરથો વડે વિશેષ રૂપમાં સ્પષ્ટ થતા, (**कंतिरूव सोहग्ग गुणेहिं पिच्छिज्जमाणे २**) કાંતિ, રૂપ અને સૌભાગ્ય ગુણોને લઇને પ્રજા વડે સાશ્ચર્ય દૃષ્ટિથી જોવાયેલ, (**अंगुलिमालासहस्सेहिं दाइज्जमाणे २**) હજારો આંગળીઓ વડે વારંવાર નિર્દિષ્ટ કરાયેલ (**दाहिणहत्थेणं बहूणं नर णारी सहस्साणं अंजलिमालासहस्साइं पडिच्छेमाणे २**) પોતાના જમણા હાથથી હજારો નર-નારીઓ વડે જે અંજલિઓ બનાવવામાં આવી છે, તેનો વારંવાર સ્વીકાર કરતો,(**भवणपंती सहस्साइं समइच्छमाणे २**) હજારો ભવનોની રમણીયશ્રેણીઓને પાર કરતો (**तंतीतलतुडियगीयवाइयरवेणं**) ગીતોમાં વાગતા, તન્ત્રી, તલ ત્રુટિત-વાદ્યવિશેષ-એ સર્વના તુમુલ ગડગડાહટ યુક્ત શબ્દ સાથે (**मधुरेणं मणहरेणं मंजु मंजुणा घोसेणं अपडिबुज्झमाणे अपडिबुज्झमाणे जेणेव सए गिहे जेणेव सए भवणवडिंसयदुवारे तेणेव उवागच्छइ**) તેમજ મધુર, મનોહર, અત્યંત કર્ણપ્રિય ઘોષમાં તલ્લીન હોવાથી બીજા કોઈપણ વસ્તુ તરફ જેનું ધ્યાન નથી એવા તે ભરત નરેશ જ્યાં પૈતૃક રાજભવન હતું અને તેમાં પણ જ્યાં જગદ્વર્તી વાસ ગૃહોમાં મુકુટરૂપ પોતાનું નિવાસસ્થાન હતું, તેના દ્વારસામે પહોચ્યાં (**उवागच्छित्ता आभिसेक्कं हत्थिरयणं ठवेइ**) ત્યાં આવીને તેમણે પોતાના આભિષેક્ય હસ્તિરાજ ને ઉભોરાખીને પછી તેઓ નીચે ઉતર્યા. (**पच्चोरुहित्ता सोलसदेवसहस्से सक्कारेइ सम्माणेइ**) નીચે ઉતરીને તેમણે સોળહજાર દેવોનો અનુગમનાદિ વડે સત્કાર કર્યો અને સન્માન કર્યું (**सक्कारित्ता सम्माणित्ता बत्तीसं रायसहस्से सक्कारेइ सम्माणेइ**) દેવોનો સત્કાર અને સન્માન કરીને પછી તેમણે ૩૨ હજાર રાજાઓ નો સત્કાર તેમજ સન્માન કર્યું. (**सक्कारित्ता सम्माणित्ता सेणावइरयणं सक्कारेइ संमाणेइ**) સત્કાર તેમજ સન્માન કરીને પછી પોતાના સેનાપતિ નો તેણે સત્કાર કર્યો અને તેનું સન્માન કર્યું. (**सक्कारित्ता सम्माणित्ता एवं गाहावइ रयणं बद्धइरयणं पुरोहियरयणं सक्कारेइ सम्माणेइ**) સેનાપતિ રત્નનો સત્કાર અને સન્માન કરીને પછી તેણે ગાથાપતિ રત્નનો વર્ધકિરત્ન નો અને પુરોહિત રત્ન નો સત્કાર અને સન્માન કર્યું. (**सक्कारित्ता संमाणित्ता तिण्णि सट्ठे सूवसए सक्कारेइ संमाणेइ**) એ સર્વના સત્કાર અને સન્માનની વિધિ સમાપ્ત થઈ ત્યાર બાદ તે ભરત નરેશે ત્રણસો સાઇઠ રસવનીકારકોનો-રસોઈયાઓનો સત્કાર કર્યો અને તેમનું સન્માન કર્યું. (**सक्कारित्ता सम्माणित्ता अट्ठारस सेणिप्पसेणीओ सक्कारेइ, सम्माणेइ**) એ સર્વની સત્કાર અને સન્માન વિધિ સમાપ્ત થઇ ત્યાર બાદ ભરત મહારાજાએ અઢાર શ્રેણિ પ્રશ્રેણિજનોનો સત્કાર કર્યો અને તેમનું સન્માન કર્યું (**सक्कारित्ता संमाणिता अण्णे वि बहवे राईसर जाव सत्थवाहप्पभिईओ सक्कारेइ सम्माणेइ**) એ સર્વના સત્કાર અને સમ્માન વિધિ પૂરી કર્યા પછી ચક્રવર્તી શ્રી ભરત રાજાએ બીજા પણ અનેક રાજેશ્વર આદિથી માંડી ને સાર્થવાહો સુધીના જન સમૂહોનો સત્કાર કર્યો અને તેમનું સન્માન કર્યું અહીં યાવત પદથી **"माडंबिक, कौटुंबिक मंत्री, महामंत्री, गणक, दौवारिक, अमात्य**

ચેટ, પીઠમર્દક, નગરનિગમ શ્રેષ્ઠિ સેનાપતિ સંધિપાલ એસર્વ પદોગ્રહણ થયા છે. એ પદોની વ્યાખ્યા ૨૭મા સૂત્રમાં કરવામાં આવી છે.

(सक्कारित्ता सम्माणित्ता पडिविसज्जेइ) સર્વને સત્કૃત તેમજ સમ્માનિત કરીને શ્રીભરત રાજાએ તેમને પોતપોતાના સ્થાન ઉપર જવાની આજ્ઞા આપી. (इत्थिरयणेणं बत्तीसाए उडुकल्लाणियासहस्सेहिं बत्तीसाए जणवयकल्लाणियासहस्सेहिं बत्तीसइबद्धेहिं णाडय सहस्सेहिं सद्धिं संपरिवुडे भवणवरवडिंसगं अईइ जहा कुबेरोव्व देवराया केलाससिहरि सिंगभूयंति) ત્યાર બાદ સતિ સુભદ્રા નામક સ્ત્રી રત્નથી, ૩૨ હજાર ઋતુકલ્યાણિકાઓથી ૬ ઋતુઓમાં આનંદદાયિની રાજકન્યાઓથી, ૩૨ હજાર જનપદાગ્રણીઓની કન્યાઓથી તેમજ ૩૨-૩૨ પાત્રોથી સંબદ્ધ ૩૨ હજાર નાટકોથી સમન્વિત થયેલો અને કુબેર જેવો લાગતો તે ભરત રાજા કૈલાસ ગિરિના શિખર તુલ્ય પોતાના શ્રેષ્ઠ ભવનાવતંસકની અંદર-

પોતાના પ્રધાન રાજભવનની અંદર પ્રવિષ્ટ થયો. (तएणं से भरहे राया मित्तणाइणियग सयणसंबंधिपरिअणं पच्चुवेक्खइ) ત્યાં પહોંચીને તે ભરત રાજાએ પોતાના મિત્રજનોની પોતાના માતા-પિતા, ભાઇ વગેરેની, સ્વજનોની કાકાવિગેરેની શ્વશુરાવગેરે સંબંધી જનો ની અને દાસ-દાસી પરિજનોની કુશલતા પૂછીઅથવા જેમને તે ચિરકાળ પછી જોઇ શકયો છે એવા તે મિત્રાદિકોને તે મહરાજ શ્રી ભરતે સ્નેહ દષ્ટિથી જોયા. (पच्चुवेक्खित्ता जेणेव मज्जणघरे तेणेव उवागच्छइ) સર્વની સાથે સંભાષણ કર્યા બાદ અથવા સર્વને સ્નેહ દૃષ્ટિથી જોયા બાદ તે ભરત નરેશ જ્યાં સ્નાન ગૃહ હતું ત્યાં ગયો (जाव मज्जणघराओ पडिणिक्खमइ) ત્યાં જઇને તેણે યાવત્ સ્નાન કર્યું અને સ્નાન કરીને પછી તે સ્નાન ઘરથી (पडिणिक्खमित्ता) બહાર આવીને (जेणेव भोयणमंडवे तेणेव

उवागच्छइ) જ્યાં ભોજન મંડપ હતો, ત્યાં ગયા. (उवागच्छित्ता भोयणमंडवंसि सीहासण वरगए अट्ठमभत्तं पारेइ) ત્યાં જઈને તે એક શ્રેષ્ઠ સુખાસન ઉપર બેસી ગયા અને તેણે પોતાની વડે ગૃહીત અષ્ટમ ભક્ત તપસ્યાના પારણા કર્યા (पारित्ता उप्पिं पासायवरगए फुट्टमा णेहिं मुइंगमत्थएहिं बत्तीसइबद्धेहिं णाडएहिं उवलालिज्जमाणे २ उवणच्चिज्जमाणे २ उवगिज्जमाणे २ महया जाव भुंजमाणे विहरइ) પારણા કરીને પછી તે ભરત મહારાજા પોતાના શ્રેષ્ઠ પ્રાસાદ અંદર ગયા. અને ત્યાં તે જેમાંમૃદંગોનો અવિરલ ધ્વનિ થઇ રહ્યો છે. એવા ૩૨ પાત્રોથી બદ્ધ નાટકો વડે વરંવાર ઉપલાલિત થતો વારંવાર નૃત્યોનું અવલોકન કરતો વારંવાર ગાયકોના સંગીતથી સંસ્તુત થતો યાવત્ ભોગભોગો ભોગવવા લાગ્યા અહીં યાવત્ પદથી "अहतनाट्यगीतवादित तन्त्रीतलतालतूर्यघनमृदङ्गपटुप्रवादितरवेण विपुलान् भोगभोगान्" એ પાઠનો સંગ્રહ થયો છે. નાટ્ય ગીત વગેરે પદોની વ્યાખ્યા પહેલાંઅનેક સ્થલોં પર કરવામાં આવી છે. એથી જિજ્ઞાસુ જનો ત્યાંથી જાણી લે. ॥૨૧॥

**"तएणं तस्स भरहस्स रण्णो अण्णया कयाइ" इत्यादि सूत्र-३०॥**

ટીકાર્થ-(**तएणं तस्स भरहस्स रण्णो अण्णया कयाइ रज्जधुरं चिंतेमाणस्स इमेयारूवे जाव समुप्पज्जित्था**) એક દિવસની વાત છે કે જ્યારે મહારાજા પોતાના રાજ્ય શાસન ચલાવવાના સંબંધમાં વિચારમગ્ન હતા. ત્યારે તેમના અન્તઃકરણમાં એ જાતનો સંકલ્પ ઉદ્ભવ્યો અહીંયાવત્ પદથી સંકલ્પના "**अज्झत्थिए चिंतिए कप्पिए पत्थिए मणोगए संकप्पे**" એ વિશેષણ પદોનો સંગ્રહ થયેલ છે. એમની વ્યાખ્યા આ પ્રમાણે છે. એ સંકલ્પ સર્વ પ્રથમ અંકુરની જેમ આત્મામાં ઉદ્ભવ્યો એથી આને આધ્યાત્મિક કહેવામાં આવેલ છે. પછી ભરત ચક્રીએ આને વારંવાર યાદ કર્યો એથી આ દ્વિપત્રિત અંકુરની જેમ આને ચિન્તિત વિશેષણથી વિશિષ્ટ કહેવામાં આવેલ છે. પછી એજ વિચાર વ્યવસ્થાયુક્ત બની ગયો. "હું આ પ્રમાણેજ રાજ્યભારની વ્યવસ્થા કરીશ" એ રૂપમાં એ સંકલ્પ કાર્ય રૂપમાં પરિણત થઈ ગયો એથી એ કલ્પિત પદથી સ્પષ્ટ કરવામાં આવેલ છે. ઇષ્ટ રૂપથી એ વિચાર સ્વીકૃત થઈ ગયો. એથી આને 'पत्थिए' પદથી અભિહિત કરવામાં આવેલ છે. તથા આ સંબંધમાં હજી સુધી ચક્રવર્તીએ કોઇનેય કહ્યું નથી એથી મનમાંજ વિદ્યમાન હોવાથી આને મનાગત કહેવામાં આવેલ છે. ભરત ચક્રીને જે સંકલ્પ ઉદ્ભવ્યો તે આ પ્રમાણે છે-(**अभिजिवणं मए णियगबलवीरियपुरिसक्कारपरक्कमेणं चुल्लहिमवंतगिरिसागरमेराए केवलकप्पे भरहे वासे तं सेयं खलु मे अप्पाणं महया रायाभिसेएणं अभिसेएणं अभिसिंचाविलए तिकट्टु एवं संपेहेइ**) મેં પોતાના બલથી શારીરિક શક્તિથી અને વીર્યથી આત્મબલથી તેમજ પુરુષકાર પરાક્રમથી શત્રુઓને પરાજિત કરવાની શક્તિથી ઉતરદિશામાં જેની મર્યાદા રૂપ ક્ષુદ્રહિમવત્ ઉભો છે.અને ત્રણ દિશાઓમાં સમુદ્ર છે. એવા આ સંપૂર્ણ ભરત ક્ષેત્રને મેં પોતાના વશમાં કરી લીધું છે. એથી હવે મારા માટે એજ યોગ્ય છે કે હું રાજ્ય પર મારો અભિષેક કરાવડાવુ, આ પ્રમાણે વિચાર કરીને પછી તેણે આ પ્રમાણે વિચાર કર્યો (**कल्लं पाउप्पभाए जाव जलंते**) કાલે પ્રભાત થશે અને સૂર્યના કિરણો ચોમેર પ્રસરી જશે ત્યારે આ રાજ્યાભિષેકનું કાર્ય પ્રારંભ કરાવીશ (**जेणेव मज्जणघर तेणेव उवागच्छइ जाव पडिणिक्खमइ**) બીજા દિવસે જ્યારે સવાર થયુ અને સૂર્યની પ્રભા પ્રસરી ગઈ ત્યારે તે ભરત રાજા જ્યાં સ્નાન ગૃહ હતું ત્યાં ગયા. ત્યા જઇને તેણે સારી રીતે સ્નાન કર્યું. સ્નાન કરીને પછી તે સ્નાન શાલામાંથી બહાર આવ્યો. બહાર આવી ને (**जेणेव बाहिरिया उवट्ठाणसाला जेणेव सीहासणे तेणेव उवागच्छइ**) જ્યાં બાહ્ય ઉપસ્થાન શાલાહતી અને જ્યાં સિંહાસન હતું ત્યં ગયા. (**उवागच्छित्ता सीहासण वरगए पुरत्थाभिमुहे णिसीयइ**) ત્યાં જઈને તે પૂર્વ દિશા તરફ મુખ કરીને બેસી ગયા. (**णिसीइत्ता सोलसदेवसहस्से बत्तीसं रायवरसहस्से सेणावइरयणे जाव तिण्णि सट्ठिसयसए अट्ठारस सेणिप्पसेणिओ अण्णेय बहवे राईसर तलवर जाव सत्थवाहप्पभिइओ**) બેસીને તેમણે ૧૬ હજાર દેવોને, ૩૨ હજાર શ્રેષ્ઠ રાજાઓને, સેનાપતિ, રત્નોને, યાવત્ પુરોહિત

રત્નને, ગથાપતિ રત્નને ૩૬૦ રસવતી કારકોને ૧૮ શ્રેણિ પ્રશ્રેણિ જનોને બીજા અનેક રાજેશ્વરો તલવરો યાવત્ સાર્થવાહો વિગેરે ને બોલાવ્યા. અહીં આવેલા યાવત્ પદથી "**माडंबिक, कौटुम्बिक, मंत्री, महामंत्री, गणक, दौवारिक, अमात्य, चेटपीठमर्द, नगरनिगम श्रेष्ठिजन, सेनापति, सार्थवाह, दूत, सन्धिपाल**" એ સર્વ પદોનું ગ્રહણ થયુ છે. (**सद्दावित्ता एवं वयासी**) બોલાવીને ભરત રાજાએ તેમને આ પ્રમાણે કહ્યું. (**अभिजिएणं देवाणुप्पिया ! मए णियगबलवीरिय जाव केवलकप्पे भरहे वासे**) હે દેવાનુપ્રિયો ! મેં સ્વબલવીર્ય તેમજ પુરુષકાર પરાક્રમથી આ સમ્પૂર્ણ ભરત ખંડને વશમાં કરી લીધો છે. (**तं तुब्भेणं देवाणुप्पिया ! मम महया रायाभिसेयं वियरह**) એથી હે દેવાનુપ્રિયો ! તમે સર્વે ખૂબજ ઠાઠ-માઠથી મારો રાજ્યાભિષેક કરો. (**तएणं से सोलसदेवसहस्सा जावप्पभिइओ भरतेणं रण्णाएवं वुत्ता समाणा हट्ठ-तुट्ठ करयल मत्थए अंजलिं कट्टु भरहस्स रण्णो एयमट्ठं सम्मं विणएणं पडिसुणेंति**) આ પ્રમાણે ભરત મહારાજા વડે આજ્ઞપ્ત થયેલા તે સોલ હજાર દેવો અતીવ અધિક હર્ષિત તેમજ સંતુષ્ટ ચિત્ત થયા અને તેમણે પોતાના બન્ને હાથોની અંજલિ બનાવીને અને તેને મસ્તકે મૂકીને ભરત રાજાની એ આજ્ઞાનો સારીરીતે અને વિનયપૂર્વક સ્વીકાર કરી લીધો. અહીં યાવત્ પદથી આ પ્રમાણેજ ભરત રાજા દ્વારા આજ્ઞપ્ત થયેલા ૩૨ હજાર રાજાઓ સેનાપતિ રત્નો ગાથાપતિરત્ન, વર્ધકિરત્ન. પુરોહિતરત્ન, ૩૬૦ સૂપકારજનો તેમજ બીજાપણ રાજેશ્વર તલવર યાવત્ સાર્થવાહ વગેરે લોકોપણ અતીવ અધિક હર્ષિત તેમજ સંતુષ્ટ ચિત્ત થયા અને તેમણેપણ પોતાના બન્ને હાથોની અંજલિ બનાવીને અને તેને મસ્તક ઉપર ધારણ કરીને ભરત રાજાની એ આજ્ઞાને સારી રીતે સવિનય સ્વીકારી લીધી. "એ પાઠનો સંગ્રહ થયો છે. "**हट्ठतुट्ठ**" એ કથિત પદથી એનો "**हृष्ट तुष्ट चित्तानन्दिताः सुमनस परमसौमनस्यिताः हर्षवशविसर्पद् हृदयाः**" આ પદસુધીનોપાઠ અહીં લગાડવો જોઈએ. આપ્રમાણે "**करतलपरिगृहीतं दशनखं शिरसावर्तं**" આટલો પાઠ 'કરતલ' સાથે લગાડવો જોઈએ. જેમ પાણીથી પ્રાપ્ત આત્મલાભવાળી ખેતીની ઉપજ પાણીથીજ સંવર્દ્ધિત થાય છે તેમજ તપથી પ્રાપ્ત રાજ્ય તપથીજ વૃદ્ધિંગત હોય છે. આ પ્રમાણે ચિત્તમાં વિચાર કરતાં શ્રી ભરત મહા રાજાએ જેકાંઈ કર્યું તે. વિષેહવે સૂત્રકાર સ્પષ્ટતા કરતાં કહે છે-(**तएणं से भरते राया जेणेव पोसहसाला तेणेव उवागच्छइ**) ત્યાર બાદ ભરત મહારાજા જ્યાં પૌષધ-શાળા હતી ત્યાં ગયા. (**उवागच्छित्ता जाव अट्ठमभत्तिए पडिजागरमाणे विहरइ**) ત્યાં આવીને ત અષ્ટમ ભક્તિકથઇ ગયા અને સાવધાની પૂર્વક ગૃહીત વ્રતની આરાધના કરવા લાગ્યા અહીં યાવત શબ્દથી (**त्यक्तालङ्कारशरीरः त्यक्तस्नानः, विस्तारितदर्भासनो पविष्टः ब्रह्मचारी**) "આ પાઠનુંગ્રહણ થયુ છે (**तएणं से भरते राया अट्ठमभत्तंसि परिणममाणंसि आभिओगिए देवे सद्दावेइ**) ત્યાર બાદ ભરત મહારાજાએ જ્યારે અષ્ટમભક્તનીતપસ્યા પૂરીથઈ ત્યારે આભિયોગિકદેવો ને બોલાવ્યા. (**सद्दावित्ता एवं वयासी**) અને બોલાવી ને તે દેવોને આ પ્રમાણે કહ્યું (**खिप्पामेव भो देवाणुप्पिया ! विणीयाए रायहाणीए उत्तरपुरत्थिमे दिसीभाए एगं महं अभिसेयमंडवं विउव्वेह**) હે દેવાનુપ્રિયો ! તમે અતીવ શીઘ્ર વિનોતા રાજધાનીના ઈશાન કોણમાં એક વિશાલ અભિષેક મંડપ નિર્મિત કરો. (**विउव्वित्ता मम एय**

**माणत्तियं पच्चप्पिणह**) અને નિર્મિત કરીને પછી એ આજ્ઞાપૂરી થયાની મને ખબર આપો. (**तएणं ते अभिओगा देवा भरहेणं रण्णा एवं वुत्ता समाणा हट्ठ-तुट्ठजाव एवं सामित्ति आणाए विणएणं वयणं पडिसुणेंति**) આ પ્રમાણે ભરત મહારાજા વડે આજ્ઞપ્ત થયેલા તે આભિયોગિક દેવો હૃષ્ટ તુષ્ટ વિગેરે વિશેષણોથી વિશિષ્ટ થયા અને કહેવા લાગ્યા હે સ્વામિન્ જે પ્રમાણે આપશ્રીએ અમને આજ્ઞા કરી છે તે મુજબ અમે તમામ કાર્ય સંપૂર્ણ કરીશું આ પ્રમાણે કહીને તેમણે સવિનય શ્રીભરતરાજાની આજ્ઞાને શિરોધાર્ય કરી. (**पडिसुणित्ता विणीयाए रायहाणीए उत्तरपुरत्थिमं दिसीभागं अवक्कमंति**) ભરત રાજાની આજ્ઞા શિરોધાર્ય કરીને તેઓ બધા વિનીતા રાજધાની ના ઈશાન કોણમાં જતા રહ્યા (**अवक्कमित्ता वेउव्वियसमुघाएणं समोहणंति**) ત્યાં જઈને તેમણે વૈક્રિય સમુદ્ઘાતદ્વારા પોતાના આત્મ

પ્રદેશોને બહાર કાઢયા (**समोहणित्ता संखिज्जाइं जोयणाइं दंडं णिसिरंति**) તે પ્રદેશોને બહાર કાઢીને તેમને સંખ્યાતયોજનો સુધી દંડાકારમાં પરિણત કર્યાં (**तं जहा रयणाणं जाव रिट्ठाणं अहा बायरे पुग्गले परिसाडंति**) અને તેમના વડે તેમણે રત્નો યાવત્ રિષ્ટો-રત્નવિશેષોથી સમ્બદ્ધ જે અસાર બાદર પુદ્ગલો હતા તેમને છોડયા અહી યાવત્ પદથી '**वइराणं, वेरुलियाणं, लोहिअक्खाणं, मसारगल्लाणं हंसगब्भाणं जोइरसाणं अंजणाणं, अंजणपुलयाणं, जायरूवाणं, अंकाणं, फलिहाणं**'' એ પાઠનો સંગ્રહ થયો છે. (**पडिसाडित्ता अहासुहुमे पुग्गले परिआअंति**) તેમને છોડીને તેમણે યથા સૂક્ષ્મસાર પુદગલોને ગ્રહણ કરી લીધા. (**परिआदित्ता दुच्चंपि वेउव्वियसमुग्घाए णं जाव समोहणंति**) સાર પુદગલોને ગ્રહણ કરીને તેમણે ચિકીર્ષિત મંડપનાનિર્માણ માટે બીજી વખતપણ વૈક્રિય સમુદ્ઘાત કર્યો. (**समोहणित्ता बहुसमरमणिज्जं भूमिभागं विउव्वंति**) બીજી વખત સમુદ્ઘાત કરીને તેમણે બહુસન

મરમણીય ભૂમિભાગની વિકુર્વણા કરી. (**से जहानामए आलिंगपुक्खरेइ वा**) તે બહુસમ-રમણીય ભૂમિભાગ આલિંગ પુષ્કર જેવો પ્રતીત થતો હતો. ક્રમલ બીજ નું નામ અલિંગ પુષ્કર છે. શંકા-રત્નાદિકોના પૃદ્ગલો ઔદારિક હોય છે. તે વૈક્રિય સમુદ્ઘાત દ્વારા ગ્રાહ્ય કેવીરીતે થઈશકે છે! તો આ આશંકાનો જવાબ આ પ્રમાણે છેકે તે પુદ્ગલો ઔદારિક છે છતાંએ ગૃહીત થઈ ને વૈક્રિયરૂપમાં પરિણત થઈ જાય છે. કેમકે તત્ તત્ સામગ્રીના વશથી પુદ્ગલોનું તત્ તત્ સ્વભાવ રૂપથી પરિણમન થઇ જાય છે એટલામાટે અહીં કોઈપણ જાતના દોષની સંભાવના ઉત્પન્ન થતી નથી. પૂર્વ વૈક્રિય સમુદ્ઘાત જીવનું એક પ્રકારનું પ્રયત્ન વિશેષ રૂપહતું. એથી તેમાં ક્રમશઃ મન્દમન્દતર રૂપતા આવવાથી તે ક્ષીણ શક્તિયુંકત થઈ જાય છે. એથી એનાથી ઈષ્ટકાર્ય સિદ્ધ થતુ નથી. (**तस्स णं बहुसमरमणिज्जस्स भूमिभागस्स बहुमज्झदेसभाए एत्थ णं एगं महं अभिसेयमंडवं विउव्वंति**) તે બહુસમરમણીય ભૂમિભાગના ઠીક મધ્યભાગમાં એક વિશાળ અભિષેક મંડપની તેમણે વિકુર્વણા કરી. એટલેકે વૈક્રિય શક્તિ વડે તેમણે એક વિશાળ અભિષેક મંડપનું નિર્માણ કર્યું (**अणेगखंभसयसण्णि-**

विट्ठं जाव गंधवट्टिभूयं पेच्छाघरमंडवं वण्णगोत्ति) એ મંડપ હજારો થાંભલાઓથી યુક્ત હતો. યાવત સુગંધિત ધૂપવર્તિકાઓથી એ મહેકી રહ્યો હતો. યાવત પદથી અહીં રાજપ્રશ્નીય ઉપાંગમાં વર્ણિત સૂર્યાભદેવની વિમાન વક્તવ્યતા યાવત્ ગંધવર્તિભૂત એ વિશેષણ સુધી ગૃહીત થઇ છે. એ વાતને સૂત્રકારે— “प्रेक्षागृहमंडपवर्णक” એ પદવડે સાક્ષાત રૂપમ કરી છે. (तस्स णं अभिसेयमंडवस्स बहुमज्झदेसभाए एत्थणं महं एगं अभिसेयपेढं विउव्वंति) તે અભિષેક મંડપના એકદમ મધ્યભાગમાં એક વિશાળ અભિષેકપીઠની તેમણે વિકુર્વણા કરી. એ અભિષેક પીઠ (अच्छं सण्हं) અચ્છ–ધૂલિ વિહીન હતું અને સૂક્ષ્મ પુદ્ગલોથી નિર્મિત હોવા બદલ શ્લક્ષ્ણ હતું. (तस्स णं अभिसेयपेढस्स तओ तिसोवाणपरिरूवए विउव्वंते) તે અભિષેક પીઠની ત્રણ દિશાઓમાં તેમણે ત્રણ ત્રિસોપાન પ્રતિરૂપકો વિકુર્વિત કર્યા. (तेसिं णं तिसोवाणपडिरूवगाणं अयमेयारूवे वण्णावासे पण्णत्ते जाव तोरणा) તે ત્રિસોપાન પ્રતિરૂપકોનું આ પ્રમાણે વર્ણન તોરણો સુધી કરવામાં આવેલ છે. “तस्स णं बहुसमरमणिज्जस्स भूमिभागस्स बहुमज्झदेसभाए एत्थणं एगं महंसीहासणं विउव्वंति तस्सणं सीहासणस्स अयमेयारूवे वण्णावासे पण्णत्ते जाव दामवण्णगं सम्मत्तंति” (વિજયદેવના સિંહાસનનું જે પ્રમાણે વર્ણન કરવામાં આવેલું છે તેમજ ‘દામ’ સુધીનું વર્ણન અહીં પણ ગ્રહણકરવું જોઈ એ. “तएणं ते देवा अभिसेयमंडवं विउव्वंति’ આ પ્રમાણે જયારે અભિષેક મંડપ વિકુર્વિત થઈ ચૂકયો ત્યારે (विउव्वित्ता जेणेव भरहे राया जाव पच्चप्पिणंति) તે મંડપોની પૂર્ણરૂપથી તૈયાર થઈજવાની સૂચના તે દેવોએ રાજા પાસે પહોંચાડી અહીં યાવત્ પદથી “तेणेव ते देवा उवागच्छंति उवागच्छित्ता” એ પાઠગ્રહણ થયો છે.

(तएणं से भरहे राया आभिओगाणं देवाणं अंतिए एयमट्ठं सोच्चा णिसम्म हट्ठ तुट्ठ जाव पोसहसालाओ पडिणिक्खमइ) શ્રી ભરત મહારાજાએ જ્યારે આભિયોગિક દેવો પાસેથી એ સમાચાર સાંભળ્યા તો તે અતીવ હર્ષિત તેમજ સંતુષ્ટ ચિત્તવાળો થયો. અને પૌષધશાળામાંથી બહાર આવ્યો અહીં યાવત્ પદ થી “हृष्टतुष्टचित्तानन्दितः प्रीतिमनाः परमसौमनस्यितः हर्षवशविसर्पद् हृदयः” એ પૂરો પાઠ સંગૃહીત થયો છે. (पडिणिक्खमित्ता कोडुंबियपुरिसे सद्दावेइ) પૌષધશાળામાંથી બહાર આવીને તેણે કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. (सद्दावित्ता एवं वयासी) બોલાવીને તે પુરુષોને તેણે આ પ્રમાણે કહ્યુ–(खिप्पामेव भो देवाणुप्पिया ! आभिसेक्कं हत्थिरयणं पडिकप्पेह) હે દેવાનુપ્રિયો ! તમે શીઘ્રાતિશીઘ્ર આભિષેકય હસ્તિરત્ન ને સુસજ્જિત કરો. (पडिकप्पित्ता हय गय जाव सण्णाहेइ) સજ્જિત કરીને હયગજ તેમજ પ્રવર યોદ્ધાઓથી કલિત ચતુરંગિણી સેનાને પણ સજ્જિત કરો (सण्णाहेत्ता एयमाणत्तियं पच्चप्पिणह) સજ્જિત કરીને પછી મને ખબર આપો. અહીં યાવત્ પદથી આજ્ઞાતનું પ્રકરણ સમજી લેવું જોઈ એકે તે કૌટુંબિક પુરુષોએ રાજા ભરતના આદેશ મુજબ આભિષેકય હસ્તિરત્ન તેમજ ચતુરંગિણી સેનાને સુસજ્જિત કરી

અને સજ્જિત કરીને પછી રાજા પાસે એ અંગેની સૂચના મોકલાવી દીધી. (तएणं से भरहे राया मज्जणघरं अणुपविसइ) સૂચની મળતાંજ તે ભરત નરેશ સ્નાન ઘર તરફ ગયા. (जाव अंजणगिरिकूडसण्णिभं गइवइं णरवई दुरूढे) યાવત ત્યાં જઈને સ્નાન કર્યું અને પછી તે મજ્જન ગૃહમાં થી બહાર આવ્યા. બહાર આવીને તે નરપતિ અંજનગિરિ સદૃશ ગજપતિ ઉપર આરૂઢ થઈ ગયા (तएणं तस्स भरहस्स रण्णो आभिसेक्कं हत्थिरयणं दुरूढस्स समाणस्स इमे अट्ठट्ठ मंगलगा जो चेव गमो विणीयं पविसमाणस्स सो चेव णिक्खममाणस्स वि जाव अप्पडिबुज्झमाणे विणीयं रायहाणीयं मज्झं मज्झेणं णिग्गच्छइ) જ્યારે શ્રી ભરતરાજા આભિષેક્ય હસ્તિરત્ન ઉપર આરૂઢ થઈ રહ્યા હતા, તે સમએ તેમની આગળ સર્વ પ્રથમ આઠ આઠની સંખ્યામાં આઠ મંગલ દ્રવ્યો પ્રસ્થિત થયા આરીતે જેવો પાઠ વિનીતા રાજધાની થી ભરત મહારાજાનીકળ્યા તે પ્રકરણમાં આવેલ છે, તેમજ જેવો પાઠ વિનીતા રાજધાની માં વિજય સંપાદિતકરીને પછી પુનઃ પ્રવિષ્ટ થયા તે પ્રકરણમાં આવેલ છે, તે પાઠ એટલે કે "વાગતા વાદ્યોના મંજુધ્વનિ થી જેનુ ચિત્ત અન્યત્ર સંલગ્ન થયું નથી, તેવા વાદ્યોને સાંભળવામાંજ જે આસકત છે" એ કથિત પાઠ સુધી અત્રે પણ પાઠ સંગૃહીત થયો છે. આ પ્રમાણે ઠાઠ–માઠ થી ભરત નરેશ વિનીતા રાજધાની ના ઠીક મધ્યમાં આવેલા માર્ગમાં થઈને નીકળ્યા. (णिग्गच्छित्ता जेणेव विणीयाए रायहाणीए उत्तरपुरत्थिमे दिसीभाए अभिसेयमंडवे तेणेव उवागच्छइ) બહાર નીકળીને તેઓ વિનીતા રાજધાની ના ઈશાન કોણમાં કે જ્યાં આભિષેક મંડળ હતો, ત્યાં પહોંચ્યા. (उवागच्छित्ता अभिसेयमंडवदुवारे आभिसेक्कं हत्थिरयणं ठावेइ) ત્યાં પહોચીને તેમણે આભિષેક્ય મંડપના દ્વારની સામે આભિષેક્ય હસ્તિરત્નને ઊભુરાખ્યુ. (ठावित्ता आभिसेक्काओ हत्थिरयणाओ पच्चोरुहइ) ઊભુ રાખીને તે રાજા તે આભિષેક્ય હસ્તિરત્ન ઉપર થી નીચે ઉતર્યા. (पच्चोरुहित्ता हत्थीरयणेणं बत्तीसाए जणवयकल्लाणियासहस्सेहिं बत्तीसइबद्धेहिं णाडगसहस्सेहिं सद्धिं संपरिवुडे) નીચે ઉતરીને સ્ત્રી રત્ન સુભદ્રા, અને ૩૨ હજાર ઋતુ કલ્યાણિકા રાજ કન્યાઓ ૩૨ હજાર જનપદના મુખીઓની કલ્યાણકારિણી કન્યાઓ અને ૩૨–૩૨ પાત્રોથી બદ્ધ ૩૨ હજાર નાટકો થી પરિવેષ્ટિત થયેલાતે ભરત રાજા (अभिसेयमंडवं अणुपविसइ) અભિષેક મંડપમાં પ્રવિષ્ટ થયા (अणुपविसित्ता) અભિષેક મંડપમાં પ્રવિષ્ટ થઈને. (जेणेव अभिसेयपीढे तेणेव उवागच्छइ) પછી તેઓ જ્યાં અભિષેક પીઠ હતું ત્યાં પહોંચ્યા (उवागच्छित्ता अभिसेयपेढं अणुप्पदाहिणी करेमाणे २ पुरत्थिमिल्लेणं तिसोवाणपडिरूवएणं दुरुहइ) ત્યાં તે જઈને શ્રી ભરત રાજાએ તે અભિષેક પીઠની ત્રણ પ્રદક્ષિણાઓ કરી. પછી તેઓ પૂર્વ ભાગાવસ્થિત ત્રિસોપાન પ્રતિરૂપકો ઉપર આરૂઢ થઈ ને તે પીઠ ઉપર ચઢી ગયા. (दुरूहित्ता) ત્યાં ચઢીને તેઓ (जेणेव सीहासणे तेणेव उवागच्छइ) જ્યાંસિંહાસન હતું, ત્યાં આવ્યા. (उवागच्छित्ता) ત્યાં આવીને (पुरत्थाभिमुहेसण्णिसण्णेत्ति) તેઓપૂર્વ દિશા તરફ મુખ કરીને સિંહાસન ઉપર સારી રીતે બેસી ગયા. (तएणं तस्स भरहस्स रण्णो बत्तीसं राय सहस्सा जेणेव अभिसेयमंडवे तेणेव उवागच्छंति) ત્યાર બાદ તે ભરત મહા રાજાના ૩૨ હજાર રાજાઓ જ્યાં આભિષેક મંડપ હતો ત્યાં આવ્યા. (उवागच्छित्ता अभिसेयमंडवं अणुपविसंति) ત્યાં આવીને તેઓ અભિષેક મંડપમાં પ્રવિષ્ઠ

થયા. (अणुपविसित्ता अभिसेयपेढं अनुप्पयाहिणी करेमाणा २ उत्तल्लिलेणं तिसोवाणपडिरूवएणं जेणेव भरहे राया तेणेव उवागच्छंति) પ્રવિષ્ટ થઈને તેમણે અભિષેક પીઠની ત્રણ પ્રદક્ષિણા કરી અને ત્યારબાદ તેઓ ઉત્તરદિગ્વર્તીત્રિસોપાન ઉપર થઈને તેની ઉપર ચઢી ગયા. અને જ્યાં ભરત રાજા હતા ત્યાં ગયા. (उवागच्छित्ता) ત્યાં આવીને તેમણે (करयल जाव अंजलिं कट्टु भरहं रायाणं जएणं विजएणं वद्धावेंति) બન્ને હાથોની અંજલિ બનાવી, અને તેને મસ્તક ઉપર મૂકીને ભરત રાજાને જય-વિજય શબ્દો વડે વધામણી આપી. (वद्धावित्ता तस्स भरहस्स रण्णो णच्चासण्णे णाइदूरे सुस्सूसमाणा जाव पज्जुवासंति) વધામણી આપીને પછી તે ૩૨ હજાર રાજા ભરત રાજાની પાસે યથોચિત સ્થાન ઉપર સેવી કરતા બેસી ગયા અહીં. યાવત્ પદ થી ૧૬ હજાર દેવોનું ગ્રહણ થયું છે કેમકે એ દેવો પણ ચક્રવર્તીની સેવામાં રહે છે. (तएणं तस्स भरहस्स रण्णो सेणावइरयणे जाव सत्थवाहप्पभिईओ तेऽवि तहचेव-णवरं दाहिणिल्लेणं तिसोवाणपडिरूवेणं जाव पज्जुवासंति) ત્યાર બાદ તે શ્રીભરત રાજાના સેનાપતિરત્ન સુષેણ યાવત્ સાર્થવાહ વગેરે લોકો પણ પૂર્વવત્ અભિષેક મંડપમાં આવ્યા. અહીં એ સર્વે લોકો આવ્યા અને આવીને યથોચિત સ્થાન ઉપર બેસી ગયા એ અંગે જે પ્રમાણે ૩૨ હજાર રાજાઓ અંગે જે પ્રમાણે કહેવામાં આવ્યું છે તેવું જ કથન સમજી લેવું જોઈએ. પણ આ કથન માં તે કથનની અપેક્ષાએ એજ વિશેષતા છે કે એ સર્વે સેનાપતિ વગેરે લોકો દક્ષિણ દિગ્વર્તી ત્રિસોપાન ઉપર થઇને આભિષેક્ય પીઠ ઉપર ચઢી ગયા. સેનાપતિ રત્નની સાથે જે યાવત્ પદ આવેલ છે, તેનાથી ગાથાપતિ રત્ન, વર્દ્ધકિરત્ન પુરોહિત રત્ન, એ ત્રણ રત્નો નું. ૩૬૦ સૂપકારોનું-ભોજન બનાવનારા રસોઈઆઓનું, શ્રેણિ-પ્રશ્રેણિ જનોનું તેમજ અન્ય પણ અનેક રાજેશ્વર તલવર વગેરેનું ગ્રહણ થયુ છે. ॥सूत्र-३०॥

'तएणं भरहे राया आभिओगे देवे सद्दावेइ' ઈત્યાદિ

ટીકાર્થ-(तएणं से भरहे राया आभिओगे देवे सद्दावेइ) ત્યાર બાદ ભરત રાજાએ આભિયોગિક દેવોને બોલાવ્યા. (सद्दावित्ता एवं वयासी) અને બોલાવીને તે આજ્ઞાકારી આભિયોગિક દેવો ને આ પ્રમાણે કહ્યું- (खिप्पामेव भो देवाणुप्पिया ! मम महत्थं महग्घं महरियं महारायाभिसेयं उवट्ठवेह) હે દેવાનુપ્રિયો ! તમે લોકો શીઘ્ર મણી રત્નાદિ રૂપ પદાર્થો જેમાં સમ્મિલિત હોય, તથા જેમાં આવેલ સર્વ વસ્તુઓ મૂલ્યવાન્ હોય, તેમજ જેમાં ઉત્સવ યોગ્ય વાદ્ય વિશેષ હોય એવી મહારાજ્યાભિષેક માટે યોગ્ય સામગ્રીની વ્યવસ્થા કરો. (तएणं ते आभिओगिया देवा भरहेणं रण्णा एवं वुत्ता समाणा हट्ठ-तुट्ठ चित्त जाव उत्तरपुरत्थिमं दिसीभागं अवक्कमंति) આ પ્રમાણે ભરત મહારાજા વડે આજ્ઞપ્તથયેલાતે આભિયોગિક દેવો ખૂબ અધિક હર્ષિત તેમજ સંતુષ્ટ ચિત્ત થયા યાવત્ તેઓ ઈશાન કોણ તરફ જતા રહ્યા. અહી આવેલા યાવત્ પદથી "चित्तानन्दिताः प्रीतिमनसः" આદિ પૂર્વોક્ત પાઠનો સંગ્રહ થયેલો છે. અને એ પાઠ "पडिसुणित्ता" પદ સુધી ગૃહીત થયેલો છે. (अवक्कमित्ता वेउव्वियसमुग्घाएणं समोहणंति) ઈશાન કોણમાં જઈને તેમણે વૈક્રિય સમુદ્ઘાત વડે

પોતાના આત્મપ્રદેશોને શરીરથી બહાર કાઢ્યા. (एवं जहा विजयस्स तहा इत्थंवि जाव पंडग-वणे एगओ मिलायंति)આ પ્રમાણે જંબૂદ્વીપના વિજયદ્વારના અધિપતિ દેવ-વિજયના પ્રકરણમાં તૃતીય ઉપાંગમાં અભિષેક સૂત્ર કહેવામાં આવેલ છે તે પ્રમાણે જ અહીં પણ અભિષેક સૂત્ર યાવત્ તે સર્વે પંડકવનમાં એકત્ર થઈ જાય છે. અહીં સુધી પાઠ ગ્રહણ કરવો જોઈએ. અહીં યાવત્ પદથી સમસ્ત અભિષેક સામગ્રી ગૃહીત થયેલી છે. તે આગળ જિન જન્માધિકારમાં, પંચમવક્ષસ્કારમાં, પત્રાકાર રીત્યા ૧૨૦ મા સૂત્રમાં અને મારા વડે દત્ત અંક રીતિથી પંચમવક્ષસ્કારના આઠમાં સૂત્રમાં કહેવામાં આવશે. એથી જિજ્ઞાસુઓ એ અંગે ત્યાંથી જ જાણવા પ્રયત્ન કરે. (एगओ मिलित्ता) પંડક વનમાં એકત્ર થઈને. (जेणेव दाहिणद्धभरहे वासे जेणेव विणोया रायहाणी तेणेव उवागच्छंति) તેઓ સર્વે દેવો જ્યાં વિનીતા રાજધાની હતી ત્યાં આવ્યા. (उवागच्छित्ता विणीयं रायहाणीं अणुप्पयाहिणी करेमाणे २ जेणेव अभिसेयमंडवे जेणेव भरहे राया तेणेव उवागच्छंति) ત્યાં આવીને તેમણે તે વિનીતા રાજધાનીની ત્રણ પ્રદક્ષિણાઓ કરી. ત્યાર બાદ જ્યાં અભિષેક મંડપ અને તેમાં પણ જ્યાં ભરત રાજા હતા ત્યાં આવ્યા. (उवागच्छित्ता तं महत्थं महग्घं महरिहं महारायाभिसेयं उवट्ठवेंति) ત્યાં આવીને તેમણે તે મહાર્થ, મહાર્ઘ અને મહાર્હ મહારાજ્યાભિષેકની સમસ્ત સામગ્રીને રાજાની સામે મૂકી દીધી. અર્થાત વૈક્રિય શક્તિ વડે નિષ્પાદિત સમસ્ત રત્ન, ગજ અશ્વ, આદિ રૂપ બહુમૂલ્ય વસ્તુઓને લાવીને સમર્પિત કરી. (तएणं तं भरहं रायाणं बत्तीसं रायसहस्सा सोभणंसि तिहिकरणदिवसणक्खत्तमुहुत्तंसि उत्तरपोट्ठवया विजयंसि तेहिं साभाविएहिय उत्तरवेउव्विएहिय वरकमलपइट्ठाणेहिं सुरभिवरवारिपडिपुण्णेहिं जाव महया २ रायाभिसेएणं अभिसिंचंति) ત્યારબાદ ભરત રાજાનો તે ૩૨ હજાર રાજાઓએ નિર્દોષ ગુણ યુક્ત તિથિ, કરણ દિવસ નક્ષત્ર-સમન્વિત મુહૂર્તમાં અભિષેક કર્યો. રિક્તા વગેરે દુષ્ટ તિથિઓથી ભિન્ન જે જય આદિ તિથિઓ હોય છે તેને શુભતિથિઓ માનવામાં આવે છે. કરણ નામ વિશિષ્ટ દિવસનુ છે. એ દિવસ દુર્દિન, ગ્રહણ, ઉત્પાત વગેરેથી ભિન્ન-રહિત-હોય છે. રાજ્યમાં અભિષેક યોગ્યજે શ્રવણ આદિ ઉત્તર નક્ષત્રો છે, તેમનામાંથી કોઇ એક નક્ષત્ર હોય તો જ શુભ કહેવાયછે. ઉક્તચ-

अभिषिक्तो महीपालः श्रुतिज्येष्ठालघुध्रुवैः। मृगानुराधा पौष्णैश्च चिरं शास्ति वसुन्धराम्।१०।

અભિષેક વખતે ઉક્ત નક્ષત્રોના સમાન દેવતાવાળા થવું એ મુહૂર્ત કહેવામાં આવે છે. ઉત્તર પ્રૌષ્ઠપદા વિજયનું તાત્પર્ય છે, ઉત્તરભાદ્રપદા નક્ષત્રનો વિજય-અભિજીત નામકક્ષણ તે ક્ષણમાં અભિષેક કરવામાં આવ્યો. તાત્પર્ય આ પ્રમાણે છે કે દિવસ-પંચદશ ક્ષણાત્મક દિવસ હોય છે. એમાં અષ્ટમ ક્ષણ રૂપ મુહૂર્ત હોય છે એનું લક્ષણ જ્યોતિષ શાસ્ત્રમાં આ પ્રમાણે કહેવામાં આવેલ છે

द्वौ यामौ घटिका न्यूनौ, द्वौ यामौ घटिकाधिकौ। विजयोनाम योगोऽयं सर्वकार्य प्रसाधकः।१०।

ભરતનો જે રાજ્યાભિષેક કરવામાં આવ્યો તે સુરભિ જલથી પરિપૂર્ણ થયેલા સ્વાભાવિક કળશો વડે તેમજ ઉત્તરવિક્રિયાથી જેમને દેવો એ વિકુર્વિત કર્યા છે એવા કળશોવડે કરવામાં આવ્યો. એ કળશો શ્રેષ્ઠ કમળોની ઉપર સ્થાપિત કરવામાં આવ્યા હતા. સંખ્યા માં એ કળશો ૧૦૦૮ હતા. એ અભિષેક સાધારણ રૂપમાં આયોજિત થયો નહિ પણ ભારે ઠાઠ-

માઠથી સમ્પન્ન થયો હતો. એ જ આશયને પ્રગટ કરવા માટે 'મहया २ रायाभिसेएणं" એ પદ અત્રે પ્રયુક્ત થયેલ છે. અહીં પ્રયુક્ત થયેલ યાવત્ પદથી "चंदणकयचच्चेहिं आविद्धकंठेगुणेहिं, पउमुप्पलपिहाणेहिं, वरकमलपरिग्गहिएहिं अट्ठसहस्सेणं सोवण्णियकलसाणं, जाव अट्ठसहस्सेणं भोमेज्जाणं" ઈત્યાદિ પાઠ સંગૃહીત થયો છે. જો એ પાઠ અંગે જાણકારી મેળવવી હોય તો આગળ જિનજન્માભિષેક પ્રકરણમાં, પંચમવક્ષસ્કારમાં, ૧૨૧ માં સૂત્રમાં અને મારા વડે પ્રદત્ત અહ્કરીતિ મુજબ ૧૦ માં સૂત્રમાં આપવામાં આવેલછે તેથી તે સંબંધ માં ત્યાંથીસમજી લેવું જાઇ એ. ત્યાં એ અંગે સવિસ્તર વર્ણન કરવા માં આવેલું છે. (अभिसेओ जहा विजयस्स) રાજા ભરતનો અભિષેક આ પ્રમાણે સમ્પન્ન થયો કે જે રીતે જંબુદ્વીપના દ્વારના અધિપતિ વિજય દેવનો થયો. એ અભિષેકનું વર્ણન 'જીવાભિગમ ઉપાંગમાં કરવામાં આવેલું છે. (अभिसिंचित्ता पत्तेयं पत्तेयं जाव अंजलिं कट्टु

ताहिं इट्ठाहिं जहा पविसंतस्स भणिया जाव विहराहि त्ति कट्टु जय २ सद्दं पउंजंति) ભરત રાજાનો અભિષેક કરીને પછી દરેકે-યાવત્ અંજલિ બનાવીને તે-તે ઇષ્ટ-કાન્ત યાવત્ વચનો વડે તેમનું અભિનંદન તેમજ સ્તવન કરતાં કરતાઆ પ્રમાણે કહ્યું-(जय-जय णंदा ! जय जय भद्दा ! भद्दं ते अजियं जिणाहि)હે નન્દ ! આનંદ સ્વરૂપ મહારાજા ભરત ! તમારો જય થાઓ, જય થાઓ હે ભદ્ર ! -કલ્યાણ સ્વરૂપ ભરત ! તમારો વારંવાર જય થાઓ, તમારૂં કલ્યાણ થાઓ. વીરો દ્વારા પણ અપરાજિત શત્રુને તમે પરાસ્ત કરો. વગેરે રૂપમાં જેવો આ પાઠ ૨૯મા સૂત્રમાં આજ 'વક્ષસ્કાર' માં કહેવામાં આવેલ છે, તેવો જ પાઠ અત્રે પણ સમજવો. (जहा पविसंतस्स भणिया जाव विहराहि) જેમ વિનીતામાં પ્રવેશ કરતી વખતે ભરત પ્રત્યે "યાવત્ વિહર" એ પાઠ સુધી અર્થાભિલાષી થી માંડીને યાચકસુધીના જનોએ જેમ શુભાશીર્વાદો પ્રકટ કર્યા. તેમ જ અત્રે પણ તે પ્રમાણે જ આશીર્વાદો દરેક રાજાએ પ્રકટ કર્યા. એમ જાણવું જોઈએ. (तएणं तं भरहं रायाणं सेणावइरयणे जाव पुरोहियरयणे तिण्णिय सट्ठा सूअसया अट्ठारससेणिप्पसेणीओ अण्णेय बहवे जाव सत्थवाहप्पभिइओ एवं चेव अभिसिंचंति) ત્યારબાદ ભરત રાજા સેનાપતિ રત્ને યાવત્ પુરો

હિતરત્નથી માંડીને ૩૬૦ રસવતી કારકોએ, ૧૮ શ્રેણિ પ્રશ્રેણી જનોએ તેમજ અન્ય પણ અનેક સાર્થવાહ આદિ જનો એ આ પ્રમાણે જ અભિષેક કર્યો. "सेणावइरयणे जाव पुरोहियरयणे" આ વાકય માં આવેલ યાવત્ પદ થી "गाहावइ रयणे वड्ढइरयणे" એ બે રત્નોનું ગ્રહણ થયેલું છે. તેમજ દ્વિતીય યાવત્ પદથી "રાજેશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક મંત્રી મહામંત્રી, ગણક, દૌવારિક, અમાત્ય, ચેટ, પીઠમર્દ, નગર નિગમ શ્રેષ્ઠિ, સેનાપતિ તેમજ સાર્થવાહ સાથેના 'પ્રભૃતિ' પદથી દૂત અને સંધિપાલ એ સર્વપદો ગ્રહણ થયા છે' એ સર્વનુ વ્યાખ્યાન આજ વક્ષસ્કારના પ્રકરણમાં ૨૭માં સૂત્રમાં કરવામાં આવેલ છે. (तेहिं वरकमल पइट्ठाणेहिं) સેનાપતિથી માંડીને દૂત અને સંધિપાલ સુધીના એ સર્વ જનોએ શ્રેષ્ઠ કમલો પર પ્રસ્થાપિત કરવામાં આવેલા કળશો વડે ભરત નરેશ નો અભિષેક કર્યો અને પૂર્વોક્ત રૂપમાં જ તેમનું અભિનંદન અને સંસ્તવન કર્યું. (सोलस देवसहस्सा एवं चेव) આ

પ્રમાણે જ ૧૬ હજાર દેવોએ પણ અભિષેક વગેરે વિધિ સમ્પન્ન કરી. (णवरं पम्हल सुकुमालाए जाव मउडं पिणद्धेंति) પણ દેવોએ આટલું વિશેષ રૂપમાં વધારે કર્યું કે ભરત નરેશના શરીરનું તેમણે પ્રોચ્છન-અતિ સુકુમાર-પક્ષ્મલ રુંવાંવાળા અંગોછા થી-કર્યું. અને મસ્તકની ઉપર મુકુટ મૂકયો. અહીં યાવત્ પદથી સંગૃહીત પાઠ આ પ્રમાણે છે-गंधकाषायिक्या लघु शाटिकया, गात्राणि रूक्षयन्ति'' ત્યારબાદ "गंधकासाइएहि गायाइं लूहेंति, सरस गोसीसचंदणेणं गायाइं अणुपंलिपंति, अणुलिंपित्ता नासाणीसासवायवोज्झं चक्खुहरं वण्णफरिसजुत्तं हयलालापेलवाइरेगं धवलं, कणगखइय अंतकम्मं आगासफलिह सरिसप्पभं अहयं दिव्वं देवदूसजुयलं णिअंसावेंति णिअंसावित्ता हारं पिणद्धेंति, पिणद्धित्ता एवं अद्धहारं एगावलिं मुत्तावलिं, रयणावलिं पालंबं अंगयाइं तुडियाइं कडयाइं दसमुद्धियाणंतगं कडिसुत्तग वेअच्छग - सुत्तगं मुरविं कंठमुरविं कुंडलाइं, चूडामणिं चित्तरयणुक्कडंति' એનુ તાત્પર્ય આ પ્રમાણે છે કે તે દેવોએ સુગંધિત, સુકુમાર અંગોછાથી ભરત રાજાના શરીર ને લૂછયું ત્યાર બાદ તેમણે તેમના શરીર ઉપર ગોશીર્ષચંદન નું

લેપન કર્યું. લેપન કરીને પછી તેમણે દેવદૂષ્ય યુગલ ધારણ કરાવ્યું. એ દેવદૂષ્ય યુગલ વજનમા એટલું હલ્કુ હતું કે તે નાકના શ્વાસોચ્છવાસથી પણ હાલતુ હતુ. આપ્રમાણે અહીં દેવદૂષ્ય યુગલનું ઝીણા પણું પ્રકટ કરવામાં આવેલ છે. જે વધારે ઝીણું હોય છે તેજ વજનમાં ઓછું હોય છે. તેમજ એ દેવદૂષ્ય જુગલ રૂપાતિશયવાળું હોવાથી નયનો ને સુખ આપનારું હતુ. વર્ણ સ્પર્શથી-અતિશયી વર્ણ થી અને અતિશાયી સ્પર્શ થી-એ યુક્ત હતું. હય-અશ્વનામુખની લાળ જેવી કોમલ હોય છે, એવું જ કોમલ એ હતું. આગન્તુક મળથી વિહીન હોવા બદલ એ નિર્મલ હતું એની જે કોર્રહતી તે સુવર્ણ ખચિત હતી. આકાશ સ્ફટિક અતિ સ્વચ્છ સ્ફટિક-વિશેષની જેમ એની દીપ્તિ હતી. એ અહત છિદ્ર રહિત હતું. એટલે કે નવીન હતું. અને દિવ્ય હતું. દિવ્ય કાંતિથી સુશોભિત હતું. આ પ્રમાણેના એવિશેષણોથી યુક્ત દેવદૂષ્ય યુગલ ને ધારણ કરાવીને પછી તેમણે તેમના ગળામાં હાર

પહેરાવ્યો. હાર પહેરાવીને પછી અર્ધહાર, એકાવલી મુક્તાવલી, રત્નાવલી અને ગળાના આભૂષણો પહેરાવ્યા. ૧૮ લડીનો હાર હોય છે. ૯ લડીનો અર્ધ હાર હોય છે. પ્રાલંબ પહેરાવ્યો-એ પ્રાલંબ એક પ્રકારનું આભરણ વિશેષ રૂપ હોય છે. તપનીયસુવર્ણ નિર્મિત એ હોય છે. અનેક પ્રકારના મણિઓ અને રત્નો વડે એમાં ચિત્રો બનેલા હોય છે. તેમજ એ શરીરના પ્રમાણના આધારે બનેલ હોય છે. એ પહેરાવ્યા પછી તે રાજાને 'અંગદો' ધારણ કરાવવામાં આવ્યા. ત્રુટિત બાહુના-આભૂષણો પહેરાવવામાં આવ્યા. કટક હાથના આભૂષણો, વલયો પહેરવાવામાં આવ્યા. દશ આંગળી ઓમાં દશ મુદ્રિકાઓ પહેરાવી. કટિમાં કટિસૂત્ર એટલે કે કંદોરો પહેરવાવામાં આવ્યો. શરીર ઉપર ખેસ મૂકવામાં આવ્યો. કાનોમાં કુંડલ પહેરવાવામાં આવ્યા. કંઠમાં મુરવી એટલે કે કાનોમાં કાનોને ચોમેરથી આવૃત કરી લે એવું આભૂષણ પહેરાવવામાં આવ્યું. એ કાનમાંથી નીકળી જાય ત્યારે કંઠ સુધી લટકવા માંડે છે. એથી જ એ આભૂષણ ને કંઠમુરવી કહેવામાં આવેલ છે. ફરી કાનોમાં કુંડળો પહેરાવ્યા. મસ્તક ઉપર ચૂડામણિ-શિરોભૂષણ પહેરાવ્યું. અને ત્યાર બાદ વિચિત્ર રત્નોથી યુક્ત મુકુટ પહેરવાવામાં આવ્યો. (तयणंतरं च णं दद्दरमलयसुगंधिएहिं गंधेहिं गायाइं

अब्भुकलेंति) એ સર્વ આભૂષણો વડે ભરતચક્રીના શરીરને સમલંકૃત કરીને પછી તે દેવો એ તેમના શરીર પર ચંદન-વૃક્ષ આદિની સુગંધિ જેમાં સમ્મિલિત છે એવા કાશ્મીર કેશર કર્પૂર અને કસ્તૂરી વગેરે સુગંધિત દ્રવ્યો છાંટ્યા. (दिव्वं च सुमणोदामं पिणद्धेंति) અને પછી પુષ્પોની માળાઓ તે રાજાને ધારણ કરાવવામાં આવી વધારે શું કહીએ (गंठिमवेढिम जाव विभूसियं करेंति) તે દેવોએ તે ભરત ચક્રીને ગ્રન્થિમ, વેષ્ટિમ, પૂરિમ અને સંઘાતિમ એ ચારે પ્રકારની માળાઓથી એવી રીતે સુશોભિત તેમજ સમલંકૃત કરી દીધા કે જાણે તે કલ્પવૃક્ષ જ ન હોય ! (तए णं से भरहे राया महया २ रायाभिसेएणं अभिसिंचिए समाणे कोडुंबियपुरिसे सद्दावेइ) જ્યારે ભરત નરેશ પૂર્વોક્ત પ્રકારથી રાજ્યાભિષેકની સર્વ સામગ્રી વડે અભિષિક્ત થઈ ચૂક્યા ત્યારે તેમણે કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. (सद्दावित्ता एवं वयासी) અને બોલાવીને આ પ્રમાણે કહ્યુ.(खिप्पामेव भो देवाणुप्पिया ! हत्थिखंधवरगया विणीयाए रायहाणीए, सिंघाडगतिगचउक्कचच्चर महया २ सद्देण उग्घोसेमाणा २,) હે દેવાનુપ્રિયો ! તમે સર્વે હાથી ઉપર બેસીને ખૂબ જોરથી વિનીતા રાજધાની ના જેટલાંશ્રૃંગાટકો, ત્રિકો, ચતુષ્કો, ચત્વરો વગેરે મહાપથોના માર્ગો છે, તે સર્વમાં એવી ઘોષણા કરો કે (उस्सुक्कं उक्करं उक्किट्ठं अदिज्जं अभिज्जं अब्भडपवेसं अदंडकुदंडिमं जाव सपुरजणजाणवयं दुवालससंवच्छरियं पमोयं) હે પુરવાસી સર્વજનો ! મારા રાજ્યમાં રહેનારા જનો સર્વે ૧૨ વર્ષ સુધી ઉત્સવ કરે. તે ઉત્સવ માં વિક્રેય વસ્તુ ઉપર જે રાજા તરફ થી ટેકસ (કર) લેવામાં આવે છે, તે માફ કરવામાં આવેલ છે. ગાય વગેરે પશુઓ ઉપર જે દર વર્ષે રાજા તરફ થી કર નિર્ધારિત કરવામાં આવેલ છે તે પણ માફ કરવામાં આવેલ છે. વસ્તુના વિક્રય ઉપર જે સરકારી ટેક્સ લેવામાં આવે છે તે પણ માફ કરવામાં આવે છે. એટલે જે કિંમતમાં જે વસ્તુ બહારથી આવે તે વસ્તુ તેજ કિંમતમાં વેચવામાં આવે. એમાં ક્ષતિ પૂર્તિ રાજા તરફથી કરવામાં આવશે. માપ–તોલ થી કોઈ પણ વસ્તુ વેચવામાં આવશે નહિ. તેમજ કૌટુંબિક માણસોના ઘરોમાં ૧૨ વર્ષ સુધી રાજ્યના કોઈ પણ કર્મચારીનો પ્રવેશ થશે નહીં. કેમકે એ અંગે આજ્ઞા કરવામાં આવી છે. કોઈ પણ પ્રજાજન અથવા રાજકર્મચારી ઉપર અપરાધ હોવા બદલ જે જુર્માનો કે અર્થદંડ લેવામાં આવે છે તે ૧૨ વર્ષ સુધી લેવામાં આવશે નહીં અપરાધ થાય અને તે અપરાધની માત્રા મુજબ રાજગ્રાહ્ય દ્રવ્યનું નામ દંડ છે. અને રાજકર્મચારીની ભૂલ થાય ત્યારે મોટા અપરાધ બદલ કમ રાજગ્રાહ્ય લેવો. અને નાનો અપરાધ થાય ત્યારે વધારે દ્રવ્ય લેવું–દંડ કરવો એ કુદંડ છે. એ બન્ને પ્રકારના દંડો રાજ્ય તરફ થી ૧૨ વર્ષ માટે સ્થગિત કરવામાં આવે છે એટલે કે માફ કરવામાં આવે છે. આ પ્રમાણે ઘોષણા કરીને મને એ અંગેની ખબર આપો. અહીં યાવત્ પદ થી "अधरिमम्, गणिकावरनाटकीयकलितम्, अनेक

तालाचरानुवरितम्, अनुद्धूतमृदङ्गम्, अम्लानमाल्यदामानम्, प्रमुदितप्रक्रीडितसपुरजन-जानपदम् विजयवैजयन्तिकम्" એ પાઠ ગ્રહણ થયો છે. એ ગૃહીત પાઠનો ભાવ આ પ્રમાણે છે–ઋણ દાતા અને ઋણ ગૃહીતા એઓ બન્નેને ઋણ વસૂલી માટે પરસ્પર લડવું, કોર્ટમાં ફરિયાદ કરવી અને કેસ દાખલ કરવો, એ સર્વ વાતો ૧૨ વર્ષ સુધી સ્થગિત કરવામાં આવી છે. કર્જદાર પોતાના કર્જને ચુકવવા માટે રાજય કોષથી નાણા લઈ જઈશકે છે અને આમ ઋણ દાતાના ઋણની પૂર્તિ કરી દેવી. ગણિકાઓ વડે ૧૨ વર્ષ સુધી જનતાના એ ઉત્સવમાં ઈચ્છા મુજબ ઉત્સવો આયોજિત કરાવડાવે. કોઈ તેમની સાથે વ્યભિચાર કરે નહી. અનેક પ્રેક્ષાકારી વિશેષોથી એ ઉત્સવ આસેવિત થાય. પોત પોતાની કળામાં કુશળતા બતાવવા માટે મૃદંગ વાદકો જે રીતે વગાડવાથી તેમની કુશળતા પ્રકટ થાય તે રીતે વગાડીને કુશળતા બતાવી શકે છે. એ ઉત્સવમાં ફૂલની માળાઓનો પ્રચુર માત્રામાં ઉપયોગ

કરવામા આવે. કોશલ દેશ વાસી સમસ્ત જનો અયોધ્યાવાસી જનો સાથે મળીને આનંદ પૂર્વક ભિન્ન ભિન્ન પ્રકારની ક્રીડાઓથી–રમતો થી એ ઉત્સવને સફળ બનાવે. ઠેક-ઠેકાણે એ ઉત્સવની આરાધનામાં વિજયવૈજયન્તીઓ લહેરાવવામાં આવે. આ પ્રમાણે એ પૂર્વોક્ત વિશેષણો વાળા ઉત્સવ અંગેની તમે ઘોષણા કરો. (तएणं ते कोडुंबियपुरिसा भरहेण रण्णा एवं वुत्ता समाणा हट्ठ–तुट्ठ चित्ताणंदिया पीइमणा हरिसवसविसप्पमाणहियया विणएणं वयणं पडिसुणंति) આ પ્રમાણે ભરત રાજા વડે આજ્ઞપ્ત થયેલા કૌટુંબિક પુરુષો અત્યધિક હૃષ્ટ અને તુષ્ટ ચિત્તવાળા થયા. તેમનું મન પ્રીતિયુક્ત થયું અને તેમનું હૃદય આનંદ થી ઉછળવા લાગ્યું અતીવ નમ્રતાપૂર્વક તેમણે પોતાના સ્વામીની આજ્ઞાના વચનો સ્વીકારી લીધા. (पडिसुणित्ता खिप्पामेव हत्थिखंधवरगया जाव घोसेंति) સ્વીકાર કરીને તેઓ શીઘ્ર હાથી પર બેસીને અયોધ્યા રાજધાનીના શ્રૃંગાટક આદિ માર્ગો ઉપર ગયા અને જોર-જોરથી ઉચ્છુલ્ક આદિ

પૂર્વોક્ત વિશેષણ સંપન્ન ઉત્સવ યોજવાની ઘોષણા કરવા લાગ્યા. શિંઘોડાના જેવો આકાર જે માર્ગનો હોય તેનું નામ શ્રૃંગાટક કહેવામાં આવે છે. જ્યાં ત્રણ માર્ગો આવીને મળે છે, તેનું નામ ત્રિક છે, અને ચારમાર્ગ મળે તેનું નામ ચતુષ્ક છે. એને ચકલો પણ કહે છે. અનેક માર્ગો જ્યાં આવીને મળે છે. તેનું નામ ચત્વર છે. જે સ્થાનમાં ચાર દ્વાર હોય છે, તેનું નામ ચતુર્મુખ છે. રાજમાર્ગનું નામ મહાપથ છે. ગલીના માર્ગનું નામ પથ છે. (तएणं से भरहे राया महया २ रायाभिसेएणं अभिसित्ते समाणे सीहासणाओ अब्भुट्ठेइ) રાજાને યોગ્ય એવી અભિષેક વિધિથી ભરત રાજાનો રાજ્યાભિષેક થઈ ગયો ત્યારે તેઓ સિંહાસન ઉપરથી ઊભા થયા અને (अब्भुट्ठित्ता इत्थिरयणे णं जाव णाडगसहस्सेहिं सद्धिं संपरिवुडे अभिसेयपीढाओ पुरत्थिमिल्लेयेणं तिसोवाण

पडिरूवएणं पच्चोरुहंति) ઉભાથઈને સ્ત્રી-રત્નની સાથે-સાથે યાવત્ હજારો નાટકોની સાથે-સાથે તેઓ તે અભિષેક પીઠ ઉપરથી પૂર્વના ત્રિ-સોપાન પ્રતિરૂપક ઉપર થઈને નીચે ઉતર્યા. અહીં યાવત્ પદથી જેટલો ઋતુ કલ્યાણિકાઓ વગેરે પરિકર તેમની સાથે હતો તે સગૃહીત થયેલ છે. (पच्चोरुहित्ता अभिसेयमंडवाओ पडिणिक्खमइ) અને ઉતરીને તેઓ તે અભિષેક મંડપમાંથી બહાર આવ્યા. (पडिणिक्खमित्ता जेणेव आभिसेक्के हत्थिरयणे तेणेव उवागच्छइ) અને બહાર આવીને તેઓ જ્યાં આભિષેક્ય હસ્તિરત્ન ઊભું હતું ત્યાં આવ્યા. (उवागच्छित्ता अंजणगिरिकूडसण्णिभं गयवइं जाव दुरूढे) ત્યાં આવીને તેઓ તે અંજનગિરિના શિખર સદૃશ હસ્તિરત્ન ઉપર યાવત્ આરૂઢ થયા-બેસી ગયા. અહીં યાવત્ પદથી "नरपति" પદનું ગ્રહણ થયું છે. (तएणं तस्स भरहस्स रण्णो बत्तीसं राय सहस्सा अभिसेयपेढ़ाओ उत्तरिल्लेणं तिसोवाणपडिरूवएणं पच्चोरुहंति) ત્યાર બાદ ૩૨ હજાર રાજાઓ તે અભિષેક પીઠ ઉપરથી ઉત્તર દિગવર્તી ત્રિસોપાન પ્રતિરૂપક ઉપર થઈને નીચે

ઉતર્યા(तएणं तस्स भरहस्स,रण्णो सेणावइरयणे जाव सत्थवाहप्पभिईओ अभिसेय पेढाओ दाहिणिल्लेण तिसोवाणपडिरूवएणं पच्चोरुहंति) ત્યારબાદ તે ભરત નરેશનું સેનાપતિરત્ન યાવત્ સાર્થવાહ વગેરે જનો તે અભિષેક પીઠ ઉપરથી દક્ષિણ દિગ્વર્તી ત્રિસોપાન ઉપર થઈ ને નીચે ઉતર્યા. અહીં યાવત પદથી "गाथापतिरत्न, वर्द्धकिरत्न पुरोहितरत्न, ૩૬૦ सूपकार" જનો તેમજ શ્રેણિ-પ્રશ્રેણિ જનો અને બીજા પણ રાજેશ્વર, તલવરો, માડંબિકો, કૌટુંબિકો, મંત્રીઓ, મહામંત્રી, ગણકો, દૌવારિકો, અમાત્યો, ચેટો, પીઠમર્દો, નગરનિગમ શ્રેષ્ઠિજનો, સેનાપતિઓ, સાર્થવાહો, દૂતો અને સન્ધિપાલો એ સર્વનું ગ્રહણ થયું છે. (तएणं तस्स भरहस्स रण्णो आभिसेक्कं हत्थिरयणं दुरूढस्स समाणस्स इमे अट्ठ अट्ठ मंगलगा पुरओ जाव संपत्थिया) ભરત રાજા જ્યારે આભિષેક્ય હસ્તિરત્ન ઉપર સારી રીતે આરૂઢ થઈ ગયા ત્યારે તેમની આગળ સર્વ પ્રથમ આ પ્રમાણે આઠ-આઠની સંખ્યામાં આઠ મંગળ દ્રવ્યો પ્રસ્થિત થયા અહીં યાવત પદથી જે આઠ દ્રવ્યો સંગૃહીત થયા છે તે આઠ મંગળ દ્રવ્યોના

નામો આ પ્રમાણે છે - સ્વસ્તિક, શ્રીવત્સ, નન્દ્યાવર્ત, વર્દ્ધમાનક, ભદ્રાસન, મત્સ્ય, કળશ, તેમજ દર્પણ. ( जे वि य अइगच्छमाणस्स गमो पढमो कुबेरावसाणो सो चेव इहंपि कमो सक्कारजढो णेयव्वो) ભરતના અયોધ્યા પ્રવેશ અંગેનો પાઠ જેવો પાઠ કુબેરની ઉપમા સુધી કહેવામાં આવેલ છે, તેવોજ પાઠ અત્રે પણ સમજવો. પણ અહીં આટલી વિશેષતા છે કે અહીં સમ્મિલિત થયેલા લોકોના સત્કાર અંગે કહીં પણ કહેવામાં આવ્યું નથી. એટલે કે ભરત રાજાએ અયોધ્યામાં પ્રવેશ કરતી વખતે સોળ હજાર દેવો તેમજ સહસ્રો રાજા વગેરે લોકોનો સત્કાર કર્યો, પરન્તુ આવું કથન અહીં કરવામાં આવ્યું નથી. કેમકે તે કથન તો ૧૨ વર્ષીય ઉત્સવની પરિસમાપ્તિ પછી જ કરવામાં આવશે. આ પ્રમાણે ચાલતાં ચાલતાં તે લોકપાલ ભરત પોતાના રાજભવનના પ્રતિદ્વારની સામે આવીને હસ્તિરત્ન ઉપરથી નીચે ઉતર્યા અને સ્ત્રી રત્ન સુભદ્રા, ૩૨ હજાર ઋતુ કલ્યાણકારિકા કન્યાઓ, ૩૨ હજાર જન પદાગ્રણીઓની કલ્યાણ કારિણી કન્યાઓ તેમજ ૩૨-૩૨ પાત્ર બદ્ધ ૩૨ હજાર નાટકોથી

યુક્ત થયેલા ભવનવરાવતંસક સ્વરાજ ભવનમાં પ્રવિષ્ટ થયા. (जाव कुबेरोव्व देवराया केलाससिहरसिंगभूअंति) જેમ કુબેર કૈલાસ પર્વતમાં પ્રવિષ્ટ થાય છે, તેમજ તે ભરત રાજા કૈલાસના શિખર જેવા ઉચ્ચ પોતાના રાજ ભવનમાં પ્રવિષ્ટ થયા. (तएणं से भरहे राया मज्जणघरं अणुपविसइ) રાજભવનમાં પ્રવિષ્ટ થયા બાદ તે ભરત રાજા સ્નાન ગૃહમાં ગયા અને ત્યાં તેમણે સારી રીતે સ્નાન કર્યું પછી તેઓ ત્યાંથી નીકળ્યાં અને નીકળીને (भोयण मंडवाओ सुहासणवरगए अट्ठमभत्तं पारेइ) ભોજન મંડળમાં ગયા ત્યાં જઈને તેમણે સુખાસનમાં બેસીને અષ્ટમ ભકત તપસ્યાના પારણા કર્યા. (पारेत्ता भोयणमंडवाओ पडिणिक्खमइ) પારણા કરીને પછી તેઓ ત્યાંથી આવ્યા અને આવીને (पडिणिक्खमित्ता उप्पिं पासायवरगए फुट्टमाणेहिं मुइंगमत्थएहिं जाव भुंजमाणे विहरइ) પોતાના ભવનાવતંસક સ્વરાજભવનમાં આવ્યા. અને ત્યાં આવીને તેઓ વાગતા મૃદંગાદિકોના તુમુલ ધ્વનિ સાથે સાંસારિક વિવિધ પ્રકારના કામભોગોને, સુખોને ભોગવતા ૨ પોતાનો સમય પસાર કરવાલાગ્યા. અહીં યાવત્ પદથી "द्वात्रिंशद्बद्धैः नाटकैः वरतरुणीसंप्रयुक्तैः उपनृत्यमानः २ उपगीयमानः २ उपलाल्यमानः २ महताऽऽहतनाट्यगीतवादिततन्त्रीतलतालतूर्यघनमृदङ्गपटुप्रवादितरवेन इष्टान् शब्दस्पर्शरसरूपगन्धान् पञ्चविधान् मानुष्यकान् कामभोगान्" એ પાઠ ગ્રહણ થયો છે. એ પદોની વ્યાખ્યા યથાસ્થાન કરવામાં આવી છે, (तएणं भरहे राया दुवालससंवच्छरिअंसि पमोयसि समाणंसि जेणेव मज्जणघरे तेणेव उवागच्छइ) જ્યારે ૧૨ વર્ષ સુધી યોજવામાં આવેલ ઉત્સવ સમાપ્ત થઈ ગયો ત્યારે તે ભરત મહારાજા જ્યાં મજ્જન-સ્નાન ગૃહ-હતું ત્યાં ગયા. (उवागच्छित्ता जाव मज्जणघराओ पडिणिक्खमइ) ત્યાં આવીને તેમણે સારી રીતે સ્નાન કર્યું. (पडिणिक्खमित्ता जेणेव बाहिरिया उवट्ठाणसाला जाव सीहासणवरगए पुरत्थाभिमुहे णिसीयइ) પછી ત્યાંથી બહાર આવ્યા અને બહાર આવીને યાવત્ તેઓ પૂર્વદિશા તરફ મુખ કરીને શ્રેષ્ઠ સિંહાસન ઉપર બેસી ગયા. અહીં આવેલા યાવત્ પદથી જ્યાં સિંહાસન હતું તેઓ ત્યાં આવ્યા "એ પદો ગ્રહણ થયા છે. (णिसीयित्ता सोलसदेवसहस्से सक्कारेइ, सम्माणेइ) ત્યાં બેસીને તેમણે તે ૧૬ હજાર દેવોનો સત્કાર અને તેમનું સન્માન કર્યું (सक्कारित्ता सम्माणित्ता पडिविसज्जेइ) સત્કાર અને સન્માન કરીને તે દેવોને તે ભરત રાજાએ વિસર્જિત કરી દીધા. (पडिविसज्जित्ता बत्तीसं रायवरसहस्सा सक्कारेइ सम्माणेइ) દેવોને વિસર્જિત કરીને પછી ભરત નરેશે ૩૨ હજાર રાજાઓનો સત્કાર અને તે સર્વનું સન્માન કર્યું (सक्कारित्ता सम्माणित्ता पडिविसज्जेइ) તેમનો સત્કાર અને તે સર્વનું સમ્માન કરીને ભરત રાજાએ તેમને વિસર્જિત કરીદીધા. (पडिविसज्जित्ता) અને તેમને વિસર્જિત કરીને (सेणावइरयणं सक्कारेइ, सम्माणेइ) પછી તે ભરત નરેશે સેનાપતિરત્ન નો સત્કાર અને તેમનું સન્માન કર્યું અને (सक्कारित्ता सम्माणित्ता जाव पुरोहियरयणे सक्कारेइ सम्माणेइ) યાવતસત્કાર તેમજ સન્માન કરીને તેમને વિસર્જિત કરી દીધા. ત્યાર બાદ તેણે ગાથાપતિ રત્ન અને વર્ધકિરત્ન અને પુરોહિત રત્નનો સત્કાર અને સન્માન કર્યું અને તેમને સત્કૃત અને સન્માનિત કરીને વિસર્જિત કરી દીધા. (एवं तिण्णिसट्ठे, सूवयारसए अट्ठारस सेणिप्पसेणीओ सक्कारेइ, सम्माणेइ) આ પ્રમાણે તેણે ૩૬૦ સૂપકારોને સત્કૃત અને સન્માનિત

કર્યા અને ત્યાર બાદ તેમને વિસર્જિત કરી દીધા. આ પ્રમાણે ૧૮ શ્રેણિ પ્રશ્રેણીજનોને સત્કૃત અને સન્માનિત કર્યા અને ત્યાર બાદ તેમને વિસર્જિત કરી દીધા. (अण्णे य बहवे राईसरतलवर जाव सत्थवाहप्पभिइओ सक्कारेइ सम्माणेइ) આ પ્રમાણે બીજા પણ અનેક રાજેશ્વર, તલવર યાવત્ સાર્થવાહ આદિકોને સત્કૃત અને સન્માનિત કર્યા. (सक्कारित्ता सम्माणित्ता पडिविसज्जेइ) સત્કૃત તેમજ સન્માનિત કરીને તેમને વિસર્જિત કરી દીધા. (पडिविसज्जित्ता उप्पिं पासायवरगए जाव विहरइ) વિસર્જિત કરીને પછી તે ભરત નરેશ પોતાના પ્રાસાદવરાવતંસક રાજભવનમાં જતારહ્યા ત્યાં જઇને તેમણે મનુષ્યભવ સંબંધી ઇષ્ટકામ ભોગોને ભોગવતાં ભોગવતાં પોતાનો સમય પસાર કર્યો અહીં યાવત્ પદથી પૂર્વની જેમ "स्फुटद्भिः मृदङ्गैः द्वात्रिंशद्बद्धैर्नाटकैः" વગેરે પાઠ સંગૃહીત થયો છે. ।।સૂ ૩૧।।

## ભરતમહારાજા કે રત્નોત્પતિ કે સ્થાન કા નિરૂપણ

હવે ભરતમહારાજા કેજે ચૌદરત્નોના અધિપતિ છે, તેમના કયા કયા રત્નો કયા કયા ઉત્પન્ન થાય છે તેબતાવવામાં આવે છે-

'भरहस्स रण्णो चक्करयणे १ दंडरयणे २ असिरयणे' इत्यादि सूत्र-३२ ।।

ટીકાર્થઃ- ભરત ચક્રવર્તીના ચક્રરત્ન ૧, દંડરત્ન ૨, અસિરત્ન ૩, અને છત્રરત્ન (एते णं चत्तो०) એ ચાર રત્નો કે જે (एगिंदियरयणा) એકેન્દ્રિય રત્નો છે, (आउहघरसालाओ समुप्पण्णा) આયુધ ગૃહશાલામાં ઉત્પન્ન થયા છે. (चम्मरयणे, मणिरयणे, कागणिरयणे, णवय महाणिहिओ एएणं सिरिघरंसि समुप्पण्णा) ચર્મરત્ન, મણિરત્ન, કાકણિરત્ન તથા નવ મહાનિધિઓ એ સર્વે શ્રીગૃહમાં-ભાંડાગાર માં ઉત્પન્ન થયા છે. (सेणावइरयणे, गाहावइरयणे, वद्धइरयणे, पुरोहियरयणे, एएणं चत्तारि मणुअरयणा विणीयाए रायहाणीए समुप्पण्णा) સેનાપતિરત્ન, ગાથાપતિરત્ન વર્દ્ધકિરત્ન અને પુરોહિતરત્ન એ ચાર મનુષ્યરત્નો વિનીતા રાજધાનીમાં ઉત્પન્ન થયા છે. (आसरयणे, हत्थिरयणे, एएणं दुवे पंचिंदियरयणा वेअद्धगिरिपायमूले समुप्पण्णा) અશ્વરત્ન અને હસ્તિરત્ન એ બે પંચેન્દ્રિય તિર્યગ્રત્ન વૈતાઢ્ય ગિરિની તળેટીમાં ઉત્પન્ન થયા છે. (सुभद्दा इत्थीरयणे उत्तरिल्लाए विज्जाहर सेढीए समुप्पण्णे) તથા સુભદ્રા નામક જે સ્ત્રી રત્ન છે તે ઉત્તર વિદ્યધર શ્રેણીમાં ઉત્પન્ન થયેલ છે. સૂત્ર-૩૨ ।।

## છહોંખંડોં કે પાલન કરતે હુએ ભરતમહારાજા કી પ્રવૃતિ કરને કા નિરૂપણ

(तएणं से भरहे राया चउद्दसण्हं रयणाणं णवण्हं) इत्यादि-सूत्र ३३ ।।

ટીકાર્થઃ- (तएणं से भरहे राया) ષટ્ ખંડાત્મક ભરતક્ષેત્રને સાધન રૂપ બનાવ્યા બાદ (સ્વાધીન બનાવ્યા બાદ) તે ભરત ચક્રવર્તી (चउद्दसण्हं रयणाणं णवण्हं महाणिहीणं सोलसण्हं देवसाहस्सीणं बत्तीसाए रायसहस्साणं बत्तीसाए उडुकल्लाणिया सहस्साणं बत्तीसाए जणवयकल्लाणिया सहस्साणं बत्तीसाए बत्तीसइबद्धाणं णाडगसहस्साणं) ચતુર્દશરત્નો, નવ મહાનિધિઓ, સોળ સહસ્ત્ર દેવો, ૩૨ સહસ્ત્ર રાજાઓ, ૩૨ સહસ્ત્ર ઋતુકલ્યાણકારિણી કન્યાઓ, ૩૨ સહસ્ત્ર જનપદાગ્રણીઓની કન્યાઓ, ૩૨-૩૨ પાત્ર બદ્ધ ૩૨ સહસ્ત્ર નાટકો. (तिण्हं

सद्वीणं सूवयार सयाराणं अट्ठारसण्हं सेणिप्पसेणीणं चउरासीइए आससय सहस्साणं चउरासीइए दंतिसयसहस्साणं चउरासीए रहसयसहस्साणं छण्णउइए माणुस्सकोडीणं बावत्तरीए पुरवरसहस्साणं बतीसाए जणवयसहस्साणं)૩૬૦ સૂપકારો. ૧૮ શ્રેણી-પ્રશ્રેણી જનો. ૮૪ લાખ ઘોડાઓ ૮૪ લાખ હાથીઓ,૮૪ લાખ રથો.૯૬ કરોડ મનુષ્યો,૭૨ હજાર પુરવરો,૩૨ હજાર જનપદો, (छण्णउइए गामकोडीणं णवणउइए दोमुहसहस्साणं,अडयालीसाए पट्टणसहस्साणं,चउव्वीसाए कव्वडसहस्साणं, चउव्वीसाए मडंबसहस्साणं)૯૬કરોડ ગ્રામો, ૯૯હજાર દ્રોણમુખો,૪૮ હજાર. પટ્ટણો, ૨૪ હજાર કર્બટો ૨૪, હજાર મડંબો.(वीसाए आगरसहस्साणं सोलसण्हं खेडसहस्साणं चउदसण्हं संवाहसहस्साणं, छप्पण्णाए अंतरोदगाणं, एगूणपण्णाए, कुरज्जाण विणीयाए रायहाणीए चुल्लहिमवंतगिरिसागरमेरागस्स केवलकप्पस्स भरहस्स वासस्स) ૨૦ સહસ્ત્ર આકરો, ૬ હજાર ખેટકો, ૧૪ હજાર સંવાહો, ૫૬ અંતરોદકો, ૪૯ કુરાજ્યો, વિનીતા રાજધાની તેમજ ઉત્તર દિશામાં ક્ષુદ્ર હિમવદ્ ગિરિ અને પૂર્વાદિ દિશાત્રયમાં સમુદ્ર મર્યાદાવાળું સંપૂર્ણ ભરત ક્ષેત્ર (अण्णेसिं च बहूणं राईसरतल वर जाव सत्थवाहप्पभिईणं

---

(१) जलान्तर्वर्ती सन्निवेशों का नाम है । (२) भिल्लादिकों के राज्य का नाम कुराज्य है । (३) इन सबका स्वरूप एवं ग्राम, आकर, जनपद, द्रोणमुख, संवाहन आदि का स्वरूपपीछे स्पष्ट किया जा चुका है ।

(૧) જલાન્તર્વર્તી સન્નિવેશોનું નામ છે. (૨) ભિલ્લાદિકોના રાજ્યનું નામ કુરાજ્ય છે. (૩) એ સર્વેનું સ્વરૂપ તેમજ ગ્રામ, આકર, જનપદ, દ્રોણમુખ, સંવાહ વગેરેનું સ્વરૂપ પહેલાં સ્પષ્ટ કરવામાં આવેલ છે.

आहेवच्चं पोरेवच्चं भट्टित्तं सामित्तं महत्तरगत्तं आणाईसर-सेणावच्चं कारेमाणे पालेमाणे) તેમજ બીજા પણ અનેક રાજેશ્વર તલવરથી માંડીને સાર્થવાહ સુધીના લોકો ઉપર આધિપત્ય કરતાં, અગ્રગામિત્વ કરતાં, ભર્તૃત્વકરતાં, સેનાપત્ય કરતાં અને પોતાના આદેશનું સર્વને પાલન કરાવતાં (माणुस्से सुहे भुंजइ) મનુષ્યભવ સંબંધી સુખોને ભોગતા પોતાનો સમય શાન્તિપૂર્વક વ્યતીત કરવા લાગ્યા. (ओहयनिहएसु कंटएसु) કેમકે તેમના ગોત્રજ અને અગોત્રજ સમસ્ત શત્રુઓ નાશ પામ્યા હતા. અને તેઓ સમ્પત્તિ વિહીન થઈ ગયા હતા. (उद्धियमलिएसु सव्वसत्तुसु) દેશથી બહાર તેઓ નિર્વાસિત થઈ ચૂકયા હતા, માન હાનિ યુક્ત થઈ ચૂકયા હતા. (णिज्जिएसु) સેના વિહીન થઈ ચૂકયા હતા. (भरहाहिवे णरिंदे) એથી સંપૂર્ણ ૬ ખંડ વાળા ભરતક્ષેત્રના એઓ અધિપતિ થઈ ચૂકયા હતા. અને નરોમાં-પ્રજાજનોમાં-એ ભરત નૃપતિ ઈન્દ્ર જેવા ચક્રવર્તીત્વની અનુપમ-અસાધારણ વિભૂતિથી યુક્ત હોવા બદલ સમ્માન્ય થઈ ચૂકયા હતા. દર વખતે

(वरचंदणचच्चियंगे) એમનું શરીર શ્રેષ્ઠ ચન્દનથી ચર્ચિત (લિપ્ત) રહેતું હતું (वरहाररइय-वच्छे) વક્ષસ્થલ ઉપર દર્શકો માટે આનંદ પ્રદ શ્રેષ્ઠહાર વિરાજિત રહેતો હતો. (वरमउड-विसिट्ठए) મસ્તક શ્રેષ્ઠ મુકુટ થી સવિશેષ શોભાસમ્પન્ન રહેતું (वरवत्थभूसणधरे) અતિ સુંદર વસ્ત્રો અને આભૂષણોને એઓ પહેરી રાખતા હતા. (सव्वोउय सुरहि कुसुमवरमल्ल-सोभियसिरे)એમનું મસ્તક સર્વ ઋતુઓના સુરભિત કુસુમોની શ્રેષ્ઠમાળાઓથી વિભૂષિત રહેતું હતું. (वरणाडगणाडइज्जवरइत्थिगुम्मसद्धिं संपरिवुडे) શ્રેષ્ઠ નાટકો, શ્રેષ્ઠ નાટકીય અભિનયો અને શ્રેષ્ઠ સ્ત્રીઓના અવ્યક્ત અવયવ વિભાગ સમૂહથી એઓ સર્વદા પરિવૃત્ત રહેતા હતા. (सव्वोसहिसव्वरयण सव्वसमिइसमग्गे) સર્વ પ્રકારની પુનર્નવા વગેરે ઔષધીઓથી, કર્કેતનાદિ સમસ્ત રત્નોથી અને બાહ્ય આભ્યંતર પરિષદારૂપ સમિતિથી એઓ પ્રફુલ્લમન રહેતા હતા. એથી (संपुण्णमणोरहे) એમનો કોઈપણ મનોરથ અપૂર્ણ રહેતો નહતો. એમના સર્વ મનોરથો પરિપૂર્ણ થઈ જતા હતા. (हयामित्तमाणमहणे) બલવીર્ય તેમજ પરાક્રમથી હીન થઈ જવા બદલ અર્થાત્ પરાજિત થયેલા હોવા છતાં એ મૃતવત્ થયેલા શત્રુઓના માનરૂપી મદને એઓ ઉતારનાર હતા. એવા એ વિશેષણોથી યુક્ત ભરતચક્રવર્તી હતા (पुव्व कयतवप्पभावनिविट्ठसंचियफले) એમને જે ઇચ્છા મુજબ સતત મનુષ્યભવ સંબંધી ભોગોની પ્રાપ્તિ થયેલી, તે એમના વડે પૂર્વભવમાં સંપાદિત તપના પ્રભાવનું નિ-કાચિત રૂપ ફળ છે (भुंजइ माणुस्सए सुहे भरहे णामधेज्जेत्ति) એ ભરત રાજા ભોગભુમિની પરિસમાપ્તિ થઈ તે પછી સર્વ પ્રથમ જ ભરતક્ષેત્રના ચક્રવર્તી થયા છે. ॥સૂ૦૩૩॥

નરદેવ ભરતને ધર્મદેવત્વની પ્રાપ્તિ શા કારણથી થઈ ? તે સંબંધમાં કથન–

(तएणं से भरहे राया अण्णया कयाइं जेणेव मज्जणघरे) इत्यादि सूत्र–३४॥

**टीकार्थः**-(तएणं से भरहे राया अण्णया कयाइं जेणेव मज्जणघरे तेणेव उवागच्छइ) એક દિવસની વાત છે કે એક સહસ્ર વર્ષ કમ ૬ લાખ પૂર્વ સુધી સામ્રાજ્ય પદ ભોગવ્યા બાદ તે ભરત રાજા જ્યાં સ્નાન ગૃહ હતું ત્યાં ગયા. (उवागच्छित्ता जाव ससिव्व पियदंसणे णरवई मज्जणघराओ पडिणिक्खमइ) ત્યાં જઈને શશી જેવા પ્રિયદર્શી તે ભરત રાજા મજ્જન ગૃહમાંથી પાછા બહાર નીકળ્યા. અહીં યાવત પદથી "यथा स्वच्छ मेघान्निर्गच्छन् सन् चन्द्रः

प्रियदर्शनो भवति तथाऽयमपि भरतः सुधाधवलितमज्जनगृहान्निर्गतः प्रियदर्शनः" આ કથનનો સંગ્રહ કરવામાં આવેલ છે. આનો અર્થ સુગમ છે, (पडिणिक्खमित्ता जेणेव आदंसघरे जेणेव सीहासणे तेणेव उवागच्छइ) બહારનીકળીને પછી તેઓ જયાં આદર્શ ગૃહ (દર્પણભવન) હતું અને તેમાંપણ જયાં સિંહાસન હતું ત્યાં આવ્યા. (उवागच्छित्ता सीहासणवरगए पुरत्थाभिमुहे णिसीयइ) ત્યાં જઈને તેઓ પૂર્વ દિશા તરફ મુખ કરીને સિંહાસન ઉપર સમાસીન થઈ ગયા. (णिसीइत्ता आदंसघरंसि अत्ताणं देहमाणे चिट्ठइ) ત્યાં બેસીને તેઓ પોતાનાં પ્રતિબિંબ ને વારે ઘડીએ જોવા લાગ્યા. પોતાના પ્રતિબિંબને જોતાં- જોતા તેમની દૃષ્ટિ પોતાની આંગળીથી સરી પડેલી મુદ્રિકાં-અંગુઠી-ઉપર પડી ગઇ. તેને જોઇને તેમણે પોતાની આંગલીને દિવસમાં જયોત્સ્ના રહિત શશિકલાની જેમ કાંતિહીન જોઇ તેરીતે જોઇને તેમણે વિચાર કર્યો કે અરે ! એ આંગળી અંગુઠીથી વિરહિત થઇને શોભા વિહીન થઇ ગઇ છે. આ પ્રમાણે વિચાર કરતાં કરતાં તે ભરતે પોતાના શરીરના બીજા અંગોને પણ આભરણ વિહીન કરી દીધાં. આમ સર્વ અંગો પણ શોભા વિહીન થઇ ગયાં ત્યાર બાદ તેમણે પોતાના સમસ્ત અંગો ઉપરથી આભૂષણો ઉતારી લીધાં (तएणं तस्स भरहस्स रण्णो सुभेणं परिणामेणं पसत्थेहिं अज्झवसाणेहिं लेसाहिं विसुज्झमाणीहिं विसुज्झमाणीहि ईहापोहमग्गणगवेसणं करेमाणस्स) જયારે સમસ્ત અંગો ઉપરથી આભૂષણો ઉતારી ચૂકયા ત્યારે તેમના અંતરમાં એવી શુભભાવના ઉદ્ભવી કે આ શરીર, માંસ, મૂત્ર, વિષ્ઠા વગેરે મળોથી પરિપૂર્ણ છે. એમાં શોભા જેવી વસ્તુ કઇ છે ? આતો એવું છે કે કર્પૂર' કસ્તૂરી વગેરે સુગંધિત વસ્તુઓને પણ દૂષિત બનાવી દે છે. જે ધાન્ય સવારે પકવવામાં આવે છે, તે મધ્યાહ્નમાં વિનષ્ટ થઈ જાય છે. તેના રસથી નિષ્પન્ન થયેલા આ કાર્યમાં સારવાન્ જેવી વસ્તુ કઈ છે ? આ પ્રમાણે શરીરની અસારતાનું ચિન્તવન કરવા રૂપ જીવપરિણતિથી તેમજ પ્રશસ્ત અધ્યવસાયોથી-મનોવિચારધારાઓથી તેમજ પ્રતિક્ષણ વિશુદ્ધ થતી લેશ્યાઓથી-યોગની પ્રવૃત્તિઓથી-નિરાવરણ શરીરની વિરૂપતા વિષયક ઈહા, અપોહ માર્ગણ અને ગવેષણ કરતા કરતાં. (तयावरणिज्जाणं कम्माणं खएणं कम्मरयविकिरण करं अपुव्वकरणं पविट्ठस्स अणंते अणुत्तरे निव्वाघाए निरावरणे कसिणे पडिपुण्णे केवलवरनाणदंसणे समुप्पण्णे) તદાવરણીય કર્મોના ક્ષયથી કર્મરજ ને વિકીર્ણ કરનારા અપૂર્વ કરણ રૂપ શુક્લધ્યાનમાં તે ભરત નૃપતિ મહારાજ મગ્ન થઈ ગયા. અને તેજ ક્ષણે તેમના અનંત અનન્તર વ્યાઘાત રહિત નિરાવરણ, કૃત્સ્ન તેમજ પરિપૂર્ણ એવા કેવળજ્ઞાન અને કેવળ દર્શન ઉત્પન્ન થયાં. અહીં જે ઈહાપોહ વગેરે પદો આવેલા છે તો તે સંબંધમાં આ વિચાર છે કે સર્વ પ્રથમ અવગ્રહ રૂપ જ્ઞાન હોય છે. અને આ " એ કંઈક છે " એ રૂપમાં હોય છે. અવગ્રહમાં અવાન્તર સત્તા વિશિષ્ટ વસ્તુઓનું ગ્રહણ થાય છે જેમ દૂરસ્થ પણ સામે જ દેખાતી વસ્તુને જોઈને આમ વિચાર થાય છે કે 'એ કંઈક છે. ત્યારબાદ અવગ્રહ ગૃહીત અર્થમાં વિશેષ જાણવાની આકાંક્ષા જાગ્રત થાય છે. તે વખતે વિચાર ઉદ્ભવે છે કે એ જે કંઈક પ્રતિભાસિત થઈ રહ્યું છે તે શું છે ? શું તે બકપંક્તિ છે કે ધ્વજા છે ? આ

પ્રમાણે જે સંદેહ ઉત્પન્ન થાય તેને દૂર કરવા માટે નિશ્ચય તરફ ઉન્મુખ થતા જ્ઞાનનું નામ ઈહા છે. જેમ કે એ ધ્વજા જ હોવી જોઈએ. ઈહા પછી એકદમ નિશ્ચય કરાવનારું જ્ઞાન – અવાય–અપોહ છે. જેમકે – એ ધ્વજા જ છે. તથા અન્ય ધર્મનું આલોચન કરવું ગવેષણ છે. ટીકાકારે અવગ્રહ વગેરેના સ્વરુપને આ પ્રમાણે સમજાવ્યું છે–કે જેમ ચક્રવર્તીએ વિચાર કર્યો કે શરીરમાં શોભા છે. એ અવગ્રહ રૂપ તેને જ્ઞાન થયું પણ ત્યારબાદ તેને આવું સંશય જ્ઞાન થયું કે એ શારીરિક શોભા અલંકારજન્ય છે–કે સ્વાભાવિકી છે ? એ સંશયને દૂર કરવા માટે નિશ્ચય તરફ ઉન્મુખ થતું ઈહાજ્ઞાન તેને આ રીતે થયું કે એ અલંકાર વિશિષ્ટ શરીરની શોભા અલંકાર જન્ય જ હોવી જોઈએ. ત્યારબાદ તેને એવું અવાય–અપોહ–જ્ઞાન થયું કે એ શારીરિક શોભા ઔપધિકી જ છે–સ્વાભાવિકી નથી. સિદ્ધાન્તકારોએ મતિજ્ઞાનના જે અવગ્રહ વગેરે ૪ ભેદો પ્રકટ કર્યા છે અને તેમનામાં એક અવાયનામક ભેદ પ્રકટ કરેલ છે, તેનું જ નામ અહીં અપોહ છે. એ શારીરિક શોભા ઔપધિકી એટલા માટે નિશ્ચિત થયેલી પ્રકટ કરવામાં આવી છે કે એ અલંકારાદિ રુપ બાહ્ય વસ્તુના સંસર્ગથી જન્ય છે. એ વાત પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થઈ રહી છે એ શારીરિક શોભાના જે પ્રકર્ષ અને અપ્રકર્ષ ધર્મો છે તે બાહ્ય વસ્તુના પ્રકર્ષ અને અપ્રકર્ષના અનુવિધાયી છે. આ પ્રમાણે અન્વય રુપ ધર્મની આલોચના કરવાનું નામ માર્ગણા છે. – વ્યતિરેક ધર્મનું આલોચન કરવું એ ગવેષણ છે. અને તે આ પ્રમાણે છે–જો એ શારીરિક શોભા સ્વાભાવિક રુપમાં માનવામાં આવે તો પછી ભારભૂત આભૂષણો શરીર ઉપર શામાટે ધારણ કરવામાં આવેછે. એથી એનિશ્ચય થાય છે કે એ સ્વાભાવિક નથી. આ પ્રમાણે એ અવગ્રહાદિકોનું સ્વરુપ અત્રે અમે પ્રકટ કર્યું–છે એથી ટીકાકારે પોતાનો જે અભિપ્રાય ટીકામાં સ્પષ્ટ કર્યો છે તે હૃદયંગમ થઈ જાય છે. ટીકાગત વિચારધારા એકદમ સ્પષ્ટ જ છે. એથી તેનો ભાવ લઈને જ એ સ્પષ્ટીકરણ કરવામાં આવેલ છે. કેવલજ્ઞાન અને કેવલદર્શનને આવૃત કરનારા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર કર્મો છે. એમને ઘાતિકર્મો પણ કહેવામાં આવેલ છે. એમનો જ્યારે સર્વથા ક્ષય થઈ જાય છે એટલે કે એ જીવોના પ્રદેશોથી એકદમ નષ્ટ થઈ જાય છે ત્યારે કેવલજ્ઞાન અને કેવલદર્શન ઉત્પન્ન થાય છે. અહી " अपुव्वकरणं " પદ શુકલ ધ્યાન વાચક છે. એ અનાદિ સંસારમાં એ ધ્યાન અપ્રાપ્ત પૂર્વ હોય છે. એ કેવળજ્ઞાન અને કેવળદર્શન અપ્રતિપાતી હોય છે. એથી એક વાર પ્રાપ્ત થઈ જાય તે પછી છૂટતા નથી. એથી જ એમને 'અનંત' કહેવામાં આવેલ છે. એમના જેવું અન્ય કોઈ પણ ઉત્કૃષ્ટ જ્ઞાન–દર્શન નથી, એથી જ એમને અનુત્તર કહેવામાં આવેલ છે. એમનું કટ–કુડ્યાદિથી આવરણ થતું નથી એથી જ એમને નિર્વ્યાઘાત કહેવામાં

આવેલ છે. સકલ ત્રિકાલવર્તિ પદાર્થોને એઓ તેમની અનંતપર્યાયો સહિત હસ્તામલકવત્ જાણે છે. એથી જ એમને કૃત્સ્ન કહેવામાં આવે છે. સૂત્રની અપેક્ષાએ એ અક્ષર માત્રા વગેરેની ન્યૂનતાથી રહિત હોય છે. એથી જ એમને પ્રતિપૂર્ણ કહેવામાં આવે છે. (**तए णं से भरहे केवली सयमेवाभरणालंकारं ओमुअइ**) ત્યારબાદ તે ભરત કેવલી એ પોતાની મેળે જ અવશિષ્ટ માલ્યાદિ રૂપ આભરણો તેમ જ વસ્ત્રાદિકોને પણ ત્યજી દીધાં. (**ओमुइत्ता सयमेव पंचमुट्ठियं लोअं करेइ**) ત્યજીને પછી તેમણે પંચમુષ્ટિક કેશલુંચન કર્યું. (**करित्ता आयंसघराओ पडिणिक्खमइ**) પંચમુષ્ટિક કેશલુંચન કરીને સન્નિહિત નિકટ મૂકેલા દેવ દ્વારા અર્પિત સાધુલિંગને ગ્રહણ કરીને-ધારણ કરીને તેઓ આદર્શ ભવનમાંથી બહાર નીકળી ગયા. (**पडिणिक्खमित्ता अंतेउर मज्झं मज्झेणं णिगच्छई**) બહાર નીકળીને તેઓ પોતાના અંતપુરની વચ્ચે થઇને રાજભવનમાંથી બહાર નીકળી ગયા. '**दससहस्स रायवरे पडिबोहिय पव्वज्जं देहि तओ पच्छा तेहिं सद्धिं विहारं करिअ लक्खपुव्वं संजमं पालिय**' દસહજાર

રાજાઓને પ્રતિબોધિત કરીને તેઓ ને દીક્ષા આપી તે પછી તેમની સાથે વિહાર કરીને લાખ પૂર્વ પર્યન્ત સંયમનું પાલન કર્યું. (**णिगच्छित्ता दसहिं रायवरसहस्सेहिं सद्धिं संपरिवुडे विणीयं रायहाणी मज्झं मज्झेणं णिगच्छइ**) તે વખતે તેમની સાથે ૧૦ હજાર રાજાઓ હતા. તે સર્વ રાજાઓની સાથે-સાથે એ વિનીતા રાજધાનીના ઠીક મધ્યમાર્ગ માંથી પસાર થયા. (**णिग्गच्छित्ता मज्झदेसे सुहं सुहेणं विहरइ**) અને પસાર થઇ ને તેમણે મધ્યદેશમાં કોશલદેશમાં સુખપૂર્વક વિહાર કર્યો. (**विहरित्ता जेणेव अट्ठावए पव्वए तेणेव उवागच्छइ**) વિહાર કરીને એ અષ્ટાપદ પર્વતની પાસે આવ્યા. (**उवागच्छित्ता अट्ठावयं पव्वयं सणियं सणियं दुरुहइ**) ત્યાં આવીને એ તેની ઉપર સાવધાની પૂર્વક ચઢ્યા. (**दुरुहित्ता मेघघणसंण्णिकासं देवसण्णिवायं पुढविसिलापट्टयं पडिलेहेइ**) ચઢી ને એમને પૃથિવી શિલાપટ્ટની કે જે સાન્દ્ર જલધરવત્ શ્યામ હતું અને રમ્ય હોવાથી જ્યાં દેવ ગણો આવ્યા કરતા હતા-પ્રતિલેખના કરી. જો કે એઓ કેવલી હતા છતાં એ વ્યવહાર ધર્મને પ્રમાણિત કરવા માટે તેમણે પોતાની દૃષ્ટિ થી પૃથ્વીશિલાપટ્ટને સારી રીતે જોયું.

(**पडिलेहित्ता संलेहणा झूसणाझूसिए भत्तपाणपडिआइक्खिए**) સારી રીતે દર્શન રૂપ પ્રતિલેખના કરીને એ ઓ તેની ઉપર ચઢી ગયા. અને કાય તેમજ કષાય જેના વડે કૃશ કરવામાં આવે છે, એવી સંલેખનાને એમણે ખૂબ જ આદરપૂર્વક ધારણ કરી અને ભક્ત પાનનું પ્રત્યાખ્યાન કર્યું. (**पाओवगए कालं अणवकंखमाणे २ विहरइ**) તેમજ પાદપોપગમન સન્થારો અંગીકૃત કર્યો. પાદપોપગમન સંથારામાં જીવ વૃક્ષની જેમ અપ્રકમ્પ રૂપથી અવસ્થિત થઇ જાય છે. એ સંથારાને ધારણ કર્યા પછી તેમણે પોતાના મૃત્યુની આકાંક્ષા કરી નહીં. (**तए णं से भरहे केवली सत्ततरिं पुव्वसयसहस्साइं कुमारवासमज्झं वसित्ता एगं वाससहस्सं मंडलियरायमज्झे वसित्ता छ पुव्वसयसहस्साइं वाससहस्सूणगाइं महाराय मज्झे वसित्ता तेसीइ पुव्वसयसहस्साइं अगारवासमज्झे वसित्ता**) આ પ્રમાણે તે ભરત કેવલી ૭૦ લાખ પૂર્વ સુધી કુમાર કાળમાં રહ્યા. એક લાખ પૂર્વ સુધી માંડલિક રાજા રહ્યા.

૧ હજાર વર્ષ કમ ૬ લાખ પૂર્વ સુધી મહારાજ પદમાં ચક્રવર્તી પદે રહ્યા. અને ૨૩ લાખ પૂર્વ સુધી ગૃહસ્થાવસ્થામાં રહ્યા ।. ( **एगं पुव्वसयसहस्सं देसूणगं केवलिआउं पाउ-णित्ता तमेव बहुपडिपुण्णं सामण्णपरिआयं पाउणित्ता चउरासी पुव्वसयसहस्साइं सव्वाउयं पाउणित्ता मासिएणं भत्तेणं अपाणएणं सवणेणं णक्खत्तेणं जोगमुवागएणं खीणे वेऊणिज्जे आउए णामे गोए कालगए वीइक्कंते समुज्जाए छिण्णजाइजरामरणबंधणे सिद्धे बुद्धे मुत्ते परिणिव्वुडे अन्तकडे सव्वदुक्खप्पहीणे** )કંઈક કમ એટલે કે અન્તર્મુહૂર્ત કમ એક લાખ પૂર્વ સુધી તેઓ કેવલિ પર્યાયમાં રહ્યા. પૂરા એક લાખ વર્ષ સુધી શ્રામણ્ય પર્યાયમાં રહ્યા. આ પ્રમાણે પોતાની સંપૂર્ણ ૮૪ લાખ પૂર્વના આયુષ્યને ભોગવીને તે ભરત કેવલી એક માસના પૂરા સંથારાથી–ભક્તપાનનું સંપૂર્ણ રૂપમાં પરિવર્જન કરવા રૂપ સંથારાથી–શ્રવણ નક્ષત્રની સાથે યોગ પ્રાપ્ત ચન્દ્રના સમયમાં વેદનીય, આયુ, નામ, ગોત્ર એ ચાર–ભવોપગ્રહી ચાર અઘાતિયા કર્મો જ્યારે ક્ષય થઈ ગયા ત્યારે કાલગત થયા. એટલેકે સિદ્ધાવસ્થા યુક્ત બની ગયા–મોક્ષમાં વિરાજમાન થઇ ગયા. જાતિ, જરા અને મરણના બંધનથી રહિત થઈ ગયા.

સિદ્ધ થઇ ગયા. કૃતકૃત્ય થઈ ગયા. બુદ્ધ થઈ ગયા. લોકાલોકના જ્ઞાતા થઇ ગયા. મુક્ત થઇ ગયા. અંતરંગ બહિરંગ કર્મકલંકથી રહિત થઇ ગયા. પરિનિવૃત્ત થઇ ગયા–શીતિભૂત નિરંજન થઈ ગયા. અંતર્ગત થઈગયા. અને સર્વ દુઃખોથી સર્વથા રહિત થઇ ગયા. એવું આ ભરતચક્રીનું ચરિત્ર છે. અહીં 'ઇતિ' શબ્દ અધિકારની પરિસમાપ્તિ ને સૂચવે છે. એ અધિ-કાર આ પ્રમાણે છેકે "**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ भरहे वासे २** " જ્યારે ગૌતમસ્વામીએ પ્રશ્ન કર્યો કે હે ભદંત આ ક્ષેત્રનું નામ ભરત એવું શા કારણથી પડયું તો એના ઉત્તરમાં પ્રભુએ આ "**तत्थ णं विणीयाए रायहाणीए भरहे णामं राया चाउरंतचक्कवट्टी समुप्पज्जित्था**': એવું કથન સૂત્રો દ્વારા કર્યું છે. એટલે કે ભરત રાજા આ ક્ષેત્રના અધિપતિ હતા એથી આ ક્ષેત્રનું નામ ભરત ક્ષેત્ર પડ્યું છે. એટલા માટે જ અહીં ભરતના ચરિત્રનું વિસ્તાર પૂર્વક વર્ણન કરવામાં આવેલ છે. ભરત ચરિત્ર સમાપ્ત– ।।સ૦૩૪।।

## પ્રકારાન્તર સે ભરતનામકી અન્વર્થતાકા કથન

પ્રકારાન્તરથી " ભરત ક્ષેત્ર નામ પ્રસિદ્ધ થયું-તે અંગે-કથન "

" **भरहे अ इत्थ देवे महिड्ढीए महज्जुईए जाव**" इत्यादि सूत्र- ३५।।

ટીકાર્થ–(**भरहे अ इत्थ देवे**) એ ભરત ક્ષેત્ર માં ભરત નામક દેવ કે જે (**महिड्ढीए महज्जु-इए जाव पलिओवमट्ठिइए परिवसइ** ) મહતી વિભવાદિ રૂપ સમ્પત્તિથી યુક્ત છે, મહતી શારીરિક કાંતિ અને અભરણોની પ્રભાથી જે સર્વદા પ્રકાશીત રહે છે યાવત જે ની પલ્યોપમ ની સ્થિતિ છે–નિવાસ કરે છે અહીં યાવત્ પદથી " महायशस्कः, महासौख्यः, महाबलः" એ વિશેષણ પદોનું ગ્રહણ થયું છે. (**से एएणट्ठे णं गोयमा ! एवं वुच्चइ भरहे वासे २**) એથી હે ગૌતમ ! ભરત ક્ષેત્ર એવું નામ મેં આ ક્ષેત્રનું કહ્યું છે આ પ્રમાણે યૌગિક રીતિથી નામ પ્રકટ કરીને હવે સૂત્રકાર રૂઢિથી એનું નામ પ્રકટ કરે છે. (**अदुत्तरं च णं गोयमा ! भरहस्स वासस्स सासए णामधिज्जे पण्णत्ते** ) હેગૌતમ ! ભરતક્ષેત્ર એવું નામ

દેવલોક એ નામ મુજબ જ નિમિત્તક છે. - શાશ્વત છે. કેમકે ( **जं ण कयाइ ण आसि ण कयाइ ण भविस्सइ**)એ નામ પહેલાં ભૂતકાળમાં ન હોતું એવું નથી,વર્તમાનકાળમાં એવું એનું નામ નથી, એવું પણ નથી અને ભવિષ્યમાં પણ એનું એવું જ નામ રહેવાનું નથી, એવું પણ નથી. ( **भुविं च भवइ अ भविस्सइ अ**) કેમકે એવું આનું નામ રહ્યું છે. છે અને ભવિષ્યમાં પણ રહેશે. (**धुवे णिअए, सासए, अक्खए, अव्वए, अवट्ठिए, णिच्चे भरहेवासे**) એનું કારણ આ છેકે આ ભરતક્ષેત્ર ધ્રુવ છે, શાશ્વત છે, અક્ષય છે, અવ્યય રૂપ છે, અવસ્થિત છે અને નિત્ય છે. આ પ્રકારના આ કથનથી અન્યોન્યાશ્રય દોષનો પરિહાર થઈ જાય છે. ॥ સૂત્ર-૩૫॥

શ્રી જૈનાચાર્ય જૈનધર્મ દિવાકર પૂજ્ય શ્રી ઘાસીલાલવ્રતિ વિરચિત જમ્બૂદ્વીપ
પ્રજ્ઞપ્તિ સત્રની પ્રકાશિકા વ્યાખ્યાનો ત્રીજો વક્ષસ્કાર સમાપ્ત ॥ ૩ ॥